Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત

# પરમાત્મપ્રકાશ

( परमप्पयासु )

શ્રી બ્રહ્મદેવ રચિત સંસ્કૃતટીકા, ગુજરાતી અનુવાદસહિત

તથા

# યોગસાર

ગુજરાતી અનુવાદ સહિત

—: અનુવાદક :—
પં. અમૃતલાલ એમ. ઝાટકીયા

—: પ્રકાશક :—
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

: પ્રકાશક :
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૮, સર પટ્ટણી રોડ,
લોઢાવાલાચાલ, ભાવનગર-૧

બીજી આવૃત્તિ : સંવત્ ૨૦૩૬
પ્રત ૩૦૦૦
મૂલ્ય રૂા. ૧૧-૨૫

: મુદ્રક :
રજનીકાન્ત એમ. પટેલ
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
જગાફોકના ડેલામાં, લોખંડબજાર,
ભાવનગર-૩૬૪૦૦૧

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated im memory of Shree Lalchandbhai Amarchand Modi by UK Mumukshus who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Parmatma Prakash and Yogsaar is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 21 July 2006 | First electronic version |

# * બીજી આવૃત્તિ સમયે નિવેદન *

આ પરમાત્મ ભાવનામય અધ્યાત્મશાસ્ત્રનો ગુજરાતી અનુવાદ પ્રથમાવૃત્તિ તુરત જ વેચાઈ જતાં તેની બીજી આવૃત્તિનું પ્રકાશન મુમુક્ષુ સમાજની સમક્ષ રજૂ કરવામાં આવેલ છે.

ટ્રસ્ટની નીતિ અનુસાર પડતર કિંમતના ૨૫ % ઘટાડવા ઉપરાંત શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટે વધુ કિંમત ઘટાડવા માટે ૨૦ % વળતર આપેલ છે. જે બદલ અમો તેમના આભારી છીએ.

સુંદર છાપકામ બદલ રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસના માલિક શ્રી રજનીકાન્ત પટેલનો આભાર માનવામાં આવે છે. તદ્ઉપરાંત દાતાઓની નામાવલિ અન્યત્ર આપેલ છે તે સૌનો આભાર માનવામાં આવે છે.

અંતમાં આ પરમાગમના અભ્યાસ દ્વારા નિજસ્વરૂપની ભાવનાથી મુમુક્ષુઓનું આત્મહિત થાય તેવી ભાવના સાથે,

ભાવનગર,
તા. ૧૫-૨-૮૦

લિ.
ટ્રસ્ટીગણ
શ્રી લાલચંદ અમરચંદ મોદી
ડૉ. હુકમચંદજી ભારિલ્લ
શ્રી શશિકાન્ત મનસુખલાલ શેઠ
શ્રી હીરાલાલજી કાલા
શ્રી માણેકચંદજી કાલા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# પ્રકાશકીય નિવેદન

## ( પ્રથમ આવૃત્તિનું )

આ યથાર્થ ગુણવાળું "પરમાત્મપ્રકાશ" પરમાગમ ગુજરાતી અનુવાદ સહિત મુમુક્ષુ સમાજ સમક્ષ પ્રકાશિત કરતાં અતિ હર્ષ થાય છે. આ ગ્રંથના મૂળ કર્તા આચાર્યશ્રી યોગીન્દ્રદેવ છે, જે તેમની કૃતિ જોતાં ઘણા પ્રાચીન જણાય છે. તેમની હયાતીનો સમય તથા નિવાસક્ષેત્ર જાણવા મળતાં નથી. તેમણે રચેલ પ્રાકૃતગાથાઓ ઉપર શ્રીમાન્ બ્રહ્મદેવસુરીએ સંસ્કૃત ટીકા રચી છે, જેઓ વિક્રમ સંવતની ૧૬ મી સદીમાં આ ભારતવર્ષને વિભૂષિત કરતા હતા. શ્રી બ્રહ્મદેવજીની સંસ્કૃત ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ કરાવવામાં આવેલ છે, જેથી ગુજરાતીભાષી સમાજ આ પરમાગમનો વધુ લાભ ઉઠાવી શકે. આ ગ્રંથની પાછળના ભાગમાં શ્રી યોગીન્દ્રદેવ રચિત યોગસારની ગાથાઓ પણ અર્થ સહિત આપવામાં આવેલ છે.

આ પરમાગમનું પ્રકાશન સ્વ. તત્ત્વજ્ઞાની શ્રીમાન્ રાજચંદ્રજી દ્વારા સ્થાપિત, પરમશ્રુત પ્રભાવક મંડળ તરફથી થયેલ. તેમાં પં. શ્રી દોલતરામજીની હિંદી ટીકા લેવામાં આવેલ, તેમ જ વિદ્વાન પ્રો. ડો. એ. એન ઉપાધ્યે દ્વારા તેનું સંપાદન, સંશોધન વગેરે થયેલ, તે ઉપરાંત પૂનાની ભાંડારકર શાસ્ત્રભંડારમાંથી હસ્તલિખિત પ્રતના આધારે આ ગ્રંથનો અનુવાદ પં. શ્રી અમૃતલાલભાઈ ઝાટકીયા અમરેલીનિવાસીએ કરી આપેલ છે. તે બદલ તેમના આભારી છીએ.

પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ અધ્યાત્મશાસ્ત્ર ઉપર છેલ્લાં વર્ષોમાં બે વખત પ્રવચનો કર્યાં છે. આ શાસ્ત્ર ઉપરના પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો સાંભળવાં એ ખરેખર અપૂર્વ લાભ છે, એમ સાંભળનારને લાગ્યા વિના રહે તેમ નથી. નિજાત્મસ્વરૂપની ભાવનામાં તરબોળ થઈને પૂ. ગુરુદેવ જ્યારે અધ્યાત્મના અપૂર્વ ભાવોમય વાતાવરણ સર્જે છે, ત્યારે આ શાસ્ત્રમાં રહેલી આત્મભાવનાનું દર્શન જાણે મૂર્તિમંત થતું હોય, તેવો અનુભવ થાય છે. ( આ પ્રવચનોની પ્રસાદીરૂપ "દ્રવ્યદૃષ્ટિપ્રકાશ" ગ્રંથ ભાગ-૨ જોવા ભલામણ છે. પૂ. ગુરુદેવના, "પરમાત્મપ્રકાશ" ઉપરનાં પ્રવચનો ટેપ થયાં છે-જે ગ્રંથાકારે પ્રગટ કરવા ભાવના છે. )—એવા અધ્યાત્મભાવ વિભોર અતીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શાંતરસ નીતરતા પૂ. ગુરુદેવના ભાવો એ આ શાસ્ત્રનાં ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશનની પ્રેરણાનું નિમિત્ત છે. જે બદલ પૂ. ગુરુદેવનો અમાપ ઉપકાર અવર્ણનીય છે.

આ ગુજરાતી અનુવાદ ભાઇશ્રી કનુભાઈ દામાણી ( સીટી મેજિસ્ટ્રેટ, અમદાવાદ ) એ તપાસી આપેલ છે, જે બદલ તેમનો આભાર માનીએ છીએ.

શ્રી રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગરના માલિક શ્રી રજનીકાન્તભાઇએ આ શાસ્ત્રનું છાપકામ કરી આપેલ છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

શાસ્ત્રની સંસ્કૃત ટીકાનો અનુવાદ કરાવીને પ્રકાશન કરવાનો અમારો આ પ્રથમ પ્રયાસ છે, તે ઉપરાંત પ્રૂફરીડર્સ તથા પ્રેસવાળાને પણ આ પ્રકારના કામની શરૂઆત હોઈ, આમાં ક્ષતિ રહી જવાનો સંભવ છે, તો વિદ્વાન વાચકોને જે કાંઇ ક્ષતિ માલૂમ પડે તે જણાવવા વિનંતી છે, જેથી બીજા સંસ્કરણમાં તે સુધરી શકે.

આ ગ્રંથની કિંમત, પડતર કિંમતથી ૨૫% ઘટાડીને રાખવામાં આવેલ છે, તે નિમિત્તે આવેલ દાતાઓની નામાવલિ અન્યત્ર આપેલ છે. આ માટે દાતાઓનો આભાર માનીએ છીએ.

સિવાય શ્રી. દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી ઉપરોક્ત ઘટાડેલી કિંમતના ૨૦% કિંમત ઘટાડવામાં ઉદાર નીતિ અપનાવેલ છે. તે મુજબ ઘટાડેલી કિંમતથી વધુમાં વધુ મુમુક્ષુઓ લાભ લઇ શકે તે આશયથી આખરી કિંમત રાખવામાં આવેલ છે. તે બદલ તેમના આભારી છીએ.

અંતમાં, આ પરમ આધ્યાત્મશાસ્ત્રને વિષે રહેલા નિજ કલ્યાણકારી ભાવોનો સ્વરૂપલક્ષે સ્વાધ્યાય કરી, ભવ્ય જીવો આત્મકલ્યાણ પામો, તેવી ભાવના છે.

ભા વ ન ગ ર
શ્રુતપંચમી ૨૦૩૩
જેઠ સુ. ૫

લિ.
શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ વતી
ટ્રસ્ટીગણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ | દોહા |
|---|---|---|
| મંગલાચરણ | ૬ | ૧ |


## ૧ ત્રિવિધ આત્માધિકાર


| વિષય | પૃષ્ઠ | દોહા |
|---|---|---|
| શ્રી યોગીન્દ્ર ગુરુને ભટ્ટ પ્રભાકરના પ્રશ્નો | ૧૯ | ૮ |
| શ્રી ગુરુનો ત્રણ પ્રકારના આત્માના કથનનો ઉપદેશ-રૂપે ઉત્તર | ૨૩ | ૧૧ |
| બહિર્આત્માના લક્ષણ | ૨૫ | ૧૩ |
| અંતર આત્માનું સ્વરૂપ | ૨૬ | ૧૪ |
| પરમાત્માના લક્ષણ | ૨૮ | ૧૫ |
| પરમાત્માનું સ્વરૂપ | ૩૦ | ૧૭ |
| શક્તિરૂપે બધા જીવોના શરીરમાં પરમાત્મા વિરાજમાન છે | ૩૯ | ૨૬ |
| જીવ અને અજીવમાં લક્ષણના ભેદથી ભેદ | ૪૪ | ૩૦ |
| શુદ્ધાત્માના મુખ્ય લક્ષણ | ૪૫ | ૩૧ |
| શુદ્ધાત્માના ધ્યાનથી સંસાર-ભ્રમણની રૂકાવટ | ૪૬ | ૩૨ |
| જીવના પરિણામ પર મત-મતાન્તરનો વિચાર | ૫૪ | ૪૧ |
| દ્રવ્ય, ગુણ, પર્યાયની મુખ્યતા દ્વારા આત્માનું કથન | ૭૨ | ૫૬ |
| દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ | ૭૩ | ૫૭ |
| જીવનો કર્મના સંબંધમાં વિચાર | ૭૭ | ૫૯ |
| આત્માનું પરવસ્તુથી ભિન્ન હોવાનું કથન | ૮૮ | ૬૭ |
| નિશ્ચયસમ્યગ્દષ્ટિનું સ્વરૂપ | ૯૭ | ૭૬ |
| મિથ્યાદષ્ટિનું લક્ષણ | ૯૮ | ૭૭ |
| સમ્યગ્દષ્ટિની ભાવના | ૧૦૬ | ૮૫ |
| ભેદવિજ્ઞાનની મુખ્યતાથી આત્માનું કથન | ૧૧૪ | ૯૭ |


## ૨ મોક્ષાધિકાર


| વિષય | પૃષ્ઠ | દોહા |
|---|---|---|
| મોક્ષની બાબતમાં પ્રશ્ન | ૧૫૨ | ૧ |
| મોક્ષના વિષયનો ઉત્તર | ૧૫૩ | ૨ |
| મોક્ષનું ફળ | ૧૬૫ | ૧૧ |
| મોક્ષમાર્ગનું વ્યાખ્યાન | ૧૬૬ | ૧૨ |
| અભેદરત્નત્રયનું વ્યાખ્યાન | ૧૯૯ | ૩૧ |
| પરમ ઉપશમની મુખ્યતા | ૨૧૨ | ૩૯ |
| નિશ્ચયથી પુણ્યપાપની એકતા | ૨૩૨ | ૫૩ |
| શુદ્ધોપયોગની મુખ્યતા | ૨૪૯ | ૬૭ |
| પરદ્રવ્યના સંબંધનો ત્યાગ | ૩૦૦ | ૧૦૮ |
| ત્યાગનું દૃષ્ટાન્ત | ૩૦૨ | ૧૧૦ |
| મોહનો ત્યાગ | ૩૦૩ | ૧૧૧ |
| ઇન્દ્રિયોમાં લપટાયેલ જીવનો વિનાશ | ૩૦૭ | ૧૧૨ |
| લોભકષાયનો દોષ | ૩૦૮ | ૧૧૩ |
| સ્નેહનો ત્યાગ | ૩૦૯ | ૧૧૪ |
| જીવહિંસાનો દોષ | ૩૧૯ | ૧૨૫ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ | દોહા | વિષય | પૃષ્ઠ | દોહા |
|---|---|---|---|---|---|
| જીવરક્ષાથી લાભ | ૩૨૨ | ૧૨૭ | દાનપૂજાદિ શ્રાવકધર્મ પરંપરા મોક્ષનું કારણ છે. | ૩૭૧ | ૧૬૮ |
| અધ્રુવભાવના | ૩૨૪ | ૧૨૯ | ચિંતારહિત ધ્યાન મુક્તિનું કારણ | ૩૭૨ | ૧૬૯ |
| જીવને શિક્ષા | ૩૨૯ | ૧૩૩ | આ આત્મા જ પરમાત્મા છે | ૩૭૮ | ૧૭૪ |
| પાંચ ઇન્દ્રિયોને જીતવી | ૩૩૩ | ૧૩૬ | દેહ અને આત્માની ભેદભાવના | ૩૮૧ | ૧૭૭ |
| ઇન્દ્રિયસુખનું અનિત્યપણું | ૩૩૬ | ૧૩૮ | બધી ચિંતાઓનો નિષેધ | ૩૮૯ | ૧૮૭ |
| મનને જીતી ઇન્દ્રિયોને જીતવી | ૩૩૯ | ૧૪૦ | પરમસમાધિનું વ્યાખ્યાન | ૩૯૨ | ૧૮૯ |
| સમ્યક્ત્વની દુર્લભતા | ૩૪૨ | ૧૪૩ | અર્હંત પદનું કથન | ૩૯૮ | ૧૯૫ |
| ગૃહવાસ અથવા મમત્વમાં દોષ | ૩૪૩ | ૧૪૪ | પરમાત્મપ્રકાશ શબ્દનો અર્થ | ૪૦૧ | ૧૯૮ |
| દેહપરથી મમત્વનો ત્યાગ | ૩૪૪ | ૧૪૫ | સિદ્ધસ્વરૂપનું કથન | ૪૦૫ | ૨૦૧ |
| દેહની મલિનતાનું કથન | ૩૪૭ | ૧૪૮ | પરમાત્મપ્રકાશનું ફળ | ૪૦૮ | ૨૦૪ |
| આત્માધીન સુખમાં પ્રીતિ | ૩૫૪ | ૧૫૪ | પરમાત્મપ્રકાશ માટે યોગ્ય પુરુષ | ૪૧૦ | ૨૦૭ |
| ચિત્ત સ્થિર કરવાથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ | ૩૫૬ | ૧૫૬ | પરમાત્મપ્રકાશશાસ્ત્રનું ફળ | ૪૧૬ | ૨૧૩ |
| નિર્વિકલ્પ સમાધિકા કથન | ૩૬૨ | ૧૬૧ | અંતિમ મંગલ | ૪૧૮ | ૨૧૪ |

| | |
|---|---|
| યોગસાર મૂળ, સંસ્કૃતચ્છાયા, પાઠાન્તર અને ભાષાટીકાસહિત | ૨૪૫–૪૭૪ |
| પરમાત્મપ્રકાશના દોહાની વર્ણાનુક્રમ સૂચી | ૪૭૫–૪૮૦ |
| સંસ્કૃતટીકામાં ઉદ્ધૃત પદ્યોની વર્ણાનુક્રમ સૂચી | ૪૮૧–૪૮૩ |
| યોગસારના દોહાની વર્ણાનુક્રમ સૂચી | ૩૮૪–૪૮૫ |
| પુસ્તકોનું વિજ્ઞાપન | ૪૮૬ |
| દાતાઓનાં નામની યાદી | ૪૮૭ |
| શુદ્ધિપત્ર | ૪૮૭ |


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# परमात्मप्रकाश

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

॥ श्रीपरमात्मने नमः ॥

श्रीमद्योगीन्दुदेवविरचितः

# परमात्मप्रकाशः

( टीकाद्वयोपेतः )

## श्रीमद्ब्रह्मदेवकृतसंस्कृतटीका

चिदानन्दैकरुपाय जिनाय परमात्मने ।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः ॥ १ ॥

श्रीयोगीन्द्रदेवकृतपरमात्मप्रकाशाभिधाने दोहकछन्दोग्रन्थे प्रक्षेपकान् विहाय व्याख्यानार्थमधिकारशुद्धिः कथ्यते । तद्यथा—प्रथमतस्तावत्पञ्चपरमेष्ठि-

---

## श्रीपंडित दौलतरामजीकृत मंगलाचरण

दोहा—चिदानंद चिद्रूप जो, जिन परमातम देव ।
सिद्धरूप सुविसुद्ध जो, नमौं ताहि करि सेव ॥ १ ॥
परमातम निजवस्तु जो, गुण अनंतमय शुद्ध ।
ताहि प्रकाशनके निमित, वंदूं देव प्रबुद्ध ॥ २ ॥

### શ્રીમદ્બ્રહ્મદેવકૃત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ.

સંસ્કૃત ટીકાકારનું મંગલાચરણ

चिदानन्दैकरुपाय जिनाय परमात्मने ।
परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः ॥ १ ॥

અર્થ:—[ परमात्मप्रकाशाय ] પરમાત્મસ્વરૂપના પ્રકાશન-અર્થે [ चिदानन्दैकरुपाय ] ચિદાનંદ જ જેનું એક રૂપ છે એવા [ सिद्धात्मने जिनाय परमात्मने ] સિદ્ધસ્વરૂપ જિન પરમાત્માને [ नित्यं ] સદા કાળ [ नमः ] નમસ્કાર હો. ૧.

### પ્રથમ મહાધિકાર ( ગાથા–૧૨૩ )

શ્રીયોગીન્દ્રદેવકૃત પરમાત્મપ્રકાશ નામના દોહકછંદ ગ્રંથમાં પ્રક્ષેપક દોહકોને છોડીને વ્યાખ્યાન અર્થે અધિકારની શુદ્ધિ [ પરિપાટી ] કહેવામાં આવે છે. તે આ પ્રમાણે-( ૧ ) પ્રથમ જ પંચપરમેષ્ઠીના નમસ્કારની મુખ્યતાથી " जे जाय झाणग्गियए "

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नमस्कारमुख्यत्वेन 'जे जाया झाणग्गियए' इत्यादि सप्त दोहकसूत्राणि भवन्ति, तदनन्तरं विज्ञापनमुख्यतया 'भावि पणविवि' इत्यादिसूत्रत्रयम्, अत ऊर्ध्वं बहिरन्तःपरमभेदेन त्रिधात्मप्रतिपादनमुख्यत्वेन 'पुणु पुणु पणविवि' इत्यादिसूत्रपञ्चकम्, अथानन्तरं मुक्तिगतव्यक्तिरूपपरमात्मकथनमुख्यत्वेन 'तिहुयणवंदिउ' इत्यादि सूत्रदशकम्, अत ऊर्ध्वं देहस्थितशक्तिरूपपरमात्मकथनमुख्यत्वेन 'जेहउ णिम्मुलु' इत्यादि अन्तर्भूतप्रक्षेपपञ्चकसहितचतुर्विंशतिसूत्राणि भवन्ति. अथ जीवस्य स्वदेहप्रमितिविषये स्वपरमतविचारमुख्यतया 'किं वि भणंति जिउ सव्वगउ' इत्यादिसूत्रषट्कं, तदनन्तरं द्रव्यगुणपर्यायस्वरूपकथनमुख्यतया 'अप्पा जणियउ' इत्यादि सूत्रत्रयम्, अथानन्तरं कर्मविचारमुख्यत्वेन 'जीवहं कम्मु अणाइ जिय' इत्यादि सूत्राष्टकं, तदनन्तरं सामान्यभेदभावनाकथनेन 'अप्पा अप्पु जि' इत्यादि सूत्रनवकम्, अत ऊर्ध्वं निश्चयसम्यग्दृष्टिकथनरूपेण 'अप्पें अप्पु' इत्यादि सूत्रमेकं, तदनन्तरं मिथ्याभावकथनमुख्यत्वेन 'पज्जयरत्तउ' इत्यादि सूत्राष्टकम्, अत ऊर्ध्वं सम्यग्दृष्टिभावनामुख्यत्वे 'कालु लहेविणु' इत्यादिसूत्राष्टकं, तदनन्तरं सामान्यभेदभावनामुख्यत्वेन 'अप्पा संजमु' इत्या-

---

ઇત્યાદિ સાત દોહક સૂત્રો છે, (૨) ત્યારપછી વિજ્ઞાપનની મુખ્યતાથી "भावि पणविवि" ઇત્યાદિ ત્રણ સૂત્રો છે. (૩) ત્યાર પછી બહિરાત્મા, અન્તરાત્મા, પરમાત્મા એ ભેદોથી ત્રણ પ્રકારના આત્માના કથનની મુખ્યતાથી "-पुणु पुणु पणविवि" ઇત્યાદિ પાંચ સૂત્રો છે, (૪) ત્યાર પછી મુક્તિને પ્રાપ્ત થયેલા વ્યક્તિરૂપ પરમાત્માના કથનની મુખ્યતાથી "तिहुयणवंदिउ" ઇત્યાદિ દસ સૂત્રો છે, (૫) ત્યાર પછી દેહમાં રહેલા શક્તિરૂપ પરમાત્માના કથનની મુખ્યતાથી "जेहउ णिम्मलु" ઇત્યાદિ પાંચ અન્તર્ભૂત પ્રક્ષેપકો સહિત ચોવીસ સૂત્રો છે, (૬) પછી જીવના નિજદેહપ્રમાણના વિષયમાં સ્વમત, પરમતના વિચારની મુખ્યતાથી "किं वि भणंति जिउ सव्वगउ" ઇત્યાદિ છ સૂત્રો છે (૭) ત્યાર પછી દ્રવ્યગુણપર્યાયના સ્વરૂપના કથનની મુખ્યતાથી "अप्पा जणियउ" ઇત્યાદિ ત્રણ સૂત્રો છે, (૮) ત્યાર પછી કર્મવિચારની મુખ્યતાથી "जीवहँ कम्मु अणाई जिय" ઇત્યાદિ આઠ સૂત્રો છે, (૯) ત્યાર પછી સામાન્ય ભેદભાવનાના કથનથી "अप्पा अप्पु जि" ઇત્યાદિ નવ સૂત્રો છે, (૧૦) ત્યાર પછી નિશ્ચયસમ્યગ્દષ્ટિના કથનરૂપથી "अप्पि अप्पु" ઇત્યાદિ નવ સૂત્ર છે, (૧૧) ત્યાર પછી મિથ્યાભાવના કથનની મુખ્યતાથી "पज्जय रत्तउ" ઇત્યાદિ આઠ સૂત્રો છે, (૧૨) ત્યાર પછી સમ્યગ્દ્રષ્ટિની ભાવનાની મુખ્યતાથી "कालु लहेविणु" ઇત્યાદિ આઠ સૂત્રો છે, ( ૧૩ ( ત્યાર પછી સામાન્ય ભેદ ભાવનાની મુખ્યતાથી "अप्पा

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्येकाधिकत्रिंशत्प्रमितानि दोहकसूत्राणि भवन्ति ॥ इति श्री योगीन्द्रदेव-विरचितपरमात्मप्रकाशशास्त्रे त्रयोविंशत्यधिकशतदोहकसूत्रैर्बहिरन्तःपरमात्मस्वरूप-कथनमुख्यत्वेन प्रथमप्रकरणपातनिका समाप्ता। अथानन्तरं द्वितीयमहा-धिकारप्रारम्भे मोक्षमोक्षफलमोक्षमार्गस्वरूपं कथ्यते। तत्र प्रथमतस्तावत् 'सिरि-गुरु' इत्यादिमोक्षस्वरूपकथनमुख्यत्वेन दोहकसूत्राणि दशकम्, अत ऊर्ध्वं 'दंसणु णाणु' इत्याद्येकसूत्रेण मोक्षफलं, तदनन्तरं 'जीवहं मोक्खहं हेउ वरु' इत्याद्येकोनविंशतिसूत्रपर्यन्तं निश्चयव्यवहारमोक्षमार्गमुख्यतया व्याख्यानम्, अथा-नन्तरमभेदरत्नत्रयमुख्यत्वेन 'जो भत्तउ' इत्यादि सूत्राष्टकम्, अत ऊर्ध्वं समभावमुख्यत्वेन 'कम्मु पुरक्किउ' इत्यादिसूत्राणि चतुर्दश, अथानन्तरं पुण्य-पापसमानमुख्यत्वेन 'बंधहं मोक्खहं हेउ णिउ' इत्यादिसूत्राणि चतुर्दश, अत ऊर्ध्वम् एकचत्वारिंशत्सूत्रपर्यन्तं प्रक्षेपकान् विहाय शुद्धोपयोगस्वरूपमुख्य-त्वमिति समुदायपातनिका। तत्र प्रथमतः एकचत्वारिंशन्मध्ये 'सुद्धहं संजमु'

---

संजमु " ઇત્યાદિ એકત્રીશ જેટલા દોહક સૂત્રો છે.

એ પ્રમાણે શ્રીયોગીન્દ્રદેવવિરચિત પરમાત્મપ્રકાશ શાસ્ત્રમાં એકસોત્રેવીસ દોહકસૂત્રોથી બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માના સ્વરૂપના કથનની મુખ્યતાથી પ્રથમ પ્રકરણ–પાતનિકા પૂરી થઈ. ( અને તેમાં તેર અન્તરાધિકાર છે )

## બીજો મહાધિકાર ( દોહક સૂત્રો–૨૧૪ )

ત્યાર પછી બીજો મહાધિકાર ( દોહકસૂત્રો ૨૧૪ ) શરૂઆતમાં મોક્ષ, મોક્ષફલ, અને મોક્ષમાર્ગનું સ્વરૂપ કહેવામાં આવે છે. ( ૧ ) ત્યાં પ્રથમ જ મોક્ષ સ્વરૂપના કથનની મુખ્યતાથી " सिरिगुरु " ઈત્યાદિ દસ દોહકસૂત્રો છે. ( ૨ ) ત્યાર પછી " दंसणुणाणु " એ એક સૂત્રથી મોક્ષનું ફલ દર્શાવ્યું છે, ( ૩ ) ત્યાર પછી " जीवहं मोक्खहं हेउ वरु " ઈત્યાદિ ઓગણીસ સૂત્ર સુધી નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગની મુખ્યતાથી વ્યાખ્યાન કર્યું છે. ( ૪ ) ત્યાર પછી અભેદરત્નત્રયની મુખ્યતાથી " जो भत्तउ " ઈત્યાદિ આઠ સૂત્રો છે. ( ૫ ) ત્યાર પછી સમભાવની મુખ્યતાથી " कम्मु पुरक्किउ " ઈત્યાદિ ચૌદ સૂત્રો છે. ( ૬ ) ત્યાર પછી પુણ્ય પાપની સમાનતાની મુખ્યાતાથી " बंधहं मोक्खहं हेउ णिउ " ઈત્યાદિ ચૌદ સૂત્રો છે.

ત્યાર પછી પ્રક્ષેપકોને છોડીને એકતાલીસ સૂત્ર સુધી શુદ્ધોપયોગના સ્વરૂપની મુખ્યતા છે. એ પ્રમાણે સમુદાયપાતનિકા જાણવી.

( ૭ ) તે એકતાલીસ સૂત્રોમાંથી પ્રથમ " सुद्धहं संजमु " ઈત્યાદિ પાંચ સૂત્ર સુધી શુદ્ધોપયોગની મુખ્યતાથી વ્યાખ્યાન છે. ( ૮ ) ત્યાર પછી 'दाणिं लब्भइ'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इत्यादिसूत्रपञ्चकपर्यन्तं शुद्धोपयोगमुख्यतया व्याख्यानम्, अथानन्तरं 'दाणिं लब्भइ' इत्यादिपञ्चदशसूत्रपर्यन्तं वीतरागस्वसंवेदनज्ञानमुख्यत्वेन व्याख्यानं, तदनन्तरं 'लेणहं इच्छइ मूढु' इत्यादिसूत्राष्टकपर्यन्तं परिग्रहत्यागमुख्यतया व्याख्यानम्, अत ऊर्ध्वं 'जो भत्तउ रयणत्तयहं' इत्यादि त्रयोदशसूत्रपर्यन्तं शुद्धनयेन षोडशवर्णिकासुवर्णवत् सर्वे जीवाः केवलज्ञानादिस्वभावलक्षणेन समाना इति मुख्यत्वेन व्याख्यानम्, इत्येकचत्वारिंशत्सूत्राणि गतानि । अत ऊर्ध्वं 'परु जाणंतु वि' इत्यादि समाप्तिपर्यन्तं प्रक्षेपकान् विहाय सप्तोत्तरशत-सूत्रैश्चूलिकाव्याख्यानम् । तत्र सप्तोत्तरशतमध्ये अवसाने 'परमसमाहि' इत्यादि चतुर्विंशतिसूत्रेषु सप्त स्थलानि भवन्ति । तस्मिन् प्रथमस्थले निर्विकल्पसमाधि-मुख्यत्वेन 'परमसमाहिमहासरहिं' इत्यादि सूत्रषट्कं, तदनन्तरमर्हत्पदमुख्यत्वेन 'सयलवियप्पहं' इत्यादि सूत्रत्रयम्, अथानन्तरं परमात्मप्रकाशनाममुख्यत्वेन 'सयलहं कम्महं दोसहं' इत्यादि सूत्रत्रयम्, अथ सिद्धपदमुख्यत्वेन 'झाणें कम्मक्खउ करिवि' इत्यादि सूत्रत्रयं, तदनन्तरं परमात्मप्रकाशाराधकपुरुषाणां

---

ઇત્યાદિ પંદર સૂત્ર સુધી વીતરાગ સ્વસંવેદનજ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન છે, ( ૯ ) ત્યારપછી 'लेणहं इच्छइ मूढुं' ઇત્યાદિ આઠ સૂત્ર સુધી પરિગ્રહના ત્યાગની મુખ્યતાથી વ્યાખ્યાન છે. ( ૧૦ ) ત્યાર પછી "जो भत्तउ रयणत्तयहुं" ઇત્યાદિ તેર સૂત્ર સુધી શુદ્ધનયથી સોળ વલા સુવર્ણની માફક સર્વે જીવો કેવલજ્ઞાનાદિ લક્ષણથી સમાન છે એવી મુખ્યતાથી વ્યાખ્યાન છે. ( તે એકતાલીસ સૂત્રોના મહાસ્થલના ચાર અન્તર સ્થલો છે ) એ પ્રમાણે એકતાલીસ સૂત્રો સમાપ્ત થયાં.

ત્યારપછી "परु जाणंतु वि" ઇત્યાદિ સમાપ્તિ સુધી પ્રક્ષેપક સૂત્રોને છોડીને એકસોસાત સૂત્રોથી ચૂલિકા વ્યાખ્યાન છે. તે એકસોસાત સૂત્રોમાંથી છેલ્લા 'परम समाहि' ઇત્યાદિ ચોવીસ સૂત્રોમાં સાત સ્થલો છે. ( તેમાં ( પરમ ) સમાધિનું કથન છે )

( ૧ ) તેમાં પ્રથમ સ્થલમાં નિર્વિકલ્પ સમાધિની મુખ્યતાથી "परम समाहि महासरहिं" ઇત્યાદિ છ સૂત્રો છે. ( ૨ ) ત્યારપછી અર્હંત્પદની મુખ્યતાથી "सयल वियाप्पहं" ઇત્યાદિ ત્રણ સૂત્રો છે. ( ૩ ) ત્યારપછી પરમાત્મપ્રકાશ નામની મુખ્યતાથી "सयलहं कम्महं दोसहं" ઇત્યાદિ ત્રણ સૂત્રો છે. ( ૪ ) પછી સિદ્ધપદની મુખ્યતાથી "झाणें कम्मक्खउ करिवि" ઇત્યાદિ ત્રણ સૂત્રો છે. ( ૫ ) ત્યારપછી પરમાત્મપ્રકાશના આરાધક પુરુષોના ફલના કથનની મુખ્યતાથી "जे परमप्पपयासु मुणि" ઇત્યાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



फलकथनमुख्यत्वेन 'जे परमप्पपयासु मुणि' इत्यादिसूत्रत्रयम्, अत ऊर्ध्वं परमात्मप्रकाशाराधनायोग्यपुरुषकथनमुख्यत्वेन 'जे भवदुक्खहं' इत्यादिसूत्रत्रयम्' अथानन्तरं परमात्मप्रकाशशास्त्रफलकथनमुख्यत्वेन तथैवौद्धत्यपरिहारमुख्यत्वेन च 'लक्खणछंद' इत्यादि सूत्रत्रयम्। इति चतुर्विंशतिदोहकसूत्रैकचूलिकावसाने सप्त स्थलानि गतानि। एवं प्रथमपातनिका समाप्ता। अथवा प्रकारान्तरेण द्वितीया पातनिका कथ्यते। तद्यथा—प्रथमतस्तावद्बहिरात्मान्तरात्मपरमात्मकथन-रूपेण प्रक्षेपकान् विहाय त्रयोविंशत्यधिकशतसूत्रपर्यन्तं व्याख्यानं क्रियत इति समुदायपातनिका। तत्रादौ 'जे जाया' इत्यादि पञ्चविंशतिसूत्रपर्यन्तं त्रिधात्मपीठिकाव्याख्यानम्, अथानन्तरं 'जेहउ णिम्मलु' इत्यादि चतुर्विंशतिसूत्रपर्यन्तं सामान्यविवरणम्, अत ऊर्ध्वं 'अप्पा जोइय सव्वगउ' इत्यादित्रिचत्वारिंशत्सूत्रपर्यन्तं विशेषविवरणम्, अत ऊर्ध्वं 'अप्पा संजमु' इत्याद्येकत्रिंशत्सूत्रपर्यन्तं चूलिकाव्याख्यानमिति प्रथममहाधिकारः समाप्तः। अथा-

---

ત્રણ સૂત્રો છે (૬) ત્યારપછી પરમાત્મપ્રકાશની આરાધનાને યોગ્ય પુરુષોના કથનની મુખ્યતાથી 'जे भवदुक्खहं' ઇત્યાદિ ત્રણ સૂત્રો છે. (૭) ત્યારપછી પરમાત્મપ્રકાશ-શાસ્ત્રના ફલના કથનની મુખ્યતાથી અને ઉદ્ધતપણાના (ગર્વના) ત્યાગની મુખ્યતાથી 'लक्खणछंद' ઇત્યાદિ ત્રણ સૂત્રો છે.

એ પ્રમાણે ચોવીશ દોહક સૂત્રોની એક ચૂલિકાના અંતમાં સાત સ્થલો સમાપ્ત થયાં.

(એ રીતે તે મહાધિકારોમાં અંતર સ્થલ અનેક છે.) એ રીતે પ્રથમ-પાતનિકા સમાપ્ત થઇ, (એ રીતે પરિપાટીનો એક ક્રમ કહ્યો.) અથવા અન્ય પ્રકારે બીજી પાતનિકા કહેવામાં આવે છે. તે આ પ્રમાણેઃ– પહેલા અધિકારમાં પ્રથમ તો પ્રક્ષેપક સૂત્રોને છોડીને બહિરાત્મા, અન્તરાત્મા, અને પરમાત્માના કથનરૂપે એકસોત્રેવીસ સૂત્રો સુધી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે, એવી સમુદાયપાતનિકા છે. (૧) ત્યાં આદિમાં "जे जाया" ઇત્યાદિ પચ્ચીસ સૂત્રો સુધી ત્રણ પ્રકારના આત્માના કથનનું પીઠિકાવ્યાખ્યાન છે, (૨) ત્યાર પછી "जेहउ णिम्मलु" ઈત્યાદિ ચોવીસ સૂત્રો સુધી સામાન્ય વિવરણ છે, (૩) ત્યાર પછી "अप्पा जोइय सव्वगउ" ઈત્યાદિ તેતાલીસ સૂત્રો સુધી વિશેષ વિવરણ છે, (૪) ત્યાર પછી "अप्पा संजमु" ઇત્યાદિ એકત્રીસ સૂત્રો સુધી ચૂલિકા વ્યાખ્યાન છે. એ રીતે (અંતર અધિકારો સહિત) પ્રથમ મહાધિકાર સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नन्तरं मोक्षमोक्षफलमोक्षमार्गस्वरूपकथनमुख्यत्वेन प्रक्षेपकान् विहाय चतुर्दशाधिकशतद्वयसूत्रपर्यन्तं द्वितीयमहाधिकारः प्रारभ्यत इति समुदायपातनिका । तत्रादौ 'सिरिगुरु' इत्यादित्रिंशत्सूत्रपर्यन्तं पीठिकाव्याख्यानं, तदनन्तरं 'जो भत्तउ' इत्यादिषट्त्रिंशत्सूत्रपर्यन्तं सामान्यविवरणम्, अथानन्तरं 'सुद्धहंसंजमु' इत्याद्येकचत्वारिंशत्सूत्रपर्यन्तं विशेषविवरणं, तदनन्तरं प्रक्षेपकान् विहाय सप्तोत्तरशतपर्यन्तमभेदरत्नत्रयमुख्यतयाचूलिकाव्याख्यानं, इति द्वितीयपातनिका ज्ञातव्या ॥

इदानीं प्रथमपातनिकाभिप्रायेण व्याख्याने क्रियमाणे ग्रन्थकारो ग्रन्थस्यादौ मङ्गलार्थमिष्टदेवतानमस्कारं कुर्वाणः सन् दोहकसूत्रमेकं *प्रतिपादयति—

१) जे जाया झाणग्गियएँ कम्म-कलंक डहेवि ।
णिच्च-णिरंजण-णाण-मय ते परमप्प णवेवि ॥ १ ॥

---

ત્યાર પછી પ્રક્ષેપક સૂત્રોને છોડીને મોક્ષ, મોક્ષફલ અને મોક્ષમાર્ગના સ્વરૂપના કથનની મુખ્યતાથી બસોચૌદ સૂત્રો સુધી બીજો મહાધિકાર કહેવામાં આવ્યો છે. એવી સમુદાયપાતનિકા છે. (૧) ત્યાં આદિમાં "सिरि गुरु" ઈત્યાદિ ત્રીશ સૂત્રો સુધી પીઠિકા વ્યાખ્યાન છે. (૨) ત્યાર પછી "जो भत्तउ" ઈત્યાદિ છત્રીસ સૂત્રો સુધી સામાન્ય વર્ણન છે. (૩) ત્યાર પછી "सुद्ध हं संजमु" ઈત્યાદિ એકતાલીશ સૂત્રો સુધી વિશેષ વર્ણન છે. (૪) ત્યાર પછી પ્રક્ષેપક સૂત્રોને છોડીને એકસોસાત સૂત્રો સુધી અભેદરત્નત્રયની મુખ્યતાથી ચૂલિકાવ્યાખ્યાન છે.

આ રીતે બીજી પાતનિકા જાણવી.

-૧-

## પ્રથમ મહાધિકાર

હવે પ્રથમ પાતનિકામાં અભિપ્રાય પ્રમાણે વ્યાખ્યાન કરવામાં આવતાં, ગ્રંથકાર શ્રીયોગીન્દ્રાચાર્ય ગ્રંથની આદિમાં મંગલ અર્થે ઇષ્ટદેવતાને ( શ્રી સિદ્ધપરમાત્માને ) નમસ્કાર કરતા થકા એક દોહકસૂત્ર કહે છેઃ—

### ગાથા—૧

અન્વયાર્થઃ—[ ये ] જે કોઈ મહાત્માઓ [ ध्यानाग्निना ] ધ્યાનરૂપી અગ્નિ વડે [ कर्मकलंकानि दग्ध्वा ] કર્મમલરૂપ કલંકોને ભસ્મ કરીને [ नित्यनिरंजन-

---

* પાઠાન્તરઃ—प्रतिपादयति=प्रतिपादयति । तद्यथा—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये जाता ध्यानाग्निना कर्मकलङ्कान् दग्ध्वा ।
नित्यनिरञ्जनज्ञानमयास्तान् परमात्मनः नत्वा ॥ १ ॥

जे जाया ये केचन कर्तारो महात्मानो जाता उत्पन्नाः । केन कारणभूतेन । झाणग्गियए ध्यानाग्निना । किं कृत्वा पूर्वम् । कम्मकलंक डहेवि कर्मकलङ्कमलान् दग्ध्वा भस्मीकृत्वा । कथंभूताः जाताः । णिच्चणिरंजणणाणमय नित्यनिरञ्जनज्ञानमयाः ते परमप्प णवेवि तान्परमात्मनः कर्मतापन्नान्नत्वा प्रणम्येतितात्पर्यार्थव्याख्यानं समुदायकथनं संपिण्डितार्थनिरूपणमुपोद्घातः संग्रहवाक्यं वार्तिकमिति यावत् । इतो विशेषः । तद्यथा—ये जाता उत्पन्ना मेघपटलविनिर्गतदिनकरकिरणप्रभावात्कर्मपटलविघटनसमये सकलविमलकेवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपेण लोकालोकप्रकाशनसमर्थेन सर्वप्रकारोपादेयभूतेन कार्यसमयसाररूपपरिणताः । कया नयविवक्षया जाताः सिद्धपर्यायपरिणतिव्यक्तरूपतया धातुपाषाणे सुवर्णपर्यायपरिणति—व्यक्तिवत् । तथा चोक्तं पञ्चास्तिकाये—पर्यायार्थिकनयेन "अभूदपुव्वो हवदि सिद्धो", द्रव्यार्थिकनयेन पुनः शक्त्यपेक्षया पूर्वमेव शुद्धबुद्धैकस्वभावस्तिष्ठति धातुपाषाणे सुवर्णशक्तिवत् । तथा चोक्तं द्रव्यसंग्रहे—शुद्धद्रव्यार्थिकनयेन "सव्वे सुद्धा हु

---

ज्ञानमयाः ] નિત્ય, નિરંજન, જ્ઞાનમય [ जाताः ] થયા છે [ तान् परमात्मनः ] તે પરમાત્માઓને [ नत्वा ] પ્રણામ કરીને—"

**ભાવાર્થ:**—જેવી રીતે મેઘપટલમાંથી નીકળેલા સૂર્યનાં કિરણોની પ્રભા પ્રગટ થઈ છે તેવી રીતે જેઓ કર્મપટલના વિલય ટાણે ( કર્મરૂપી મેઘપટલનો વિલય થતાં ) સકલ વિમલ કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યક્તિરૂપ, લોકાલોકને પ્રકાશવાને સમર્થ, સર્વપ્રકારે ઉપાદેયભૂત કાર્યસમયસારરૂપ પરિણમ્યા છે. કયી નયની વિવક્ષાથી ( તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધપરમાત્મા ) થયા છે? જેવી રીતે ધાતુપાષાણ સુવર્ણપર્યાયરૂપ પરિણતિની પ્રગટતારૂપે થયો છે તેવી રીતે તેઓ સિદ્ધપર્યાયરૂપ પરિણતિની પ્રગટતારૂપે થયા છે શ્રીપંચાસ્તિકાય ( ગાથા ૨૦ ) માં કહ્યું છે કે:—

પર્યાયાર્થિકનયથી "अभूदपुव्वो हवदि सिद्धो" ( જીવ અભૂતપૂર્વ સિદ્ધ થાય છે ), દ્રવ્યાર્થિકનયથી તો જેવી રીતે ધાતુપાષાણમાં સુવર્ણ શક્તિરૂપે રહેલ છે તેવી રીતે, શક્તિ-અપેક્ષાએ જીવ પ્રથમથી જ શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવવાળો છે. દ્રવ્યસંગ્રહ ( ગાથા ૧૩ )માં કહ્યું છે કે "सव्वे सुद्धा हु सुद्धणया" શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી ( શુદ્ધનયથી ) સર્વ સંસારી જીવો શુદ્ધ બુદ્ધ એકસ્વભાવવાળા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुद्धणया " सर्वे जीवाः शुद्धबुद्धैकस्वभावाः । केन जाताः । ध्यानाग्निना करणभूतेन ध्यानशब्देन आगमापेक्षया वीतरागनिर्विकल्पशुक्लध्यानम्, अध्यात्मापेक्षया वीतरागनिर्विकल्परूपातीतध्यानम् । तथा चोक्तम्—" पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिन्तनम् । रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम् ॥ " तच्च ध्यानं वस्तुवृत्त्या शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसमुत्पन्नवीतरागपरमानन्दसमरसीभावसुखरसास्वादरूपमिति ज्ञातव्यम् । किं कृत्वा जाताः । कर्ममलकलङ्कान् दग्ध्वा कर्ममलशब्देन द्रव्यकर्मभावकर्माणि गृह्यन्ते । पुद्गलपिण्डरूपाणि ज्ञानावरणादीन्यष्टौ द्रव्यकर्माणि, रागादिसंकल्पविकल्परूपाणि पुनर्भावकर्माणि । द्रव्यकर्मदहनमुनुपचरितासद्भूतव्यवहारनयेन, भावकर्मदहनं पुनरशुद्धनिश्चयेन शुद्धनिश्चयेन बन्धमोक्षौ न स्तः । इत्थंभूतकर्ममलकलङ्कान् दग्ध्वा कथंभूता जाताः । नित्यनिरञ्जनज्ञानमयाः । क्षणिकैकान्तवादिसौगत—मतानुसारि-

---

શા કારણથી ( તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા થયા છે )? કરણરૂપ ધ્યાનાગ્નિ વડે ( તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા થયા છે ). ' ધ્યાન ' શબ્દથી આગમની અપેક્ષાએ વીતરાગ નિર્વિકલ્પ શુક્લધ્યાન અને અધ્યાત્મની અપેક્ષાએ વીતરાગ નિર્વિકલ્પ રૂપાતીતધ્યાન સમજવું. કહ્યું છે કે ( દ્રવ્યસંગ્રહ પૃષ્ઠ ૨૩૨, પ-પ્રા. પૃષ્ઠ ૨૩૬ ) " पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिन्तनम् । रुपस्थं सर्वचिद्रूपं रुपातीतं निरंजनम् ॥ " ( અર્થઃ-મંત્રવાક્યોમાં સ્થિત તે ' પદસ્થ ' ધ્યાન છે, નિજ આત્માનું ચિંતન તે ' પિંડસ્થ ' ધ્યાન છે; સર્વચિદ્રૂપનું ચિંતન તે ' રૂપસ્થ ' ધ્યાન છે અને નિરંજનનું ધ્યાન તે રૂપાતીત ધ્યાન છે. ) અને તે ધ્યાન વસ્તુવૃત્તિથી શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ અનુષ્ઠાનરૂપ અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી સમુત્પન્ન વીતરાગ પરમાનંદમય સમરસીભાવસુખરસના આસ્વાદરૂપ છે એમ જાણવું.

શું કરીને ( તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા ) થયા છે? કર્મમલરૂપ કલંકોને દગ્ધ કરીને ( તેઓ કાર્યસમયસારરૂપ સિદ્ધ પરમાત્મા થયા છે. ) અહીં ' કર્મમલ ' શબ્દથી દ્રવ્યકર્મો અને ભાવકર્મો સમજવાં. પુદ્ગલપિંડરૂપ જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મો છે અને રાગાદિસંકલ્પવિકલ્પરૂપ ભાવકર્મો છે. દ્રવ્યકર્મોનું દહન અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી છે અને ભાવકર્મોનું દહન અશુદ્ધ નિશ્ચયનયથી છે, શુદ્ધ નિશ્ચયનયથી તો બંધમોક્ષ નથી.

આવા કર્મમલરૂપી કલંકોને દગ્ધ કરીને તેઓ કેવા થયા છે? આવા કર્મ-મલરૂપી કલંકોને દગ્ધ કરીને તેઓ નિત્ય નિરંજન જ્ઞાનમય થયા છે ( ૧ ) ક્ષણિક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शिष्यं प्रति द्रव्यार्थिकनयेन नित्यटङ्कोत्कीर्णज्ञायकैकस्वभावपरमात्मद्रव्यव्यवस्थापनार्थं नित्यविशेषणं कृतम् । अथ कल्पशते गते जगत् शून्यं भवति पश्चात्सदाशिवे जगत्करणविषये चिन्ता भवति तदनन्तरं मुक्तिगतानां जीवानां कर्माञ्जनसंयोगं कृत्वा संसारे पतनं करोतीति नैयायिका वदन्ति, तन्मतानुसारिशिष्यं प्रति भावकर्मद्रव्यकर्मनोकर्माञ्जननिषेधार्थं मुक्तजीवानां निरञ्जनविशेषणं कृतम् । मुक्तात्मनां सुप्तावस्थावद्बहिर्ज्ञेयविषये परिज्ञानं नास्तीति सांख्या वदन्ति, तन्मतानुसारिशिष्यं प्रति जगत्त्रयकालत्रयवर्तिसर्वपदार्थयुगपत्परिच्छित्तिरूपकेवलज्ञानस्थापनार्थं ज्ञानमय-विशेषणं कृतमिति । तानित्थंभूतान् परमात्मनो नत्वा प्रणम्य नमस्कृत्येति क्रियाकारसंबन्धः । अत्र नत्वेति शब्दरूपो वाचनिको द्रव्यनमस्कारो ग्राह्यो ऽसद्भूतव्यवहारनयेन ज्ञातव्यः, केवलज्ञानाद्यनन्तगुणस्मरणरूपो भावनमस्कारः पुनरशुद्धनिश्चयनयेनेति शुद्धनिश्चयनयेन वन्द्यवन्दकभावो नास्तीति । एवं पदखण्डनारूपेण शब्दार्थः कथितः, नयविभागकथनरूपेण

---

એકાંતવાદી સૌગત (બૌદ્ધ) મતને અનુસરનાર શિષ્ય પ્રતિ દ્રવ્યાર્થિકનયથી નિત્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક એક જેનો સ્વભાવ છે એવા પરમાત્મદ્રવ્ય છે એમ સ્થાપવા માટે "નિત્ય" વિશેષણ આપવામાં આવ્યું છે. (૨) સો કલ્પકાલ ગયા પછી જગત શૂન્ય થાય છે ત્યારે સદાશિવને જગત રચવાની ચિંતા થાય છે. ત્યાર પછી તે મુક્તિપ્રાપ્ત જીવોને કર્મરૂપ અંજનનો સંયોગ કરીને સંસારમાં નાખે છે એમ નૈયાયિકો કહે છે. તેના મતને અનુસરનાર શિષ્ય પ્રતિ ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મરૂપ અંજનના નિષેધ અર્થે મુક્ત જીવોને 'નિરંજન' વિશેષણ આપવામાં આવ્યું છે. (૩) જેવી રીતે સુપ્ત અવસ્થામાં પુરુષને બાહ્ય જ્ઞેયવિષયનું જ્ઞાન હોતું નથી તેવી રીતે મુક્ત આત્માઓને બાહ્ય જ્ઞેયવિષયનું જ્ઞાન હોતું નથી એમ સાંખ્ય કહે છે. તેના મતને અનુસરનાર શિષ્ય પ્રતિ ત્રણે જગતના, ત્રણે કાલવર્તી સર્વ પદાર્થના યુગપત્ પરિચ્છિત્તિરૂપ કેવલજ્ઞાન છે એમ સ્થાપવા માટે 'જ્ઞાનમય' વિશેષણ આપવામાં આવ્યું છે. એવા તે પરમાત્માઓને નમીને-પ્રણમીને-નમસ્કાર કરીને, એવો ક્રિયાકારક સંબંધ છે. અહીં 'नत्वा' એવું શબ્દરૂપ વાચિક દ્રવ્યનમસ્કાર અસદ્‌ભૂત વ્યવહારનયથી જાણવો અને કેવલજ્ઞાનાદિ અનંતગુણના સ્મરણરૂપ ભાવનમસ્કાર અશુદ્ધ નિશ્ચયનયથી જાણવો, શુદ્ધ નિશ્ચયનયથી વંદ્યવંદકભાવ નથી.

આ પ્રમાણે પદખંડનારૂપે શબ્દાર્થ કહ્યો, નયવિભાગના કથનરૂપે નયાર્થ પણ કહ્યો, બૌદ્ધાદિના મતોના સ્વરૂપના કથનના અવસર પર મતાર્થ પણ કહ્યો.

૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नयार्थोऽपि भणितः, बौद्धादिमतस्वरूपकथनप्रस्तावे मतार्थोऽपि निरूपितः, एवंगुणविशिष्टाः सिद्धा मुक्ताः सन्तीत्यागमार्थः प्रसिद्धः । अत्र नित्यनिरञ्जन-ज्ञानमयरूपं परमात्मद्रव्यमुपादेयमिति भावार्थः । अनेन प्रकारेण शब्दनयमता-गमभावार्थो व्याख्यानकाले यथासंभवं सर्वत्र ज्ञातव्य इति ॥ १ ॥

अथ संसारसमुद्रोत्तरणोपायभूतं वीतरागनिर्विकल्पसमाधिपोतं समारुह्य ये शिवमयनिरुपमज्ञानमया भविष्यन्त्यग्रे तानहं नमस्करोमीत्यभिप्रायं मनसि धृत्वा ग्रन्थकारः सूत्रमाह, इत्यनेन क्रमेण पातनिकास्वरूपं सर्वत्र ज्ञातव्यम्—

२) ते वंदउँ सिरि-सिद्ध-गण होसहिँ जे वि अणंत ।
सिवमय-णिरुवम-णाणमय परम-समाहि भजंत ॥ २ ॥

तान् वन्दे श्रीसिद्धगणान् भविष्यन्ति येऽपि अनन्ताः ।
शिवमयनिरुपमज्ञानमयाः परमसमाधिं भजन्तः ॥ २ ॥

ते वंदउं तान् वन्दे । तान् कान् । सिरिसिद्धगण श्रीसिद्धगणान् । ये किं करिष्यन्ति । होसहिं जे वि अणंत भविष्यन्त्यग्रे येऽप्यनन्ताः ।

---

આવા ગુણવિશિષ્ટ સિદ્ધો મુક્ત છે એવો આગમાર્થ પ્રસિદ્ધ છે.

અહીં નિત્ય, નિરંજન અને જ્ઞાનમયરૂપ પરમાત્મદ્રવ્ય ઉપાદેય છે એવો ભાવાર્થ છે.

આ રીતે શબ્દ, નય, મત, આગમ અને ભાવાર્થ વ્યાખ્યાનકાલે યથાસંભવ સર્વત્ર જાણવા. ૧.

હવે સંસારસમુદ્રને તરવાના ઉપાયભૂત જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ નાવ છે તેના પર ચઢીને જેઓ આગામી કાલમાં શિવમય (કલ્યાણમય), નિરુપમ, જ્ઞાનમય થશે તેમને હું નમસ્કાર કરું છું એવો અભિપ્રાય મનમાં ધારીને ગ્રંથકાર સૂત્ર કહે છેઃ—આજ ક્રમથી પાતનિકાનું સ્વરૂપ સર્વત્ર જાણવું.

ગાથા—૨

**અન્વયાર્થ**ઃ—[ तान् अनन्ताः श्रीसिद्धगणान् अपि ] તે અનંત શ્રીસિદ્ધ ભગવંતોને પણ [ **वन्दे** ] હું નમસ્કાર કરું છું [ ये ] કે જેઓ [ परमसमाधिं भजन्तः ] રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિને સેવતા થકા આગામી કાલમાં [ **शिवमयनिरुपमज्ञानमयः** ] શિવમય, નિરુપમ અને જ્ઞાનમય [ भविष्यन्ति ] થશે.

**ભાવાર્થ**ઃ—જેઓ કેવલજ્ઞાનાદિ મોક્ષલક્ષ્મીથી સહિત થશે અને સમ્યક્ત્વાદિ આઠ ગુણરૂપી વિભૂતિથી સહિત થશે એવા તે અનંત સિદ્ધગણોને હું નમસ્કાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथंभूता भविष्यन्ति । सिवमयणिरुवमणाणमय शिवमयनिरुपमज्ञानमयाः, किं भजन्तः सन्तः इत्थंभूता भविष्यन्ति । परमसमाहि भजंत रागादिविकल्परहितपरमसमाधिं भजन्तः सेवमानाः इतो विशेषः । तथाहि—तान् सिद्धगणान् कर्मतापन्नान् अहं वन्दे । कथंभूतान् । केवलज्ञानादिमोक्षलक्ष्मीसहितान् सम्यक्त्वाद्यष्टगुणविभूतिसहितान् अनन्तान् । किं करिष्यन्ति । ये वीतरागसर्वज्ञप्रणीतमार्गेण दुर्लभबोधिं लब्ध्वा भविष्यन्त्यग्रे श्रेणिकादयः । किंविशिष्टा भविष्यन्ति । शिवमयनिरुपमज्ञानमयाः । अत्र शिवशब्देन स्वशुद्धात्मभावनोत्पन्नवीतरागपरमानन्दसुखं ग्राह्यं, निरुपमशब्देन समस्तोपमानरहितं ग्राह्यं, ज्ञानशब्देन केवलज्ञानं ग्राह्यम् । किं कुर्वाणाः सन्त इत्थंभूताः भविष्यन्ति । विशुद्धज्ञानदर्शनस्वभावशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपामूल्यरत्नत्रयभारपूर्णं मिथ्यात्वविषयकषायादिरूपसमस्तविभावजलप्रवेशरहितं शुद्धात्मभावनोत्थसहजानन्दैकरूपसुखामृतविपरीतनरकादिदुःखरूपेण क्षारजलेन पूर्णस्य संसारसमुद्रस्य तरणोपायभूतं समाधिपोतं भजन्तः सेवमानास्तदाधारेण गच्छन्त इत्यर्थः । अत्र शिवमयनिरुपमज्ञानमयशुद्धात्मस्वरूपमुपादेयमिति भावार्थः ॥ २ ॥

अथानन्तरं परमसमाध्यग्निना कर्मेन्धनहोमं कुर्वाणान् वर्तमानान् सिद्धानहं नमस्करोमि—

---

કરું છું. શું કરીને સિદ્ધ થશે ? કે જેઓ વીતરાગ સર્વજ્ઞપ્રણીત માર્ગથી દુર્લભબોધિ પ્રાપ્ત કરીને આગામી કાલમાં શિવમય, નિરુપમ અને જ્ઞાનમય સિદ્ધ થશે, જેમ કે શ્રેણિક આદિ. અહીં 'શિવ' શબ્દથી નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદમય સુખ સમજવું, 'નિરુપમ' શબ્દથી સમસ્ત ઉપમા રહિત સમજવું અને 'જ્ઞાન' શબ્દથી કેવલજ્ઞાન સમજવું.

શું કરતા થકા આવા થશે ? વિશુદ્ધજ્ઞાનદર્શનસ્વભાવવાળા શુદ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્-આચરણરૂપ અમૂલ્ય રત્નત્રયના ભારથી પૂર્ણ, મિથ્યાત્વ, વિષય અને કષાયાદિરૂપ સમસ્ત વિભાવજળના પ્રવેશ રહિત શુદ્ધ આત્માની ભાવનાથી ઉત્પન્ન સહજાનંદ જેનું એક રૂપ છે એવા સુખામૃતથી વિપરીત નરકાદિદુઃખરૂપ ક્ષારજલથી પૂર્ણ સંસારસમૂદ્રને તરવાના ઉપાયભૂત સમાધિરૂપી નાવને સેવતા થકા અર્થાત્ તેના આધારે ચાલતા થકા આવા થશે.

અહીં શિવમય, નિરુપમ, જ્ઞાનમય શુદ્ધ આત્મસ્વરૂપ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३) ते हउँ वंदउँ सिद्ध-गण अच्छहिँ जे वि हवंत ।
परम-समाहि-महग्गिएँ कम्मिंधणइँ हुणंत ॥ ३ ॥

तान् अहं वन्दे सिद्धगणान् तिष्ठन्ति येऽपि भवन्तः ।
परमसमाधिमहाग्निना कर्मेन्धनानि जुह्वन्तः ॥ ३ ॥

ते हउं वंदउं सिद्धगण तानहं सिद्धगणान् वन्दे । ये कथंभूताः । अत्थ( च्छ ) हिं जे वि हवंत इदानीं तिष्ठन्ति ये भवन्तः सन्तः । किं कुर्वाणास्तिष्ठन्ति । परमसमाहिमहग्गियइँ कम्मिंधणइं हुणंत परमसमाध्यग्निना कर्मेन्धनानि होमयन्तः । अतो विशेषः । तद्यथा—तान् सिद्धसमूहानहं वन्दे वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानलक्षणपारमार्थिकसिद्धभक्त्या नमस्करोमि । ये किं-विशिष्टाः । इदानीं पञ्चमहाविदेहेषु भवन्तस्तिष्ठन्ति श्रीसीमन्धरस्वामिप्रभृतयः । किं कुर्वन्तस्तिष्ठन्ति । वीतरागपरमसामायिकभावनाविनाभूतनिर्दोषपरमात्मसम्यक्-श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिवैश्वानरे कर्मेन्धनाहुतिभिः कृत्वा होमं कुर्वन्त इति । अत्र शुद्धात्मद्रव्यस्योपादेयभूतस्य प्राप्त्युपायभूतत्वा-न्निर्विकल्पसमाधिरेवोपादेय इति भावार्थः ॥ ३ ॥

---

ત્યાર પછી પરમસમાધિરૂપ અગ્નિ વડે કર્મરૂપી ઇન્ધનનો હોમ કરતા થકા વર્ત-માન વર્તતા સિદ્ધોને હું નમસ્કાર કરું છું:-

### ગાથા—૩

**અન્વયાર્થ:**—[ तान् सिद्धगणान् अपि ] તે સિદ્ધ ગણોને પણ [ अहं ] હું [ वन्दे ] નમસ્કાર કરું છું [ ये ] કે જેઓ [ परमसमाधिमहाग्निना ] પરમસમાધિરૂપ મહા અગ્નિ વડે [ कर्मेन्धनानि ] કર્મરૂપી ઈન્ધનોને [ जुह्वन्तः ] દહતા થકા [ भवन्तः तिष्ठन्ति ] હાલ બિરાજે છે.

**ભાવાર્થ:**—તે સિદ્ધોને હું નમસ્કાર કરું છું. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન-જ્ઞાનરૂપ પારમાર્થિક સિદ્ધ ભક્તિથી હું નમસ્કાર કરું છું કે જેઓ હાલ પંચમહા-વિદેહક્ષેત્રમાં બિરાજે છે, જેમ કે શ્રી સીમંધર આદિ. શું કરતા થકા તેઓ બિરાજે છે? વીતરાગ પરમસામાયિક ભાવનાની સાથે અવિનાભાવી નિર્દોષ પરમાત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્આચરણરૂપ અભેદરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિરૂપ અગ્નિમાં કર્મરૂપી ઈન્ધનની આહુતિદ્વારા હોમ કરતા થકા તેઓ બિરાજે છે. અહીં ઉપાદેયભૂત શુદ્ધ આત્મદ્રવ્યની પ્રાપ્તિના ઉપાયરૂપ હોવાથી નિર્વિકલ્પ સમાધિ જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पूर्वकाले शुद्धात्मस्वरूपं प्राप्य स्वसंवेदनज्ञानबलेन कर्मक्षयं कृत्वा ये सिद्धा भूत्वा निर्वाणे वसन्ति तानहं वन्दे—

**४) ते पुणु वंदउँ सिद्ध-गण जे णिव्वाणि वसंति।**
**णाणिं तिहुयणि गरुया वि भव-सायरि ण पडंति ॥४॥**

तान् पुनः वन्दे सिद्धगणान् ये निर्वाणे वसन्ति।
ज्ञानेन त्रिभुवने गुरूका अपि भवसागरे न पतन्ति ॥ ४ ॥

ते पुणु वंदउं सिद्धगण तान् पुनर्वन्दे सिद्धगणान्। किंविशिष्टान्। जे णिव्वाणि वसंति ये निर्वाणे मोक्षपदे वसन्ति तिष्ठन्ति। पुनरपि कथंभूता ये। णाणिं तिहुयणि गरुया वि भवसायरि ण पडंति ज्ञानेन त्रिभुवन-गुरुका अपि भवसागरे न पतन्ति। अत ऊर्ध्वं विशेषः। तथाहि—तान् पुनर्वन्देऽहं सिद्धगणान् ये तीर्थंकरपरमदेवभरतराघवपाण्डवादयः पूर्वकाले वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानबलेन स्वशुद्धात्मस्वरूपं प्राप्य कर्मक्षयं कृत्वेदानीं निर्वाणे तिष्ठन्ति सदापि न संशयः। तानपि कथंभूतान्। लोकालोक-

---

હવે જેઓ પૂર્વકાલે શુદ્ધ આત્મસ્વરૂપ પામીને સ્વસંવેદનજ્ઞાનના બલથી કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થઇને નિર્વાણમાં વસે છે તેમને હું નમસ્કાર કરું છું:–

### ગાથા–૪

**અન્વયાર્થ:**—[ पुनः ] વળી [ तान् सिद्धगणान् ] તે સિદ્ધોને [ वन्दे ] હું નમસ્કાર કરું છું [ ये ] કે જેઓ [ निर्वाणे ] મોક્ષપદમાં [ वसन्ति ] બિરાજે છે અને [ ज्ञानेन ] જ્ઞાને કરીને [ त्रिभुवने गुरुकाः अपि ] ત્રણ લોકના ગુરુ હોવા છતાં પણ [ भवसागरे न पतन्ति ] ભવસાગરમાં પડતા નથી.

**ભાવાર્થ:**—હવે લોકાલોકના પ્રકાશક કેવલજ્ઞાનરૂપ સ્વસંવેદન વડે ત્રણ લોકના ગુરુ છે તે સિદ્ધોને હું ફરી નમસ્કાર કરું છું કે જે તીર્થંકર પરમદેવો, ભરત, રામચંદ્ર, પાંડવો આદિ પૂર્વકાલે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનના બલથી નિજ શુદ્ધ આત્મસ્વરૂપને પામીને કર્મનો ક્ષય કરી હાલ નિર્વાણમાં સદા કાલને માટે બિરાજી રહ્યા છે, એમાં કાંઈ શંકા નથી.

૧.............સ્વસ્વરૂપભૂત નિર્વાણપદમાં બિરાજે છે તે નિર્વાણપદ ઉપાદેય છે. ૪

---

૧ અહીંથી જે સંસ્કૃત ટીકાનો અર્થ સમજાણો નથી તેનો અર્થ લખ્યો નથી. સંસ્કૃત ટીકા અશુદ્ધ લાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रकाशककेवलज्ञानस्वसंवेदनत्रिभुवनगुरून्[1] । त्रैलोक्यालोकनपरमात्मस्वरूपनिश्चयव्यवहारपदपदार्थव्यवहारनयकेवलज्ञानप्रकाशेन समाहितस्वस्वरूपभूते निर्वाणपदे तिष्ठन्ति यतः ततस्तन्निर्वाणपदमुपादेयमिति तात्पर्यार्थः ॥ ४ ॥

अतः ऊर्ध्वं यद्यपि व्यवहारनयेन मुक्तिशिलायां तिष्ठन्ति शुद्धात्मनः हि सिद्धास्तथापि निश्चयनयेन शुद्धात्मस्वरूपे तिष्ठन्तीति कथयति—

५) ते पुणु वंदउँ सिद्ध–गण जे अप्पाणि वसंत ।
लोयालोउ वि सयलु इहु अच्छहिँ विमलु णियंत ॥५॥

तान् पुनर्वन्दे सिद्धगणान् ये आत्मनि वसन्तः ।
लोकालोकमपि सकलं इह तिष्ठन्ति विमलं पश्यन्तः ॥ ५ ॥

ते पुणु वंदउं सिद्धगण तान् पुनर्वन्दे सिद्धगणान् । जे अप्पाणि वसंत लोयालोउ वि सयलु इहु अत्थ ( च्छ ) हिं विमलु णियंत ये आत्मनि वसन्तो लोकालोकं सततस्वरूपपदार्थं निश्चयन्त इति । इदानीं विशेषः । तद्यथा—तान् पुनरहं वन्दे सिद्धगणान् सिद्धसमूहान् वन्दे कर्मक्षयनिमित्तम् । पुनरपि कथंभूतं सिद्धस्वरूपम् । चैतन्यानन्दस्वभावं लोकालोक-

---

ત્યાર પછી જો કે શુદ્ધ આત્માઓ સિદ્ધ ભગવંતો–વ્યવહારનયથી મુક્તિશિલા ઉપર બિરાજે છે. તો પણ શુદ્ધ નિશ્ચયનયથી પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં જ સ્થિત છે એમ કહે છેઃ—

## ગાથા–૫

**અન્વયાર્થઃ**—હું [ पुनः ] ફરી [ तान् सिद्ध गणान् ] તે સિદ્ધોને [ वन्दे ] નમસ્કાર કરું છું, [ ये ] કે જેઓ [ आत्मनि वसन्तः अपि ] નિશ્ચયનયથી પોતાના સ્વરૂપમાં રહેતા થકા પણ [ इह सकलं लोकालोकं अपि ] આ સમસ્ત લોકાલોકને [ विमलं ] નિર્મલ [ पश्यन्तः ] પ્રત્યક્ષ દેખતા થકા [ तिष्ठन्ति ] બિરાજે છે.

[2]**ભાવાર્થઃ**—હું કર્મના ક્ષય અર્થે ફરીને તે સિદ્ધોને નમસ્કાર કરું છું કે જેઓ નિશ્ચયનયથી પોતાના સ્વરૂપમાં સ્થિત છે અને વ્યવહારનયથી સર્વ લોકાલોકને

---

૧ પાઠાન્તરઃ—गुरून् त्रैलोक्या लोकनपरमात्मस्वरुपनिश्चयव्यवहारपदार्थव्यवहारनयकेवलज्ञानप्रकाशनगुरुकान् । लोकालोकनं परमात्मस्वरुपावलोकनं निश्चयेन पुद्गलादिपदार्थावलोकनं व्यवहारनयेन केवलज्ञानप्रकाशेन

૨ અહીં સંસ્કૃતટીકા અશુદ્ધ છે તેથી હિંદીના આધારે ભાવાર્થ લખ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्यापिसूक्ष्मपर्यायशुद्धस्वरूपं ज्ञानदर्शनोपयोगलक्षणम् । निश्चय एकीभूतव्यवहाराभावे स्वात्मनि अपि च सुखदुःखभावाभावयोरेकीकृत्य स्वसंवेद्यस्वरूपे स्वयत्ने तिष्ठन्ति । उपचरितासद्भूतव्यवहारे लोकालोकावलोकनं स्वसंवेद्यं प्रतिभाति, आत्मस्वरूपकैवल्यज्ञानोपशमं यथा पुरुषार्थपदार्थदृष्टोः भवति तेषां ब्राह्यवृत्तिनिमित्तमुत्पत्तिस्थूलसूक्ष्मपरपदार्थव्यवहारात्मानमेव जानन्ति । यदि निश्चयेन तिष्ठन्ति तर्हि परकीयसुखदुःखपरिज्ञाने सुखदुःखानुभवं प्राप्नोति, परकीयरागद्वेषहेतुपरिज्ञाने च रागद्वेषमयत्वं च प्राप्नोतीति महद्दूषणम् । अत्र यत् निश्चयेन स्वस्वरूपेऽवस्थानं भणितं तदेवोपादेयमिति भावार्थः ॥ ५ ॥

अथ निष्कलात्मानं सिद्धपरमेष्ठिनं नत्वेदानीं तस्य सिद्धस्वरूपस्य तत्प्राप्त्युपायस्य च प्रतिपाकं सकलात्मानं नमस्करोमि—

६) केवल-दंसण-णाणमय केवल-सुक्ख-सहाय ।
जिणवर वंदउँ भत्तियए जेहिँ पयासिय भाव ॥ ६ ॥

केवलदर्शनज्ञानमयान् केवलसुखस्वभावान् ।
जिनवरान् वन्दे भक्त्या यैः प्रकाशिता भावाः ॥ ६ ॥

---

નિઃસંદેહપણે પ્રત્યક્ષ દેખે છે પરંતુ પર પદાર્થોમાં તન્મય નથી, પોતાના સ્વરૂપમાં તન્મય છે. જો નિશ્ચયનયથી પરપદાર્થમાં તન્મય થઈને તેમને જાણે તો પરના સુખદુઃખનું જ્ઞાન થતાં પોતાને સુખદુઃખનો અનુભવ થાય અને પરકીય રાગદ્વેષ જાણવામાં આવતાં, પોતાને રાગદ્વેષમયપણું પ્રાપ્ત થાય એવો મહાન દોષ આવે.

અહીં જે નિશ્ચયથી સ્વસ્વરૂપમાં અવસ્થાન કહ્યું છે તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫.

હવે નિકલાત્મા ( અશરીરી એવા ) સિદ્ધ પરમેષ્ઠીને નમસ્કાર કરીને હાલ તે સિદ્ધ સ્વરૂપના અને તેની પ્રાપ્તિના ઉપાયના કહેનાર સકલાત્માને ( શ્રી અરિહંત ભગવાનને ) હું નમસ્કાર કરું છું :—

## ગાથા–૬

**અન્વયાર્થઃ—** [ केवलदर्शनज्ञानमयान् ] કેવલદર્શન અને કેવલજ્ઞાનમય, [ केवलसुखस्वभावान् ] કેવલસુખસ્વભાવવાળા [ जिनवरान् ] જિનવરોને [ भक्त्या ] ભક્તિથી [ वन्दे ] હું નમસ્કાર કરું છું [ यैः ] કે જેમણે [ भावाः ] જીવાજીવાદિ પદાર્થોને [ प्रकाशिताः ] પ્રકાશ્યા છે.

---

૧ પાઠાન્તરઃ—निश्चयन्त=निश्चयन्तस्तिष्ठति

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



केवलदर्शनज्ञानमयाः केवलसुखस्वभावा ये तान् जिनवरानहं वन्दे। कया। भक्त्या। यैः किं कृतम्। प्रकाशिता भावा जीवाजीवादिपदार्था इति। इतो विशेषः। केवलज्ञानाद्यनन्तचतुष्टयस्वरूपपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुभूतिरूपाभेदरत्नत्रयात्मकं सुखदुःखजीवितमरणलाभालाभशत्रुमित्रसमानभावनाविनाभूतवीतरागनिर्विकल्पसमाधिपूर्वं जिनोपदेशं लब्ध्वा पश्चादनन्तचतुष्टयस्वरूपा जाता ये। पुनश्च किं कृतम्। यैः अनुवादरूपेण जीवादिपदार्थाः प्रकाशिताः। विशेषेण तु कर्माभावे सति केवलज्ञानाद्यनन्तगुणस्वरूपलाभात्मको मोक्षः, शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मको मोक्षमार्गश्च, तानहं वन्दे। अत्रार्हद्गुणस्वरूपस्वशुद्धात्मस्वरूपमेवोपादेयमिति भावार्थः ॥ ६ ॥

अथानन्तरं भेदाभेदरत्नत्रयाराधकानाचार्योपाध्यायसाधून्नमस्करोमि—

७) जे परमप्पु णियंति मुणि परम-समाहि धरेवि।
परमाणंदह कारणिण तिण्ण वि ते वि णवेवि ॥ ७ ॥

ये परमात्मानं पश्यन्ति मुनयः परमसमाधिं धृत्वा।
परमानन्दस्य कारणेन त्रीनपि तानपि नत्वा ॥ ७ ॥

जे परमप्पु णियंति मुणि ये केचन परमात्मानं निर्गच्छन्ति स्वसंवेदनज्ञानेन जानन्ति मुनयस्तपोधनाः। किं कृत्वा पूर्वम्। परमसमाहि धरेवि

---

**ભાવાર્થ:**—કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયસ્વરૂપ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્અનુભૂતિરૂપ અભેદરત્નત્રયાત્મક એવો, સુખ-દુઃખ, જીવિત-મરણ, લાભ-અલાભ, શત્રુ-મિત્ર-બધા પ્રત્યે સમાન ભાવના હોવાની સાથે અવિનાભાવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિપૂર્વક જિનોપદેશ પામીને જેઓ અનંતચતુષ્ટયસ્વરૂપ થયા છે અને જેઓએ અનુવાદરૂપે જીવાદિ પદાર્થો પ્રકાશ્યા છે અને વિશેષપણે કર્મનો અભાવ થતાં કેવલજ્ઞાનાદિ અનંતગુણ સ્વરૂપની પ્રાપ્તિરૂપ જે મોક્ષ છે અને શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્અનુષ્ઠાનરૂપ અભેદ રત્નત્રયાત્મક જે મોક્ષમાર્ગ છે એવા મોક્ષ અને મોક્ષમાર્ગને જેમણે પ્રકાશ્યા છે તેમને હું નમસ્કાર કરું છું. અહીં અર્હંતગુણસ્વરૂપ જે સ્વશુદ્ધાત્મસ્વરૂપ છે તેજ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૬.

ત્યાર પછી ભેદાભેદરત્નત્રયના આરાધક આચાર્ય ઉપાધ્યાય અને સાધુને હું નમસ્કાર કરું છું:—

## ગાથા—૭

**અન્વયાર્થ:**-[ ये मुनयः ] જે કોઈ મુનિઓ -તપોધનો- [ परमसमाधिंधृत्वा ] રાગાદિ વિકલ્પ રહિત પરમસમાધિને ધારણ કરીને [ परमानंदस्य कारणेन ] નિર્વિકલ્પ સમાધિથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रागादिविकल्परहितं परमसमाधिं धृत्वा । केन कारणेन । परमाणंदह कारणिण निर्विकल्पसमाधिसमुत्पन्नसदानन्दपरमसमरसीभावसुखरसास्वादनिमित्तेन तिण्णि वि ते वि णवेवि त्रीनप्याचार्योपाध्यायसाधून् नत्वा नमस्कृत्येत्यर्थः । अतो विशेषः । अनुपचरितासद्भूतव्यवहारसंबन्धः द्रव्यकर्मनोकर्मरहितं तथैवाशुद्धनिश्चयसंबन्धः मतिज्ञानादिविभावगुणनरनारकादिविभावपर्यायरहितं यच्चिदानन्दैकस्वभावं शुद्धात्मतत्त्वं तदेव भूतार्थं परमार्थरूपसमयसारशब्दवाच्यं सर्वप्रकारोपादेयभूतं तस्माच्च यदन्यत्तद्धेयमिति । चलमलिनागाढरहितत्वेन निश्चयश्रद्धानबुद्धिः सम्यक्त्वं तत्राचरणं परिणमनं दर्शनाचारस्तत्रैव संशयविपर्यासानध्यवसायरहितत्वेन स्वसंवेदनज्ञानरूपेण ग्राहकबुद्धिः सम्यग्ज्ञानं तत्राचरणं परिणमनं ज्ञानाचारः, तत्रैव शुभाशुभसंकल्पविकल्परहितत्वेन नित्यानन्दमयसुखरसास्वादस्थिरानुभवनं च सम्यक्चारित्रं तत्राचरणं परिणमनं चारित्राचारः तत्रैव परद्रव्येच्छानिरोधेन सहजानन्दैकरूपेण प्रतपनं तपश्चरणं तत्राचरणं परिणमनं तपश्चरणाचारः, तत्रैव

---

ઉત્પન્ન સદા–આનંદરૂપ–પરમસમરસીભાવમય સુખરસના આસ્વાદ–અનુભવ–કરવામાટે [ परमात्मानं पश्यन्ति ] પરમાત્માને દેખે છે–પરમાત્માને સ્વસંવેદનજ્ઞાનવડે જાણે છે— [ तान्अपि–त्रिनअपि ] તે ત્રણેયને આચાર્ય, ઉપાધ્યાય, સાધુને–[ नत्वा ] નમસ્કાર કરીને.

ભાવાર્થઃ—( ૧ ) અનુપચરિત અસદ્દભૂત વ્યવહારથી જેનો સંબંધ છે એવાં દ્રવ્યકર્મ અને નોકર્મથી રહિત તેમ જ અશુદ્ધ નિશ્ચયનયથી જેનો સંબંધ છે એવા મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને નરનારકાદિ વિભાવપર્યાય રહિત ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવું જે શુદ્ધાત્મતત્ત્વ છે તે જ ભૂતાર્થ છે, પરમાર્થરૂપ 'સમયસાર' શબ્દથી વાચ્ય છે, સર્વ પ્રકારે ઉપાદેયભૂત છે અને તેનાથી જે અન્ય છે તે હેય છે. એવી ચલ, મલિન, અગાઢ રહિતપણે નિશ્ચયશ્રદ્ધાનબુદ્ધિ તે સમ્યક્ત્વ છે, તેમાં આચરણ પરિણમન તે દર્શનાચાર છે.

( ૨ ) તેમાં જ સંશય, વિપર્યાસ, અનધ્યવસાય રહિતપણે સ્વસંવેદનજ્ઞાનરૂપે ગ્રાહકબુદ્ધિ તે સમ્યક્જ્ઞાન છે, તેમાં આચરણ–પરિણમન–તે જ્ઞાનાચાર છે.

( ૩ ) તેમાં જ શુભાશુભ સંકલ્પવિકલ્પરહિતપણે નિત્યાનંદમય સુખરસના આસ્વાદરૂપ સ્થિર ( નિશ્ચલ ) અનુભવ તે સમ્યક્ ચારિત્ર છે, તેમાં આચરણ–પરિણમન તે ચારિત્રાચાર છે.

( ૪ ) તેમાં જ પરદ્રવ્યની ઇચ્છાના નિરોધ વડે એક ( કેવલ ) સહજાનંદરૂપે પ્રતપન તે તપશ્ચરણ છે, તેમાં આચરણ–પરિણમન–તે તપશ્ચરણાચાર છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धात्मस्वरूपे स्वशक्त्यनवगूहनेनाचरणं परिणमनं वीर्याचार इति निश्चयपञ्चाचाराः । निःशङ्काद्यष्टगुणभेदो बाह्यदर्शनाचारः, कालविनयाद्यष्टभेदो बाह्यज्ञानाचारः, पञ्चमहाव्रतपञ्चसमितित्रिगुप्तिनिर्ग्रन्थरूपो बाह्यचारित्राचारः, अनशनादिद्वादशभेदरूपो बाह्यतपश्चरणाचारः, बाह्यस्वशक्त्यनवगूहनरूपो बाह्यवीर्याचार इति । अयं तु व्यवहारपञ्चाचारः पारंपर्येण साधक इति । विशुद्धज्ञानदर्शनस्वभावशुद्धात्मतत्त्व-सम्यक्श्रद्धानज्ञानानुष्ठानबहिर्द्रव्येच्छानिवृत्तिरूपं तपश्चरणं स्वशक्त्यनवगूहनवीर्यरू-पाभेदपञ्चाचाररूपात्मकं शुद्धोपयोगभावनान्तर्भूतं वीतरागनिर्विकल्पसमाधिं स्वय-माचरन्त्यन्यानाचारयन्तीति भवन्त्याचार्यास्तानहं वन्दे । पञ्चास्तिकायषड्द्रव्य-सप्ततत्त्वनवपदार्थेषु मध्ये शुद्धजीवास्तिकायशुद्धजीवद्रव्यशुद्धजीवतत्त्वशुद्धजीवपदार्थसंज्ञं स्वशुद्धात्मभावमुपादेयं तस्माच्चान्यद्धेयं कथयन्ति, शुद्धात्मस्वभावसम्यक्श्रद्धानज्ञाना-नुचरणरूपाभेदरत्नत्रयात्मकं निश्चयमोक्षमार्गं च ये कथयन्ति ते भवन्त्युपाध्याया-

---

(૫) તેમાં જ શુદ્ધાત્મસ્વરૂપમાંજ સ્વશક્તિને ગોપવ્યા સિવાય આચરણ–પરિણમન–તે વીર્યાચાર છે.

એ પ્રમાણે નિશ્ચય પંચાચાર છે.

(૧) નિઃશંકાદિ અંગરૂપ આઠ ભેદ તે બાહ્ય દર્શનાચાર છે.

(૨) કાલ, વિનયાદિ આઠ ભેદ તે બાહ્ય જ્ઞાનાચાર છે.

(૩) પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, નિર્ગ્રંથરૂપ બાહ્ય ચારિત્રાચાર છે.

(૪) અનશનાદિ બાર ભેદરૂપ બાહ્ય તપશ્ચરણાચાર છે.

(૫) બાહ્ય સ્વશક્તિને ન ગોપવવારૂપ બાહ્ય વીર્યાચાર છે.

આ વ્યવહાર પંચાચાર પરંપરાએ મોક્ષના સાધક છે. વિશુદ્ધ જ્ઞાન, વિશુદ્ધ દર્શન જેનો સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ અનુષ્ઠાન તથા બાહ્યદ્રવ્યની ઇચ્છાની નિવૃત્તિરૂપ તપશ્ચરણ, સ્વશક્તિને ન ગોપવવારૂપ વીર્ય–એ રૂપ અભેદ પંચાચારાત્મક શુદ્ધોપયોગભાવનામાં અન્તર્ભૂત એવી વીતરાગનિર્વિકલ્પસમાધિને જેઓ સ્વયં આચરે છે અને અન્યોને આચરાવે છે તેઓ આચાર્યો છે તેમને હું નમસ્કાર કરું છું.

પંચાસ્તિકાય, છ દ્રવ્ય, સાતતત્ત્વ નવ પદાર્થો છે, તેમાં શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધ જીવદ્રવ્ય, શુદ્ધ જીવતત્ત્વ, શુદ્ધ જીવપદાર્થ એવા સંજ્ઞાધારક સ્વશુદ્ધાત્મભાવ ( સ્વશુદ્ધાત્મ-પદાર્થ ) ઉપાદેય છે તેનાથી જે અન્ય છે તે હેય છે, એવો ઉપદેશ જેઓ કરે છે અને શુદ્ધ આત્મસ્વભાવનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચરણરૂપ અભેદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्तानहं वन्दे । शुद्धबुद्धैकस्वभावशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणतपश्चरणरूपाभेदचतुर्विधनिश्चयाराधनात्मकवीतरागनिर्विकल्पसमाधिं ये साधयन्ति ते भवन्ति साधवस्तानहं वन्दे । अत्र य मेव ते समाचरन्ति कथयन्ति साधयन्ति च वीतरागनिर्विकल्पसमाधिं तमेवोपादेयभूतस्य स्वशुद्धात्मतत्त्वस्य साधकत्वादुपादेयं जानीहीति भावार्थः ॥ ७ ॥ इति प्रभाकरभट्टस्य पञ्चपरमेष्ठिनमस्कारकरणमुख्यत्वेन प्रथममहाधिकारमध्ये दोहकसूत्रसप्तकं गतम् ।

अथ प्रभाकरभट्टः पूर्वोक्तप्रकारेण पञ्चपरमेष्ठिनो नत्वा पुनरिदानीं श्रीयोगीन्द्रदेवान् विज्ञापयति—

**८) भावि पणविवि पंच-गुरु सिरि-जोइंदु-जिणाउ ।**
**भट्टपहायरि विण्णविउ विमलु करेविणु भाउ ॥ ८ ॥**

भावेन प्रणम्य पञ्चगुरून् श्रीयोगीन्दुजिनः ।
भट्टप्रभाकरेण विज्ञापितः विमलं कृत्वा भावम् ॥ ८ ॥

---

રત્નત્રયાત્મક નિશ્ચય મોક્ષમાર્ગને જેઓ કહે છે તેઓ ઉપાધ્યાયો છે, તેમને હું નમસ્કાર કરું છું.

શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ આચરણ, તપશ્ચરણરૂપ અભેદ ચતુર્વિધ નિશ્ચય-આરાધનાત્મક વીતરાગનિર્વિકલ્પસમાધિને જેઓ સાધે છે તેઓ સાધુ છે. તેમને હું નમસ્કાર કરું છું.

અહીં જે વીતરાગનિર્વિકલ્પસમાધિને તેઓ ( આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ ) આચરે છે, કહે છે અને સાધે છે તેજ વીતરાગનિર્વિકલ્પસમાધિ ઉપાદેયભૂત સ્વશુદ્ધાત્મતત્ત્વની સાધક હોવાથી ઉપાદેય જાણો એવો ભાવાર્થ છે. ૭.

આ પ્રમાણે પ્રભાકરભટ્ટના પંચપરમેષ્ઠીને નમસ્કારકરણની મુખ્યતાથી પ્રથમ મહાધિકારમાં સાત દોહક સૂત્રો સમાપ્ત થયાં.

## ઇતિ પીઠિકા

હવે પ્રભાકરભટ્ટ પૂર્વોક્ત પ્રકારે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને ફરી અહીં શ્રી યોગીન્દ્રદેવને વિનંતી કરે છેઃ-

## ગાથા-૮

**અન્વયાર્થઃ**—[ भावेन ] ભાવશુદ્ધિથી [ पंचगुरून् ] પંચપરમેષ્ઠીને [ प्रणम्य ] નમસ્કાર કરીને [ भट्ट प्रभाकरेण ] પ્રભાકરભટ્ટ [ भावं विमलं कृत्वा ] પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भाविं पणविवि पंचगुरु भावेन भावशुद्धया प्रणम्य । कान् । पञ्चगुरून् । पश्चात्किं कृतम् । सिरिजोइंदुजिणाउ भट्टपहायरि विण्णविउ विमलु करेविणु भाउ श्रीयोगीन्द्रदेवनामा भगवान् प्रभाकरभट्टेन कर्तृभूतेन विज्ञापितः विमलं कृत्वा भावं परिणाममिति । अत्र प्रभाकरभट्टः शुद्धात्मतत्त्वपरिज्ञानार्थं श्रीयोगीन्द्रदेवं भक्तिप्रकर्षेण विज्ञापितवानित्यर्थः ॥ ८ ॥

तद्यथा—

९) गउ संसारि वसंताहँ सामिय कालु अणंतु ।
पर मइँ किं पि ण पत्तु सुहु दुक्खु जि पत्तु महंतु ॥९॥

गतः संसारे वसतां स्वामिन् कालः अनन्तः ।
परं मया किमपि न प्राप्तं सुखं दुःखमेव प्राप्तं महत् ॥ ९ ॥

गउ संसारि वसंताहं सामिय कालु अणंतु गतः संसारे वसतां तिष्ठतां हे स्वामिन् । कोऽसौ । कालः । कियान् । अनन्तः । पर मइं किं पि ण पत्तु सुहु दुक्खु जि पत्तु महंतु परं किंतु मया किमपि न प्राप्तं सुखं दुःखमेव प्राप्तं महदिति । इतो विस्तरः । तथाहि—स्वशुद्धात्मभावना-

---

પરિણામને નિર્મળ કરીને [ श्री योगीन्दुजिनः ] શ્રી યોગીન્દ્રદેવ નામના ભગવાનને [ विज्ञापितः ] મહાભક્તિપૂર્વક વિનંતી કરે છે.

**ભાવાર્થ:**—અહીં પ્રભાકરભટ્ટ શુદ્ધ આત્મતત્ત્વને જાણવા માટે શ્રીયોગીન્દ્રદેવને મહાભક્તિપૂર્વક વિનંતી કરે છે. ૮.

તે વિનંતી આ પ્રમાણે છે:-

## ગાથા–૯

**અન્વયાર્થ:**—[ स्वामिन् ] હે સ્વામી! [ संसारे वसतां ] આ સંસારમાં રહેતા [ अनंतः कालः ] અનંતકાલ [ गतः ] ગયો [ परं ] પણ [ मया ] હું [ किमपि सुखं ] કાંઈપણ સુખ [ न प्राप्तं ] ન પામ્યો [ महत् दुखं एव ] મહા દુઃખ જ પામ્યો.

**ભાવાર્થ:**—સ્વશુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદમય સમરસીભાવરૂપ સુખામૃતથી વિપરીત નારકાદિના દુઃખરૂપ ક્ષારજલથી ( ખારા જલથી ) પૂર્ણ ( ભરપૂર ) અજર, અમર પદથી વિપરીત જન્મ, જરા, મરણરૂપ મકરાદિ જલચરસમૂહથી સંકીર્ણ અનાકુલત્વ જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી વિપરીત અનેક પ્રકારના માનસાદિ દુઃખરૂપ વડવાનલશિખાથી અંદરમાં પ્રજ્વલિત, વીતરાગ નિર્વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



समुत्पन्नवीतरागपरमानन्दसमरसीभावरूपसुखामृतविपरीतनारकादिदुःखरूपेण क्षारनीरेण पूर्णे अजरामरपदविपरीतजातिजरामरणरूपेण मकरादिजलचरसमूहेन संकीर्णे अनाकुलत्वलक्षणपारमार्थिकसुखविपरीतनानामानसादिदुःखरूपवडवानलशिखासंदीपिताभ्यन्तरे वीतरागनिर्विकल्पसमाधिविपरीतसंकल्पविकल्पजालरूपेण कल्लोलमालासमूहेन विराजिते संसारसागरे वसतां तिष्ठतां हे स्वामिन्ननन्तकालो गतः । कस्मात् । एकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्द्रियसंज्ञिपर्याप्तमनुष्यत्वदेशकुलरूपेन्द्रियपटुत्वनिर्व्याध्यायुष्कवरबुद्धिसद्धर्मश्रवणग्रहणधारणश्रद्धानसंयमविषयसुखव्यावर्तनक्रोधादिकषायनिवर्तनेषु परंपरया दुर्लभेषु । कथंभूतेषु । लब्धेष्वपि तपोभावनाधर्मेषु [1]शुद्धात्मभावनाधर्मेषु शुद्धात्मभावनालक्षणस्य वीतरागनिर्विकल्पसमाधिदुर्लभत्वात् । तदपि कथम् । वीतरागनिर्विकल्पसमाधिबोधिप्रतिपक्षभूतानां मिथ्यात्वविषयकषायादिविभावपरिणामानां प्रबलत्वादिति । सम्यग्दर्शनज्ञानचारित्राणामप्राप्तप्रापणं बोधिस्तेषामेव निर्विघ्नेन भवान्तरप्रापणं समाधिरिति बोधिसमाधिलक्षणं यथासंभवं सर्वत्र ज्ञातव्यम् । तथा चोक्तम्—" इत्यतिदुर्लभरूपां बोधिं लब्ध्वा यदि प्रमादी स्यात् । संसृतिभीमारण्ये भ्रमति वराको नरः सुचिरम् ॥ " परं किंतु

---

यः कोऽपि परमात्मा जीवितमरणलाभालाभसुखदुःखशत्रुमित्रादिसमभावपरिणतस्वशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपाभेदरत्नत्रयात्मक वीतरागनिर्विकल्पसमाधौ प्रतिष्ठितानां परमयोगिनां कश्चित् स्फुरति संवित्तिमायाति। किं कुर्वन्। वीतरागपरमानन्दंजनयन् स्फुटं निश्चितम्। तथा चोक्तम्—"आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः। जायते परमानन्दः कश्चिद्योगेन योगिनः॥" हे प्रभाकरभट्ट

---

હવે સમભાવમાં સ્થિત યોગીઓને પરમાનંદ ઉત્પન્ન કરતો જે કોઈ શુદ્ધ આત્મા સ્ફુરાયમાન થાય છે તેનું સ્વરૂપ કહે છેઃ—

ગાથા—૩૫

**અન્વયાર્થ**:— [ समभाव प्रतिष्ठितानां ] સમભાવમાં સ્થિત [ योगिनां ] યોગીઓને [ परमानंदं जनयन् ] પરમાનંદને ઉત્પન્ન કરતો [ यः कश्चित ] જે કોઈ [ स्फुरति ] સ્ફુરાયમાન થાય છે [ सः ] તે [ स्फुटं ] નિશ્ચયથી [ परमात्मा ] પરમાત્મા [ भवति ] છે.

**ભાવાર્થ**:—જીવિત-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ, શત્રુ-મિત્રાદિમાં સમભાવે પરિણત અને નિજ શુદ્ધ આત્માનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-અનુષ્ઠાનરૂપ અભેદ-રત્નત્રયાત્મક વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત પરમયોગીઓને વીતરાગ પરમાનંદને ઉત્પન્ન કરતો જે કોઈ પરમાત્મા સ્ફુરાયમાન થાય છે-જે કોઈ સંવેદનમાં આવે છે-તે હે પ્રભાકર ભટ્ટ! નિશ્ચયથી પરમાત્મા છે. ( ઇષ્ટોપદેશ ગાથા ૪૭માં ) કહ્યું પણ છે કે—

" आत्मानुष्ठाननिष्ठस्य व्यवहारबहिःस्थितेः ।
जायते परमानंदः कश्चिद्योगेन योगिनः ॥ "

**અર્થ**:—આત્માનુષ્ઠાનમાં નિષ્ઠ ( આત્મસ્વરૂપમાં સ્થિત થયેલા ) અને વ્યવહારથી બહાર ( દૂર ) રહેલા યોગીને યોગથી ( આત્મધ્યાનથી ) કોઇ અનિર્વચનીય પરમાનંદ

૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स एवंभूतः परमात्मा भवतीति । अत्र वीतरागनिर्विकल्पसमाधिरतानां स एवोपादेयः, तद्विपरीतानां हेय इति तात्पर्यार्थः ॥ ३५ ॥

अथ शुद्धात्मप्रतिपक्षभूतकर्मदेहप्रतिबद्धोऽप्यात्मा निश्चयनयेन सकलो न भवतीति ज्ञापयति—

**३६) कम्म–णिबद्ध वि जोइया देहि वसंतु वि जो जि ।**
**होइ ण सयलु कया वि फुडु मुणि परमप्पउ सो जि ॥ ३६ ॥**

कर्मनिबद्धोऽपि योगिन् देहे वसन्नपि य एव ।
भवति न सकलः कदापि स्फुटं मन्यस्व परमात्मानं तमेव ॥ ३६ ॥

कर्मनिबद्धोऽपि हे योगिन् देहे वसन्नपि य एव न भवति सकलः क्वापि काले स्फुटं मन्यस्व जानीहि परमात्मानं तमेवेति । अतो विशेषः—परमात्मभावनाविपक्षभूतैः रागद्वेषमोहैः समुपार्जितैः कर्मभिरशुद्धनयेन बद्धोऽपि तथैव देहस्थितोऽपि निश्चयनयेन सकलः सदेहो न भवति क्वापि तमेव परमात्मानं हे प्रभाकरभट्ट मन्यस्व जानीहि वीतरागस्वसंवेदनज्ञानेन भावयेत्यर्थः । अत्र सदैव परमात्मा वीतरागनिर्विकल्पसमाधिरतानामुपादेयो भवत्यन्येषां हेय

---

ઉત્પન્ન થાય છે.

અહીં વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત થયેલાઓને તે જ પરમાત્મા ઉપાદેય છે; અને તેમનાથી વિપરીત છે તેમને (વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત નથી તેમને) તે હેય છે એવો તાત્પર્યાર્થ છે. ૩૫.

હવે શુદ્ધ આત્માથી પ્રતિપક્ષભૂત કર્મ અને દેહથી પ્રતિબદ્ધ હોવા છતાં પણ આત્મા નિશ્ચયથી દેહરૂપ થતો નથી એમ કહે છેઃ—

### ગાથા—૩૬

**અન્વયાર્થઃ**—[ योगीन ] હે યોગી! [ कर्मनिबद्धः अपि ] કર્મથી બંધાયેલો હોવા છતાં અને [ देहे वसन् अपि ] દેહમાં રહેવા છતાં પણ [ यः एव ] જે [ कदापि ] કોઈ કાલે [ सकलः ] શરીરરૂપ [ न भवति ] થતો નથી [ तं एव परमात्मानं ] તે તું પરમાત્માને જ [ स्फुटं ] નિશ્ચયથી [ जानीहि ] જાણ.

**ભાવાર્થઃ**—અશુદ્ધનયથી પરમાત્માની ભાવનાથી વિપક્ષભૂત રાગદ્વેષમોહથી ઉપાર્જિત કર્મોથી બંધાયેલો હોવા છતાં પણ, તેમ જ દેહમાં રહેવા છતાં પણ, નિશ્ચયથી જે ક્યારેય દેહરૂપ થતો નથી તે પરમાત્માને જ હે પ્રભાકરભટ્ટ! તું જાણ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इति भावार्थः ॥ ३६ ॥

यः परमार्थेन देहकर्मरहितोऽपि मूढात्मनां सकल इति प्रतिभातीत्येवं निरूपयति—

३७) जा परमत्थेँ णिक्कलु वि कम्म–विभिण्णउ जो जि ।
मूढा सयलु भणंति फुडु मुणि परमप्पउ सो जि ॥३७॥

यः परमार्थेन निष्कलोऽपि कर्मविभिन्नो य एव ।
मूढाः सकलं भणन्ति स्फुटं मन्यस्व परमात्मानं तमेव ॥ ३७ ॥

यः परमार्थेन निष्कलोऽपि देहरहितोऽपि कर्मविभिन्नोऽपि य एव भेदाभेदरत्नत्रयभावनारहिता मूढात्मानस्तमात्मानं सकलमिति भणन्ति स्फुटं निश्चितं हे प्रभाकरभट्ट तमेव परमात्मानं मन्यस्व जानीहीति, वीतरागसदानन्दैकसमाधौ स्थित्वानुभवेत्यर्थः । अत्र स एव परमात्मा शुद्धात्मसंवित्तिप्रतिपक्षभूतमिथ्यात्वरागादिनिवृत्तिकाले सम्यगुपादेयो भवति तदभावे हेय इति तात्पर्यार्थः ॥ ३७ ॥

---

વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી ભાવ એવો અર્થ છે.

અત્રે નિર્વિકલ્પ સમાધિમાં જેઓ રત છે તેમને સદાય તે પરમાત્મા ઉપાદેય છે, પરંતુ અન્યોને હેય છે એવો ભાવાર્થ છે. ૩૬.

આત્મા પરમાર્થથી દેહ અને કર્મથી રહિત હોવા છતાં પણ મૂઢ આત્માઓને “ શરીરરૂપ ” પ્રતિભાસે છે એમ કહે છેઃ—

## ગાથા–૩૭

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ परमार्थेन ] પરમાર્થથી [ निष्कलः ] શરીર રહિત છે [ अपि ] અને [ यः एव ] જે [ कर्मविभिन्नः ] કર્મોથી ભિન્ન છે તો પણ તે આત્માને [ मूढाः ] ભેદાભેદરત્નત્રયની ભાવનાથી રહિત મૂઢ આત્માઓ [ सकलं ] શરીરરૂપ કહે છે, [ तं एव परमात्मानं ] તે પરમાત્મા ને જ હે પ્રભાકર ભટ્ટ ! તું [ स्फुटं ] નિશ્ચયથી [ मन्यस्व ] જાણ અર્થાત્ એક ( કેવલ ) વીતરાગ સદાનંદરૂપ સમાધિમાં સ્થિર થઈને અનુભવ.

**ભાવાર્થઃ**—અહીં શુદ્ધ આત્માના સંવેદનથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ–રાગાદિની નિવૃત્તિના કાલે તે જ પરમાત્મા સમ્યક્ ઉપાદેય છે અને તેના ( મિથ્યાત્વ–રાગાદિની નિવૃત્તિના ) અભાવમાં હેય છે. ૩૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथानन्ताकाशैकनक्षत्रमिव यस्य केवलज्ञाने त्रिभुवनं प्रतिभाति स परमात्मा भवतीति कथयति—

३८) गयणि अणंति वि एक्क उडु जेहउ भुयणु विहाइ ।
मुक्कहँ जसु पए बिंबियउ सो परमप्पु अणाइ ॥३८॥

गगने अनन्तेऽपि एकमुडु यथा भुवनं विभाति ।
मुक्तस्य यस्य पदे बिम्बितं स परमात्मा अनादि ॥ ३८ ॥

गगने अनन्तेऽप्येकनक्षत्रं यथा तथा भुवनं जगत् प्रतिभाति । क्व प्रतिभाति । मुक्तस्य यस्य पदे केवलज्ञाने बिम्बितं प्रतिफलितं दर्पणे बिम्बमिव । स एवंभूतः परमात्मा भवतीति । अत्र यस्यैव केवलज्ञाने नक्षत्रमेकमिव लोकः प्रतिभाति स एव रागादिसमस्तविकल्परहितानामुपादेयो भवतीति भावार्थः ॥३८॥

अथ योगीन्द्रवृन्दैर्यो निरवधिज्ञानमयो निर्विकल्पसमाधिकाले ध्येयरूपश्चिन्त्यते तं परमात्मानमाह—

३९) जोइय-विंदहिँ णाणमउ जो झाइज्जइ झेउ ।
मोक्खहँ कारणि अणवरउ सो परमप्पउ देउ ॥ ३९ ॥

---

હવે જેના કેવલજ્ઞાનમાં અનંત આકાશમાં એક જ નક્ષત્રની સમાન ત્રણ ભુવન પ્રતિભાસે છે તે પરમાત્મા છે એમ કહે છેઃ—

## ગાથા–૩૮

**અન્વયાર્થ**:—[ यथा अनन्ते अपि गगने ] અનંત આકાશમાં [ एकं उडु ] એક નક્ષત્ર જેવી રીતે (જરાક જેટલું) પ્રતિભાસે છે તેવી રીતે [यस्यमुक्तस्यपदे] જે મુક્ત જીવના પદમાં–કેવલજ્ઞાનમાં–[ भुवनं ] ત્રણ લોક [ बिम्बितं ] દર્પણમાં બિંબની જેમ પ્રતિબિંબિત [ विभाति ] પ્રતિભાસે છે [ सः ] તે [ अनादिः ] અનાદિ [ परमात्मा ] પરમાત્મા છે.

**ભાવાર્થ**:—અહીં જેના કેવલજ્ઞાનમાં એકજ નક્ષત્રની સમાન લોક પ્રતિભાસે છે તે જ પરમાત્મા રાગાદિ સમસ્ત વિકલ્પ રહિત યોગીઓને ઉપાદેય છે. ૩૮.

હવે યોગીશ્વરો નિર્વિકલ્પ સમાધિકાલે નિરવધિ જ્ઞાનમય જેને ધ્યેયરૂપ ચિંતવે છે તે પરમાત્માને કહે છેઃ—

## ગાથા–૩૯

**અન્વયાર્થ**:—[ योगीन्द्रवृन्दैः ] શુદ્ધાત્માની વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત યોગીશ્વરો [ ज्ञानमयः ] કેવલજ્ઞાનથી રચાયેલ [ यः ] જેને [ मोक्षस्य कारणे ] મોક્ષને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



योगिवृन्दैः ज्ञानमयः यो ध्यायते ध्येयः ।
मोक्षस्य कारणे अनवरतं स परमात्मा देवः ॥ ३९ ॥

योगीन्द्रवृन्दैः शुद्धात्मवीतरागनिर्विकल्पसमाधिरतैः ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः यः कर्मतापन्नो ध्यायते ध्येयो ध्येयरूपोऽपि । किमर्थं ध्यायते । मोक्षकारणे मोक्षनिमित्ते अनवरतं निरन्तरं स एव परमात्मा देवः परमाराध्य इति । अत्र य एव परमात्मा मुनिवृन्दानां ध्येयरूपो भणितः स एवशुद्धात्मसंवित्तिप्रतिपक्षभूतार्तरौद्रध्यानरहितानामुपादेय इति भावार्थः ॥ ३९ ॥

अथ योऽयं शुद्धबुद्धैकस्वभावो जीवो ज्ञानावरणादिकर्महेतुं लब्ध्वा त्रसस्थावररूपं जगज्जनयति स एव परमात्मा भवति नान्यः कोऽपि जगत्कर्ता ब्रह्मादिरिति प्रतिपादयति—

**४०) जो जिउ हेउ लहेवि विहि जगु बहु-विहउ जणेइ ।**
**लिंगत्तय-परिमंडियउ सो परमप्पु हवेइ ॥ ४० ॥**

यो जीवः हेतुं लब्ध्वा विधिं जगत् बहुविधं जनयति ।
लिङ्गत्रयपरिमण्डितः स परमात्मा भवति ॥ ४० ॥

---

અર્થ [ ध्येयः ] ધ્યેયરૂપ [ अनवरतं ] નિરંતર [ ध्यायते ] ધ્યાવે છે [ सः ] તે જ [ परमात्मा देवः ] પરમાત્મા દેવ છે કે જે પરમ આરાધ્ય છે.

**ભાવાર્થ:**—અહીં જે પરમાત્મા મુનિઓને ધ્યેયરૂપ કહ્યો છે તે જ શુદ્ધાત્માના સંવેદનથી પ્રતિપક્ષભૂત એવા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી રહિત ધ્યાનીને ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૩૯.

હવે શુદ્ધ-બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવો આ જીવ, જ્ઞાનાવરણાદિ કર્મનું નિમિત્ત પામીને ત્રસ-સ્થાવરરૂપ જગતને ઉત્પન્ન કરે છે તે જ પરમાત્મા છે, બીજો કોઈ જગત્કર્તા બ્રહ્માદિ પરમાત્મા નથી એમ કહે છે:—

ગાથા—૪૦

**અન્વયાર્થ:**—[ यः जीवः ] જે જીવ [ विधिं हेतुं लब्ध्वा ] જ્ઞાનાવરણાદિ કર્મરૂપ કારણને પામીને [ बहुविधं जगत् जनयति ] અનેક પ્રકારના ત્રસસ્થાવરરૂપ-જગતને ઉત્પન્ન કરે છે ( અર્થાત્ કર્મના નિમિત્તથી ત્રસસ્થાવરરૂપ અનેક જન્મ ધરે છે ) [ सः ] તે જ [ लिंग त्रयपरिमंडितः ] પુલિંગ, સ્ત્રીલિંગ, નપુંસકલિંગ એ ત્રણ લિંગ સહિત થયો થકો ( શુદ્ધનિશ્ચયનયથી ) પરમાત્મા [ भवति ] છે, બીજો કોઈપણ જગત્કર્તા હરિહરાદિ પરમાત્મા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यो जीवः कर्ता हेतुं लब्ध्वा। किम्। विधिसंज्ञं ज्ञानावरणादिकर्म। पश्चाज्जङ्गमस्थावररूपं जगज्जनयति स एव लिङ्गत्रयमण्डितः सन् परमात्मा भण्यते न चान्यः कोऽपि जगत्कर्ता हरिहरादिरिति। तद्यथा। योऽसौ पूर्वं बहुधा शुद्धात्मा भणितः स एव शुद्धद्रव्यार्थिकनयेन शुद्धोऽपि सन् अनादिसंतानागतज्ञानावरणादिकर्मबन्धप्रच्छादितत्वाद्वीतरागनिर्विकल्पसहजानन्दैकसुखास्वादमलभमानो व्यवहारनयेन त्रसो भवति, स्थावरो भवति, स्त्रीपुंनपुंसकलिङ्गो भवति, तेन कारणेन जगत्कर्ता भण्यते, नान्यः कोऽपि परकल्पितपरमात्मेति। अत्रायमेव शुद्धात्मा परमात्मोपलब्धिप्रतिपक्षभूतवेदत्रयोदयजनितं रागादिविकल्पजालं निर्विकल्पसमाधिना यदा विनाशयति तदोपादेयभूतमोक्षसुखसाधकत्वादुपादेय इतिभावार्थः ॥ ४० ॥

अथ यस्य परमात्मनः केवलज्ञानप्रकाशमध्ये जगद्वसति जगन्मध्ये सोऽपि वसति तथापि तद्रूपो न भवतीति [1]कथयति—

**४१) जसु अब्भंतरि जगु वसइ जग-अब्भंतरि जो जि।**
**जगि जि वसंतु वि जगु जि ण वि मुणि परमप्पउ सो जि ॥४१॥**

ભાવાર્થઃ—પૂર્વે અનેક પ્રકારે જે શુદ્ધ આત્મા કહેવામાં આવ્યો છે તે જ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શુદ્ધ હોવા છતાં પણ અનાદિથી સંતાનરૂપે ચાલ્યા આવતા જ્ઞાનાવરણાદિ કર્મબંધથી ઢંકાયેલો હોવાથી વીતરાગનિર્વિકલ્પ સહજાનંદરૂપ એક ( કેવલ ) સુખાસ્વાદને નહિ પામતો થકો, વ્યવહારનયથી ત્રસ થાય છે, સ્થાવર થાય છે, તથા સ્ત્રી–પુરુષ કે નપુંસકલિંગરૂપ થાય છે, તે કારણે તેને જગતનો કર્તા કહેવામાં આવે છે, એ સિવાય પરકલ્પિત ( બીજાઓએ કલ્પેલ ) બીજો કોઈ પરમાત્મા જગત્કર્તા નથી.

અહીં આ જ શુદ્ધ આત્મા, નિર્વિકલ્પ સમાધિ વડે પરમાત્માની પ્રાપ્તિથી પ્રતિપક્ષભૂત ત્રણ પ્રકારના વેદોદય જનિત રાગાદિ વિકલ્પની જાળનો જ્યારે નાશ કરે છે ત્યારે (આ જ શુદ્ધાત્મા) ઉપાદેયભૂત મોક્ષસુખનો સાધક હોવાથી ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૦

હવે જે પરમાત્માના કેવલજ્ઞાનરૂપ પ્રકાશમાં જગત રહે છે અને તે પરમાત્મા પણ જગતમાં રહે છે તો પણ તે તે-રૂપ ( જગતરૂપ ) થતો નથી એમ કહે છેઃ–

## ગાથા–૪૧

અન્વયાર્થઃ—[ **यस्य अभ्यन्तरे** ] જેના કેવલજ્ઞાનમાં [ **जगत्** ] જ્ઞેયરૂપ ત્રણ લોક [ **वसति** ] રહે છે અને [ **यः एव** ] તે જ્ઞાયક ભગવાન પણ [ **जगति एव** ]

[1] પાઠાન્તરઃ—**कथयति=कथयन्ति**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यस्य अभ्यन्तरे जगत् वसति जगदभ्यन्तरे य एव ।
जगति एव वसन्नपि जगत एव नापि मन्यस्व परमात्मानं तमेव ॥ ४१ ॥

यस्य केवलज्ञानस्याभ्यन्तरे जगत् त्रिभुवनं ज्ञेयभूतं वसति जगतोऽभ्यन्तरे योऽसौ ज्ञायको भगवानपि वसति, जगति वसन्नेव रूपविषये चक्षुरिव निश्चयनयेन तन्मयो न भवति मन्यस्व जानीहि हे प्रभाकरभट्ट, तमित्थंभूतं परमात्मानं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः । अत्र योऽसौ केवलज्ञानादिव्यक्तिरूपस्य कार्यसमयसारस्य वीतरागस्वसंवेदनकाले मुक्तिकारणं भवति स एवोपादेय इति भावार्थः ॥ ४१ ॥

अथ देहे वसन्तमपि हरिहरादयः परमसमाधेरभावादेव यं न जानन्ति स परमात्मा भवतीति कथयन्ति—

**४२) देहि वसंत वि हरि-हर वि जं अज्ज वि ण मुणंति ।**
**परम-समाहि-तवेण विणु सो परमप्पु भणंति ॥ ४२ ॥**

देहे वसन्तमपि हरिहरा अपि यम् अद्यापि न जानन्ति ।
परमसमाधितपसा विना तं परमात्मानं भणन्ति ॥ ४२ ॥

---

જગતમાં [ वसन् अपि ] રહે છે તો પણ, [ जगत एव न अपि ] જેવી રીતે ચક્ષુ રૂપી પદાર્થને દેખે છે તો પણ તે-રૂપ થતી નથી તેવી રીતે, નિશ્ચયનયથી તે તે-રૂપ ( જગતરૂપ ) થતો નથી [ तं एव परमात्मानं ] તે પરમાત્માને હે પ્રભાકરભટ્ટ! તું [ मन्यस्व ] જાણ, અર્થાત્ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઇને ભાવ.

**ભાવાર્થ:**—અહીં જે ( શુદ્ધ આત્મા ) કેવલજ્ઞાનાદિની વ્યક્તિરૂપ કાર્યસમયસારરૂપ મુક્તિનું વીતરાગસ્વસંવેદન કાલમાં કારણ થાય છે તે જ ઉપાદેય છે. ૪૧.

હવે, દેહમાં રહેલો હોવા છતાં પણ, પરમ સમાધિના અભાવને કારણે હરિ-હર વગેરે પણ જેને જાણતા નથી-તે પરમાત્મા છે એમ કહે છે—

## ગાથા—૪૨

**અન્વયાર્થ**—[ देहे वसन् अपि ] દેહમાં રહેલા હોવા છતાં પણ [ यं ] જેને [ परमसमाधितपसा विना ] પરમ સમાધિભૂત તપ વિના [ हरिहराः अपि ] હરિ, હર જેવા પ્રસિદ્ધ પુરુષો પણ [ अद्यापि ] આજ સુધી [ न जानन्ति ] જાણતા નથી [ तं ] તેને [ परमात्मानं भणंति ] વીતરાગ સર્વજ્ઞદેવો પરમાત્મા કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमात्मस्वभावविलक्षणे देहे अनुपचरितासद्भूतव्यवहारनयेन वसन्तमपि हरिहरा अपि यमद्यापि न जानन्ति । केन विना । वीतरागनिर्विकल्पनित्यानन्दैकसुखामृतरसास्वादरूपपरमसमाधितपसा । तं परमात्मानं भणन्ति वीतरागसर्वज्ञा इति । किं च । पूर्वभवे कोऽपि जीवो भेदाभेदरत्नत्रयाराधनां कृत्वा विशिष्टपुण्यबन्धं च कृत्वा पश्चादज्ञानभावेन निदानबन्धं च करोति तदनन्तरं स्वर्गे गत्वा पुनर्मनुष्यो भूत्वा त्रिखण्डाधिपतिर्वासुदेवा भवति । अन्यः कोऽपि जिनदीक्षां गृहीत्वाप्यत्रैव भवे विशिष्टसमाधिबलेन पुण्यबन्धं कृत्वा पश्चात्पूर्वकृतचारित्रमोहोदयेन विषयासक्तो भूत्वा रुद्रो भवति । कथं ते परमात्मस्वरूपं न जानन्ति इति पूर्वपक्षः । तत्र परिहारं ददाति । युक्तमुक्तं भवता, यद्यपि रत्नत्रयाराधनां कृतवन्तस्तथापि यादृशेन वीतरागनिर्विकल्परत्नत्रयस्वरूपेण तद्भवे मोक्षो भवति तादृशं न जानन्तीति । अत्र यमेव शुद्धात्मानं साक्षादुपादेयभूतं तद्भवमोक्षसाधकाराधनासमर्थं च ते हरिहरादयो न जानन्तीति स एवोपादेयो भवतीति भावार्थः ॥ ४२ ॥

---

ભાવાર્થઃ—અનુપચરિત અસદ્ભુતવ્યવહારનયથી પરમાત્મસ્વભાવથી વિલક્ષણ એવા દેહમાં રહેલા હોવા છતાં જેને એક ( કેવલ ) નિત્યાનંદરૂપ સુખામૃતના રસાસ્વાદરૂપ વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ તપ વિના હરિ-હર જેવા પણ હજુ સુધી જાણતા નથી તેને વીતરાગસર્વજ્ઞ દેવો પરમાત્મા કહે છે.

પૂર્વપક્ષઃ—પૂર્વભવમાં કોઇ જીવ ભેદાભેદરત્નત્રયની આરાધના કરીને અને વિશિષ્ટ પુણ્યબંધ કરીને પછી અજ્ઞાનભાવથી નિદાનબંધ કરે છે, ત્યાર પછી તે સ્વર્ગમાં જઇને ફરી મનુષ્ય થઇને ત્રણ ખંડનો અધિપતિ એવો વાસુદેવ થાય છે; બીજો કોઇ જીવ જિનદીક્ષા ગ્રહીને પણ આ જ ભવમાં વિશિષ્ટ સમાધિના બલથી પુણ્યબંધ કરીને પછી પૂર્વકૃત ચારિત્રમોહના ઉદયથી વિષયાસક્ત થઇને રુદ્ર થાય છે; તો પછી તેઓ પરમાત્મસ્વરૂપને નથી જાણતા-એમ કેમ કહો છો ?

તેનું સમાધાનઃ—તમારું કહેવું યોગ્ય છે. જો કે તે હરિ, હર જેવા પ્રસિદ્ધ પુરુષોએ પૂર્વે રત્નત્રયની આરાધના કરેલી છે તોપણ, જેવા વીતરાગ નિર્વિકલ્પ રત્નત્રયસ્વરૂપથી તે જ ભવે મોક્ષ થાય તેવા પ્રકારે તેઓ પરમાત્મસ્વરૂપને જાણતા નથી.

અહીં સાક્ષાત્ ઉપાદેયભૂત અને તે જ ભવે મોક્ષની સાધક એવી આરાધનામાં સમર્થ એવા જે શુદ્ધ આત્માને તે હરિ-હરાદિ જાણતા નથી તે જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथोत्पादव्ययपर्यायार्थिकनयेन संयुक्तोऽपि यः द्रव्यार्थिकनयेन उत्पादव्ययरहितः स एव परमात्मा निर्विकल्पसमाधिबलेन जिनवरैर्देहेऽपि दृष्ट इति निरूपयति—

४३) भावाभावहिँ संजुवउ भावाभावहिँ जो जि ।
देहि जि दिट्ठउ जिणवरहिँ मुणि परमप्पउ सो जि ॥ ४३ ॥

भावाभावाभ्यां संयुक्तः भावाभावाभ्यां य एव ।
देहे एव दृष्टः जिनवरैः मन्यस्व परमात्मानं तमेव ॥ ४३ ॥

भावाभावाभ्यां संयुक्तः पर्यायार्थिकनयेनोत्पादव्ययाभ्यां परिणतः, द्रव्यार्थिकनयेन भावाभावयोः रहितः य एव वीतरागनिर्विकल्पसदानन्दैकसमाधिना तद्भवमोक्षसाधकाराधनासमर्थेन जिनवरैर्देहेऽपि दृष्टः तमेव परमात्मानं मन्यस्व जानीहि वीतरागपरमसमाधिबलेनानुभवेत्यर्थः । अत्र य एव परमात्मा कृष्णनीलकापोतलेश्यास्वरूपादिसमस्तविभावरहितेन शुद्धात्मोपलब्धिध्यानेन जिनवरैर्देहेऽपि दृष्टः

---

હવે જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદવ્યયથી સંયુક્ત હોવા છતાં પણ દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદવ્યયથી રહિત છે તે જ પરમાત્માને જિનવરે નિર્વિકલ્પ સમાધિના બલથી દેહમાં પણ દેખ્યો છે એમ કહે છેઃ—

ગાથા—૪૩

**અન્વયાર્થઃ**— [ यः एव ] જે [ भावाभावाभ्यां संयुक्तः ] ભાવાભાવથી સંયુક્ત છે, [ भावाभावाभ्यां ] ભાવાભાવથી રહિત છે અને જેને [ जिनवरैः ] જિનવરે [ देहे एव ] દેહમાં પણ [ दृष्टः ] દેખ્યો છે [ तं एव परमात्मानं ] તે પરમાત્માને જ [ मन्यस्व ] તું પરમાત્મા જાણ.

**ભાવાર્થઃ**—જે પર્યાયાર્થિકનયથી ઉત્પાદવ્યયરૂપે ( ભાવાભાવ રૂપે ) પરિણત છે ( પરિણમેલો છે ), દ્રવ્યાર્થિકનયથી ભાવાભાવથી ( ઉત્પાદવ્યયથી ) રહિત છે અને તે જ ભવે મોક્ષની સાધક એવી આરાધનામાં સમર્થ એવી એક (કેવલ) વીતરાગ નિર્વિકલ્પ સદાનંદરૂપ સમાધિ વડે જિનવરે દેહમાં પણ જેને દેખ્યો છે તે પરમાત્માને જ તું જાણ અર્થાત્ વીતરાગ પરમ સમાધિના બલથી અનુભવ.

**ભાવાર્થઃ**—અહીં જે પરમાત્માને કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યાસ્વરૂપઆદિ સમસ્ત વિભાવથી રહિત શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ ધ્યાનવડે જિનવરે દેહમાં પણ દેખ્યો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स एव साक्षादुपादेय इति तात्पर्यार्थः ॥ ४३ ॥

अथ येन देहे वसता पञ्चेन्द्रियग्रामो वसति गतेनोद्वसो भवति स एव परमात्मा भवतीति कथयति—

४४) देहि वसंतेँ जेण पर इंदिय-गामु वसेइ ।
उव्वसु होइ गएण फुडु सो परमप्पु हवेइ ॥ ४४ ॥

देहे वसता येन परं इन्द्रियग्रामः वसति ।
उद्वसो भवति गतेन स्फुटं स परमात्मा भवति ॥ ४४ ॥

देहे वसता येन परं नियमेनेन्द्रियग्रामो वसति येनात्मना निश्चयेनातीन्द्रियस्वरूपेणापि व्यवहारनयेन शुद्धात्मविपरीते देहे वसता स्पर्शनादीन्द्रिग्रामो वसति, स्वसंविच्यभावे स्वकीयविषये प्रवर्तत इत्यर्थः । उद्वसो भवति गतेन स एवेन्द्रियग्रामो यस्मिन् भवान्तरगते सत्युद्वसो भवति स्वकीयविषयव्यापाररहितो भवति स्फुटं निश्चितं स एवंलक्षणश्चिदानन्दैकस्वभावः परमात्मा भवतीति ।

---

છે તે જ ઉપાદેય છે ૪૩.

હવે દેહમાં જેના રહેવાથી પાંચ ઇન્દ્રિયરૂપ ગામ વસે છે અને જેના જવાથી પાંચ ઇન્દ્રિયરૂપ ગામ ઉજ્જડ થાય છે, તે જ પરમાત્મા છે એમ કહે છેઃ—

## ગાથા–૪૪

અન્વયાર્થઃ—[ देहे येन वसता ] દેહમાં જેના રહેવાથી [ परं ] નિયમથી [ इन्द्रियग्रामः ] ઇન્દ્રિય-ગામ [ वसति ] વસે છે અને [ गतेन ] જેના ચાલ્યા જવાથી [ उद्वसः भवतिः ] તે ઇન્દ્રિય-ગામ ઉજ્જડ થઈ જાય છે [ सः ] તે [ स्फुटं ] નિશ્ચયથી [ परमात्मा भवति ] પરમાત્મા છે.

ભાવાર્થઃ—દેહમાં જે રહેતાં નિયમથી ઇન્દ્રિયગામ વસે છે-નિશ્ચયનયથી અતીન્દ્રિય સ્વરૂપી હોવા છતાં પણ જે આત્મા વ્યવહારનયથી શુદ્ધ આત્માથી વિપરીત દેહમાં રહેતાં, સ્પર્શનાદિ ઇન્દ્રિયગામ વસે છે અર્થાત્ સ્વસંવેદનના અભાવમાં તે ઇન્દ્રિયો ( સ્પર્શનાદિ ) પોતપોતાના વિષયમાં પ્રવર્તે છે અને જે ભવાન્તરમાં જતાં તે ઇન્દ્રિયગામ ઉજ્જડ થાય છે અર્થાત્ તે પોતપોતાના વિષયના વ્યાપારથી રહિત થાય છે, તે નિશ્ચયથી ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવો પરમાત્મા છે.

અહીં જે અતીન્દ્રિય સુખના આસ્વાદરૂપ સમાધિમાં રત થયેલાઓને મુક્તિનું કારણ છે તે જ ( તે પરમાત્મા જ ) સર્વ પ્રકારે ઉપાદેયભૂત અતીન્દ્રિય સુખનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्र य एवातीन्द्रियसुखास्वादसमाधिरतानां मुक्तिकारणं भवति स एव सर्वप्रकारोपादेयातीन्द्रियसुखसाधकत्वादुपादेय इति भावार्थः ॥ ४४ ॥

अथ यः पञ्चेन्द्रियैः पञ्चविषयान् जानाति स च तैर्न ज्ञायते स परमात्मा भवतीति निरूपयति—

४५) जो णिय-करणहिँ पंचहिँ वि पंच वि विसय मुणेइ ।
मुणिउ ण पंचहिँ पंचहिँ वि सो परमप्पु हवेइ ॥ ४५ ॥

यः निजकरणैः पञ्चभिरपि पञ्चापि विषयान् जानाति ।
ज्ञातः न पञ्चभिः पञ्चभिरपि स परमात्मा भवति ॥ ४५ ॥

यो निजकरणैः पञ्चभिरपि पञ्चापि विषयान् मनुते जानाति । तद्यथा । यः कर्ता शुद्धनिश्चयनयेनातीन्द्रियज्ञानमयोऽपि अनादिबन्धवशात् असद्भूतव्यवहारेणेन्द्रियमयशरीरं गृहीत्वा स्वयमर्थान् ग्रहीतुमसमर्थत्वात्पञ्चेन्द्रियैः कृत्वा पञ्चविषयान् जानाति, इन्द्रियज्ञानेन परिणमतीत्यर्थः । पुनश्च कथंभूतः । मुणिउ ण पंचहिं पंचहिं वि सो परमप्पु हवेइ मतो न ज्ञातो न पञ्चभिरिन्द्रियैः पञ्चभिरपि स्पर्शादिविषयैः । तथाहि—वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानविषयोऽपि पञ्चेन्द्रियैश्च न ज्ञात इत्यर्थः । स एवंलक्षणः परमात्मा भवतीति । अत्र य एव पञ्चेन्द्रिय-

---

સાધક હોવાથી ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૪

હવે જે પાંચ ઇન્દ્રિયોવડે પાંચ વિષયોને જાણે છે પણ જે તેમના વડે ( પાંચ ઇન્દ્રિયો અને પાંચ વિષયો વડે ) જણાતો નથી તે પરમાત્મા છે એમ કહે છેઃ—

## ગાથા–૪૫

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ पंचभिः अपि निज करणैः ] પોતાની પાંચ ઇન્દ્રિયો વડે [ पंच अपि विषयान् ] પાંચ વિષયોને [ जानाति ] જાણે છે અને જે [ पंचभिः पंचभिः अपि ] પાંચ ઇન્દ્રિયો અને પાંચ વિષયો વડે [ न ज्ञातः ] જણાતો નથી [ सः ] તે [ परमात्मा भवति ] પરમાત્મા છે.

**ભાવાર્થઃ**—જે પોતાની પાંચ ઇન્દ્રિયો વડે પાંચ વિષયોને જાણે છે, જે શુદ્ધ નિશ્ચયનયથી અતીન્દ્રિય જ્ઞાનમય હોવા છતાં પણ અનાદિબંધના વશે અસદ્ભૂત વ્યવહારથી ઇન્દ્રિયમય શરીર ગ્રહીને, સ્વયં અર્થોને જાણવાને અસમર્થ હોવાથી પાંચ ઇન્દ્રિયો દ્વારા પાંચ વિષયોને જાણે છે અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનરૂપે પરિણમે છે, અને જે પાંચ ઇન્દ્રિયો અને પાંચ સ્પર્શાદિ વિષયોથી જણાતો નથી અર્થાત્ વીતરાગ નિર્વિકલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विषयसुखास्वादविपरीतेन वीतरागनिर्विकल्पपरमानन्दसमरसीभावसुखरसास्वादपरिणतेन समाधिना ज्ञायते स एवात्मोपादानसिद्धमित्यादिविशेषणविशिष्टस्योपादेयभूतस्यातीन्द्रियसुखस्य साधकत्वादुपादेय इति भावार्थः ॥ ४५ ॥

अथ यस्य परमार्थेन बन्धसंसारौ न भवतस्तमात्मानं व्यवहारं मुक्त्वा जानीहि इति कथयति—

४६) जसु परमत्थे बंधु णवि जोइय ण वि संसारु ।
सो परमप्पउ जाणि तुहुँ मणि मिल्लिवि ववहारु ॥ ४६ ॥

यस्य परमार्थेन बन्धो नैव योगिन् नापि संसारः ।
तं परमात्मानं जानीहि त्वं मनसि मुक्त्वा व्यवहारम् ॥ ४६ ॥

जसु परमत्थें बंधु णवि जोइय ण वि संसारु यस्य परमार्थेन बन्धो नैव हे योगिन् नापि संसारः । तद्यथा—यस्य चिदानन्दैकस्वभावशुद्धात्मनस्तद्विलक्षणो द्रव्यक्षेत्रकालभवभावरूपः परमागमप्रसिद्धः पञ्चप्रकारः संसारो नास्ति,

---

સ્વસંવેદનજ્ઞાનનો વિષય હોવા છતાં પાંચ ઇન્દ્રિયોથી ( અને પાંચ વિષયોથી ) જણાતો નથી તે પરમાત્મા છે.

અહીં પંચેન્દ્રિયવિષયના સુખના આસ્વાદથી વિપરીત વીતરાગ નિર્વિકલ્પ પરમાનંદરૂપ સમરસીભાવમય સુખરસના આસ્વાદરૂપે પરિણત સમાધિ વડે જે પરમાત્મા જણાય છે તે જ "[१]આત્મોપાદાનથી સિદ્ધ" ઇત્યાદિ વિશેષણથી વિશિષ્ટ, ઉપાદેયભૂત અતીન્દ્રિય સુખનો સાધક હોવાથી ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૫

હવે જેને પરમાર્થથી બંધ અને સંસાર નથી એવા આત્માને વ્યવહાર છોડીને જાણ એમ કહે છેઃ—

## ગાથા–૪૬

**અન્વયાર્થઃ**—[ योगिन् ] હે યોગી ! [ यस्य ] જેને [ परमार्थेन ] પરમાર્થથી [ बंध न एव ] બંધ નથી અને [ संसार न अपि ] સંસાર પણ નથી [ तं परमात्मानं जानीहि ] તે પરમાત્માને [ त्वं ] તું [मनसि व्यवहारं मुक्त्वा] મનમાંથી વ્યવહાર છોડીને [ जानीहि ] જાણ.

**ભાવાર્થઃ**—હે યોગી ! જેને પરમાર્થથી બંધ પણ નથી અને સંસાર પણ નથી-ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્માથી વિલક્ષણ અને પરમાગમ પ્રસિદ્ધ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, અને ભાવરૂપ પાંચ પ્રકારનો સંસાર જેને નથી,

---

૧ આ શ્લોક બીજા અધિકારમાં ગાથા–૭ની ટીકામાં આવેલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इत्थंभूतसंसारस्य कारणभूतप्रकृतिस्थित्यनुभागप्रदेशभेदभिन्नकेवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपमोक्षपदार्थाद्विलक्षणो बन्धोऽपि नास्ति, सो परमप्पउ जाणि तुहुं मणि मिल्लहिं ववहारु तमेवेत्थंभूतक्षणं परमात्मानं मनसि व्यवहारं मुक्त्वा जानीहि, वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः। अत्र य एव शुद्धात्मानुभूतिविलक्षणेन संसारेण बन्धनेन च रहितः स एवानाकुलत्वलक्षणसर्वप्रकारोपादेयभूतमोक्षसुखसाधकत्वादुपादेय इति तात्पर्यार्थः ॥ ४६ ॥

अथ यस्य परमात्मनो ज्ञानं बल्लीवत् ज्ञेयास्तित्वाभावेन निवर्तते न च शक्त्यभावेनेति कथयति—

४७) णेयाभावे विल्लि जिम थक्कइ णाणु वलेवि।
मुक्कहँ जसु पय बिंबियउ परम-सहाउ भणेवि ॥ ४७ ॥

ज्ञेयाभावे वल्ली यथा तिष्ठति ज्ञानं वलित्वा।
मुक्तानां यस्य पदे बिम्बितं परमस्वभावं भणित्वा ॥ ४७ ॥

---

તેમજ આ પ્રકારના સંસારના (પંચવિધ) કારણરૂપ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, અને પ્રદેશના ભેદથી ભિન્ન એવા કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યક્તિરૂપ મોક્ષપદાર્થથી વિલક્ષણ એવો બંધ પણ જેને નથી તે પરમાત્માને મનમાંથી વ્યવહાર છોડીને જાણ અર્થાત્ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને ભાવ.

અહીં શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ એવા સંસાર અને બંધથી જે રહિત છે તે જ, અનાકુલતા જેનું લક્ષણ છે એવા સર્વ પ્રકારે ઉપાદેયભૂત મોક્ષસુખનો સાધક હોવાથી, ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૪૬

હવે વેલની જેમ તે પરમાત્માનું જ્ઞાન (અન્ય) જ્ઞેયના અસ્તિત્વના અભાવથી અટકી જાય છે પણ શક્તિનાં અભાવથી નહિ એમ કહે છેઃ—

ગાથા—૪૭

અન્વયાર્થઃ— [ यथा वल्ली ] જેવી રીતે વેલ (મંડપનો આધાર નહિ મળવાથી) આગળ ફેલાતી અટકી જાય છે તેવી રીતે [ मुक्तानां ज्ञानं ] મુક્ત આત્માઓનું જ્ઞાન [ ज्ञेयाभावे] જ્ઞેયનું અવલંબન નહિ મળવાથી (જાણવાની શક્તિ હોવા છતાં) [वलित्वा तिष्ठति ] અટકી જાય છે, [ यस्य पदे ] જે ભગવાન પરમાત્માના કેવળજ્ઞાનમાં [ परम स्वभावं ] સર્વને જાણવારૂપ પોતાનો ઉત્કૃષ્ટ સ્વભાવ [ बिंबितं ] પ્રતિભાસિત થઈ રહ્યો છે અર્થાત્ [1]સર્વાકાર જ્ઞાનની પરિણતિ છે એમ [भणित्वा] જાણીને જ્ઞાનનું આરાધન કરો.

---

૧. આ ગાથાની સંસ્કૃત ટીકાનો અર્થ નહિ સમજાતો હોવાથી અન્વયાર્થ હિંદીના આધારે કર્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णेयाभावे विल्लि जिम थक्कइ णाणु वलेवि ज्ञेयाभावे वल्ली यथा तथा ज्ञानं तिष्ठति व्यावृत्येति। यथा मण्डपाद्यभावे वल्ली व्यावृत्य तिष्ठति तथा ज्ञेयावलम्बनाभावे ज्ञानं व्यावृत्य तिष्ठति न च ज्ञातृत्वशक्त्यभावेनेत्यर्थः। कस्य संबन्धि ज्ञानम्। मुक्कहं मुक्तात्मनां ज्ञानम्। कथंभूतम्। जसु पय बिंबियउ यस्य भगवतः पदे परमात्मस्वरूपे बिम्बितं प्रतिफलितं तदाकारेण परिणतम्। कस्मात्। परमसहाउ भणेवि परमस्वभाव इति भणित्वा मत्वा ज्ञात्वैवेत्यर्थः। अत्र यस्येत्थंभूतं ज्ञानं सिद्धसुखस्योपादेयस्याविनाभूतं स एव शुद्धात्मोपादेय इति भावार्थः ॥ ४७ ॥

अथ यस्य कर्माणि यद्यपि सुखदुःखादिकं जनयन्ति तथापि स न जनितो न हृत इत्यभिप्रायं मनसि धृत्वा सूत्रं कथयति—

४८) कम्महिँ जासु जणंतहिँ वि णिउ णिउ कज्जु सया वि।
किं पि ण जणियउ हरिउ णवि सो परमप्पउ भावि ॥ ४८ ॥

कर्मभिः यस्य जनयद्भिरपि निजनिजकार्यं सदापि।
किमपि न जनितो हृतः नैव तं परमात्मानं भावय ॥ ४८ ॥

---

**ભાવાર્થ:**—જેવી રીતે વેલ મંડપ વગેરેના અભાવમાં આગળ ફેલાતી અટકી જાય છે તેવી રીતે મુક્ત આત્માઓનું જ્ઞાન જ્ઞેયના અવલંબનના અભાવમાં અટકી જાય છે, પણ જ્ઞાતૃત્વશક્તિના અભાવથી નહિ એવો અર્થ છે. જે ભગવાનના પરમાત્મસ્વરૂપમાં જ્ઞાન બિંબિત થઈ રહ્યું છે, તદાકારે પરિણમી રહ્યું છે; શા કારણે? પરમસ્વભાવને જાણીને.

અહીં જેનું આવું જ્ઞાન ઉપાદેયભૂત સિદ્ધસુખની સાથે અવિનાભાવી છે તે જ શુદ્ધાત્મા ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૪૭.

હવે કર્મો જોકે તેને સુખદુઃખાદિક ઉપજાવે છે તો પણ તે પરમાત્મા ( તેનાથી ) ઉત્પન્ન કરાતો નથી, કે નાશ કરાતો નથી એવો અભિપ્રાય મનમાં રાખીને સૂત્ર કહે છેઃ—

## ગાથા–૪૮

**અન્વયાર્થ:**— [ **सदा अपि** ] હંમેશાં [ **निजनिजकार्यं जनयद्भिः अपि कर्मभिः** ] નિજ નિજ કાર્યને ઉત્પન્ન કરતા કર્મો વડે [ **यस्य** ] જેનું [ **किं अपि** ] કાંઈ પણ [ **न जनितः नैव हृतः** ] ઉત્પન્ન કરાતું નથી કે નાશ કરાતું નથી [ **तं** ] તે [ **परमात्मानं भावय** ] પરમાત્માને તું ભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्मभिर्यस्य जनयद्भिरपि । किम् । निजनिजकार्यं सदापि तथापि किमपि न जनितो हृतश्च नैव तं परमात्मानं भावयत । यद्यपि व्यवहारनयेन शुद्धात्मस्वरूपप्रतिबन्धकानि कर्माणि सुखदुःखादिकं निजनिजकार्यं जनयन्ति तथापि शुद्धनिश्चयनयेन अनन्तज्ञानादिस्वरूपं न हृतं न विनाशितं न चाभिनवं जनितमुत्पादितं किमपि यस्यात्मनस्तं परमात्मानं वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा भावयेत्यर्थः । अत्र यदेव कर्मभिर्न हृतं न चोत्पादितं चिदानन्दैकस्वरूपं तदेवोपादेयमिति तात्पर्यार्थः ॥ ४८ ॥

अथ यः कर्मनिबद्धोऽपि कर्मरूपो न भवति कर्मापि तद्रूपं न संभवति तं परमात्मानं भावयेति कथयति—

४९) कम्म-णिबद्धु वि होइ णवि जो फुडु कम्मु कया वि ।
कम्मु वि जो ण कया वि फुडु सो परमप्पउ भावि ॥ ४९ ॥

कर्मनिबद्धोऽपि भवति नैव यः स्फुटं कर्म कदापि ।
कर्मापि यो न कदापि स्फुटं तं परमात्मानं भावय ॥ ४९ ॥

---

ભાવાર્થ:—જો કે વ્યવહારનયથી શુદ્ધાત્મસ્વરૂપના પ્રતિબંધક કર્મો સુખ-દુઃખાદિક પોતપોતાનાં કાર્યને ઉત્પન્ન કરે છે તો પણ શુદ્ધ નિશ્ચયનયથી જે આત્માનું અનંતજ્ઞાનાદિ સ્વરૂપ જરા પણ વિનાશ પામતું નથી કે નવું ઉત્પન્ન થતું નથી તે પરમાત્માને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને ભાવ એવો અર્થ છે.

અહીં જે એક (કેવલ) ચિદાનંદસ્વરૂપ કર્મોથી હણાતું નથી તેમજ ઉત્પન્ન કરાતું નથી તે જ ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૪૮

હવે જે કર્મથી બંધાયો હોવા છતાં પણ કર્મરૂપ થતો નથી અને કર્મ પણ તે રૂપ થતું નથી તે પરમાત્માને ભાવ એમ કહે છેઃ—

## ગાથા—૪૯

અન્વયાર્થ:—[ यः ] જે [ कर्मनिबद्धः अपि ] કર્મથી બંધાયેલો હોવા છતાં પણ [ स्फुटं ] નિશ્ચયથી [ कदापि ] કદીપણ [ कर्म न एव भवति ] કર્મરૂપ થતો નથી અને [ कर्म अपि ] કર્મ પણ [ स्फुटं ] નિશ્ચયથી [ कदापि ] કદી પણ [ यः न ] જે-રૂપ ( આત્મારૂપ ) થતુ નથી [ तं परमात्मानं भावय ] તે પરમાત્માને તું ભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कम्मणिबद्धु वि होइ णवि जो फुडु कम्मु कया वि कर्मनिबद्धोऽपि भवति नैव यः स्फुटं निश्चितम् । किं न भवति । कर्म कदाचिदपि । तथाहि— यः कर्ता शुद्धात्मोपलम्भाभावेनोपार्जितेन ज्ञानावरणादिशुभाशुभकर्मणा व्यवहारेण बद्धोऽपि शुद्धनिश्चयेन कर्मरूपो न भवति । केवलज्ञानाद्यनन्तगुणस्वरूपं त्यक्त्वा कर्मरूपेण न परिणमतीत्यर्थः पुनश्च किंविशिष्टः । कम्मु वि जो ण कया वि फुडु कर्मापि यो न कदापि स्फुटं निश्चितम् । तद्यथा—ज्ञानावरणादिद्रव्य-भावरूपं कर्मापि कर्तृभूतं यः परमात्मा न भवति स्वकीयकर्मपुद्गलस्वरूपं विहाय परमात्मरूपेण न परिणमतीत्यर्थः । सो परमप्पउ भावि तमेवंलक्षणं परमात्मानं भावय । देहरागादिपरिणतिरूपं बहिरात्मानं मुक्त्वा शुद्धात्मपरिणतिभावनारूपेऽन्तरात्मनि स्थित्वा सर्वप्रकारोपादेयभूतं विशुद्धज्ञानदर्शनस्वभावं परमात्मानं भावयेति भावार्थः ॥४९॥ एवं त्रिविधात्मप्रतिपादकप्रथममहाधिकारमध्ये यथा निर्मलो ज्ञानमयो व्यक्तिरूपः शुद्धात्मा सिद्धौ तिष्ठति, तथाभूतः शुद्धनिश्चयेन शक्ति-रूपेण देहेऽपि तिष्ठतीति व्याख्यानमुख्यत्वेन चतुर्विंशतिसूत्राणि गतानि ॥

अत उर्ध्वं स्वदेहप्रमाणव्याख्यानमुख्यत्वेन षट्सूत्राणि कथयन्ति । तद्यथा—

---

**ભાવાર્થ**:—જે કર્મથી બંધાયેલ હોવા છતાં નિશ્ચયથી કદીપણ કર્મરૂપ થતો નથી, જે શુદ્ધાત્માની પ્રાપ્તિના અભાવથી ઉપાર્જિત જ્ઞાનાવરણાદિ શુભાશુભ કર્મથી વ્યવહારે બંધાયેલો હોવા છતાં પણ શુદ્ધ નિશ્ચયનયથી કર્મરૂપ થતો નથી અર્થાત્ કેવળજ્ઞાનાદિ અનંત ગુણસ્વરૂપ છોડીને કર્મરૂપ પરિણમતો નથી અને કર્મ પણ નિશ્ચયથી કદી પણ જે-રૂપ થતું નથી, તે આ પ્રમાણેઃ—જ્ઞાનાવરણાદિ દ્રવ્ય-ભાવરૂપ કર્મ પણ કર્તા થઈને પરમાત્મારૂપ થતું નથી અર્થાત્ સ્વકીય કર્મપુદ્‌ગલસ્વરૂપ છોડીને પરમાત્મારૂપે પરિણમતું નથી, તે પરમાત્માને તું ભાવ.

દેહ-રાગાદિ પરિણતિરૂપ બહિરાત્માને છોડીને, શુદ્ધાત્મ પરિણતિની ભાવનારૂપ અન્તરાત્મામાં સ્થિત થઈને, સર્વપ્રકારે ઉપાદેયભૂત વિશુદ્ધજ્ઞાન અને વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્માને તું ભાવ એવો ભાવાર્થ છે. ૪૯.

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં, જેવો નિર્મલ જ્ઞાનમય વ્યક્તિરૂપે શુદ્ધ આત્મા સિદ્ધમાં બિરાજે છે તેવો જ શુદ્ધ આત્મા શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે દેહમાં પણ બિરાજે છે એવા વ્યાખ્યાનની મુખ્યતાથી ચોવીસ સૂત્રો સમાપ્ત થયાં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



५०) कि वि भणंति जिउ सव्वगउ जिउ जडु के वि भणंति।
कि वि भणंति जिउ देह-समु सुण्णु वि के वि भणंति ॥५०॥

केऽपि भणन्ति जीवं सर्वगतं जीवं जडं केऽपि भणन्ति ।
केऽपि भणन्ति जीवं देहसमं शून्यमपि केऽपि भणन्ति ॥ ५० ॥

केऽपि भणन्ति जीवं सर्वगतं, जीवं केऽपि जडं भणन्ति, केऽपि भणन्ति जीवं देहसमं, शून्यमपि केऽपि वदन्ति । तथाहि—केचन सांख्यनैयायिकमीमांसकाः सर्वगतं जीवं वदन्ति । सांख्याः पुनर्जडमपि कथयन्ति । जैनाः पुनर्देहप्रमाणं वदन्ति । बौद्धाश्च शून्यं वदन्तीति । एवं प्रश्नचतुष्टयं कृतमिति भावार्थः ॥ ५० ॥

अथ वक्ष्यमाणनयविभागेन प्रश्नचतुष्टयस्याप्यभ्युपगमं स्वीकारं करोति—

५१) अप्पा जोइय सव्व-गउ अप्पा जडु वि वियाणि ।
अप्पा देह-पमाणु मुणि अप्पा सुण्णु वियाणि ॥ ५१ ॥

आत्मा योगिन् सर्वगतः आत्मा जडोऽपि विजानीहि ।
आत्मानं देहप्रमाणं मन्यस्व आत्मानं शून्यं विजानीहि ॥ ५१ ॥

---

ત્યાર પછી ( આત્મા ) પોતાના દેહ જેવડો છે એવા કથનની મુખ્યતાથી છ સૂત્રો કહે છે. તે આ પ્રમાણેઃ—

## ગાથા–૫૦

**અન્વયાર્થઃ**—[ केऽपि ] કોઈ–નૈયાયિક, વેદાન્ત અને મીમાંસક દર્શનવાળા–[ जीवं ] જીવને [ सर्वगतं ] સર્વવ્યાપક [ भणंति ] કહે છે, વળી [ केऽपि ] કોઈ–સાંખ્ય–[ जीवं ] જીવને [ जडं ] જડ કહે છે, [ केऽपि ] કોઈ જૈનો–[ जीवं ] જીવને [ देहसमं ] દેહપ્રમાણ [ भणन्ति ] કહે છે અને [ केऽपि ]કોઈ–બૌદ્ધો–[ शून्यं अपि ] જીવને શૂન્ય પણ [ भणन्ति ] કહે છે.

**ભાવાર્થઃ**—( આત્મા કેવો છે તે સમજવા માટે ) એ પ્રમાણે શિષ્યે ચાર પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે. ૫૦

હવે આગળ કહેવામાં આવતા નયવિભાગથી ચાર પ્રશ્નો અભ્યુપગમ–સ્વીકાર કરે છેઃ–

૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा हे योगिन् सर्वगतोऽपि भवति, आत्मानं जडमपि विजानीहि, आत्मानं देहप्रमाणं मन्यस्व, आत्मानं शून्यमपि जानीहि । तद्यथा । हे प्रभाकरभट्ट वक्ष्यमाणविवक्षितनयविभागेन परमात्मा सर्वगतो भवति, जडोऽपि भवति, देहप्रमाणोऽपि भवति, शून्योऽपि भवति नापि दोष इति भावार्थः ॥ ५१ ॥

अथ कर्मरहितात्मा केवलज्ञानेन लोकालोकं जानाति तेन कारणेन सर्वगतो भवतीति प्रतिपादयति—

५२ ) अप्पा कम्म-विवज्जियउ केवल-णाणेँ जेण ।
लोयालोउ वि मुणइ जिय सव्वगु वुच्चइ तेण ॥ ५२ ॥

आत्मा कर्मविवर्जितः केवलज्ञानेन येन ।
लोकालोकमपि मनुते जीव सर्वगः उच्यते तेन ॥ ५२ ॥

आत्मा कर्मविवर्जितः सन् केवलज्ञानेन करणभूतेन येन कारणेन लोकालोकं मनुते जानाति हे जीव सर्वगत उच्यते तेन कारणेन । तथाहि—अयमात्मा

---

ગાથા—૫૧

**અન્વયાર્થ:**—[ हे योगिन् ] હે યોગી ! [ आत्मा ] આત્મા [ सर्वगतः ] સર્વગત પણ છે, [ आत्मा ] આત્મા [ जडः अपि ] જડ પણ છે એમ તું [ विजानीहि ] જાણ, તું [ आत्मानं ] આત્માને [ देह प्रमाणं ] દેહપ્રમાણ પણ [ मन्यस्व ] જાણ અને [आत्मानं] આત્માને [ शून्यं अपि ] શૂન્ય પણ [ विजानीहि ] જાણ. (નયવિભાગથી માનવામાં કોઈ દોષ નથી. )

**ભાવાર્થ:**—હે પ્રભાકર ભટ્ટ ! આગળ કહેવામાં આવતા વિવક્ષિત નય વિભાગની અપેક્ષાએ પરમાત્મા સર્વગત પણ છે, જડ પણ છે, દેહપ્રમાણ પણ છે, શૂન્ય પણ છે, ( નયવિભાગ અનુસારે તેમ માનવામાં ) કોઈ દોષ નથી. ૫૧.

હવે કર્મ રહિત આત્મા કેવલજ્ઞાન વડે લોકાલોકને જાણે છે તે કારણે ‘સર્વગત’ છે એમ પ્રતિપાદન કરે છે:—

ગાથા—૫૨

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ ! [ कर्मविवर्जितः आत्मा ] કર્મથી રહિત થયો થકો આત્મા [ येन ] જે કારણે [केवलज्ञानेन] કેવલજ્ઞાન વડે [ लोकालोकंअपि ] લોકાલોકને [ मनुते ] જાણે છે [ तेन ] તે કારણે [ सर्वगः उच्यते ] તે ‘સર્વગત’ કહેવામાં આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्यवहारेण केवलज्ञानेन लोकालोकं जानाति, देहमध्ये स्थितोऽपि निश्चयनयेन स्वात्मानं जानाति, तेन कारणेन व्यवहारनयेन ज्ञानापेक्षया रूपविषये दृष्टिवत्सर्वगतो भवति न च प्रदेशापेक्षयेति । कश्चिदाह । यदि व्यवहारेण लोकालोकं जानाति तर्हि व्यवहारनयेन सर्वज्ञत्वं, न च निश्चयनयेनेति । परिहारमाह—यथा स्वकीयमात्मानं तन्मयत्वेन जानाति तथा परद्रव्यं तन्मयत्वेन न जानाति तेन कारणेन व्यवहारो भण्यते न च परिज्ञानाभावात् । यदि पुनर्निश्चयेन स्वद्रव्यवत्तन्मयो भूत्वा परद्रव्यं जानाति तर्हि परकीयसुखदुःखरागद्वेषपरिज्ञाने सुखी दुःखी रागी द्वेषी च स्यादिति महद्दूषणं प्राप्नोतीति । अत्र येनैव ज्ञानेन व्यापको भण्यते तदेवोपादेयस्यानन्तसुखस्याभिन्नत्वादुपादेयमित्यभिप्रायः ॥ ५२ ॥

अथ येन कारणेन निजबोधं लब्ध्वात्मन इन्द्रियज्ञानं [१]नास्ति तेन कारणेन जडो भवतीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं कथयति—

---

**ભાવાર્થ:**—આ આત્મા વ્યવહારનયથી કેવલજ્ઞાન વડે લોકાલોકને જાણે છે, દેહમાં રહેવા છતાં પણ નિશ્ચયનયથી પોતાના આત્માને જાણે છે તે કારણે નેત્રવત્ (જેવી રીતે વ્યવહારનયથી રૂપના વિષયને દેખવાથી નેત્ર 'પદાર્થગત' છે પણ તે પદાર્થોમાં જતું નથી તેવી રીતે,) વ્યવહારનયથી જ્ઞાન–અપેક્ષાએ આત્મા 'સર્વગત' છે પણ પ્રદેશની અપેક્ષાએ નહિ.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો આત્મા વ્યવહારનયથી લોકાલોકને જાણે છે તો વ્યવહારનયથી સર્વજ્ઞપણું ઠર્યું પણ નિશ્ચયનયથી નહિ ?

**તેનો પરિહાર:**—જેવી રીતે આત્મા તન્મય થઈને પોતાના આત્માને જાણે છે તેવી રીતે પરદ્રવ્યમાં તન્મય થઈને તેમને જાણતો નથી તે કારણે વ્યવહાર કહેવામાં આવે છે પણ જ્ઞાનના અભાવથી નહિ (પણ સર્વજ્ઞપણાનો અભાવ છે માટે વ્યવહાર કહેવામાં આવે છે એમ નથી.)

વળી જો આત્મા નિશ્ચયનયથી, સ્વદ્રવ્યની જેમ પરદ્રવ્યમાં તન્મય થઈને તેમને જાણે તો બીજાનાં સુખદુઃખ, રાગદ્વેષ જાણવામાં આવતાં, પોતે સુખીદુઃખી અને રાગીદ્વેષી થાય એવો મહાન દોષ આવે.

અહીં જે જ્ઞાનથી વ્યાપક કહેવામાં આવે છે તે જ્ઞાન જ ઉપાદેયભૂત અનંત સુખથી અભિન્ન હોવાથી ઉપાદેય છે એવો અભિપ્રાય છે. ૫૨.

---

૧. પાઠાન્તર : **नास्ति=नश्यति**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**५३) जे णिय-बोह-परिट्ठियहँ जीवहँ तुट्टइ णाणु ।**
**इंदिय-जणियउ जोइया तिं जिउ जडु वि वियाणु ॥५३॥**

येन निजबोधप्रतिष्ठितानां जीवानां त्रुट्यति ज्ञानम् ।
इन्द्रियजनितं योगिन् तेन जीवं जडमपि विजानीहि ॥ ५३ ॥

येन कारणेन निजबोधप्रतिष्ठितानां जीवानां त्रुट्यति विनश्यति । किं कर्तृ । ज्ञानम् । कथंभूतम् । इन्द्रियजनितं हे योगिन् तेन कारणेन जीवं जडमपि विजानीहि । तद्यथा । छद्मस्थानां वीतरागनिर्विकल्पसमाधिकाले स्वसंवेदनज्ञाने सत्यपीन्द्रियजनितं ज्ञानं नास्ति, केवलज्ञानिनां पुनः सर्वदैव नास्ति तेन कारणेन जडत्वमिति । अत्र इन्द्रियज्ञानं हेयमतीन्द्रियज्ञानमुपादेयमिति भावार्थः ॥५३॥

अथ शरीरनामकर्मकारणरहितो जीवो न वर्धते न च हीयते तेन कारणेन मुक्तश्चरमशरीरप्रमाणो भवतीति निरूपयति—

---

હવે જે કારણે નિજબોધ પામીને આત્માઓને ઈન્દ્રિયજ્ઞાન હોતું નથી તે કારણે આત્મા ‘જડ’ છે એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છે.

### ગાથા—૫૩

**અન્વયાર્થ:—** [ येन ] જે કારણે ( જે અપેક્ષાએ ) [ निजबोध प्रतिष्ठितानां ] નિજજ્ઞાનમાં સ્થિત [ जीवानां ] જીવોને [ इन्द्रिय जनितं ज्ञानं ] ઇન્દ્રિય જનિત જ્ઞાન [ त्रुटयति ] નાશ પામે છે [ तेन ] તે કારણે ( તે અપેક્ષાએ ) [ योगिन् ] હે યોગી ! તું [ जीवं ] જીવને [ जडं अपि ] ‘જડ’ પણ [ विजानीहि ] જાણ.

**ભાવાર્થ:—**છદ્મસ્થ જીવોને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના કાલમાં સ્વસંવેદન-જ્ઞાન હોવા છતાં પણ ઇન્દ્રિયજનિત જ્ઞાન હોતું નથી, વળી કેવલજ્ઞાનીઓને ( ઇન્દ્રિય-જનિત જ્ઞાન ) કોઈ વખતે હોતું નથી તે કારણે જીવ ‘જડ’ છે.

અહીં ઇન્દ્રિયજ્ઞાન હેય છે, અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે, એવો ભાવાર્થ છે. ૫૩

હવે ( હાનિવૃદ્ધિના કારણરૂપ ) શરીરનામકર્મના કારણથી રહિત જીવ વધતો નથી અને ઘટતો નથી તેથી મુક્ત જીવ ‘ચરમશરીરપ્રમાણ છે’ એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



५४) कारण-विरहिउ सुद्ध-जिउ वड्ढइ खिरइ ण जेण ।
चरम-सरीर-पमाणु जिउ जिणवर बोल्लहिँ तेण ॥५४॥

कारणविरहितः शुद्धजीवः वर्धते क्षरति न येन ।
चरमशरीरप्रमाणं जीवं जिनवराः ब्रुवन्ति तेन ॥ ५४ ॥

कारणविरहितः शुद्धजीवो वर्धते क्षरति हीयते न येन कारणेन चरमशरीरप्रमाणं मुक्तजीवं जिनवरा भणन्ति तेन कारणेनेति । तथाहि—यद्यपि संसारावस्थायां हानिवृद्धिकारणभूतशरीरनामकर्मसहितत्वाद्धीयते वर्धते च तथापि मुक्तावस्थायां हानिवृद्धिकारणाभावाद्वर्धते हीयते च नैव, चरमशरीरप्रमाण एव तिष्ठतीत्यर्थः । कश्चिदाह—मुक्तावस्थायां प्रदीपवदावरणाभावे सति लोकप्रमाणविस्तारेण भाव्यमिति । तत्र परिहारमाह—प्रदीपस्य योऽसौ प्रकाशविस्तारः स स्वभावज एव न त्वपरजनितः पश्चाद्भाजनादिना साद्यावरणेन प्रच्छादितस्तेन कारणेन तस्यावरणाभावेऽपि प्रकाशविस्तारो घटते एव । जीवस्य पुनरनादि-

---

ગાથા—૫૪

**અન્વયાર્થ:**—[ कारण विरहितः ] ( હાનિવૃદ્ધિના કારણરૂપ શરીરનામકર્મના ) કારણથી રહિત [ शुद्ध जीवः ] શુદ્ધ જીવ [ येन ] જે કારણે [ वर्धते क्षरति न ] વધતો નથી, ઘટતો નથી [ तेन ] તે કારણે [ जिनवराः ] જિનવરો [ जीवं ] જીવને [ चरमशरीर प्रमाणं ] 'ચરમશરીર પ્રમાણ' [ ब्रुवन्ति ] કહે છે.

**ભાવાર્થ:**—જો કે સંસારાવસ્થામાં જીવ હાનિવૃદ્ધિ ના કારણરૂપ શરીરનામ કર્મ સહિત હોવાથી ઘટે છે અને વધે છે તોપણ મુક્ત-અવસ્થામાં હાનિવૃદ્ધિના કારણનો અભાવ હોવાથી વધતો-ઘટતો નથી અર્થાત્ ચરમશરીરપ્રમાણજ રહે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જેવી રીતે આવરણનો અભાવ થતાં દીવાના પ્રકાશનો વિસ્તાર થાય છે તેવી રીતે મુક્ત-અવસ્થામાં આવરણનો અભાવ થતા જીવના પ્રદેશોનો લોકપ્રમાણે વિસ્તાર થવો જોઈએ.

તેનો પરિહાર કરવામાં આવે છે કે દીવાના પ્રકાશનો જે વિસ્તાર છે તે સ્વભાવજન્ય છે, પણ પરજનિત નથી, ભાજન આદિના સાદિ આવરણથી તેનો પ્રકાશવિસ્તાર આચ્છાદિત કરવામાં આવ્યો હતો તે કારણે તેના આવરણનો અભાવ થતાં જ પ્રકાશવિસ્તાર ઘટે છે જ ( સંભવે છે ) પણ જીવ અનાદિકાલથી કર્મથી ઢંકાયેલો હોવાથી તેને પહેલેથી સ્વાભાવિક વિસ્તાર નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्मप्रच्छादितत्वात्पूर्वं स्वभावेन विस्तारो नास्ति । किंरूपसंहारविस्तारौ । शरीरनामकर्मजनितौ । तेन कारणेन शुष्कमृत्तिकाभाजनवत् कारणाभावादुपसंहारविस्तारौ न भवतः । चरमशरीरप्रमाणेन तिष्ठतीति । अत्र य एव मुक्तौ शुद्धबुद्धस्वभावः परमात्मा तिष्ठति तत्सदृशो रागादिरहितकाले स्वशुद्धात्मोपादेय इति भावार्थः ॥५४॥

अथाष्टकर्माष्टादशदोषरहितत्वापेक्षया शून्यो भवतीति न च केवलज्ञानादिगुणापेक्षया चेति दर्शयति—

**५५) अट्ठ वि कम्मइँ बहुविहइँ णवणव दोस वि जेण।**
**सुद्धहँ एक्कु वि अत्थि णवि सुण्णु वि वुच्चइ तेण ॥५५॥**

अष्टावपि कर्माणि बहुविधानि नवनव दोषा अपि येन ।
शुद्धानां एकोऽपि अस्ति नैव शून्योऽपि उच्यते तेन ॥ ५५ ॥

अष्टावपि कर्माणि बहुविधानि नवनव दोषा अपि येन कारणेन शुद्धात्मनां तन्मध्ये चैकोऽप्यस्ति नैव शून्योऽपि भण्यते तेन कारणेनैवेति । तद्यथा ।

---

સંકોચવિસ્તાર ક્યા કારણે છે? સંકોચવિસ્તાર શરીરનામકર્મજનિત છે તેકારણે (જેવી રીતે માટીનું વાસણ પાણીથી ભીનું રહે છે ત્યાં સુધી પાણીના સંબંધથી તેમાં વધઘટ થાય છે પણ જળનો અભાવ થવાથી) શુષ્ક માટીના વાસણમાં વધઘટ થતી નથી તેવી રીતે કારણનો અભાવ થતાં જીવના પ્રદેશોનો સંકોચ–વિસ્તાર થતો નથી, જીવના પ્રદેશો 'ચરમશરીરપ્રમાણ' જ રહે છે.

અહીં મુક્તિમાં શુદ્ધ, બુદ્ધ એક જેનો સ્વભાવ છે એવો પરમાત્મા જેવો બિરાજે છે તેના જેવો જ રાગાદિરહિત સમયે સ્વશુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫૪

હવે આત્મા આઠ કર્મ અને અઢાર દોષથી રહિત હોવાની અપેક્ષાએ 'શૂન્ય' છે પણ કેવલજ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ શૂન્ય નથી એમ દર્શાવે છેઃ—

## ગાથા–૫૫

**અન્વયાર્થઃ**—[ येन ] જે કારણે [ अष्टौ अपि बहुविधानि कर्माणि ] અનેક ભેદવાળા આઠેય કર્મો [ नव नव दोषाः ] અઢાર દોષો તેમાંથી [ एकः ] એક પણ દોષ અને અશુદ્ધ જીવતત્ત્વ [ शुद्धानां ] શુદ્ધ આત્માને [ नैव अस्ति ] નથી [ तेन ] તે કારણે [ शून्यः अपि ] તે શૂન્ય પણ [ भण्यते ] કહેવામાં આવે છે.

**ભાવાર્થઃ**—શુદ્ધનિશ્ચયનયથી ક્ષુધાદિ દોષોનાં કારણભૂત જ્ઞાનાવરણાદિ આઠ દ્રવ્યકર્મો, કાર્યભૂત ક્ષુધાતૃષાદિ અઢાર દોષો નથી, 'અપિ' શબ્દથી સત્તા, ચૈતન્ય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धनिश्चनयेन ज्ञानावरणाद्यष्टद्रव्यकर्माणि क्षुधादिदोषकारणभूतानि क्षुधातृषादीरूपाष्टदशदोषा अपि कार्यभूताः, अपिशब्दात्सत्ताचैतन्यबोधादिशुद्धप्राणरूपेण शुद्धजीवत्वे सत्यपि दशप्राणरूपमशुद्धजीवत्वं च नास्ति तेन कारणेन संसारिणां निश्चयनयेन शक्तिरूपेण रागादिविभावशून्यं च भवति । मुक्तात्मनां तु व्यक्तिरूपेणापि न चात्मानन्तज्ञानादिगुणशून्यत्वमेकान्तेन बौद्धादिमतवदिति । तथा चोक्तं पञ्चास्तिकाये–"जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तस्स । ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा" । अत्र य एव मिथ्यात्वरागादिभावेन शून्यश्चिदानन्दैकस्वभावेन भरितावस्थः प्रतिपादितः परमात्मा स एवोपादेय इति तात्पर्यार्थः ॥ ५५ ॥ एवं त्रिविधात्मप्रतिपादकप्रथममहाधिकारमध्ये य एव ज्ञानापेक्षया व्यवहारनयेन लोकालोकव्यापको भणितः स एव परमात्मा निश्चयनयेनासंख्यातप्रदेशोऽपि स्वदेहमध्ये तिष्ठतीति व्याख्यानमुख्यत्वेन सूत्रषट्कं गतम् ॥ ५५ ॥

---

બોધ આદિ શુદ્ધપ્રાણરૂપથી શુદ્ધ જીવત્વ હોવા છતાં પણ દશ પ્રાણરૂપ અશુદ્ધ જીવત્વ નથી તે કારણે સંસારી જીવો નિશ્ચયનયથી શક્તિરૂપે રાગાદિ વિભાવથી શૂન્યપણ છે અને મુક્ત આત્માઓ ને તો રાગાદિ વિભાવથી પ્રગટપણે શૂન્યપણું છે પણ બૌદ્ધાદિની માન્યતાની જેમ આત્માને અનંત જ્ઞાનાદિ ગુણથી શૂન્યપણું એકાન્તે નથી. પંચાસ્તિકાય ( ગાથા ૩૫ ) માં પણ કહ્યું છે કેઃ—'जेसिं जीव सहावो णत्थि अभावो य सव्वहा तस्स । ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयर मदीदा' **અર્થ**:—જેમને જીવસ્વભાવ ( પ્રાણધારણ રૂપ જીવત્વ ) નથી અને સર્વથા તેનો અભાવ પણ નથી, તે દેહરહિત વચનગોચરાતીત સિદ્ધો છે. ( સિદ્ધ ભગવંતો છે. )

અહીં મિથ્યાત્વ, રાગાદિ ભાવથી શૂન્ય એક (કેવલ) ચિદાનંદરૂપ સ્વભાવથી પરિપૂર્ણ જે પરમાત્મા કહેવામાં આવ્યો છે તે ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૫૫.

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં જે પરમાત્મા વ્યવહારનયથી જ્ઞાનની અપેક્ષાએ લોકાલોકવ્યાપક કહેવામાં આવ્યો છે તે જ પરમાત્મા નિશ્ચયનયથી અસંખ્ય પ્રદેશી હોવા છતાં પણ પોતાના દેહમાં રહે છે એવી વ્યાખ્યાનની મુખ્યતાથી છ સૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી દ્રવ્ય–ગુણ–પર્યાયના કથનની મુખ્યતાથી ત્રણ સૂત્રો કહે છે તે એ પ્રમાણેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तदनन्तरं द्रव्यगुणपर्यायनिरूपणमुख्यत्वेन सूत्रत्रयं कथयति । तद्यथा—

५६) अप्पा जणियउ केण ण वि अप्पेँ जणिउ ण कोइ ।
दव्व-सहावेँ णिच्चु मुणि पज्जउ विणसई होइ ॥ ५६ ॥

आत्मा जनितः केन नापि आत्मना जनितं न किमपि ।
द्रव्यस्वभावेन नित्यं मन्यस्व पर्यायः विनश्यति भवति ॥ ५६ ॥

आत्मा न जनितः केनापि आत्मना कर्तृभूतेन जनितं न किमपि, द्रव्यस्वभावेन नित्यमात्मानं मन्यस्व जानीहि । पर्याय विनश्यति भवति चेति । तथाहि । संसारिजीवः शुद्धात्मसंवित्त्यभावेनोपार्जितेन कर्मणा यद्यपि व्यवहारेण जन्यते स्वयं च शुद्धात्मसंवित्तिच्युतः सन् कर्माणि जनयति तथापि शुद्धनिश्चयनयेन शक्तिरूपेण कर्मकर्तृभूतेन नरनारकादिपर्यायेण न जन्यते स्वयं च कर्मनोकर्मादिकं न जनयतीति । आत्मा पुनर्न केवलं शुद्धनिश्चनयेन व्यवहारेणापि न च जन्यते न च जनयति तेन कारणेन द्रव्यार्थिकनयेन नित्यो भवति, पर्यायार्थिकनयेनोत्पद्यते विनश्यति चेति । अत्राह शिष्यः । मुक्तात्मनः

---

## ગાથા–૫૬

**અન્વયાર્થઃ**—[ आत्मा ] આત્મા [ केन अपि ] કોઈથી પણ [ न जनितः अपि ] ઉત્પન્ન થયો નથી અને [ आत्मना ] આત્માથી [ कं अपि ] કોઈ પણ ઉત્પન્ન થયું નથી; [ द्रव्य स्वभावेन ] દ્રવ્યસ્વભાવથી આત્માને [ नित्यं मन्यस्व ] નિત્ય જાણો, અને [पर्यायः] પર્યાય [ विनश्यति भवति ] વિનાશિક છે (નાશ પામે છે અને ઉત્પન્ન થાય છે.)

**ભાવાર્થઃ**—સંસારી જીવ શુદ્ધઆત્માની સંવિત્તિના અભાવથી ઉપાર્જન કરેલા કર્મથી જો કે વ્યવહારથી ઉત્પન્ન થાય છે અને પોતે શુદ્ધઆત્માની સંવિત્તિથી ચ્યુત થયો થકો કર્મોને ઉત્પન્ન કરે છે તોપણ શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે કર્મરૂપ કર્તા વડે નરનારકાદિ પર્યાય રૂપે ઉત્પન્ન થતો નથી અને પોતે કર્મનોકર્માદિકને ઉત્પન્ન કરતો નથી. વળી આત્મા પોતે કેવલ શુદ્ધ નિશ્ચયનયથી નહિ પરંતુ વ્યવહારથી પણ ઉત્પન્ન થતો નથી અને ઉત્પન્ન કરતો નથી તે કારણે દ્રવ્યાર્થિકનયથી આત્મા નિત્ય છે, પર્યાયાર્થિકનયથી આત્મા ઊપજે છે ને નાશ પામે છે.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કેઃ—મુક્તઆત્માને ઉત્પાદવ્યય કઈ રીતે ઘટી શકે ?

**તેનો પરિહારઃ**—(૧) આગમ પ્રસિદ્ધ અગુરુલઘુગુણની હાનિવૃદ્ધિની અપેક્ષાએ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथमुत्पादव्ययाविति । परिहारमाह । [1]आगमप्रसिद्धयागुरुलघुकगुणहानिवृद्धपेक्षया, अथवा येनोत्पादादिरूपेण ज्ञेयं वस्तु परिणमति तेन परिच्छित्त्याकारेण ज्ञान-परिणत्यपेक्षया । अथवा मुक्तौ संसारपर्यायविनाशः सिद्धपर्यायोत्पादः शुद्धजीव-द्रव्यापेक्षया ध्रौव्यश्च सिद्धानामुत्पादव्ययौ ज्ञातव्याविति । अत्र तदेव सिद्ध-स्वरूपमुपादेयमिति भावार्थः ॥ ५६ ॥

अथ द्रव्यगुणपर्यायस्वरूपं प्रतिपादयति—

५७) तं परियाणहि दव्वु तुहुँ जं गुण-पज्जय-जुत्तु ।
सह-भुव जाणहि ताहँ गुण कम-भुव पज्जउ वुत्तु ॥ ५७ ॥

तत् परिजानाहि द्रव्यं त्वं यत् गुणपर्याययुक्तम् ।
सहभुवः जानीहि तेषां गुणाः क्रमभुवः पर्यायाः उक्ताः ॥ ५७ ॥

तं परियाणहि दव्वु तुहुं जं गुणपज्जयजुत्तु तत्परि समन्ताज्जानीहि द्रव्यं त्वम् । तत्किम् । यद्गुणपर्याययुक्तं, गुणपर्यायस्य स्वरूपं कथयति । सहभुव जाणहि ताहं गुण कमभुव पज्जउ वुत्तु सहभुवो जानीहि तेषां द्रव्याणां

---

અથવા ( ૨ ) જે ઉત્પાદાદિરૂપે જ્ઞેય વસ્તુ પરિણમે છે તેની પરિચ્છિત્તિના ( જાણવાના ) આકારે જ્ઞાન પરિણમે છે તે અપેક્ષાએ. અથવા ( ૩ ) સિદ્ધ થયા ત્યારે સંસારપર્યાયનો નાશ થયો, સિદ્ધ પર્યાયનો ઉત્પાદ થયો અને શુદ્ધ જીવદ્રવ્યની અપેક્ષાએ ધ્રૌવ્ય રહ્યું તે અપેક્ષાએ, સિદ્ધોને ઉત્પાદવ્યય જાણવા.

અહીં તે સિદ્ધ સ્વરૂપ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫૬

હવે દ્રવ્યગુણ પર્યાયનું સ્વરૂપ કહે છેઃ—

## ગાથા–૫૭

**અન્વયાર્થઃ**—હે પ્રભાકર ભટ્ટ! [ तं ] તેને [ त्वं ] તું [ द्रव्यं ] દ્રવ્ય [ परिजानीहि ] સમસ્તપણે જાણ [ यत ] કે જે [ गुणपर्याय युक्तः ] ગુણ અને પર્યાયથી યુક્ત છે. ગુણપર્યાયનું સ્વરૂપ કહે છે–[ सहभुवः तेषां गुणाः जानीहि ] સહભાવી તે દ્રવ્યના ગુણો છે, [ क्रमभुवः पर्यायाः उक्ताः ] ક્રમભાવી તે પર્યાયો છે.

**ભાવાર્થઃ**— ' गुणपर्यायवद् द्रव्यं ' જાણવું ( ગુણપર્યાયવાળું તે દ્રવ્ય જાણવું. ) હવે તે દ્રવ્યના ગુણપર્યાય કહેવામાં આવે છેઃ—**सहभुवो गुणाः क्रमभुवः पर्यायाः** ( સહભાવી ગુણો છે, ક્રમભાવી પર્યાયો છે. ) આ એક પહેલું સામાન્ય લક્ષણ છે. **अन्वयिनः गुणाः व्यतिरेकिणः पर्ययाः** ( અન્વયી તે ગુણો છે,

---

૧ પાઠાન્તરઃ—आगमप्रसिद्धया=आगमप्रसिद्धा.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**गुणाः, क्रमभुवः पर्याया उक्ता भणिता इति । तद्यथा । गुणपर्ययवद् द्रव्यं ज्ञातव्यम् । इदानीं तस्य द्रव्यस्य गुणपर्यायाः कथ्यन्ते । सहभुवो गुणाः, क्रमभुवः पर्यायाः, इदमेकं तावत्सामान्यलक्षणम् । अन्वयिनो गुणाः व्यतिरेकिणः पर्यायाः, इति द्वितीयं च । यथा जीवस्य ज्ञानादयः पुद्गलस्य वर्णादयश्चेति । ते च प्रत्येकं द्विविधाः स्वभावविभावभेदेनेति । तथाहि । जीवस्य तावत्कथ्यन्ते । सिद्धत्वादयः स्वभावपर्यायाः केवलज्ञानादयः स्वभावगुणा असाधारणा इति । अगुरुलघुकाः स्वभावगुणास्तेषामेव गुणानां षड्ढानिवृद्धिरूपस्वभावपर्यायाश्च सर्वद्रव्यसाधारणाः । तस्यैव जीवस्य मतिज्ञानादिविभावगुणा नरनारकादिविभावपर्यायाश्च इति । इदानीं पुद्गलस्य कथ्यन्ते । केवलपरमाणुरूपेणावस्थानं स्वभावपर्यायः वर्णान्तरादिरूपेण परिणमनं वा । तस्मिन्नेव परमाणौ वर्णादयः स्वभावगुणा इति, द्व्यणुकादिरूपस्कन्धरूपविभावपर्यायास्तेष्वेव द्व्यणुकादिस्कन्धेषु वर्णादयो विभावगुणा इति भावार्थः । धर्माधर्माकाशकालानां स्वभावगुणपर्यायास्ते च यथावसरं कथ्यन्ते । विभावपर्यायास्तूपचारेण यथा घटाकाशमित्यादि । अत्र शुद्धगुणपर्यायसहितः शुद्धजीव एवोपादेय इति भावार्थः ॥ ५७ ॥**

---

વ્યતિરેકી તે પર્યાયો છે ), એ બીજું લક્ષણ છે. જેમ કેઃ—જીવના જ્ઞાનાદિ અને પુદ્ગલના વર્ણાદિ ગુણો અને તે દરેક સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારે છે તે આ પ્રમાણેઃ—

પ્રથમ જીવના કહેવામાં આવે છે. સિદ્ધત્વાદિ જીવના અસાધારણ સ્વભાવપર્યાયો છે અને કેવલજ્ઞાનાદિ જીવના અસાધારણ સ્વભાવગુણો છે. અગુરુલઘુ તે સર્વદ્રવ્યના સાધારણ સ્વભાવ ગુણો છે, તે જ ગુણોની ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપ સ્વભાવ પર્યાયો છે. તે જીવને મતિજ્ઞાનાદિ વિભાવગુણો અને નરનારકાદિ વિભાવપર્યાયો છે.

હવે પુદ્ગલના ગુણપર્યાય કહેવામાં આવે છેઃ—કેવલ પરમાણુરૂપે રહેવું તે અથવા વર્ણાન્તરાદિરૂપે ( એક વર્ણથી બીજા વર્ણરૂપે ) પરિણમવું તે સ્વભાવપર્યાય છે. તે પરમાણુમાં વર્ણાદિ સ્વભાવગુણો છે, દ્વ્યણુકાદિ સ્કંધરૂપ વિભાવપર્યાયો છે, તે દ્વ્યણુકાદિસ્કંધોમાં વર્ણાદિ વિભાવગુણો છે એવો ભાવાર્થ છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાલદ્રવ્યને સ્વભાવગુણ અને સ્વભાવપર્યાયો છે અને તે યોગ્ય સમયે કહેવામાં આવશે. અને (આકાશને) વિભાવપર્યાયો ઉપચારથી છે, જેમ કે ઘટાકાશ, ( મઠાકાશ ) વગેરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ जीवस्य विशेषण द्रव्यगुणपर्यायान् कथयति—

५८) अप्पा बुज्झहि दव्वु तुहुँ गुण पुणु दंसणु णाणु ।
पज्जय चउ-गइ-भाव तणु कम्म-विणिम्मिय जाणु ॥ ५८ ॥

आत्मानं बुध्यस्व द्रव्यं त्वं गुणौ पुनः दर्शनं ज्ञानम् ।
पर्यायान् चतुर्गतिभावान् तनुं कर्मविनिर्मितान् जानीहि ॥ ५४ ॥

अप्पा बुज्झहि दव्वु तुहुं आत्मानं द्रव्यं बुध्यस्व जानीहि त्वम् । गुण पुणु दंसणु णाणु गुणौ पुनर्दर्शनं ज्ञानं च । पज्जय चउगइभाव तणु कम्मविणिम्मिय जाणु तस्यैव जीवस्य पर्यायांश्चतुर्गतिभावान् परिणामान् तनुं शरीरं च । कथंभूतान् तान् । कर्मविनिर्मितान् जानीहीति । इतो विशेषः । शुद्धनिश्चयेन शुद्धबुद्धैकस्वभावमात्मानं द्रव्यं जानीहि । तस्यैवात्मनः सविकल्पं ज्ञानं निर्विकल्पं दर्शनं गुण इति । तत्र ज्ञानमष्टविधं केवलज्ञानं सकलमखण्डं शुद्धमिति शेषं सप्तकं खण्डज्ञानमशुद्धमिति । तत्र सप्तकमध्ये मत्यादि-

---

અહીં શુદ્ધ ગુણપર્યાય સહિત શુદ્ધ જીવજ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૫૭.

હવે જીવના દ્રવ્ય, ગુણ, પર્યાયનું વિશેષપણે કથન કરે છેઃ—

### ગાથા—૫૮

**અન્વયાર્થ**:—[ त्वं ] તું [ आत्मानं ] આત્માને [ द्रव्यं ] દ્રવ્ય [ बुध्यस्व ] જાણ [ दर्शनं ज्ञानं ] દર્શન–જ્ઞાનને [ गुणौ ] તેના ગુણો જાણ [ पुनः ] અને તે જીવના [ चतुर्गति भवान् तनुं ] ચારગતિના પરિણામો તથા શરીરને [ कर्मविनिर्मितान् ] કર્મજનિત [ पर्यायान् ] ( વિભાવ ) પર્યાયો [ जानीहि ] જાણ.

**ભાવાર્થ**:—શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા આત્માને તું દ્રવ્ય જાણ. સવિકલ્પ જ્ઞાન, નિર્વિકલ્પ દર્શનને તું તે આત્માના ગુણો જાણ, ત્યાં જ્ઞાન આઠ પ્રકારનું છે, કેવલજ્ઞાન સકલ, અખંડ, શુદ્ધ છે, બાકીના સાત ખંડજ્ઞાન અશુદ્ધ છે. તે સાતમાં મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય એ ચાર જ્ઞાન સમયગ્જ્ઞાન છે, કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે.

ચાર દર્શનોમાં કેવલદર્શન સકલ, અખંડ અને શુદ્ધ છે, ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણ દર્શન વિકલ અને અશુદ્ધ છે.

વળી ગુણો ત્રણ પ્રકારના છે કેટલાક સાધારણ છે, કેટલાક અસાધારણ છે, કેટલા સાધારણા સાધારણ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चतुष्टयं सम्यग्ज्ञानं कुमत्यादित्रयं मिथ्याज्ञानमिति। दर्शनचतुष्टयमध्ये केवलदर्शनं सकलमखण्डं शुद्धमिति चक्षुरादित्रयं विकलमशुद्धमिति। किं च। गुणास्त्रिविधा भवन्ति। केचन साधारणाः, केचनासाधारणाः, केचन साधारणासाधारणा इति जीवस्य तावदुच्यन्ते। अस्तित्वं वस्तुत्वं प्रमेयत्वागुरुलघुत्वादयः साधारणाः, ज्ञानसुखादयः स्वजातौ साधारणा अपि विजातौ पुनरसाधारणाः। अमूर्तत्वं पुद्गलद्रव्यं प्रत्यसाधारणमाकाशादिकं प्रति साधारणम्। प्रदेशत्वं पुनः कालद्रव्यं प्रति पुद्गलपरमाणुद्रव्यं च प्रत्यसाधारणं शेषद्रव्यं प्रति साधारणमिति संक्षेपव्याख्यानम्। एवं शेषद्रव्याणामपि यथासंभवं ज्ञातव्यमिति भावार्थः ॥ ५८ ॥

अथानन्तसुखस्योपादेयभूतस्याभिन्नत्वात् शुद्धगुणपर्यायप्रतिपादनमुख्यत्वेन सूत्राष्टकं कथ्यते। तत्राष्टकमध्ये प्रथमचतुष्टयं कर्मशक्तिस्वरूपमुख्यत्वेन द्वितीयचतुष्टयं कर्मफलमुख्यत्वेनेति। तद्यथा।

जीवकर्मणोरनादिसंबन्धं कथयति—

---

તેમાં પ્રથમ જીવના કહેવામાં આવે છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ વગેરે ગુણો સાધારણ છે. જ્ઞાન સુખાદિ ગુણો સ્વજાતિમાં (અર્થાત્ જીવદ્રવ્યોની અપેક્ષાએ) સાધારણ છે પણ વિજાતિમાં (વિજાતિય દ્રવ્યોની અપેક્ષાએ) અસાધારણ છે. અમૂર્તત્વ, પુદ્ગલદ્રવ્ય, પ્રતિ (પુદ્ગલદ્રવ્યની અપેક્ષાએ) અસાધારણ છે, આકાશાદિ પ્રતિ સાધારણ છે. વળી પ્રદેશપણું કાલદ્રવ્ય પ્રતિ અને પુદ્ગલપરમાણુદ્રવ્ય પ્રતિ અસાધારણ છે, બાકીના દ્રવ્યો પ્રતિ સાધારણ છે.

એ પ્રમાણે સંક્ષેપમાં કથન કર્યું.

એ પ્રમાણે બાકીના દ્રવ્યોનું કથન પણ યથાસંભવ સમજી લેવું એવો ભાવાર્થ છે. ૫૮

હવે જેમાં ત્રણ પ્રકારના આત્માનું કથન છે એવા પહેલા મહાધિકારમાં દ્રવ્યગુણપર્યાયની વ્યાખ્યાનની મુખ્યતાથી સાતમા સ્થલમાં ત્રણ દોહાસૂત્ર સમાપ્ત થયાં.

હવે ઉપાદેયભૂત અનંતસુખથી અભિન્ન હોવાથી શુદ્ધગુણપર્યાયના કથનની મુખ્યતાથી આઠ સૂત્રો કહેવામાં આવે છે તે આઠ ગાથાસૂત્રોમાંથી પ્રથમ ચાર સૂત્રો કર્મશક્તિના સ્વરૂપની મુખ્યતાથી અને બીજા ચાર સૂત્રો કર્મફલની મુખ્યતાથી છે. તે આ પ્રમાણે :—

તેમાં પ્રથમ જ જીવ અને કર્મનો અનાદિ કાલનો સંબંધ છે એમ કહે છે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



५९) जीवहँ कम्मु अणाइ जिय जणियउ कम्मु ण तेण ।
कम्मेँ जीउ वि जणिउ णवि दोहिँ वि आइ ण जेण ॥५९॥

जीवानां कर्माणि अनादीनि जीव जनितं कर्म न तेन ।
कर्मणा जीवोऽपि जनितः नैव द्वयोरपि आदिः न येन ॥ ५९ ॥

जीवहं कम्मु अणाइ जिय जणियउ कम्मु ण तेण जीवानां कर्मणा-मनादिसंबन्धो भवति हे जीव जनितं कर्म न तेन जीवेन । कम्में जीउ वि जणिउ णवि दोहिं वि आइ ण जेण कर्मणा कर्तृभूतेन । जीवोऽपि जनितो न द्वयोरप्यादिर्न येन कारणेनेति । इतो विशेषः । जीवकर्मणामनादिसंबन्धः पर्यायसंतानेन बीजवृक्षवद्व्यवहारनयेन संबन्धः कर्म तावत्तिष्ठति तथापि शुद्ध-निश्चयनयेन विशुद्धज्ञानदर्शनस्वभावेन जीवेन न तु जनितं कर्म तथाविधजीवोऽपि स्वशुद्धात्मसंवित्त्यभावोपार्जितेन कर्मणा नरनारकादिरूपेण न जनितः कर्मात्मेति

---

### ગાથા–૫૯

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ! [ जीवानां ] જીવોને [ कर्माणि ] કર્મોનો સંબંધ [ अनादिनी ] અનાદિકાલથી છે [ तेन ] તે જીવથી [ कर्म ] કર્મ [ न जनितं ] ઉત્પન્ન થયાં નથી, [ कर्मणा ] કર્મથી [ जीवः अपि ] જીવ પણ [ न एव जनितः ] ઉત્પન્ન થયો નથી [ येन ] કારણ કે [ द्वयेः अपि ] બન્નેની [ आदि न ] આદિ નથી.

**ભાવાર્થ**:—જીવ અને કર્મનો અનાદિસંબંધ છે અર્થાત્ પર્યાય સંતાનથી જ બીજ અને વૃક્ષની માફક વ્યવહારનયે સંબંધ છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી વિશુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવવાળા જીવથી કર્મ ઉત્પન્ન થયું નથી તેમ જ જીવ પણ સ્વશુદ્ધાત્મસંવેદનના અભાવથી ઉપજેલા કર્મથી નરનારકાદિરૂપે ઉત્પન્ન થયો નથી કારણ કે કર્મ અને આત્મા બન્ને અનાદિના છે.

અહીં જીવ અને કર્મના અનાદિસંબંધના વ્યાખ્યાનથી આત્મા સદા મુક્ત છે, સદા શિવ છે એમ કોઈ કહે છે, તેનું નિરાકરણ કર્યું છે એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કેઃ—
" मुक्तश्चेत्प्रागभवे बद्धो नो बद्धो मोचनं वृथा । अबद्धो मोचनं नैव मुञ्चेरथो निरर्थकः । अनादितो हि मुक्तश्चेत्पश्चाद् बंधः कथं भवेत् । बधत्तं मोचनं नोचेन्मुञ्चेरर्थो निरर्थकः ॥ "

**અર્થ**:—જો જીવ પહેલા બંધાયો હોય તો મુક્ત થાય, ન બંધાયો હોય તો મુકાવું વૃથા છે. અબદ્ધને મુકાવું થતું જ નથી તેથી 'મુકાયો' કહેવું નિરર્થક થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



च द्वयोरनादित्वादिति । अत्रानादिजीवकर्मणोस्संबन्धव्याख्यानेन सदा मुक्तः सदा शिवः कोऽप्यस्तीति निराकृतमिति भावार्थः ॥ तथा चोक्तम्—"मुक्तश्चेत्प्राग्भवे बद्धो नो बद्धो मोचनं वृथा । अबद्धो मोचनं नैव मुञ्चेरर्थो निरर्थकः । अनादितो हि मुक्तश्चेत्पश्चाद्बन्धः कथं भवेत् । बन्धनं मोचनं नो चेन्मुञ्चेरर्थो निरर्थकः ॥" ॥ ५९ ॥

अथ व्यवहारनयेन जीवः पुण्यपापरूपो भवतीति प्रतिपादयति—

६०) एहु ववहारेँ जीवडउ हेउ लहेविणु कम्मु ।
बहुविह–भावेँ परिणवइ तेण जि धम्मु अहम्मु ॥ ६० ॥

एष व्यवहारेण जीवः हेतुं लब्ध्वा कर्म ।
बहुविधभावेन परिणमति तेन एव धर्मः अधर्मः ॥ ६० ॥

एहु ववहारें जीवडउ हेउ लहेविणु कम्मु एष प्रत्यक्षीभूतो जीवो व्यवहारनयेन हेतुं लब्ध्वा । किम् । कर्मेति । बहुविहभावें परिणवइ तेण जि धम्मु अहम्मु बहुविधभावेन विकल्पज्ञानेन परिणमति तेनैव कारणेन धर्मोऽधर्मश्च भवतीति । तद्यथा । एष जीवः शुद्धनिश्चयेन वीतरागचिदानन्दैकस्वभावोऽपि पश्चाद्व्यवहारेण वीतरागनिर्विकल्पस्वसंवेदनाभावेनोपार्जितं शुभाशुभं

---

જો અનાદિથી જ મુક્ત હોય તો પછી બંધ કઈ રીતે થાય? અને જો બંધન અને મુક્તિ ન હોય તો 'મુકાયો' કહેવું નિરર્થક હોય. ૫૯

હવે વ્યવહારનયથી જીવ પુણ્ય–પાપરૂપ થાય છે એમ કહે છેઃ—

## ગાથા–૬૦

**અન્વયાર્થઃ**—[ **एषः जीवः** ] આ પ્રત્યક્ષ જીવ [ **व्यवहारेण** ] વ્યવહારનયથી [ **कर्म हेतुं** ] કર્મરૂપી કારણને [ **लब्ध्वा** ] પામીને [ **बहु विधभावेन** ] અનેક પ્રકારના ભાવરૂપે–વિકલ્પજ્ઞાનરૂપે–[ **परिणमति** ] પરિણમે છે [ **तेन एव** ] તેથી જ [ **धर्मः अधर्मः** ] તે પુણ્યરૂપ અને પાપરૂપ થાય છે.

**ભાવાર્થઃ**—આ જીવ શુદ્ધ નિશ્ચયનયથી વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવો હોવા છતાં પણ વ્યવહારનયથી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનના અભાવથી ઉપાર્જિત એવા શુભાશુભ કર્મરૂપ કારણને પામીને પુણ્યરૂપ અને પાપરૂપ થાય છે.

અહીં જો કે વ્યવહારનયથી જીવ પુણ્ય–પાપરૂપ થાય છે તો પણ પરમાત્માની અનુભૂતિની સાથે અવિનાભાવી વીતરાગસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર અને બાહ્ય પદાર્થોમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्म हेतुं लब्ध्वा पुण्यरूपः पापरूपश्च भवति । अत्र यद्यपि व्यवहारेण पुण्यपापरूपो भवति तथापि परमात्मानुभूत्यविनाभूतवीतरागसम्यग्दर्शनज्ञानचारित्रबहिर्द्रव्येच्छानिरोधलक्षणतपश्चरणरूपा या तु निश्चयचतुर्विधाराधना तस्या भावनाकाले साक्षादुपादेयभूतवीतरागपरमानन्दैकरूपो मोक्षसुखाभिन्नत्वात् शुद्धजीव उपादेय इति तात्पर्यार्थः ॥ ६० ॥

अथ तानि पुनः कर्माण्यष्टौ भवन्तीति कथयति—

६१) ते पुणु जीवहँ जोइया अट्ठ वि कम्म हवंति ।
जेहिँ जि झंपिय जीव णवि अप्प-सहाउ लहंति ॥६१॥

तानि पुनः जीवानां योगिन् अष्टौ अपि कर्माणि भवन्ति ।
यैः एव झंपिताः जीवाः नैव आत्मस्वभावं लभन्ते ॥ ६१ ॥

ते पुणु जीवहं जोइया अट्ठ वि कम्म हवंति तानि पुनर्जीवानां हे योगिन्नष्टावेव कर्माणि भवन्ति । जेहिं जि झंपिय जीव णवि अप्पसहाउ लहंति यैरेव कर्मभिर्झंपिताः जीवा नैवात्मस्वभावं लभन्ते इति । तद्यथा— ज्ञानावरणादिभेदेन कर्माण्यष्टावेव भवन्ति यैर्झंपिताः सन्तो जीवाः सम्यक्त्वाद्यष्टविधस्वकीयस्वभावं न लभन्ते । तथा हि—"सम्मत्तणाणदंसणवीरियसुहुमं

---

ઇચ્છાનો નિરોધ જેનું લક્ષણ છે એવા તપશ્ચરણરૂપ જે ચાર પ્રકારની નિશ્ચય–આરાધના છે તેની ભાવનાના સમયે સાક્ષાત્ ઉપાદેયભૂત વીતરાગ પરમાનંદ જેનું એક રૂપ છે એવો શુદ્ધ જીવ મોક્ષસુખથી અભિન્ન હોવાથી ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૬૦

હવે તે કર્મો આઠ છે એમ કહે છેઃ—

## ગાથા–૬૧

**અન્વયાર્થઃ**—[ योगीन् ] હે યોગી ! [ पुनः ] વળી [ जीवानां ] જીવોને [ तानि कर्माणि ] તે કર્મો [ अष्टौ अपि ] આઠ જ [ भवंति ] હોય છે, [ यैः एव ] કે જે કર્મોથી [ छादिताः ] આચ્છાદિત થયા થકા [ जीवाः ] જીવો [ आत्मस्वभावं ] આત્મસ્વભાવને [ नैव लभन्ते ] પામતા નથી.

**ભાવાર્થઃ**—જ્ઞાનાવરણાદિ ભેદથી કર્મો આઠ જ છે કે જેનાથી આચ્છાદિત થયા થકા જીવો સમ્યક્ત્વાદિ અષ્ટવિધ સ્વકીય સ્વભાવને પામતા નથી. હવે આઠ ગુણો કહે છે–"समतणाणदंसणवीरियसुहमं तहेव अवगहणं । अगुरुगलहुगं अव्वाबाहं अट्ठगुणा हुंति सिद्धाणं" ( કુંદકુંદાચાર્યદેવ વિરચિત પ્રાકૃત સિદ્ધભક્તિ. ૨૦ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तहेव अवगहणं । अगुरुगलहुगं अव्वाबाहं अट्ठगुणा हुंति सिद्धाणं ॥'' शुद्धात्मादिपदार्थविषये विपरीताभिनिवेशरहितः परिणामः क्षायिकसम्यक्त्वमिति भण्यते । जगत्रयकालत्रयवर्तिपदार्थयुगपद्विशेषपरिच्छित्तिरूपं केवलज्ञानं भण्यते तत्रैव सामान्यपरिच्छित्तिरूपं केवलदर्शनं भण्यते । तत्रैव केवलज्ञानविषये अनन्तपरिच्छित्तिशक्तिरूपमनन्तवीर्यं भण्यते । अतीन्द्रियज्ञानविषयं सूक्ष्मत्वं भण्यते । एकजीवावगाहप्रदेशे अनन्तजीवावगाहदानसामर्थ्यमवगाहनत्वं भण्यते । एकान्तेन गुरुलघुत्वस्याभावरूपेण अगुरुलघुत्वं भण्यते । वेदनीयकर्मोदयजनितसमस्तबाधारहितत्वादव्याबाधगुणश्चेति । इदं सम्यक्त्वादिगुणाष्टकं संसारावस्थायां किमपि केनापि कर्मणा प्रच्छादितं तिष्ठति यथा तथा कथ्यते । सम्यक्त्वं मिथ्यात्वकर्मणा प्रच्छादितं, केवलज्ञानं केवलज्ञानावरणेन झंपितं, केवलदर्शनं केवलदर्शनावरणेन झंपितम्, अनन्तवीर्यं वीर्यान्तरायेण प्रच्छादितं, सूक्ष्मत्वमायुष्ककर्मणा प्रच्छादितम् । कस्मादिति चेत् । विवक्षितायुः कर्मोदयेन भवान्तरे प्राप्ते सत्यतीन्द्रियज्ञानविषयं सूक्ष्मत्वं त्यक्त्वा पश्चादिन्द्रियज्ञानविषयो भवतीत्यर्थः ।

---

**અર્થ**:—સમ્યકત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, સૂક્ષ્મ તથા અવગાહન, અગુરુલઘુ, અવ્યાબાધ એ આઠ ગુણો સિદ્ધોને હોય છે.

( ૧ ) શુદ્ધ આત્માદિ પદાર્થોમાં વિપરીત અભિનિવેશ રહિત પરિણામ તે ક્ષાયિક સમ્યકત્વ કહેવાય છે.

( ૨ ) ત્રણ લોક અને ત્રણ કાલવર્તી પદાર્થોની યુગપત્ વિશેષપરિચ્છિત્તિરૂપ કેવલજ્ઞાન કહેવાય છે.

( ૩ ) ત્રણ લોક અને ત્રણ કાલવર્તી પદાર્થોની યુગપત્ સામાન્યપરિચ્છિત્તિરૂપ કેવલદર્શન કહેવાય છે.

( ૪ ) તે કેવલજ્ઞાનની અનંત પરિચ્છિત્તિની શક્તિરૂપ અનંતવીર્ય કહેવાય છે.

( ૫ ) અતીન્દ્રિયજ્ઞાનનો વિષય સૂક્ષ્મત્વ કહેવાય છે.

( ૬ ) એક જીવના અવગાહપ્રદેશોમાં અનંત જીવોને અવગાહ દેવાનું જે સામર્થ્ય તે અવગાહનત્વ કહેવાય છે.

( ૭ ) સર્વથા ગુરુલઘુત્વના અભાવરૂપે અગુરુલઘુત્વ કહેવાય છે.

( ૮ ) વેદનીય કર્મના ઉદયજનિત સમસ્ત બાધાથી રહિત હોવાથી અવ્યાબાધ ગુણ કહેવાય છે.

આ સમ્યકત્વાદિ આઠ ગુણો સંસાર–અવસ્થામાં કઇ રીતે કયા કર્મથી આચ્છાદિત રહે છે તે કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अवगाहनत्वं शरीरनामकर्मोदयेन प्रच्छादितं, सिद्धावस्थायोग्यं विशिष्टागुरुलघुत्वं नामकर्मोदयेन प्रच्छादितम् । गुरुत्वशब्देनोच्चगोत्रजनितं महत्त्वं भण्यते, लघुत्वशब्देन नीचगोत्रजनितं तुच्छत्वमिति, तदुभयकारणभूतेन गोत्रकर्मोदयेन विशिष्टागुरुलघुत्वं प्रच्छाद्यत इति । अव्याबाधगुणत्वं वेदनीयकर्मोदयेनेति संक्षेपेणाष्टगुणानां कर्मभिराच्छादनं ज्ञातव्यमिति । तदेव गुणाष्टकं मुक्तावस्थायां स्वकीयस्वकीयकर्मप्रच्छादनाभावे व्यक्तं भवतीति संक्षेपेणाष्टगुणाः कथिताः । विशेषेण पूनरमूर्तत्वनिर्नामगोत्रादयः साधारणासाधारणरूपानन्तगुणाः यथासंभवमागमाविरोधेन ज्ञातव्या इति । अत्र सम्यक्त्वादिशुद्धगुणस्वरूपः शुद्धात्मैवोपादेय इति भावार्थः ॥ ६१ ॥

अथ विषयकषायासक्तानां जीवानां ये कर्मपरमाणवः संबद्धा भवन्ति तत्कर्मेति कथयति—

---

સમ્યકત્વ મિથ્યાત્વકર્મથી આચ્છાદિત છે. કેવલજ્ઞાન કેવલજ્ઞાનાવરણથી આચ્છાદિત છે. કેવલદર્શન કેવલદર્શનાવરણથી આચ્છાદિત છે, અનંતવીર્ય વીર્યાન્તરાયથી આચ્છાદિત છે, સૂક્ષ્મત્વ આયુકર્મથી આચ્છાદિત છે શાથી ? કે વિવક્ષિત આયુકર્મના ઉદયથી બીજો ભવ પ્રાપ્ત થતાં, અતીન્દ્રિયજ્ઞાનના વિષયરૂપ સૂક્ષ્મત્વને છોડીને પાંચ ઇન્દ્રિયજ્ઞાનના વિષયરૂપ થાય છે એવો અર્થ છે. અવગાહનત્વ શરીરનામકર્મના ઉદયથી આચ્છાદિત છે. સિદ્ધ–અવસ્થાને યોગ્ય વિશિષ્ટ અગુરુલઘુત્વનામકર્મના ઉદયથી આચ્છાદિત છે, 'ગુરુત્વ' શબ્દથી ઉચ્ચગોત્રજનિત મહત્વ (ઉચ્ચપણું) કહેવામાં આવે છે. 'લઘુત્વ' શબ્દથી નીચગોત્રજનિત તુચ્છપણું કહેવામાં આવે છે. તે બન્નેના કારણરૂપ ગોત્રકર્મના ઉદયથી વિશિષ્ટ અગુરુલઘુત્વ આચ્છાદિત છે. અવ્યાબાધગુણપણું વેદનીયકર્મના ઉદયથી આચ્છાદિત છે. એ પ્રમાણે સંક્ષેપથી કર્મોથી આઠ ગુણોનું આચ્છાદન જાણવું. તે આઠ ગુણો મુક્ત–અવસ્થામાં પોતપોતાના કર્મના આચ્છાદનના અભાવમાં વ્યક્ત થાય છે.

એ પ્રમાણે સંક્ષેપથી આઠ ગુણો કહ્યા.

વળી વિશેષમાં અમૂર્તપણું, નામરહિતપણું ગોત્રરહિતપણું આદિ સાધારણ–અસાધારણરૂપ અનંત ગુણો યથાસંભવ આગમથી અવિરોધપણે જાણવા.

અહીં સમ્યકત્વાદિ શુદ્ધગુણસ્વરૂપ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૬૧.

હવે વિષયકષાયમાં આસકત જીવોને જે કર્મપરમાણુઓ બંધાય છે તે કર્મ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



६२) विसय-कसायहिँ रंगियहँ ते अणुया लग्गंति ।
जीव-पएसेहँ मोहियहँ ते जिण कम्म भणंति ॥ ६२ ॥

विषयकषायैः रञ्जितानां ये अणवः लगन्ति ।
जीवप्रदेशेषु मोहितानां तान् जिनाः कर्म भणन्ति ॥ ६२ ॥

विसयकसायहिं रंगियहं जे अणुया लग्गंति विषयकषायै रंगितानां रक्तानां ये परमाणवो लग्ना भवन्ति । जीवपएसिहिं मोहियहं ते जिण कम्म भणंति । केषु लग्ना भवन्ति । जीवप्रदेशेषु । केषाम् । मोहितानां जीवानाम् । तान् कर्मस्कन्धान् जिनाः कर्मेति कथयन्ति । तथाहि । शुद्धात्मानुभूतिविलक्षणैर्विषयकषायै रक्तानां स्वसंवित्त्यभावोपार्जितमोहकर्मोदयपरिणतानां च जीवानां कर्मवर्गणायोग्यस्कन्धास्तैलम्रक्षितानां मलपर्यायवदष्टविधज्ञानावरणादिकर्मरूपेण परिणमन्तीत्यर्थः ॥ अत्र य एव विषयकषायकाले कर्मोपार्जनं करोति स एव परमात्मा वीतरागनिर्विकल्पसमाधिकाले साक्षादुपादेयो भवतीति तात्पर्यार्थः ॥ ६२ ॥ इति कर्मस्वरूपकथनमुख्यत्वेन सूत्रचतुष्टयं गतम् ॥

---

છે એમ કહે છેઃ—

## ગાથા–૬૨

**અન્વયાર્થઃ**—[ **विषयकषायैः** ] વિષયકષાયોથી [ **रंजितानां** ] રંગાયેલા–આસક્ત [ **मोहितानां** ] મોહિત જીવોના [ **जीवप्रदेशेषु** ] જીવપ્રદેશોમાં [ **ये अणवः** ] જે પરમાણુઓ [ **लगन्ति** ] લાગે છે (ચોંટે છે, બંધાય છે.) [ **तान्** ] તે કર્મસ્કંધોને [ **जिनाः** ] જિનેન્દ્રદેવો [ **कर्म** ] કર્મ [ **भणन्ति** ] કહે છે.

**ભાવાર્થઃ**—શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ વિષયકષાયથી રક્ત અને **સ્વસંવેદનના** અભાવથી ઉપાર્જિત કરેલા એવા મોહકર્મના ઉદયરૂપે પરિણમેલા જીવોને કર્મવર્ગણાયોગ્ય સ્કંધો, જેવી રીતે તેલથી લેપાયેલ શરીરમાં ધૂળ લાગીને મેલપર્યાયરૂપ પરિણમે છે તેવી રીતે, અષ્ટવિધ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે એવો અર્થ છે.

અહીં જે વિષયકષાયના કાલે કર્મનું ઉપાર્જન કરે છે તે પરમાત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિકાલે સાક્ષાત્ ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૬૨

એ પ્રમાણે કર્મસ્વરૂપના કથનની મુખ્યતાથી ચાર સૂત્રો સમાપ્ત થયાં.

હવે પાંચ ઇન્દ્રિય, મન, સમસ્ત વિભાવ અને ચાર ગતિના સંતાપો શુદ્ધ નિશ્ચયનયથી કર્મજનિત છે એવો અભિપ્રાય મનમાં રાખીને સૂત્ર કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथापीन्द्रियचित्तसमस्तविभावचतुर्गतिसंतापाः शुद्धनिश्चयनयेन कर्मजनिता इत्यभिप्रायं मनसि धृत्वा सूत्रं कथयन्ति—

६३) पंच वि इंदिय अण्णु मणु अण्णु वि सयल–विभाव ।
जीवहँ कम्मइँ जणिय जिय अण्णु वि चउगइ–ताव ॥६३॥

पञ्चापि इन्द्रियाणि अन्यत् मनः अन्यदपि सकलविभावः ।
जीवानां कर्मणा जनिताः जीव अन्यदपि चतुर्गतितापाः ॥ ६३ ॥

पंच वि इंदिय अण्णु वि सयलवि भाव पञ्चेन्द्रियाणि अन्यन्मनः अन्यदपि पुनरपि समस्तविभावः । जीवहं कम्मइं जणिय जिय अण्णु वि चउगइताव एते जीवानां कर्मणा जनिता हे जीव, न केवलमेते अन्यदपि पुनरपि चतुर्गतिसंतापास्ते कर्मजनिता इति । तद्यथा । अतीन्द्रियात् शुद्धात्मनो यानि विपरीतानि पञ्चेन्द्रियाणि, शुभाशुभसंकल्पविकल्परहितात्मनो यद् विपरीतमनेकसंकल्पविकल्पजालरूपं मनः, ये च शुद्धात्मतत्त्वानुभूतेर्विलक्षणाः समस्तविभावपर्यायाः, वीतरागपरमानन्दसुखामृतप्रतिकूलाः समस्तचतुर्गतिसंतापाः दुःखदाहाश्चेति सर्वेऽप्येते अशुद्धनिश्चयनयेन स्वसंवेद्याभावोपार्जितेन कर्मणा निर्मिता जीवानामिति । अत्र परमात्मद्रव्यात्प्रतिकूलं यत्पञ्चेन्द्रियादिसमस्तविकल्पजालं

---

ગાથા–૬૩

**અન્વયાર્થ:**—[ पंचापि ] પાંચે ય [ इंद्रियाणि ] ઇન્દ્રિયો [ अन्यत् ] અન્ય છે, [ मनः ] મન [ अपि ] અને [ सकलविभावः ] રાગાદિ સમસ્ત વિભાવ [ अन्यत् ] અન્ય છે એ બધા [ जीव ] હે જીવ ! [ जीवानां ] જીવોને [ कर्मणा ] કર્મથી [ जनिताः ] ઊપજે છે અને [ चतुर्गतिसंतापाः अपि ] ચાર ગતિના દુઃખ પણ [ अन्यत ] અન્ય છે,–તેઓ કેવલ અન્ય છે એટલું જ નહિ પણ કર્મજનિત છે.

**ભાવાર્થ:**—અતીંદ્રિય શુદ્ધ આત્માથી વિપરીત જે પાંચ ઇન્દ્રિયો, શુભાશુભ સંકલ્પ વિકલ્પથી રહિત આત્માથી વિપરીત અનેક સંકલ્પ વિકલ્પની જાલરૂપ જે મન અને શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ જે સમસ્ત વિભાવપર્યાયો અને જે વીતરાગ પરમાનંદરૂપ સુખામૃતથી પ્રતિકૂલ ચારગતિના સમસ્ત સંતાપો–દુઃખના દાહો એ સર્વ અશુદ્ધ નિશ્ચયનયથી સ્વસંવેદનના અભાવથી ઉપાર્જેલા કર્મથી જીવોને ઉત્પન્ન થયાં છે.

અહીં પરમાત્મદ્રવ્યથી પ્રતિકૂલ જે પંચેન્દ્રિયાદિ સમસ્ત વિકલ્પજાલ છે તે હેય છે, તેનાથી વિપરીત પંચેન્દ્રિય વિષયની અભિલાષાદિ સમસ્ત વિકલ્પથી રહિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तद्धेयं तद्विपरीतं स्वशुद्धात्मतत्त्वं पञ्चेन्द्रियविषयाभिलाषादिसमस्तविकल्परहितं परमसमाधिकाले साक्षादुपादेयमिति भावार्थः ॥ ६३ ॥

अथ सांसारिकसमस्तसुखदुःखानि शुद्धनिश्चयनयेन जीवानां कर्म जनयतीति निरूपयति—

६४) दुक्खु वि सुक्खु वि बहु–विहउ जीवहँ कम्मु जणेइ ।
अप्पा देक्खइ मुणइ पर णिच्छउ एउँ भणेइ ॥ ६४ ॥

दुःखमपि सुखमपि बहुविधं जीवानां कर्म जनयति ।
आत्मा पश्यति मनुते परं निश्चयः एवं भणति ॥ ६४ ॥

दुक्खु वि सुक्खु वि बहुविहउ जीवहं कम्मु जणेइ दुःखमपि सुखमपि । कथंभूतम् । बहुविधं जीवानां कर्म जनयति । अप्पा देक्खइ मुणइ पर णिच्छउ एउं भणेइ आत्मा पुनः पश्यति जानाति परं नियमेन निश्चयनयः एवं ब्रुवते इति। तथाहि—अनाकुलत्वलक्षणपारमार्थिकवीतरागसौख्यात् प्रतिकूलं सांसारिकसुखदुःखं यद्यप्यशुद्धनिश्चयनयेन जीवजनितं तथापि शुद्धनिश्चयेन कर्मजनितं भवति । आत्मा पुनर्वीतरागनिर्विकल्पसमाधिस्थः सन् वस्तु वस्तुस्वरूपेण पश्यति जानाति च न च रागादिकं करोति । अत्र पारमार्थिकसुखाद्विपरीतं सांसारिकसुखदुःखविकल्पजालं हेयमिति तात्पर्यार्थः ॥ ६४ ॥

---

એવું સ્વશુદ્ધાત્મતત્ત્વ પરમ સમાધિના સમયે સાક્ષાત્ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૬૩

હવે શુદ્ધ નિશ્ચયનયથી જીવોને સાંસારિક સમસ્ત સુખદુઃખોને કર્મ ઉત્પન્ન કરે છે. એમ કહે છેઃ—

## ગાથા–૬૪

**અન્વયાર્થઃ**—[ जीवानां ] જીવોને [ बहुविधं ] અનેક પ્રકારના [ दुःखं अपि सुखं अपि ] દુઃખ અને સુખ [ कर्म ] કર્મ [ जनयति ] ઉત્પન્ન કરે છે અને [ आत्मा ] આત્મા [ परं ] નિયમથી [ पश्यति मनुते ] દેખે–જાણે છે [ एवं ] એ પ્રમાણે [ निश्चयः ] નિશ્ચયનય [ भणति ] કહે છે.

**ભાવાર્થઃ**—અનાકુલતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક વીતરાગ સુખથી પ્રતિકૂલ સાંસારિક સુખદુઃખ જો કે અશુદ્ધ નિશ્ચયનયથી જીવજનિત છે તો પણ શુદ્ધ નિશ્ચયનયથી કર્મજનિત છે, અને આત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્થ થયો થકો, વસ્તુને વસ્તુસ્વરૂપે દેખે–જાણે છે પણ રાગાદિ કરતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ निश्चयेन बंधमोक्षौ कर्म करोतीति प्रतिपादयति—

६५) बंधु वि मोक्खु वि सयलु जिय जीवहँ कम्मु जणेइ ।
अप्पा किंपि वि कुणइ णवि णिच्छउ एउँ भणेइ ॥ ६५ ॥

बन्धमपि मोक्षमपि सकलं जीव जीवानां कर्म जनयति ।
आत्मा किमपि करोति नैव निश्चय एवं भणति ॥ ६५ ॥

बंधु वि मोक्खु वि सयलु जिय जीवहं कम्मु जणेइ बन्धमपि मोक्षमपि समस्तं हे जीव जीवानां कर्म कर्तृ जनयति अप्पा किंपि [ किंचि ] वि कुणइ णवि णिच्छउ एउं भणेइ आत्मा किमपि न करोति बन्धमोक्षस्वरूपं निश्चय एवं भणति । तद्यथा । अनुपचरितासद्भूतव्यवहारेण द्रव्यबन्धं तथैवाशुद्धनिश्चयेन भावबन्धं तथा नयद्वयेन द्रव्यभावमोक्षमपि यद्यपि जीवः करोति तथापि शुद्धपारिणामिकपरमभावग्राहकेन शुद्धनिश्चयनयेन न करोत्येवं भणति । कोऽसौ । निश्चय इति । अत्र य एव शुद्धनिश्चयेन बन्धमोक्षौ न करोति स एव शुद्धात्मोपादेय इति भावार्थः ॥ ६५ ॥

---

અહીં પારમાર્થિક સુખથી વિપરીત સાંસારિક સુખદુઃખરૂપ વિકલ્પજાલ હેય છે એવો તાત્પર્યાર્થ છે. ૬૪

હવે નિશ્ચયનયથી બંધમોક્ષ કર્મ કરે છે એમ કહે છેઃ—

## ગાથા—૬૫

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ! [ जीवानां ] જીવોને [ बंधं अपि मोक्षं अपि सकलं ] બંધ અને મોક્ષ બધુંય [ कर्म ] કર્મ [ जनयति ] કરે છે [ आत्मा ] આત્મા બંધમોક્ષસ્વરૂપને [ किं अपि नैव ] કાંઈ પણ કરતો નથી [ एवं ] એ પ્રમાણે [ निश्चयः ] નિશ્ચયનય [ भणति ] કહે છે.

**ભાવાર્થઃ**—અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યબંધ તેમજ અશુદ્ધ નિશ્ચયનયથી ભાવબંધ તથા બન્ને નયોથી દ્રવ્યભાવરૂપ મોક્ષને પણ જો કે જીવ કરે છે તોપણ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધનિશ્ચયનયથી કરતો જ નથી એમ નિશ્ચયનય કહે છે.

અહીં જે શુદ્ધનિશ્ચયનયથી બંધમોક્ષને કરતો નથી તે જ શુદ્ધ આત્મા ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૬૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ स्थलसंख्याबाह्यं प्रक्षेपकं कथयति—

६६) सो णत्थि त्ति पएसो चउरासी-जोणि-लक्ख-मज्झम्मि ।
जिण वयणं ण लहंतो जत्थ ण डुलुडुल्लिओ जीवो ॥६५※१॥

स नास्ति इति प्रदेशः चतुरशीतियोनिलक्षमध्ये
जिनवचनं न लभमानः यत्र न भ्रमितः जीवः ॥ ६५*१ ॥

सो णत्थि त्ति पएसो स प्रदेशो नास्त्यत्र जगति । स किम् । चउरासीजोणिलक्खमज्झम्मि जिणवयणं ण लहंतो जत्थ ण डुलुडुल्लिओ जीवो चतुरशीतियोनिलाक्षेषु मध्ये भूत्वा जिनवचनमलभमानो यत्र न भ्रमितो जीव इति । तथाहि । भेदाभेदरत्नत्रयप्रतिपादकं जिनवचनमलभमानः सन्नयं जीवोऽनादिकाले यत्र चतुरशीतियोनिलक्षेषु मध्ये भूत्वा न भ्रमितः सोऽत्र कोऽपि प्रदेशो नास्ति इति । अत्र यदेव भेदाभेदरत्नत्रयप्रतिपादकं जिनवचनमलभमानो भ्रमितो जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वादुपादेयमिति तात्पर्यार्थः ॥ ६५※१ ॥

अथात्मा पङ्गुवत् स्वयं न याति न चैति कर्मैव नयत्यानयति चेति कथयति—

---

હવે દોહા–સૂત્રોની સ્થલસંખ્યાથી બહાર પ્રક્ષેપકને કહે છે:—

## ગાથા–૬૫※૧

**અન્વયાર્થ**:—[ **जिनवचनं न लभमानं** ] જિનવચનને નહિ પ્રાપ્ત કરતો થકો, આ જગતમાં [ **सः प्रदेशः न अस्ति** ] એવો કોઈપણ પ્રદેશ નથી [ **यत्र** ] કે જ્યાં—[ **चतुरशीतियोनिलक्षमध्ये** ] ચોરાશીલાખ યોનીમાં–ઉપજીને [ **जीवः** ] આ જીવ [ **न भ्रमितः** ] ન ભટક્યો હોય.

**ભાવાર્થ**:—આ જગતમાં એવો કોઈ પણ પ્રદેશ નથી કે જ્યાં ચોરાશીલાખ યોનિમાં–ઉપજીને–ભેદાભેદરત્નત્રયના પ્રતિપાદક જિનવચનને નહિ પ્રાપ્ત કરતો થકો આ જીવ અનાદિકાલથી ન ભમ્યો હોય.

અહીં ભેદાભેદરત્નત્રયના પ્રતિપાદક જે જિનવચનને નહિ પ્રાપ્ત કરતો થકો જીવ ભટક્યો તે જિનવચન ઉપાદેયભૂત આત્મસુખનો પ્રતિપાદક હોવાથી ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૬૫*૧

હવે આત્મા પાંગળા માણુસની જેમ સ્વયં જતો નથી, કે આવતો નથી, કર્મ જ તેને લાવે છે, લઈ જાય છે એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



६७) अप्पा पंगुह अणुहरइ अप्पु ण जाइ ण एइ ।
भुवणत्तयहँ वि मज्झि जिय विहि आणइ विहि णेइ ॥६६॥

आत्मा पङ्गोः अनुहरति आत्मा न याति न आयाति ।
भुवनत्रयस्य अपि मध्ये जीव विधिः आनयति विधिः नयति ॥ ६६ ॥

अप्पा पंगुह अणुहरइ अप्पु ण जाइ ण एइ आत्मा पङ्गोरनुहरति सदृशो भवति [1]अयमात्मा न याति न चागच्छति । क्व । भुवणत्तयहं वि मज्झि जिय विहि आणइ विहि णेइ भुवनत्रयस्यापि मध्ये हे जीव विधिरानयति विधिर्नयतीति । तद्यथा । अयमात्मा शुद्धनिश्चयेनान्तवीर्यत्वात् शुभाशुभकर्मरूपनिगलद्वयरहितोऽपि व्यवहारेण अनादिसंसारे स्वशुद्धात्मभावनाप्रतिबन्धकेन मनोवचनकायत्रयेणोपार्जितेन कर्मणा निर्मितेन पुण्यपापनिगलद्वयेन दृढतरं बद्धः सन् पङ्गुवद्भूत्वा स्वयं न याति न चागच्छति स एवात्मा परमात्मोपलम्भप्रतिपक्षभूतेन विधिशब्दवाच्येन कर्मणा भुवनत्रये नीयते तथैवानीयते चेति । अत्र वीतरागसदानन्दैकरूपात्सर्वप्रकारोपादेयभूतात्परमात्मनो यद्भिन्नं शुभाशुभकर्मद्वयं तद्धेयमिति भावार्थः ॥ ६६ ॥ इति कर्मशक्तिस्वरूपकथनमुख्यत्वेनाष्टमथस्ले सूत्राष्टकं गतम् ।

---

### ગાથા–૬૬

**અન્વયાર્થ:**—[ आत्मा ] આત્મા [ पंगोः अनुहरति ] પાંગળા માણસની જેવો છે, [ आत्मा ] આ આત્મા [ न याति न आयाति ] (સ્વયં) જતો નથી કે આવતો નથી. [ जीवः ] હે જીવ! [ भुवनत्रयस्यअपि मध्ये ] ત્રણ લોકમાં આ જીવને [ विधिः ] કર્મ [ आनयति ] લાવે છે અને [ विधिः ] કર્મ [ नयति ] લઈ જાય છે.

**ભાવાર્થ:**—આ આત્મા શુદ્ધનિશ્ચયનયથી અનંતવીર્યવાળો હોવાથી શુભાશુભકર્મરૂપ બંધનદ્વયથી રહિત હોવા છતાં વ્યવહારનયથી અનાદિના સંસારમાં સ્વશુદ્ધાત્માની ભાવનાના પ્રતિબંધક મન, વચન, કાય એ ત્રણથી ઉપાર્જિત કરેલા કર્મથી રચાયેલ પુણ્ય–પાપરૂપ બંધનદ્વયથી દ્રઢતર બંધાયેલો થકો પાંગળા જેવો થઈને સ્વયં જતો નથી અને આવતો નથી, પણ તે આત્માને પરમાત્માની પ્રાપ્તિ પ્રતિપક્ષભૂત વિધિથી શબ્દથી કહેવાતા કર્મથી ત્રણ લોકમાં લઈ જવાય છે અને લાવવામાં આવે છે.

અહીં વીતરાગ સદાનંદ જેનું એક રૂપ છે એવા સર્વ પ્રકારે ઉપાદેયભૂત પરમાત્માથી જે શુભાશુભ કર્મદ્વય ભિન્ન છે તે હેય છે, એવો ભાવાર્થ છે. ૬૬

---

૧. પાઠાન્તર:– अयमात्मा=स्वयमात्मा

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत ऊर्ध्वं भेदाभेदभावनामुख्यतया पृथक् पृथक् स्वतन्त्रसूत्रनवकं कथयति—

६८) अप्पा अप्पु जि परु जि परु अप्पा परु जि ण होइ।
परु जि कयाइ वि अप्पु णवि णियमें पभणहिं जोई ॥६७॥

आत्मा आत्मा एव परः एव परः आत्मा परः एव न भवति ।
पर एव कदाचिदपि आत्मा नैव नियमेन प्रभणन्ति योगिनः ॥ ६७ ॥

अप्पा अप्पु जि परु जि परु अप्पा परु जि ण होइ आत्मात्मैव पर एव परः आत्मा पर एव न भवति । परु जि कयाइ वि अप्पु णवि णियमें पभणहिं जोइ पर एव कदाचिदप्यात्मा नैव भवति नियमेन निश्चयेन भणन्ति कथयन्ति । के कथयन्ति । परमयोगिन इति । तथाहि । शुद्धात्मा केवलज्ञानादिस्वभावः शुद्धात्मात्मैव परः कामक्रोधादिस्वभावः पर एव पूर्वोक्तः परमात्माभिधानं तदैकस्वस्वभावं त्यक्त्वा कामक्रोधादिरूपो न भवति । कामक्रोधादिरूपः परः क्वापि काले शुद्धात्मा न भवतीति परमयोगिनः कथयन्ति । अत्र मोक्षसुखादुपादेयभूतादभिन्नः कामक्रोधादिभ्यो

---

એ પ્રમાણે કર્મશક્તિના સ્વરૂપના કથનની મુખ્યતાથી આઠમાં સ્થલમાં આઠ દોહક-સૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી ભેદાભેદ ભાવનાની મુખ્યતાથી પૃથક્ પૃથક્ સ્વતંત્ર નવ ગાથા સૂત્રો કહે છે:—

## ગાથા–૬૭

**અન્વયાર્થ:**—[आत्मा] આત્મા [ आत्मा एव ] આત્મા જ છે, [ परः ] પર [ परः एव ] પર જ છે, [ आत्मा ] આત્મા [ परः एव ] પરરૂપ [ न भवति ] થતો નથી અને [ परः एव ] પર પણ [ कदाचित अपि ] કોઈ પણ સમયે [ आत्मा न एव ] આત્મારૂપ થતો નથી એમ [ निश्चयेन ] નિશ્ચયથી [ योगिनः ] યોગીઓ [ प्रभणन्ति ] કહે છે.

**ભાવાર્થ:**—કેવલજ્ઞાનાદિ જેનો સ્વભાવ છે એવો શુદ્ધાત્મા તે શુદ્ધ આત્મા જ છે, કામક્રોધાદિ જેનો સ્વભાવ છે એવો પર તે પર જ છે. પૂર્વોક્ત પરમાત્મા નામનો શુદ્ધાત્મા તેના એક ( કેવલ ) સ્વભાવને છોડીને કામક્રોધાદિરૂપ થતો નથી, કામક્રોધાદિ પર કોઇ પણ સમયે શુદ્ધઆત્મારૂપ થતો નથી એમ પરમયોગીઓ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भिन्नो यः शुद्धात्मा स एवोपादेय इति तात्पर्यार्थः ॥ ६७ ॥

अथ शुद्धनिश्चयेननोत्पत्तिं मरणं बन्धमोक्षौ च न करोत्यात्मेति प्रतिपादयति–

६९) ण वि उप्पज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ ।
जिउ परमत्थेँ जोइया जिणवरु एउँ भणेइ ॥ ६८ ॥

नापि उत्पद्यते नापि म्रियते बन्धं न मोक्षं करोति ।
जीवः परमार्थेन योगिन् जिनवरः एवं भणति ॥ ६८ ॥

नाप्युत्पद्यते नापि म्रियते बन्धं मोक्षं च न करोति । कोऽसौ कर्ता । जीवः । केन परमार्थेन हे योगिन् जिनवर एवं ब्रूते कथयति । तथाहि । यद्यप्यात्मा शुद्धात्मानुभूत्यभावे सति शुभाशुभोपयोगाभ्यां परिणम्य जीवित-मरणशुभाशुभबन्धान् करोति । शुद्धात्मानुभूतिसद्भावे तु शुद्धोपयोगेन परिणम्य मोक्षं च करोति तथापि शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन न करोति । अत्राह शिष्यः । यदि शुद्धद्रव्यार्थिकलक्षणेन शुद्धनिश्चयेन मोक्षं च न करोति तर्हि शुद्धनयेन मोक्षो नास्तीति तदर्थमनुष्ठानं वृथा । परिहारमाह ।

---

અહીં ઉપાદેયભૂત મોક્ષસુખથી અભિન્ન અને કામક્રોધાદિથી ભિન્ન જે શુદ્ધાત્મા છે તે જ ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૬૭

હવે શુદ્ધનિશ્ચયનયથી આત્મા જન્મ, મરણ, બંધ અને મોક્ષને કરતો નથી એમ કહે છેઃ—

## ગાથા–૬૮

**અન્વયાર્થઃ**—[ योगीन् ] હે યોગી! [ परमार्थेन ] પરમાર્થથી [ जीवः ] જીવ [ न अपि उत्पद्यते ] ઉત્પન્ન થતો નથી, [ न अपि म्रियते ] મરતો નથી, [ बंध मोक्षं ] બંધ અને મોક્ષને [ न करोति ] કરતો નથી. [ एवं ] એમ [ जिनवरः ] જિનેન્દ્રદેવ [ भणति ] કહે છે.

**ભાવાર્થઃ**—જો કે આત્મા શુદ્ધ આત્માની અનુભૂતિનો અભાવ હોતાં, શુભાશુભ ઉપયોગરૂપે પરિણમીને જન્મ, મરણ અને શુભ–અશુભ બંધને કરે છે, અને શુદ્ધ આત્માની અનુભૂતિના સદ્ભાવમાં શુદ્ધ ઉપયોગરૂપે પરિણમીને મોક્ષ પણ કરે છે તોપણ શુદ્ધ પારિ-ણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જન્મમરણ અને બંધમોક્ષને કરતો નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोक्षो हि बन्धपूर्वकः, स च बन्धः शुद्धनिश्चयेन नास्ति, तेन कारणेन बन्धप्रतिपक्षभूतो मोक्षः सोऽपि शुद्धनिश्चयेन नास्ति। यदि पुनः शुद्धनिश्चयेन बन्धो भवति तदा सर्वदैव बन्ध एव। अस्मिन्नर्थे दृष्टान्तमाह। एकः कोऽपि पुरुषः शृङ्खलाबद्धस्तिष्ठति द्वितीयस्तु बन्धनरहितस्तिष्ठति यस्य बन्धभावो मुक्त इति व्यवहारो घटते, द्वितीयं प्रति मोक्षो जातो भवत इति यदि भण्यते तदा कोप करोति। कस्माद्बन्धाभावे मोक्षवचनं कथं घटत इति। तथा जीवस्यापि शुद्धनिश्चयेन बन्धाभावे मुक्तवचनं न घटते इति। अत्र वीतरागनिर्विकल्पसमाधिरतो मुक्तजीवसदृशः स्वशुद्धात्मोपादेय इति भावार्थः ॥ ६८ ॥

अथ निश्चयनयेन जीवस्योद्भवजरामरणरोगलिङ्गवर्णसंज्ञा नास्तीति कथयन्ति—

**७०) अत्थि ण उब्भउ जर-मरणु रोय वि लिंग वि वण्ण।**
**णियमिं अप्पु वियाणि तुहुँ जीवहँ एक्क वि सण्ण ॥ ६९ ॥**

अस्ति न उद्भवः जरामरणं रोगाः अपि लिङ्गान्यपि वर्णाः।
नियमेन आत्मन् विजानीहि त्वं जीवस्य एकापि संज्ञा ॥ ६९ ॥

---

અહીં શિષ્ય પ્રશ્ન પૂછે છેઃ–જો શુદ્ધદ્રવ્યાર્થિકનયરૂપ શુદ્ધનિશ્ચયનયથી મોક્ષને કરતો નથી તો શુદ્ધનયથી મોક્ષ નથી, તો પછી તેને માટે અનુષ્ઠાન કરવું વૃથા છે ?

**તેનો પરિહારઃ**—મોક્ષ ખરેખર બંધપૂર્વક છે અને શુદ્ધનિશ્ચયનયથી તો તે બંધ પણ નથી તે કારણે બંધના પ્રતિપક્ષભૂત એવો મોક્ષ તે પણ શુદ્ધનિશ્ચયનયથી નથી. વળી જો શુદ્ધનિશ્ચયનયથી બંધ હોય તો સર્વદા બંધજ રહે. આ વિષયના સમર્થનમાં દૃષ્ટાંત કહે છેઃ–કોઈ એક પુરુષ સાંકળથી બંધાયો છે અને બીજો બંધન રહિત છે. જે બંધાયો છે તેને 'છૂટ્યો' એવો વ્યવહાર ઘટે છે. બીજા પુરુષને (જે પહેલેથી જ બંધાયો નથી તેને) તમે 'છૂટ્યા' એમ જો કહેવામાં આવે તો તે ક્રોધ કરે છે કારણ કે બંધ નહોતો તો પછી મોક્ષનું વચન કઈ રીતે ઘટે ? તેવી રીતે શુદ્ધનિશ્ચયનયથી જીવને પણ બંધના અભાવમાં 'મુક્ત' એવું વચન પણ ઘટતું નથી.

અહીં વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત સ્વશુદ્ધાત્મા મુક્તજીવ સદૃશ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૬૮.

હવે નિશ્ચયનયથી જીવને જન્મ, જરા, મરણ, રોગ, લિંગ, વર્ણ, સંજ્ઞા નથી એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्थि ण उब्भउ जरमरणु रोय वि लिंग वि वण्ण अस्ति न न विद्यते । किं किं नास्ति । उब्भउ उत्पत्तिः जरामरणं रोगा अपि लिङ्गान्यपि वर्णाः णियमिं अप्पु वियाणि तुहुं जीवहं एक्क वि सण्ण नियमेन निश्चयेन हे आत्मन् हे जीव विजानीहि त्वम् । कस्य नास्ति । जीवस्य न केवलमेतन्नास्ति संज्ञापि नास्तीति । अत्र संज्ञाशब्देनाहारादिसंज्ञा नामसंज्ञा वा ग्राह्या । तथाहि । वीतरागनिर्विकल्पसमाधेर्विपरीतैः क्रोधमानमायालोभप्रभृतिविभावपरिणामैर्यान्युपार्जितानि कर्माणि तदुदयजनितान्युद्भवादीनि शुद्धनिश्चयेन न सन्ति जीवस्य । तानि कस्मान्न सन्ति । केवलज्ञानाद्यनन्तगुणैः कृत्वा निश्चयेनानादिसंतानागतोद्भवादिभ्यो भिन्नत्वादिति । अत्र उपादेयरूपानन्तसुखाविनाभूतशुद्धजीवात्तत्सकाशाद्यानि भिन्नान्युद्भवादीनि तानि हेयानीति तात्पर्यार्थः ॥ ६९ ॥

यद्युद्भवादीनि स्वरूपाणि शुद्धनिश्चयेन जीवस्य न सन्ति तर्हि कस्य सन्तीति प्रश्ने देहस्य भवन्तीति प्रतिपादयति—

**७१) देहहँ उब्भउ जर-मरणु देहहँ वण्णु विचित्तु ।**
**देहहँ रोय वियाणि तुहुँ देहहँ लिंगु विचित्तु ॥ ७० ॥**

---

### ગાથા–૬૯

**અન્વયાર્થ:**—[ जीवस्य ] જીવને [ उद्भवः ] જન્મ, [ जरामरणं ] જરા, મરણ, [ रोगाः अपि ] રોગો, [ लिंगानि अपि ] લિંગો, [ वर्णाः ] વર્ણ [ न अस्ति ] નથી એમ [ आत्मन् ] હે જીવ ! [ त्वं ] તું [ नियमेन ] નિશ્ચયથી [ विजानीहि ] જાણ. એ બધું જીવને નથી એટલું જ નહિ પણ [ एका अपि संज्ञा ] જીવને એક પણ સંજ્ઞા નથી. અહીં સંજ્ઞા શબ્દથી આહારાદિસંજ્ઞા અથવા નામસંજ્ઞા સમજવી.

**ભાવાર્થ:**—વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી વિપરીત ક્રોધ, માન, માયા, લોભ આદિ વિભાવપરિણામોથી ઉપાર્જિત જે કર્મો છે તેના ઉદયજનિત જે જન્માદિ તે શુદ્ધ નિશ્ચયનયથી જીવને નથી, કારણ કે કેવલજ્ઞાનાદિ અનંત ગુણે કરીને નિશ્ચયનયથી અનાદિ-સંતાનથી પ્રાપ્ત જન્માદિથી જીવ ભિન્ન છે.

અહીં ઉપાદેયરૂપ અનંત સુખની સાથે અવિનાભૂત શુદ્ધ જીવથી જે જન્માદિ ભિન્ન છે તે હેય છે એવો તાત્પર્યાર્થ છે. ૬૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देहस्य उद्भवः जरामरणं देहस्य वर्णः विचित्रः ।
देहस्य रोगान् विजानीहि त्वं देहस्य लिङ्गं विचित्रम् ॥ ७० ॥

देहस्य भवति । किं किम् । उब्भउ उत्पत्तिः जरामरणं च वर्णो विचित्रः । वर्णशब्देनात्र पूर्वसूत्रे च श्वेतादि ब्राह्मणादि वा गृह्यते । तस्यैव देहस्य रोगान् विजानीहीति, लिङ्गमपि लिङ्गशब्देनात्र पूर्वसूत्रे च स्त्रीपुंनपुंसकलिङ्गं यतिलिङ्गं वा ग्राह्यं चित्तं मनश्चेति । तद्यथा—शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयभावनाप्रतिकूलै रागद्वेषमोहैर्यान्युपार्जितानि कर्माणि तदुदयसंपन्ना जन्ममरणादिधर्मा यद्यपि व्यवहारनयेन जीवस्य सन्ति तथापि निश्चयनयेन देहस्येति ज्ञातव्यम् । अत्र देहादिममत्वरूप विकल्पजालं त्यक्त्वा यदा वीतरागसदानन्दैकरूपेण सर्वप्रकारोपादेयभूतेन परिणमति तदा स्वशुद्धात्मैवोपादेय इति भावार्थः ॥ ७० ॥

अथ देहस्य जरामरणं दृष्ट्वा मा भयं जीव कार्षीरिति निरूपयति—

---

શુદ્ધ નિશ્ચયનયથી જે જન્માદિ સ્વરૂપો જીવનાં નથી તો તે કોનાં છે? એવા શિષ્યના પ્રશ્નના ઉત્તરમાં ‘ તે સર્વ દેહનાં છે ’ એમ કહે છેઃ—

## ગાથા–૭૦

**અન્વયાર્થઃ**—[ **देहस्य** ] દેહને [ **उद्भवः** ] જન્મ છે, [ **जरामरणं** ] જરા છે, મરણ છે, [ **देहस्य** ] દેહને [ **विचित्रः वर्णः** ] અનેક પ્રકારના વર્ણ છે, ‘ વર્ણ ’ શબ્દથી અહીં અને પૂર્વગાથાસૂત્રમાં શ્વેતાદિ પાંચ વર્ણો અથવા બ્રાહ્મણાદિ ચાર વર્ણો સમજવા, [ **देहस्य** ] તે જ દેહને [ **रोगान्** ] અનેક રોગ [ **देहस्य** ] અને તેજ દેહને [ **विचित्रं लिंगं** ] વિચિત્ર લિંગ છે, ‘ લિંગ ’ શબ્દથી અહીં અને પૂર્વગાથાસૂત્રમાં સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ અથવા યતિલિંગ કે ચિત્ત અર્થાત્ દ્રવ્યમન સમજવાં, એમ [ **त्वं** ] તું [ **विजानीहि** ] જાણ.

**ભાવાર્થઃ**—શુદ્ધ આત્માનાં સમ્યક્‌શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ આચરણરૂપ અભેદ-રત્નત્રયની ભાવનાથી પ્રતિકૂલ રાગદ્વેષમોહથી ઉપાર્જિત જે કર્મો તેના ઉદયથી પ્રાપ્ત થતા જન્મમરણાદિ ધર્મો–જો કે વ્યવહારનયથી જીવના છે તો પણ–નિશ્ચયનયથી દેહના છે એમ જાણવું.

અહીં દેહાદિના મમતારૂપ વિકલ્પજાલને છોડીને આ જીવ જ્યારે સર્વપ્રકારે ઉપાદેયભૂત એક ( કેવલ ) વીતરાગ સદાનંદરૂપે પરિણમે છે ત્યારે સ્વશુદ્ધઆત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૭૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



७२) देहहँ पेक्खिवि जर-मरणु मा भउ जीव करेहि ।
जो अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि ॥ ७१ ॥

देहस्य दृष्ट्वा जरामरणं मा भयं जीव कार्षीः ।
यः अजरामरः ब्रह्मा परः तं आत्मानं मन्यस्व ॥ ७१ ॥

देहहं पेक्खिवि जरमरणु मा भउ जीव करेहि देहसंबन्धि दृष्ट्वा । किम् । जरा-मरणम् । मा भयं कार्षीः हे जीव । अयमर्थो यद्यपि व्यवहारेण जीवस्य जरामरणं तथापि शुद्धनिश्चयेन देहस्य न च जीवस्येति मत्वा भयं मा कार्षीः । तर्हि किं कुरु । जो अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि यः कश्चिदजरामरो जरामरणरहितब्रह्मशब्दवाच्यः शुद्धात्मा । कथंभूतः । परः सर्वोत्कृष्टस्तमित्थंभूतं परं ब्रह्मस्वभावमात्मानं जानीहि पञ्चेन्द्रियविषयप्रभृतिसमस्तविकल्पजालं मुक्त्वा परमसमाधौ स्थित्वा तमेव भावयेति भावार्थः ॥ ७१ ॥

अथ देहे छिद्यमानेऽपि भिद्यमानेऽपि शुद्धात्मानं भावयेत्यभिप्रायं मनसि धृत्वा सूत्रं प्रतिपादयति—

---

હવે દેહનાં જરા, મરણ દેખીને હે જીવ ? તું ભય ન કર એમ કહે છેઃ—

## ગાથા–૭૧

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! [ देहस्य ] દેહનાં [ जरामरणं ] જરા, મરણ [ दृष्ट्वा ] દેખીને [ भयं ] ભય [ मा कार्षीः ] ન કર. અહીં આ અર્થ છે કે જો કે વ્યવહારનયથી જીવને જરા, મરણ છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી દેહને છે, જીવને નથી એમ જાણીને તું ભય ન કર.

તો શું કર તે કહે છે. [ यः ] જે કોઈ [ अजरामरः ] અજરામર–જરામરણરહિત–[ परः ] સર્વોત્કૃષ્ટ, [ ब्रह्मा ] ‘બ્રહ્મ’ શબ્દથી વાચ્ય એવો શુદ્ધ આત્મા છે [ तं ] તેને તું [ आत्मानं ] પરમબ્રહ્મસ્વભાવરૂપ આત્મા [मन्यस्व] જાણ. પાંચ ઇન્દ્રિયોના વિષયો આદિથી માંડીને સમસ્ત વિકલ્પજાલને છોડીને પરમસમાધિમાં સ્થિત થઈને તેને જ ( પરમ બ્રહ્મસ્વરૂપ આત્માને જ ) ભાવ એવો ભાવાર્થ છે. ૭૧

હવે દેહ છેદાઈ જાઓ, ભેદાઈ જાઓ તો પણ શુદ્ધ આત્માને ભાવ એવો અભિપ્રાય રાખીને ગાથાસૂત્ર કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૩) छिज्जउ भिज्जउ जाउ खउ जोइय एहु सरीरु ।
अप्पा भावहि णिम्मलउ जिं पावहि भव-तीरु ॥ ७२ ॥

छिद्यतां भिद्यतां यातु क्षयं योगिन् इदं शरीरम् ।
आत्मानं भावय निर्मलं येन प्राप्नोषि भवतीरम् ॥ ७२ ॥

छिज्जउ भिज्जउ जाउ खउ जोइय एहु शरीरु छिद्यता वा द्विधा भवतु भिद्यतां वा छिद्रीभवतु क्षयं वा यातु हे योगिन् इदं शरीरं तथापि त्वं किं कुरु । अप्पा भावहि णिम्मलउ आत्मानं वीतरागचिदानन्दैकस्वभावं भावय । किंविशिष्टम् । निर्मलं भावकर्मद्रव्यकर्मनोकर्मरहितम् । येन किं भवति । जिं पावहि भवतीरु येन परमात्मध्यानेन प्राप्नोषि लभसे त्वं हे जीव । किम् । भवतीरं संसारसागरावसानमिति अत्र योऽसौ देहस्य छेदनादिव्यापारेऽपि रागद्वेषादिक्षोभमकुर्वन् सन् शुद्धात्मानं भावयतीति संपादनादर्वाङ्मोक्षं स गच्छतीति भावार्थः ॥ ७२ ॥

अथ कर्मकृतभावानचेतनं द्रव्यं च निश्चयनयेन जीवाद्भिन्नं जानीहीति कथयति—

૭૪) कम्महँ केरा भावडा अण्णु अचेयणु दव्वु ।
जीव-सहावहँ भिण्णु जिय णियमिं बुज्झहि सव्वु ॥ ७३ ॥

---

## ગાથા–૭૨

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી! [ इदं शरीरं ] આ શરીર [ छिद्यतां ] છેદાઈ જાઓ કે તેના બે ટુકડા થઈ જાઓ, [ भिद्यतां ] અથવા ભેદાઈ જાઓ કે છિદ્રવાળું થઈ જાઓ, [ क्षयंयातु ] અથવા નષ્ટ થઈ જાઓ તોપણ તું [ निर्मलं आत्मानं ] નિર્મલ–ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મરહિત, વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા આત્માને [ भावय ] ભાવ [ येन ] કે જે પરમાત્માના ધ્યાનથી હે જીવ! [ भवतीरं ] સંસાર સાગરનો [ प्राप्नोषि ] પાર પામીશ.

**ભાવાર્થ:**—અહીં જે દેહના છેદનાદિ વ્યાપારમાં પણ રાગાદિ ક્ષોભને નહિ કરતો થકો શુદ્ધ આત્માને ભાવે છે તે જીવ એમ કરવાથી શીઘ્ર મોક્ષને પામે છે. ૭૨.

હવે તું કર્મકૃત ( રાગાદિ ) ભાવોને અને અચેતન દ્રવ્યને નિશ્ચયનયથી જુદા જાણ એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्मणः संबन्धितः भावा अन्यत् अचेतनं द्रव्यम् ।
जीवस्वभावात् भिन्नं जीव नियमेन बुध्यस्व सर्वम् ॥ ७३ ॥

कम्महं केरा भावडा अण्णु अचेयणु दव्वु कर्मसम्बन्धिनो रागादिभावा अन्यत् अचेतनं देहादिद्रव्यं एतत्पूर्वोक्तं अप्पसहावहं भिण्णु जिय विशुद्धज्ञानदर्शनस्वरूपादात्मस्वभावान्निश्चयेन भिन्नं पृथग्भूतं हे जीव णियमिं बुज्झहि सव्वु नियमेन निश्चयेन बुध्यस्व जानीहि सर्वं समस्तमिति । अत्र मिथ्यात्वाविरतिप्रमादकषाययोगनिवृत्तिपरिणामकाले शुद्धात्मोपादेय इति तात्पर्यार्थः ॥७३॥

अथ ज्ञानमयपरमात्मनः सकाशादन्यत्परद्रव्यं मुक्त्वा शुद्धात्मानं भावयेति निरूपयति—

७५) अप्पा मेल्लिवि णाणमउ अण्णु परायउ भाउ ।
सो छंडेविणु जीव तुहुँ भावहि अप्प-सहाउ ॥ ७४ ॥

आत्मानं मुक्त्वा ज्ञानमयं अन्यः परः भावः ।
तं त्यक्त्वा जीव त्वं भावय आत्मस्वभावम् ॥ ७४ ॥

---

## ગાથા–૭૩

**અન્વયાર્થ:**—[ कर्मणः संबन्धिनः भावाः ] કર્મ સંબંધી રાગાદિ ભાવો અને [ अन्यत अचेतनं द्रव्यं ] શરીરાદિ બીજાં અચેતન દ્રવ્ય–[ सर्वं ] એ સર્વને નિશ્ચયનયથી [ जीवस्वभावात ] પૂર્વોક્ત વિશુદ્ધજ્ઞાનદર્શન સ્વરૂપ આત્મસ્વભાવથી [ भिन्नं ] ભિન્ન–પૃથક્‌ભૂત–[ जीव ] હે જીવ ! તું [ नियमेन ] નિશ્ચયથી [ बुध्यस्व ] જાણ.

**ભાવાર્થ:**—અહીં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગની નિવૃત્તિના પરિણામ વખતે શુદ્ધ આત્મા ઉપાદેય છે. ૭૩

હવે જ્ઞાનમય પરમાત્માથી ભિન્ન એવા પરદ્રવ્યને છોડીને તું શુદ્ધ આત્માને ભાવ એમ કહે છેઃ—

## ગાથા–૭૪

**અન્વયાર્થ:**—[ ज्ञानमयं आत्मानं मुक्तवा ] જ્ઞાનમય આત્મા સિવાય [ अन्यः परः भावः ] જે અન્ય પર ભાવો છે [ तं ] તેને [ त्यक्तवा ] છોડીને [ जीव ] હે જીવ ! [ त्वं ] તું [ आत्मस्वभावं ] આત્મસ્વભાવને [ भावय ] ભાવ.

**ભાવાર્થ:**—જેમાં અનંત ગુણોની રાશિ અન્તર્ભૂત છે એવા કેવલજ્ઞાનમય આત્માને છોડીને આત્માથી જુદા અભ્યંતરમાં જે મિથ્યાત્વરાગાદિ અને બાહ્યમાં દેહાદિપરભવો છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्पा मिल्लिवि णाणमउ अण्णु परायउ भाउ आत्मानं मुक्त्वा । किंविशिष्टम् ज्ञानमयं केवलज्ञानान्तर्भूतानन्तगुणराशिं निश्चयात् अन्यो भिन्नोऽभ्यन्तरे मिथ्यात्वरागादिबहिर्विषये देहादिपरभावः सो छंडेविणु जीव तुहुं भावहि अप्पसहाउ तं पूर्वोक्तं शुद्धात्मनो विलक्षणं परभावं छंडयित्वा त्यक्त्वा हे जीव त्वं भावय । कम् । स्वशुद्धात्मस्वभावम् । किंविशिष्टम् । केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपकार्यसमयसारसाधकमभेदरत्नत्रयात्मककारणसमयसारपरिणतमिति । अत्र तमेवोपादेयं जानीहीत्यभिप्रायः ॥ ७४ ॥

अथ निश्चयेनाष्टकर्मसर्वदोषरहितं सम्यग्दर्शनज्ञानचारित्रसहितमात्मानं जानीहीति कथयति—

७६) अट्ठहँ कम्महँ बाहिरउ सयलहँ दोसहँ चत्तु ।
दंसण-णाण-चरित्तमउ अप्पा भावि णिरुत्तु ॥ ७५ ॥

अष्टभ्यः कर्मभ्यः बाह्यं सकलैः दोषैः त्यक्तम् ।
दर्शनज्ञानचारित्रयं आत्मानं भावय निश्चितम् ॥ ७५ ॥

---

એવા પૂર્વોક્ત શુદ્ધ આત્માથી વિલક્ષણ પરભાવને છોડીને હે જીવ ! તું કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યક્તિરૂપ કાર્યસમયસારના સાધક અભેદરત્નત્રયાત્મક કારણસમયસારરૂપે પરિણત સ્વશુદ્ધાત્મસ્વભાવને ભાવ.

અહીં તે સ્વશુદ્ધાત્મસ્વભાવને ઉપાદેય જાણો એવો અભિપ્રાય છે. ૭૪

હવે નિશ્ચયનયથી આઠ કર્મ અને સર્વ દોષોથી રહિત, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સહિત આત્માને જાણ એમ કહે છેઃ—

### ગાથા–૭૫

**અન્વયાર્થઃ**—[ अष्टभ्यः कर्मभ्यः बाह्यं ] આઠ કર્મોથી બાહ્ય ( રહિત ), [ सकलैः दोषैः त्यक्तं ] સકલ દોષથી રહિત, [ दर्शनज्ञानचारित्रमयं ] સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રમય [ आत्मानं ] આત્માને [ निश्चितं ] નિશ્ચયથી [ भावय ] ભાવ.

**ભાવાર્થઃ**—શુદ્ધનિશ્ચયનયથી જ્ઞાનાવરણાદિ આઠકર્મોથી બાહ્ય (ભિન્ન), મિથ્યાત્વ, રાગાદિ ભાવકર્મરૂપ સર્વ દોષોથી રહિત દર્શનજ્ઞાનચારિત્રમય શુદ્ધોપયોગની સાથે અવિનાભૂત, સ્વશુદ્ધાત્માનાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્રથી રચાયેલ આત્માને નિશ્ચયથી ભાવ અર્થાત્ દેખેલા, સાંભળેલા અને અનુભવેલા અને ભોગાકાંક્ષારૂપ નિદાનબંધાદિ સમસ્ત વિભાવપરિણામોને છોડીને ભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अट्ठहं कम्महं बाहिरउ सयलहं दोसहं चत्तु अष्टकर्मभ्यो बाह्यं शुद्धनिश्चयेन ज्ञानावरणाद्यष्टकर्मभ्यो भिन्नं मिथ्यात्वरागादिभावकर्मरूपसर्वदोषैस्त्यक्तम् । पुनश्च किंविशिष्टम् । दंसणणाणचरित्तमउ दर्शनज्ञानचारित्रमयं शुद्धोपयोगाविनाभूतैः स्वशुद्धात्मसम्यग्दर्शनज्ञानचारित्रैर्निर्वृत्तं अप्पा भावि णिरुत्तु तमित्थंभूतमात्मानं भावय । दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धादिसमस्तविभावपरिणामान् त्यक्त्वा भावयेत्यर्थः । णिरुत्तु निश्चितम् । अत्र निर्वाणसुखादुपादेयभूतादभिन्नः समस्तभावकर्मद्रव्यकर्मभ्यो भिन्नो योऽसौ शुद्धात्मा स एवाभेदरत्नत्रयपरिणतानां भव्यानामुपादेय इति भावार्थः ॥ ७५ ॥ एवं त्रिविधात्मप्रतिपादकप्रथममहाधिकार मध्ये पृथक् पृथक् स्वतन्त्र भेदभावनास्थलसूत्रनवकं गतम् ।

तदनन्तरं निश्चयसम्यग्दृष्टिमुख्यत्वेन स्वतन्त्रसूत्रमेकं कथयति—

७७) अप्पिं अप्पु मुणंतु जिउ सम्मादिट्ठि हवेइ ।
सम्माइट्ठिउ जीवडउ लहु कम्मइँ मुच्चेइ ॥ ७६ ॥

आत्मना आत्मानं जानन् जीवः सम्यग्दृष्टिः भवति ।
सम्यग्दृष्टिः जीवः लघु कर्मणा मुच्यते ॥ ७६ ॥

अप्पिं अप्पु मुणंतु जिउ सम्मादिट्ठि हवेइ आत्मनात्मानं जानन् सन्

---

અહીં ઉપાદેયભૂત એવા નિર્વાણસુખથી અભિન્ન અને સમસ્ત ભાવકર્મ તેમ જ દ્રવ્યકર્મથી ભિન્ન એવો જે શુદ્ધ આત્મા છે તે જ અભેદરત્નત્રયરૂપે પરિણમેલા ભવ્ય જીવોને ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૭૫.

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં પૃથક્ પૃથક્ સ્વતંત્ર ભેદભાવનારૂપે નવમા સ્થલમાં નવ ગાથાસૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી નિશ્ચયસમ્યગ્દૃષ્ટિની મુખ્યતાથી એક સ્વતંત્ર દોહાસૂત્ર કહે છેઃ—

## ગાથા–૭૬

**અન્વયાર્થઃ**—[ आत्मना आत्मानं जानन् जीवः ] આત્માથી આત્માને જાણતો થકો જીવ [ सम्यग्दृष्टिः भवति ] સમ્યગ્દૃષ્ટિ હોય છે અને [ सम्यग्दृष्टिः जीवः ] સમ્યગ્દૃષ્ટિ જીવ [ लघु ] શીઘ્ર [ कर्मणा ] કર્મથી [ मुच्यते ] મુકાય છે.

**ભાવાર્થઃ**—આત્માથી આત્માને જાણતો થકો જીવ–વીતરાગ સ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણમેલા અન્તરાત્મા વડે સ્વશુદ્ધાત્માને ( પોતાના શુદ્ધ સ્વરૂપને ) અનુભવતો થકો જીવ–વીતરાગસમ્યગ્દૃષ્ટિ હોય છે. નિશ્ચયસમ્યક્ત્વની ભાવનાનું ફલ કહેવામાં આવે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवो वीतरागस्वसंवेदनज्ञानपरिणतेनान्तरात्मना स्वशुद्धात्मानं जानन्ननुभवन् सन् जीवः कर्ता सम्महिट्ठि हवेइ वीतरागसम्यग्दृष्टिर्भवति । निश्चयसम्यक्त्वभावनायाः फलं कथ्यते सम्माइट्ठिउ जीवडउ लहु कम्मइं मुच्चेइ सम्यग्दृष्टिः जीवो लघु शीघ्रं ज्ञानावरणादिकर्मणा मुच्यते इति । अत्र येनैव कारणेन वीतरागसम्यग्दृष्टिः किल कर्मणा शीघ्रं मुच्यते तेनैव कारणेन वीतरागचारित्रानुकूलं शुद्धात्मानुभूत्यविनाभूतं वीतरागसम्यक्त्वमेव भावनीयमित्यभिप्रायः । तथा चोक्तं श्रीकुन्दकुन्दाचार्यैर्मोक्षप्राभृते निश्चयसम्यक्त्वलक्षणम्—"सद्दव्वरओ सवणो सम्मादिट्ठी हवेइ णियमेण । सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठकम्माइं ॥" ॥ ७७ ॥

अत ऊर्ध्वं मिथ्यादृष्टिलक्षणकथनमुख्यत्वेन सूत्राष्टकं कथ्यते तद्यथा—

**७८) पज्जय-रत्तउ जीवडउ मिच्छादिट्ठि हवेइ ।**
**बंधउ बहु-विह-कम्मडा जेँ संसारु भमेइ ॥ ७७ ॥**

पर्यायरक्तो जीवः मिथ्यादृष्टिः भवति ।
बध्नाति बहुविधकर्माणि येन संसारं भ्रमति ॥ ७७ ॥

---

છે. સમ્યગ્દૃષ્ટિ જીવ શીઘ્ર જ્ઞાનાવરણાદિ કર્મથી મુકાય છે.

અહીં ખરેખર જે કારણે વીતરાગ સમ્યગ્દૃષ્ટિ કર્મથી શીઘ્ર છૂટે છે તે કારણે જ વીતરાગ ચારિત્રને અનુકૂલ શુદ્ધાત્માની સાથે અવિનાભૂત વીતરાગ સમ્યક્ત્વ જ ભાવવા યોગ્ય છે એવો અભિપ્રાય છે. શ્રીકુંદકુંદાચાર્યે મોક્ષપ્રાભૃત ( ગાથા ૧૪ ) માં નિશ્ચયસમ્યક્ત્વનું લક્ષણ કહ્યું છે કે "सद्दव्वरओ सवणो सम्मादिट्ठी हवेइ णियमेण । सम्मतपरिणदो उण खवेइ दुट्ठट्ठ कम्माइं ॥" **અર્થઃ**—નિજદ્રવ્યમાં રત ( આત્મસ્વરૂપમાં મગ્ન ) શ્રમણ નિયમથી સમ્યગ્દૃષ્ટિ હોય છે. વળી સમ્યક્ત્વરૂપે પરિણમેલો તે શ્રમણ દુષ્ટ આઠ કર્મનો ક્ષય કરે છે. ) ૭૬.

ત્યાર પછી મિથ્યાદૃષ્ટિના લક્ષણના કથનની મુખ્યતાથી આઠ દોહા સૂત્રો કહેવામાં આવે છે. તે આ પ્રમાણેઃ—

### ગાથા–૭૭

**અન્વયાર્થઃ**—[ पर्यायरक्तः जीवः ] પર્યાયમાં રત થયેલો જીવ [ मिथ्यादृष्टिः भवति ] મિથ્યાદૃષ્ટિ હોય છે. તે [ बहुविध कर्माणि ] અનેક પ્રકારનાં કર્મો [ बध्नाति ] બાંધે છે [ येन ] કે જેથી તે [ ससारं भमति ] સંસારમાં ભમે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पज्जयरत्तउ जीवडउ मिच्छादिट्ठि हवेइ पर्यायरक्तो जीवो मिथ्यादृष्टिर्भवति परमात्मानुभूतिरुचिप्रतिपक्षभूताभिनिवेशरूपा व्यावहारिकमूढत्रयादिपञ्चविंशतिमलान्तर्भाविनी मिथ्या वितथा व्यलीका च सा दृष्टिरभिप्रायो रुचिः प्रत्ययः श्रद्धानं यस्य स भवति मिथ्यादृष्टिः । स च किंविशिष्टः । नरनारकादिविभावपर्यायरतः । तस्य मिथ्यापरिणामस्य फलं कथ्यते । बंधइ बहुविहकम्मडा जें संसारु भमेइ बध्नाति बहुविधकर्माणि यैः संसारं भ्रमति, येन मिथ्यात्वपरिणामेन शुद्धात्मोपलब्धेः प्रतिपक्षभूतानि बहुविधकर्माणि बध्नाति तैश्च कर्मभिर्द्रव्यक्षेत्रकालभवभावरूपं पञ्चप्रकारं संसारं परिभ्रमतीति । तथा चोक्तं मोक्षप्राभृते निश्चयमिथ्याद्रष्टिलक्षणम्—"जो पुणु परदव्वरओ मिच्छाइट्ठी हवेइ सो साहू । मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं ॥" पुनश्चोक्तं तैरेव—"जे पज्जएसु णिरदा जीवा परसमइग त्ति णिद्दिट्ठा । आदसहावम्मि ठिदा ते सगसमया मुणेयव्वा ॥" अत्र स्वसंवित्तिरूपाद्वीतरागसम्यक्त्वात् प्रतिपक्षभूतं मिथ्यात्वं हेयमिति भावार्थः ॥ ७७ ॥

---

**ભાવાર્થ:**—નરનારકાદિ વિભાવપર્યાયમાં રત થયેલો જીવ મિથ્યાદૃષ્ટિ હોય છે–પરમાત્માની અનુભૂતિની રુચિથી પ્રતિપક્ષભૂત, અભિનિવેશરૂપ એવી, વ્યાવહારિક ત્રણ મૂઢતા, આઠ મદ, આઠ મલ, છ અનાયતન એ પચ્ચીસ દોષો જેમાં સમાય છે એવી મિથ્યા–વિતથ (ખોટી) વ્યલીક (બનાવટી) દૃષ્ટિ–અભિપ્રાય, રુચિ, પ્રત્યય, શ્રદ્ધાન–જેને છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે.

તેના મિથ્યા પરિણામનું ફલ કહે છેઃ—તે અનેક પ્રકારનાં કર્મો બાંધે છે કે જેથી સંસારમાં પરિભ્રમણ કરે છે–જે મિથ્યાત્વપરિણામથી શુદ્ધાત્મોપલબ્ધિથી પ્રતિપક્ષભૂત બહુવિધ કર્મો બાંધે છે, તે જ કર્મોથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ પાંચ પ્રકારના સંસારમાં ભમે છે. (શ્રી કુંદકુંદાચાર્યદેવકૃત) મોક્ષપ્રાભૃત (ગાથા ૧૫) માં નિશ્ચયમિથ્યાદૃષ્ટિનું લક્ષણ પણ કહ્યું છે કેઃ—"**जो पुणु परदव्वरओ मिच्छाइट्ठी हवेइ सो साहू । मिच्छत्तपरिणदो उण बज्झदि दुट्ठट्ठकम्मेहिं**" (**અર્થ:**—વળી જે પરદ્રવ્યમાં રત છે તે સાધુ મિથ્યાદૃષ્ટિ હોય છે, મિથ્યાત્વરૂપે પરિણમેલો તે દુષ્ટ આઠ કર્મને બાંધે છે.) વળી તેઓએ પણ કહ્યું કે (પ્રવચનસાર ૨–૯૪) "**जे पज्जयेसु णिरदा जीवा परसमयिगत्ति णिद्दिट्ठा। आदसहावम्मि ठिदा ते सगसमया मुणेदव्वा ॥** (**અર્થ:**–જે જીવો પર્યાયોમાં લીન છે તેમને પર-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ मिथ्यात्वोपार्जितकर्मशक्तिं कथयति—

७९) कम्मइँ दिढ-घण-चिक्कणइँ गरुवइँ वज्ज-समाइँ ।
णाण-वियक्खणु जीवडउ उप्पहि पाडहिँ ताइँ ॥७८॥

कर्माणि दृढघनचिक्कणानि गुरुकाणि वज्रसमानि ।
ज्ञानविचक्षणं जीवं उत्पथे पातयन्ति तानि ॥ ७८ ॥

कम्मइं दिढघणचिक्कणइं गरुवइं वज्जसमाइं कर्माणि भवन्ति । किंविशिष्टानि । दृढानि बलिष्ठानि घनानि निबिडानि चिक्कणान्यपनेतुमशक्यानि विनाशयितुमशक्यानि गुरुकाणि महान्ति वज्रसमान्यभेद्यानि च । इत्थंभूतानि कर्माणि किं कुर्वन्ति । णाणवियक्खणु जिवडउ उप्पहि पाडहिं ताइं ज्ञानविचक्षणं जीवमुत्पथे पातयन्ति । तानि कर्माणि युगपल्लोकालोकप्रकाशककेवलज्ञानाद्यनन्तगुणविचक्षणं दक्षं जीवमभेदरत्नत्रयलक्षणान्निश्चयमोक्षमार्गात्प्रतिपक्षभूत उन्मार्गे पातयन्तीति । अत्रायमेवाभेदरत्नत्रयरूपो निश्चयमोक्षमार्ग उपादेय इत्यभिप्रायः ॥ ७८ ॥

---

સમય કહેવામાં આવે છે, જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા.)

અહીં સ્વસંવિત્તિરૂપ વીતરાગ સમ્યક્ત્વથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ હેય છે એવો ભાવાર્થ છે. ૭૭.

હવે મિથ્યાત્વથી ઉપાર્જન કરવામાં આવેલાં કર્મની શક્તિનું કથન કરે છેઃ–

## ગાથા–૭૮

**અન્વયાર્થઃ**—[ **कर्माणि** ] કર્મો કે જે [ **दृढ घन चिक्कणानि** ] દૃઢ–બલિષ્ઠ છે, ઘન–નબિડ છે, ચિકણા–દૂર કરવાને અશક્ય છે–નાશ કરવાને અશક્ય છે, [ **गुरुकाणि** ] ગુરુ–ભારે છે, [ **वज्र समानि** ] વજ્ર સમાન અભેદ્ય છે [ **तानि** ] એવાં કર્મો [ **ज्ञानविचक्षणं जीवं** ] જ્ઞાનમાં વિચક્ષણ જીવને [ **उत्पथे** ] ઉન્માર્ગમાં [ **पातयन्ति** ] નાખે છે. એવાં કર્મો યુગવત્ લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાનાદિ અનંતગુણમાં વિચક્ષણ–દક્ષ–જીવને અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગથી પ્રતિપક્ષભૂત ઉન્માર્ગમાં નાખે છે.

**ભાવાર્થઃ**—અહીં આ જ અભેદરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ ઉપાદેય છે. ૭૮.

હવે મિથ્યા પરિણતિથી જીવ વિપરીત તત્ત્વને જાણે છે એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ मिथ्यापरिणत्या जीवो विपरीतं तत्त्वं जानातीति निरूपयति—

८०) जिउ मिच्छत्तें परिणमिउ विवरिउ तच्चु मुणेई ।
कम्म-विणिम्मिय भावडा ते अप्पाणु भणेइ ॥ ७९ ॥

जीवः मिथ्यात्वेन परिणतः विपरीतं तत्त्वं मनुते ।
कर्मविनिर्मितान् भावान् तान् आत्मानं भणति ॥ ७९ ॥

जिउ मिच्छत्तें परिणमिउ विवरिउ तच्चु मुणेइ जीवो मिथ्यात्वेन परिणतः सन् विपरीतं तत्त्वं जानाति, शुद्धात्मानुभूतिरुचिविलक्षणेन मिथ्यात्वेन परिणतः सन् जीवः परमात्मादितत्त्वं च यथावद् वस्तुस्वरूपमपि विपरीतं मिथ्यात्वरागादिपरिणतं जानाति । ततश्च किं करोति । कम्मविणिम्मिय भावडा ते अप्पाणु भणेइ कर्मविनिर्मितान् भावान् तानात्मानं भणति, विशिष्टभेदज्ञानाभावाद्गौरस्थूलकृशादिकर्मजनितदेहधर्मान् जानातीत्यर्थः । अत्र तेभ्यः कर्मजनितभावेभ्यो भिन्नो रागादिनिवृत्तिकाले स्वशुद्धात्मैवोपादेय इति तात्पर्यार्थः ॥ ७९ ॥

अथानन्तरं [1]तत्पूर्वोक्तकर्मजनितभावान् येन मिथ्यापरिणामेन कृत्वा बहिरात्मा आत्मनि योजयति तं परिणामं सूत्रपञ्चकेन विवृणोति—

---

ગાથા–૭૯

**અન્વયાર્થ:**—[ जीवः ] જીવ [ मिथ्यात्वेन ] મિથ્યાત્વરૂપે પરિણમ્યો થકો [ तत्त्वं ] તત્ત્વને [ विपरीतं ] વિપરીત [ मनुते ] જાણે છે કે જેથી તે [ कर्मविनिर्मितान् भावान् ] કર્મથી રચાયેલ ભાવોને [ आत्मानं भणति ] પોતારૂપ કહે છે.

**ભાવાર્થ:**—જીવ મિથ્યાત્વરૂપે પરિણમ્યો થકો તત્ત્વને વિપરીત જાણે છે–શુદ્ધ-આત્માની અનુભૂતિની રુચિથી વિલક્ષણ મિથ્યાત્વરૂપે પરિણમ્યો થકો જીવ પરમાત્માદિ તત્ત્વને અને યથાવત્ વસ્તુસ્વરૂપને પણ વિપરીત અને રાગાદિરૂપે પરિણમેલું જાણે છે, કે જેથી તે કર્મથી બનેલા ભાવોને પોતારૂપ કહે છે–વિશિષ્ટ ભેદજ્ઞાનના અભાવથી ગોરો (શ્યામ), સ્થૂલ, કૃશાદિ એવા કર્મજનિત દેહના ધર્મોને પોતારૂપ જાણે છે.

અહીં તે કર્મજનિત ભાવોથી ભિન્ન રાગાદિની નિવૃત્તિના સમયે સ્વશુદ્ધાત્મા જ ઉપાદેય છે. ૭૯.

ત્યારપછી તે કર્મજનિત પૂર્વોક્ત ભાવોને જે મિથ્યાત્વના પરિણામે કરીને બહિ-રાત્મા પોતામાં જોડે છે તે પરિણામનું, પાંચ ગાથાસૂત્રોથી, કથન કરે છેઃ—

---

૧ પાઠાન્તરઃ—तत्=तान्

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



८१) हउँ गोरउ हउँ सामलउ हउँ जि विभिण्णउ वण्णु ।
हउँ तणु-अंगउँ थूलु हउँ एहउँ मूढउ मण्णु ॥ ८० ॥

अहं गौरः अहं श्यामः अहमेव विभिन्नः वर्णः ।
अहं तन्वङ्गः स्थूलः अहं एतं मूढं मन्यस्व ॥ ८० ॥

अहं गौरो गौरवर्णः, अहं श्यामः श्यामवर्णः, अहमेव भिन्नो नानावर्णः मिश्रवर्णः । क्व । वर्णविषये रूपविषये । पुनश्च कथंभूतोऽहम् । तन्वङ्गः कृशाङ्गः । पुनश्च कथंभूतोऽहम् । स्थूलः स्थूलशरीरः । इत्थंभूतं मूढात्मानं मन्यस्व । एवं पूर्वोक्तमिथ्यापरिणामपरिणतं जीवं मूढात्मानं जानीहीति । अयमत्र भावार्थः । निश्चयनयेनात्मनो भिन्नान् कर्मजनितान् गौरस्थूलादि भावान् सर्वथा हेयभूतानपि सर्वप्रकारोपादेयभूते वीतरागनित्यानन्दैकस्वभावे शुद्धजीवे यो योजयति स विषयकषायाधीनतया स्वशुद्धात्मानुभूतेश्च्युतः सन् मूढात्मा भवतीति ॥ ८० ॥ अथ—

८२) हउँ वरु बंभणु वइसु हउँ हउँ खत्ति हउँ सेसु ।
पुरिसु णउँसर इत्थि हउँ मण्णइ मूढु विसेसु ॥ ८१ ॥

अहं वरः ब्राह्मणः वैश्यः अहं अहं क्षत्रियः अहं शेषः ।
पुरुषः नपुंसकः स्त्री अहं मन्यते मूढः विशेषम् ॥ ८१ ॥

---

ગાથા–૮૦

**અન્વયાર્થ:**—[ अहं गौरः ] રંગે હું ગોરારંગવાળો છું, [ अहं श्यामः ] હું કાળારંગવાળો છું, [ अहं एव विभिन्नः वर्णः ] હું જુદાજુદા વર્ણવાળો–મિશ્ર વર્ણવાળો–છું. વળી [ अहं तन्वंगः ] હું કૃશ શરીરવાળો છું, [ अहं स्थूलः ] હું સ્થૂલશરીરવાળો છું [ एतं मूढं मन्यस्व ] એમ માનનાર જીવને તું મૂઢ જાણ–એ પ્રમાણે પૂર્વોક્ત મિથ્યાપરિણામરૂપે પરિણમેલા જીવને તું મૂઢાત્મા જાણ.

**ભાવાર્થ:**—નિશ્ચયનયથી આત્માથી ભિન્ન, કર્મજનિત ગૌરસ્થૂલાદિ ભાવો સર્વથા હેય હોવા છતાં તેમને, સર્વપ્રકારે ઉપાદેયભૂત વીતરાગ નિત્યાનંદ જેનો એક સ્વભાવ છે એવો શુદ્ધ જીવમાં, જે જોડે છે તે વિષયકષાયને આધીન થઈને સ્વશુદ્ધાત્માની અનુભૂતિથી ચ્યુત થયો થકો મૂઢાત્મા છે. ૮૦.

વળી ફરી મિથ્યાદૃષ્ટિનું લક્ષણ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हउं वरु बंभणु वइसु हउं हउं खत्तिउ हउं सेसु अहं वरो विशिष्टो ब्राह्मणः अहं वैश्यो वणिग् अहं क्षत्रियोऽहं शेषः शूद्रादि । पुनश्च कथंभूतः । पुरिसु णउं सउ इत्थि हउं मण्णइ मूढु विसेसु पुरुषो नपुंसकः स्त्रीलिङ्गोऽहं मन्यते मूढो विशेषं ब्राह्मणादिविशेषमिति । इदमत्र तात्पर्यम् । यन्निश्चयनयेन परमात्मनो भिन्नानपि कर्मजनितान् ब्राह्मणादिभेदान् सर्वप्रकारेण हेयभूतानपि निश्चयनयेनोपादेयभूते वीतरागसदानन्दैकस्वभावे स्वशुद्धात्मनि योजयति संबद्धान् करोति । कोऽसौ कथंभूतः । अज्ञानपरिणतः स्वशुद्धात्मतत्त्वभावनारहितो मूढात्मेति ॥८१॥ अथ-

८३) तरुणउ बूढउ रूयडउ सूरउ पंडिउ दिव्वु ।
खवणउ वंदउ सेवडउ मूढउ मण्णइ सव्वु ॥ ८२ ॥

तरुणः वृद्धः रूपवान् शूरः पण्डितः दिव्यः ।
क्षपणकः वन्दकः श्वेतपटः मूढः मन्यते सर्वम् ॥ ८२ ॥

---

## ગાથા–૮૧

**અન્વયાર્થ**:—[ अहं वरः ब्राह्मणः ] હું વિશિષ્ટ ( શ્રેષ્ઠ ) બ્રાહ્મણ છું, [ अहं वैश्यः ] હું વૈશ્ય છું, [ अहं क्षत्रियः ] હું ક્ષત્રિય છું, [ अहं शेषः ] હું શૂદ્રાદિ છું, વળી [ अहं पुरुषः नपुंसकः स्त्री ] હું પુરુષ છું, નપુંસક છું, હું સ્ત્રી છું, એ પ્રમાણે હું બ્રાહ્મણાદિથી વિશેષ છું એમ મૂઢ જીવ માને છે.

**ભાવાર્થ**:—અજ્ઞાનરૂપે પરિણમેલો, સ્વશુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત મૂઢાત્મા, નિશ્ચયનયથી પરમાત્માથી ભિન્ન હોવા છતાં પણ, સર્વપ્રકારે હેયભૂત હોવા છતાં પણ, કર્મજનિત બ્રાહ્મણાદિ ભેદોને, નિશ્ચયનયથી ઉપાદેયભૂત વીતરાગ સદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મામાં જોડે છે–સંબંધ કરે છે. ૮૧.

વળી ( ફરી મૂઢાત્માનું લક્ષણ કહે છેઃ ):—

## ગાથા–૮૨

**અન્વયાર્થ**:—[ तरुणः ] હું, યુવાન છું, [ वृद्धः ] વૃદ્ધ છું, [ रूपवान् ] હું રુપાળો છું, [ शूरः ] હું સુભટ છું [ पंडितः ] હું પંડિત છું, [ दिव्यः ] હું સૌથી શ્રેષ્ઠ દિવ્ય છું, [ क्षपणकः ] હું દિગંબર છું, [ वन्दकः ] હું બૌદ્ધ છું, [ श्वेतपटः ] હું શ્વેતપટાદિ લિંગધારક છું ( હું શ્વેતાંબર છું ) એ પ્રમાણે કર્મજનિત સર્વ ભેદોને [ मूढः ] મૂઢ આત્મા [ मन्यते ] પોતાના માને છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तरुणउ बूढउ रूयडउ सूरउ पंडिउ दिव्वु तरुणो यौवनस्थोऽहं वृद्धोऽहं रूपस्व्यहं शूरः सुभटोऽहं पण्डितोऽहं दिव्यो विशिष्टोऽहम् । पुनश्च किंविशिष्टः । खवणउ वंदउ सेवडउ क्षपणको दिगम्बरोऽहं वन्दको बौद्धोऽहं श्वेतपटादिलिङ्गधारकोऽहमिति मूढात्मा सर्वं मन्यत इति । अयमत्र तात्पर्यार्थः । यद्यपि व्यवहारेणाभिन्नान् तथापि निश्चयेन वीतरागसहजानन्दैकस्वभावात्परमात्मनः भिन्नान् कर्मोदयोत्पन्नान् तरुणवृद्धादिविभावपर्यायान् हेयानपि साक्षादुपादेयभूते स्वशुद्धात्मतत्त्वे योजयति । कोऽसौ । ख्यातिपूजालाभादिविभावपरिणामाधीनतया परमात्मभावनाच्युतः सन् मूढात्मेति ॥ ८२ ॥ अथ—

८४) जणणी जणणु वि कंत घरु पुत्तु वि मित्तु वि दव्वु ।
मायाजालु वि अप्पणउ मूढउ मण्णइ सव्वु ॥ ८३ ॥

जननी जननः अपि कान्ता गृहं पुत्रोऽपि मित्रमपि द्रव्यम् ।
मायाजालमपि आत्मीयं मूढः मन्यते सर्वम् ॥ ८३ ॥

जणणी जणणु वि कंत घरु पुत्तु वि मित्तु वि दव्वु जननी माता जननः पितापि कान्ता भार्या गृहं पुत्रोऽपि मित्रमपि द्रव्यं सुवर्णादि यत्तत्सर्वं मायाजालु वि अप्पणउ मूढउ मण्णइ सव्वु मायाजालमप्यसत्यमपि

---

**ભાવાર્થ:**—ખ્યાતિ, પૂજા, લાભાદિ વિભાવ પરિણામને આધીન થઈને, પરમાત્મભાવનાથી ચ્યુત થયો થકો મૂઢાત્મા જો કે જેઓ વ્યવહારથી અભિન્ન છે તો પણ નિશ્ચયથી વીતરાગસહજાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી ભિન્ન છે એવા, કર્મોદયથી ઉત્પન્ન તરુણ, વૃદ્ધાદિ વિભાવપર્યાયો હેય હોવા છતાં પણ તેમને, સાક્ષાત્ ઉપાદેયભૂત નિજશુદ્ધાત્મતત્ત્વમાં, યોજે છે ( -જોડે છે, સંબંધ કરે છે. ) ૮૨

હવે ( ફરી પણ મૂઢાત્માનું લક્ષણ કહે છે ):—

## ગાથા—૮૩

**અન્વયાર્થ:**—[ जननी ] માતા [ जननः अपि ] પિતા, [ कांता ] ભાર્યા, [ गृहं ] ઘર [ पुत्रः अपि ] પુત્ર, [ मित्रं अपि ] મિત્ર, [ द्रव्यं ] સુવર્ણાદિ દ્રવ્ય ઈત્યાદિ સર્વ [ मायाजालं अपि ] માયાજાલ છે તો પણ--અસત્ય છે તોપણ-કૃત્રિમ છે તોપણ, [ मूढः ] મૂઢાત્મા [ सर्वं ] એ સર્વને [ आत्मीयं मन्यते ] પોતાના માને છે.

**ભાવાર્થ:**—મન-વચન-કાયના વ્યાપારમાં પરિણમેલો, સ્વશુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી શૂન્ય એવો મૂઢાત્મા માતા આદિ પરસ્વરૂપ છે તોપણ, શુદ્ધ આત્માથી ભિન્ન છે તોપણ, હેય એવા સમસ્ત નારકાદિ દુઃખનાં કારણ હોવાથી હેય છે તોપણ, તેમને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कृत्रिममपि आत्मीयं स्वकीयं मन्यते । कोऽसौ । मूढो मूढात्मा । कति-संख्योपेतमपि । सर्वमपीति । अयमत्र भावार्थः । जनन्यादिकं परस्वरूपमपि शुद्धात्मनो भिन्नमपि हेयस्याशेषनारकादिदुःखस्य कारणत्वाद्धेयमपि साक्षादुपा-देयभूतानाकुलत्वलक्षणपारमार्थिकसौख्यादभिन्ने वीतरागपरमानन्दैकस्वभावे शुद्धात्म-तत्त्वे योजयति । स कः । मनोवचनकायव्यापारपरिणतः स्वशुद्धात्मद्रव्यभावना-शून्यो मूढात्मेति ॥ ८३ ॥ अथ—

**८५) दुक्खहँ कारणि जे विसय ते सुह-हेउ रमेइ ।**
**मिच्छाइट्ठिउ जीवडउ इत्थु ण काइँ करेइ ॥ ८४ ॥**

दुःखस्य कारणं ये विषयाः तान् सुखहेतून् रमते ।
मिथ्यादृष्टिः जीवः अत्र न किं करोति ॥ ८४ ॥

दुक्खहं कारणि जे विषय ते सुहहेउ रमेइ दुःखस्य कारणं ये विषयास्तान् विषयान् सुखहेतून् मत्वा रमते । स कः । मिच्छाइट्ठिउ जीव-डउ मिथ्यादृष्टिर्जीवः । इत्थु ण काइं करेइ अत्र जगति योऽसौ दुःख-रूपविषयान् निश्चयनयेन सुखरूपान् मन्यते स मिथ्यादृष्टिः किमकृत्यं पापं

---

સાક્ષાત્ ઉપાદેયભૂત, અને અનાકુલતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સૌખ્યથી અભિન્ન, વીતરાગપરમાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્મતત્ત્વમાં યોજે છે (–જોડે છે.) ૮૩.

હવે ( ફરી પણ મૂઢાત્માઓનું લક્ષણ કહે છે ):—

### ગાથા–૮૪

**અન્વયાર્થ:**—[ ये विषयाः ] જે પાંચ ઇન્દ્રિયના વિષયો [ दुःखस्य कारणं ] દુઃખના કારણ છે [ तान् ] તેમને [ सुखहेतून् ] સુખનાં કારણ જાણીને તેમાં [ मिथ्यादृष्टिः जीवः ] મિથ્યાદૃષ્ટિ જીવ [ रमते ] રમણ કરે છે; [ अत्र ] આ જગતમાં જે દુ.ખરૂપ વિષયોને નિશ્ચય-નયથી સુખરૂપ માને છે તે મિથ્યાદૃષ્ટિ [ किं न करोति ] કયું અકૃત્ય–પાપ નથી કરતો ? અર્થાત્ બધું ય પાપ કરે જ છે.

**ભાવાર્થ:**— મિથ્યાદૃષ્ટિ જીવ વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન પરમાનંદમય પરમસમરસી ભાવરૂપ સુખરસની અપેક્ષાએ નિશ્ચયથી દુઃખરૂપ વિષયોને પણ સુખના હેતુ માનીને અનુભવે છે. ૮૪



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



न करोति, अपि तु सर्वं करोत्येवेति । अत्र तात्पर्यम् । मिथ्यादृष्टिर्जीवो वीतरागनिर्विकल्पसमाधिसमुत्पन्नपरमानन्दपरमसमरसीभावरूपसुखरसापेक्षया निश्चयेन दुःखरूपानपि विषयान् सुखहेतून् मत्वा अनुभवतीत्यर्थः ॥ ८४ ॥ एवं त्रिविधात्मप्रतिपादकप्रथममहाधिकार मध्ये 'पज्जय-रत्तउ जीवडउ' इत्यादिसूत्राष्टकेन मिथ्यादृष्टिपरिणतिव्याख्यानस्थलं समाप्तम् ॥

तदनन्तरं सम्यग्दृष्टिभावनाव्याख्यानमुख्यत्वेन 'कालु लहेविणु' इत्यादि सूत्राष्टकं कथ्यते । अथ—

८६) कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ ।
तिमु तिमु दंसणु लहइ जिउ णियमेँ अप्पु मुणेइ ॥८५॥

कालं लब्ध्वा योगिन् यथा यथा मोहः गलति ।
तथा तथा दर्शनं लभते जीवः नियमेन आत्मानं मनुते ॥ ८५ ॥

कालु लहेविणु जोइया जिमु जिमु मोहु गलेइ कालं लब्ध्वा हे योगिन् यथा यथा मोहो विगलति तिमु तिमु दंसणु लहइ जिउ तथा तथा दर्शनं सम्यक्त्वं लभते जीवः । तदनन्तरं किं करोति । णियमें अप्पु मुणेइ नियमेनात्मानं

---

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક પ્રથમ મહાધિકારમાં '**पज्जयरत्तउ जीवडउ**' ઈત્યાદિ આઠ સૂત્રોથી મિથ્યાદૃષ્ટિની પરિણતિનું વ્યાખ્યાનસ્થલ સમાપ્ત થયું.

ત્યાર પછી સમ્યગ્દૃષ્ટિની ભાવનાના વ્યાખ્યાનની મુખ્યતાથી '**कालुलहेविणु**' ઈત્યાદિ આઠ ગાથાસૂત્ર કહેવામાં આવે છે.

હવે ( સમ્યગ્દૃષ્ટિ જીવનું કથન કહે છે ):—

## ગાથા—૮૫

**અન્વયાર્થ**:—[ **योगिन्** ] હે યોગી ! [ **कालं लब्ध्वा** ] કાલ પામીને [ **यथा यथा** ] જેમ જેમ [ **मोहः** ] મોહ [ **गलति** ] ગળતો જાય છે [ **तथा तथा** ] તેમ તેમ [ **जीवः** ] જીવ [ **दर्शनं** ] સમ્યક્ત્વ [ **लभते** ] પામે છે, [ **नियमेन** ] નિયમથી [ **आत्मानं** ] પોતાના આત્માને ( પોતાના શુદ્ધ સ્વરૂપને ) [ **मनुते** ] જાણે છે.

**ભાવાર્થ**:—એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી પર્યાપ્ત મનુષ્ય, આર્યક્ષેત્ર, ઉત્તમકુલ, શુદ્ધ આત્માનો ઉપદેશાદિ ક્રમથી જે ઉત્તરોત્તર દુર્લભ હોવાથી કાલલબ્ધિ દુઃપ્રાપ્ત છે તેને કોઈ પ્રકારે 'કાકતાલીય ન્યાયથી' પામીને પરમાગમમાં કહેલા માર્ગથી મિથ્યાત્વાદિ ભેદોથી ભિન્ન પરમાત્માની ઉપલબ્ધિ થવાથી જેમ જેમ મોહ ગળતો જાય છે તેમ તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मनुते जानातीत्यर्थः । तथाहि—एकेन्द्रियविकलेन्द्रियपञ्चेन्द्रियसंज्ञिपर्याप्तमनुष्यदेश-कुलशुद्धात्मोपदेशादीनामुत्तरोत्तरदुर्लभक्रमेण दुःप्राप्ता तु या काललब्धिः, कथंचित्काकतालीयन्यायेन तां लब्ध्वा परमागमकथितमार्गेण मिथ्यात्वादिभेदभिन्नपरमात्मोपलंभप्रतिपत्तेर्यथा यथा मोहो विगलति तथा तथा शुद्धात्मैवोपादेय इति रुचिरूपं सम्यक्त्वं लभते । शुद्धात्मकर्मणोर्भेदज्ञानेन शुद्धात्मतत्त्वं मनुते जानातीति । अत्र यस्यैवोपादेयभूतस्य शुद्धात्मनो रुचिपरिणामेन निश्चयसम्यग्दृष्टिर्जातो जीवः, स एवोपादेय इति भावार्थः ॥ ८५ ॥

अत ऊर्ध्वं पूर्वोक्तन्यायेन सम्यग्दृष्टिर्भूत्वा मिथ्यादृष्टिभावनाया प्रतिपक्षभूतां यादृशीं भेदभावनां करोति तादृशीं क्रमेण सूत्रसप्तकेन विवृणोति—

**८७) अप्पा गोरउ किण्हु ण वि अप्पा रत्तु ण होइ ।**
**अप्पा सुहुमु वि थूलु ण वि णाणिउ जाणेँ जोइ ॥८६॥**

आत्मा गौरः कृष्णः नापि आत्मा रक्तः न भवति ।
आत्मा सूक्ष्मोऽपि स्थूलः नापि ज्ञानी ज्ञानेन पश्यति ॥ ८६ ॥

आत्मा गौरो न भवति रक्तो न भवति आत्मा सूक्ष्मोऽपि न भवति स्थूलोऽपि नैव । तर्हि किंविशिष्टः । ज्ञानी ज्ञानस्वरूपः ज्ञानेन करणभूतेन

---

'શુદ્ધ આત્મા જ ઉપાદેય છે' એવું રુચિરૂપ સમ્યક્ત્વ જીવ પામે છે, શુદ્ધ આત્મા અને કર્મના ભેદજ્ઞાનથી શુદ્ધ આત્માને જાણે છે.

અહીં ઉપાદેયભૂત જે શુદ્ધ આત્માની રુચિરૂપ પરિણામથી જીવ નિશ્ચયસમ્યગ્દષ્ટિ થાય છે તે શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૮૫.

ત્યાર પછી પૂર્વોક્ત ન્યાયથી સમ્યગ્દષ્ટિ થઈને મિથ્યાદષ્ટિનીભાવનાથી પ્રતિપક્ષભૂત જેવી ભેદભાવના કરે છે તેવી ભેદભાવના ક્રમે કરીને સાત ગાથાસૂત્રોથી કહે છેઃ—

## ગાથા–૮૬

**અન્વયાર્થ**:—[ आत्मा ] આત્મા [ गौरः कृष्णः न अपि ] ગોરો નથી, કાળો નથી, [ आत्मा ] આત્મા [ रक्तः न भवति ] લાલ નથી, [ आत्मा ] આત્મા [ सूक्ष्मः अपि स्थूलः अपि न ] સૂક્ષ્મ પણ નથી સ્થૂલ પણ નથી, [ ज्ञानी ] તે જ્ઞાની અર્થાત્ જ્ઞાનસ્વરૂપ વર્તતો થકો, [ ज्ञानेन ] કરણભૂત જ્ઞાન વડે [ पश्यति ] દેખે છે–જાણે છે અથવા '**णाणिउ जाणइ जोइं**' इति पाठान्तरं, જે જ્ઞાની અર્થાત્ યોગી છે તે આત્માને જાણે છે, અથવા આત્મા જ્ઞાનસ્વરૂપ વડે જ્ઞાની છે એમ યોગી જાણે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पश्यति । अथवा 'णाणिउ जाणइ जोइं' इति पाठान्तरं, ज्ञानी योऽसौ योगी स जानात्यात्मानम् । अथवा ज्ञानी ज्ञानस्वरूपेण आत्मा । कोऽसौ जानाति । योगीति । तथाहि—कृष्णगौरादिकधर्मान् व्यवहारेण जीवसंबद्धानपि तथापि शुद्ध-निश्चयेनशुद्धात्मनो भिन्नान् कर्मजनितान् हेयान् वीतरागस्वसंवेदनज्ञानी स्वशुद्धात्म-तत्त्वे तान् न योजयति संबद्धान्न करोतीति भावार्थः ॥ ८६ ॥ अथ—

८८) अप्पा बंभणु वइसु ण वि ण वि खत्तिउ ण वि सेसु ।
पुरिसु णउंसउ इत्थि ण वि णाणिउ मुणइ असेसु ॥ ८७ ॥

आत्मा ब्राह्मणः वैश्यः नापि नापि क्षत्रियः नापि शेषः ।
पुरुषः नपुंसकः स्त्री नापि ज्ञानी मनुते अशेषम् ॥ ८७ ॥

अप्पा बंभणु वइसु ण वि ण वि खत्तिउ ण वि सेसु पुरिसु णउंसउ इत्थि ण वि आत्मा ब्राह्मणो न भवति वैश्योऽपि नैव नापि क्षत्रियो नापि शेषः शूद्रादिः पुरुषनपुंसकस्त्रीलिङ्गरूपोऽपि नैव । तर्हि किंविशिष्टः । णाणिउ मुणइ असेसु ज्ञानी ज्ञानस्वरूप आत्मा ज्ञानी सन् । किं करोति । मनुते जानाति । कम् । अशेषं वस्तुजातं वस्तुसमूहमिति । तद्यथा । यानेव ब्राह्म-णादिवर्णभेदान् पुंल्लिङ्गादिलिङ्गभेदान् व्यवहारेण परमात्मपदार्थादभिन्नान् शुद्ध-

---

**ભાવાર્થ:**—કૃષ્ણ, ગૌરાદિ ધર્મો વ્યવહારનયથી જીવની સાથે સંબદ્ધ છે તો પણ જે શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ આત્માથી ભિન્ન છે, કર્મજનિત છે, હેય છે, તેમને વીતરાગ સ્વસંવેદજ્ઞાની સ્વશુદ્ધાત્મતત્ત્વમાં યોજતો નથી અને સંબદ્ધ કરતો નથી. ૮૬.

હવે ( બ્રાહ્મણાદિ વર્ણ આત્માને નથી એવું વર્ણન કરે છે ):—

ગાથા–૮૭

**અન્વયાર્થ:**—[ आत्मा ] આત્મા [ ब्राह्मणः वैश्य नापि ] બ્રાહ્મણ નથી, વૈશ્ય પણ નથી, [ क्षत्रियः नापि ] ક્ષત્રિય પણ નથી, [ शेषः नापि ] શૂદ્રાદિ પણ નથી; [ पुरुषः नपुंसकः स्त्री नापि ] પુરુષ, નપુંસક, સ્ત્રીલિંગરૂપ પણ નથી; તો પછી કેવો છે ? [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાની વર્તતો થકો [ अशेषं ] સમસ્ત વસ્તુસમૂહને [ मनुते ] જાણે છે.

**ભાવાર્થ:**—વીતરાગનિર્વિકલ્પ સમાધિથી ચ્યુત થયેલો બહિરાત્મા જે બ્રાહ્મણાદિ વર્ણભેદો, પુલ્લિંગાદિ લિંગભેદો વ્યવહારથી પરમાર્થપદાર્થથી અભિન્ન છે, શુદ્ધ-નિશ્ચયનયથી ભિન્ન છે અને સાક્ષાત્ હેય છે તેમને પોતાના આત્મામાં જોડે છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निश्चयेन भिन्नान् साक्षाद्धेयभूतान् वीतरागनिर्विकल्पसमाधिच्युतो बहिरात्मा स्वात्मनि योजयति तानेव तद्विपरीतभावनारतोऽन्तरात्मा [1]स्वशुद्धात्मस्वरूपेण योजयतीति तात्पर्यार्थः ॥ ८७ ॥ अथ—

८९) अप्पा वंदउ खवणु ण वि अप्पा गुरउ ण होइ ।
अप्पा लिंगिउ एक्कु ण वि णाणिउ जाणइ जोइ ॥८८॥

आत्मा वन्दकः क्षपणः नापि आत्मा गुरवः न भवति ।
आत्मा लिङ्गी एकः नापि ज्ञानी जानाति योगी ॥ ८८ ॥

आत्मा वन्दको बौद्धो न भवति, आत्मा क्षपणको दिगम्बरो न भवति, आत्मा गुरवशब्दवाच्यः श्वेताम्बरो न भवति । आत्मा एकदण्डित्रिदण्डिहंस-परमहंससंज्ञाः संन्यासी शिखी मुण्डी योगदण्डाक्षमालातिलककुलकघोषप्रभृति-वेषधारी नैकोऽपि कश्चिदपि लिङ्गी न भवति । तर्हि कथंभूतो भवति । ज्ञानी । तमात्मानं कोऽसौ जानाति योगी ध्यानीति । तथाहि—यद्यप्यात्मा व्यवहारेण वन्दकादिलिङ्गी भण्यते तथापि शुद्धनिश्चयनयेनैकोऽपि लिङ्गी न भवतीति । अयमत्र भावार्थः । देहाश्रितं [2]द्रव्यलिङ्गमुपचरितासद्भूतव्यवहारेण जीवस्वरूपं भण्यते, वीतरागनिर्विकल्पसमाधिरूपं भावलिङ्गं तु यद्यपि शुद्धात्म-

---

તેનાથી વિપરીત ભાવનામાં રત એવો અન્તરાત્મા તેમને સ્વશુદ્ધાત્મસ્વરૂપમાં યોજતો નથી. ૮૭.

હવે ( વંદક, ક્ષપણાદિક ભેદ પણ જીવના નથી એમ કહે છે ):—

ગાથા—૮૮

**અન્વયાર્થઃ**—[ आत्मा ] આત્મા [ वन्दकः क्षपणः न अपि ] બૌદ્ધ નથી, આત્મા દીગંબર નથી, [ आत्मा ] આત્મા [ गुरवः न भवति ] શ્વેતાંબર નથી, [ आत्मा ] આત્મા [ एकः लिंगी नापि ] કોઈ પણ લિંગધારી નથી અર્થાત્ એક દંડી ત્રિદંડી હંસ કે પરમ-હંસસંજ્ઞાધારી સંન્યાસી નથી, તો પછી કેવો છે? આત્મા ( જ્ઞાનસ્વરૂપ ) જ્ઞાની છે, તેને [ योगी ] યોગી–ધ્યાની [ जानाति ] જાણે છે.

**ભાવાર્થઃ**—જો કે આત્માને વ્યવહારનયથી વંદકાદિ લિંગી કહેવામાં આવે છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી કોઈ પણ લિંગ ( વેશ ) જીવને નથી.

અહીં આ ભાવાર્થ છે કે દેહાશ્રિત દ્રવ્યલિંગને ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર-નયથી જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવ-

---

૧. 'स्वशुद्धात्मस्वरूपेण ને બદલે स्वशुद्धात्मस्वरूपेन એમ હોવું જોઈએ.

૨. પાઠાન્તરઃ—लिंगमु=लिंगमनु

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वरूपसाधकत्वादुपचारेण शुद्धजीवस्वरूपं भण्यते, तथापि सूक्ष्मशुद्धनिश्चयेन न भण्यत इति ॥ ८८ ॥ अथ—

९०) अप्पा गुरु णवि सिस्सु णवि णवि सामिउ णवि भिच्चु।
सूरउ कायरु होइ णवि णवि उत्तमु णवि णिच्चु ॥ ८९ ॥

आत्मा गुरुः नैव शिष्यः नैव नैव स्वामी नैव भृत्यः।
शूरः कातरः भवति नैव नैव उत्तमः नैव नीचः ॥ ८९ ॥

आत्मा गुरुर्नैव भवति शिष्योऽपि न भवति नैव स्वामी नैव भृत्यः शूरो न भवति कातरो हीनसत्त्वो नैव भवति नैवोत्तमः उत्तमकुलप्रसूतः नैव नीचो नीचकुलप्रसूत इति। तद्यथा। गुरुशिष्यादिसंबन्धान् यद्यपि व्यवहारेण जीवस्वरूपांस्तथापि शुद्धनिश्चयेन परमात्मद्रव्याद्भिन्नान् हेयभूतान् वीतरागपरमानन्दैकस्वशुद्धात्मोपलब्धेश्च्युतो बहिरात्मा स्वात्मसंबद्धान् करोति तानेव वीतरागनिर्विकल्पसमाधिस्थो अन्तरात्मा परस्वरूपान् जानातीति भावार्थः ॥८९॥ अथ—

९१) अप्पा माणुसु देउ ण वि अप्पा तिरिउ ण होइ।
अप्पा णारउ कहिँ वि णवि णाणिउ जाणइ जोइ ॥९०॥

---

લિંગ જો કે શુદ્ધાત્મસ્વરૂપનું સાધક હોવાથી ઉપચારથી શુદ્ધ જીવનું સ્વરૂપ કહેવામાં આવે છે તો પણ તેને સૂક્ષ્મશુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ જીવનું સ્વરૂપ કહેવામાં આવતું નથી. ૮૮

હવે ( આત્મા ગુરુ, શિષ્યાદિક પણ નથી એમ કહે છે ):—

ગાથા–૮૯

**અન્વયાર્થ**:—[ आत्मा ] આત્મા [ गुरुः नैव ] ગુરુ નથી, [ शिष्यः नैव ] શિષ્ય નથી, [ स्वामी नैव ] સ્વામી નથી, [ भृत्यः नैव ] નોકર નથી [ शूरः कातरः नैव ] શૂરવીર નથી, કાતર–હીનસત્વ–( કાયર ) નથી, [ उत्तमः नैव ] ઉત્તમ–ઉત્તમકુલી–ઉત્તમકુલમાં જન્મેલો–નથી [ नीचः नैव भवति ] નીચ–નીચકુલી–નીચકુલમાં જન્મેલો નથી.

**ભાવાર્થ**:—ગુરુશિષ્યાદિ સંબંધો જો કે વ્યવહારનયથી જીવના સ્વરૂપો છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી પરમાત્મદ્રવ્યથી ભિન્ન અને હેયભૂત છે તેમને પોતાના આત્મામાં સંબદ્ધ કરે છે અને તેમને જ વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્થ અન્તરાત્મા પરસ્વરૂપ જાણે છે. ૮૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

आत्मा मनुष्यः देवः नापि आत्मा तिर्यग् न भवति ।
आत्मा नारकः क्वपि नैव ज्ञानी जानाति योगी ॥ ९० ॥

अप्पा माणुसु देउ ण वि अप्पा तिरिउ ण होइ अप्पा णारउ कहिं वि णवि आत्मा मनुष्यो न भवति देवो नैव भवति आत्मा तिर्यग्योनिर्न भवति आत्मा नारकः क्वापि काले न भवति । तर्हि किंविशिष्टो भवति । णाणिउ जाणइ जोइ ज्ञानी ज्ञानरूपो भवति । तमात्मानं कोऽसो जानाति । योगी कोऽर्थः । त्रिगुप्तिनिर्विकल्पसमाधिस्थ इति । तथाहि । विशुद्धज्ञानदर्शनस्वभावपरमात्मतत्त्वभावनाप्रतिपक्षभूतैः रागद्वेषादिविभावपरिणामजालैर्यान्युपार्जितानि कर्माणि तदुदयजनितान् मनुष्यादिविभावपर्यायान् भेदाभेदरत्नत्रयभावनाच्युतो बहिरात्मा स्वात्मतत्त्वे योजयति । तद्विपरीतोऽन्तरात्मशब्दवाच्यो ज्ञानी पृथक् जानातीत्यभिप्रायः ॥ ९० ॥ अथ—

**९२) अप्पा पंडिउ मुक्खु णवि णवि ईसरु णवि णीसु ।**
**तरुणउ बूढउ बालु णवि अण्णु वि कम्म-विसेसु ॥९१॥**

आत्मा पण्डितः मूर्खः नैव नैव ईश्वरः नैव निःस्वः ।
तरुणः वृद्धः बालः नैवः अन्यः अपि कर्मविशेषः ॥ ९१ ॥

---

હવે ( આત્માનું સ્વરૂપ કહે છે ):—

**ગાથા–૯૦**

**અન્વયાર્થ:**—[ क्वापि ] કોઇ કાલે [ आत्मा ] આત્મા [ मनुष्यः देवः नापि ] મનુષ્ય નથી, દેવ નથી, [ आत्मा ] આત્મા [ तिर्यग् न भवति ] તિર્યંચ નથી, [ आत्मा ] આત્મા [ नारकः नैवः ] નારકી નથી તો પછી કેવો છે? [ ज्ञानी ] આત્મા જ્ઞાની–જ્ઞાનસ્વરૂપ છે તેને [ योगी जानाति ] યોગી–ત્રણ ગુપ્તિયુક્ત નિર્વિકલ્પસમાધિસ્થ યોગી–જાણે છે.

**ભાવાર્થ:**—ભેદાભેદરત્નત્રયની ભાવનાથી ચ્યુત એવો બહિરાત્મા, વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મતત્ત્વની ભાવનાથી પ્રતિપક્ષભૂત રાગદ્વેષાદિ વિભાવપરિણામની જાલથી ઉપાર્જન કરવામાં આવેલાં કર્મોના ઉદયથી થયેલ મનુષ્યાદિ વિભાવપર્યાયોને સ્વાત્મતત્ત્વમાં યોજે છે–જોડે છે, તેનાથી વિપરીત ‘ અન્તરાત્મા ’ શબ્દથી વાચ્ય એવો જ્ઞાની તેમને પૃથક્ જાણે છે. ૯૦.

હવે ( ફરી આત્માનું સ્વરૂપ કહે છે ):—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्पा पंडिउ मुक्खु णवि णवि ईसरु णवि णीसु तरुणउ बूढउ बालु णवि आत्मा पण्डितो न भवति मूर्खो नैव ईश्वरः समर्थो नैव निःस्वो दरिद्रः तरुणो वृद्धो बालोऽपि नैव । पण्डितादिस्वरूपं यद्यात्मस्वभावो न भवति तर्हि किं भवति । अण्णु वि कम्मविसेसु अन्य एव कर्मजनितोऽयं विभावपर्यायविशेष इति । तद्यथा । पण्डितादिसंबन्धान् यद्यपि व्यवहारनयेन जीवस्वभावान् तथापि शुद्धनिश्चनयेन शुद्धात्मद्रव्याद्भिन्नान् सर्वप्रकारेण हेयभूतान् वीतरागस्वसंवेदनज्ञानभावनारहितोऽपि बहिरात्मा स्वस्मिन्नियोजयति तानेव पण्डितादिविभावपर्यायांस्तद्विपरीतो योऽसौ चान्तरात्मा परस्मिन् कर्माणि नियोजयतीति तात्पर्यार्थः ॥ ९१ ॥ अथ—

९३) पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ ।
एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयण-भाऊ ॥ ९२ ॥

पुण्यमपि पापमपि कालः नभः धर्माधर्ममपि कायः ।
एकमपि आत्मा भवति नैव मुक्त्वा चेतनभावम् ॥ ९२ ॥

---

## ગાથા–૯૧

**અન્વયાર્થ:**—[ आत्मा ] આત્મા [ पंडितः मूर्खः नैव ] પંડિત નથી, મૂર્ખ નથી, [ ईश्वरः नैव ] ઇશ્વર–સમર્થ–નથી [ निःस्वः नैव ] દરિદ્રી નથી, [ तरुणः वृद्धः बालः नैव ] યુવાન, વૃદ્ધ અને બાલક પણ નથી.

જો પંડિતાદિસ્વરૂપ આત્માનો સ્વભાવ નથી તો તે શું છે? [ अन्यः अपि कर्म विशेषः ] પંડિતાદિ સ્વરૂપ આત્માથી ભિન્ન કર્મવિશેષ છે–અર્થાત્ કર્મજનિત વિભાવ પર્યાય વિશેષ છે.

**ભાવાર્થ:**—વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનની ભાવનાથી રહિત એવો બહિરાત્મા, પંડિતાદિ સંબંધો જો કે વ્યવહારનયથી જીવના સ્વભાવો છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધાત્મદ્રવ્યથી ભિન્ન, અને સર્વપ્રકારે હેયભૂત છે તેમને પોતામાં યોજે છે–જોડે છે અને તેનાથી વિપરીત જે અન્તરાત્મા છે તે, તે જ પંડિતાદિ વિભાવપર્યાયોને પર એવા કર્મમાં યોજે છે. ( તેમને પોતાથી જુદા કર્મજનિત જાણે છે. ) ૯૧.

હવે ( આત્માના ચેતનભાવનું વર્ણન કરે છે ):—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ पुण्यमपि पापमपि कालः नभः आकाशं धर्माधर्ममपि कायः शरीरं, एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयणभाउ इदं पूर्वोक्तमेकमप्यात्मा न भवति । किं कृत्वा । मुक्त्वा किं चेतनभावमिति । तथाहि । व्यवहारनयेनात्मनः सकाशादभिन्नान् शुद्धनिश्चयेन भिन्नान् हेयभूतान् पुण्यपापादिधर्माधर्मान्मिथ्यात्वरागादिपरिणतो बहिरात्मा स्वात्मनि योजयति तानेव पुण्यपापादि समस्तसंकल्पविकल्पपरिहारभावनारूपे स्वशुद्धात्मद्रव्ये सम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मके परमसमाधौ स्थितोऽन्तरात्मा शुद्धात्मनः सकाशात् पृथग् जानातीति तात्पर्यार्थः ॥ ९२ ॥ एवं त्रिविधात्मप्रतिपादकमहाधिकारमध्ये मिथ्यादृष्टिभावनाविपरीतेन सम्यग्दृष्टिभावनास्थितेन सूत्राष्टकं समाप्तम् ॥

अथानन्तरं सामान्यभेदभावनामुख्यत्वेन 'अप्पा संजमु' इत्यादि प्रक्षेपकान् विहायैकत्रिंशत्सूत्रपर्यन्तमुपसंहाररूपा चूलिका कथ्यते । तद्यथा—

---

### ગાથા–૯૨

**અન્વયાર્થ:**—[ चेतन भावं मुक्त्वा ] ચેતનભાવને છોડીને ( એક ચેતનભાવ સિવાય ) [ पुण्यं अपि पापं अपि ] પુણ્ય અને પાપ, [ कालः ] કાલ [ नभः ] આકાશ, [ धर्माधर्मं अपि ] ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય, [ कायः ] શરીર [ एकः ] એમાંથી એક પણ [ आत्मा न एव भवति ] આત્મા નથી ( એક ચેતનભાવરૂપજ આત્મા છે. )

**ભાવાર્થ:**—મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણમેલો બહિરાત્મા વ્યવહારનયથી આત્માથી અભિન્ન અને શુદ્ધનિશ્ચયનયથી આત્માથી ભિન્ન, હેયભૂત એવા તે પુણ્ય, પાપ અને ધર્માધર્માદિ દ્રવ્યોને પોતામાં યોજે છે અને તેમને જ, પુણ્યપાપાદિ સમસ્ત સંકલ્પ-વિકલ્પના ત્યાગની ભાવનારૂપ, નિજશુદ્ધાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્-આચરણરૂપ અભેદરત્નત્રયાત્મક પરમસમાધિમાં સ્થિત એવો અન્તરાત્મા શુદ્ધાત્માથી પૃથક્ જાણે છે. ૯૨.

એ પ્રમાણે ત્રણ પ્રકારના આત્માના પ્રતિપાદક મહાધિકારમાં મિથ્યાદૃષ્ટિની ભાવનાથી વિપરીત સમ્યગ્દૃષ્ટિની ભાવનાની મુખ્યતાથી આઠ ગાથાસૂત્રો સમાપ્ત થયાં.

ત્યાર પછી હવે સામાન્ય ભેદભાવનાની મુખ્યતાથી 'अप्पा संजमु' ઇત્યાદિ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यदि पुण्यपापादिरूपः परमात्मा न भवति तर्हि कीदृशो भवतीति प्रश्ने प्रत्युत्तरमाह—

९४) अप्पा संजमु सीलु तउ अप्पा दंसणु णाणु ।
अप्पा सासय-मोक्ख-पउ जाणंतउ अप्पाणु ॥ ९३ ॥

आत्मा संयमः शीलं तपः आत्मा दर्शनं ज्ञानम् ।
आत्मा शाश्वतमोक्षपदं जानन् आत्मानम् ॥ ९३ ॥

अप्पा संजमु सीलु तउ अप्पा दंसणु णाणु अप्पा सासयमोक्खपउ आत्मा संयमो भवति शीलं भवति तपश्चरणं भवति आत्मा दर्शनं भवति शाश्वतमोक्षपदं च भवति । अथवा पाठान्तरं 'सासयमुक्खपहुं' शाश्वतमोक्षस्य पन्था मार्गः, अथवा 'सासयसुक्खपउ' शाश्वतसौख्यपदं स्वरूपं च भवति । किं कुर्वन् सन् । जाणंतउ अप्पाणु जानन्ननुभवन् । कम् । आत्मानमिति । तद्यथा । बहिरङ्गेन्द्रियसंयमप्राणसंयमबलेन साध्यसाधकभावेन निश्चयेन स्वशुद्धात्मनि संयमनात् स्थितिकरणात् संयमो भवति, बहिरङ्गसहकारिकारणभूतेन

---

પ્રક્ષેપકોને છોડીને એકત્રીસ સૂત્રોસુધી ( પહેલો અધિકાર પૂર્ણ કરતાં ) ઉપસંહારરૂપે ચૂલિકા કહે છે. તે આ પ્રમાણેઃ—

જો પુણ્ય પાપાદિરૂપ પરમાત્મા નથી તો તે કેવો છે ?
એવા પ્રશ્નના ઉત્તરરૂપે શ્રીગુરુ સમાધાન કરે છેઃ—

### ગાથા–૯૩

**અન્વયાર્થઃ**—[ आत्मानं जानन् ] આત્મા ( પોતાને ) જાણતો–અનુભવતો–થકો [ आत्मा ] આત્મા [ संयमः ] સંયમ છે, [ शीलं ] શીલ છે, [ तपः ] તપ છે, [ आत्मा ] આત્મા [ दर्शनं ] દર્શન છે, [ ज्ञानं ] જ્ઞાન છે અને [ आत्मा ] આત્મા [ शाश्वतमोक्षपदं ] શાશ્વતમોક્ષપદ છે અથવા પાઠાન્તર 'सासय मुक्खपहुं' શાશ્વત મોક્ષનો માર્ગ છે. અથવા 'सासय मुक्खपउ' શાશ્વત સુખસ્થાન છે–શાશ્વતસુખસ્વરૂપ છે.

**ભાવાર્થઃ**—સાધ્યસાધક ભાવ વડે બહિરંગ ઇન્દ્રિય સંયમ અને પ્રાણસંયમના બલથી નિશ્ચયે સ્વશુદ્ધાત્મામાં સંયમિત રહેવું–સ્થિતિ કરવી–તે સંયમ છે.

બહિરંગ સહકારીકારણભૂત કામક્રોધાદિના ત્યાગસ્વરૂપ વ્રતરક્ષણરૂપ શીલ વડે નિશ્ચયથી અભ્યંતરમાં સ્વશુદ્ધાત્મદ્રવ્યનો નિર્મલ અનુભવ કરવો તે શીલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कामक्रोधविवर्जनलक्षणेन व्रतपरिरक्षणशीलेन निश्चयेनाभ्यन्तरे स्वशुद्धात्मद्रव्यनिर्मलानुभवनेन शीलं भवति । बहिरङ्गेन सहकारिकारणभूतनाशनादिद्वादशविधतपश्चरणेन निश्चयनयेनाभ्यन्तरे समस्तपरद्रव्येच्छानिरोधेन परमात्मस्वभावे प्रतपनाद्विजयनात्तपश्चरणं भवति । स्वशुद्धात्मैवोपादेय इति रुचिकरणान्निश्चयसम्यक्त्वं भवति । वीतरागस्वसंवेदनज्ञानानुभवनान्निश्चयज्ञानं भवति । मिथ्यात्वरागादिसमस्तविकल्पजालत्यागेन परमात्मतत्त्वे परमसमरसीभावपरिणमनाच्च मोक्षमार्गो भवतीति । अत्र बहिरङ्गद्रव्येन्द्रियसंयमादिप्रतिपालनादभ्यन्तरे शुद्धात्मानुभूतिरूपभावसंयमादिपरिणमनादुपादेयसुखसाधकत्वादात्मैवोपादेय इति तात्पर्यार्थः ॥ ९३ ॥

अथ स्वशुद्धात्मसंवित्तिं विहाय निश्चयनयेनान्यद्दर्शनज्ञानचारित्रं नास्तीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रं कथयति—

**९५) अण्णु जि दंसणु अत्थि ण वि अण्णु जि अत्थि ण णाणु ।**
**अण्णु जि चरणु ण अत्थि जिय मेल्लिवि अप्पा जाणु ॥९४॥**

अन्यद् एव दर्शनं अस्ति नापि अन्यदेव अस्ति न ज्ञानं ।
अन्यद् एव चरणं न अस्ति जीव मुक्त्वा आत्मानं जानीहि ॥ ९४ ॥

---

બહિરંગ સહકારીકારણભૂત અનશનાદિ બાર પ્રકારના તપશ્ચરણ વડે નિશ્ચયથી અભ્યંતરમાં સમસ્ત પરદ્રવ્યની ઇચ્છાનો નિરોધ કરીને પરમાત્મસ્વભાવમાં પ્રતપવું–વિજયવંત વર્તવું તે તપશ્ચરણ છે.

'સ્વશુદ્ધાત્મા' જ ઉપાદેય છે એવી રુચિ કરવી તે નિશ્ચયસમ્યક્ત્વ છે. વીતરાગ-સ્વસંવેદનરૂપ જ્ઞાનનું અનુભવન તે નિશ્ચયજ્ઞાન છે, મિથ્યાત્વ, રાગાદિ સમસ્ત વિકલ્પ-જાલનો ત્યાગ કરીને પરમાત્મતત્ત્વમાં પરમસમરસીભાવનું પરિણમન તે મોક્ષમાર્ગ છે.

અહીં બહિરંગથી દ્રવ્યેન્દ્રિયના સંયમાદિના પ્રતિપાલનથી અભ્યંતરમાં શુદ્ધાત્માનુ-ભૂતિરૂપ ભાવસંયમાદિરૂપે પરિણમનદ્વારા ઉપાદેય એવા સુખનો સાધક હોવાથી 'આત્મા' જ ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૯૩.

હવે સ્વશુદ્ધાત્માની સંવિત્તિ સિવાય નિશ્ચયનયથી અન્ય કોઇ દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી એવો અભિપ્રાય મનમાં રાખીને સૂત્ર કહે છેઃ—

### ગાથા–૯૪

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ! [ आत्मानंमुक्त्वा ] આત્મા સિવાય [ अन्यतएव ] બીજું કોઈ [ दर्शनं ] દર્શન [ नापि अस्ति ] નથી, [ अन्यतएव ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अण्णु जि दंसणु अत्थि ण वि अण्णु जि अत्थि ण णाणु अण्णु जि चरणु ण अत्थि जिय अन्यदेव दर्शनं नास्ति अन्यदेव ज्ञानं नास्ति अन्यदेव चरणं नास्ति हे जीव । किं कृत्वा । मेल्लिवि अप्पा जाणु मुक्त्वा । कम् । आत्मानं जानीहीति । तथाहि यद्यपि षड्द्रव्यपञ्चास्तिकायसप्ततत्त्वनवपदार्थाः साध्यसाधकभावेन निश्चयसम्यक्त्वहेतुत्वाद्व्यवहारेण सम्यक्त्वं भवति, तथापि निश्चयेन वीतरागपरमानन्दैकस्वभावः शुद्धात्मोपादेय इति रुचिरूपपरिणामपरिणतशुद्धात्मैव निश्चयसम्यक्त्वं भवति । यद्यपि निश्चयस्वसंवेदनज्ञानसाधकत्वात्तु व्यवहारेण शास्त्रज्ञानं भवति, तथापि निश्चयनयेन वीतरागस्वसंवेदनज्ञानपरिणतः शुद्धात्मैव निश्चयज्ञानं भवति । यद्यपि निश्चयचारित्रसाधकत्वान्मूलोत्तरगुणा व्यवहारेण चारित्रं भवति, तथापि शुद्धात्मानुभूतिरूपवीतरागचारित्रपरिणतः स्वशुद्धात्मैव निश्चयनयेन चारित्रं भवतीति । [1]अत्रोक्तलक्षणेऽभेदरत्नत्रयपरिणतः परमात्मैवोपादेय इति भावार्थः ॥ ९४ ॥

अथ निश्चयेन वीतरागभावपरिणतः स्वशुद्धात्मैव निश्चयतीर्थः निश्चयगुरुर्निश्चयदेव इति कथयति—

---

બીજું કોઈ [ ज्ञानं ] જ્ઞાન [ न ] નથી [ अन्यत् एव ] બીજું કોઈ [ चरणं ] ચારિત્ર [ न अस्ति ] નથી, [ जानीहि ] એમ તું જાણ ( અર્થાત્ આત્મા જ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એમ સંદેહ રહિત જાણ. )

**ભાવાર્થ:**—જો કે છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, અને નવ પદાર્થ સાધ્યસાધકભાવ વડે નિશ્ચયસમ્યક્ત્વના હેતુ હોવાથી વ્યવહારનયથી સમ્યક્ત્વ છે તો પણ નિશ્ચયનયથી વીતરાગ પરમાનંદ જેનો એક સ્વભાવ છે એવો શુદ્ધ આત્મા ઉપાદેય છે એવી રુચિરૂપ પરિણામે પરિણમેલો શુદ્ધ આત્મા જ નિશ્ચયસમ્યક્ત્વ છે; જો કે શાસ્ત્રજ્ઞાન નિશ્ચયસ્વસંવેદનજ્ઞાનનું સાધક હોવાથી વ્યવહારથી જ્ઞાન છે તોપણ નિશ્ચયનયથી વીતરાગ-સ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણમેલો શુદ્ધ આત્મા જ નિશ્ચયજ્ઞાન છે; જો કે વ્યવહારનયથી મૂલ–ઉત્તર ગુણો ( અઠ્ઠાવીસ મૂલ ગુણો, ચોરાસીલાખ ઉત્તર ગુણો ) નિશ્ચયચારિત્રના સાધક હોવાથી ચારિત્ર છે તોપણ નિશ્ચયનયથી શુદ્ધાત્માનુભૂતિરૂપ વીતરાગચારિત્રરૂપે પરિણમેલો સ્વશુદ્ધાત્મા જ ચારિત્ર છે.

અહીં ઉક્ત લક્ષણવાળો અભેદરત્નત્રયરૂપે પરિણમેલો પરમાત્મા જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૯૪

---

૧ अत्रोक्तलक्षणेऽ તેને બદલે अत्रोक्तलक्षणोऽ એમ હોવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



९६) अण्णु जि तित्थु म जाहि जिय अण्णु जि गुरुउ म सेवि।
अण्णु जि देउ म चिंति तुहुँ अप्पा विमलु मुएवि ॥ ९५ ॥
अन्यद् एव तीर्थं मा याहि जीव अन्यद् एव गुरुं मा सेवस्व ।
अन्यद् एव देवं मा चिन्तय त्वं आत्मानं विमलं मुक्त्वा ॥ ९५ ॥

अण्णु जि तित्थु, म जाहि जिय अण्णु जि गुरुउ म सेवि अण्णु जि देउ म चिंति तुहुं अन्यदेव तीर्थं मा गच्छ हे जीव अन्यदेव गुरुं मा सेवस्व अन्यदेव देवं मा चिन्तय त्वम् । किं कृत्वा । अप्पा विमलु मुएवि मुक्त्वा त्यक्त्वा । कम् । आत्मानम् । कथंभूतम् । विमलं रागादिरहितमिति । तथाहि । यद्यपि व्यवहारनयेन निर्वाणस्थानचैत्यचैत्यालयादिकं तीर्थभूतपुरुषगुणस्मरणार्थं तीर्थं भवति, तथापि वीतरागनिर्विकल्पसमाधिरूपनिश्छिद्रपोतेन संसारसमुद्रतरणसमर्थत्वान्निश्चयनयेन स्वात्मतत्त्वमेव तीर्थं भवति [१]यदुपदेशात्पारंपर्येण परमात्मतत्त्वलाभो भवतीति । व्यवहारेण शिक्षादीक्षादायकी यद्यपि गुरुर्भवति, तथापि निश्च-

---

હવે નિશ્ચયનયથી વીતરાગભાવરૂપે પરિણમેલો સ્વશુદ્ધાત્મા જ નિશ્ચયતીર્થ છે, નિશ્ચયગુરુ છે, નિશ્ચયદેવ છે એમ કહે છેઃ—

### ગાથા—૯૫

**અન્વયાર્થઃ**—[ **विमलं** ] રાગાદિ રહિત [ **आत्मानं मुक्त्वा** ] આત્માને છોડીને [ **जीव** ] હે જીવ ! [ **त्वं** ] તું [ **अन्यत् एव तीर्थं** ] અન્ય કોઈ તીર્થમાં [ **मा याहि** ] ન જા, [ **अन्यत् एव गुरूं** ] અન્ય કોઈ ગુરુને [ **मा सेवस्व** ] ન સેવ, [ **अन्यत् एव देवं** ] અન્ય કોઈ દેવનું [ **मा चिन्तय** ] ચિંતવન ન કર, ( અર્થાત્ પોતાનો આત્મા જ તીર્થ છે, તેમાં રમણ કર. પોતાનો આત્મા જ ગુરુ છે તેની સેવા કર અને પોતાનો આત્મા જ દેવ છે તેની આરાધના કર. )

**ભાવાર્થઃ**—જો કે વ્યવહારનયથી નિર્વાણસ્થાન, ચૈત્ય ( જિન પ્રતિમા ), ચૈત્યાલય ( મંદિર ) વગેરે, તીર્થરૂપ પુરુષના ગુણના સ્મરણાર્થે, તીર્થ છે તોપણ, વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ છિદ્ર રહિત જહાજ વડે સંસારસમુદ્રને તરવાને સમર્થ હોવાથી નિશ્ચયનયથી સ્વઆત્મતત્ત્વજ તીર્થ છે–કે જેના ઉપદેશથી પરંપરાએ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

જો કે વ્યવહારનયથી શિક્ષા, દીક્ષાના દેનાર ગુરુ છે તોપણ, નિશ્ચયનયથી પંચેન્દ્રિયના વિષય ( કષાય ) આદિથી માંડીને સમસ્ત વિભાવપરિણામના ત્યાગ સમયે સંસારના નાશનું કારણ હોવાથી 'સ્વશુદ્ધાત્મા' જ ગુરુ છે.

---

૧ પાઠાન્તરઃ—य=त

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यनयेन पञ्चेन्द्रियविषयप्रभृतिसमस्तविभावपरिणामपरित्यागकाले संसारविच्छित्तिकारणत्वात् स्वशुद्धात्मैव गुरुः । यद्यपि प्राथमिकापेक्षया सविकल्पापेक्षया चित्तस्थितिकरणार्थं तीर्थंकरपुण्यहेतुभूतं साध्यसाधकभावेन परंपरया निर्वाणकारणं च जिनप्रतिमादिकं व्यवहारेण देवो भण्यते, तथापि निश्चयनयेन परमाराध्यत्वाद्वीतरागनिर्विकल्पत्रिगुप्तपरमसमाधिकाले स्वशुद्धात्मस्वभाव एव देव इति । एवं निश्चयव्यवहाराभ्यां साध्यसाधकभावेन तीर्थगुरुदेवतास्वरूपं ज्ञातव्यमिति भावार्थः ॥ ९५ ॥

अथ निश्चयेनात्मसंवित्तिरेव दर्शनमिति प्रतिपादयति—

९७) अप्पा दंसणु केवलु वि अण्णु सव्वु ववहारु ।
एक्कु जि जोइय झाइयइ जो तइलोयहँ सारु ॥ ९६ ॥

आत्मा दर्शनं केवलोऽपि अन्यः सर्वः व्यवहारः ।
एक एव योगिन् ध्यायते यः त्रैलोक्यस्य सारः ॥ ९६ ॥

अप्पा दंसणु केवलु वि आत्मा दर्शनं सम्यक्त्वं भवति । कथंभूतोऽपि । केव-

---

જો કે પ્રાથમિક અપેક્ષાએ–સવિકલ્પ અપેક્ષાએ–ચિત્તને સ્થિર કરવા માટે તીર્થંકરના પુણ્યના હેતુરૂપ અને સાધ્યસાધક ભાવથી પરંપરાએ નિર્વાણનું કારણ એવી જિનપ્રતિમાદિક વ્યવહારથી દેવ કહેવાય છે તોપણ, નિશ્ચયનયથી પરમ આરાધ્ય હોવાથી વીતરાગ નિર્વિકલ્પ ત્રિગુપ્તિયુક્ત પરમસમાધિકાલે 'સ્વશુદ્ધાત્મસ્વભાવ' જ દેવ છે.

એ પ્રમાણે [1]સાધ્યસાધકભાવથી નિશ્ચય વ્યવહારનયથી તીર્થ, ગુરુ અને દેવનું સ્વરૂપ જાણવું એવો ભાવાર્થ છે. ૯૫.

હવે નિશ્ચયથી આત્મસંવિત્તિ જ ( આત્માનું સંવેદન જ ) દર્શન ( સમ્યક્ત્વ ) છે એમ કહે છેઃ—

ગાથા–૯૬

**અન્વયાર્થઃ**—[ केवलं आत्मा अपि ] કેવલ ( એક ) આત્મા જ [ दर्शनं ] સમ્યક્ત્વ છે, [ अन्य सर्वः व्यवहारः ] બાકીનો બધો વ્યવહાર છે તેથી [ योगी ] હે યોગી ! [ एकः एव ध्यायते ] એક જ આત્મા–પરમાત્મા–ધ્યાન કરવા યોગ્ય છે [ यः ] કે જે પરમાત્મા [ त्रैलोकस्य सारः ] ત્રણ લોકના સારરૂપ છે.

---

૧ સાધ્યસાધકભાવનાં સ્પષ્ટીકરણ માટે શ્રીપંચાસ્તિકાય ગુજરાતી ગાથા ૧૬૬ થી ૧૭૨ સુધીની ફૂટનોટ જુઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लोऽपि । अण्णु सव्वु ववहारु अन्यः शेषः सर्वोऽपि व्यवहारः । तेन कारणेन एक्कु जि जोइय झाइयइ हे योगिन्, एक एव ध्यायते । यः आत्मा कथंभूतः । जो तइलोयहं सारु यः परमात्मा त्रैलोक्यस्य सारभूत इति । तद्यथा । वीतरागचिदानन्दैकस्वभावात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुभूतिरूपाभेदरत्नत्रयलक्षणनिर्विकल्पत्रिगुप्तिसमाधिपरिणतो निश्चयनयेन स्वात्मैव सम्यक्त्वं अन्यः सर्वोऽपि व्यवहारस्तेन कारणेन स एव ध्यातव्य इति । अत्र यथा द्राक्षाकर्पूरश्रीखण्डादिबहुद्रव्यैर्निष्पन्नमपि पानकमभेदविवक्षया कृत्वैकं भण्यते, तथा शुद्धात्मानुभूतिलक्षणैर्निश्चयसम्यग्दर्शनज्ञानचारित्रैर्बहुभिः परिणतो अनेकोऽप्यात्मा त्वभेदविवक्षया एकोऽपि भण्यत इति भावार्थः । तथा चोक्तं अभेदरत्नत्रयलक्षणम्—" दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः । स्थितिरात्मति चारित्रं कुत एतेभ्यो भवति बन्धः ॥ " ॥ ९६ ॥

अथ निर्मलमात्मानं ध्यायस्व येन ध्यातेनान्तर्मुहूर्तेनैव मोक्षपदं लभ्यत इति निरूपयति—

---

**ભાવાર્થ**:—નિશ્ચયનયથી વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા આત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુભૂતિરૂપ અભેદરત્નત્રયસ્વરૂપ અને નિર્વિકલ્પ ત્રિગુપ્તિયુક્ત સમાધિમાં પરિણમેલો સ્વાત્મા જ સમ્યક્ત્વ છે, બાકીનો બધોય વ્યવહાર છે, તેથી તે જ ( સ્વાત્માજ ) ધ્યાવવા યોગ્ય છે.

અહીં જેવી રીતે દ્રાક્ષ, કપૂર, ચંદનાદિ અનેક દ્રવ્યોથી બનેલ પાનક અભેદ વિવક્ષાએ કરીને એક જ કહેવાય છે તેવી રીતે શુદ્ધઆત્માની અનુભૂતિસ્વરૂપ નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્રાત્મક અનેક ભાવોરૂપે પરિણમેલો આત્મા અનેક હોવા છતાં અભેદવિવક્ષાથી એક જ કહેવાય છે, એવો ભાવાર્થ છે. ( શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત પુરુષાર્થસિદ્ધયુપાય ગાથા ૨૧૬ માં ) અભેદરત્નત્રયનું સ્વરૂપ એ જ પ્રમાણે કહ્યું છે કેઃ—'दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः । स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बंधः ॥" **અર્થ**:—આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે. આત્માના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે અને આત્મસ્વરૂપમાં લીન થવું તે સમ્યગ્ચારિત્ર છે. જ્યારે આ ત્રણેય ગુણ આત્મસ્વરૂપ છે તો એનાથી કર્મોનો બંધ કેવી રીતે થઈ શકે ? ( અર્થાત્ થઈ શકતો નથી, તે નિશ્ચયરત્નત્રય તો સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ) ૯૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



९८) अप्पा झायहि णिम्मलउ किं बहुएँ अण्णेण ।
जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण ॥ ९७ ॥

आत्मानं ध्यायस्व निर्मलं किं बहुना अन्येन ।
यं ध्यायमानानां परमपदं लभ्यते एकक्षणेन ॥ ९७ ॥

अप्पा झायहि णिम्मलउ आत्मानं ध्यायस्व । कथंभूतं निर्मलम् । किं बहुएं अण्णेण किं बहुनान्येन शुद्धात्मबहिर्भूतेन रागादिविकल्पजालमालाप्रपञ्चेन । जो झायंतहं परमपउ लब्भइ यं परमात्मानं ध्यायमानानां परमपदं लभ्यते । केन [1]कारणभूतेन । एक्कखणेण एकक्षणेनान्तर्मुहूर्तेनापि । तथाहि । समस्तशुभाशुभसंकल्पविकल्परहितेन स्वशुद्धात्मतत्त्वध्यानेनान्तर्मुहूर्तेन मोक्षो लभ्यते तेन कारणेन तदेव निरन्तरं ध्यातव्यमिति । तथा चोक्तं बृहदाराधनाशास्त्रे । [2]षोडशतीर्थंकराणां एकक्षणे तीर्थंकरोत्पत्तिवासरे प्रथमे श्रामण्य-

---

હવે કહે છે કે તું નિર્મળ આત્માનું ધ્યાન કર કે જેનું ધ્યાન કરવાથી તું અંતર્મુહૂર્તમાં જ મોક્ષપદ પામીશઃ—

### ગાથા–૯૭

**અન્વયાર્થઃ**—[ **निर्मलं आत्मानं** ] નિર્મલ આત્માને [ **ध्यायस्व** ] ધ્યાવ, [ **अन्येन बहुना किं** ] અન્ય–શુદ્ધાત્માથી બહિર્ભૂત–અનેક રાગાદિવિકલ્પજાલમાળાના પ્રપંચથી શું પ્રયોજન છે? કારણ કે [ **यं ध्यायमानानां** ] જેનું પરમાત્માનું ધ્યાન કરનારાઓને [ **एकक्षणेन** ] અન્તર્મુહૂર્તમાં જ [ **परमपदं लभ्यते** ] પરમપદ ( મોક્ષપદ ) મળે છે.

**ભાવાર્થઃ**—સમસ્ત શુભાશુભ સંકલ્પવિકલ્પરહિત સ્વશુદ્ધાત્મતત્ત્વના ધ્યાનથી અન્તર્મુહૂર્તમાં મોક્ષ મળે છે તેથી તે જ નિરંતર ધ્યાવવા યોગ્ય છે. [1]બૃહદારાધના શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ–"**षोडशतीर्थंकराणां एकक्षणे तीर्थंकरोत्पत्तिवासरे प्रथमे श्रामण्यबोधसिद्धिः अन्तर्मुहूर्तेन निवृता** । ( **અર્થઃ**—ઋષભનાથથી માંડીને શાન્તિનાથ તીર્થંકર સુધી સોળ તીર્થંકરોને જે દિવસે દિવ્યધ્વનિની ઉત્પત્તિ થઈ હતી તે પ્રથમ દિવસે બહુ મુનિઓને શ્રામણ્યબોધસિદ્ધિ ( ચારિત્ર અને કેવલજ્ઞાનની સિદ્ધિ ) એક ક્ષણે–અન્તર્મુહૂર્તમાં- થઈ ).

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે–જો પરમાત્માના ધ્યાનથી અન્તર્મુહૂર્તમાં મોક્ષ થાય છે તે અત્યારે તેનું ધ્યાન કરનારા અમને કેમ મોક્ષ થતો નથી?

---

૧ પાઠાન્તરઃ—**कारणभूतेन=करणभूतेन**

૨ આ ગાથા સંસ્કૃત ટીકાવાળી ભગવતી આરાધનામાં પાન ૧૭૭૧, ગાથા ૨૨૨૮ માં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बोधसिद्धिः अन्तर्मुहूर्तेन निर्वृत्ता । अत्राह शिष्यः । यद्यन्तर्मुहूर्तपरमात्मध्यानेन मोक्षो भवति तर्हि इदानीमस्माकं तद्धयानं कुर्वाणानां किं न भवति । परिहारमाह । यादृशं तेषां प्रथमसंहननसहितानां शुक्लध्यानं भवति तादृशमिदानीं नास्तीति । तथा चोक्तम्—" अत्रेदानीं निषेधन्ति शुक्लध्यानं जिनोत्तमाः । धर्मध्यानं पुनः प्राहुः श्रेणिभ्यां प्राग्विवर्तनम् ॥ " । अत्र येन कारणेन परमात्मध्यानेनान्तर्मुहूर्तेन मोक्षो लभ्यते तेन कारणेन संसारस्थितिच्छेदनार्थमिदानीमपि तदेव ध्यातव्यमिति भावार्थः ॥ ९७ ॥

अथ अस्य वीतरागमनसि शुद्धात्मभावना नास्ति तस्य शास्त्रपुराणतपश्चरणानि किं कुर्वन्तीति कथयति—

**९९) अप्पा णिय-मणि णिम्मलउ णियमें वसइ ण जासु ।**
**सत्थ-पुराणइँ तव-चरणु मुक्खु वि करहिँ कि तासु ॥ ९८ ॥**

आत्मा निजमनसि निर्मलः नियमेन वसति न यस्य ।
शास्त्रपुराणानि तपश्चरणं मोक्ष अपि कुर्वन्ति किं तस्य ॥ ९८ ॥

---

**તેનું સમાધાનઃ—** પ્રથમ સંહનનવાળાને (વજ્રવૃષભનારાચસંહનનવાળા જીવોને) જેવું શુક્લધ્યાન થાય છે તેવું શુક્લધ્યાન અત્યારે થતું નથી ( શ્રી રામસેનકૃત તત્ત્વાનુશાસન ગાથા ૮૩ માં ) કહ્યું પણ છે કે " **अत्रेदानीं निषेधन्ति शुक्लध्यानं जिनोत्तमाः । धर्मध्यानं पुनः प्राहुः श्रेणिभ्यां प्राग्विवर्तिनाम ॥**" **અર્થઃ—**સર્વજ્ઞવીતરાગજિનવરદેવે આ ભરતક્ષેત્રમાં અત્યારે ( આ પંચમકાલમાં ) શુક્લધ્યાનનો નિષેધ કર્યો છે પણ તેમણે આ કાલમાં ધર્મધ્યાન કહ્યું છે, ( ધર્મધ્યાન હોય એમ કહ્યું છે. ) ઉપશમ અને ક્ષપકશ્રેણીથી નીચેના ગુણસ્થાનમાં વર્તતા જીવોને ધર્મધ્યાન હોઈ શકે છે તેવી ભગવાનની આજ્ઞા છે.

અહીં જે કારણે પરમાત્માના ધ્યાનથી અન્તર્મુહૂર્તમાં મોક્ષ મળે છે તે કારણે સંસારની સ્થિતિ છેદવા માટે અત્યારે પણ ( આ પંચમકાલમાં પણ ) તે જ પરમાત્માનું ધ્યાન કરવા યોગ્ય છે એવો ભાવાર્થ છે. ૯૭.*

હવે કહે છે કે જેના રાગરહિત મનમાં શુદ્ધાત્મભાવના નથી તેને શાસ્ત્ર, પુરાણ, તપશ્ચરણાદિ શું કરે ?

---

* આ ગાથા સંસ્કૃત ટીકાવાળી ભગવતી આરાધના આશ્વાસ ૭, ગાથા ૨૦૪૮ પાના ૧૭૭૨ ની સંસ્કૃત ટીકામાં આધારરૂપે આપેલ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्पा णियमणि णिम्मलउ णियमें वसइ ण जासु आत्मा निजमनसि निर्मलो नियमेन वसति तिष्ठति न यस्य सत्थपुराणइं तवचरणु मुक्खु वि करहिं किं तासु शास्त्रपुराणानि तपश्चरणं च मोक्षमपि किं कुर्वन्ति तस्येति । तद्यथा । वीतरागनिर्विकल्पसमाधिरूपा यस्य शुद्धात्मभावना नास्ति तस्य शास्त्र-पुराणतपश्चरणानि निरर्थकानि भवन्ति । तर्हि किं सर्वथा निष्फलानि । नैवम् । यदि वीतरागसम्यक्त्वरूपस्वशुद्धात्मोपादेयभावनासहितानि भवन्ति तदा मोक्षस्यैव बहिरङ्गसहकारिकारणानि भवन्ति तदभावे पुण्यबन्धकारणानि भवन्ति । मिथ्या-त्वरागादिसहितानि पापबन्धकारणानि च विद्यानुवादसंज्ञितदशमपूर्वश्रुतं पठित्वा भर्गपुरुषादिवदिति भावार्थः ॥ ९८ ॥

अथात्मनि ज्ञाते सर्वं ज्ञातं भवतीति दर्शयति—

१००) जोइय अप्पेँ जाणिएण जगु जाणियउ हवेइ ।
अप्पहँ केरइ भावडइ बिंबिउ जेण वसेइ ॥ ९९ ॥

योगिन् आत्मना ज्ञातेन जगत् ज्ञातं भवति ।
आत्मनः संबन्धिनि भावे बिम्बितं येन वसति ॥ ९९ ॥

---

गाथा—९८

**અન્વયાર્થ:**—[ यस्य ] જે જીવનાં [ निजमनसि ] નિજ મનમાં [ निर्मलः आत्मा ] નિર્મલ આત્મા [ नियमेन ] નિશ્ચયથી [ न वसति ] વસતો નથી [ तस्य ] તેને [ शास्त्रपुराणानि ] શાસ્ત્ર, પુરાણો અને [ तपश्चरणं ] તપ [ किं ] શું [ मोक्षं अपि ] મોક્ષને પણ [ कुर्वन्ति ] કરી શકે ?

**ભાવાર્થ:**—વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શુદ્ધાત્મભાવના જેને નથી તેને શાસ્ત્ર, પુરાણ અને તપશ્ચરણ નિરર્થક છે.

**પ્રશ્ન:**—તો શું તેઓ સર્વથા ( તદ્દન ) નિષ્ફલ છે ?

**તેનું સમાધાન:**—સર્વથા નહિ ( તેઓ સર્વથા નિષ્ફલ નથી. ) જો ' વીતરાગ-સમ્યક્ત્વરૂપ શુદ્ધાત્મા જ ઉપાદેય છે, એવી ભાવના સહિત હોય તો તેઓ મોક્ષનાં બહિરંગ સહકારી કારણ છે, તેના અભાવમાં તેઓ પુણ્યબંધનાં કારણ છે. મિથ્યાત્વ, રાગાદિ સહિત હોય તો, તેઓ પાપબંધનાં કારણ છે, જેમ રુદ્રપુરુષને વિદ્યાનુવાદ નામના દશમા પૂર્વ સુધી શાસ્ત્ર ભણવા છતાં પાપબંધના કારણ થયાં હતાં.

હવે આત્માને જાણતાં સર્વ જણાયું એમ દર્શાવે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जोइय अप्पे जाणिएण हे योगिन् आत्मना ज्ञातेन । किं भवति । जगु जाणियउ हवेइ जगत्त्रिभुवनं ज्ञातं भवति । कस्मात् । अप्पहं केरइ भाक्डइ बिंबिउ जेण बसेइ आत्मनः संबन्धिनि भावे केवलज्ञानपर्याये बिम्बितं प्रतिबिम्बितं येन कारणेन वसति तिष्ठतीति । अयमर्थः । वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानेन परमात्मतत्त्वे ज्ञाते सति समस्तद्वादशाङ्गागमस्वरूपं ज्ञातं भवति । कस्मात् । यस्माद्राघवपाण्डवादयो महापुरुषा जिनदीक्षां गृहीत्वा द्वादशाङ्गं पठित्वा द्वादशाङ्गाध्ययनफलभूते निश्चयरत्नत्रयात्मके परमात्मध्याने तिष्ठन्ति तेन कारणेन वीतरागस्वसंवेदनज्ञानेन निजात्मनि ज्ञाते सति सर्वं ज्ञातं भवतीति । अथवा निर्विकल्पसमाधिसमुत्पन्नपरमानन्दसुखरसास्वादे जाते सति पुरुषो जानाति । किं जानाति । वेत्ति मम स्वरूपमन्यद्देहरागादिकं परमिति तेन कारणेनात्मनि ज्ञाते सर्वं ज्ञातं भवति । अथवा आत्मा कर्ता श्रुतज्ञानरूपेण व्याप्तिज्ञानेन करणभूतेन सर्वं लोकालोकं जानाति तेन कारणेनात्मनि ज्ञाते सर्वं ज्ञातं भव-

---

## ગાથા–૯૯

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી! [ आत्मना ज्ञातेन ] નિજ આત્માને જાણતાં, [ जगत् ज्ञातं भवति ] ત્રણલોક જણાય [ येन ] કારણ કે [ आत्मनः संबंधिनि भावे ] આત્માના કેવલજ્ઞાનપર્યાયમાં [ बिंबितं वसति ] તે પ્રતિબિંબિત થઈને વસે છે.

**ભાવાર્થ:**—વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે પરમાત્મતત્ત્વ જાણતાં, સમસ્ત બાર અંગનું સ્વરૂપ જણાયું કારણ કે ( ૧ ) જેથી રામ, પાંડવ આદિ મહાપુરુષો જિનદીક્ષા લઈને બાર અંગ ભણીને બાર અંગના અધ્યયનના ફલરૂપ, નિશ્ચયરત્નત્રયાત્મક પરમાત્મધ્યાનમાં લીન રહે છે તેથી વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે નિજ આત્માને જાણતાં સર્વ જણાયું છે. ( ૨ ) અથવા નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન પરમાનંદરૂપ સુખરસનો આસ્વાદ ઉત્પન્ન થતાં જ, પુરુષ એમ જાણે કે " મારું સ્વરૂપ અન્ય છે, દેહ–રાગાદિ પર છે " તેથી આત્માને જાણતા, સર્વ જણાયું. ( ૩ ) અથવા કર્તારૂપ આત્મા કરણભૂત શ્રુતજ્ઞાનરૂપ વ્યાપ્તિજ્ઞાનથી સર્વ લોકાલોકને જાણે છે તેથી આત્માને જાણતાં સર્વ જણાયું. ( ૪ ) અથવા કેવલજ્ઞાનની ઉત્પત્તિના બીજરૂપ વીતરાગ, નિર્વિકલ્પ ત્રણગુપ્તિયુક્ત સમાધિના બલથી કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં, જેવી રીતે દર્પણમાં પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેવી રીતે સર્વલોકનું સ્વરૂપ જણાય છે. એ કારણે આત્માને જાણતાં, સર્વ જણાયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तीति । अथवा वीतरागनिर्विकल्पत्रिगुप्तिसमाधिबलेन केवलज्ञानोत्पत्तिबीजभूतेन केवलज्ञाने जाते सति दर्पणे बिम्बवत् सर्वं लोकालोकस्वरूपं विज्ञायत इति हेतोरात्मनि ज्ञाते सर्वं ज्ञातं भवतीति अत्रेदं व्याख्यानचतुष्टयं ज्ञात्वा बाह्याभ्यन्तरपरिग्रहत्यागं कृत्वा सर्वतात्पर्येण निजशुद्धात्मभावना कर्तव्येति तात्पर्यम् । तथा चोक्तं समयसारे—" जो पस्सइ अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं । अपदेससुत्तमज्झं पस्सइ जिणसासणं सव्वं ॥ " ॥ ९९ ॥

अथैतदेव समर्थयति—

१०१) अप्प-सहावि परिट्ठियह एहउ होइ विसेसु ।
दीसइ अप्प-सहावि लहु लोयालोउ असेसु ॥ १०० ॥

आत्मस्वभावे प्रतिष्ठितानां एष भवति विशेषः ।
दृश्यते आत्मस्वभावे लघु लोकालोकः अशेषः ॥ १०० ॥

अप्पसहावि परिट्ठियहं आत्मस्वभावे प्रतिष्ठितानां पुरुषाणां, एहउ होइ

---

અહીં આ ચાર પ્રકારનું વ્યાખ્યાન જાણીને બાહ્ય અભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરીને સર્વ તાત્પર્યથી નિજ શુદ્ધાત્માની ભાવના કર્તવ્ય છે, એવો ભાવાર્થ છે. શ્રી સમયસાર ( ગાથા ૧૫ ) માં પણ કહ્યું છે કે– " **जो पस्सइ अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं । अपदेससुत्तमज्झं पस्सइ जिणसासणं सव्वं ॥** **અર્થ:**—જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ ( તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત ) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે–કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે. ૯૯.

હવે આજ વાતનું સમર્થન કરે છે:—

ગાથા–૧૦૦

**અન્વયાર્થ:**—[ **आत्मस्वभावे** ] આત્મસ્વભાવમાં [ **प्रतिष्ठितानां** ] સ્થિત પુરુષોનું [ **एषः विशेषः भवति** ] આ પ્રત્યક્ષ વિશેષ હોય છે કે [ **आत्मस्वभावे** ] પરમાત્મસ્વભાવમાં સ્થિત પુરુષોને [ **अशेषः लोकालोकः** ] સમસ્ત લોકાલોકનું સ્વરૂપ [ **लघु** ] શીઘ્ર [ **दृश्यते** ] દેખાય છે. અથવા પાઠાન્તર '**दीसई अप्पसहाउ लहु**' આત્મસ્વભાવ શીઘ્ર દેખાય છે, માત્ર આત્મસ્વભાવ દેખાય છે એટલું જ નહિ પણ સમસ્ત લોકાલોકનું સ્વરૂપ પણ શીઘ્ર દેખાય છે.

**ભાવાર્થ:**—અહીં વિશેષપણે પૂર્વ સૂત્રમાં કહેલાં ચારેય વ્યાખ્યાન જાણવા કારણ કે તે વ્યાખ્યાન પ્રમાણે વૃદ્ધ આચાર્યોની સાક્ષી પણ મળી આવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विसेसु एष प्रत्यक्षीभूतो विशेषो भवति । एष कः । दीसइ अप्पसहावि लहु दृश्यते परमात्मस्वभावे स्थितानां लघु शीघ्रम् । अथवा पाठान्तरं 'दीसइ अप्पसहाउ लहु' । दृश्यते, स कः, आत्मस्वभावः कर्मतापन्नो, लघु शीघ्रम् । न केवलमात्मस्वभावो दृश्यते लोयालोउ असेसु लोकालोकस्वरूपमप्यशेषं दृश्यत इति । अत्र विशेषेण पूर्वसूत्रोक्तमेव व्याख्यानचतुष्टयं ज्ञातव्यं यस्मात्तस्यैव वृद्धमतसंवादरूपत्वादिति भावार्थः ॥ १०० ॥

अतोऽमुमेवार्थं दृष्टान्तदार्ष्टान्ताभ्यां समर्थयति—

१०२) अप्पु पयासइ अप्पु परु जिम अंबरि रवि-राउ ।
जोइय एत्थु म भंति करि एहउ वत्थु-सहाउ ॥ १०१ ॥

आत्मा प्रकाशयति आत्मानं परं यथा अम्बरे रविरागः ।
योगिन् अत्र मा भ्रान्तिं कुरु एष वस्तुस्वभावः ॥ १०१ ॥

अप्पु पयासइ आत्मा कर्ता प्रकाशयति । कम् । अप्पु परु आत्मानं परं च । यथा कः किं प्रकाशयति । जिमु अंबरि रविराउ यथा येन प्रकारेण अम्बरे रविरागः । जोइय एत्थु म भंति करि एहउ वत्थुसहाउ हे योगिन् अत्र भ्रान्तिं मा कार्षीः, एष वस्तुस्वभावः इति । तद्यथा । यथा निर्मेघाकाशे रविरागो रविप्रकाशः स्वं परं च प्रकाशयति तथा वीतराग-निर्विकल्पसमाधिरूपे कारणसमयसारे स्थित्वा मोहमेघपटले विनष्टे सति परमात्मा

---

( કારણ કે તે વ્યાખ્યાનનો, વૃદ્ધ આચાર્યોના મતની સાથે પણ મેળ ખાય છે. ) ૧૦૦.

હવે આ જ અર્થને દૃષ્ટાંત દાર્ષ્ટાંતથી દૃઢ કરે છેઃ—

## ગાથા–૧૦૧

**અન્વયાર્થઃ**—[ यथा ] જેવી રીતે [ अम्बरे ] આકાશમાં [ रविरागः ] સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશે છે તેવી રીતે [ आत्मा ] આત્મા [ आत्मानं ] પોતાને અને [ परं ] પરને પ્રકાશે છે, તો [ योगिन् ] હે યોગી! [ अत्र ] તેમાં [ भ्रांतिं ] ભ્રાન્તિ [ मा कार्षीः ] ન કર ( કારણ કે ) [ एषः वस्तुस्वभावः ] આ જ વસ્તુનો સ્વભાવ છે.

**ભાવાર્થઃ**—જેવી રીતે વાદળાં વિનાના ( નિર્મળ ) આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશે છે તેવી રીતે વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ કારણસમય-સારમાં સ્થિત થઈને, મોહરૂપી મેઘપટલનો નાશ થતાં, પરમાત્મા છદ્મસ્થ–અવસ્થામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



छद्मस्थावस्थायां वीतरागभेदभावनाज्ञानेन स्वं परं च प्रकाशयतीत्येष पश्चादर्हद्-वस्थारूपकार्यसमयसाररूपेण परिणम्य केवलज्ञानेन स्वं परं च प्रकाशयतीत्येष आत्मवस्तुस्वभावः संदेहो नास्तिति । अत्र योऽसौ केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपः कार्यसमयसारः स एवोपादेय इत्यभिप्रायः ॥ १०१ ॥

अथास्मिन्नेवार्थे पुनरपि व्यक्त्यर्थं दृष्टान्तमाह—

१०३) तारायणु जलि बिंबियउ णिम्मलि दीसइ जेम ।
अप्पए णिम्मलि बिंबियउ लोयालोउ वि तेम ॥ १०२ ॥

तारागणः जले बिम्बितः निर्मले दृश्यते यथा ।
आत्मनि निर्मले बिम्बितं लोकालोकमपि तथा ॥ १०२ ॥

तारायणु जलि बिंबियउ तारागणो जले बिम्बितः प्रतिफलतः । कथंभूते जले । णिम्मलि दीसइ जेम निर्मले दृश्यते यथा । दार्ष्टान्तमाह । अप्पइ णिम्मलि बिंबियउ लोयालोउ वि तेम आत्मनि निर्मले मिथ्यात्वरागादिविकल्पजालरहिते [१]बिम्बितं लोकालोकमपि तथा दृश्यत इति । अत्र विशेषव्याख्यानं यदेव पूर्वदृष्टान्तसूत्रे व्याख्यानमत्रापि तदेव ज्ञातव्यम् ।

વીતરાગ ભેદભાવનારૂપ જ્ઞાનવડે સ્વ અને પરને પ્રકાશે છે, પછી અર્હંત–અવસ્થારૂપ કાર્ય-સમયસારરૂપે પરિણમીને કેવલજ્ઞાનથી સ્વ અને પરને પ્રકાશે છે. એ આત્મવસ્તુનો સ્વભાવ છે એમાં સંદેહ નથી.

અહીં કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયની વ્યક્તિરૂપ જે કાર્યસમયસાર છે તે જ ઉપાદેય છે એવો અભિપ્રાય છે. १०१

હવે ફરી આ જ અર્થને સ્પષ્ટ કરવા માટે દૃષ્ટાંત કહે છેઃ—

## ગાથા–१०२

**અન્વયાર્થઃ**—[ **यथा** ] જેવી રીતે [ **तारागणः** ] તારાઓનો સમૂહ [ **निर्मले जले** ] નિર્મળ જલમાં [ **बिम्बितः** ] પ્રતિબિંબિત થઈને [ **दृश्यते** ] દેખાય છે [ **तथा** ] તેવી રીતે [ **निर्मले आत्मनि** ] મિથ્યાત્વ રાગાદિ વિકલ્પજાળથીરહિત નિર્મળ આત્મામાં [ **लोकालोकं अपि** ] લોકાલોક પણ પ્રતિબિંબિત થઈને જણાય છે.

**ભાવાર્થઃ**—અહીં પૂર્વદૃષ્ટાંતસૂત્રમાં જે વિશેષ વ્યાખ્યાન કહ્યું હતું તે જ વ્યાખ્યાન અહી પણ જાણવું કારણ કે આ સૂત્ર પણ તે દૃષ્ટાંતના દૃઢ કરવા

१. પાઠાન્તરઃ—**बिम्बितं=बिम्बितं प्रतिबिंबितं**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कस्मात् । अयमपि तस्य दृष्टान्तस्य दृढीकरणार्थमिति सूत्रतात्पर्यार्थः ॥ १०२ ॥

अथात्मा परश्च येनात्मना ज्ञानेन ज्ञायते तमात्मानं स्वसंवेदनज्ञानबलेन जानीहीति कथयति—

१०४) अप्पु वि परु वि वियाणइ जेँ अप्पेँ मुणिएण ।
सो णिय-अप्पा जाणि तुहुँ जोइय णाण-बलेण ॥ १०३ ॥

आत्मापि परः अपि विज्ञायते येन आत्मना विज्ञातेन ।
तं निजात्मानं जानीहि त्वं योगिन् ज्ञानबलेन ॥ १०३ ॥

अप्पु वि परु वि वियाणियइ जें अप्पें मुणिएण आत्मापि परोऽपि विज्ञायते येन आत्मना विज्ञातेन सो णिय अप्पा जाणि तुहुं तं निजात्मानं जानीहि त्वम् । जोइय णाणबलेण हे योगिन्, केन कृत्वा जानीहि । ज्ञानबलेनेति । अयमत्रार्थः । वीतरागसदानन्दैकस्वभावेन येनात्मना ज्ञातेन स्वात्मा परोऽपि ज्ञायते तमात्मानं वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानभावनासमुत्पन्नपरमानन्दसुखरसास्वादेन जानीहि तन्मयो भूत्वा सम्यगनुभवेति भावार्थः ॥ १०३ ॥

अतः कारणात् ज्ञानं पृच्छति—

---

અર્થ છે એવો સૂત્રનો તાત્પર્યાર્થ છે. ૧૦૨

હવે જે આત્માને જાણતાં સ્વ અને પર જણાય છે તે આત્માને તું સ્વસંવેદનરૂપ જ્ઞાનના બલ વડે જાણ એમ કહે છેઃ—

ગાથા–૧૦૩

**અન્વયાર્થઃ**—[ येन आत्मना विज्ञातेन ] જે આત્માને જાણતાં, [ आत्मा अपि परः अपि ] સ્વ અને પર [ विज्ञाते ] જણાય છે [ तं निजात्मानं ] તે નિજ આત્માને [ योगिन् ] હે યોગી! [ त्वं ] તું [ ज्ञानबलेन ] જ્ઞાનના બલ વડે [ जानीहि ] જાણ.

**ભાવાર્થઃ**—વીતરાગ સદાનંદજ જેનો એક સ્વભાવ છે એવા જે આત્માને જાણતાં, સ્વાત્મા અને પર પણ જણાય છે તે આત્માને વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદરૂપ સુખરસના આસ્વાદ વડે તું જાણ–તન્મય થઈને સમ્યગ્ અનુભવ. ૧૦૩.

એ કારણે પ્રભાકરભટ્ટ ( મહાવિનયથી ) જ્ઞાનનું સ્વરૂપ પૂછે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१०५) णाणु पयासहि परमु महु किं अण्णे बहुएण ।
जेण णियप्पा जाणियइ सामिय एक्क-खणेण ॥ १०४ ॥

ज्ञानं प्रकाशय परमं मम किं अन्येन बहुना ।
येन निजात्मा ज्ञायते स्वामिन् एकक्षणेन ॥ १०४ ॥

णाणु पयासहि परमु महु ज्ञानं प्रकाशय परमं मम। किं अण्णे बहुएण किमन्येन ज्ञानरहितेन बहुना। जेण णियप्पा जाणियइ येन ज्ञानेन निजात्मा ज्ञायते, सामिय एक्कखणेण हे स्वामिन् नियतकालेनैकक्षणेनेति। तथाहि। प्रभाकरभट्टः पृच्छति। किं पृच्छति। हे भगवन् येन वीतरागस्वसंवेदनज्ञानेन क्षणमात्रेणैव शुद्धबुद्धैकस्वभावो निजात्मा ज्ञायते तदेव ज्ञानं कथय किमन्येन रागादिप्रवर्धकेन विकल्पजालेनेति। अत्र येनैव ज्ञानेन मिथ्यात्वरागादिविकल्परहितेन निजशुद्धात्मसंवित्तिरूपेणान्तर्मुहूर्तेनैव परमात्मस्वरूपं ज्ञायते तदेवोपादेयमिति तात्पर्यार्थः ॥ १०४ ॥

अत उर्ध्वं सूत्रचतुष्टयेन ज्ञानस्वरूपं प्रकाशयति—

१०६) अप्पा णाणु मुणेहि तुहुँ जो जाणइ अप्पाणु ।
जीव–पएसहिँ तित्तिडउ णाणे गयण–पवाणु ॥१०५॥

---

## ગાથા–૧૦૪

**અન્વયાર્થ:**—[ स्वामिन ] હે સ્વામી ! [ येन ] જે જ્ઞાન વડે [ एक क्षणेन ] નિયત કાલમાં–ક્ષણવારમાં, [ निजात्मा ] નિજ આત્મા [ ज्ञायते ] જણાય છે [ परमं ज्ञानं ] તે પરમ જ્ઞાન [ मम ] મને [ प्रकाशय ] પ્રકાશો, [ अन्ये बहुना किं ] જ્ઞાન સિવાયના અન્ય અનેક વિકલ્પ જાલોથી મને શું પ્રયોજન છે ?

**ભાવાર્થ:**—પ્રભાકરભટ્ટ શ્રીયોગીન્દ્રદેવને પૂછે છે કે હે ભગવાન ! વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનથી ક્ષણમાત્રમાંજ શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવો નિજ આત્મા જણાય છે તે જ જ્ઞાનનો ઉપદેશ કરો, અન્ય રાગાદિવર્ધક વિકલ્પજાલથી શું પ્રયોજન છે ?

અહીં મિથ્યાત્વરાગાદિવિકલ્પથી રહિત, નિજશુદ્ધ આત્માની સંવિત્તિરૂપ જે જ્ઞાન વડે પરમાત્માનું સ્વરૂપ જણાય છે તે જ જ્ઞાન ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૧૦૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मानं ज्ञानं मन्यस्व त्वं यः जानाति आत्मानम् ।
जीवप्रदेशैः तावन्मात्रं ज्ञानेन गगनप्रमाणम् ॥ १०५ ॥

अप्पा णाणु मुणेहि तुहुं प्रभाकरभट्ट आत्मानं ज्ञानं मन्यस्व त्वम् । यः किं करोति । जो जाणइ अप्पाणु यः कर्ता जानाति । कम् । आत्मानम् । किंविशिष्टम् । जीवपएसहिं तित्तिडउ जीवप्रदेशैस्तावन्मात्रं लोकमात्रप्रदेशम् । अथवा पाठान्तरम् । 'जीवपएसहिं देहसमु' तस्यार्थो निश्चयेन लोकमात्रप्रदेशोऽपि व्यवहारेणैव संहारविस्तारधर्मत्वाद्देहमात्रः । पुनरपि कथंभूतम् आत्मानं णाणें गयणपवाणु ज्ञानेन कृत्वा व्यवहारेण गगनमात्रं जानीहीति । तद्यथा । निश्चयनयेन मतिश्रुतावधिमनःपर्ययकेवलज्ञानपञ्चकादभिन्नं व्यवहारेण ज्ञानापेक्षया रूपावलोकनविषये दृष्टिवल्लोकालोकव्यापकं निश्चयेन लोकमात्रासंख्येयप्रदेशमपि व्यवहारेण स्वदेहमात्रं तमित्थंभूतमात्मानम् आहारभयमैथुनपरिग्रहसंज्ञास्वरूपप्रभृति-समस्तविकल्पकल्लोलजालं त्यक्त्वा जानाति यः स पुरुष ज्ञानादभिन्नत्वाज् ज्ञानं भण्यत इति । अत्रायमेव निश्चयनयेन पञ्चज्ञानादभिन्नमात्मानं जानात्यसौ

---

ત્યાર પછી ચાર ગાથા સૂત્રોથી શ્રી ગુરુ જ્ઞાનનું સ્વરૂપ પ્રકાશે છે.

## ગાથા–૧૦૫

**અન્વયાર્થ:**—શ્રી ગુરુ કહે છે કે હે પ્રભાકર ભટ્ટ! [ त्वं ] તું [ आत्मानं ] આત્માને [ ज्ञानं मन्यस्व ] જ્ઞાન જાણ–[ यः ] કે જે [ आत्मानं ] આત્માને [ जीवप्रदेशैः तावन्मात्रं ] પોતાના જીવપ્રદેશોની અપેક્ષાએ તેટલો જ માત્ર અર્થાત્ લોકના પ્રદેશ જેટલો જ જાણે છે, અથવા પાઠાન્તર પ્રમાણે 'जीव पएसहिं देहसमु' કે જે આત્માને જો કે નિશ્ચયનયથી આત્માના પ્રદેશો લોકના પ્રદેશો જેટલા છે તોપણ વ્યવહારનયથી સંકોચ-વિસ્તારનો ધર્મ હોવાથી દેહપ્રમાણ જાણે છે અને [ ज्ञानेन गगनप्रमाणं ] વ્યવહારનયથી જ્ઞાનની અપેક્ષાએ આકાશપ્રમાણ [ जानाति ] જાણે છે.

**ભાવાર્થ:**—નિશ્ચયનયથી ( આત્મા ) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યય-જ્ઞાન, કેવલજ્ઞાન એ પાંચ જ્ઞાનથી અભિન્ન છે અને જેવી રીતે આંખ રૂપ દેખવાના વિષયમાં એક પ્રકારે ( વ્યવહારનયથી ) વ્યાપક કહેવાય છે તેવી રીતે, વ્યવહારનયથી જ્ઞાનની અપેક્ષાએ લોકાલોક વ્યાપક છે, નિશ્ચયથી લોક જેટલો અસંખ્યાત પ્રદેશી છે, વ્યવહારથી સ્વદેહપ્રમાણ છે–આવા આત્માને આહાર–ભય–મૈથુન–પરિગ્રહસંજ્ઞાસ્વરૂપથી માંડીને સમસ્ત વિકલ્પજાલનો ત્યાગ કરીને જે જાણે છે તે પુરુષ જ જ્ઞાનથી અભિન્ન હોવાથી જ્ઞાન કહેવાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ध्याता तमेवोपादेयं जानीहीति भावार्थः । तथा चोक्तम् —" आभिणिबोहिय सुदोधिमणकेवल च तं होदि एगमेव पदं । सो एसो परमट्टो जं लहिदुं णिव्वुदिं गादि ॥" ॥ १०५ ॥

१०७) अप्पहँ जे वि विभिण्ण वढ ते वि हवंति ण णाणु ।
ते तुहुँ तिण्णि वि परिहरिवि णियमिँ अप्पु वियाणु ॥१०६॥

आत्मनः ये अपि विभिन्नाः वत्स तेऽपि भवन्ति न ज्ञानम् ।
तान् त्वं त्रीण्यपि परिहृत्य नियमेन आत्मानं विजानीहि ॥ १०६ ॥

अप्पहँ जे वि विभिण्ण वढ आत्मनः सकाशाद्येऽपि भिन्नाः वत्स ते वि हवंति ण णाणु तेऽपि भवन्ति न ज्ञानं, तेन कारणेन तुहुं तिण्णि वि परिहरिवि तान् कर्मतापन्नान् तत्र हे प्रभाकरभट्ट त्रीण्यपि परिहृत्य । पश्चात्किं कुरु । णियमिं अप्पु वियाणु निश्चयेनात्मानं विजानीहीति । तद्यथा । सकलविशदैकज्ञानस्वरूपात् परमात्मपदार्थात् निश्चयनयेन भिन्नान् त्रीण्यपि धर्मार्थ-

---

## ગાથા–१०६

અહીં નિશ્ચયનયથી આ જ પાંચ જ્ઞાનથી અભિન્ન આત્માને જે ધ્યાતા જાણે છે તેને જ ઉપાદેય જાણો, એવો ભાવાર્થ છે. ( શ્રી સમયસાર ગાથા ૨૦૪માં ) કહ્યું પણ છે કે " आभिणिबोहिय सुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं । सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि ॥ અર્થ:—મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન–તે એક જ પદ છે ( કારણકે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે; તે આ પરમાર્થ છે ( શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે– ) કે જેને પામીને આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે. ) १०५

**અન્વયાર્થ:**—[ वत्स ] હે શિષ્ય! [ ये अपि ] જેઓ [ आत्मनः विभिन्नाः ] આત્માથી જુદા છે [ ते अपि ] તે પણ [ ज्ञानं ] જ્ઞાન [ न भवन्ति ] નથી. તેથી હે પ્રભાકર ભટ્ટ! [ त्वं ] તું [ तान् त्रीणि अपि ] ધર્મ અર્થ અને કામ એ ત્રણેયને ( એ ત્રણેય પુરુષાર્થને ) [ परिहृत्य ] છોડીને [ नियमेन ] નિશ્ચયથી [ आत्मानं ] આત્માને [ विजानीहि ] જાણ.

**ભાવાર્થ:**—નિશ્ચયનયથી સકલ–વિશદ–એક–જ્ઞાનસ્વરૂપ પરમાર્થ–પદાર્થથી ભિન્ન એવા ધર્મ અર્થ અને કામ એ ત્રણેય પુરુષાર્થને છોડીને વીતરાગ સ્વસંવેદન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્માની અનુભૂતિરૂપ જ્ઞાનમાં સ્થિત થઈને આત્માને જાણ. १०६

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कामान् त्यक्त्वा वीतरागस्वसंवेदनलक्षणे शुद्धात्मानुभूतिज्ञाने स्थित्वात्मानं जानीहीति भावार्थः ॥ १०६ ॥

१०८) अप्पा णाणहँ गम्मु पर णाणु वियाणइ जेण ।
तिण्णि वि मिल्लिवि जाणि तुहुँ अप्पा णाणें तेण ॥१०७॥

आत्मा ज्ञानस्य गम्यः परः ज्ञानं विजानाति येन ।
त्रीण्यपि मुक्त्वा जानीहि त्वं आत्मानं ज्ञानेन तेन ॥ १०७ ॥

अप्पा णाणहं गम्मु पर आत्मा ज्ञानस्य गम्यो विषयः परः । कोऽर्थः । नियमेन । कस्मात् । णाणु वियाणइ जेण ज्ञानं कर्तृ विजानात्यात्मानं येन कारणेन अतः कारणात् तिण्णि वि मिल्लिवि जाणि तुहुं त्रीण्यपि मुक्त्वा जानीहि त्वं हे प्रभाकरभट्ट, अप्पा णाणें तेण । कं जानीहि । आत्मानम् । केन । ज्ञानेन तेन कारणेनेति । तथाहि । निजशुद्धात्मा ज्ञानस्यैव गम्यः । कस्मादिति चेत् । मतिज्ञानादिकपञ्चविकल्परहितं यत्परमपदं परमात्मशब्दवाच्यं

---

હવે આત્માનું સ્વરૂપ દર્શાવે છેઃ—

### ગાથા–૧૦૭

**અન્વયાર્થ:**—[ आत्मा ] આત્મા [ परः ] નિયમથી [ ज्ञानस्य गम्यः ] જ્ઞાનને ગોચર છે. ( જ્ઞાનનો વિષય છે ). [ येन ] કારણકે [ ज्ञानं ] જ્ઞાન જ [ विजानाति ] આત્માને જાણે છે. [ तेन ] તેથી હે પ્રભાકરભટ્ટ ! [ त्वं ] તું [ त्रीणि अपि मुक्त्वा ] ધર્મ, અર્થ અને કામ એ ત્રણેયને છોડીને [ ज्ञानेन ] જ્ઞાન વડે [ आत्मानं ] આત્માને [ विजानीहि ] જાણ.

**ભાવાર્થ:**—નિજ શુદ્ધાત્મા જ્ઞાનને જ ગમ્ય છે, કારણ કે મતિજ્ઞાનાદિ પાંચ ભેદો રહિત 'પરમાત્મ' શબ્દથી વાચ્ય જે પરમપદ સાક્ષાત્ મોક્ષનું કારણ છે, તદ્રૂપ જે પરમાત્મા છે તે આત્માને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનગુણ વિના દુર્ધર અનુષ્ઠાન કરવા છતાં પણ ઘણા પુરુષો પામતા નથી. શ્રી સમયસાર ( ગાથા ૨૦૫ ) માં કહ્યું પણ છે કે

"णाणगुणेहिं विहीणा एदं तु पदं बहूवि ण लहंति । तं गिण्ह णियद मेदं जदि इच्छसि कम्मपरिमोक्खं ॥ ( **અર્થ:**—જ્ઞાનગુણથી રહિત ઘણાય લોકો ( ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં ) આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી; માટે હે ભવ્ય ! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઇચ્છતો હો તો આ નિયત એવા આને ( જ્ઞાનને ) ગ્રહણ કર. )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



साक्षान्मोक्षकारणं तद्रूपो योऽसौ परमात्मा तमात्मानं वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानगुणेन विना दुर्धरानुष्ठानं कुर्वाणाअपि बहवोऽपि न लभन्ते यतः कारणात् । तथा चोक्तं समयसारे—"णाणगुणेहिं विहीणा एदं तु पदं बहू वि ण लहंति । तं गिण्ह णियदमेदं जइ इच्छसि दुक्खपरिमोक्खं ॥" । अत्र धर्मार्थकामादिसर्वपरद्रव्येच्छां योऽसौ मुञ्चति स्वशुद्धात्मसुखामृते तृप्तो भवति स एव निःपरिग्रहो भण्यते स एवात्मानं जानातीति भावार्थः । उक्तं च— "अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णिच्छदे धम्मं । अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि ॥" ॥ १०७ ॥ अथ—

१०९) णाणिय णाणिउ णाणिएण णाणिउँ जा ण मुणेहि ।
ता अण्णाणिं णाणमउँ किं पर बंभु लहेहि ॥ १०८ ॥

ज्ञानिन् ज्ञानी ज्ञानिना ज्ञानिनं यावत् न मन्यस्व ।
तावद् अज्ञानेन ज्ञानमयं किं परं ब्रह्म लभसे ॥ १०८ ॥

णाणिय हे ज्ञानिन् णाणिउ ज्ञानी निजात्मा णाणिएण ज्ञानिना

---

અહીં ધર્મ, અર્થ, કામાદિ સર્વ પરદ્રવ્યની ઇચ્છાને જે છોડે છે અને સ્વશુદ્ધાત્મસુખામૃતમાં તૃપ્ત થાય છે તે જ નિ:પરિગ્રહી કહેવામાં આવે છે, તે જ પોતાના આત્માને જાણે છે, એવો ભાવાર્થ છે. (શ્રી સમયસાર ગાથા ૨૧૦માં) કહ્યું પણ છે કે–"**अपरिग्गहो अणिच्छो भणिदो णाणि य णिच्छदे धम्मं । अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि** ॥ ( અર્થ:—અનિચ્છકને અપરિગ્રહી કહ્યો છે અને જ્ઞાની ધર્મને ( પુણ્યને ) ઇચ્છતો નથી, તેથી તે ધર્મનો પરિગ્રહી નથી, ( ધર્મનો ) જ્ઞાયક જ છે. ) ૧૦૭.

હવે જ્ઞાનથી જ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમ કહે છે:—

### ગાથા–૧૦૮

**અન્વયાર્થ:**—[ **ज्ञानिन्** ] હે જ્ઞાની! [ **ज्ञानी** ] જ્ઞાનસ્વરૂપ નિજ આત્મા [ **ज्ञानिना** ] કરણભૂત નિજ આત્મા વડે [ **ज्ञानिनं** ] જ્ઞાનસ્વરૂપ એવા આત્માને [ **यावत् न जानासि** ] જ્યાં સુધી જાણતો નથી [ **तावत्** ] ત્યાં સુધી [ **अज्ञानेन** ] અજ્ઞાન વડે મિથ્યાત્વરાગાદિ વિકલ્પજાલવડે [ **ज्ञानमयं** ] જ્ઞાનમય [ **परं ब्रह्म** ] ઉત્કૃષ્ટ બ્રહ્મસ્વભાવને [ **किं लभसे** ] શું પામી શકે? કદી પણ ન પામી શકે.

**ભાવાર્થ:**—જ્યાં સુધી કર્તારૂપ આત્મા કર્મરૂપ આત્માને, કરણરૂપ આત્માવડે, આત્માને માટે, આત્માથી, આત્મામાં સ્થિત થઈને સમસ્ત રાગાદિ વિકલ્પજાલને છોડીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निजात्मना करणभूतेन । कथंभूतो निजात्मा । णाणिउ ज्ञानी ज्ञानलक्षणः तमित्थंभूतमात्मानं जा ण मुणेहि यावत्कालं न जानासि ता अण्णाणिं णाणमउं तावत्कालमज्ञानेन मिथ्यात्वरागादिविकल्पजालेन ज्ञानमयम् । किं पर बंभु लहेहि किं परमुत्कृष्टं ब्रह्मस्वभावं लभसे किं तु नैवेति । तद्यथा । यावत्कालमात्मा कर्ता आत्मानं कर्मतापन्नम् आत्मना करणभूतेन आत्मने निमित्तं आत्मनः सकाशात् आत्मनि स्थितं समस्तरागादिविकल्पजालं मुक्त्वा न जानासि तावत्कालं परम-ब्रह्मशब्दवाच्यं निर्दोषिपरमात्मानं किं लभसे नैवेति भावार्थः ॥ १०८ ॥ इति सूत्रचतुष्टयेनान्तरस्थले ज्ञानव्याख्यानं गतम् ।

अथानन्तरं सूत्रचतुष्टयेनान्तरस्थले परलोकशब्दव्युत्पत्त्या परलोकशब्दवाच्यं परमात्मानं कथयति—

११०) जोइज्जइ तिं बंभु परु जाणिज्जइ ति सोइ ।
बंभु मुणेविणु जेण लहु गम्मिज्जइ परलोइ ॥ १०९ ॥

दृश्यते तेन ब्रह्मा परः ज्ञायते तेन स एव ।
ब्रह्म मत्वा येन लघु गम्यते परलोके ॥ १०९ ॥

---

જાણતો નથી ત્યાં સુધી ‘પરબ્રહ્મ’ શબ્દથી વાચ્ય એવા નિર્દોષ પરમાત્માને શું પામી શકે? ન પામી શકે. ૧૦૮.

એ રીતે પ્રથમ મહાસ્થલમાં ચાર દોહક સૂત્રોથી અન્તરસ્થલમાં જ્ઞાનનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

ત્યાર પછી અન્તરસ્થલમાં ચાર ગાથા સૂત્રોથી પરલોક શબ્દની વ્યુત્પત્તિ અનુસાર પરલોક શબ્દથી વાચ્ય પરમાત્માનું કથન કરે છેઃ—

## ગાથા–૧૦૯

**અન્વયાર્થઃ**—[ येन ] જે કારણે અથવા જે પુરુષ વડે [ ब्रह्म मत्वा ] બ્રહ્મ શબ્દથી વાચ્ય નિર્દોષ પરમાત્માને જાણીને તે જ બ્રહ્મસ્વરૂપના જાણનાર પુરુષ વડે અથવા તે જ કારણે [ परलोके ] ‘પરલોક’ શબ્દથી વાચ્ય એવા પરમાત્મતત્ત્વમાં [ लघु ] શીઘ્ર (શુદ્ધ આત્મા) [ गम्यते ] પ્રાપ્ત થાય છે [ तेन ] તે પુરુષ વડે અથવા તે જ કારણે [ परः ] ઉત્કૃષ્ટ [ ब्रह्मा ] ‘બ્રહ્મ’ શબ્દથી વાચ્ય એવો શુદ્ધ આત્મા [ दृश्यते ] દેખાય છે અથવા ‘पर’ એવા પાઠના અર્થ પ્રમાણે ‘બ્રહ્મ શબ્દથી વાચ્ય એવો શુદ્ધ આત્મા નિયમથી દેખાય છે, માત્ર દેખાય છે એટલું જ નહિ પણ [ तेन ] તે પુરુષ વડે અથવા તે જ કારણે [ सः एव ] તે જ શુદ્ધ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जोइज्जइ दृश्यते तिं तेन पुरुषेण तेन कारणेन वा । कोऽसौ दृश्यते । बंभु परु ब्रह्मशब्दवाच्यः शुद्धात्मा । कथंभूतः । परः उत्कृष्टः । अथवा पर इति पाठे नियमेन । न केवलं दृश्यते जाणिज्जइ ज्ञायते तेन पुरुषेण तेन कारणेन वा सोइ स एव शुद्धात्मा । केन कारणेन । बंभु मुणेविणु जेण लहु येन पुरुषेण येन कारणेन वा ब्रह्मशब्दवाच्यनिर्दोषिपरमात्मानं मत्वा ज्ञात्वा पश्चात् गम्मिज्जइ परलोइ तेनैव पूर्वोक्तेन ब्रह्मस्वरुपपरिज्ञानपुरुषेण तेनैव कारणेन वा गम्यते । क्व । परलोके परलोकशब्दवाच्ये परमात्मतत्त्वे । किं च । योऽसौ शुद्धनिश्चयनयेन शक्तिरूपेण केवलज्ञानदर्शनस्वभावः परमात्मा स सर्वेषां सूक्ष्मैकेन्द्रियादिजीवानां शरीरे पृथक् पृथग्रूपेण तिष्ठति स एव परमब्रह्मा स एव परमविष्णुः स एव परमशिवः इति, व्यक्तिरूपेण पुनर्भगवानर्हन्नेव मुक्तिगतसिद्धात्मा वा परमब्रह्मा विष्णुः शिवो वा भण्यते । तेन नान्यः कोऽपि परिकल्पितः जगद्व्यापी तथैवेको परमब्रह्मा विष्णुः शिवो वास्तीति । अयमत्रार्थः । यत्रासौ मुक्तात्मा लोकाग्रे तिष्ठति स एव ब्रह्मलोकः स एव विष्णुलोकः स एव शिवलोको नान्यः कोऽपीति भावार्थः ॥ १०९ ॥ अथ—

१११) मुणि-वर-विंदहँ हरि-हरहं जो मणि णिवसइ देउ ।
परहँ जि परतरु णाणमउ सो वुच्चइ पर-लोउ ॥११०॥

मुनिवरवृन्दानां हरिहराणां यः मनसि निवसति देवः ।
परस्माद् अपि परतरः ज्ञानमयः स उच्यते परलोकः ॥ ११० ॥

---

[ ज्ञायते ] જણાય છે.

**ભાવાર્થ:**—શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે કેવલજ્ઞાનદર્શનસ્વભાવવાળા જે પરમાત્મા છે તે, સર્વ સૂક્ષ્મ એકેન્દ્રિયાદિ જીવોના શરીરમાં પૃથક્ પૃથક્રૂપે રહે છે તે જ પરમબ્રહ્મા છે તે જ પરમ વિષ્ણુ છે અને તે જ પરમશિવ છે, અને વ્યક્તિરૂપે ભગવાન અર્હંત જ અથવા મુક્તિગત સિદ્ધાત્મા જ પરમબ્રહ્મા છે, વિષ્ણુ છે, શિવ છે, તેનાથી બીજો કોઈ કલ્પિત જગદ્વ્યાપી તેમ જ એક પરબ્રહ્મ, વિષ્ણુ, શિવ નથી.

અહીં આ અર્થ છે કે મુક્તાત્મા જે લોકના અગ્રભાગમાં બિરાજે છે તે જ બ્રહ્મલોક છે, તે જ વિષ્ણુલોક છે, તે જ શિવલોક છે, બીજો કોઇ પણ નહિ, એવો ભાવાર્થ છે. ૧૦૯

હવે પરમાત્મા પરલોક છે એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मुणिवरविंदहं हरिहरहं मुनिवरवृन्दानां हरिहराणां च जो मणि णिवसइ देउ योऽसौ मनसि निवसति देवः आराध्यः । पुनरपि किंविशिष्टः । परहं जि परतरु णाणमउ परस्मादुत्कृष्टादपि अथवा परहं जि बहुवचनं परेभ्योऽपि सकाशादतिशदेन परः परतरः । पुनरपि कथंभूतः । ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः सो वुच्चइ परलोउ स एवंगुणविशिष्टः शुद्धात्मा परलोक इत्युच्यते इति । पर उत्कृष्टो वीतरागचिदानन्दैकस्वभाव आत्मा तस्य लोकोऽवलोकनं निर्विकल्प-समाधौ वानुभवनमिति परलोकशब्दस्यार्थः, अथवा लोक्यन्ते दृश्यन्ते जीवा-दिपदार्था यस्मिन् परमात्मस्वरूपे यस्य केवलज्ञानेन वा स भवति लोकः परश्चासौ लोकश्च परलोकः व्यवहारेण पुनः स्वर्गापवर्गलक्षणः परलोको भण्यते । अत्र योऽसौ परलोकशब्दवाच्यः परमात्मा स एवोपादेय इति तात्पर्यार्थः ॥ ११० ॥ अथ—

**११२) सो पर वुच्चइ लोउ परु जसु मइ तित्थु वसेइ ।**
**जहिँ मइ तहिँ गइ जीवह जि णियमेँ जेण हवेइ ॥१११॥**

---

## ગાથા—૧૧૦

**અન્વયાર્થ:**—[ **य देवः** ] જે આરાધ્ય એવા આત્મદેવ [ **मुनिवर वृन्दानां** ] મુનિવરોના અને [ **हरिहराणां** ] હરિ અને હરના ( ઈન્દ્ર અને વાસુદેવના ) [ **मनसि** ] ચિત્તમાં [ **निवसति** ] વસે છે, [ **परस्मात् अपि परः** ] ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ છે અથવા '**परहं जि**' બહુવચન લેતાં ઉત્કૃષ્ટ આત્માઓ કરતાં ચડિયાતા છે, [ **ज्ञानमयः** ] જ્ઞાનથી રચાયેલા છે [ **सः** ] તે–એવા ગુણથી વિશિષ્ટ શુદ્ધાત્મા–[ **परलोकः** ] પરલોક [ **उच्यते** ] કહેવાય છે.

**ભાવાર્થ:**—પર અર્થાત્ ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવો આત્મા તેનો લોક અર્થાત્ તેનું અવલોકન અથવા નિર્વિકલ્પ સમાધિમાં તેનું અનુભવન એવો 'પરલોક' શબ્દનો અર્થ છે, અથવા જે પરમાત્મસ્વરૂપમાં અથવા જેના કેવલજ્ઞાનથી જીવાદિ પદાર્થો દેખાય છે–જણાય છે તે લોક છે પરમ લોક ( પરમાત્મા ) પરલોક છે, અને વ્યવહારનયથી સ્વર્ગમોક્ષને પરલોક કહ્યો છે.

અહીં 'પરલોક' શબ્દથી વાચ્ય એવો જે પરમાત્મા છે તે જ ઉપાદેય છે એવો તાત્પર્યાર્થ છે. ૧૧૦.

હવે જેનું મન નિજ આત્મામાં વસે છે તે જ્ઞાની જીવ પરલોક છે એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

सः परः उच्यते लोकः परः यस्य मतिः तत्र वसति ।
यत्र मतिः तत्र गतिः जीवस्य एव नियमेन येन भवति ॥ १११ ॥

सो पर वुच्चइ लोउ परु स परः नियमेनोच्यते लोको जनः । कथंभूतो भण्यते । पर उत्कृष्टः । स कः । जसु मइ तित्थु वसेइ यस्य भव्यजनस्य मतिर्मनश्चित्तं तत्र निजपरमात्मस्वरूपे वसति विषयकषायविकल्पजालत्यागेन स्वसंवेदनसंवित्तिस्वरूपेण स्थिरीभवतीति । यस्य परमात्मतत्त्वे मतिस्तिष्ठति स कस्मात्परो भवतीति चेत् जहिं मइ तहिं जीवहं जि णियमें जेण हवेइ येन कारणेन यत्र स्वशुद्धात्मस्वरूपे मतिस्तत्रैव गतिः । कस्यैव । जीव–जीवस्यैव अथवा बहुवचनपक्षे जीवानामेव निश्चयेन भवतीति । अयमत्र भावार्थः । यद्यार्तरौद्राधीनतया स्वशुद्धात्मभावनाच्युतो भूत्वा परभावेन परिणमति तदा दीर्घसंसारी भवति, यदि पुनर्निश्चयरत्नत्रयात्मके परमात्मतत्त्वे भावनां करोति तर्हि निर्वाणं प्राप्नोति इति ज्ञात्वा सर्वरागादिविकल्पत्यागेन तत्रैव भावनां कर्तव्येति ॥ १११ ॥ अथ—

---

## ગાથા–૧૧૧

**અન્વયાર્થ:**—[ यस्य मतिः ] જે ભવ્ય જીવની મતિ [ तत्र ] નિજપરમાત્મ-સ્વરૂપમાં [ वसति ] વસે છે [ सः ] તેને [ परः ] નિયમથી [ परः लोकः उच्यते ] પરલોક–ઉત્તમજન–કહેવાય છે. [ येन ] કારણ કે [ यत्र ] જ્યાં [ जीवस्य एव ] જીવની [ मतिः ] મતિ હોય છે [ तत्र ] ત્યાં જ [ गतिः ] ગતિ [ नियमेन ] નિશ્ચયથી [ भवति ] થાય છે.

**ભાવાર્થ:**—જે ભવ્ય જીવની મતિ–મન–ચિત્ત નિજપરમાત્મ–સ્વરૂપમાં વસે છે અર્થાત્ વિષયકષાય વિકલ્પજાલના ત્યાગથી સ્વસંવેદનસંવિત્તિસ્વરૂપ વડે જેની મતિ સ્થિર થઈ છે તેને નિયમથી પરલોક–ઉત્કૃષ્ટ જન–કહેવામાં આવે છે. કારણ કે જે સ્વશુદ્ધાત્મ–સ્વરૂપમાં જીવની અથવા જીવોની મતિ હોય છે ત્યાં ગતિ નિશ્ચયથી થાય છે.

અહીં આ ભાવાર્થ છે કે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને આધીન થવાથી સ્વશુદ્ધાત્મ-ભાવનાથી ચ્યુત થઈને પરભાવરૂપે પરિણમે છે તો દીર્ઘ સંસારી થાય છે, અને જો નિશ્ચયરત્નત્રયાત્મક પરમાત્મતત્ત્વમાં ભાવના કરે છે તો તે નિર્વાણ પામે છે, એમ જાણીને સર્વ રાગાદિ વિકલ્પજાલનો ત્યાગ કરીને તેમાં જ ( પરમાત્મ–તત્ત્વમાં જ ) ભાવના કરવી જોઈએ. ૧૧૧

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



११३) जहिँ मइ तहिँ गइ जीव तहुँ मरणु वि जेण लहेहि ।
तेँ परबंभु मुएवि मइँ मा पर-दव्वि करेहि ॥ ११२ ॥

यत्र मतिः तत्र गतिः जीव त्वं मरणमपि येन लभसे ।
तेन परब्रह्म मुक्त्वा मतिं मा परद्रव्ये कार्षीः ॥ ११२ ॥

जहिं मइ तहिं गइ जीव तुहं मरणु वि जेण लहेहि यत्र मतिस्तत्र गतिः । हे जीव त्वं मरणेन कृत्वा येन कारणेन लभसे तें परबंभु मुएवि मइं मा परदव्वि करेहि तेन कारणेन परब्रह्मशब्दवाच्यं शुद्धद्रव्यार्थिकनयेन टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावं वीतरागसदानन्दैकसुखामृतरसपरिणतं निजशुद्धात्मतत्त्वं मुक्त्वा मतिं चित्तं परद्रव्ये देहसंगादिषु मा कार्षीरिति तात्पर्यार्थः ॥ ११२ ॥ एवं सूत्रचतुष्टयेनान्तरस्थले परलोकशब्दव्युत्पत्त्या परलोकशब्दवाच्यस्य परमात्मनो व्याख्यानं गतम् ।

तदन्तरं किं तत् परद्रव्यमिति प्रश्ने प्रत्युत्तरं ददाति—

---

વળી ફરી પણ આ વાતને દૃઢ કરે છે.

## ગાથા–૧૧૨

**અન્વયાર્થઃ**—[ यत्र मतिः तत्र गतिः ] જ્યાં મતિ છે ત્યાં ગતિ છે [ येन ] તેથી [ जीव ] હે જીવ! [ त्वं ] તું [ मरणं अपि ] મરીને પણ તે ગતિને [ लभसे ] પામીશ [ तेन ] તેથી તું [ परब्रह्म मुक्त्वा ] પરબ્રહ્મને છોડીને [ परद्रव्यं ] પરદ્રવ્યમાં [ मतिं मा कार्षीः ] મન ન લગાવ (ચિત્તને ન જોડ–બુદ્ધિ ન પ્રવર્તા.)

**ભાવાર્થ**:—તેથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી 'પરબ્રહ્મ' શબ્દથી વાચ્ય, ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે એવા, એક (કેવલ) વીતરાગસદાનંદરૂપ સુખામૃત-રસરૂપે પરિણમેલા નિજશુદ્ધાત્મતત્ત્વને છોડીને પરદ્રવ્યમાં–દેહસંગાદિમાં-ચિત્તને ન જોડ–ન પ્રવર્તાવ. ૧૧૨

એ પ્રમાણે અન્તરસ્થલમાં ચાર ગાથાસૂત્રોથી 'પરલોક' શબ્દની વ્યુત્પત્તિથી 'પરલોક' શબ્દથી વાચ્ય એવા પરમાત્માનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

હવે પરલોક (પરમાત્મા) માં મન લગાવ, પરદ્રવ્યની મમતા છોડ એમ જે કહેવામાં આવ્યું તેમાં 'પરદ્રવ્ય' શું છે? એવો શિષ્યે પ્રશ્ન કર્યો, તેનું સમાધાન શ્રી ગુરુ કરે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



११४) जं णियदव्वहँ भिण्णु जडु तं परदव्वु वियाणि ।
पुग्गलु धम्माधम्मु णहु कालु वि पंचमु जाणि ॥ ११३ ॥

यत् निजद्रव्यात् भिन्नं जडं तत् परद्रव्यं जानीहि ।
पुद्गलः धर्माधर्मः नभः कालं अपि पञ्चमं जानीहि ॥ ११३ ॥

जमित्यादि । पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । जं यत् णियदव्वहं निजद्रव्यात् भिण्णु भिन्नं पृथग्भूतं जडु जडं तं तत् परदव्वु वियाणि परद्रव्यं जानीहि । तच्च किम् । पुग्गलु धम्माधम्मु णहु पुद्गलधर्माधर्मनभोरूपं कालु वि कालमपि पंचमु जाणि पञ्चमं जानीहीति । अनन्तचतुष्टयस्वरूपान्निजद्रव्याद्बाह्यं भावकर्मद्रव्यकर्मनोकर्मरूपं जीवसंबद्धं शेषं पुद्गलादिपञ्चभेदं यत्सर्वं तद्धेयमिति ॥११३॥

अथ वीतरागनिर्विकल्पसमाधिरन्तर्मुहूर्तेनापि कर्मजालं दहतीति ध्यानसामर्थ्यं दर्शयति—

११५) जइ णिविसद्धु वि कु वि करइ परमप्पइ अणुराउ ।
अग्गि-कणा जिम कट्ठ-गिरि डहइ असेसु वि पाउ ॥ ११४ ॥

यदि निमिषार्धमपि कोऽपि करोति परमात्मनि अनुरागम् ।
अग्निकणिका यथा काष्ठगिरिं दहति अशेषमपि पापम् ॥ ११४ ॥

---

### ગાથા–૧૧૩

**અન્વયાર્થ:**—[ यत् ] જે [ निजद्रव्यात् ] નિજદ્રવ્યથી–આત્મપદાર્થથી–[ भिन्नं ] જુદો [ जडं ] જડ પદાર્થ છે [ तत् ] તેને તું [ परद्रव्यं जानीहि ] પરદ્રવ્ય જાણ. અને તે પરદ્રવ્ય [ पुद्गलः धर्माधर्मः नभः कालं अपि पंचमं जानीहि ] પુદ્ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય, કાલદ્રવ્ય એ પ્રમાણે પાંચ જાણ.

**ભાવાર્થ:**—અનંતચતુષ્ટસ્વરૂપ નિજદ્રવ્યથી બાહ્ય ( ભિન્ન ), ભાવકર્મ, દ્રવ્યકર્મ, અને નોકર્મરૂપ જીવના સંબંધવાળું અને બાકીનું પુદ્ગલાદિ પાંચ ભેદવાળું જે કાંઇ છે તે બધુંય હેય છે. ૧૧૩.

હવે વીતરાગ નિર્વિકલ્પ સમાધિ અન્તર્મુહૂર્તમાં જ કર્મજાલને બાળી નાખે છે એવું ધ્યાનનું સામર્થ્ય છે એમ દર્શાવે છે:—

### ગાથા–૧૧૪

**અન્વયાર્થ:**—[ यदि ] જો [ कः अपि ] કોઈ [ निषार्धम् अपि ] અર્ધા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जइ इत्यादि । जइ णिविसद्ध वि यदि निमिषार्धमपि कु वि करइ कोऽपि कश्चित् करोति । किं करोति । परमप्पइ अणुराउ परमात्मन्यनुरागम् । तदा किं करोति । अग्गिकणी जिम कट्ठगिरी अग्निकणिका यथा काष्ठगिरिं दहति तथा डहइ असेसु वि पाउ दहत्यशेष पापमिति । तथाहि—ऋद्धिगौरवरसगौरवकवित्ववादित्वगमकत्ववाग्मित्वचतुर्विधशब्दगौरवस्वरूपप्रभृतिसमस्तविकल्पजालत्यागरूपेण महावातेन प्रज्वलिता निजशुद्धात्मतत्त्वध्यानाग्निकणिका [१]स्तोकाग्निकेन्धनराशिमिवान्तर्मुहूर्तेनापि चिरसंचितकर्मराशिं दहतीति । अत्रैवंविधं शुद्धात्मध्यानसामर्थ्यं ज्ञात्वा तदेव निरन्तरं भावनीयमिति भावार्थः ॥ ११४ ॥

अथ हे जीव चिन्ताजालं मुक्त्वा शुद्धात्मस्वरूपं निरन्तरं पश्येति निरूपयति—

**११६) मेल्लिवि सयल अवक्खडी जिय णिच्चिंतउ होइ ।**
**चित्तु णिवेसहि परमपए देउ णिरंजणु जोइ ॥ ११५ ॥**

---

નિમિષ માત્ર પણ [ **परमात्मनि अनुरागं** ] પરમાત્મામાં અનુરાગ [ **करोति** ] કરે તો તે, જેવી રીતે [ **अग्निकणिका** ] અગ્નિની એક કણી [ **काष्ठगिरिं** ] કાષ્ઠના પહાડને [ **दहति** ] ભસ્મ કરી નાખે છે તેવી રીતે, [ **अशेषम् अपि पापं** ] સંપૂર્ણ પાપનો નાશ કરી નાખે છે.

**ભાવાર્થ:**—ઋદ્ધિનો ગર્વ, રસનો ગર્વ, ( રસાયનનો ગર્વ અર્થાત્ પારા વગેરે ધાતુઓને ભસ્મ કરવાનો મદ, અથવા નવ રસ જાણવાનો મદ ) અને કવિકલાનો મદ, વાદમાં જીતવાનો મદ, શાસ્ત્રની ટીકા બનાવવાનો મદ, શાસ્ત્રનું વ્યાખ્યાન કરવાનો મદ આ ચાર શબ્દગૌરવ–એ ગર્વાદિસ્વરૂપથી માંડીને સમસ્ત વિકલ્પજાળોના ત્યાગરૂપ પ્રચંડ પવનથી પ્રજ્વલિત નિજ શુદ્ધ આત્મતત્ત્વના ધ્યાનરૂપ અગ્નિકણિકા, જેવી રીતે અગ્નિની નાની કણી ઇન્ધનના પહાડને ભસ્મિભૂત કરી નાખે છે, તેવી રીતે, દીર્ઘકાલથી સંચિત કરેલા ( અનેક ભવોમાં સંચિત કરેલા ) કર્મરાશિને અન્તર્મુહૂર્તમાં ભસ્મ કરી નાખે છે–નષ્ટ કરી દે છે.

અહીં આવું શુદ્ધાત્મધ્યાનનું સામર્થ્ય જાણીને તે જ નિરંતર ભાવવાયોગ્ય છે એવો ભાવાર્થ છે. ૧૧૪.

હવે હે જીવ ! ચિંતાજાળનો ત્યાગ કરીને શુદ્ધાત્મસ્વરૂપને તું નિરંતર દેખ એમ કહે છે:—

---

૧ પાઠાન્તર:—स्तोकाग्निके=स्तोकाग्निकणिकानि

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मुक्त्वा सकलां चिन्तां जीव निश्चिन्तः भूत्वा ।
चित्तं निवेशय परमपदे देवं निरञ्जनं पश्य ॥ ११५ ॥

मेल्लिवि इत्यादि । मेल्लिवि मुक्त्वा सयल समस्तं अवक्खडी देश-भाषया चिन्तां जिय हे जीव णिचिंतउ होइ निश्चिन्तो भूत्वा । किं कुरु । चित्तु णिवेसहि चित्तं निवेशय धारय । क । परमपए निजपरमात्मपदे । पश्चात् किं कुरु । देउ णिरंजणु जोइ देवं निरञ्जनं पश्येति । तद्यथा । हे जीव दृष्टश्रुतानुभूतभोगाकांक्षास्वरूपापध्यानादि समस्तचिन्ताजालं मुक्त्वा निश्चिन्तो भूत्वा चित्तं परमात्मस्वरूपे स्थिरं कुरु, तदनन्तरं भावकर्मद्रव्यकर्मनोकर्माञ्जनरहितं देवं परमाराध्यं निजशुद्धात्मानं ध्यायेति भावार्थः । अपध्यानलक्षणं कथ्यते—" बन्ध-वधच्छेदादेर्द्वेषाद्रागाच्च परकलत्रादेः । आध्यानमपध्यानं शासति जिनशासने विशदाः ॥ " ॥ ११५ ॥

अथ शिवशब्दवाच्ये निजशुद्धात्मनि ध्याते यत्सुखं भवति तत्सूत्रत्रयेण प्रतिपादयति—

---

## ગાથા–૧૧૫

**અન્વયાર્થ:**—[ **जीव** ] હે જીવ ! [ **सकलां चिंतां** ] બધી ચિંતા છોડીને [ **निश्चिन्तः भूत्वा** ] નિશ્ચિંત થઈને તું [ **चित्तं** ] તારા ચિત્તને [ **परमपदे** ] પરમ-પદમાં [ **निवेशय** ] ધારી રાખ (લગાડ) અને [ **निरंजनं देवं पश्य** ] નિરંજન દેવને દેખ.

**ભાવાર્થ:**—હે જીવ ! દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષાસ્વરૂપ અપધ્યાનાદિ સમસ્ત ચિંતાજાલને છોડીને, નિશ્ચિંત થઈને ચિત્તને પરમાત્મસ્વરૂપમાં સ્થિર કર અને ભાવકર્મ, દ્રવ્યકર્મ, અને નોકર્મરૂપ અંજન રહિત પરમ આરાધ્ય એવો દેવ જે નિજ શુદ્ધાત્મા તેનું ધ્યાન કર.

અપધ્યાનનું સ્વરૂપ કહે છે: " बन्धवधच्छेदादेर्द्वेषाद्रागाच्च परकलत्रादेः । आर्त-ध्यानमपध्यानं शासति जिनशासने विशदाः ॥ " ( શ્રી રત્નકાંડશ્રાવકાચાર ગાથા ૭૮ ) ( **અર્થ:**–દ્વેષભાવથી પરનાં વધબંધનછેદનાદિનું ચિંતવન કરવું અને રાગભાવથી પર-સ્ત્રીઆદિનું ચિંતવન કરવું તેને જિનશાસનમાં વિચક્ષણ પુરુષો ( જ્ઞાતા પુરુષો ) આર્તધ્યાન કહે છે. ૧૧૫.

હવે ' શિવ ' શબ્દથી વાચ્ય એવા નિજશુદ્ધાત્માનું ધ્યાન કરતાં, જે સુખ થાય છે તેનું કથન ત્રણ ગાથાસૂત્રોથી કરે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



११७) जं सिव-दंसणि परम-सुहु पावहि झाणु करंतु ।
तं सुहु भुवणि वि अत्थि णवि मेल्लिवि देउ अणंतु ॥११६॥

यत् शिवदर्शने परमसुखं प्राप्नोषि ध्यानं कुर्वन् ।
तत् सुखं भुवनेऽपि अस्ति नैव मुक्त्वा देवं अनन्तम् ॥ ११६ ॥

जमित्यादि । पदखण्डनारूपेण व्याख्यानं क्रियते—जं यत् सिवदंसणि स्वशुद्धात्मदर्शने परमसुहु परमसुखं पावहि प्राप्नोषि हे प्रभाकरभट्ट । किं कुर्वन् सन् । झाणु करंतु ध्यानं कुर्वन् सन् तं सुहु तत्पूर्वोक्तसुखं भुवणि वि भुवनेऽपि अत्थि णवि अस्ति नैव । किं कृत्वा । मेल्लिवि मुक्त्वा । कम् । देउ देवम् । कथंभूतम् । अणंतु अनन्तशब्दवाच्यपरमात्मपदार्थमिति । तथाहि—शिवशब्देनात्र विशुद्धज्ञानस्वभावो निजशुद्धात्मा ज्ञातव्यः तस्य दर्शनमवलोकनमनुभवनं तस्मिन् शिवदर्शने परमसुखं निजशुद्धात्मभावनोत्पन्नवीतरागपरमाह्लादरूपं लभसे । किं कुर्वन् सन् । वीतरागनिर्विकल्पत्रिगुप्तिसमाधिं कुर्वन् । इत्थंभूतं सुखं अनन्तशब्दवाच्यो योऽसौ परमात्मपदार्थस्तं मुक्त्वा त्रिभुवनेऽपि नास्तीति । अयमत्रार्थः । शिवशब्दवाच्यो योऽसौ निजपरमात्मा स एव रागद्वेषमोहपरिहारेण ध्यातः सन्ननाकुलत्वलक्षणं परमसुखं ददाति नान्यः कोऽपि शिवनामेति पुरुषः ॥ ॥ ११६ ॥ अथ—

---

### ગાથા–૧૧૬

**અન્વયાર્થ:**—હે પ્રભાકર ભટ્ટ! [ ध्यानं कुर्वन् ] ધ્યાનને કરતો થકો [ शिवदर्शने ] નિજ શુદ્ધાત્માના દર્શનમાં [ यत् परमसुखं ] જે પરમસુખને [ प्राप्नोषि ] તું પ્રાપ્ત કરી શકે [ तत् सुखं ] તેવું સુખ [ अनंतं देवं मुक्त्वा ] 'અનંત' શબ્દથી વાચ્ય એવા પરમાત્મદેવ સિવાય [ भुवने अपि ] ત્રણ ભુવનમાં [ नैव ] નથી.

**ભાવાર્થ:**—અહીં 'शिव' શબ્દથી વિશુદ્ધજ્ઞાનસ્વભાવવાળો નિજશુદ્ધાત્મા જાણવો. વીતરાગ નિર્વિકલ્પ ત્રિગુપ્તિયુક્ત સમાધિને કરતો થકો તું શિવદર્શનમાં અર્થાત્ તેનું દર્શન–અવલોકન–અનુભવન–તેમાં નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમ આહ્‌લાદરૂપ પરમ સુખ તું પામી શકે તેવું સુખ, 'અનંત' શબ્દથી વાચ્ય એવો જે આ પરમાત્મ-પદાર્થ છે તેને છોડીને, ત્રણ ભુવનમાં (ક્યાંય પણ) નથી.

અહીં આ અર્થ છે કે 'શિવ' શબ્દથી વાચ્ય એવો જે નિજપરમાત્મા છે તે જ રાગદ્વેષમોહના ત્યાગ વડે ધ્યાન કરવામાં આવતાં, અનાકુલતા જેનું લક્ષણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

११८) जं मुणि लहइ अणंत-सुहु णिय-अप्पा झायंतु ।
तं सुहु इंदु वि णवि लहइ देविहिँ कोडि रमंतु ॥ ११७ ॥

यत् मुनिः लभते अनन्तसुखं निजात्मानं ध्यायन् ।
तत् सुखं इन्द्रोऽपि नैव लभते देवीनां कोटिं रम्यमाणः॥ ११७ ॥

जमित्यादि । जं यत् मुणि मुनिस्तपोधनः लहइ लभते अणंतसुहु अनन्तसुखम् । किं कुर्वन् सन् । णियअप्पा झायंतु निजात्मानं ध्यायन् सन् तं सुहु तत्पूर्वोक्तं सुखं इंदु वि णवि लहइ इन्द्रोऽपि नैव लभते । किं कुर्वन् सन् । देविहिं कोडि रमंतु देवीनां कोटिं रमयन् अनुभवन्निति । अयमत्र तात्पर्यार्थः । बाह्याभ्यन्तरपरिग्रहरहितः स्वशुद्धात्मतत्त्वभावनोत्पन्नवीतरागपरमानन्दसहितो मुनिर्यत्सुखं लभते तद्देवेन्द्रादयोऽपि न लभन्त इति । तथा चोक्तम्— " दह्यमाने जगत्यस्मिन्महता मोहवह्निना । विमुक्तविषयासंगाः सुखायन्ते तपोधनाः " ॥ ११७ ॥

---

છે એવા પરમસુખને આપે છે બીજો કોઇ ‘ શિવ ’ નામનો પુરુષ પરમસુખને આપતો નથી ૧૧૬.

હવે કહે છે કે જે સુખ આત્માનું ધ્યાન કરવાથી મહામુનિ પામે છે તે સુખ ઇન્દ્રાદિ દેવોને દુર્લભ છે:–

## ગાથા–૧૧૭

**અન્વયાર્થ**:–[ निजात्मानं ध्यायन् ] નિજ આત્માનું ધ્યાન કરતો થકો [ मुनिः ] તપોધન [ अनंतसुखं ] જે અનંતસુખ [ लभते ] પામે છે [ तत सुखं ] તે સુખને [ कोटिं देवीनां रम्यमाणः ] કરોડો દેવીઓની સાથે રમણ કરતો–અનુભવતો [ इन्द्रः अपि ] ઇન્દ્ર પણ [ नैव लभते ] પામતો નથી.

**ભાવાર્થ**:—બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત, સ્વશુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ સહિત મુનિ જે સુખ પામે છે તે સુખ દેવેન્દ્રાદિ પણ પામતા નથી. વળી કહ્યું પણ છે કે " दह्यमाने जगत्यस्मिन्महतः मोहवह्निना । विमुक्तविषयासंगा सुखायन्ते तपोधनः ॥ ( **અર્થ**.—મહામોહરૂપી અગ્નિથી બળતા આ જગતમાં ( બધા જીવો દુઃખી છે, માત્ર ) જેમણે સર્વ વિષયનો સંગ છોડી દીધો છે એવા મુનિઓ જ સુખી છે. ) ૧૧૭.

( હવે વૈરાગી મુનિ જ નિજ આત્માને જાણતો થકો નિર્વિકલ્પ સુખને પામે છે એમ હવે કહે છે:— )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



११९ ) अप्पा-दंसणि जिणवरहँ जं सुहु होइ अणंतु ।
तं सुहु लहइ विराउ जिउ जाणंतउ सिउ संतु ॥ ११८ ॥

आत्मदर्शने जिनवराणां यत् सुखं भवति अनन्तम् ।
तत् सुखं लभते विरागः जीवः जानन् शिवं शान्तम् ॥ ११८ ॥

अप्पा इत्यादि । अप्पादंसणि निजशुद्धात्मदर्शने जिणवरहं छद्मस्थावस्थायां जिनवराणां जं सुहु होइ अणंतु यत्सुखं भवत्यनन्तं तं सुहु तत्पूर्वोक्तसुखं लहइ लभते । कोऽसौ । विराउ जिउ वीतरागभावनापरिणतो जीवः किं कुर्वन् सन् । जाणंतउ जानन्ननुभवन् सन् । कम् । सिउ शिवशब्दवाच्यं निजशुद्धात्मस्वभावम् । कथंभूतम् । संतु शान्तं रागादिविभावरहितमिति । अयमत्र भावार्थः । दीक्षाकाले शिवशब्दवाच्यस्वशुद्धात्मानुभवने यत्सुखं भवति जिनवराणां वीतरागनिर्विकल्पसमाधिरतो जीवस्तत्सुखं लभत इति ॥ ११८ ॥

अथ कामक्रोधादिपरिहारेण शिवशब्दवाच्यः परमात्मा दृश्यत इत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं [1]कथयन्ति—

१२०) जोइय णिय-मणि णिम्मलए पर दीसइ सिउ संतु ।
अंबरि णिम्मलि घण-रहिए भाणु जि जेम फुरंतु ॥ ११९ ॥

---

ગાથા-૧૧૮

**અન્વયાર્થ:**—[ आत्मदर्शने ] નિજશુદ્ધાત્માના દર્શનમાં [ जिनवराणां ] છદ્મસ્થાવસ્થામાં-મુનિ-અવસ્થામાં-જિનવરોને [ यत् अनंतं सुखं ] જે અનંત સુખ [ भवति ] થાય છે [ ततसुखं ] તે સુખ [ विराग जीवः ] વીતરાગ ભાવનામાં પરિણમેલો જીવ ( મુનિરાજ ) [ शांतं ] શાંત-રાગાદિ વિભાવ રહિત-અને [ शिवं ] 'શિવ' શબ્દથી વાચ્ય એવા નિજશુદ્ધાત્મ સ્વભાવને [ जानन् ] જાણતો થકો-અનુભવતો થકો- [ लभते ] પામે છે.

**ભાવાર્થ:**—દીક્ષા સમયે 'શિવ' શબ્દથી વાચ્ય એવા સ્વશુદ્ધાત્માના અનુભવમાં જિનવરોને જે સુખ થાય છે તે સુખ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત જીવ ( વિરક્ત મુનિ ) પામે છે. ૧૧૮.

હવે કામક્રોધાદિના પરિહાર વડે 'શિવ' શબ્દથી વાચ્ય એવો પરમાત્મા દેખાય છે, એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથાસૂત્ર કહે છે:—

---

૧ પાઠાન્તર:— कथयन्ति=प्रतिपादयति

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



योगिन् निजमनसि निर्मले परं दृश्यते शिवः शान्तः ।
अम्बरे निर्मले घनरहिते भानुः इव यथा स्फुरन् ॥ ११९ ॥

जोइय इत्यादि । जोइय हे योगिन् णियमणि निजमनसि । कथंभूते । णिम्मलए निर्मले परं नियमेन दीसइ दृश्यते । कोऽसौ । कर्मतापन्नः सिउ शिवशब्दवाच्यो निजपरमात्मा । कथंभूतः । संतु शान्तः रागादिरहितः । दृष्टान्तमाह । अम्बरे आकाशे । कथंभूते । णिम्मलि निर्मले । पुनरपि कथंभूते । घणरहिए घनरहिते । क इव । भाणु जि भानुरिव यथा । किं कुर्वन् । फुरंतु स्फुरन् प्रकाशमान इति । अयमत्र तात्पर्यार्थः । यथा घनघटाटोपविघटने सति निर्मलाकाशे दिनकरः प्रकाशते तथा शुद्धात्मानुभूतिप्रतिपक्षभूतानां कामक्रोधादिविकल्परूपघनानां विनाशे सति निर्मलचित्ताकाशे केवलज्ञानाद्यनन्तगुणकरकलितः निजशुद्धात्मादित्यः प्रकाशं करोतीति ॥ ११९ ॥

अथ यथा मलिने दर्पणे रूपं न दृश्यते तथा रागादिमलिनचित्ते शुद्धात्मस्वरूपं न दृश्यत इति निरूपयति—

१२१) राएँ रंगिए हियवडए देउ ण दीसइ संतु ।
दप्पणि मइलउ बिंबु जिम एहउ जाणि णिभंतु ॥१२०॥

---

## ગાથા–૧૧૯

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી ! [ निर्मले निजमनसि ] પોતાના નિર્મલ મનમાં [ शांत ] શાંત–રાગાદિ રહિત અને [ शिवः ] ‘ શિવ ’ શબ્દથી વાચ્ય એવો નિજ પરમાત્મા [ परं ] નિયમથી [ दृश्यते ] દેખાય છે. [ यथा ] જેવી રીતે [ घनरहिते निर्मले अंबरे ] વાદળાં રહિત નિર્મલ આકાશમાં [ भानुः इव ] સૂર્ય [ स्फुरन् ] પ્રકાશમાન થાય છે.

**ભાવાર્થ:**—જેવી રીતે ઘટાટોપ વાદળાં વીખરાઈ જતાં, નિર્મળ આકાશમાં સૂર્ય પ્રકાશે છે તેવી રીતે શુદ્ધાત્માની અનુભૂતિથી પ્રતિપક્ષભૂત કામક્રોધાદિ વિકલ્પરૂપ વાદળાંઓનો નાશ થતાં, નિર્મલ ચિત્તરૂપી આકાશમાં કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપી કિરણોથી યુક્ત નિજશુદ્ધાત્મારૂપી સૂર્ય પ્રકાશ કરે છે. ૧૧૯.

હવે જેવી રીતે મલિન દર્પણમાં રૂપ દેખાતું નથી તેવી રીતે રાગાદિથી મલિન ચિત્તમાં શુદ્ધાત્મસ્વરૂપ દેખાતું નથી એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रागेन रञ्जिते हृदये देवः न दृश्यते शान्तः ।
दर्पणे मलिने बिम्बं यथा एतत् जानीहि निर्भ्रान्तम् ॥ १२० ॥

राएं इत्यादि । राएं रंगिए हियवडए रागेन रञ्जिते हृदये देउ ण दीसइ देवो न दृश्यते । किंविशिष्टः संतु शान्तो रागादिरहितः । दृष्टान्तमाह । दप्पणि मइलए दर्पणे मलिने बिंबु जिम बिम्बं यथा एहउ एतत् जाणि जानीहि हे प्रभाकरभट्ट णिभंतु निर्भ्रान्तं यथा भवतीति । अयमत्राभिप्रायः । यथा मेघपटलप्रच्छादितो विद्यमानोऽपि सहस्रकरो न दृश्यते तथा केवलज्ञान-किरणैर्लोकालोकप्रकाशकोऽपि कामक्रोधादिविकल्पमेघप्रच्छादितः सन् देहमध्ये शक्तिरूपेण विद्यमानोऽपि निजशुद्धात्मा दिनकरो न दृश्यते इति ॥ १२० ॥

अथानन्तरं विषयासक्तानां परमात्मा न दृश्यत इति दर्शयति—

१२२) जसु हरिणच्छी हियवडए तसु णवि बंभु वियारि ।
ऍक्कहिँ केम समंति वढ बे खंडा पडियारि ॥१२१॥

यस्य हरिणाक्षी हृदये तस्य नैव ब्रह्म विचारय ।
एकस्मिन् कथं समायातौ वत्स द्वौ खंडौ प्रत्याकारे (?) ॥ १२१ ॥

जसु इत्यादि । जसु यस्य पुरुषस्य हरिणच्छि हरिणाक्षी स्त्री हियवडए

---

### ગાથા—૧૨૦

**અન્વયાર્થ**:—[ रागेन रंजिते ] રાગથી રંજિત ( મલિન ) [ हृदये ] હૃદયમાં [ शांतः ] શાંત—રાગાદિ રહિત—[ देवः ] આત્મદેવ [ न दृश्यते ] દેખાતો નથી, [ यथा ] જેવી રીતે [ मलिने दर्पणे ] મલિન દર્પણમાં [ बिंब ] પ્રતિબિંબ દેખાતું નથી [ एतत ] આ વાત હે પ્રભાકર ભટ્ટ! તું [ निर्भ्रान्तम् ] સંદેહ રહિત [ जानीहि ] જાણ.

**ભાવાર્થ**:—જેવી રીતે મેઘપટલથી આચ્છાદિત થયો થકો, ( સહસ્ર કિરણોથી ) શોભિત સૂર્ય વિદ્યમાન હોવા છતાં પણ, દેખાતો તેવી રીતે કામક્રોધાદિ વિકલ્પ-રૂપ વાદળાંથી આચ્છાદિત થયો થકો, કેવલજ્ઞાનરૂપ કિરણોથી લોકાલોકનો પ્રકાશક નિજશુદ્ધાત્મારૂપ સૂર્ય શરીરમાં શક્તિરૂપે વિદ્યમાન હોવા છતાં પણ, દેખાતો નથી. ૧૨૦.

ત્યાર પછી 'વિષયાસક્ત' જીવોને ( જેઓ વિષયોમાં આસક્ત છે તેમને ) પરમાત્મા દેખાતો નથી એમ દર્શાવે છેઃ—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हृदये वसतीति क्रियाध्याहारः, तसु तस्य णवि नैवास्ति । कोऽसौ । बंभु ब्रह्मशब्दवाच्यो निजपरमात्मा वियारी एवं विचारय त्वं हे प्रभाकरभट्ट । अत्रार्थे दृष्टान्तमाह । एक्कहिं केम एकस्मिन् कथं समंति सम्यग्मिमाते सम्यगवकाशं कथं लभेते वढ बत बे खंडा द्वौ खड्गौ असी । क्वाधिकरणभूते । पडियारी प्रतिकारे (?) कोशशब्दवाच्ये इति । तथाहि । वीतरागनिर्विकल्पपरमसमाधिसंजातानाकुलत्वलक्षणपरमानन्दसुखामृतप्रतिबन्धकैराकुलत्वोत्पादकैः स्त्रीरूपावलोकनचिन्तादिसमुत्पन्नहावभावविभ्रमविलासविकल्पजालैर्मूर्च्छिते वासिते रञ्जिते परिणते चित्ते त्वेकस्मिन् प्रतिहारे (?) खड्गद्वयवत्परमब्रह्मशब्दवाच्यनिजशुद्धात्मा कथमवकाशं लभते न कथमपीति भावार्थः । हावभावविभ्रमविलासलक्षणं कथ्यते । "हावो मुखविकारः स्याद्भावश्चित्तोत्थ उच्यते । विलासो नेत्रजो ज्ञेयो विभ्रमो भ्रूयुगान्तयोः ॥" ॥ १२१ ॥

---

## ગાથા–૧૨૧

**અન્વયાર્થ:**—[ **यस्य** ] જે પુરુષના [ **हृदये** ] હૃદયમાં [ **हरिणाक्षी** ] (હરણ જેવી સુંદર નયનવાળી) સ્ત્રી વસે છે [ **तस्य** ] તેને [ **ब्रह्म** ] 'બ્રહ્મ' શબ્દથી વાચ્ય એવો નિજપરમાત્માનો [ **नैव** ] અવકાશ મળતો નથી, એમ હે પ્રભાકરભટ્ટ! તું [ **विचारय** ] વિચાર કર. તેની પુષ્ટિ માટે દૃષ્ટાંત આપવામાં આવે છે.

[ **बत** ] અરે! [ **एकस्मिन् प्रतिहारे** ] એક જ મ્યાનમાં [ **द्वौ खड्गौ** ] બે તલવાર [ **कथं** ] શી રીતે [ **समायातौ** ] સમાય?

**ભાવાર્થ:**—વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિથી ઉત્પન્ન, અનાકુલતા જેનું લક્ષણ છે એવા પરમાનંદરૂપ જે સુખામૃતની પ્રતિબંધક, આકુલતાની ઉત્પાદક એવી સ્ત્રીરૂપને દેખવાની અભિલાષાથી ઉત્પન્ન હાવ, ભાવ, વિભ્રમ, વિલાસના વિકલ્પજાલથી મૂર્છિત–વાસિત–રંજિત–પરિણત–ચિત્તમાં, એક મ્યાનમાં બે તલવાર ન સમાય તેની જેમ, 'બ્રહ્મ' શબ્દથી વાચ્ય એવો નિજશુદ્ધાત્મા કેવી રીતે અવકાશ મેળવે? (અર્થાત્ ન મેળવે.)

હાવ, ભાવ, વિભ્રમ, વિલાસનું સ્વરૂપ કહે છે.

"**हावो मुखविकारः स्याद्भावश्चित्तोत्थ उच्यते । विलासो नेत्रजो ज्ञेयो विभ्रमो भ्रूयुगान्तयोः ॥**" (**અર્થ:**—મુખવિકાર તે હાવ છે, ચિત્તવિકાર તે ભાવ છે, નેત્રનો વિકાર તે વિલાસ છે, બંને ભમ્મરના છેડાનો વિકાર તે વિભ્રમ છે.) ૧૨૧.

હવે રાગાદિ રહિત નિજમનમાં પરમાત્મા વસે છે એમ દર્શાવે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ रागादिरहिते निजमनसि परमात्मा निवसतीति दर्शयति—

१२३) णिय-मणि णिम्मलि णाणियहँ णिवसइ देउ अणाइ ।
हंसा सरवरि लीणु जिम महु एहउ पडिहाइ ॥ १२२ ॥

निजमनसि निर्मले ज्ञानिनां निवसति देवः अनादिः ।
हंसः सरोवरे लीनः यथा मम ईदृशः प्रतिभाति ॥ १२२ ॥

णियमणि इत्यादि । णियमणि निजमनसि । किंविशिष्टे । णिम्मलि निर्मले रागादिमलरहिते । केषां मनसि । णाणियहं ज्ञानिनां णिवसइ निवसति । कोऽसौ । देउ देवः आराध्यः किंविशिष्टः । अणाइ अनादिः । क इव कुत्र । हंसा सरवरि लीणु जिम हंसः सरोवरे लीनो यथा हे प्रभाकरभट्ट महु एहउ पडिहाइ ममैवं प्रतिभातीति । तथाहि । पूर्वसूत्रकथितेन चित्ताकुलत्वोत्पादकेन स्त्रीरूपावलोकनसेवनचिन्तादिसमुत्पन्नेन रागादिकल्लोलमालाजालेन रहिते निज-शुद्धात्मद्रव्यसम्यक्श्रद्धानसहजसमुत्पन्नवीतरागपरमसुखसुधारसस्वरूपेण निर्मलनीरेण पूर्णे वीतरागस्वसंवेदनजनितमानससरोवरे परमात्मा लीनस्तिष्ठति । कथंभूतः । निर्मलगुणसादृश्येन हंस इव हंसपक्षी इव । कुत्र प्रसिद्धः । सरोवरे । हंस इवे-त्यभिप्रायो भगवतां श्रीयोगीन्द्रदेवानाम् ॥ १२२ ॥

---

## ગાથા–૧૨૨

**અન્વયાર્થ:**—[ ज्ञानीनां ] જ્ઞાનીઓના [ निर्मले ] નિર્મલરાગાદિમલરહિત–[ निजमनसि ] નિજમનમાં [ अनादिः देवः ] અનાદિદેવ કે જે આરાધ્ય છે તે [ निवसति ] વસે છે, તે [ हंसः ] હંસ [ सरोवरे ] સરોવરમાં [ लीनः ] લીન થઈને રહ્યો હોય [ ईदृश ] એવું [ मम ] મને [ प्रतिभाति ] લાગે છે ( એમ શ્રી યોગીન્દ્રદેવ પ્રભાકરભટ્ટને કહે છે. )

**ભાવાર્થ:**—પૂર્વ સૂત્રમાં કહેલી, ચિત્તની આકુલતાની ઉત્પાદક એવી, સ્ત્રીરૂપને દેખવાની, સેવવાની અભિલાષાદિથી ઉત્પન્ન રાગાદિ કલ્લોલમાલાની જાલથી રહિત, નિજશુદ્ધાત્મદ્રવ્યની સમ્યક્શ્રદ્ધા નથી. સહજ ઉત્પન્ન વીતરાગ પરમસુખસુધારસસ્વરૂપ નિર્મલ નીરથી પૂર્ણ, વીતરાગ સ્વસંવેદનજનિત માનસસરોવરમાં પરમાત્મા લીન રહે છે. તે પરમાત્મા નિર્મલગુણની સમાનતાથી હંસ જેવા–હંસ પક્ષી જેવા–છે. જેમ હંસનું નિવાસસ્થાન માનસરોવર છે તેમ બ્રહ્મનું નિવાસસ્થાન નિર્મલ ચિત્ત છે એવો શ્રીભગવાન યોગીન્દ્રદેવનો અભિપ્રાય છે. ૧૨૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उक्तं च—

१२४) देउ ण देउले णवि सिलए णवि लिप्पइ णवि चित्ति।
अखउ णिरंजणु णाणमउ सिउ संठिउ सम-चित्ति ॥१२३॥

देवः न देवकुले नैव शिलायां नैव लेप्ये नैव चित्रे ।
अक्षयः निरञ्जनः ज्ञानमयः शिवः संस्थितः समचित्ते ॥ १२३ ॥

देउ इत्यादि । देउ देवः परमाराध्यः ण नास्तिः कस्मिन् कस्मिन् नास्ति । देउले देवकुले देवतागृहे णवि सिलए नैव शिलाप्रतिमायां, णवि लिप्पइ नैव लेपप्रतिमायां, णवि चित्ति नैव चित्रप्रतिमायाम् । तर्हि क्व तिष्ठति । निश्चयेन अखउ अक्षयः णिरंजणु कर्माञ्जनरहितः । पुनरपि किंविशिष्टः । णाणमउ ज्ञानमयः केवलज्ञानेन निर्वृत्तः सिउ शिवशब्द वाच्यो निजपरमात्मा । एवंगुणविशिष्टः परमात्मा देव इति । संठिउ संस्थितः समचित्ति समभावे समभावपरिणतमनसि इति । तद्यथा । यद्यपि व्यवहारेण धर्मवर्तना-

---

વળી કહ્યું છે કેઃ—

## ગાથા–૧૨૩

**અન્વયાર્થઃ**—[ **देवः** ] દેવ કે જે પરમ આરાધ્ય છે તે [ **देवकुले न** ] દેવાલયમાં નથી, [ **शिलायां न** ] પથ્થરની પ્રતિમામાં પણ નથી, [ **लेप्ये नैव** ] લેપની મૂર્તિમાં પણ નથી, [ **चित्रे नैव** ] ચિત્રની પ્રતિમામાં પણ નથી. તો તે ક્યાં છે? તે કહે છે. નિશ્ચયથી [ **अक्षयः** ] અક્ષય, [ **निरंजनः** ] કર્માંજનથી રહિત, [ **ज्ञानमयः** ] કેવલજ્ઞાનથી રચાયેલ, [ **शिवः** ] ‘શિવ’ શબ્દથી વાચ્ય એવો નિજપરમાત્મા–એવો ગુણવિશિષ્ટ પરમાત્માદેવ [ **समचित्ते संस्थितः** ] સમભાવમાં–સમભાવે પરિણમેલા ચિત્તમાં–સ્થિત છે, ( અર્થાત્ સમભાવમાં પરિણત સાધુઓના મનમાં સ્થિત છે, બીજી જગ્યાએ નહિ ).

**ભાવાર્થઃ**—જો કે વ્યવહારનયથી ધર્મની વર્તના માટે સ્થાપનારૂપે પૂર્વોક્ત ગુણના લક્ષણવાળા દેવ દેવાલયમાં રહે છે તો પણ, નિશ્ચયનયથી જે શત્રુ–મિત્ર, સુખ-દુઃખ, જીવિત–મરણ આદિમાં સમતારૂપ છે અને જે વીતરાગ સહજાનંદ જ જેનું એક રૂપ છે એવા પરમાત્મતત્ત્વનાં સમ્યગ્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્અનુભૂતિરૂપ અભેદ રત્નત્રયાત્મક સમચિત્તમાં ‘શિવ’ શબ્દથી વાચ્ય એવો પરમાત્મા રહે છે. સમચિત્તમાં પરિણત શ્રમણનું સ્વરૂપ ( શ્રી પ્રવચનસારના ત્રીજા અધિકારની ૨૪૧ ગાથામાં ) કહ્યું છે કે “ **समसत्तु बंधुवग्गो समसुहदुक्खो पसंसणिंदसमो । समलोट्ठुकंचणो पुण जीविद मरणे समो समणो** ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निमित्तं स्थापनारूपेण पूर्वोक्तगुणलक्षणो देवो देवगृहादौ तिष्ठति तथापि-निश्चयेन शत्रुमित्रसुखदुःखजीवितमरणादिसमतारूपे वीतरागसहजानन्दैकरूपपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुभूतिरूपाभेदरत्नत्रयात्मकसमचित्ते शिवशब्दवाच्यः परमात्मा तिष्ठतीति भावार्थः ॥ तथा चोक्तं समचित्तपरिणतश्रमणलक्षणम्—"समसत्तुबंधुवग्गो समसुहदुक्खो पसंसणिंदसमो । समलोहकंचणो वि य जीविदमरणे समो समणो ॥" ॥ १२३ ॥ इत्येकत्रिंशत्सूत्रैश्चूलिकास्थलं गतम् ।

अथ स्थलसंख्याबाह्यं प्रक्षेपकद्वयं कथ्यते—

**१२५) मणु मिलियउ परमेसरहँ परमेसरु वि मणस्स ।**
**बीहि वि समरसि हूवाहँ पुज्ज चडावउँ कस्स ॥१२३*२॥**

मनः मिलितं परमेश्वरस्य परमेश्वरः अपि मनसः ।
द्वयोरपि समरसीभूतयोः पूजां समारोपयामि कस्य ॥ १२३*२ ॥

मणु इत्यादि । मणु मनो विकल्परूपं मिलियउ मिलितं तन्मयं जातम् । कस्य संबन्धित्वेन । परमेसरहं [1]परमेश्वरस्य परमेसरु वि मणस्स परमेश्वरोऽपि

(**અર્થ**:—શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, સુખ અને દુઃખ જેને સમાન છે, પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, લોષ્ટ (માટીનું ઢેકું) અને કાંચન જેને સમાન છે તેમ જ જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, તે શ્રમણ છે.) ૧૨૩.

એ પ્રમાણે એકવીસ સૂત્રોથી ચૂલિકાસ્થલ સમાપ્ત થયું.

(ચૂલિકા નામ અંતનું છે, તે પહેલા સ્થલનો અંત સુધી થયો.)

હવે સ્થલસંખ્યાથી બાહ્ય એવા બે પ્રક્ષેપકો કહે છેઃ—

### ગાથા—૧૨૩*૨

**અન્વયાર્થ**:—[ मनः ] વિકલ્પરૂપ મન [ परमेश्वरस्य मिलितं ] પરમાત્મામાં મળી ગયું–તન્મય થઈ ગયું અને [ परमेश्वरः अपि ] પરમેશ્વર પણ [ मनसः ] મનમાં લીન થયા, એ પ્રમાણે [ द्वयोः अपि समरसी भूतयोः ] બન્નેય સમરસ થઈ ગયા (પરસ્પરમાં એકમેક થઈ ગયા) ત્યારે હું હવે [ कस्य ] કોની [ पूजां समारोपयामि ] પૂજા કરું ? અર્થાત્ નિશ્ચયનયથી કોઈની પૂજા ન કરું.

**ભાવાર્થ**:—જો કે વ્યવહારનયથી ગૃહસ્થાવસ્થામાં વિષયકષાયરૂપ દુર્ધ્યાનની વંચના અર્થે અને ધર્મની વૃદ્ધિ અર્થે પૂજા, અભિષેક, દાનાદિ વ્યવહાર હોય છે

૧ પાઠાન્તરઃ—परमेश्वरस्य=परमेश्वरस्य परमात्मा

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मनः संबन्धित्वेन लीनो जातः बीहि वि समरसिहूवाहं एवं द्वयोरपि समरसीभूतयोः पुज्ज पूजां चडावउं समारोपयामि । कस्स कस्य निश्चयनयेन न कस्यापीति । अयमत्र भावार्थः । यद्यपि व्यवहारनयेन गृहस्थावस्थायां विषयकषायदुर्ध्यानवञ्चनार्थं संवर्धनार्थं धच पूजाभिषेकदानादिव्यवहारोऽस्ति तथापि वीतरागनिर्विकल्पसमाधिरतानां तत्काले बहिरङ्गव्यापाराभावात् स्वयमेव नास्तीति ॥ १२३*२ ॥

१२६) जेण णिरंजणि मणु धरिउ विषय-कसायहिँ जंतु ।
मोक्खहँ कारणु एत्तडउ अण्णु ण तनु ण मंतु ॥ १२३*३ ॥

येन निरञ्जने मनः धृतं विषयकषायेषु गच्छत् ।
मोक्षस्य कारणं एतावदेव अन्यः न तन्त्रं न मन्त्रः ॥ १२३*३ ॥

जेण इत्यादि । येन येन पुरुषेण कर्तृभूतेन णिरंजणि कर्माञ्जनरहिते परमात्मनि मणु मनः धरिउ धृतम् । किं कुर्वत् सत् । विसयकसायहिं जंतु विषयकषायेषु गच्छत् सत् । विसयकसायहिं तृतीयान्तं पदं सप्तम्यन्तं

---

તોપણ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રત યોગીશ્વરોને તે કાલે બહિરંગ વ્યાપારનો અભાવ હોવાથી સ્વયં જ હોતાં નથી. ૧૨૩*૨.

હવે આ કથનને દૃઢ કરે છેઃ—

**ગાથા—૧૨૩*૩**

**અન્વયાર્થઃ—**[ **येन** ] જે પુરુષે [ **विषयकषायेषु गच्छत्** ] વિષયકષાયમાં જતાં [ **मनः** ] મનને [ **निरंजने धृतं** ] કર્મરૂપી અંજનથી રહિત પરમાત્મામાં ધરી રાખ્યું છે ( -લગાડયું છે ) તેને [ **एतावत एव** ] વિષયકષાયમાં રત ચિત્તને પાછું વાળીને પોતાના આત્મામાં સ્થાપવું એટલું જ [ **मोक्षस्य कारणं** ] મોક્ષનું કારણ છે, [ **अन्यः न तंत्रं न मन्त्रः** ] અન્ય બીજું કોઈ પણ તંત્ર–શાસ્ત્ર ઔષધ–મંત્ર-મંત્રાક્ષરો–મોક્ષનું કારણ નથી.

“ **विसयकसायहिं जंतु** ”– “ વિષયકષાય ” શબ્દને ત્રીજી વિભક્તિનો પ્રત્યય હોવા છતાં તમે સાતમીના પ્રત્યય તરીકે કેમ લીધો ?

**તેનું સમાધાનઃ—**પ્રાકૃતમાં કોઈ વાર કારક વ્યભિચાર અને લિંગવ્યભિચાર થાય છે. આ બધેય જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथं जातमिति चेत् । परिहारमाह । प्राकृते क्वचित्कारक-व्यभिचारो भवति लिङ्गव्यभिचारश्च । इदं सर्वत्र ज्ञातव्यम् । मोक्खहं कारणु मोक्षस्य कारणं एत्तडउ एतावदेव । विषयकषायरतचित्तस्य व्यावर्तनेन स्वात्मनि स्थापनं अण्णु ण अन्यत् किमपि न मोक्षकारणम् । अन्यत् किम् । तन्तु तन्त्रं शास्त्रमौषधं वा मंतु मन्त्राक्षरं चेति । तथाहि । शुद्धात्मतत्त्वभावनाप्रतिकूलेषु विषयकषायेषु गच्छत् सत् मनो वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानबलेन व्यावर्त्य निजशुद्धात्मद्रव्ये स्थापयति यः स एव मोक्षं लभते नान्यो मन्त्रतन्त्रादिबलिष्ठोऽपीति भावार्थः ॥१२३*३॥

एवं परमात्मप्रकाशवृत्तौ प्रक्षेपकत्रयं विहाय त्र्यधिकविंशत्युत्तरशतदोहकसूत्रैस्त्रिविधात्मप्रतिपादकनामा प्रथममहाधिकारः समाप्तः ॥ १ ॥

---

**ભાવાર્થ**:—જે (જે કોઈ આસન્ન ભવ્ય જીવ) શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી પ્રતિકૂલ વિષયકષાયમાં જતાં મનને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનના બલ વડે વ્યાવૃત્ત કરીને (પાછું વાળીને) નિજશુદ્ધાત્મદ્રવ્યમાં સ્થાપે છે તે જ મોક્ષ પામે છે. બીજો મંત્ર, તંત્ર આદિમાં બલિષ્ઠ હોવા છતાં પણ મોક્ષ પામતો નથી. ૧૨૨*૩.

આ પ્રમાણે પરમાત્મપ્રકાશની વૃત્તિમાં ત્રણ પ્રક્ષેપકોને છોડીને એકસો ત્રેવીસ દોહકસૂત્રોથી ત્રણ પ્રકારના આત્માનો પ્રતિપાદક નામનો પ્રથમ મહાધિકાર સમાપ્ત થયો.

## ઇતિ પ્રથમ મહાધિકાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# द्वितीय–महाधिकारः ।

अत ऊर्ध्वं स्थलसंख्याबहिर्भूतान् प्रक्षेपकान् विहाय चतुर्दशाधिकशत-द्वयप्रमितैर्दोहकसूत्रैर्मोक्षमोक्षफलमोक्षमार्गप्रतिपादनमुख्यत्वेन द्वितीयमहाधिकारः प्रारभ्यते । तत्रादौ सूत्रदशकपर्यन्तं मोक्षमुख्यतया व्याख्यानं करोति । तद्यथा—

१२७) सिरिगुरु अक्खहि मोक्खु महु मोक्खहँ कारणु तत्थु ।
मोक्खहँ केरउ अण्णु फलु जे जाणउँ परमत्थु ॥ १ ॥

श्रीगुरो आख्याहि मोक्षं मम मोक्षस्य कारणं तथ्यम् ।
मोक्षस्य संबन्धि अन्यत् फलं येन जानामि परमार्थम् ॥ १ ॥

सिरिगुरु इत्यादि । सिरिगुरु हे श्रीगुरो योगीन्द्रदेव अक्खहि कथय मोक्खु मोक्षं महु मम, न केवलं मोक्षं मोक्खहं कारणु मोक्षस्य कारणम् । कथंभूतम् । तत्थु तथ्यम् मोक्खहं केरउ मोक्षस्य संबन्धि अण्णु अन्यत् ।

---

# દ્વિતીય મહાધિકાર

ત્યાર પછી સ્થલ સંખ્યાથી બહિર્ભૂત ( પ્રકરણની સંખ્યાથી બહાર ) પ્રક્ષેપકોને છોડીને બસો ચૌદ દોહકસૂત્રોથી મોક્ષ, મોક્ષફલ અને મોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી બીજો મહાધિકાર શરૂ કરવામાં આવે છેઃ—

તેમાં પણ પહેલાં, દસ દોહકસૂત્રો સુધી મોક્ષની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :—

## ગાથા–૧

**અન્વયાર્થ**—[ श्रीगुरो ] હે શ્રી ગુરુ યોગીન્દ્રદેવ ! આ [ मम ] મને [ तथ्यं ] તથ્ય ( સત્યાર્થ, યથાર્થ ) [ मोक्षं ] મોક્ષ, તેમ જ [ मोक्षस्य कारणं ] મોક્ષનું કારણ [ अन्यत् ] અને વળી [ मोक्षस्य संबंधि फलं ] મોક્ષનું ફલ [ आख्याहि ] કૃપા કરીને કહો–[ येन ] કે જેથી–એ ત્રણ વ્યાખ્યાનને જાણવાથી–હું [ परमार्थं ] પરમાર્થને [ जानामि ] જાણું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



किम् । फलु फलम् । एतत्त्रयेन ज्ञातेन किं भवति । जें जाणउं येन त्रयस्य व्याख्यानेन जानाम्यहं कर्ता । कम् । परमत्थु परमार्थमिति । तद्यथा । प्रभाकरभट्टः श्रीयोगीन्द्रदेवान् विज्ञाप्य मोक्षं मोक्षफलं मोक्षकारणमिति त्रयं पृच्छतीति भावार्थः ॥ १ ॥

अथ तदेव त्रयं क्रमेण भगवान् कथयति—

१२८) जोइय मोक्खु वि मोक्ख-फलु पुच्छिउ मोक्खहँ हेउ ।
सो जिण-भासिउ णिसुणि तुहुँ जेण वियाणहि भेउ ॥ २ ॥

योगिन् मोक्षोऽपि मोक्षफलं पृष्टं मोक्षस्य हेतुः ।
तत् जिनभाषितं निशृणु त्वं येन विजानासि भेदम् ॥ २ ॥

जोइय इत्यादि । जोइय हे योगिन् मोक्खु वि मोक्षोऽपि मोक्खफलु मोक्षफलं पुच्छिउ पृष्टं त्वया कर्तृभूतेन । पुनरपि कः पृष्टः । मोक्खहं हेउ मोक्षस्य हेतुः कारणम् । तत्त्रयं जिणभासिउ जिनभाषितं णिसुणि निश्चयेन शृणु समाकर्णय तुहुं त्वं जेण येन त्रयेण ज्ञानेन वियाणहि भेउ विजानासि भेदं त्रयाणां सम्बन्धिनमिति । अयमत्र तात्पर्यार्थः । श्रीयोगीन्द्रदेवाः कथयन्ति हे प्रभाकरभट्ट शुद्धात्मोपलम्भलक्षणं मोक्षं केवलज्ञानाद्यनन्तचतुष्टयव्यक्तिरूपं मोक्षफलं

---

**ભાવાર્થ:**—પ્રભાકરભટ્ટ શ્રી યોગીન્દ્રદેવને વિનંતી કરીને મોક્ષ, મોક્ષફલ અને મોક્ષનું કારણ એ ત્રણને પૂછે છે. ૧.

ભગવાન શ્રી ગુરુ એ ત્રણેયનું કથન ક્રમપૂર્વક કહે છેઃ—

## ગાથા—૨

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી! [ त्वं ] તેં [ मोक्षं अपि मोक्षफलं-मोक्षस्य हेतुः ] મોક્ષ, મોક્ષનું ફલ અને મોક્ષનું કારણ પૂછ્યું તો [ तं ] તે ત્રણેયને તું નિશ્ચયથી [ जिन भाषितं ] જિનવરદેવે કહ્યા પ્રમાણે [ निशृणु ] સાંભળ, [ येन ] કે જેથી તું [ भेदं ] એ ત્રણેય ભેદને [ विजानासि ] સમ્યક્પ્રકારે જાણી શકે.

**ભાવાર્થ.**—શ્રી યોગીન્દ્રદેવ કહે છે કે હે પ્રભાકરભટ્ટ! હું શુદ્ધ આત્માની ઉપલબ્ધિ જેનું લક્ષણ છે એવા મોક્ષને, કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયની વ્યક્તિરૂપ મોક્ષફલને અને ભેદાભેદરત્નત્રયાત્મક મોક્ષમાર્ગને ક્રમપૂર્વક ( જિન-આજ્ઞા પ્રમાણે ) તને કહું છું, તેને તું ( બરાબર ) સાંભળ. ૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भेदाभेदरत्नत्रयात्मकं मोक्षमार्गं च क्रमेण प्रतिपादयाम्यहं त्वं शृण्विति ॥ २ ॥

अथ धर्मार्थकाममोक्षाणां मध्ये सुखकारणत्वान्मोक्ष एवोत्तम इति अभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति—

१२९) धम्मह अत्थहँ कामहँ वि एयहँ सयलहँ मोक्खु ।
उत्तमु पभणहिँ णाणि जिय अण्णेँ जेण ण सोक्खु ॥ ३ ॥

धर्मस्य अर्थस्य कामस्यापि एतेषां सकलानां मोक्षम् ।
उत्तमं प्रभणन्ति ज्ञानिनः जीव अन्येन येन न सौख्यम् ॥ ३ ॥

धम्महं इत्यादि । धम्महं धर्मस्य धर्माद्वा अत्थहं अर्थस्य अर्थाद्वा कामहं वि कामस्यापि कामाद्वा एयहं सयलहं एतेषां सकलानां संबन्धित्वेन एतेभ्यो वा सकाशात् मोक्खु मोक्षं उत्तमु पभणहिं उत्तमं विशिष्टं प्रभणन्ति । के कथयन्ति । णाणि ज्ञानिनः । जिय हे जीव । कस्मादुत्तमं प्रभणन्ति मोक्षम् । अण्णइं अन्येन धर्मार्थकामादिना जेण येन कारणेन ण सोक्खु नास्ति परमसुखम् । इति । तद्यथा—धर्मशब्देनात्र पुण्यं कथ्यते अर्थशब्देन तु पुण्यफलभूतार्थो राज्यादिविभूतिविशेषः, कामशब्देन तु तस्यैव राज्यस्य मुख्यफलभूतः स्त्रीवस्त्रगंध माल्यादिसंभोगः । एतेभ्यस्त्रिभ्यः सकाशान्मोक्षमुत्तमं कथयन्ति । के ते । वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानिनः । कस्मात् । आकुलत्वोत्पादकेन वीतरागपरमानन्द-

---

હવે ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંથી મોક્ષ જ સુખનું કારણ હોવાથી, ઉત્તમ છે એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છેઃ—

ગાથા—૩

**અન્વયાર્થ**:—[ ज्ञानिनः ] જ્ઞાનીઓ [ धर्मस्य अर्थस्य अपि कामस्य एतेषां सकलानां ] ધર્મ, અર્થ, અને કામ એ સમસ્ત પુરુષાર્થથી [ मोक्षं ] એક મોક્ષને [ उत्तमं ] ઉત્તમ-વિશિષ્ટ-[ प्रभणन्ति ] કહે છે [ येन ] કારણ કે [ जीव ] હે જીવ! [ अन्येन ] મોક્ષથી અન્ય એવા ધર્મ, અર્થ, કામ એ ત્રણથી [ सौख्यं न ] પરમસુખ થતું નથી.

**ભાવાર્થ**:—અત્રે 'ધર્મ' શબ્દથી પુણ્ય સમજવું, 'અર્થ' શબ્દથી પુણ્યના ફલરૂપ રાજ્યાદિ વિભૂતિ વિશેષ સંપદા સમજવી અને 'કામ' શબ્દથી તે રાજ્યના મુખ્ય ફલરૂપ સ્ત્રી. વસ્ત્ર, ગંધ, માલા આદિનો ભોગ સમજવો. આ ત્રણ કરતાં મોક્ષ ઉત્તમ છે એમ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનવાળા જ્ઞાનીઓ કહે છે. કારણ કે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुखामृतरसास्वादविपरीतेन धर्मार्थकामादिना मोक्षादन्येन येन कारणेन सुखं नास्तीति भावार्थः ॥ ३ ॥

अथ धर्मार्थकामेभ्यो यद्युत्तमो न भवति मोक्षस्तर्हि तत्त्रयं मुक्त्वा परलोकशब्दवाच्यं मोक्षं किमिति जिना गच्छन्तीति प्रकटयन्ति—

१३०) जइ जिय उत्तमु होइ णवि एयहँ सयलहँ सोइ ।
तो किं तिण्णि वि परिहरवि जिण वच्चहिँ पर-लोइ ॥ ४ ॥

यदि जीव उत्तमो भवति नैव एतेभ्यः सकलेभ्यः स एव ।
ततः किं त्रीण्यपि परिहृत्य जिनाः व्रजन्ति परलोके ॥ ४ ॥

जइ इत्यादि । जइ यदि चेत् जिय हे जीव उत्तमु होइ णवि उत्तमो भवति नैव । केभ्यः । एयहं सयलहं एतेभ्यः पूर्वोक्तेभ्यो धर्मादिभ्यः । कतिसंख्योपेतेभ्यः । सकलेभ्यः सो वि स एव पूर्वोक्तो मोक्षः तो ततः कारणात् किं किमर्थं तिण्णि वि परिहरवि त्रीण्यपि परिहृत्य त्यक्त्वा जिण जिनाः

---

આકુલતાના ઉત્પાદક, વીતરાગપરમાનંદરૂપ સુખામૃતરસના આસ્વાદથી વિપરીત અને મોક્ષથી અન્ય એવા ધર્મ, અર્થ અને કામથી સુખ થતું નથી. ૩.

હવે જો ધર્મ, અર્થ અને કામથી મોક્ષ ઉત્તમ ન હોય તો તે ત્રણેયને છોડીને 'પરલોક' શબ્દથી વાચ્ય એવા મોક્ષમાં જિનદેવો શા માટે જાય? એમ દર્શાવે છેઃ—

### ગાથા–૪

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ! [ यदि ] જો [ एतेभ्यः सकलेभ्यः ] પૂર્વોક્ત ધર્માદિ એ બધાથી [ सः एव ] પૂર્વોક્ત મોક્ષ [ उत्तमः ] ઉત્તમ [ नैव ] ન હોય [ ततः ] તો [ जिनाः ] શ્રી જિનેશ્વરદેવો [ त्रीणि अपि परिहृत्य ] ધર્મ, અર્થ ને કામ એ ત્રણેયને છોડી [ परलोके ] પરલોકમાં [ किं व्रजन्ति ] શા માટે જાય છે?

અહીં 'પરલોક' શબ્દથી વાચ્ય એવું પરમાત્મધ્યાન ( પરમાત્માનું અવલોકન ) સમજવું પણ કામમોક્ષ ન સમજવો.

**ભાવાર્થઃ**—'પરલોક' શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કહે છે. પર અર્થાત્ ઉત્કૃષ્ટ, 'પર' શબ્દથી મિથ્યાત્વ રાગાદિ રહિત કેવલજ્ઞાનાદિ અનંત ગુણ સહિત પરમાત્મા સમજવો, તે ગુણવિશિષ્ટ પરમાત્માનું લોકન–અવલોકન–વીતરાગપરમાનંદરૂપ સમરસીભાવનું અનુભવન તે લોક છે. એ પ્રમાણે 'પરલોક' શબ્દનો અર્થ છે. અથવા 'પર' શબ્દથી પૂર્વોક્ત લક્ષણવાળો પરમાત્મા સમજવો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कर्तारः वचहिं व्रजन्ति गच्छन्ति । कुत्र गच्छन्ति । परलोइ परलोकशब्दवाच्ये परमात्मध्याने न तु कायमोक्षे चेति । तथाहि—परलोकशब्दस्य व्युत्पत्त्यर्थः कथ्यते । परः उत्कृष्टो मिथ्यात्वरागादिरहितः केवलज्ञानाद्यनन्तगुणसहितः परमात्मा परशब्देनोच्यते तस्यैवंगुणविशिष्टस्य परमात्मनो लोको लोकनमवलोकनं वीतरागपरमानन्दसमरसीभावानुभवनं लोक इति परलोकशब्दस्यार्थः । अथवा पूर्वोक्तलक्षणः परमात्मा परशब्देनोच्यते । निश्चयेन परमशिवशब्दवाच्यो मुक्तात्मा शिव इत्युच्यते तस्य लोकः शिवलोक इति । अथवा परमब्रह्मशब्दवाच्यो मुक्तात्मा परमब्रह्म इति तस्य लोको ब्रह्मलोक इति । अथवा परम विष्णुशब्दवाच्यो मुक्तात्मा विष्णुरिति तस्य लोको विष्णुलोक इति परलोकशब्देन मोक्षो भण्यते परश्चासौ लोकश्च परलोक इति । परलोकशब्दस्य व्युत्पत्त्यर्थो ज्ञातव्यः न चान्यः कोऽपि परकल्पितः शिवलोकादिरस्तीति । अत्र स एव परलोकशब्दवाच्यः परमात्मोपादेय इति तात्पर्यः ॥ ४ ॥

अथ तमेव मोक्षं सुखदायकं दृष्टान्तद्वारेण दृढयति—

१३१) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ ।
तो किं इच्छहिँ बंधणहिँ बद्धा पसुय वि सोइ ॥५॥

उत्तमं सुखं न ददाति यदि उत्तमो मोक्षो न भवति ।
ततः किं इच्छन्ति बन्धनै बद्धा पशवोऽपि तमेव ॥ ५ ॥

---

નિશ્ચયથી ‘ પરમશિવ ’ શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા ‘ શિવ ’ સમજવો, તેનો લોક તે શિવલોક છે. અથવા ‘ પરમબ્રહ્મ ’ શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા પરમબ્રહ્મ સમજવો, તેનો લોક તે બ્રહ્મલોક છે. અથવા ‘ પરમવિષ્ણુ ’ શબ્દથી વાચ્ય એવો મુક્તાત્મા વિષ્ણુ સમજવો, તેનો લોક તે વિષ્ણુલોક છે. એ પ્રમાણે ‘ પરલોક ’ શબ્દથી મોક્ષ કહ્યો છે.

પર લોક તે પરલોક છે એ પ્રમાણે ‘ પરલોક ’ શબ્દનો વ્યુત્પત્તિ–અર્થ સમજવો; પર કલ્પિત ( પરે કલ્પેલો ) એવો બીજો કોઈ શિવલોકાદિ ( શિવલોક, બ્રહ્મલોક, વિષ્ણુલોક ) નથી. ( પરલોક શબ્દનો અર્થ ન સમજવો. )

અહીં તે જ ‘ પરલોક ’ શબ્દથી વાચ્ય એવો પરમાત્મા ઉપાદેય છે એવું તાત્પર્ય છે. ૪.

હવે તે જ મોક્ષ સુખનો દેનાર છે એમ દૃષ્ટાન્ત દ્વારા દૃઢ કરે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उत्तमु इत्यादि । उत्तमु उत्तमं सुक्खु सुखं ण देइ जइ न ददाति यदि चेत् उत्तमु मुक्खु ण होइ उत्तमो मोक्षो न भवति तो तस्मात्कारणात् किं किमर्थं इच्छहिँ इच्छन्ति बंधणहिँ बन्धनैः बद्धा निबद्धाः । पसुय वि पशवोऽपि । किमिच्छन्ति । सोइ तमेव मोक्षमिति । अयमत्र भावार्थः । येन कारणेन सुखकारणत्वाद्धेतोः बन्धनबद्धाः पशवोऽपि मोक्षमिच्छन्ति तेन कारणेन केवलज्ञानाद्यनन्तगुणाविनाभूतस्योपादेयरूपस्यानन्तसुखस्य कारणत्वादिति ज्ञानिनो विशेषेण मोक्षमिच्छन्ति ॥ ५ ॥

अथ यदि तस्य मोक्षस्याधिकगुणगणो न भवति तर्हि लोको निजमस्तकस्योपरि तं किमर्थं धरतीति निरूपयति—

१३२) अणु जइ जगहँ वि अहिययरु गुण-गणु ताणु ण होइ ।
तो तइलोउ वि किं धरइ णिय-सिर-उप्परि सोइ ॥ ६ ॥

अन्यद् यदि जगतोऽपि अधिकतरः गुणगणः तस्य न भवति ।
ततः त्रिलोकऽपि किं धरति निजशिर उपरि तमेव ॥ ६ ॥

---

### ગાથા–૫

**અન્વયાર્થ:**—[ यदि ] જો [ मोक्षः ] મોક્ષ [ उत्तमं सुखं ] ઉત્તમ સુખને [ न ददाति ] ન આપતો હોય તો તે [ उत्तमं न भवति ] ઉત્તમ ન હોય [ ततः ] જો મોક્ષ ઉત્તમ ન હોય તો પછી [ बंधनैः बद्धः ] બંધનોથી બંધાયેલ [ पशवः अपि ] પશુઓ પણ [ तं एव ] મોક્ષને (બંધનથી છૂટવાને) [ किं इच्छन्ति ] કેમ ઇચ્છે છે?

**ભાવાર્થ:**—મોક્ષ તે સુખનું કારણ છે એવા હેતુથી બંધનથી બંધાયેલ પશુઓ પણ મોક્ષને (છૂટકારાને) ઇચ્છે છે તેથી (એમ સમજાય છે કે) મોક્ષ કેવલજ્ઞાનાદિ અનંતગુણોની સાથે અવિનાભાવી એવા, ઉપાદેયરૂપ અનંતસુખનું કારણ છે. માટે જ્ઞાનીઓ વિશેષપણે મોક્ષને ઇચ્છે છે. ૫

હવે તે મોક્ષમાં અધિક ગુણોનો સમૂહ ન હોત તો ત્રણ લોક તેને પોતાના મસ્તક ઉપર શા માટે રાખે એમ કહે છેઃ—

### ગાથા–૬

**અન્વયાર્થ:**—[ अन्यत् ] વળી [ यदि ] જો [ तस्य ] મોક્ષમાં [ जगतः अपि ] સમસ્ત જગતથી પણ [ अधिकतरः गुणगणः ] અધિકતર ગુણનો સમૂહ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अणु इत्यादि । अणु पुनः जइ यदि चेत् जगह वि जगतोऽपि सकाशात् अहिययरु अतिशयेनाधिकः अधिकतरः । कोऽसौ । गुणगुणु गुणगणः तासु तस्य मोक्षस्य ण होइ न भवति । तो ततः कारणात् तइलोउ वि त्रिलोकोऽपि कर्ता । किं धरइ किमर्थं धरति । कस्मिन् । णियसिरउप्परि निजशिरसि उपरि । किं धरइ किं धरति । सोइं तमेव मोक्षमिति । तद्यथा । यदि तस्य मोक्षस्य पूर्वोक्तः सम्यक्त्वादिगुणगणो न भवति तर्हि लोकः कर्ता निजमस्तकस्योपरि तत्किं धरतीति । अत्रानेन गुणगणस्थापनेन किं कृतं भवति, बुद्धिसुखदुःखेच्छा-द्वेषप्रयत्नधर्माधर्मसंस्काराभिधानानां नवानां गुणानामभावं मोक्षं मन्यन्ते ये वृद्धवैशेषिकास्ते निषिद्धाः । ये च प्रदीपनिर्वाणवज्जीवाभावं मोक्षं मन्यन्ते सोगतास्ते च निरस्ताः । यच्चोक्तं सांख्यैः सुप्तावस्थावत् सुखज्ञानरहितो मोक्षस्तदपि निरस्तम् । लोकाग्रे तिष्ठतीति वचनेन तु मण्डिकसंज्ञा नैयायिकमतान्तर्गता यत्रैव मुक्तस्तत्रैव तिष्ठतीति वदन्ति तेऽपि निरस्ता इति । जैनमते पुनरिन्द्रियजनितज्ञानसुखस्याभावे न चातीन्द्रियज्ञानसुखस्येति कर्मजनितेन्द्रियादिदशप्राणसहितस्याशुद्धजीवस्याभावेन न पुनः शुद्धजीवस्येति भावार्थः ॥ ६ ॥

---

[ न भवति ] ન હોત [ ततः ] તો [ त्रिलोकः अपि ] ત્રણ લોક પણ [ तं एव ] મોક્ષને જ [ निजशिरोपरि ] પોતાના મસ્તક ઉપર [ किं धरति ] શા માટે રાખે ?

**ભાવાર્થઃ**—જો તે મોક્ષમાં પૂર્વોક્ત સમ્યક્ત્વાદિ ગુણો ન હોત તો લોક તેને પોતાના મસ્તક ઉપર શા માટે રાખે ?

અહીં આ ગુણગણની સ્થાપનાથી શું કરવામાં આવ્યું છે ? ( અહીં મોક્ષમાં અનંત ગુણોનું સ્થાપન કરવાથી મિથ્યાદ્રષ્ટિઓનું ખંડન કરવામાં આવ્યું છે તે શી રીતે તે કહે છેઃ—

( ૧ ) બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા. દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર, નામના નવ ગુણોના અભાવને મોક્ષ ( મિથ્યાદ્રષ્ટિ ) વૈશેષિકો માને છે તેનો નિષેધ કર્યો છે.

( ૨ ) જેમ દીવાનું બુઝાવવું તે નિર્વાણ છે તેમ જીવનો અભાવ તે મોક્ષ છે તેમ બૌદ્ધો માને છે, તેનું ખંડન કરવામાં આવ્યું છે.

( ૩ ) સાંખ્યદર્શનવાળા એમ કહે છે કે સુપ્ત–અવસ્થાની સમાન સુખજ્ઞાનથી રહિત તે મોક્ષ છે તેનું પણ ખંડન કર્યું છે.

( ૪ ) ‘ લોકાગ્રે રહે છે ’ એ વચન વડે ‘ જીવ જ્યાં મુક્ત થાય છે ત્યાં જ રહે છે ’ એમ મંડિક નામના નૈયાયિકમતીઓ કહે છે તેમનું પણ ખંડન થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथोत्तमं सुखं न ददाति यदि मोक्षस्तर्हि सिद्धाः कथं निरन्तरं सेवन्ते तमिति कथयति—

१३३) उत्तमु सुक्खु ण देइ जइ उत्तमु मुक्खु ण होइ ।
तो किं सयलु वि कालु जिय सिद्ध वि सेवहिँ सोइ ॥७॥

उत्तमं सुखं न ददाति यदि उत्तमः मोक्षो न भवति ।
ततः किं सकलमपि कालं जीव सिद्धा अपि सेवन्ते तमेव ॥ ७ ॥

उत्तमु इत्यादि । उत्तमु सुक्खु उत्तमं सुखं ण देइ न ददाति जइ यदि चेत् । उत्तमु उत्तमो मुक्खु मोक्षः ण होइ न भवति । तो ततः कारणात्, किं किमर्थं, सयलु वि कालु सकलमपि कालम् । जिय हे जीव । सिद्ध वि सिद्धा अपि सेवहिं सेवन्ते सोइ तमेव मोक्षमिति । तथाहि । यद्यतीन्द्रियपरमाह्लादरूपमविनश्वरं सुखं न ददाति मोक्षस्तर्हि कथमुत्तमो भवति उत्तमत्वाभावे च केवलज्ञानादिगुणसहिताः सिद्धा भगवन्तः किमर्थं निरन्तरं सेवन्ते च चेत् ।

---

વળી જૈનમતમાં તો (મોક્ષમાં) ઇન્દ્રિયજનિત જ્ઞાન અને સુખનો અભાવ થતાં કાંઈ અતીંદ્રિયજ્ઞાન અને અતીંદ્રિયસુખનો અભાવ થતો નથી, અને કર્મજનિત ઇન્દ્રિયાદિ દશ પ્રાણસહિત અશુદ્ધ જીવનો અભાવ થતાં, કાંઈ શુદ્ધ જીવનો અભાવ થતો નથી એવો ભાવાર્થ છે. ૬.

હવે જો મોક્ષ ઉત્તમ સુખને ન આપતો હોય તો સિદ્ધો તેમનું શા માટે નિરંતર સેવન કરે એમ કહે છેઃ—

ગાથા-૭

**અન્વયાર્થઃ**—[ यदि ] જો મોક્ષ [ उत्तमं सुखं ] ઉત્તમ સુખને [ न ददाति ] ન આપે તો [ मोक्षः ] મોક્ષ [ उत्तमः ] ઉત્તમ [ न भवति ] ન હોય, [ ततः ] જો તે ઉત્તમ ન હોય તો પછી [ जीव ] હે જીવ! [ सिद्धाः अपि ] સિદ્ધો પણ [ सकलं अपि कालं ] સદાકાલ [ तं एव ] મોક્ષને [ किं सेवन्ते ] શા માટે સેવે?

**ભાવાર્થઃ**—જો મોક્ષ અતીન્દ્રિય પરમ આહ્લાદરૂપ, અવિનાશી સુખને ન આપે તો તે કેવી રીતે ઉત્તમ હોય? અને ઉત્તમપણાના અભાવમાં કેવલજ્ઞાનાદિ ગુણસહિત સિદ્ધ ભગવંતો શા માટે મોક્ષને નિરંતર સેવે? (પણ સિદ્ધ ભગવંતો નિરંતર મોક્ષને સેવે છે) તેથી જણાય છે કે તે (મોક્ષ) ઉત્તમ સુખને આપે છે. સિદ્ધના સુખનું સ્વરૂપ (શ્રી પૂજ્યપાદકૃત સિદ્ધભક્તિ ગાથા ૭ માં) પણ કહ્યું છે કેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तस्मादेव ज्ञायते तत्सुखमुत्तमं ददातीति । उक्तं च सिद्धसुखम्—" आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्वीतबाधं विशालं, वृद्धिह्रासव्यपेतं विषयविरहितं निःप्रतिद्वन्द्वभावम् । अन्यद्रव्यानपेक्षं निरूपममितं शाश्वतं सर्वकालमुत्कृष्टानन्तसारं परमसुखमतस्तस्य सिद्धस्य जातम् ॥ " । अत्रेदमेव निरन्तरमभिलषणीयमिति भावार्थः ॥ ७ ॥

अथ सर्वेषां परमपुरुषाणां मोक्ष एव ध्येय इति प्रतिपादयति—

**१३४) हरि-हर-बंभु वि जिणवर वि मुणि-वर-विंद वि भव्व ।**
**परम-णिरंजणि मणु धरिवि मुक्खु जि झायहिँ सव्व ॥८॥**

हरिहरब्रह्माणोऽपि जिनवरा अपि मुनिवरवृन्दान्यपि भव्याः ॥
परमनिरञ्जने मनः धृत्वा मोक्षं एव ध्यायन्ति सर्वे ॥ ८ ॥

---

" आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्वीतबाधं विशालं,
वृद्धिह्रासव्यपेतं विषयविरहितं निःप्रतिद्वन्द्वभावम् ।
अन्यद्रव्यानपेक्षं निरुपममितं शाश्वतं सर्वकाल-
मुत्कृष्टानन्तसारं परमसुखमतस्तस्य सिद्धस्य जातम ॥ "

( **અર્થ**:—આત્માના ઉપાદાનથી પ્રગટેલું ( પોતાના આત્મામાં જ ઉત્પન્ન થયેલ ), સ્વયં અતિશયવાળું, બાધારહિત, વિશાલ, વૃદ્ધિહાનિ રહિત, વિષયોથી રહિત, નિર્દ્વન્દ્વ ( દ્વન્દ્વભાવથી રહિત ), અન્ય દ્રવ્યની અપેક્ષા વગરનું, નિરુપમ, અમિત, શાશ્વત, સદાકાલ, ઉત્કૃષ્ટ અને અનંત સારવાળું એવું પરમસુખ હવે સિદ્ધ-ભગવાનને ઉત્પન્ન થયું. )

અહીં આની જ ( મોક્ષની જ ) નિરંતર અભિલાષા કરવા યોગ્ય છે એવો ભાવાર્થ છે ૭.

હવે સર્વ પરમપુરુષોએ મોક્ષ જ ધ્યાવવા યોગ્ય છે એમ કહે છે:—

### ગાથા—૮

**અન્વયાર્થ**:—[ हरिहर ब्रह्माणः अपि ] હરિ, હર અને બ્રહ્મા [ जिनवराः अपि ] જિનવરદેવો, [ मुनिवर वृंदानि अपि ] મુનીશ્વરો [ भव्याः ] અને બીજા ભવ્યો [ सर्वे ] એ સર્વ [ परम निरंजने ] મનને વિષયકષાયમાં જતું થકું રોકીને પરમ નિરંજન નામના નિજ પરમાત્મસ્વરૂપમાં રાખીને [ मोक्षं एव ] એક મોક્ષનું જ [ ध्यायन्ति ] ધ્યાન કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हरिहर इत्यादि । हरिहरबंभु वि हरिहरब्रह्माणोऽपि जिणवर वि जिनवरा अपि मुणिवरविंद वि मुनिवरवृन्दान्यपि भव्व शेषभव्या अपि । एते सर्वे किं कुर्वन्ति । परमणिरंजणि परमनिरञ्जनाभिधाने निजपरमात्मस्वरूपे । मणु मनः धरिवि विषयकषायेषु गच्छत् सद् व्यावृत्य धृत्वा पश्चात् मुक्खु जि मोक्षमेव झायहिं ध्यायन्ति सव्व सर्वेऽपि इति । तद्यथा । हरिहरादयः सर्वेऽपि प्रसिद्धपुरुषाः ख्यातिपूजालाभादिसमस्तविकल्पजालेन शून्ये, शुद्धबुद्धकस्वभावनिजात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपाभेदरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसमुत्पन्नवीतरागसहजानन्दैकसुखरसानुभवेन पूर्णकलशवत् भरितावस्थे निरञ्जनशब्दाभिधेयपरमात्मध्याने स्थित्वा मोक्षमेव ध्यायन्ति । अयमत्र भावार्थः । यद्यपि व्यवहारेण सविकल्पावस्थायां वीतरागसर्वज्ञस्वरूपं तत्प्रतिबिम्बानि तन्मन्त्राक्षराणि तदाराधकपुरुषाश्च ध्येया भवन्ति तथापि वीतरागनिर्विकल्पत्रिगुप्तिगुप्तपरमसमाधिकाले निजशुद्धात्मैव ध्येय इति ॥ ८ ॥

अथ भुवनत्रयेऽपि मोक्षं मुक्त्वा अन्यत्परमसुखकारणं नास्तीति निश्चिनोति–

**१३५) तिहुयणि जीवहँ अत्थि णवि सोक्खहँ कारणु कोइ ।**
**मुक्खु मुएविणु एक्कु पर तेणवि चिंतहि सोइ ॥ ९ ॥**

---

**ભાવાર્થ:**—હરિ, હર આદિ બધાય પ્રસિદ્ધ પુરુષો ખ્યાતિ પૂજા, લાભ આદિ સમસ્ત વિકલ્પ જાલથી શૂન્ય એવા, શુદ્ધ, બુદ્ધ એક સ્વભાવવાળા નિજઆત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્ચારિત્રરૂપ અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન માત્ર વીતરાગ સહજાનંદરૂપ સુખરસના અનુભવથી પૂર્ણકલશની જેમ પરિપૂર્ણ એવા નિરંજન શબ્દથી કહેવા યોગ્ય પરમાત્માના ધ્યાનમાં સ્થિત થઈને એક મોક્ષને જ ધ્યાવે છે.

અહીં આ ભાવાર્થ છે કે જો કે વ્યવહારનયથી સવિકલ્પ અવસ્થામાં વીતરાગ સર્વજ્ઞનું સ્વરૂપ, વીતરાગની પ્રતિમા, તેના મંત્રાક્ષરો અને તેના આધારક પુરુષો ધ્યાવવા યોગ્ય છે તો પણ વીતરાગ નિર્વિકલ્પ ત્રિગુપ્તિ વડે ગુપ્ત પરમસમાધિકાલમાં જ શુદ્ધ આત્મા જ ધ્યાવવા યોગ્ય છે. ૮.

હવે ત્રણ લોકમાં મોક્ષ સિવાય બીજું કોઈ પણ ( બીજી કોઈ પણ વસ્તુ ) પરમસુખનું કારણ નથી એમ નક્કી કરે છેઃ—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

त्रिभुवने जीवानां अस्ति नैव सुखस्य कारणं किमपि ।
मोक्षं मुक्त्वा एकं परं तेनैव चिन्तय तमेव ॥ ९ ॥

तिहुयणि इत्यादि । तिहुयणि त्रिभुवने जीवहं जीवानां अत्थि णवि अस्ति नैव । किं नास्ति । सोक्खहं कारणु सुखस्य कारणम् । कोइ किमपि वस्तु । किं कृत्वा । मुक्खु मुएविणु एक्कु मोक्षं मुक्त्वैकं पर नियमेन तेणवि तेनैव कारणेन चिंतहि चिंतय सोइ तमेव मोक्षमिति । तथाहि । त्रिभुवनेऽपि मोक्षं मुक्त्वा निरन्तरातिशयसुखकारणमन्यत्पञ्चेन्द्रियविषयानुभवरूपं किमपि नास्ति तेन कारणेन हे प्रभाकरभट्ट वीतरागनिर्विकल्पपरमसामायिके स्थित्वा निज-शुद्धात्मस्वभावं ध्याय त्वमिति । अत्राह प्रभाकरभट्टः हे भगवन्नतींन्द्रियमोक्षसुखं निरन्तरं वर्ण्यंते भवद्भिस्तच्च न ज्ञायते जनैः । भगवानाह हे प्रभाकरभट्ट कोऽपि पुरुषो निर्व्याकुलचित्तः प्रस्तावे पञ्चेन्द्रियभोगसेवारहितस्तिष्ठति स केनापि देव-दत्तेन पृष्टः सुखेन स्थितो भवान् । तेनोक्तं सुखमस्तीति तत्सुखमात्मोत्थम् । कस्मादिति चेत् । तत्काले स्त्रीसेवादिस्पर्शविषयो नास्ति भोजनादिजिह्वेन्द्रि-

---

## ગાથા–૯

**અન્વયાર્થ:**—[ त्रिभुवने ] ત્રણ લોકમાં [ जीवानां ] જીવોને [ मोक्षं मुक्त्वा ] મોક્ષ સિવાય [ किं अपि ] કોઈ પણ વસ્તુ [ सुखस्य कारणं ] સુખનું કારણ [ नैव अस्ति ] નથી. [ तेन एव ] તેથી તું [ परं ] નિયમથી [ एकं तं एव ] એક મોક્ષનું જ [ चिन्तय ] ચિન્તવન કર.

**ભાવાર્થ:**—શ્રી યોગીન્દ્રાચાર્ય પ્રભાકર ભટ્ટને કહે છે કે હે શિષ્ય! ત્રણ લોકમાં પણ મોક્ષ સિવાય પંચેન્દ્રિયના વિષયના અનુભવરૂપ બીજું કોઈ પણ નિરંતર અતિશય સુખનું કારણ નથી, તેથી હે પ્રભાકરભટ્ટ! તું વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિકમાં સ્થિત થઈને નિજ શુદ્ધાત્મસ્વભાવને ધ્યાવ.

અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે હે ભગવાન! આપે અતીન્દ્રિય મોક્ષસુખનું નિરંતર વર્ણન કરો છો પરંતુ તે સુખને જગતના જીવો જાણતા નથી. ( તો તે સુખની અન્ય જીવોને પ્રતીતિ શી રીતે થાય? )

ત્યારે ભગવાન શ્રીગુરુ કહે છે કે–હે પ્રભાકરભટ્ટ! કોઈ પણ પુરુષ નિર્વ્યાકુલ ચિત્તવાળો થઈને પંચેન્દ્રિય ભોગના સેવનથી રહિત એકલો આરામમાં બેઠો છે તે વખતે કોઈ દેવદત્ત નામના પુરુષે તેને પૂછયું કે ‘ તમે આનંદમાં છો ને? ત્યારે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यविषयो नास्ति विशिष्टरूपगन्धमाल्यादिघ्राणेन्द्रियविषयो नास्ति दिव्यस्त्रीरूपावलोकनादिलोचनविषयो नास्ति श्रवणरमणीयगीतवाद्यादिशब्दविषयोऽपि नास्तीति तस्मात् ज्ञायते तत्सुखमात्मोत्थमिति । किं च । एकदेशविषयव्यापाररहितानां तदेकदेशेनात्मोत्थसुखमुपलभ्यते वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानरतानां पुनर्निरवशेषपञ्चेन्द्रियविषयमानसविकल्पजालनिरोधे सति विशेषेणोपलभ्यते । इदं तावत् स्वसंवेदनप्रत्यक्षगम्यं सिद्धात्मनां च सुखं पुनरनुमानगम्यम् । तथाहि । मुक्तात्मनां शरीरेन्द्रियविषयव्यापाराभावेऽपि सुखमस्तीति साध्यम् । कस्माद्धेतोः इदानीं पुनर्वीतरागनिर्विकल्पसमाधिस्थानां परमयोगिनां पञ्चेन्द्रियविषय व्यापाराभावेऽपि स्वात्मोत्थवीतरागपरमानन्दसुखोपलब्धिरिति । अत्रेत्थंभूतं सुखमेवोपादेयमिति भावार्थः । तथागमे चोक्तमात्मोत्थमतीन्द्रियसुखम्—"अइसयमादसमुत्थं विसयातीदं अणोवममणंतं । अव्वुच्छिण्णं । च सुहं सुद्धुवओगप्पसिद्धाणं ॥" ॥ ९ ॥

---

તેણે કહ્યું કે 'આનંદ વર્તે છે' તે સુખ આત્માથી ઉત્પન્ન થયું છે. જો તમે કહો કે શા માટે ? તો તેનો ઉત્તર એ છે કે તે સમયે સ્ત્રીસેવનાદિ સ્પર્શનો વિષય નથી, ભોજનાદિ જિહ્વા–ઇન્દ્રિયને વિષય નથી, વિશિષ્ટરૂપ ગંધમાલાદિ ઘ્રાણેન્દ્રિયનો વિષય નથી, દિવ્ય સ્ત્રી પુરુષનાં અવલોકનાદિ નેત્રનો વિષય નથી, કર્ણને પ્રિય ગીત વિદ્યાદિ શબ્દનો વિષય નથી તેથી એમ જણાય છે કે તે સુખ આત્માથી ઉત્પન્ન થયું છે.

હવે વિશેષ કહેવામાં આવે છે એકદેશવિષયવ્યાપાર રહિત જીવોને તે એકદેશ આત્માથી ઉત્પન્ન સુખ પ્રાપ્ત થાય છે, અને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનમાં રત જીવોને સમસ્ત પંચેન્દ્રિયવિષય અને મનના વિકલ્પજાલનો નિરોધ થતાં, વિશેષપણે આત્માથી ઉત્પન્ન સુખ પ્રાપ્ત થાય છે. આ સુખ તો સ્વસંવેદનપ્રત્યક્ષથી ગમ્ય છે, અને સિદ્ધોનું સુખ તો અનુમાનથી પણ જણાય છે. તે આ પ્રમાણેઃ— મુક્ત આત્માને શરીર અને ઇન્દ્રિયના વિષયના વ્યાપારનો અભાવ હોવા છતાં, સુખ છે એ સાધ્ય છે. તેનો હેતુ એ છે કે અહીં વીતરાગ નિર્વિકલ્પ સમાધિસ્થ પરમયોગીઓને, પંચેન્દ્રિવિષય વ્યાપારનો અભાવ હોવા છતાં પણ, પોતોના આત્માથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ સુખની ઉપલબ્ધિ હોય છે.

અહીં આવું સુખ જ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. વળી આગમ ( શ્રી પ્રવચનસાર–૧–૧૩ ) માં આત્માથી ઉત્પન્ન અતીન્દ્રિય સુખનું સ્વરૂપ પણ કહ્યું છે કેઃ—

" अइसयमादसमुत्थं विषयातीदं अणो वम मणं तं ।
अव्वुच्छिण्णं च सुहं सुद्धुवओगप्पसिद्धाणं ॥ "

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ यस्मिन् मोक्षे पूर्वोक्तमतीन्द्रियसुखमस्ति तस्य मोक्षस्य स्वरूपं कथयति—

१३६) जीवहँ सो पर मोक्खु मुणि जो परमप्पय-लाहु ।
कम्म-कलंक-विमुक्काहँ णाणिय बोल्लहिँ साहू ॥ १० ॥

जीवानां तं परं मोक्षं मन्यस्व यः परमात्मलाभः ।
कर्मकल विमुक्तानां ज्ञानिनः ब्रुवन्ति साधवः ॥ १० ॥

जीवहं इत्यादि । जीवहं जीवानां सो तं परं नियमेन मोक्खु मोक्षं मुणि मन्यस्व जानीहि हे प्रभाकरभट्ट । तं कम् । जो परमप्पयलाहु यः परमात्मलाभः । इत्थंभूतो मोक्षः केषां भवति । कम्मकलंकविमुक्काहं ज्ञानावरणाद्यष्टविधकर्मकलङ्कविमुक्तानाम् । इत्थंभूतं मोक्षं के ब्रुवन्ति । णाणिय बोल्लहिं वीतरागस्वसंवेदनज्ञानिनो ब्रुवन्ति । ते के । साहू [1]साधवः इति । तथाहि । केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिरूपस्य कार्यसमयसारभूतस्य हि परमात्मलाभो मोक्षो भवतीति । स च केषाम् । पुत्रकलत्रममत्वस्वरूपप्रभृतिसमस्तविकल्परहितध्यानेन

---

( **અર્થ**:—શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું ( કેવળી ભગવંતોનું અને સિદ્ધ ભગવંતોનું ) સુખ અતિશય, આત્મોત્પન્ન, વિષયાતીત ( અતીન્દ્રિય ), અનુપમ ( ઉપમા વિનાનું ) અનંત અને અવિચ્છિન્ન ( અતૂટક ) છે. ) ૯.

હવે જે મોક્ષમાં પૂર્વોક્ત અતીન્દ્રિય સુખ છે તે મોક્ષનું સ્વરૂપ કહે છેઃ—

ગાથા—૧૦

**અન્વયાર્થ**:—હે પ્રભાકરભટ્ટ ! [ कर्मकलंकविमुक्तानां ] જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મકલંકથી રહિત [ जीवानां ] જીવોને [ यः परमात्मलाभः ] જે પરમાત્માની પ્રાપ્તિ થાય છે [ तं ] તેને [ परं ] નિયમથી [ मोक्षं ] મોક્ષ [ मन्यस्व ] જાણ, એમ [ साधवः ज्ञानिनः ब्रुवंति ] વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાની સાધુઓ કહે છે.

**ભાવાર્થ**:—પુત્ર, કલત્રાદિ પરવસ્તુઓના મમત્વથી માંડીને સમસ્ત વિકલ્પોથી રહિત ધ્યાનથી જેઓ ભાવકર્મ દ્રવ્યકર્મરૂપી કર્મકલંકથી રહિત થયા છે એવા ભવ્ય જીવોને કેવલજ્ઞાનાદિ અનંતગુણની વ્યક્તિરૂપ કાર્યસમયસારભૂત પરમાત્માની પ્રાપ્તિ તે ખરેખર મોક્ષ છે એમ સાધુજ્ઞાનીઓ કહે છે.

---

૧ પાઠાન્તરઃ—**साधवः इति=रत्नत्रयवेष्टमेन मोक्षसाधका=साधव इति ।**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावकर्मद्रव्यकर्मकलङ्करहितानां भव्यानां भवतीति ज्ञानिनः कथयन्ति । अत्रायमेव मोक्षः पूर्वोक्तस्यानन्तसुखस्योपादेयभूतस्य कारणत्वादुपादेय इति भावार्थः ॥ १० ॥ एवं मोक्षमोक्षफलमोक्षमार्गादिप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये सूत्रदशकेन मोक्षस्वरूपनिरूपणस्थलं समाप्तम् ।

अथ तस्यैव मोक्षस्यानन्तचतुष्टयस्वरूपं फलं दर्शयति—

१३७) दंसणु णाणु अणंत-सुहु समउ ण तुट्टइ जासु ।
सो पर सासउ मोक्ख-फलु बिज्जउ अत्थि ण तासु ॥११॥

दर्शनं ज्ञानं अनन्तसुखं समयं न त्रुट्यति यस्य ।
तत् परं शाश्वतं मोक्षफलं द्वितीयं अस्ति न तस्य ॥ ११ ॥

दंसणु इत्यादि । दंसणु केवलदर्शनं णाणु केवलज्ञानं अणंतसुहु अनन्तसुखम् एतदुपलक्षणमनन्तवीर्याद्यनन्तगुणाः समउ ण तुट्टइ एतद्गुणकदम्बकमेकसमयमपि यावन्न त्रुटचति न नश्यति जासु यस्य मोक्षपर्यायस्याभेदेन तदाधारजीवस्य वा सो पर तदेव केवलज्ञानादिस्वरूपं सासउ मोक्खफलु शाश्वतं मोक्षफलं भवति । बिज्जउ अत्थि ण तासु तस्यानन्तज्ञानादिमोक्षफलस्यान्यद् द्वीतीयमधिकं

---

અહીં આ જ મોક્ષ પૂર્વોક્ત ઉપાદેયભૂત અનંત સુખનું કારણ હોવાથી, ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૧૦.

એ પ્રમાણે મોક્ષ, મોક્ષફલ અને મોક્ષમાર્ગના પ્રતિપાદક દ્વિતીય મહાધિકારમાં દસ દોહક સૂત્રોથી મોક્ષસ્વરૂપના નિરૂપણનું સ્થલ સમાપ્ત થયું.

હવે તે મોક્ષનું ફલ અનંતચતુષ્ટસ્વરૂપ છે એમ દર્શાવે છે:—

### ગાથા–૧૧

**અન્વયાર્થ**:—[ यस्य ] મોક્ષપર્યાયના અથવા અભેદથી તેના આધારભૂત જીવના [ दर्शनं ज्ञानं अनंत सुखं ] જે કેવલદર્શન, કેવલજ્ઞાન અને અનંતસુખ અને ઉપલક્ષણથી અનંતવીર્યાદિ અનંત ગુણો—એ ગુણનો સમૂહ [ समयं न त्रुटयति ] એક સમયમાત્ર પણ નાશ પામતો નથી ( અર્થાત સદાય રહે છે ) તે જ કેવલજ્ઞાનાદિ સ્વરૂપ જ [ शाश्वतं मोक्षफलं ] મોક્ષનું શાશ્વત ફલ [ अस्ति ] છે, [ तस्य परं द्वितीयं न ] તે અનંતજ્ઞાનાદિ મોક્ષફલથી બીજું કાંઇપણ અધિક નથી.

**ભાવાર્થ**:—મોક્ષનું અનંતજ્ઞાનાદિરૂપ ફલ જાણીને સમસ્ત રાગાદિના ત્યાગથી તેના અર્થે જ નિરંતર શુદ્ધાત્માની ભાવના કરવી જોઇએ. ૧૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



किमपि नास्तीति । अयमत्र भावार्थः । अनन्तज्ञानादिमोक्षफलं ज्ञात्वा समस्त रागादित्यागेन तदर्थमेव निरन्तरं शुद्धात्मभावना कर्तव्येति ॥ ११ ॥ एवं द्वितीयमहाधिकारे मोक्षफलकथनरूपेण स्वतन्त्रसूत्रमेकं गतम् ।

अथानन्तरमेकोनविंशतिसूत्रपर्यन्तं निश्चयव्यवहारमोक्षमार्गव्याख्यानस्थलं कथ्यते तद्यथा—

१३८) जीवहँ मोक्खहँ हेउ वरु दंसणु णाणु चरित्तु ।
ते पुणु तिण्णि वि अप्पु मुणि णिच्छएँ एहउ वुत्तु ॥१२॥

जीवानां मोक्षस्य हेतुः वरं दर्शनं ज्ञानं चारित्रम् ।
तानि पुनः त्रीण्यपि आत्मानं मन्यस्व निश्चयेन एवं उक्तम् ॥ १२ ॥

जीवहं इत्यादि । जीवहं जीवानां अथवा एकवचनपक्षे 'जीवहो' जीवस्य मोक्खहं हेउ मोक्षस्य हेतुः कारणं व्यवहारनयेन भवतीति क्रियाध्याहारः । कथंभूतम् । वरु वरमुत्कृष्टम् । किं तत् । दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञान-चारित्रत्रयम् । ते पुणु तानि पुनः तिण्णि वि त्रीण्यपि सम्यग्दर्शनज्ञानचारित्राणि अप्पु आत्मानमभेदनयेन मुणि मन्यस्व जानीहि त्वं हे प्रभाकरभट्ट णिच्छएं निश्चयनयेन एहउ वुत्तु एवमुक्तं भणितं तिष्ठतीति । इदमत्र तात्पर्यम् । भेदरत्नत्रयात्मको व्यवहारमोक्षमार्गः साधको भवति अभेद रत्नत्रयात्मकः

---

એ પ્રમાણે બીજા મહાધિકારમાં મોક્ષફલના કથનરૂપે સ્વતંત્ર એક દોહક-સૂત્ર સમાપ્ત થયું.

ત્યાર પછી ઓગણીસ સૂત્રો સુધી નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગના વ્યાખ્યાનનું સ્થલ કહે છેઃ—તે આ પ્રમાણેઃ—

### ગાથા–૧૨

**અન્વયાર્થઃ**—[ वरं दर्शनं ज्ञानं चारित्रं ] ઉત્કૃષ્ટ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર [ जीवानां ] જીવોને અથવા જીવને વ્યવહારનયથી ( ભેદનયથી ) [ मोक्षस्य हेतुः ] મોક્ષનું કારણ છે [ पुनः ] અને હે પ્રભાકરભટ્ટ ! તું [ त्रीणि अपि ] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણેયને અભેદનયથી [ आत्मानं मन्यस्व ] આત્મા જ જાણ. [ एवं ] એમ નિશ્ચયનયથી શ્રીવીતરાગદેવે કહ્યું છે.

**ભાવાર્થઃ**—ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે, અને અભેદરત્નત્રયાત્મક નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે. એ પ્રમાણે નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગનો સાધ્યસાધકભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुनर्निश्चयमोक्षमार्गः साध्यो भवति, एवं निश्चयव्यवहारमोक्षमार्गयोः साध्यसाधकभावो ज्ञातव्यः [1]सुवर्णसुवर्णपाषाणवत् इति । तथा चोक्तम्—" सम्मद्दंसणणाणं चरणं मोक्खस्स कारणं जाणे । ववहारा णिच्छपदो तत्तियमइओ णिओ अप्पा ॥ " ॥ १२ ॥

अथ निश्चयरत्नत्रयपरिणतो निजशुद्धात्मैव मोक्षमार्गो भवतीति प्रतिपादयति–

१३९) पेच्छइ जाणइ अणुचरइ अप्पि अप्पउ जो जि ।
दंसणु णाणु चरित्तु जिउ मोक्खहँ कारणु सो जि ॥१३॥

पश्यति जानाति अनुचरति आत्मना आत्मानं य एव ।
दर्शनं ज्ञानं चारित्रं जीवः मोक्षस्य कारणं स एव ॥ १३ ॥

पेच्छइ इत्यादि । पेच्छइ पश्यति जाणइ जानाति अणुचरइ अनुचरति । केन कृत्वा । अप्पइं आत्मना कारणभूतेन । कं कर्मतापन्नम् । अप्पउ निजात्मानम् । जो जि य एव कर्ता दंसणु णाणु चरित्तु दर्शनज्ञानचारित्रत्रयं भवतीति क्रियाध्याहारः । कोऽसौ भवति । जिउ जीवः य एवाभेदनयेन सम्यग्दर्शन-

---

[1]સુવર્ણ અને સુવર્ણપાષાણની માફક જાણવો. ( દ્રવ્યસંગ્રહની ગાથા ૩૯ માં કહ્યું પણ છે કેઃ—" **सम्मद्दं सणणाणं चरणं मोक्खस्स कारणं जाणे । ववहारा णिच्छयदो तत्तियमईओ णिओ अप्पा ॥** " **અર્થઃ**—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રને વ્યવહારનયથી મોક્ષનું કારણ જાણો. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય નિજ આત્માને નિશ્ચયથી મોક્ષનું કારણ જાણો ) ૧૨.

હવે નિશ્ચયરત્નત્રયરૂપે પરિણમેલો નિજશુદ્ધાત્મા જ મોક્ષમાર્ગ છે એમ કહે છેઃ—

ગાથા—૧૩

**અન્વયાર્થઃ**—[ यः एव ] જે જીવ [ आत्मना ] પોતાના આત્માથી [ आत्मानं ] પોતાના આત્માને [ पश्यति जानाति अनुचरति ] દેખે છે, જાણે છે અને આચરે છે, [ सः एव ] તે જ અભેદનયથી [ दर्शनं ज्ञान चारित्रं ] દર્શનજ્ઞાનચારિત્ર ત્રયરૂપ જીવ જ અર્થાત્ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ત્રયરૂપ નિશ્ચયરત્નત્રય પરિણત જીવ [ मोक्षस्य कारणं ] એક જ મોક્ષનું કારણ છે.

**ભાવાર્થઃ**—જે આત્માથી નિજ આત્માને મોક્ષના કારણરૂપે દેખે છે નિર્વિકલ્પ સ્વરૂપે અવલોકે છે અને તત્ત્વાર્થશ્રદ્ધાનની અપેક્ષાએ [1]ચલ, મલિન અને અગાઢ

---

૧ જુઓ ગુજરાતી પંચાસ્તિકાય ગાથા ૧૫૯ થી ૧૭૨ ફૂટનોટ સહિત.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानचारित्रत्रयं [1]भवतीति मोक्खहं कारणु निश्चयेन मोक्षस्य कारणं एक एव सो जि स एव निश्चयरत्नत्रयपरिणतो जीव इति । तथाहि । यः कर्ता निजात्मानं मोक्षस्य कारणभूतेन आत्मना कृत्वा पश्यति निर्विकल्परूपेणावलोकयति । अथवा तत्त्वार्थश्रद्धानापेक्षया चलमलिनागाढपरिहारेण शुद्धात्मैवोपादेय इति रुचिरूपेण निश्चिनोति न केवलं निश्चिनोति वीतरागस्वसंवेदनलक्षणाभेदज्ञानेन जानाति परिच्छिनत्ति । न केवलं परिच्छिनत्ति । अनुचरति रागादिसमस्तविकल्पत्यागेन तत्रैव निजस्वरूपे स्थिरीभवतीति स निश्चयरत्नत्रयपरिणतः पुरुष एव निश्चयमोक्षमार्गो भवतीति । अत्राह प्रभाकरभट्टः । तत्त्वार्थश्रद्धानरुचिरूपं सम्यग्दर्शनं मोक्षमार्गो भवति नास्ति दोषः, पश्यति निर्विकल्परूपेणावलोकयति इत्येवं यदुक्तं तत्सत्तावलोकदर्शनं कथं मोक्षमार्गो भवति यदि भवति चेत्तर्हि तत्सत्तावलोकदर्शनमभव्यानामपि विद्यते तेषामपि मोक्षो [2]भवति स चागमविरोधः इति । परिहारमाह । तेषां निर्विकल्पसत्तावलोकदर्शनं

---

દોષોને તજીને 'એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપે નિર્ણય કરે છે, માત્ર નિશ્ચય કરે છે એટલું જ નહિ પણ વીતરાગસ્વસંવેદન જેનું લક્ષણ છે એવા અભેદજ્ઞાનથી જાણે છે-પરિચ્છેદન કરે છે, માત્ર પરિચ્છેદન કરે છે એટલું જ નહિ પણ રાગાદિ સમસ્ત વિકલ્પોનો ત્યાગ કરીને અનુચરે છે—ત્યાંજ—નિજસ્વરૂપમાં જ—સ્થિર થાય છે તે નિશ્ચયરત્નત્રયપરિણત પુરુષ જ નિશ્ચયમોક્ષમાર્ગ છે.

એવું કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે—હે પ્રભુ! તત્ત્વાર્થશ્રદ્ધાનરુચિરૂપ સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ છે, એમાં તો દોષ નથી. ( એ તો બરાબર છે. ) પણ 'દેખે છે-નિર્વિકલ્પરૂપે અવલોકે છે તે દર્શન' એ પ્રમાણે આપે જે કહ્યું તે સત્તાવલોકનરૂપ દર્શન કેવી રીતે મોક્ષનું કારણ થાય? જો આપ કહેશો કે તેવું દેખવારૂપ દર્શન મોક્ષનું કારણ થાય તો તે સત્તાવલોકનદર્શન અભવ્યોને પણ વર્તે છે, તો તેમનો પણ મોક્ષ થાય. પણ અભવ્યનો મોક્ષ થાય તો આગમનો વિરોધ આવે છે.

**તેનો પરિહાર:**—અભવ્યોને નિર્વિકલ્પસત્તાવલોકનદર્શન બહારના વિષયમાં વર્તે છે, પણ અંતરંગ શુદ્ધાત્મતત્ત્વના વિષયમાં વર્તતું નથી ( અભવ્યોને જે દેખવારૂપ દર્શન છે તે બાહ્યપદાર્થોનું છે, અંતરંગ શુદ્ધાત્મતત્ત્વનું દર્શન તો અભવ્યોને હોતું નથી. ) તમે કહેશો કે કેમ? તો **તેનું સમાધાન:**—તે અભવ્યોને મિથ્યાત્વાદિ

---

૧ પાઠાન્તરઃ—**भवतीति=भवति**

૨ પાઠાન્તરઃ—**भवति=भवतु**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बहिर्विषये विद्यते न चाभ्यन्तरशुद्धात्मतत्त्वविषये । कस्मादिति चेत् । तेषामभव्यानां मिथ्यात्वादिसप्तप्रकृत्युपशमक्षयोपशमक्षयाभावात् शुद्धात्मोपादेय इति रुचिरूपं सम्यग्दर्शनमेव नास्ति चारित्रमोहोदयात् पुनर्वीतरागचारित्ररूपं निर्विकल्पशुद्धात्मसत्तावलोकनमपि न संभवतीति भावार्थः । निश्चयेनाभेदरत्नत्रयपरिणतो निजशुद्धात्मैव मोक्षमार्गो भवतीत्यस्मिन्नर्थे संवादगाथामाह—"रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियम्हि । तम्हा तत्तियमइओ होदि हु मोक्खस्स कारणं आदा ।।" ।। १३ ।।

अथ भेदरत्नत्रयात्मकं व्यवहारमोक्षमार्गं दर्शयति—

१४०) जं बोल्लइ ववहारु-णउ दंसणु णाणु चरित्तु ।
तं परियाणहि जीव तुहुँ जें परु होहि पवित्तु ।। १४ ।।

यद् ब्रूते व्यवहारनयः दर्शनं ज्ञानं चारित्रम् ।
तत् परिजानीहि जीव त्वं येन परः भवसि पवित्रः ।। १४ ।।

---

સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષયનો અભાવ હોવાથી 'એક શુદ્ધાત્મા જ ઉપાદેય છે' એવું રુચિરૂપ સમ્યગ્દર્શન જ હોતું નથી, અને ચારિત્રમોહના ઉદયથી વીતરાગચારિત્રરૂપ નિર્વિકલ્પ શુદ્ધાત્મસત્તાવલોકન પણ તેને સંભવતું નથી એવો ભાવાર્થ છે.

નિશ્ચયનયથી અભેદરત્નત્રય પરિણત નિજશુદ્ધાત્મા જ મોક્ષમાર્ગ છે એવા અર્થની સાથે મેળવાળી ગાથા ( દ્રવ્યસંગ્રહની ગાથા ૪૦ ) કહે છે કે—'**रयणत्तयं ण वट्टइ अप्पाणं मुइत्तु अण्णदवियम्हि । तम्हा तत्तियमइउ होदि हु मोक्खस्स कारणं आदा ।।**' ( **અર્થ**:—આત્મા સિવાય અન્ય દ્રવ્યમાં રત્નત્રય રહેતાં નથી તે કારણે રત્નત્રયમયી આત્મા જ ખરેખર મોક્ષનું કારણ છે. ) ૧૩.

હવે ભેદરત્નત્રયાત્મક વ્યવહારમોક્ષમાર્ગને દર્શાવે છેઃ—

## ગાથા–૧૪

**અન્વયાર્થ**:—[ यत दर्शनं ज्ञानं चारित्रं ] જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ ત્રણેયને [ व्यवहारनयः ] વ્યવહારનય [ ब्रूते ] કહે છે [ तत ] તે પૂર્વોક્ત ભેદરત્નત્રયસ્વરૂપને [ जीव ] હે જીવ! [ त्वं ] તું [ परिजानीहि ] સમસ્ત પ્રકારે જાણ–[ येन ] કે જે ભેદરત્નત્રયના પરિજ્ઞાનથી તું [ पवित्रः परः ] પવિત્ર–સર્વજનપૂજ્ય અને ઉત્કૃષ્ટ પરમાત્મા [ भवसि ] થઈશ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जं इत्यादि । जं यत् बोल्लइ ब्रूते । कोऽसौ कर्ता । ववहारणउ व्यवहारनयः । यत् किं ब्रूते । दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञानचारित्रत्रयं तं पूर्वोक्तं भेदरत्नत्रयस्वरूपं परियाणहि परि समन्तात् जानीहि । जीव तुहुं हे जीव त्वं कर्ता । जें येन भेदरत्नत्रयपरिज्ञानेन परु होहि परः उत्कृष्टो भवसि त्वम् । पुनरपि किंविशिष्टस्त्वम् । पवित्तु पवित्रः सर्वजनपूज्य इति । तद्यथा । हे जीव सम्यग्दर्शनज्ञानचारित्ररूपनिश्चयरत्नत्रयलक्षणनिश्चयमोक्षमार्गसाधकं व्यवहारमोक्षमार्गं जानीहि । त्वं येन ज्ञातेन कथंभूतो भविष्यसि । परंपरया पवित्रः परमात्मा भविष्यसि इति । व्यवहारनिश्चयमोक्षमार्गस्वरूपं कथ्यते । तद्यथा । वीतरागसर्वज्ञप्रणीतषड्द्रव्यादिसम्यक्श्रद्धानज्ञानव्रताद्यनुष्ठानरूपो व्यवहारमोक्षमार्गः निजशुद्धात्म सम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपो निश्चयमार्गः । अथवा साधको व्यवहारमोक्षमार्गः, साध्यो निश्चयमोक्षमार्गः । अत्राह शिष्यः । निश्चयमोक्षमार्गो निर्विकल्पः तत्काले सविकल्पमोक्षमार्गो नास्ति कथं साधको भवतीति । अत्र परिहारमाह । भूतनैगमनयेन परंपरया भवतीति । अथवा सविकल्पनिर्विकल्पभेदेन निश्चयमोक्षमार्गो द्विधा, तत्रानन्तज्ञानरूपोऽहमित्यादि सविकल्परूपसाधको भवति, निर्विकल्पसमाधिरूपो साध्यो भवतीति भावार्थः ॥ सविकल्पनिर्विकल्पनिश्चयमोक्षमार्गविषये संवाद-

---

**ભાવાર્થઃ**—હે જીવ ! તું સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિશ્ચયમોક્ષમાર્ગના સાધક એવા વ્યવહારમોક્ષમાર્ગને જાણ—કે જેને જાણવાથી તું પરંપરાએ પવિત્ર પરમાત્મા થઈશ.

વ્યવહારનિશ્ચયમોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. તે આ પ્રમાણે—વીતરાગસર્વજ્ઞપ્રણીત છ દ્રવ્યાદિનું સમ્યગ્ શ્રદ્ધાન, તેમનું સમ્યગ્જ્ઞાન અને વ્રતાદિનું અનુષ્ઠાનરૂપ વ્યવહારમોક્ષમાર્ગ છે, નિજ શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે; અથવા વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે; નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે.

આ કથન સાંભળીને અહીં શિષ્યે પ્રશ્ન કર્યો કે નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ છે, તે સમયે ( નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ વખતે તો ) સવિકલ્પ મોક્ષમાર્ગ તો હોતો નથી. તો પછી વ્યવહારમોક્ષમાર્ગ કેવી રીતે સાધક છે ? અહીં પ્રશ્નનો પરિહાર કરે છેઃ— ભૂતનૈગમનયથી પરંપરાએ ( સાધક ) છે. અથવા નિશ્ચયમોક્ષમાર્ગ સવિકલ્પ નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનો છે. ત્યાં ' હું અનંતજ્ઞાનરૂપ છું ' ઇત્યાદિ સવિકલ્પરૂપ સાધક છે, અને નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય છે એવો ભાવાર્થ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गाथामाह—" जं पुण सगयं तच्चं सवियप्पं होइ तह य अवियप्पं । सवियप्पं सासवयं णिरासवं विगयसंकप्पं । " ॥ १४ ॥ एवं पूर्वोक्तैकोनविंशतिसूत्रप्रमित-महास्थलमध्ये निश्चयव्यवहारमोक्षमार्गप्रतिपादनरूपेण सूत्रत्रयं गतम् । इदानीं चतुर्दशसूत्रपर्यन्तं व्यवहारमोक्षमार्गप्रथमावयवभूतव्यवहारसम्यक्त्वं मुख्यवृत्त्या प्रतिपादयति । तद्यथा—

**१४१) दव्वइँ जाणइ जहठियइँ तह जगि मण्णइ जो जि ।**
**अप्पहँ केरउ भावडउ अविचलु दंसणु सो जि ॥१५॥**

द्रव्याणि जानाति यथास्थितानि तथा जगति मन्यते य एव ।
आत्मनः सम्बन्धी भावः अविचलः दर्शनं स एव ॥ १५ ॥

दव्वइं इत्यादि । दव्वइं द्रव्याणि जाणइ जानाति । कथंभूतानि । जहठियइं यथास्थितानि वीतरागस्वसंवेदनलक्षणस्य निश्चयसम्यग्ज्ञानस्य परंपरया

---

સવિકલ્પ, નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગના વિષયમાં આ જ અર્થની સાક્ષીભૂત ( મેળવાળી ) ગાથા ( શ્રી દેવસેનકૃત શ્રી તત્ત્વસાર ગાથા ૫ ) માં પણ કહ્યું છે કે " जं पुण सगयं तच्चं सवियप्पं होइ तह य अवियप्पं । सवियप्पं सासवयं णिरासवं विगय संकप्पं ॥ " ( **અર્થઃ**—વળી જે આત્મતત્ત્વ છે તે પણ સવિકલ્પ અને નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનું છે. તેમાં જે સવિકલ્પ છે તે તો આસ્રવ સહિત છે અને જે નિર્વિકલ્પ છે તે આસ્રવ રહિત છે. ) ૧૪.

એ પ્રમાણે પૂર્વોક્ત ઓગણીસ સૂત્રોના મહાસ્થલમાં નિશ્ચયવ્યવહાર મોક્ષમાર્ગના પ્રતિપાદનરૂપે ત્રણ સૂત્રો સમાપ્ત થયાં.

હવે ચૌદ સૂત્રો સુધી વ્યવહારમોક્ષમાર્ગના પ્રથમ અંગભૂત વ્યવહારસમ્યક્ત્વની મુખ્યતાથી કથન કરે છે તે આ પ્રમાણેઃ—

## ગાથા–૧૫

**અન્વયાર્થઃ**—[ यः एव ] જે [ द्रव्याणि ] દ્રવ્યોને આ જગતમાં [ यथास्थितानि ] યથાસ્થિત ( જેમ છે તેમ, જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે ) [ जानाति ] જાણે છે, [ तथा ] તેવી જ રીતે [ मन्यते ] માને છે [ सः एव आत्मनः संबंधी अविचलः भावः ] તે જ આત્માનો અવિચલ ભાવ- તે જ પૂર્વોક્ત જીવભાવ–[ दर्शनं ] સમ્યગ્દર્શન છે.

**ભાવાર્થઃ**—દ્રવ્યોને જાણે છે–વીતરાગ સ્વસંવેદન જેનું સ્વરૂપ છે એવા નિશ્ચય સમ્યગ્જ્ઞાનના પરંપરાએ કારણભૂત પરમાગમના જ્ઞાનથી આ જગતમાં યથાસ્થિત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कारणभूतेन परमागमज्ञानेन परिच्छिनत्तीति । न केवलं परिच्छिनत्ति तह तथैव जगि इह जगति मण्णइ मन्यते निजात्मद्रव्यमेवोपादेयमिति रुचिरूपं यन्निश्चयसम्यक्त्वं तस्य परंपरया कारणभूतेन—"मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट् । अष्टौ शङ्कादयश्चेति दृग्दोषाः पञ्चविंशतिः" इति श्लोककथितपञ्चविंशतिसम्यक्त्वमलत्यागेन श्रद्धातीति । एवं द्रव्याणि जानाति श्रद्धाति । कोऽसौ । अप्पहं केरउ भावडउ आत्मनः संबन्धिभावः परिणामः । किंविशिष्टो भावः । अविचलु अविचलोऽपि चलमलिनागाढदोषरहितः दंसणु दर्शनं सम्यक्त्वं भवतीति । क एव । सो जि स एव पूर्वोक्तो जीवभाव इति । अयमत्र भावार्थः । इदमेव सम्यक्त्वं चिन्तामणिरिदमेव कल्पवृक्ष इदमेव कामधेनुरिति मत्वा भोगाकांक्षास्वरूपादिसमस्तविकल्पजालं वर्जनीयमिति । तथा चोक्तम्—

---

દ્રવ્યોનું પરિચ્છેદન કરે છે, માત્ર પરિચ્છેદન કરે છે એટલું જ નહિ પણ, 'નિજઆત્મદ્રવ્ય જ ઉપાદેય છે' એવી રુચિરૂપ જે નિશ્ચયસમ્યક્ત્વ છે તેની પરંપરાએ કારણભૂત એવા "मूढत्रयं मदाश्चाष्टौ तथानायतनानि षट् । अष्टौ शङ्कादयश्चेति दृग्दोषा पंचविंशतिः" ( શ્રી સોમદેવ યશતિલક પૃષ્ઠ ૧૨૪ ) ( **અર્થ:**—[૧]ત્રણ મૂઢતા, [૨]આઠ મદ, [૩]છ અનાયતન, [૪]આઠ શંકાદિ અંગો—એ પ્રમાણે સમ્યગ્દર્શનના પચ્ચીશ દોષ છે. ) એમ શ્લોકમાં કહ્યા પ્રમાણે સમ્યક્ત્વના પચીશ મલના ત્યાગ વડે દ્રવ્યોની શ્રદ્ધા કરે છે. આ રીતે દ્રવ્યોને આત્માનો અવિચલ ચલ, મલ, અગાઢ દોષ રહિત પરિણામ—પૂર્વોક્ત જીવભાવ—જાણે છે, શ્રદ્ધે છે તે સમ્યક્ત્વ છે.

અહીં આ ભાવાર્થ છે કે આ જ સમ્યક્ત્વ ચિંતામણિ છે, આ જ કલ્પવૃક્ષ છે, આ જ કામધેનુ છે એમ જાણીને ભોગ, આકાંક્ષા સ્વરૂપથી માંડીને સમસ્ત વિકલ્પ જાલને છોડવા યોગ્ય છે. કહ્યું પણ છે કે—"हस्ते चिंतामणिर्यस्य गृहे यस्य सुरद्रुमः । कामधेनुर्धने यस्य तस्य का प्रार्थना परा ॥" ( **અર્થ:**—જેના હાથમાં ચિંતામણિરત્ન છે, જેને ઘેર કલ્પવૃક્ષ છે, જેના ધનમાં કામધેનુ છે તેને અન્ય પ્રાર્થના કરવાની શી જરૂર છે ? ) ૧૫

---

૧. ત્રણ મૂઢતા—દેવમૂઢતા, ગુરુમૂઢતા, ધર્મમૂઢતા.

૨. આઠ મદ—જાતિમદ, કુલમદ, ધનમદ, રૂપમદ, તપમદ, બલમદ, વિદ્યામદ, રાજમદ.

૩. છ અનાયતન—કુદેવ, કુગુરુ અને કુધર્મની અને એ ત્રણેના આરાધકોની પ્રશંસા.

૪. આઠ અંગો—શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢતા, પરદોષ—કથન, અસ્થિરકરણ, સાધર્મીઓ પ્રત્યે પ્રેમ ન રાખવો, અપ્રભાવના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"हस्ते चिन्तामणिर्यस्य गृहे यस्यसुरद्रुमः। कामधेनुर्धने यस्य तस्य का प्रार्थना परा ॥" ॥ १५ ॥

अथ यै षड्द्रव्यैः सम्यक्त्वविषयभूतैस्त्रिभुवनं भृतं तिष्ठति तानीदृक् जानीहीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं कथयति—

१४२) दव्वइँ जाणहि ताइँ छह तिहुयणु भरियउ जेहिँ।
आइ-विणास-विवज्जियहिँ णाणिहि पभणियएहिँ ॥१६॥

द्रव्याणि जानीहि तानि षट् त्रिभुवनं भृतं यैः।
आदिविनाशविवर्जितैः ज्ञानिभिः प्रभणितैः ॥ १६ ॥

दव्वइं इत्यादि। दव्वइं द्रव्याणि जाणहि त्वं हे प्रभाकरभट्ट ताइं तानि परमागमप्रसिद्धानि। कतिसंख्योपेतानि छह षडेव। यैः द्रव्यैः किं कृतम्। तिहुयणु भरियउ त्रिभुवनं भृतम्। जेहिं यैः कर्तृभूतैः। पुनरपि किंविशिष्टैः। आइविणासविवज्जयहिं द्रव्यार्थिकनयेनादिविनाशविवर्जितैः। पुनरपि कथंभूतैः। णाणिहि पभणियएहिं ज्ञानिभिः प्रभणितैः कथितैश्चेति। अयमत्राभिप्रायः। एतै, षड्भिर्द्रव्यैर्निष्पन्नोऽयं लोको न चान्यः कोऽपि लोकस्य हर्ता कर्ता रक्षको वास्तीति। किं च। यद्यपि षड्द्रव्याणि व्यवहारसम्यक्त्वविषयभूतानि

---

હવે સમ્યક્ત્વના વિષયભૂત જે છ દ્રવ્યો ત્રણ જગતમાં ભર્યાં પડ્યાં છે તેમને એવા જ ( એવા જ સ્વરૂપે ) જાણો, એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથા-સૂત્ર કહે છેઃ—

### ગાથા—૧૬

**અન્વયાર્થઃ**—હે પ્રભાકરભટ્ટ! તું [ तानि षड्द्रव्याणि ] તે આગમપ્રસિદ્ધ છ દ્રવ્યોને [ जानीहि ] જાણ–[ यैः ] કે જે છ દ્રવ્યો [ त्रिभुवनं भृतं ] આ ત્રણ લોકમાં ભર્યાં પડ્યાં છે અને જે છ દ્રવ્યોને [ ज्ञानिभिः ] જ્ઞાનીઓએ દ્રવ્યાર્થિકનયથી [ आदिविनाशविवर्जितैः ] આદિ-અંત રહિત [ प्रभणितैः ] કહ્યાં છે.

**ભાવાર્થઃ**—આ લોક આ છ દ્રવ્યોથી બનેલો છે, પણ બીજો કોઈ લોકનો કર્તા, હર્તા કે રક્ષક નથી.

વળી વ્યવહારસમ્યક્ત્વના વિષયભૂત છ દ્રવ્યો છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધાત્માની અનુભૂતિરૂપ વીતરાગ સમ્યક્ત્વનો વિષય તો નિત્યાનંદ જેનો એક સ્વભાવ છે એવો નિજશુદ્ધાત્મ જ છે. ૧૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवन्ति तथापि शुद्धनिश्चयेन शुद्धात्मानुभूति रूपस्य वीतरागसम्यक्त्वस्य नित्यानन्दैकस्वभावो निजशुद्धात्मैव विषयो भवतीति ॥ १६ ॥

अथ तेषामेव षड्द्रव्याणां संज्ञां कथयति चेतनाचेतनविभागं च कथयति—

१४३) जीउ सचेयणु दव्वु मुणि पंच अचेयण अण्ण ।
पोग्गलु धम्माहम्मु णहु कालेँ सहिया भिण्ण ॥१७॥

जीवः सचेतनं द्रव्यं मन्यस्व पञ्च अचेतनानि अन्यानि ।
पुद्गलः धर्माधर्मौ नभः कालेन सहितानि भिन्नानि ॥ १७ ॥

जीउ इत्यादि । जीउ सचेयणु दव्वु चिदानन्दैकस्वभावो जीवश्चेतनाद्रव्यं भवति । मुणि मन्यस्व जानीहि त्वम् । पंच अचेयणु पञ्चाचेतनानि अण्ण जीवादन्यानि । तानि कानि । पोग्गलु धम्माहम्मु णहु पुद्गलधर्माधर्मनभांसि कथंभूतानि तानि कालें सहिया कालद्रव्येण सहितानि । पुनरपि कथंभूतानि । भिण्ण स्वकीयस्वकीयलक्षणेन परस्परं भिन्नानि इति । तथाहि । द्विधा सम्यक्त्वं भण्यते सरागवीतरागभेदेन । सरागसम्यक्त्वलक्षणं कथ्यते । प्रशमसंवेगा-

---

હવે તે છ દ્રવ્યોનાં નામ કહે છે અને તેમને ચેતન અને અચેતન એવો વિભાગ કહે છે.—

## ગાથા—૧૭

**અન્વયાર્થ:**—[ जीवः ] જીવ [ सचेतनद्रव्यं ] ચેતનદ્રવ્ય છે અને [ अन्यानि ] જીવદ્રવ્યથી અન્ય છે અને [ भिन्नानि ] પોતપોતાનાં લક્ષણથી પરસ્પર જુદાં છે, એવાં [ पुद्गलः धर्माधर्मौ नभः कालेन सहितानि पंच ] પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ-સહિત પાંચ દ્રવ્યો [ अचेतनानि ] અચેતન છે [ मन्यस्व ] એમ તું જાણ.

**ભાવાર્થ:**—ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવો જીવ ચેતનદ્રવ્ય છે અને જે જીવદ્રવ્યથી અન્ય છે અને પોતપોતાનાં લક્ષણથી પરસ્પર જુદાં છે એવા પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલસહિત પાંચદ્રવ્યો અચેતન છે એમ તું જાણ.

સમ્યક્ત્વ બે પ્રકારનું છે, એક સરાગ સમ્યક્ત્વ, બીજું વીતરાગ સમ્યક્ત્વ.

સરાગ સમ્યક્ત્વનું સ્વરૂપ કહેવામાં આવે છે. પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિ લક્ષણવાળું સરાગ સમ્યક્ત્વ છે, તે જ વ્યવહાર સમ્યક્ત્વ છે. તેનાં વિષયભૂત છ દ્રવ્યો છે, વીતરાગ ચારિત્રની સાથે અવિનાભાવી, નિજશુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ વીતરાગસમ્યક્ત્વ છે તે જ નિશ્ચયસમ્યક્ત્વ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं सरागसम्यक्त्वं भण्यते, तदेव व्यवहारसम्यक्त्वमिति तस्य विषयभूतानि षड्द्रव्याणीति । वीतरागसम्यक्त्वं निजशुद्धात्मानुभूतिलक्षणं वीतरागचारित्राविनाभूतं तदेव निश्चयसम्यक्त्वमिति । अत्राह प्रभाकरभट्टः । निजशुद्धात्मैवोपादेय इति रुचिरूपं निश्चयसम्यक्त्वं भवतीति बहुधा व्याख्यातं पूर्वं भवद्भिः, इदानीं पुनः वीतरागचारित्राविनाभूतं निश्चयसम्यक्त्वं व्याख्यातमिति पूर्वापरविरोधः कस्मादिति चेत् । निजशुद्धात्मैवोपादेय इति रुचिरूपं निश्चयसम्यक्त्वं गृहस्थावस्थायां तिर्थंकरपरमदेवभरतसगररामपाण्डवादीनां विद्यते, न च तेषां वीतरागचारित्रमस्तीति परस्परविरोधः, अस्ति चेत्तर्हि तेषामसंयतत्वं कथमिति पूर्वपक्षः । तत्र परिहारमाह । तेषां शुद्धात्मोपादेयभावनारूपं निश्चयसम्यक्त्वं विद्यते परं किंतु चारित्रमोहोदयेन स्थिरता नास्ति व्रतप्रतिज्ञाभङ्गो भवतीति तेन कारणेनासंयता वा भण्यन्ते । शुद्धात्मभावनाच्युताः सन्तः भरतादयो निर्दोषिपरमात्मनामर्हत्सिद्धानां गुणस्तववस्तुस्तवरूपं स्तवनादिकं कुर्वन्ति तच्चरितपुराणादिकं च समाकर्णयन्ति तदाराधकपुरुषाणामाचार्योपाध्यायसाधूनां विषयकषाय-

---

આ કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે હે પ્રભુ! 'એક નિજશુદ્ધ આત્મા જ ઉપાદેય છે' એવી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ છે' એમ આપે પૂર્વે અનેકવાર કહ્યું છે અને અહીં આપ વીતરાગચારિત્રની સાથે અવિનાભૂત નિશ્ચયસમ્યક્ત્વ હોય છે એમ આપે કહ્યું, તો તેમાં પૂર્વાપર વિરોધ આવે છે. તો કેવી રીતે વિરોધ આવે છે એમ કહો તો તેનું કારણ આ છે કે નિજશુદ્ધ આત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વ ગૃહસ્થાવસ્થામાં તીર્થંકર પરમદેવ, ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી, રામ, પાંડવ આદિ મહાપુરુષોને હોય છે પણ તેમને વીતરાગચરિત્ર હોતું નથી, તો એ પ્રમાણે પરસ્પર વિરોધ આવે છે. જો આપ કહો કે તેમને વીતરાગ ચારિત્ર હોય છે તો તેમને અસંયતપણું કહ્યું છે તે કેવી રીતે ઘટી શકે?

તેનો પરિહાર કહે છે-તે મહાપુરુષોને 'શુદ્ધ આત્મા ઉપાદેય છે' એવી ભાવનારૂપ નિશ્ચયસમ્યક્ત્વ હોય છે, પણ ચારિત્રમોહના ઉદયથી સ્થિરતા હોતી નથી, વ્રતપ્રતિજ્ઞાનો ભંગ થાય છે, તે કારણે તેમને અસંયત કહ્યા છે.

શુદ્ધ આત્માની ભાવનાથી ચ્યુત થતા થકા (જ્યારે શુદ્ધ આત્માની ભાવના રહેતી નથી ત્યારે) ભરતાદિ અર્હંત સિદ્ધ એવા નિર્દોષ પરમાત્માના ગુણસ્તવન, વસ્તુસ્તવનરૂપ સ્તવનાદિ કરે છે અને તેમનાં ચરિત્ર તથા પુરાણાદિક સાંભળે છે. તેમના આરાધક પુરુષો એવા આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓને વિષયકષાયના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दुर्ध्यानवञ्चनार्थं संसारस्थितिच्छेदनार्थं च दानपूजादिकं कुर्वन्ति तेन कारणेन शुभरागयोगात् सरागसम्यग्दृष्टयो भवन्ति । या पुनस्तेषां सम्यक्त्वस्य निश्चय-सम्यक्त्वसंज्ञा वीतरागचारित्राविनाभूतस्य निश्चयसम्यक्त्वस्य परंपरया साधकत्वा-दिति । वस्तुवृत्त्या तु तत्सम्यक्त्वं सरागम्यक्त्वाख्यं व्यवहारसम्यक्त्वमेवेति भावार्थः ॥ १७ ॥

अथानन्तरं सूत्रचतुष्टयेन जीवादिषड्द्रव्याणां क्रमेण प्रत्येकं लक्षणं कथ्यते—

१४४) मुत्ति-विहूणउ णाणमउ परमाणंद-सहाउ ।
णियमिं जोइय अप्पु मुणि णिच्चु णिरंजणु भाउ ॥१८॥

मूर्तिविहीनः ज्ञानमयः परमानन्दस्वभावः ।
नियमेन योगिन् आत्मानं मन्यस्व नित्यं निरञ्जनं भावम् ॥ १८ ॥

मुत्तिविहूणउ इत्यादि । मुत्तिविहूणउ अमूर्तः शुद्धात्मनो विलक्षणया स्पर्शरसगन्धवर्णवत्या मूर्त्या विहीनत्वात् मूर्तिविहीनः णाणमउ क्रमकरणव्य-वधानरहितेन लोकालोकप्रकाशकेन केवलज्ञानेन निर्वृत्तत्वात् ज्ञानमयः । परमाणंद

---

દુર્ધ્યાનના વંચના અર્થે સંસારસ્થિતિના છેદન અર્થે દાનપૂજાદિક કરે છે તે કારણે શુભરાગના સંબંધથી તેઓ સરાગસમ્યગ્દષ્ટિ છે.

વળી તેમના ( સરાગ ) સમ્યક્ત્વને નિશ્ચયસમ્યક્ત્વનું નામ પણ ઘટી શકે છે કારણ કે તે વીતરાગચારિત્રની સાથે અવિનાભૂત નિશ્ચયસમ્યક્ત્વનું પરંપરાએ સાધક છે. વસ્તુતાએ ( વાસ્તવિકપણે ) તો સરાગસમ્યક્ત્વથી કહેવામાં આવતું તે સમ્યક્ત્વ વ્યવહારસમ્યક્ત્વ જ છે એવો ભાવાર્થ છે. ૧૭.

ત્યાર પછી ચાર દોહકસૂત્રોથી જીવાદિ છ દ્રવ્યોમાંના દરેકના ક્રમથી લક્ષણ કહે છેઃ—

## ગાથા–૧૮

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી ! તું [ नियमेन ] શુદ્ધ નિશ્ચયનયથી [ आत्मानं ] આત્માને [ मूर्तिविहीनः ] મૂર્તિ વગરનો, [ ज्ञानमयः ] જ્ઞાનમય, [ परमानंद-स्वभावः ] પરમાનંદસ્વભાવવાળો, [ नित्यं ] નિત્ય, [ निरंजनं ] નિરંજન [ भाव ] અને વિશિષ્ટ પદાર્થરૂપ [ मन्यस्व ] જાણ.

**ભાવાર્થ**—હે યોગી ! તું શુદ્ધનિશ્ચયનયથી આત્માને આવો જાણ કે તે અમૂર્ત શુદ્ધ આત્માથી વિલક્ષણ સ્પર્શ–રસ–ગંધ–વર્ણવાળી મૂર્તિથી રહિત હોવાથી મૂર્તિ રહિત છે, ક્રમ, કરણ અને વ્યવધાનથી રહિત લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાનથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सहाउ वीतरागपरमानन्दैकरूपसुखामृतरसास्वादेन समरसीभावपरिणतस्वरूपत्वात् परमानन्दस्वभावः । णियमिं शुद्धनिश्चयेन । जोइय हे योगिन् । अप्पु तमित्थंभूतमात्मानं मुणि मन्यस्व जानीहि त्वम् । पुनरपि किंविशिष्टं जानीहि । णिच्चु शुद्धद्रव्यार्थिकनयेन टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावत्वान्नित्यम् । पुनरपि किंविशिष्टम् । णिरंजणु मिथ्यात्वरागादिरूपाञ्जनरहितत्वान्निरञ्जनम् । पुनश्च कथंभूतमात्मानं जानीहि । भाउ भावं विशिष्टपदार्थम् इति । अत्रैवंगुणविशिष्टः शुद्धात्मैवोपादेय अन्यद्धेयमिति तात्पर्यार्थः ॥ १८ ॥

अथ—

१४५) पुग्गलु छव्विहु मुत्तु वढ इयर अमुत्त वियाणि ।
धम्माधम्मु वि गयठियहँ कारणु पभणहिँ णाणि ॥१९॥

पुद्गलः षड्विधः मूर्तः वत्स इतराणि अमूर्तानि विजानीहि ।
धर्माधर्ममपि गतिस्थित्योः कारणं प्रभणन्ति ज्ञानिनः ॥ १९ ॥

पुग्गलु इत्यादि पुग्गलु पुद्गलद्रव्यं छव्विहु षड्विधम् । तदा चोक्तम्— " पुढवी जलं च छाया चउरिंदियविसय कम्मपाउग्गा । कम्मतीदा एवं छब्भेया

---

રચાયેલ હોવાથી જ્ઞાનમય છે, વીતરાગપરમાનંદ જ જેનું એક રૂપ છે એવા સુખામૃતના રસાસ્વાદથી જેનું સ્વરૂપ સમરસીભાવમાં પરિણમ્યું હોવાથી પરમાનંદસ્વભાવવાળો છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયથી એક ( કેવલ ) ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવવાળો હોવાથી નિત્ય છે, મિથ્યાત્વ રાગાદિ અંજન રહિત હોવાથી નિરંજન છે અને એક વિશિષ્ટ પદાર્થ છે.

અહીં આવા ગુણવાળો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, બાકીનું બધુંય હેય છે એવો તાત્પર્યાર્થ છે. ૧૮.

હવે ફરી કહે છે:—

## ગાથા–૧૯

**અન્વયાર્થ**:—[ पुद्गलः षड्विधः ] પુદ્ગલદ્રવ્ય છ પ્રકારનું છે અને [ मूर्तः ] મૂર્તિક છે, [ इतराणि ] બાકીના પાંચ દ્રવ્યો [ अमूर्तानि ] અમૂર્ત છે એમ [ वत्स ] વત્સ! તું [ विजानीहि ] જાણ. [ धर्माधर्म अपि गतिस्थित्योः कारणं ] ધર્મદ્રવ્ય ગતિનું અને અધર્મદ્રવ્ય સ્થિતિનું ( ઉદાસીન ) કારણ છે [ ज्ञानिनः ] એમ જ્ઞાનીઓ [ प्रभणन्ति ] કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुग्गला होंति ॥" एवं तत्कथं भवति मुत्तु स्पर्शरसगन्धवर्णवती मूर्तिरिति वचनान्मूर्तम् । वढ वत्स पुत्र । इयर इतराणि पुद्गलात् शेषद्रव्याणि अमुत्तु स्पर्शाद्यभावादमूर्तानि वियाणि विजानीहि त्वम् । धम्माधम्मु वि धर्माधर्मद्वयमपि गइठियहं गतिस्थित्योः कारणु कारणं निमित्तं पभणहिं प्रभणन्ति कथयन्ति । के कथयन्ति । णाणि वीतरागस्वसंवेदनज्ञानिनः इति । अत्र द्रष्टव्यम् । यद्यपि वज्रवृषभनाराचसंहननरूपेण पुद्गलद्रव्यं मुक्तिगमनकाले सहकारिकारणं भवति तथापि धर्मद्रव्यं च गतिसहकारिकारणं भवति, अधर्मद्रव्यं च लोकाग्रे स्थितस्य स्थितिसहकारिकारणं भवति । यद्यपि मुक्तात्मप्रदेशमध्ये परस्परैकक्षेत्रावगाहेन तिष्ठन्ति तथापि निश्चयेन विशुद्धज्ञानदर्शनस्वभावपरमात्मानः सकाशाद्भिन्नस्वरूपेण मुक्तौ तिष्ठन्ति । तथात्र संसारे चेतनाकारणानि हेयानीति भावार्थः ॥ १९ ॥

---

**ભાવાર્થ:**—પુદ્ગલદ્રવ્ય છ પ્રકારનું છે. પુદ્ગલદ્રવ્યના છ ભેદ ( શ્રી પંચાસ્તિકાય ગાથા ૭૬–૧માં ) પણ કહ્યું છે કે " **पुढवी जलं च छाया चउरिंदिय विषय कम्मपाउग्गा । कम्मातीदा एवं छब्भेया पुग्गला होंति ॥** " ( **અર્થ:**—પૃથ્વી, જલ, છાયા, નેત્ર સિવાયના ચાર ઇન્દ્રિયના વિષયો, કર્મવર્ગણા તથા પરમાણુ એમ છ વસ્તુઓથી પુદ્ગલના છ ભેદ સમજી લેવા જોઇએ. ( અર્થાત્ બાદરબાદર, બાદરસૂક્ષ્મ, સૂક્ષ્મબાદર, સૂક્ષ્મ અને સૂક્ષ્મસૂક્ષ્મ એમ છ પ્રકારના પુદ્ગલ છે ) એ પ્રમાણે તે કઈ રીતે છે ?

'જે સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું હોય તે મૂર્ત છે ' એ આગમના વચનાનુસારે તે મૂર્ત છે; પુદ્ગલ સિવાયના બાકીના પાંચ દ્રવ્યો સ્પર્શાદિનો અભાવ હોવાથી અમૂર્ત છે એમ હે વત્સ ! તું જાણ. ધર્મદ્રવ્ય ગતિનું અને અધર્મદ્રવ્ય સ્થિતિનું ( ઉદાસીન ) કારણ છે એમ વીતરાગસ્વસંવેદનવાળા જ્ઞાનીઓ કહે છે.

અહીં એ વાત દેખવાની છે કે વજ્રવૃષભનારાચસંહનનરૂપે પુદ્ગલદ્રવ્ય મુક્તિગમનકાલે સહકારીકારણ છે, તોપણ ધર્મદ્રવ્ય પણ ગતિમાં સહકારી કારણ છે, અધર્મદ્રવ્ય પણ લોકાગ્રે સ્થિત થતા સિદ્ધને સ્થિતિમાં સહકારી કારણ છે.

જો કે આ બધા દ્રવ્યો મુક્તાત્માના પ્રદેશમાં એકક્ષેત્રાવગાહે રહે છે તોપણ નિશ્ચયથી વિશુદ્ધ જ્ઞાન, વિશુદ્ધ દર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્માથી તેઓ ભિન્ન ભિન્ન સ્વરૂપે મુક્તિમાં રહે છે;

તથા આ સંસારમાં ચેતનનાં કારણો ( નિમિત્ત કારણો ) હોય છે એવો ભાવાર્થ છે. ૧૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ—

१४६) दव्वुइँ सयलइँ वरि ठियइँ णियमेँ जासु वसंति ।
तं णहु दव्वु वियाणि तुहुं जिणवर एउ भणंति ॥२०॥

द्रव्याणि सकलानि उदरे स्थितानि नियमेन यस्य वसन्ति ।
तत् नभः द्रव्यं विजानीहि त्वं जिनवरा एतद् भणन्ति ॥ २० ॥

दव्वइं द्रव्याणि । कतिसंख्योपेतानि । सयलइं समस्तानि उवरि उदरे ठियइं स्थितानि णियमें निश्चयेन जासु यस्य वसंति आधाराधेयभावेन तिष्ठन्ति तं तत् णहु दव्वु नभ आकाशद्रव्यं वियाणि विजानीहि तुहुं त्वं हे प्रभाकरभट्ट जिणवर जिनवराः वीतरागसर्वज्ञाः एउ भणंति एतद्भणन्ति कथयन्तीति । अयमत्र तात्पर्यार्थः । यद्यपि परस्परैकक्षेत्रावगाहेन तिष्ठत्याकाशं तथापि साक्षादुपादेयभूतादनन्तसुखस्वरूपात्परमात्मनः सकाशादत्यन्तभिन्नत्वाद्धेयमिति ॥२०॥

अथ—

१४७) कालु मुणिज्जहि दव्वु तुहुँ वट्टण-लक्खणु एउ ।
रयणहँ रासि विभिण्ण जिम तसु अणुयहँ तह भेउ ॥२१॥

---

હવે આકાશનું સ્વરૂપ કહે છેઃ—

ગાથા–૨૦

**અન્વયાર્થઃ**—[ यस्य उदरे ] જેની અંદર [ सकलानि द्रव्याणि ] સમસ્ત દ્રવ્યો [ स्थितानि ] સ્થિત છે, [ नियमेन ] નિશ્ચયથી [ वसन्ति ] આધાર–આધેય-ભાવથી રહે છે [ तत् ] તેને [ त्वं ] તું [ नभः द्रव्यः ] આકાશદ્રવ્ય [ विजानीहि ] જાણ. [ एतत् जिणवराः भणन्ति ] એમ હે પ્રભાકરભટ્ટ! જિનવર–વીતરાગ સર્વજ્ઞ-દેવ–કહે છે ( લોકાકાશ આધાર છે અને અન્ય બધા દ્રવ્યો આધેય છે. )

**ભાવાર્થઃ**—જો કે સર્વ દ્રવ્યો પરસ્પર એકક્ષેત્રાવગાહથી આકાશમાં રહે છે તોપણ તે ( આકાશ ) સાક્ષાત્ ઉપાદેયભૂત અનંતચતુષ્ટય સ્વરૂપ પરમાત્માથી અત્યંત ભિન્ન હોવાથી હેય છે. ૨૦.

હવે કાલદ્રવ્યનું વ્યાખ્યાન કરે છેઃ—

ગાથા–૨૧

**અન્વયાર્થઃ**—હે ભવ્ય! [ त्वं ] તું [ वर्तनालक्षणं ] વર્તનાલક્ષણવાળા દ્રવ્યને [ कालं द्रव्यं ] કાલ નામનું દ્રવ્ય [ विजानीहि ] જાણ [ एतत् ] આ કાલદ્રવ્યના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कालं मन्यस्व द्रव्यं त्वं वर्तनालक्षणं पतत् ।
रत्नानां राशिः विभिन्नः यथा तस्य अणूनां तथा भेदः ॥ २१ ॥

कालु इत्यादि । कालु कालं मुणिज्जहि मन्यस्व जानीहि । किं जानीहि । दव्वु कालसंज्ञं द्रव्यम् । कथंभूतम् । वट्टणलक्खणु वर्तनालक्षणं स्वयमेव परिणममाणानां द्रव्याणां बहिरङ्गसहकारिकारणम् । किंवदिति चेत् । कुम्भकारचक्रस्याधस्तनशिलावदिति । एउ एतत् प्रत्यक्षीभूतं तस्य कालद्रव्यस्यासंख्येयप्रमितस्य परस्परभेदविषये दृष्टान्तमाह । रयणहं रासि रत्नानां राशिः । कथंभूतः । विभिण्ण विभिन्नः विशेषेण स्वरूपव्यवधानेन भिन्नः जिम यथा तसु तस्य कालद्रव्यस्य अणुयहं अणूनां कालाणूनां तह तथा भेउ भेदः इति । अत्राह शिष्यः । समय एव निश्चयकालः, अन्यन्निश्चयकालसंज्ञं कालद्रव्यं नास्ति । अत्र परिहारमाह । समयस्तावत्पर्यायः । कस्मात् । विनश्वरत्वात् । तथा चोक्तं समयस्य विनश्वरत्वम्—"समओ उप्पण्णद्धंसी" इति । स च पर्यायो द्रव्यं विना न भवति । कस्य द्रव्यस्य भवतीति विचार्यते यदि

અસંખ્ય પ્રદેશો ભિન્ન ભિન્ન છે તે બાબતમાં દૃષ્ટાંત કહે છેઃ— [ **यथा** ] જેવી રીતે [ **रत्नानां राशिः** ] રત્નોની રાશિ [ **विभिन्नः** ] ભિન્ન ભિન્ન છે તેવી રીતે [ **तस्य अणुनां भेदः** ] કાલદ્રવ્યના અણુઓ પરસ્પર જુદા છે.

**ભાવાર્થ**:—હે ભવ્ય ! વર્તનાલક્ષણવાળું આ પ્રત્યક્ષ કાલ નામનું દ્રવ્ય તું જાણ. અર્થાત્ જેવી રીતે કુંભારના ચાકને તેને ફરવામાં નીચેના પથ્થરનું પડ બહિરંગ સહકારી કારણ છે તેવી રીતે સ્વમેવ પરિણમતાં દ્રવ્યોને તેના પરિણમનમાં કાલ દ્રવ્ય બહિરંગ સહકારી કારણ છે.

કાલદ્રવ્યના અસંખ્ય પ્રદેશોના પરસ્પર ભેદના વિષયમાં દૃષ્ટાંત કહે છે. જેવી રીતે રત્નોની રાશિ વિભિન્ન છે. બધા રત્નો પોતપોતાનાં વિશેષ સ્વરૂપવ્યવધાનથી ( સ્વરૂપની ભિન્નતાથી ) જુદાં જુદાં છે–તેવી રીતે કાલદ્રવ્યના અસંખ્ય જેટલા અણુઓ પરસ્પર જુદા છે.

**પ્રશ્ન**:—સમય જ નિશ્ચયકાલ છે, અન્ય નિશ્ચયકાલ નામનું દ્રવ્ય નથી.

**તેનો પરિહાર**:—સમય તો વિનશ્વર હોવાથી પર્યાય છે ( શ્રી પંચાસ્તિકાયમાં ) સમયનું વિનશ્વરપણું કહ્યું છે '**समओ उप्पणद्धंसी**' ( **અર્થ**:—સમય 'ઉત્પન્નધ્વંસી છે–સમય ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. )

વળી તે પર્યાય દ્રવ્ય વિના હોતો નથી. તો હવે સમય કયા દ્રવ્યનો પર્યાય છે તે વિચારીએ. જો સમય પુદ્ગલદ્રવ્યનો પર્યાય હોય તો પુદ્ગલપરમાણુપિંડથી બનેલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुद्गलद्रव्यस्य पर्यायो भवति तर्हि पुद्गलपरमाणुपिण्डनिष्पन्नघटादयो यथा मूर्ता भवन्ति तथा अणोरण्वन्तरव्यतिक्रमणाज्जातः समयः, चक्षुःसंपुटविघटनाज्जातो निमिषः, जलभाजनहस्तादिव्यापाराज्जाता घटिका, आदित्यबिम्बदर्शनाज्जातो दिवसः, इत्यादि कालपर्याया मूर्ता दृष्टिविषयाः प्राग्भवन्ति । कस्मात् । पुद्गलद्रव्योपादानकारणजातत्वाद् घटादिवत् इति । तथा चोक्तम् । उपादानकारणसदृशं कार्यं भवति मृत्पिण्डाद्युपादानकारणजनितघटादिवदेव न च तथा समयनिमिषघटिकादिवसादिकालपर्याया मूर्ता दृश्यन्ते । यैः पुनः पुद्गलपरमाणुमन्दगतिगमननयनपुटविघटनजलभाजनहस्तादिव्यापारदिनकरबिम्बगमनादिभिः पुद्गलपर्यायभूतैः क्रियाविशेषैः समयादिकालपर्यायाः परिच्छिद्यन्ते, ते चाणुव्यतिक्रमणादयः तेषामेव समयादिकालपर्यायाणां व्यक्तिनिमित्तत्वेन बहिरङ्गसहकारिकारणभूता एव ज्ञातव्या न चोपादानकारणभूता घटोत्पत्तौ कुम्भकारचक्रचीवरादिवत् । तस्माद् ज्ञायते तत्कालद्रव्यममूर्तमविनश्वरमस्तीति तस्य तत्पर्यायाः समयनिमिषादय इति । अत्रेदं तु कालद्रव्यं सर्वप्रकारोपादेयभूतात् शुद्धबुद्धैक-

---

ઘટાદિ જેવી રીતે મૂર્ત હોય છે તેવી રીતે એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી પરમાણુના ગમનથી ઉત્પન્ન થતો સમય, આંખના બીડવા–ઉઘડવાથી ઉત્પન્ન થતો નિમિષ, જલ-ભાજન અને હસ્તાદિ વ્યાપારથી ઉત્પન્ન થતી ઘડી, સૂર્યના બિંબના ઉદયથી ઉત્પન્ન થતો દિવસ ઇત્યાદિ કાલપર્યાયો મૂર્ત હોવા જોઈએ, અને મૂર્ત હોવાથી દૃષ્ટિના વિષય થવા જોઈએ, કારણ કે તેઓ પુદ્ગલદ્રવ્યના ઉપાદાન કારણથી ઉત્પન્ન થયેલા માન્યા છે. વળી કહ્યું છે કે–'उपादानकारणसदृशं कार्यं भवति' ઉપાદાન કારણના જેવું જ કાર્ય થાય છે. જેવી રીતે માટીના પિંડાદિ ઉપાદાન કારણ જેવું ઘટાદિ કાર્ય મૂર્ત થાય છે, પણ તે પ્રમાણે સમય, નિમિષ, ઘડી, દિવસ આદિ કાલપર્યાયો મૂર્ત જોવામાં આવતા નથી.

વળી પુદ્ગલપરમાણુનું મંદગતિથી ગમન, નયનપુટવિઘટન ( આંખનો પલકાર ), જલભાજન તથા હસ્તાદિનો વ્યાપાર, સૂર્યબિંબનું ગમન વગેરે પુદ્ગલપર્યાયભૂત ક્રિયા વિશેષોથી સમયાદિ કાલપર્યાયો જણાય છે તે પરમાણુના વ્યતિક્રમાદિ ક્રિયાવિશેષોને કાલના તે સમયાદિ પર્યાયોની જ પ્રગટતાના નિમિત્તપણે માત્ર બહિરંગ સહકારી કારણભૂત જ જાણવા, પણ જેવી રીતે ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, ચાકડો, ચીવરાદિ ઉપાદાનકારણ નથી તેવી રીતે તેમને ઉપાદાનકારણભૂત ન જાણવા. માટે જણાય છે કે તે કાલદ્રવ્ય અમૂર્ત અને અવિનશ્વર છે. સમય, નિમિષ, આદિ કાલદ્રવ્યના પર્યાયો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वाभावाज्जीवद्रव्याद्भिन्नत्वाद्धेयमिति तात्पर्यार्थः ॥ २१ ॥

अथजीवपुद्गलकालद्रव्याणि मुक्त्वा शेषधर्माधर्माकाशान्येकद्रव्याणीति निरूपयति—

१४८) जीउ वि पुग्गलु कालु जिय ए मेल्लेविणु दव्व ।
इयर अखंड वियाणि तुहुँ अप्प-पएसहिँ सव्व ॥२२॥

जीवोऽपि पुद्गलः कालः जीव एतानि मुक्त्वा द्रव्याणि ।
इतराणि अखण्डानि विजानीहि त्वं आत्मप्रदेशैः सर्वाणि ॥ २२ ॥

जीउ वि इत्यादि । जीउ वि जीवोऽपि पुग्गलु पुद्गलः कालु कालः जिय हे जीव ए मेल्लेविणु एतानि मुक्त्वा दव्व द्रव्याणि इयर इतराणि धर्माधर्माकाशानि अखंड अखण्डद्रव्याणि वियाणि विजानीहि तुहुं त्वं हे प्रभाकरभट्ट । कैः कृत्वाखण्डानि विजानीहि । अप्पपएसहिं आत्मप्रदेशैः । कतिसंख्योपेतानि सव्व सर्वाणि इति । तथाहि । जीवद्रव्याणि पृथक् पृथक् जीवद्रव्यगणनेनानन्तसंख्यानि पुद्गलद्रव्याणि तेभ्योऽप्यनन्तगुणानि भवन्ति ।

---

અહીં આ કાલદ્રવ્ય પણ સર્વપ્રકારે ઉપાદેયભૂત, શુદ્ધ, બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે એવા જીવદ્રવ્યથી ભિન્ન હોવાથી, હેય છે એવો તાત્પર્યાર્થ છે. ૨૧

હવે જીવ, પુદ્ગલ અને કાલ આ ત્રણ દ્રવ્યો સિવાયના બાકીના ધર્મ, અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યો એક એક છે એમ કહે છેઃ—

## ગાથા—૨૨

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ! હે પ્રભાકરભટ્ટ! [ त्वं ] તું [ जीवः पुद्गलः अपि कालः ] જીવ, પુદ્ગલ અને કાલ [ एतानि द्रव्याणि ] એ ત્રણ દ્રવ્યોને [ मुक्त्वा ] છોડીને [ इतराणि सर्वाणि ] બાકીનાં ધર્મ, અધર્મ અને આકાશ એ સર્વ ત્રણ દ્રવ્યોને [ आत्मप्रदेशैः ] પોતપોતાના પ્રદેશોથી [ अखंडानि ] અખંડ [ विजानीहि ] જાણ.

**ભાવાર્થ**:—જીવદ્રવ્યો પૃથક્ પૃથક્ જીવદ્રવ્યની સંખ્યાની ગણતરીથી અનંત છે, પુદ્ગલદ્રવ્યો તેનાથી પણ અનંતગુણા છે, ( કાલાણુ અસંખ્યાત છે ) અને ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને આકાશદ્રવ્ય એક એક છે.

અહીં એક જીવદ્રવ્ય જ ઉપાદેય છે. તેમાં પણ જો કે શુદ્ધનિશ્ચયનયથી શક્તિ–અપેક્ષાએ સર્વ જીવો ઉપાદેય છે તોપણ વ્યક્તિ–અપેક્ષાએ પાંચ પરમેષ્ઠી જ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



धर्माधर्माकाशानि पुनरेकद्रव्याण्येवेति । अत्र जीवद्रव्यमेवोपादेयं तत्रापि यद्यपि शुद्धनिश्चयेन शक्त्यपेक्षया सर्वे जीवा उपादेयास्तथापि व्यक्त्यपेक्षया पञ्च परमेष्ठिन एव, तेष्वपि मध्ये विशेषेणार्हत्सिद्धा एव तयोरपि मध्ये सिद्धा, एव, परमार्थेन तु मिथ्यात्वरागादिविभावपरिणामनिवृत्तिकाले स्वशुद्धात्मैवोपादेय इत्युपादेयपरंपरा ज्ञातव्येति भावार्थः ॥ २२ ॥

अथ जीवपुद्गलौ सक्रियौ धर्माधर्माकाशकालद्रव्याणि निःक्रियाणीति प्रतिपादयति—

**१४९) दव्व चयारि वि इयर जिय गमणागमण-विहीण ।**
**जीउ वि पुग्गलु परिहरिवि पभणहिँ णाण-पवीण ॥२३॥**

द्रव्याणि चत्वारि अपि इतराणि जीव गमनागमनविहीनानि ।
जीवमपि पुद्गलं परिहृत्य प्रभणन्ति ज्ञानप्रवीणाः ॥ २३ ॥

दव्व इत्यादि । दव्व द्रव्याणि । कतिसंख्योपेतानि एव । चयारि वि चत्वार्येव इयर जीवपुद्गलाभ्यामितराणि जिय हे जीव । कथंभूतान्येतानि ।

---

ઉપાદેય છે, તેમાં પણ વિશેષ કરીને અર્હન્ત અને સિદ્ધ ભગવંતો જ ઉપાદેય છે અને તે બન્નેમાં પણ સિદ્ધ ભગવંતો જ ઉપાદેય છે, પરમાર્થથી તો મિથ્યાત્વ, રાગાદિ વિભાવપરિણામોની નિવૃત્તિકાલે સ્વશુદ્ધાત્મા જ ઉપાદેય છે. એ પ્રમાણે ઉપાદેયની પરંપરા જાણવી એવો ભાવાર્થ છે. ૨૨.

હવે જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યો સક્રિય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ ચાર દ્રવ્યો નિઃક્રિય છે એમ કહે છેઃ—

### ગાથા–૨૩

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ! [ जीवं अपि पुद्गलं ] જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યને [ परिहृत्य ] છોડીને [ इतराणि चत्वारि एव द्रव्याणि ] જીવપુદ્ગલથી અન્ય ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ ચાર જ દ્રવ્યો [ गमना–गमन विहीनानि ] ગમના ગમન ( ચલન ક્રિયા ) રહિત છે–નિષ્ક્રિય છે–એમ [ ज्ञानप्रवीणाः ] જ્ઞાનપ્રવીણો ભેદાભેદરત્નત્રયારાધક વિવેકીઓ ( શ્રુત કેવલીઓ ) [ प्रभणन्ति ] કહે છે.

**ભાવાર્થઃ**—કર્મનોકર્મરૂપ પુદ્ગલો સંસાર અવસ્થામાં જીવોને ગતિમાં સહકારી કારણભૂત છે, અને કર્મનોકર્મના અભાવથી સિદ્ધો નિઃક્રિય છે. પુદ્ગલસ્કંધોને પણ ગતિનું બહિરંગ નિમિત્ત કાલાણુરૂપ કાલદ્રવ્ય છે. આથી શું કહેવાયું? આથી એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गमणागमणविहीण गमनागमनविहिनानि निःक्रियाणि चलनक्रियाविहीनानि । किं कृत्वा । जीउ वि पुग्गलु परिहरिवि जीवपुद्गलौ परिहृत्य पभणहिं एवं प्रभणन्ति कथयन्ति । के ते । णाण—पवीण भेदाभेदरत्नत्रयाराधका विवेकिन इत्यर्थः । तथाहि । जीवानां संसारावस्थायां गतेः सहकारिकारणभूताः कर्मनोकर्मपुद्गलाः कर्मनोकर्माभावात्सिद्धानां निःक्रियत्वं भवति पुद्गलस्कन्धानां तु कालाणुरूपं कालद्रव्यं गतेर्बहिरङ्गनिमित्तं भवति । अनेन किमुक्त भवति । अविभागिव्यवहारकालसमयोत्पत्तौ मन्दगतिपरिणतपुद्गलपरमाणुः घटोत्पत्तौ कुम्भकारवद्बहिरङ्गनिमित्तेन व्यञ्जको व्यक्तिकारको भवति । कालद्रव्यं तु मृत्पिण्डवदुपादानकारणं भवति । तस्य तु पुद्गलपरमाणोर्मन्दगतिगमनकाले यद्यपि धर्मद्रव्यं सहकारिकारणमस्ति तथापि कालाणुरूपं निश्चयकालद्रव्यं च सहकारिकारणं भवति । सहकारिकारणानि तु बहून्यपि भवन्ति मत्स्यानां धर्मद्रव्ये विद्यमानेऽपि जलवत्,

---

કહેવાયું કે જેવી રીતે ઘડાની ઉત્પત્તિમાં કુંભાર બહિરંગનિમિત્તથી વ્યંજક—વ્યક્તિકારક–છે તેવી રીતે વ્યવહારકાલરૂપ અવિભાગી સમયની ઉત્પત્તિમાં મંદગતિએ પરિણત પુદ્ગલપરમાણુ બહિરંગ નિમિત્તથી વ્યંજક—વ્યક્તિકારક છે જેમ (ઘટપર્યાયની ઉત્પત્તિમાં) માટીનો પિંડ ઉપાદાન કારણ છે તેમ ( સમય પર્યાયની ઉત્પત્તિમાં ) કાલદ્રવ્ય ઉપાદાન કારણ છે અને તે પુદ્ગલપરમાણુના મંદગતિથી ગમનકાલે જો કે ધર્મદ્રવ્ય પણ સહકારી કારણ છે તોપણ કાલાણુરૂપ નિશ્ચય કાલદ્રવ્ય પણ સહકારી કારણ છે.

( અત્રે કોઇ પ્રશ્ન કરે કે ગમનમાં ધર્મદ્રવ્ય સહકારી કારણ હોય છે, અને આપ કાલને શા માટે સહકારી કારણ કહો છો ? તેનું સમાધાન એ છે કે ) સહકારી કારણો અનેક હોય છે. મત્સ્યને ગમનમાં ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ, જલ સહકારી નિમિત્ત છે, ઘડાની ઉત્પત્તિમાં કુંભારનું બહિરંગ નિમિત્ત હોવા છતાં પણ, ચાકડો, ચીવરાદિ સહકારી નિમિત્ત છે. જીવોને ગમનમાં ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ, કર્મનોકર્મરૂપ પુદ્ગલો સહકારી કારણ છે અને પુદ્ગલોને ગતિનું કાલદ્રવ્ય સહકારી કારણ છે.

અહીં કોઇ પ્રશ્ન કરે કે ( ધર્મદ્રવ્યને તો ગતિનું નિમિત્ત બધી જગ્યાએ કહ્યું છે અને કાલદ્રવ્યને વર્તનાનું કારણ કહ્યું છે ) કાલદ્રવ્યને ગતિનું નિમિત્ત કઈ જગ્યાએ કહ્યું છે ?

**તેનું સમાધાનઃ**—પંચાસ્તિકાય પ્રાભૃતમાં શ્રીકુંદકુંદાચાર્યદેવે સક્રિય-નિઃક્રિય વ્યાખ્યાનકાલે ( ગાથા ૯૮માં ) કહ્યું છે કેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



घटोत्पत्तौ कुम्भकारबहिरङ्गनिमित्तेऽपि चक्रचीवरादिवत्, जीवानां धर्मद्रव्ये विद्यमानेऽपि कर्मनोकर्मपुद्गला गतेः सहकारिकारणं, पुद्गलानां तु कालद्रव्यं गतेः सहकारिकारणम् । कुत्र भणितमास्ते इति चेत् । पञ्चास्तिकायप्राभृते श्रीकुन्दकुन्दाचार्यदेवैः सक्रियनिःक्रियव्याख्यानकाले भणितमस्ति—" जीवा पुग्गलकाया सह सक्किरिया हवंति ण य सेसा । पुग्गलकरणा जीवा खंदा खलु कालकरणेहिं ॥" पुद्गलस्कन्धानां धर्मद्रव्ये विद्यमानेऽपि जलवत् द्रव्यकालो गतेः सहकारिकारणं भवतीत्यर्थः । अत्र निश्चयनयेन निःक्रियसिद्धस्वरूपसमानं निजशुद्धात्मद्रव्यमुपादेयमिति तात्पर्यम् । तथा चोक्तं निश्चयनयेन निःक्रियजीवलक्षणम्—" यावत्क्रियाः प्रवर्तन्ते तावद् द्वैतस्य गोचराः । अद्वये निष्कले प्राप्ते निःक्रियस्य कुतः क्रिया ॥ " ॥ २३ ॥

अथ पञ्चास्तिकायसूचनार्थं कालद्रव्यमप्रदेशं विहाय कस्य द्रव्यस्य कियन्तः प्रदेशा भवन्तीति कथयति—

---

" जीवा पुग्गलकाया सह सक्किरिया हवंति णय सेसा ।
पुग्गलकरणा जीवा खंदा खलु कालकारणेहिं ॥

**અર્થ**:—બાહ્ય કારણ સહિત રહેલા જીવો અને પુદ્ગલો સક્રિય છે, બાકીનાં દ્રવ્યો સક્રિય નથી ( નિષ્ક્રિય છે ). જીવો પુદ્ગલકરણવાળા ( જેમને સક્રિયપણામાં પુદ્ગલ બાહરંગ સાધન હોય એવા ) છે. અને સ્કંધો અર્થાત્ પુદ્ગલો તો કાલકરણવાળા ( જેમને સક્રિયપણામાં કાળ બહિરંગ સાધન હોય એવા ) છે.

જેવી રીતે માછલાંને ધર્મદ્રવ્ય વિદ્યમાન હોવા છતાં પણ જલ ગતિનું સહકારી કારણ છે તેવી રીતે પુદ્ગલસ્કંધોને ધર્મદ્રવ્ય વિદ્યમાન હોય છતાં પણ, દ્રવ્યકાલ ગતિનું સહકારી કારણ છે એવો અર્થ છે.

અહીં નિશ્ચયનયથી નિઃક્રિય સિદ્ધસ્વરૂપ સમાન ( નિષ્ક્રિય ) નિજશુદ્ધાત્મદ્રવ્ય ઉપાદેય છે એવું તાત્પર્ય છે.

બીજી જગ્યાએ પણ નિશ્ચયનયથી નિઃક્રિય જીવનું લક્ષણ કહ્યું છે કે " यावत्क्रियाः प्रवर्तन्ते तावद् द्वैतस्य गोचराः । अद्वये निष्कले प्राप्ते निःक्रियस्य कुतः क्रिया ॥" **અર્થ**.—જ્યાં સુધી આ જીવને હલનચલનાદિ ક્રિયા વર્તે છે ત્યાં સુધી દ્વૈત જોવામાં આવે છે. અદ્વૈત અને નિષ્કલ થતાં, નિષ્ક્રિયને ક્રિયા કેવી રીતે હોય ? ૨૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१५०) धम्माधम्मु वि एक्कु जिऊ ए जि असंख्य-पदेस ।
गयणु अणंत-पएसु मुणि बहु-विह पेग्गल-देस ॥ २४ ॥

धर्माधर्मौ अपि एकः जीवः एतानि एव असंख्यप्रदेशानि ।
गगनं अनन्तप्रदेशं मन्यस्व बहुविधाः पुद्गलदेशाः ॥ २४ ॥

धम्माधम्मु वि इत्यादि । धम्माधम्मु वि धर्माधर्मद्वितयमेव एक्कु जिउ एको विवक्षितो जीवः । ए जि एतान्येव त्रीणि द्रव्याणि असंखपदेश असंख्येयप्रदेशानि भवन्ति । गयणु गगनं अणंतपएसु अनन्तप्रदेशं मुणि मन्यस्व जानीहि । बहुविह बहुविधा भवन्ति । के ते । पुग्गलदेस पुद्गलप्रदेशाः । अत्र पुद्गलद्रव्य-प्रदेशविवक्षया प्रदेशशब्देन परमाणवो ग्राह्याः न च क्षेत्रप्रदेशा इति । कस्मात् । पुद्गलस्यानन्तक्षेत्रप्रदेशाभावादिति । अथवा पाठान्तरम् । ' पुग्गलु तिविहु पएसु ' । पुद्गलद्रव्ये संख्यातासंख्यातानन्तरूपेण त्रिविधाः प्रदेशाः परमाणवो भवन्तीति । अत्र निश्चयेन द्रव्यकर्माभावादमूर्ता मिथ्यात्वरागादिरूपभावकर्मसंकल्पविकल्पाभावात् शुद्धालोकाकाशप्रमाणेनासंख्येयाः प्रदेशा यस्य शुद्धात्मनः स शुद्धात्मा वीतराग-

---

હવે પંચાસ્તિકાયની સૂચનાર્થે અપ્રદેશી કાલદ્રવ્ય સિવાયના અન્ય પાંચ દ્રવ્યોમાં કયા દ્રવ્યને કેટલા પ્રદેશો હોય છે તે કહે છેઃ—

### ગાથા—૨૪

**અન્વયાર્થઃ**—[ धर्माधर्मयोः अपि एकः जीवः एतानि एव ] ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય અને એક વિવક્ષિત જીવ એ જ ત્રણ દ્રવ્યને [ असंख्य प्रदेशानि ] અસંખ્યપ્રદેશી, [ गगनं अनन्त प्रदेशं ] આકાશને અનંતપ્રદેશી અને [ पुद्गलप्रदेशाः ] પુદ્ગલના પ્રદેશો [ बहुविधाः ] અનેક પ્રકારે છે [ मन्यस्व ] એમ તું જાણ. અહીં પુદ્ગલદ્રવ્યપ્રદેશોની વિવક્ષાથી ( પુદ્ગલના કથનમાં ) 'પ્રદેશ' શબ્દથી પરમાણુઓ સમજવા પણ ક્ષેત્રના પ્રદેશો ન સમજવા, કારણકે પુદ્ગલોને અનંત ક્ષેત્રપ્રદેશોનો અભાવ છે.

**અથવા પાઠાન્તર**—'पुग्गलु तिविहु पएसु' પુદ્ગલદ્રવ્યમાં સંખ્યાત, અસંખ્યાત અને અનંતરૂપે ત્રિવિધ પ્રદેશો અર્થાત્ પરમાણુઓ હોય છે.

**ભાવાર્થઃ**—અહીં શુદ્ધનિશ્ચયનયથી દ્રવ્યકર્મના અભાવથી અમૂર્ત મિથ્યાત્વરાગાદિરૂપ ભાવકર્મના—સંકલ્પવિકલ્પના—અભાવથી શુદ્ધ એવા લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશો જેને છે તે શુદ્ધ આત્મા વીતરાગ નિર્વિકલ્પ સમાધિની પરિણતિના કાલે સાક્ષાત્ ઉપાદેય છે એવો ભાવાર્થ છે. ૨૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निर्विकल्पसमाधिपरिणतिकाले साक्षादुपादेय इति भावार्थः ॥ २४ ॥

अथ लोके यद्यपि व्यवहारेणैकक्षेत्रावगाहेन तिष्ठन्ति द्रव्याणि तथापि निश्चयेन संकरव्यतिकरपरिहारेण कृत्वा स्वकीयस्वकीयस्वरूपं न त्यजन्तीति दर्शयति—

१५१) लोयागासु धरेवि जिय कहियइँ दव्वइँ जाइँ।
एक्कहिँ मिलियइँ इत्थु जगि सगुणहिँ णिवसहिँ ताइँ ॥२५॥

लोकाकाशं धृत्वा जीव कथितानि द्रव्याणि यानि ।
एकत्वे मिलितानि अत्र जगति स्वगुणेषु निवसन्ति तानि ॥ २५ ॥

लोयागासु इत्यादि । लोयागासु लोकाकाशं कर्मतापन्नं धरेवि धृत्वा मर्यादीकृत्य[1] जिय हे जीव अथवा लोकाकाशमाधारीकृत्वा ठियाइं आधेयरूपेण स्थितानि । कानि स्थितानि । कहियइं दव्वइं जाइं कथितानि जीवादिद्रव्याणि यानि । पुनः कथंभूतानि । एक्कहिंमिलियइं एकत्वे मिलितानि ।

---

હવે લોકમાં જો કે વ્યવહારનયથી બધા દ્રવ્યો એકક્ષેત્રાવગાહે રહે છે તો પણ નિશ્ચયનયથી સંકર વ્યતિકર દોષોનો પરિહાર કરીને પોતપોતાનું સ્વરૂપ છોડતા નથી એમ કહે છે.

## ગાથા–૨૫

**અન્વયાર્થ:**—[ **जीव** ] હે જીવ ! [ **अत्र जगति** ] આ જગતમાં [ **यानि द्रव्याणि कथितानि** ] જે જીવાદિ દ્રવ્યો કહેવામાં આવ્યાં છે [ **तानि** ] તે સર્વ [ **लोकाकाशं धृत्वा** ] લોકાકાશની મર્યાદામાં રહ્યાં છે ( લોકાકાશની અંદર જ રહ્યાં છે, લોકાકાશની બહાર નથી ) અથવા લોકાકાશને આધારે આધેયરૂપે રહ્યાં છે, [ **एकत्वेमिलितानि** ] એકક્ષેત્રમાં સાથે મળેલાં રહે છે, એકક્ષેત્રાવગાહી રહે છે તોપણ [ **तान्** ] તે છ દ્રવ્યો [ **स्वगुणेसु निवसन्ति** ] નિશ્ચયનયથી પોતપોતાના ગુણોમાં જ રહે છે '**सगुणहिं**' ત્રીજી વિભક્તિના અંતવાળું કરણસૂચક આ પદ 'પોતાના ગુણોમાં' એમ અધિકરણના ( સાતમી વિભક્તિના ) અર્થવાળું કેવી રીતે થયું ? પૂર્વે કહ્યું જ છે કે પ્રાકૃત ભાષામાં કોઈ વાર કારકવ્યભિચાર અને લિંગવ્યભિચાર થાય છે.

**ભાવાર્થ:**—જો કે પૂર્વોક્ત છએ દ્રવ્યો ઉપચરિત અસદ્‌ભૂત–વ્યવહારનયથી આધાર–આધેય ભાવથી એકક્ષેત્રાવગાહે રહે છે તો પણ શુદ્ધપારિણામિક પરમ ભાવ-ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સંકરવ્યતિકર દોષોના પરિહાર વડે પોતપોતાના સામાન્ય વિશેષ શુદ્ધ ગુણોને છોડતાં નથી.

---

૧ પાઠાન્તર:—**कृत्य=कृत्वा**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



इत्थु जगि अत्र जगति सगुणहिं णिवसहिं निश्चयनयेन स्वकीयगुणेषु निवसन्ति 'सगुणहिं' तृतीयान्तं करणपदं स्वगुणेष्वधिकरणं कथं जातमिति । ननु कथितं पूर्वं प्राकृते कारकव्यभिचारो लिङ्गव्यभिचारश्च क्वचिद्भवतीति । कानि निवसन्ति ताइं पूर्वोक्तानि जीवादिषड्द्रव्याणीति । तद्यथा । यद्यप्युपचरितासद्भूतव्यवहारेणाधाराधेयभावेनैकक्षेत्रावगाहेन तिष्ठन्ति तथापि शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन संकरव्यतिकरपरिहारेण स्वकीयस्वकीयसामान्यविशेषशुद्धगुणान्न त्यजन्तीति । अत्राह प्रभाकरभट्टः । हे भगवन् लोकस्तावदसंख्यातप्रदेशः परमागमे भणितः तिष्ठति तत्रासंख्यातप्रदेशलोके प्रत्येकं प्रत्येकमसंख्येयप्रदेशान्यनन्तजीवद्रव्याणि, तत्र चैकैके जीवद्रव्ये कर्मनोकर्मरूपेणानन्तानि पुद्गलपरमाणुद्रव्याणि च तिष्ठन्ति तेभ्योऽप्यनन्तगुणानि शेषपुद्गलद्रव्याणि तिष्ठन्ति तानि सर्वाण्यसंख्येयप्रदेशलोके कथमवकाशं लभन्ते इति पूर्वपक्षः । भगवान् परिहारमाह । अवगाहनशक्तियोगादिति । तथाहि । यथैकस्मिन् गूढनागरसगद्याणके शतसहस्रलक्षसुवर्णसंख्याप्रमितान्यवकाशं लभन्ते, अथवा यथैकस्मिन् प्रदीपप्रकाशे बहवोऽपि प्रदीपप्रकाशा अवकाशं लभन्ते, अथवा यथैकस्मिन् भस्मघटे जलघटः सम्यगवकाशं

---

આ કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે હે ભગવાન! પરમાગમમાં લોકને અસંખ્યાત પ્રદેશી કહ્યો છે, તે અસંખ્યાત પ્રદેશી લોકમાં પ્રત્યેક પ્રત્યેક અસંખ્યાત-પ્રદેશી એવા અનંત જીવદ્રવ્યો અને તે એક એક જીવદ્રવ્યમાં કર્મ—નોકર્મરૂપે અનંત પુદ્ગલ પરમાણુદ્રવ્યો રહે છે. તે અનંત પુદ્ગલપરમાણુદ્રવ્યથી પણ અનંતગુણા બાકીના પુદ્ગલ પરમાણુ દ્રવ્યો રહે છે,—તો તે સર્વ દ્રવ્યો અસંખ્યપ્રદેશવાળા લોકમાં કેવી રીતે અવકાશ પામે (રહી શકે)? એવો પૂર્વપક્ષ છે.

ભગવાન શ્રી ગુરુ તેનો પરિહાર કહે છે- અવગાહનશક્તિને લીધે (આકાશમાં અવકાશ દેવાની શક્તિ છે તેના કારણે પૂર્વોક્ત છ દ્રવ્યો એકક્ષેત્રાવગાહે રહે છે.) તે આ પ્રમાણે:—

(૧) જેવી રીતે એક ગૂઢ નાગરસગુટિકામાં સો હજાર લાખ જેટલી સંખ્યાનું સુવર્ણ રહે છે, (૨) અથવા જેવી રીતે એક દીવાના પ્રકાશમાં ઘણા દીવાનો પ્રકાશ અવકાશ પામે છે, અથવા (૩) જેવી રીતે એક રાખના ઘડામાં પાણીનો ઘડો સારી રીતે સમાઈ જાય છે (જેવી રીતે ઘડા જેટલી રાખમાં ઘડા જેટલું પાણી પૂરતું શોષાઈ જાય છે) અથવા (૪) જેવી રીતે એક ઊંટણીના દૂધના ઘડામાં મધનો ઘડો સમાઈ જાય છે અથવા (૫) જેવી રીતે એક ભૂમિઘરમાં (ભોંયરામાં)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लभन्ते, अथवा यथैकस्मिन् उष्ट्रीक्षीरघटे मधुघटः सम्यगवकाशं लभते । अथवा यथैकस्मिन् भूमिगृहे बहवोऽपि पटहजयघण्टादिशब्दाः सम्यगवकाशं लभन्ते, तथैकस्मिन् लोके विशिष्टावगाहनशक्ति योगात् पूर्वोक्तानन्तसंख्या जीवपुद्गला अवकाशं लभन्ते नास्ति विरोधः इति । तथा चोक्तं जीवानामवगाहनशक्ति-स्वरूपं परमागमे—" एगणिगादसरीरे जीवा दव्वप्पमाणदो दिट्ठा । सिद्धे हिं अणंतगुणा सव्वेण वितीदकालेण ॥ " पुनस्तथोक्तं पुद्गलानामवगाहनशक्तिस्वरूपम्— " ओगाढगाढणिचिदो पुग्गलकाएहिं सव्वदो लोगो । सुहुमेहिं बादरेहिं य णंताणं तेहिं विविहेहिं ॥ " । अयमत्र भावार्थः । यद्यप्येकावगाहेन तिष्ठन्ति तथापि शुद्धनिश्चयेन जीवाः केवलज्ञानाद्यनन्तगुणस्वरूपं न त्यजन्ति पुद्गलाश्च वर्णादिस्वरूपं न त्यजन्ति शेषद्रव्याणि च स्वकीयस्वकीयस्वरूपं न त्यजन्ति ॥२५॥

अथ जीवस्य व्यवहारेण शेषपञ्चद्रव्यकृतमुपकारं कथयति, तस्यैव जीवस्य निश्चयेन तान्येव दुःखकारणानि च कथयति—

---

ઢોલ, જયજયકાર અને ઘંટ વગેરેના અનેક શબ્દો સારી રીતે અવકાશ પામે છે તેવી રીતે એક જ લોકમાં વિશિષ્ટ અવગાહનશક્તિને લીધે પૂર્વોક્ત અનંત સંખ્યા-વાળા જીવો અને અનંતાનંત પુદ્‌ગલો અવકાશ પામે છે, એમાં કોઇ વિરોધ નથી. પરમાગમમાં ( શ્રી ગોમ્મટસાર જીવકાંડ ગા. ૧૯૫ માં ) જીવોની અવગાહનશક્તિનું સ્વરૂપ પણ કહ્યું છે કે ' एगणिगोदसरीरे जीवा दव्वपामाणदो दिट्ठा सिद्धेहिं अणंतगुणा सव्वेण वितीदकालेण ॥'' ( **અર્થ**:—અતીતકાલમાં થએલા સર્વ સિદ્ધોથી દ્રવ્યપ્રમાણથી અનંતગુણા જીવો એક નિગોદના શરીરમાં જોવામાં આવ્યા છે. વળી પંચાસ્તિકાય ગા. ૬૪ માં ) પુદ્‌ગલોની અવગાહનશક્તિનું સ્વરૂપ પણ કહ્યું છે કે– " ओगाढ गाढणिचिदो पुग्गलकाएहिं सव्वदो लोगो । सुहुमेहिं बादरेहिं य णंताणं तेहिं विविहेहिं ॥'' ( **અર્થ**:—લોક સર્વતઃ વિવિધ પ્રકારના, અનંતાનંત સૂક્ષ્મ તેમ જ બાદર પુદ્‌ગલકાયો ( પુદ્‌ગલસ્કંધો ) વડે [ વિશિષ્ટ રીતે ] અવગાહાઇને ગાઢ ભરેલો છે.

અહીં આ ભાવાર્થ છે કે જોકે સર્વદ્રવ્ય એકક્ષેત્રાવગાહથી રહે છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી જીવો કેવલજ્ઞાનાદિ અનંત ગુણસ્વરૂપને છોડતા નથી અને પુદ્‌ગલો વર્ણાદિસ્વરૂપને છોડતાં નથી અને બાકીનાં દ્રવ્યો પોતપોતાનું સ્વરૂપ છોડતાં નથી. ૨૫

હવે બાકીનાં પાંચ દ્રવ્યો જીવને વ્યવહારથી ઉપકાર કરે છે એમ કહે છે અને તે જ જીવને નિશ્ચયથી તેઓ જ દુઃખનાં કારણો છે એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१५२) एयइँ दव्वइँ देहियहँ णिय–णिय–कज्जु जणंति।
चउ-गइ-दुक्ख सहंत जिय तेँ संसारु भमंति ॥ २६ ॥

एतानि द्रव्याणि देहिनां निजनिजकार्यं जनयन्ति।
चतुर्गतिदुःखं सहमानाः जीवाः तेन संसारं भ्रमन्ति ॥ २६ ॥

एयइं इत्यादि। एयइं एतानि दव्वइं जीवादन्यद्रव्याणि देहियहं देहिनां संसारिजीवानाम्। किं कुर्वन्ति। णियणियकज्जु जणंति निजनिजकार्यं जनयन्ति येन कारणेन निजनिजकार्यं जनयन्ति। चउगइदुक्ख सहंत जिय चतुर्गतिदुःखं सहमानाः सन्तोजीवाः तें संसारु भमंति तेन कारणेन संसारं भ्रमन्तीति। तथा च। पुद्गलस्तावज्जीवस्य स्वसंवित्तिलक्षणविभावपरिणामरतस्य व्यवहारेण शरीर-वाङ्मनःप्राणापाननिष्पत्तिं करोति, धर्मद्रव्यं चोपचरितासद्भूतव्यवहारेण गति-सहकारित्वं करोति, तथैवाधर्मद्रव्यं स्थितिसहकारित्वं करोति, तेनैव व्यवहार-नयेन आकाशद्रव्यमवकाशदानं ददाति, तथैव कालद्रव्यं च शुभाशुभपरिणामसह-कारित्वं करोति। एवं पञ्चद्रव्याणामुपकारं लब्ध्वा जीवो निश्चयव्यवहाररत्न-त्रयभावनाच्युतः सन् चतुर्गतिदुःखं सहत इति भावार्थः ॥ २६ ॥

---

**અન્વયાર્થ:**—[ एतानि द्रव्याणि ] જીવથી આ અન્ય દ્રવ્યો [ देहिनां ] સંસારી જીવોને [ निजनिज कार्यं जनयन्ति ] પોતપોતાના કાર્યને ઉત્પન્ન કરે છે [ तेन ] તે કારણે [ चतुर्गतिदुःखं सहमानाः ] નરકાદિ ચાર ગતિનાં દુઃખોને સહન કરતા થકા [ जीवाः ] જીવો [ संसारं भ्रमन्ति ] સંસારમાં ભ્રમણ કરે છે.

**ભાવાર્થ:**—પુદ્ગલદ્રવ્ય તો, સ્વસંવેદનથી વિલક્ષણ વિભાવપરિણામમાં રત જીવને વ્યવહારથી શરીર, વાણી, મન અને શ્વાસોચ્છ્‌વાસ નિપજાવે છે અને ધર્મદ્રવ્ય ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી ગતિમાં સહકારી છે તેમ જ અધર્મદ્રવ્ય સ્થિતિમાં સહકારી છે, તે જ વ્યવહારનયથી ( ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી ) આકાશદ્રવ્ય અવકાશદાન આપે છે તેમ જ કાલદ્રવ્ય શુભાશુભ પરિણામોમાં સહકારી છે.

એ પ્રમાણે પાંચ દ્રવ્યોને [1]ઉપકાર ( ઉદાસીન નિમિત્ત ) પામીને જીવ નિશ્ચય-વ્યવહારરત્નત્રયની ભાવનાથી ભ્રષ્ટ થયો થકો ચાર ગતિનાં દુઃખને સહે છે એવો ભાવાર્થ છે. ૨૬.

---

૧. લૌકિકમાં ‘ ઉપકાર ’ અર્થ અન્યનું ભલું કરવું એવો છે પણ તે તાત્ત્વિક અર્થ નથી. ‘ ઉપકાર કરે છે ’ એનો અહીં તાત્ત્વિક અર્થ એ છે કે ‘ ઉદાસીન નિમિત્ત થાય છે. ’

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथैवं पञ्चद्रव्याणां स्वरूपं निश्चयेन दुःखकारणं ज्ञात्वा हे जीव निजशुद्धात्मापलम्भलक्षणे मोक्षमार्गे स्थीयत इति निरूपयति—

१५३) दुक्खहँ कारणु मुणिवि जिय दव्वहँ एहु सहाउ ।
होयवि मोक्खहँ मग्गि लहु गम्मिज्जइ पर-लोउ ॥२७॥

दुःखस्य कारणं मत्वा जीव द्रव्याणां एतत्स्वभावम् ।
भूत्वा मोक्षस्य मार्गे लघु गम्यते परलोकः ॥ २७ ॥

दुक्खहं कारणु दुःखस्य कारणं मुणिवि मत्वा ज्ञात्वा जिय हे जीव । किं दुःखस्य कारणं ज्ञात्वा दव्वहं एहु सहाउ द्रव्याणामिमं शरीरवाङ्मनःप्राणापाननिष्पत्त्यादिलक्षणं पूर्वोक्तस्वभावम् । एवं पुद्गलादिपञ्चद्रव्यस्वभावं दुःखस्य कारणं ज्ञात्वा । किं क्रियते । होयवि भूत्वा । क्व । मोक्खहं मग्गि मोक्षस्य मार्गे लहु लघु शीघ्रं पश्चात् गम्मिज्जइ गम्यते । कः कर्मतापन्नः । परलोउ परलोको मोक्ष । इति तथाहि । वीतरागसदानन्दैकस्वभाविकसुखविपरीतस्याकुलत्वोत्पादकस्य दुःखस्य कारणानि पुद्गलादिपञ्चद्रव्याणि ज्ञात्वा हे जीव भेदाभेदरत्नत्रयलक्षणे [1]मोक्षस्य मार्गे स्थित्वा परः परमात्मा तस्याव-

હવે એ પ્રમાણે નિશ્ચયનયથી પાંચ દ્રવ્યોનું સ્વરૂપ દુઃખનું કારણ જાણીને હે જીવ! નિજશુદ્ધાત્માની પ્રાપ્તિ જેનું સ્વરૂપ છે એવા મોક્ષમાર્ગમાં સ્થિત થા, એમ કહે છેઃ—

## ગાથા—૨૭

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ! [ द्रव्याणां एतत् स्वभावं ] દ્રવ્યોના મન, વચન, કાય, શ્વાસોચ્છ્વાસની નિષ્પત્તિ આદિ સ્વરૂપ આ પૂર્વોક્ત સ્વભાવને પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોના સ્વભાવને–[ दुःखस्य कारणं ] દુઃખનું કારણ [ मत्वा ] જાણી [ मोक्षस्य मार्गे भुत्वा ] મોક્ષના માર્ગમાં સ્થિત થઈને તને [ परलोकः ] ( ઉત્કૃષ્ટ લોકરૂપ ) મોક્ષની [ लघु ] શીઘ્ર જ [ गम्यते ] પ્રાપ્તિ થાય.

**ભાવાર્થઃ**—પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોને એક ( કેવલ ) વીતરાગ સદાનંદરૂપ સ્વાભાવિક સુખથી વિપરીત આકુલતાના ઉત્પાદક અને દુઃખના કારણો જાણીને હે જીવ! મોક્ષના ભેદાભેદરત્નત્રયસ્વરૂપ માર્ગમાં સ્થિત થઈને પર અર્થાત્ પરમાત્મા તેના અવ-

૧. પાઠાન્તરઃ—मोक्षस्य मार्गे=मोक्षमार्गे

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लोकनमनुभवनं परमसमरसीभावेन परिणमनं परलोको मोक्षस्तत्र गम्यत इति भावार्थः ॥ २७ ॥

अथेदं व्यवहारेण मया भणितं जीवद्रव्यादिश्रद्धानरूपं सम्यग्दर्शनमिदानीं सम्यग्ज्ञानं चारित्रं च हे प्रभाकरभट्ट शृणु त्वमिति मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति—

१५४) णियमेँ कहियउ एहु मइँ ववहारेण वि दिट्ठि ।
एवहिँ णाणु चरित्तु सुणि जेँ पावहि परमेट्ठि ॥ २८ ॥

नियमेन कथिता एषा मया व्यवहारेणापि दृष्टिः ।
इदानीं ज्ञानं चारित्रं शृणु येन प्राप्नोषि परमेष्ठिनम् ॥ २८ ॥

णियमें नियमेन निश्चयेन कहियउ कथिता एहु मइं एषा कर्मतापन्ना मया । केनैव । ववहारेण वि व्यवहारनयेनैव । एषा का[1] । दिट्ठि दृष्टिः । दृष्टिः कोऽर्थः, सम्यक्त्वम् । एवहिं इदानीं णाणु चरित्तु सुणि हे प्रभाकरभट्ट क्रमेण ज्ञानचारित्रद्वयं शृणु । येन श्रुतेन किं भवति । जें पावहि येन सम्यग्ज्ञानचारित्रद्वयेन प्राप्नोषि । किं प्राप्नोषि । परमेट्ठि परमेष्ठिपदं मुक्तिपदमिति ।

---

લોકનરૂપ–અનુભવનરૂપ–પરમસમરસીભાવે પરિણમનરૂપ–પરલોકની–મોક્ષની તને પ્રાપ્તિ થાય. ૨૭.

હવે વ્યવહારનયથી મેં જીવદ્રવ્યાદિ શ્રદ્ધાનરૂપ આ સમ્યગ્દર્શન કહ્યું, હવે હે પ્રભાકરભટ્ટ! તું સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર સાંભળ, એમ મનમાં રાખીને આ દોહાસૂત્ર કહે છેઃ—

## ગાથા–૨૮

**અન્વયાર્થઃ**—[ मया ] મેં [ व्यवहारेण एव ] વ્યવહારનયથી જ [ एषा दृष्टिः ] આ સમ્યક્ત્વ ( સમ્યગ્દર્શનનું સ્વરૂપ ) [ नियमेन ] નિશ્ચયથી [ कथिता ] તને કહ્યું, [ इदानीं ] હવે હે પ્રભાકરભટ્ટ! તું ક્રમથી [ ज्ञानं चारित्रं ] જ્ઞાન અને ચારિત્રને [ शृणु ] સાંભળ [ येन ] કે જેથી ( જે સાંભળવાથી ) જ્ઞાન અને ચારિત્ર એ બન્નેનું ધારણ કરવાથી [ परमेष्ठिनम् ] તું પરમેષ્ઠીપદને–મોક્ષપદને–[ प्राप्नोषि ] પામીશ.

**ભાવાર્થઃ**—હવે વ્યવહારસમ્યક્ત્વના વિષયભૂત દ્રવ્યોનું ચૂલિકારૂપે ( સાંગોપાંગ, વિશેષ કથનરૂપે ) વ્યાખ્યાન કરે છે તે આ પ્રમાણેઃ—

“ परिणाम जीव मुत्तं सपदेसं एय खित्त किरिया य ।
णिच्चं कारण कत्ता सव्वगदं इदरम्हि यपवेसो ॥”

---

१. પાઠાન્તરઃ–का=का कथिता

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अतो व्यवहारसम्यक्त्वविषयभूतानां द्रव्याणां चूलिकारूपेण व्याख्यानं क्रियते । तद्यथा । "परिणाम जीव मुत्तं सपदेसं एय खित्त किरिया य । णिच्चं कारण कत्ता सव्वगदं इदरम्हि य पवेसो ।" परिणाम इत्यादि । 'परिणाम' परिणामिनौ जीवपुद्गलौ स्वभावविभावपरिणामाभ्यां शेषचत्वारि द्रव्याणि जीवपुद्गलवद्विभावव्यञ्जनपर्यायाभावात् मुख्यवृत्त्या पुनरपरिणामीनि इति । 'जीव' शुद्धनिश्चयनयेन विशुद्धज्ञानदर्शनस्वभावं शुद्धचैतन्यं प्राणशब्देनोच्यते तेन जीवतीति जीवः, व्यवहारनयेन पुनः कर्मोदयजनितद्रव्यभावरूपैश्चतुर्भिः प्राणैर्जीवति जीविष्यति जीवितपूर्वो वा जीवः पुद्गलादिपञ्चद्रव्याणि पुनरजीवरूपाणि । 'मुत्तं' अमूर्तशुद्धात्मनो विलक्षणा स्पर्शरसगन्धवर्णवती मूर्तिरुच्यते तद्भावान्मूर्तः पुद्गलः । जीवद्रव्यं पुनरनुपचरितासद्भूतव्यवहारेण मूर्तमपि शुद्धनिश्चयनयेनामूर्तम् । धर्माधर्माकाशकालद्रव्याणि चामूर्तानि । 'सपदेसं' लोकमात्रप्रमितासंख्येयप्रदेशलक्षणं जीवद्रव्यमादिं कृत्वा पञ्चद्रव्याणि पञ्चास्तिकायसंज्ञानि सप्रदेशानि कालद्रव्यं पुनर्बहुप्रदेशलक्षणकायत्वाभावादप्रदेशम् । 'एय' द्रव्यार्थिकनयेन धर्माधर्माकाशद्रव्या-

---

( **અર્થ**:— પરિણામ, જીવ, મૂર્ત, સપ્રદેશ, એક, ક્ષેત્ર, ક્રિયા, નિત્ય, કારણ, કર્તા, સર્વગત, બીજાં દ્રવ્યોમાં અપ્રવેશપણું આ બાર બોલ છ દ્રવ્યમાં ઉતારવા. ) ( હવે આ બાર બોલ છ દ્રવ્યમાં કઇ રીતે ઘટે છે તે કહે છે. )

( ૧ ) 'परिणाम' આ છ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યો સ્વભાવ વિભાવ પરિણામો વડે પરિણામી છે, બાકીનાં ચાર દ્રવ્યો, તેમાં જીવપુદ્ગલની જેમ વિભાવવ્યંજનપર્યાયનો સદ્ભાવ નહીં હોવાથી, મુખ્યપણે તો અપરિણામી છે.

( ૨ ) 'जीव' શુદ્ધ નિશ્ચયનયથી 'પ્રાણ' શબ્દથી જ વિશુદ્ધ–જ્ઞાનદર્શનસ્વભાવવાળો શુદ્ધ ચૈતન્ય કહેવામાં આવે છે, તેનાથી જે જીવે છે તે જીવ છે, જ્યારે વ્યવહારનયથી તો કર્મોદયજનિત દ્રવ્યભાવરૂપ ચાર પ્રાણોથી જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે જીવ છે, અને પુદ્ગલાદિ પાંચ દ્રવ્યો અજીવરૂપ છે.

( ૩ ) 'मुत्तं' અમૂર્ત શુદ્ધ આત્માથી વિલક્ષણ સ્પર્શ–રસ–ગંધ–વર્ણવાળું જે હોય તે મૂર્ત કહેવાય છે, તે ભાવવાળું હોવાથી પુદ્ગલ મૂર્ત છે, જ્યારે જીવદ્રવ્ય તો અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી મૂર્ત છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી અમૂર્ત છે, અને ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ ચાર દ્રવ્યો અમૂર્ત છે.

૨૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ण्येकानि भवन्ति जीवपुद्गलकालद्रव्याणि पुनरनेकानि भवन्ति । 'खेत्त' सर्वद्रव्याणामवकाशदानसामर्थ्यात् क्षेत्रमाकाशमेकं शेषपञ्चद्रव्याण्यक्षेत्राणि । 'किरिया य' क्षेत्रात्क्षेत्रान्तरगमनरूपा परिस्पन्दवती चलनवती क्रिया सा विद्यते ययोस्तौ क्रियावन्तौ जीवपुद्गलौ धर्माधर्माकाशकालद्रव्याणि पुनर्निष्क्रियाणि । 'णिच्चं' धर्माधर्माकाशकालद्रव्याणि यद्यप्यर्थपर्यायत्वेनानित्यानि तथापि मुख्यवृत्त्या विभाव्यञ्जनपर्यायाभावात् नित्यानि द्रव्यार्थिकनयेन च, जीवपुद्गलद्रव्ये पुनर्यद्यपि द्रव्यार्थिकनयापेक्षया नित्ये तथाप्यगुरुलघुपरिणति[1]रूपस्वभावपर्यायापेक्षया विभावव्यञ्जनपर्यायापेक्षया चानित्ये । 'कारण' पुद्गलधर्माधर्माकाशकालद्रव्याणि व्यवहारनयेन जीवस्य शरीरवाङ्मनःप्राणापानादिगतिस्थित्यवगाहवर्तनाकार्याणि कुर्वन्ति इति कारणानि भवन्ति, जीवद्रव्यं पुनर्यद्यपि गुरुशिष्यादिरूपेण परस्परोपग्रहं करोति तथापि पुद्गलादिपञ्चद्रव्याणां किमपि न करोतीत्यकारणम् । 'कत्ता' शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन यद्यपि बन्धमोक्षद्रव्यभावरूप पुण्यपापघटपटादीनामकर्ता जीवस्तथाप्यशुद्धनिश्चयेन शुभाशुभोपयोगाभ्यां परिणतः सन्

( ૪ ) 'सपदेसं' લોકમાત્ર પ્રમાણ જેટલા અસંખ્યાત પ્રદેશી જીવદ્રવ્યથી માંડીને પંચાસ્તિકાય નામના પાંચ દ્રવ્યો સપ્રદેશી છે, જ્યારે કાલદ્રવ્ય તો બહુપ્રદેશ જેનું લક્ષણ છે એવા કાયત્વનો અભાવ હોવાથી અપ્રદેશ છે.

( ૫ ) 'पय' દ્રવ્યાર્થિકનયથી ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યો એક એક છે, જ્યારે જીવ, પુદ્ગલ અને કાલ એ ત્રણ દ્રવ્યો અનેક છે.

( ૬ ) 'खेत्त' સર્વ દ્રવ્યોને અવકાશ દેવાનું સામર્થ્ય હોવાથી આકાશ એક જ ક્ષેત્ર છે, જ્યારે બાકીના પાંચ દ્રવ્યો તો અક્ષેત્ર છે.

( ૭ ) 'किरिया य' એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રમાં ગમનરૂપ પરિસ્પંદવાળી–ચલનવાળી–ક્રિયા તે જેમને વર્તે છે એવા જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યો ક્રિયાવાન છે, જ્યારે ધર્મ, અધર્મ આકાશ અને કાલ એ ચાર દ્રવ્ય તો નિષ્ક્રિય છે.

( ૮ ) 'णिच्च' ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ ચાર દ્રવ્યો જો કે અર્થપર્યાયની અપેક્ષાએ અનિત્ય છે તો પણ–મુખ્યપણે તેમને વિભાવવ્યંજનપર્યાય નહિ હોવાથી દ્રવ્યાર્થિક નયથી નિત્ય છે જ્યારે જીવપુદ્ગલદ્રવ્ય તો–જો કે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય છે તો પણ અગુરુલઘુપરિણતિરૂપ સ્વભાવપર્યાયની અપેક્ષાએ અને વિભાવવ્યંજનપર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

પાઠાન્તરઃ—रूप=स्वरूप

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पुण्यपापबन्धयोः कर्ता तत्फलभोक्ता च भवति विशुद्धज्ञानदर्शनस्वभावनिजशुद्धात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपेण शुद्धोपयोगेन [१]तत्परिणतः सन् मोक्षस्यापि कर्ता तत्फलभोक्ता च । शुभाशुभशुद्धपरिणामानां परिणमनमेव कर्तृत्वं सर्वत्र ज्ञातव्यमिति । पुद्गलादिपञ्चद्रव्याणां च स्वकीयस्वकीयपरिणामेन परिणमनमेव कर्तृत्वम् । वस्तुवृत्त्या पुनः पुण्यपापादिरूपेणाकर्तृत्वमेव । 'सव्वगदं' लोकालोकव्याप्त्यपेक्षया सर्वगतमाकाशं भण्यते धर्माधर्मौ च लोकव्याप्त्यपेक्षया जीवद्रव्यं तु पुनरेकैकजीवापेक्षया लोकपूरणावस्थां विहायासर्वगतंनानाजीवापेक्षया सर्वगतमेव भवतीति । पुद्गलद्रव्यं पुनर्लोकरूपमहास्कन्धापेक्षया सर्वगतं शेषपुद्गलापेक्षया सर्वगतं न भवतीति । कालद्रव्यं पुनरेककालाणुद्रव्यापेक्षया सर्वगतं न भवति लोकप्रदेश-

---

( ૯ ) 'कारण' પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ પાંચ દ્રવ્યો, વ્યવહારનયથી શરીર, વાણી, મન, શ્વાસોચ્છ્વાસ આદિરૂપ, ગતિ, સ્થિતિ, અવગાહન, વર્તનારૂપ જીવનાં કાર્યો કરે છે તેથી, કારણો છે, જ્યારે જીવદ્રવ્ય તો જો કે ગુરુશિષ્યાદિરૂપે પરસ્પર ઉપકાર કરે છે તો પણ–પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોનું કાંઇ પણ કરતો નથી તેથી જીવ અકારણ છે.

( ૧૦ ) 'कत्ता' જીવ શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી–જો કે બંધમોક્ષનો, દ્રવ્યભાવરૂપ પુણ્ય, પાપનો અને ઘટ પટ આદિનો અકર્તા છે તોપણ અશુદ્ધનિશ્ચયનયથી શુભાશુભ ઉપયોગરૂપે પરિણમતો થકો પુણ્યપાપબંધનો કર્તા અને તેનાં ફલનો ભોક્તા છે, અને વિશુદ્ધજ્ઞાન વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા નિજશુદ્ધાત્મદ્રવ્યના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ અનુષ્ઠાનરૂપ શુદ્ધોપયોગ વડે તે-રૂપે પરિણમતો થકો મોક્ષનો પણ કર્તા છે અને તેના ફલનો ભોક્તા છે. શુભ, અશુભ, શુદ્ધપરિણામોરૂપે પરિણમવું તે જ કર્તાપણું સર્વત્ર જાણવું, અને પુદ્ગલાદિ પાંચદ્રવ્યોને પોતપોતાના પરિણામરૂપ પરિણમવું તે જ કર્તાપણું છે અને વસ્તુદ્રષ્ટિથી તો પુણ્યપાપ આદિરૂપે કર્તાપણું નથી જ.

( ૧૧ ) 'सव्वगदं' આકાશ લોકાલોકમાં વ્યાપવાની અપેક્ષાએ, સર્વગત છે, અને ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્ય, લોકમાં વ્યાપવાની અપેક્ષાએ સર્વગત છે. વળી જીવદ્રવ્ય એક એક જીવની અપેક્ષાએ કેવલી સમુદ્ઘાતમાં લોકપૂરણની અવસ્થાને છોડીને અસર્વગત છે, અનેક જીવની અપેક્ષાએ, સર્વગત જ છે. વળી પુદ્ગલદ્રવ્ય લોકરૂપ મહાસ્કંધની અપેક્ષાએ સર્વગત છે, બાકીના પુદ્ગલની અપેક્ષાએ સર્વગત નથી વળી કાલદ્રવ્ય એક

---

૧. પાઠાન્તર:–तत्परिणतः=तु परिणतः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**प्रमाणनानाकालाणुविवक्षया लोके सर्वगतं भवति । 'इदरम्हि यपवेसो' यद्यपि सर्वद्रव्याणि व्यवहारेणैकक्षेत्रावगाहेनान्योन्यानुप्रवेशेन तिष्ठन्ति तथापि निश्चयनयेन चेतनादिस्वकीयस्वकीयस्वरूपं न त्यजन्तीति । तथा चोक्तम्—"अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णमण्णस्स । मेलंता वि य णिच्चं सगसब्भावं ण विजहंति ॥" । इदमत्र तात्पर्यम् । व्यवहारसम्यक्त्वविषयभूतेषु षड्द्रव्येषु मध्ये वीतरागचिदानन्दैकादिगुणस्वभावं शुभाशुभमनोवचनकायव्यापाररहितं निजशुद्धात्मद्रव्यमेवोपादेयम् ॥२८॥ एवमेकोनविंशतिसूत्रप्रमितस्थले निश्चयव्यवहारमोक्षमार्गप्रतिपादकत्वेन पूर्वसूत्रत्रयं गतम् । इदं [१]पुनरन्तरं स्थलं चतुर्दशसूत्रप्रमितं षड्द्रव्यध्येयभूतव्यवहारसम्यक्त्वव्याख्यानमुख्यत्वेन समाप्तमिति ।**

**अथ संशयविपर्ययानध्यवसायरहितं सम्यग्ज्ञानं प्रकटयति—**

---

એક કાલાણુદ્રવ્યની અપેક્ષાએ સર્વગત નથી, લોકના પ્રદેશો જેટલા અનેક કાલાણુની વિવક્ષાથી લોકમાં સર્વગત છે.

( ૧૨ ) ' **इदरम्हि यपवेसो** ' જો કે સર્વ દ્રવ્યો વ્યવહારનયથી એકક્ષેત્રાવગાહે-કરીને એક બીજામાં પ્રવેશીને રહે છે તોપણ નિશ્ચયનયથી ચેતનાદિ પોતપોતાનું સ્વરૂપ છોડતાં નથી. ( શ્રી પંચાસ્તિકાય ગાથા ૭માં કહ્યું પણ છે કે " **अण्णोण्णं पविसंता दिंता ओगासमण्णस्स । मेलंता विय णिच्चं सगं सभावं ण विजहति ॥** ( **અર્થ**.—તેઓ ( –છએ દ્રવ્યો ) એક બીજામાં પ્રવેશ કરે છે, અન્યોન્ય અવકાશ આપે છે પરસ્પર ( ક્ષીર નીરવત્ ) મળી જાય છે તોપણ સદા પોતપોતાના સ્વભાવને છોડતાં નથી. )

અહીં આ તાત્પર્ય છે કે વ્યવહારસમ્યક્ત્વનાં વિષયભૂત છ દ્રવ્યોમાં એક ( કેવલ ) વીતરાગ ચિદાનંદ આદિ અનંતગુણસ્વરૂપ, શુભાશુભ મન, વચન, કાયના વ્યાપારથી રહિત એક નિજશુદ્ધાત્મદ્રવ્ય જ ઉપાદેય છે. ૨૮.

એ પ્રમાણે ઓગણીસ ગાથાસૂત્રોના સ્થલમાં નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગના કથનની મુખ્યતાથી પૂર્વના ત્રણ સૂત્રો સમાપ્ત થયાં. અને આ ચૌદ સૂત્રોનું અન્તરસ્થલ, છ દ્રવ્યો જેનું ધ્યેય છે ( જેનો વિષય છે ) એવા વ્યવહાર સમ્યક્ત્વનાં વ્યાખ્યાનની મુખ્યતાથી સમાપ્ત થયું.

હવે સંશય, વિપર્યય અને અધ્યવસાય રહિત જે સમ્યગ્જ્ઞાન છે તેને પ્રગટ કરે છેઃ—

---

૧ પાઠાન્તરઃ—**पुनरन्तरं स्थलं=पुनरन्तरस्थलं**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१५५) जं जह थक्कउ दव्वु जिय तं तह जाणइ जो जि ।
अप्पहं केरउ भावडउ णाणु मुणिज्जहि सो जि ॥ २९ ॥

यद् यथा स्थितं द्रव्यं जीव तत् तथा जानाति य एव ।
आत्मनः संबन्धी भावः ज्ञानं मन्यस्व स एव ॥ २९ ॥

जं इत्यादि । जं यत् जह यथा थक्कउ स्थितं दव्वु द्रव्यं जिय हे जीव तं तत् तह तथा जाणइ जानाति जो जि य एव । य एव कः । अप्पहं केरउ भावडउ आत्मनः संबन्धी भावः परिणामः णाणु मुणिज्जहि ज्ञानं मन्यस्व जानीहि सो जि स एव पूर्वोक्त आत्मपरिणाम इति । तथा च यद् द्रव्यं यथा स्थितं सत्तालक्षणं उत्पादव्ययध्रौव्यलक्षणं वा गुणपर्यायलक्षणं वा सप्तभङ्गयात्मकं वा तत् तथा जानाति य आत्मसंबन्धी स्वपरिच्छेदको भावः परिणामस्तत् सम्यग्ज्ञानं भवति । अयमत्र भावार्थः । व्यवहारेण सविकल्पावस्थायां तत्त्वविचारकाले स्वपरपरिच्छेदकं ज्ञानं भण्यते । निश्चयनयेन पुनर्वीतरागनिर्विकल्पसमाधिकाले बहिरुपयोगो यद्यप्यनीहितवृत्त्या निरस्तस्तथापीहापूर्वकविकल्पाभावाद्गौणत्वमितिकृत्वा स्वसंवेदनज्ञानमेव ज्ञानमुच्यते ॥ २९ ॥

---

### ગાથા–૨૯

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ ! [ यः एव आत्मनः संबन्धी भावः ] જે આત્માનો પરિણામ [ यत् यथास्थितं द्रव्यं तत् तथा ] દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તેવા જ સ્વરૂપે તેને [ जानाति ] જાણે છે [ सः एव ] તે આત્મપરિણામ જ [ ज्ञानं ] જ્ઞાન છે [ मन्यस्व ] એમ તું જાણ.

**ભાવાર્થ:**—જે દ્રવ્ય જેવી રીતે સ્થિત છે તેવી રીતે અર્થાત્ જે સત્તાસ્વરૂપ છે, ઉત્પાદવ્યય ધ્રૌવ્યસ્વરૂપ છે અથવા ગુણપર્યાયસ્વરૂપ છે અથવા સાત ભંગીસ્વરૂપ છે તેવી રીતે તેને જે આત્માનો સ્વપરપરિચ્છેદક ભાવ-પરિણામ–જાણે છે તે સમ્યગ્જ્ઞાન છે.

અહીં આ ભાવાર્થ છે કે વ્યવહારનયથી સવિકલ્પ–અવસ્થામાં તત્ત્વના વિચારકાલે સ્વપરિચ્છેદક જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે; અને નિશ્ચયનયથી વીતરાગનિર્વિકલ્પ સમાધિના કાલે, જો કે બહિર ઉપયોગ અનીહિત છે ખરો તોપણ ઇહાપૂર્વક વિકલ્પનો અભાવ હોવાને લીધે તેનું ગૌણપણું હોવાથી સ્વસંવેદનજ્ઞાનને જ જ્ઞાન કહેવામાં આવે છે. ૨૯.

હવે સ્વપરદ્રવ્યને જાણીને રાગાદિરૂપ જે પરદ્રવ્યના સંકલ્પવિકલ્પનો ત્યાગ કરીને સ્વસ્વરૂપમાં સ્થિતિ થવી તે જ્ઞાની જીવોનું સમ્યગ્ ચરિત્ર છે એમ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

अथ स्वपरद्रव्यं ज्ञात्वा रागादिरूपपरद्रव्यविषयसंकल्पविकल्पत्यागेन स्वस्वरूपे अवस्थानं ज्ञानिनां चारित्रमिति प्रतिपादयति—

१५६) जाणवि मण्णवि अप्पु परु जो पर–भाउ चएइ ।
सो णिउ सुद्धउ भावडउ णाणिहिं चरणु हवेइ ॥३०॥

ज्ञात्वा मत्वा आत्मानं परं यः परभावं त्यजति ।
स निजः शुद्धः भावः ज्ञानिनां चरणं भवति ॥ ३० ॥

जाणवि इत्यादि । जाणवि सम्यग्ज्ञानेन ज्ञात्वा न केवलं ज्ञात्वा मण्णवि तत्त्वार्थश्रद्धानलक्षणपरिणामेन मत्वा श्रद्धाय । कम् । अप्पु परु आत्मानं च परं च जो यः कर्ता परभाउ परभावं चएइ त्यजति सो स पूर्वोक्तः णिउ निजः सुद्धउ भावडउ शुद्धो भावो णाणिहिं चरणु हवेइ ज्ञानिनां पुरुषाणां चरणं भवतीति । तद्यथा । वीतरागसहजानन्दैकस्वभावं स्वद्रव्यं तद्विपरीतं परद्रव्यं च संशयविपर्ययानध्यवसायरहितेन ज्ञानेन पूर्वं ज्ञात्वा शङ्कादिदोषरहितेन सम्यक्त्व-परिणामेन श्रद्धाय च यः कर्ता मायामिथ्यानिदानशल्यप्रभृतिसमस्तचिन्ताजाल-

---

### ગાથા—૩૦

**અન્વયાર્થઃ**—[ आत्मानं परं ] સ્વપરને [ ज्ञात्वा ] સમ્યગ્જ્ઞાનથી જાણીને, તેમ જ [ मत्वा ] તત્ત્વાર્થ શ્રદ્ધાનસ્વરૂપ પરિણામથી શ્રદ્ધીને પણ [ यः ] જે [ परभावं ] પરભાવને [ त्यजति ] છોડે છે [ सः निजशुद्धभावं ] તે નિજશુદ્ધભાવ [ ज्ञानीनां चरणं ] જ્ઞાની પુરુષોનું ચારિત્ર [ भवति ] છે.

**ભાવાર્થ**:—વીતરાગ સહજ આનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વદ્રવ્યને અને તેનાથી વિપરીત પરદ્રવ્યને સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત એવા જ્ઞાન વડે જાણીને અને શંકાદિ દોષ રહિત એવા સમ્યક્ત્વ પરિણામથી શ્રદ્ધીને, માયા, મિથ્યાત્વ અને નિદાન એ ત્રણ શલ્યથી માંડીને સમસ્ત ચિંતાજાલના ત્યાગ વડે, પરમાનંદરૂપ સુખરસાસ્વાદથી તૃપ્ત થઈને જે સ્થિતિ રહે છે તે પુરુષ જ અભેદથી ( અભેદનયથી ) નિશ્ચયચારિત્ર છે. ૩૦

આ પ્રમાણે મોક્ષ, મોક્ષફલ, મોક્ષમાર્ગાદિના પ્રતિપાદક બીજા મહાધિકારમાં નિશ્ચયવ્યવહારમોક્ષમાર્ગની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રો, છ દ્રવ્યોની શ્રદ્ધા જેનું સ્વરૂપ છે એવા વ્યવહારસમ્યક્ત્વના વ્યાખ્યાનની મુખ્યતાથી ચૌદ ગાથાસૂત્રો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રની મુખ્યતાથી બે સૂત્રો એ પ્રમાણે સમુદાયરૂપે ઓગણીસ સૂત્રોનું સ્થલ સમાપ્ત થયું.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्यागेन निजशुद्धात्मस्वरूपे परमानन्दसुखरसास्वादतृप्तो भूत्वा तिष्ठति स पुरुष एवाभेदेन निश्चयचारित्रं भवतीति भावार्थः ॥ ३० ॥ एवं मोक्षमोक्षफलमोक्षमार्गादिप्रतिपादक द्वितीयमहाधिकारमध्ये निश्चयव्यवहारमोक्षमार्गमुख्यत्वेन सूत्रत्रयं षड्द्रव्यश्रद्धानलक्षणव्यवहारसम्यक्त्वव्याख्यानमुख्यत्वेन सूत्राणि चतुर्दश, सम्यग्ज्ञानचारित्रमुख्यत्वेन सूत्रद्वयमिति समुदायेनैकोनविंशतिसूत्रस्थलं समाप्तम् ।

अथानन्तरमभेदरत्नत्रयव्याख्यानमुख्यत्वेन सूत्राष्टकं कथ्यते, तत्रादौ तावत् रत्नत्रयभक्तभव्यजीवस्य लक्षणं प्रतिपादयति—

**१५७) जो भत्तउ रयण–त्तयहँ तसु मुणि लक्खणु एउ ।**
**अप्पा मिल्लिवि गुण-णिलउ तासु वि अण्णु ण झेउ ॥३१॥**

यः भक्तः रत्नत्रयस्य तस्य मन्यस्व लक्षणं एतत् ।
आत्मानं मुक्त्वा गुणनिलयं तस्यापि अन्यत् न ध्येयम् ॥ ३१ ॥

जो इत्यादि । जो यः भत्तउ भक्तः । कस्य । रणयत्तयहं रत्नत्रयसंयुक्तस्य तसु तस्य जीवस्य मुणि मन्यस्व जानीहि हे प्रभाकरभट्ट । किं जानीहि । लक्खणु लक्षणं एउ इदमग्रे वक्ष्यमाणम् । इदं किम् । अप्पा मिल्लिवि आत्मानं मुक्त्वा । किं विशिष्टम् । गुणणिलउ गुणनिलयं गुणगृहं तासु वि तस्यैव जीवस्य अण्णु ण झेउ निश्चयेनान्यद्बहिर्द्रव्यं ध्येयं न भवतीति । तथाहि । व्यवहारेण वीतरागसर्वज्ञप्रणीतशुद्धात्मतत्त्वप्रभृतिषड्द्रव्यपञ्चास्तिकायसप्ततत्त्व-

---

ત્યાર પછી અભેદ રત્નત્રયના વ્યાખ્યાનની મુખ્યતાથી આઠ સૂત્રો કહે છે, તેમાં પ્રથમ તો રત્નત્રયના ભક્ત ભવ્ય જીવનું લક્ષણ કહે છેઃ—

## ગાથા–૩૧

**અન્વયાર્થ:**—હે પ્રભાકરભટ્ટ ! [ यः ] જે જીવ [ रत्नत्रयस्य भक्तः ] રત્નત્રયનો ભક્ત છે [ तस्य ] તે જીવનું [ इदं लक्षणं ] આ લક્ષણ તું [ मन्यस्व ] જાણ કે [ गुणनिलयं आत्मानं मुक्त्वा ] ગુણના ધામ એવા આત્માને છોડીને [ तस्य अन्यत ] નિશ્ચયથી આત્માથી બીજું કોઈ બહિર્દ્રવ્ય [ न ध्येयं ] ધ્યાવવા યોગ્ય નથી.

**ભાવાર્થ:**—વ્યવહારનયથી વીતરાગ સર્વજ્ઞપ્રણીત શુદ્ધાત્મતત્ત્વાદિ, છ દ્રવ્ય પંચાસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, અને અહિંસાદિ વ્રત, શીલના પરિપાલનરૂપ ભેદરત્નત્રયનો અને નિશ્ચયનયથી વીતરાગ સદા–આનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पदार्थविषये सम्यक् श्रद्धानज्ञानाहिंसादिव्रतशीलपरिपालनरूपस्य भेदरत्नत्रयस्य निश्चयेन वीतरागसदानन्दैकरूपसुखसुधारसास्वादपरिणतनिजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धान-ज्ञानानुचरणरूपस्याभेदरत्नत्रयस्य च योऽसौ भक्तस्तस्येदं लक्षणं जानीहि । इदं किम् । यद्यपि व्यवहारेण सविकल्पावस्थायां चित्तस्थितिकरणार्थं देवेन्द्रचक्र-वर्त्यादिविभूतिविशेषकारणं परंपरया शुद्धात्मप्राप्तिहेतुभूतं पञ्चपरमेष्ठिरूपस्तववस्तु-स्तवगुणस्तवादिकं वचनेन स्तुत्यं भवति मनसा च तदक्षररूपादिकं प्राथमिकानां ध्येयं भवति, तथापि पूर्वोक्तनिश्चयरत्नत्रयपरिणतिकाले केवलज्ञानाद्यनन्तगुणपरिणतः स्वशुद्धात्मैव ध्येय इति । अत्रेदं तात्पर्यम् । योऽसावनन्तज्ञानादिगुणः शुद्धात्मा ध्येयो भणितः स एव निश्चयेनोपादेय इति ॥ ३१ ॥

अथ ये ज्ञानिनो निर्मलरत्नत्रयमेवात्मानं मन्यन्ते शिवशब्दवाच्यं ते मोक्षपदाराधकाः सन्तो निजात्मानं ध्यायन्तीति निरूपयति—

१५८) जे रयण-त्तउ णिम्मलउ णाणिय अप्पु भणंति ।
ते आराहय सिव-पयहँ णिय-अप्पा झायंति ॥ ३२ ॥

ये रत्नत्रयं निर्मलं ज्ञानिनः आत्मानं भणन्ति ।
ते आराधकाः शिवपदस्य निजात्मानं ध्यायन्ति ॥ ३२ ॥

---

જેનું એક રૂપ છે એવા સુખસુધારસના આસ્વાદથી પરિણત નિજશુદ્ધાત્મતત્ત્વનાં સમ્યક્‌શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્‌અનુચરણરૂપ અભેદરત્નત્રયનો જે ભક્ત છે તેનું આ લક્ષણ જાણો. આ કયું ? જો કે વ્યવહારનયથી સવિકલ્પ અવસ્થામાં ચિત્તને સ્થિર કરવા માટે દેવેન્દ્ર ચક્રવર્તી આદિ વિભૂતિનું વિશેષ કારણ, પરંપરાએ શુદ્ધ આત્માની પ્રાપ્તિના હેતુભૂત એવાં, પંચપરમેષ્ઠીના રૂપનું સ્તવન, વસ્તુસ્તવન, ગુણસ્તવનાદિક વચનથી સ્તવવા યોગ્ય છે અને પ્રાથમિકોને મનથી તેના અક્ષરરૂપાદિક ધ્યાવવા યોગ્ય છે તોપણ, પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયની પરિણતિના કાલે કેવલજ્ઞાનાદિ અનંતગુણપરિણત સ્વશુદ્ધાત્મા જ ધ્યાવવા યોગ્ય છે.

અહીં આ તાત્પર્ય છે કે અનંતગુણવાળો જે શુદ્ધાત્મા ધ્યાવવા યોગ્ય કહ્યો છે તે જ નિશ્ચયથી ઉપાદેય છે. ૩૧

હવે જે જ્ઞાનીઓ નિર્મલરત્નત્રયને જ આત્મા માને છે તેઓ મોક્ષપદના આરાધક થતા થકા ‘ શિવ ’ શબ્દથી વાચ્ય એવા નિજ આત્માને ધ્યાવે છે એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जे इत्यादि । ये केचन रयणत्तउ रत्नत्रयम् । कथंभूतम् । णिम्मलउ निर्मलं रागादिदोषरहितम् । कथंभूता ये । णाणिय ज्ञानिनः । किं कुर्वन्ति । अप्पु भणंति पूर्वोक्तरत्नत्रयस्वरूपमेवात्मानं, आत्मस्वरूपं कर्मतापन्नं भणंति मन्यन्ते ते आराहय ते पूर्वोक्ताः पुरुषाः आराधका भवन्ति । कस्य । सिवपयहं शिवपदस्य शिवशब्दवाच्यमोक्षपदस्य । मोक्षपदाराधकाः सन्तः किं कुर्वन्ति । णियअप्पा झायंति निजात्मानं कर्मतापन्नं ध्यायन्ति इति । तथा च ये केचन वीतराग-स्वसंवेदनज्ञानिनः परमात्मानं सम्यक्श्रद्धानज्ञानानुष्ठानलक्षणं निश्चयरत्नत्रयमेवा-भेदनयेन निजशुद्धात्मानं मन्यन्ते ते शिवशब्दवाच्यमोक्षपदाराधका भवन्ति । आराधकाः सन्तः किं ध्यायन्ति । विशुद्धज्ञानदर्शनं स्वशुद्धात्मस्वरूपं निश्चयनयेन ध्यायन्ति भावयन्तीत्यभिप्रायः ॥ ३२ ॥

अथात्मानं गुणस्वरूपं रागादिदोषरहितं ये ध्यायन्ति ते शीघ्रं नियमेन मोक्षं लभन्ते इति प्रकटयति—

---

## ગાથા–૩૨

**અન્વયાર્થ:**—[ ये ज्ञानिनः ] જે જ્ઞાનીઓ [ निर्मलं ] નિર્મલ [ रत्नत्रयं ] રત્નત્રયને [ आत्मानं ] આત્મા [ भणन्ति ] કહે છે. [ ते ] તે પુરુષો [ शिवपदस्य ] [ आराधकाः ] શિવપદના આરાધક છે અને તેઓ જ [ निजात्मानं ] નિજ આત્માને [ ध्यायन्ति ] ધ્યાવે છે

**ભાવાર્થ:**—જે કોઈ જ્ઞાનીઓ નિર્મલ-રાગાદિ દોષ રહિત–રત્નત્રયનેરત્નત્રયસ્વરૂપ આત્માને જ-આત્માનું સ્વરૂપ માને છે તે પુરુષો ‘શિવ’ પદથી વાચ્ય એવા મોક્ષ-પદના આરાધક છે મોક્ષપદના આરાધક થયા થકા તેઓ નિજ આત્માને ધ્યાવે છે.

**વિસ્તાર:**—જે કોઈ વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાનીઓ પરમાત્માને સમ્યક્ શ્રદ્ધાન સમ્યગ્જ્ઞાન, સમ્યગ્અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયને જ અભેદનયથી નિજ શુદ્ધ આત્માને માને છે તેઓ ‘શિવ’ શબ્દથી વાચ્ય એવા મોક્ષપદના આરાધક છે.

તેઓ આરાધક થયા થકા કોને ધ્યાવે છે? તેઓ આરાધક થયા થકા વિશુદ્ધજ્ઞાનદર્શનવાળા સ્વશુદ્ધાત્મસ્વરૂપને નિશ્ચય નયથી ધ્યાવે છે-ભાવે છે. એવો અભિપ્રાય છે. ૩૨.

હવે જેઓ રાગાદિદોષ રહિત, અનંતગુણસ્વરૂપ આત્માને ધ્યાવે છે તેઓ શીઘ્ર નિયમથી મોક્ષ પામે છે એમ પ્રગટ કરે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१५९) अप्पा गुणमउ णिम्मलउ अणुदिणु जे झायंति ।
ते पर णियमेँ परम-मुणि लहु णिव्वाणु लहंति ॥ ३३ ॥

आत्मानं गुणमय निर्मलं अनुदिनं ये ध्यायन्ति ।
ते परं नियमेन परममुनयः लघु निर्वाण लभन्ते ॥ ३३ ॥

अप्पा इत्यादि । अप्पा आत्मानं कर्मतापन्नम् कथंभूतम् । गुणमउ गुणमयं केवलज्ञानाद्यनन्तगुणनिर्वृत्तम् । पुनरपि कथंभूतम् । णिम्मलउ निर्मलं भावकर्म-द्रव्यकर्मनोकर्ममलरहितं अणुदिणु दिनं दिनं प्रति अनुदिनमनवरतमित्यर्थः । इत्थंभूतमात्मानं जे झायंति ये केचन ध्यायन्ति ते पर ते एव नान्ये णियमें निश्चयेन । किंविशिष्टास्ते । परममुणि परममुनयः लहु लघु शीघ्रं लहंति लभन्ते । किं लभन्ते । णिव्वाणु निर्वाणमिति । अत्राह प्रभाकरभट्टः । अत्रोक्तं भवद्भिर्य एव शुद्धात्मध्यानं कुर्वन्ति त एव मोक्षं लभन्ते न चान्ये । चारित्र-सारादौ पुनर्भणितं द्रव्यपरमाणुं भावपरमाणुं वा ध्यात्वा केवलज्ञानमुत्पादयन्ती-

---

ગાથા—૩૩

**અન્વયાર્થ:**—[ ये ] જે કોઇ [ गुणमयं ] ગુણમય-કેવલજ્ઞાનાદિ અનંતગુણથી રચાયેલ, [ निर्मलं ] નિર્મલ-ભાવકર્મ, નોકર્મ અને દ્રવ્યકર્મથી રહિત-[ आत्मानं ] આત્માને [ अनुदिनं ] નિરંતર [ ध्यायन्ति ] ધ્યાવે છે [ ते परं परममुनयः ] તે જ પરમમુનિઓ [ नियमेन ] નિશ્ચયથી [ निर्वाणं ] નિર્વાણને [ लघु ] શીઘ્ર [ लभंते ] પામે છે, અન્ય નહિ.

**ભાવાર્થ:**—આ કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે અહીં આપે કહ્યું કે-જે શુદ્ધ આત્માનું ધ્યાન કરે છે તે જ મોક્ષ પામે છે, બીજો કોઇ નહિ; જ્યારે ચારિત્રસાર આદિ ગ્રંથોમાં કહ્યું છે કે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુને ધ્યાવીને કેવલજ્ઞાન ઉત્પન્ન કરે છે તો આ વિષયમાં મને સંદેહ છે.

અહીં શ્રી યોગીન્દ્રદેવ પરિહાર કહે છેઃ—ત્યાં ' દ્રવ્યપરમાણુ ' શબ્દથી દ્રવ્યનું સૂક્ષ્મપણું અને ' ભાવપરમાણુ ' શબ્દથી ભાવનું સૂક્ષ્મપણું સમજવું પણ પુદ્ગલદ્રવ્ય-પરમાણુ ન સમજવો. સર્વાર્થસિદ્ધિની ટીકામાં પણ કહ્યું છે કે ' દ્રવ્યપરમાણુ ' શબ્દથી દ્રવ્યની સૂક્ષ્મતા અને ' ભાવપરમાણુ ' શબ્દથી ભાવની સૂક્ષ્મતા સમજવી. તે આ પ્રમાણે-દ્રવ્ય અર્થાત્ આત્મદ્રવ્ય સમજવું, તેની ' પરમાણુ ' શબ્દથી સૂક્ષ્મ અવસ્થા સમજવી. તે સૂક્ષ્મ અવસ્થા રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



त्यत्र विषये अस्माकं संदेहोऽस्ति । अत्र श्रीयोगीन्द्रदेवाः परिहारमाहुः । तत्र द्रव्यपरमाणुशब्देन द्रव्यसूक्ष्मत्वं भावपरमाणुशब्देन भावसूक्ष्मत्वं ग्राह्यं न च पुद्गलद्रव्यपरमाणुः । तथा चोक्तं सर्वार्थसिद्धिटिप्पणिके । द्रव्यपरमाणुशब्देन द्रव्यसूक्ष्मत्वं भावपरमाणुशब्देन भावसूक्ष्मत्वमिति । तद्यथा । द्रव्यमात्मद्रव्यं तस्य परमाणुशब्देन सूक्ष्मावस्था ग्राह्या । सा च रागादिविकल्पोपाधिरहिता तस्य सूक्ष्मत्वं कथमिति चेत्, निर्विकल्पसमाधिविषयत्वेनेन्द्रियमनोविकल्पातीतत्वात् । भावशब्देन स्वसंवेदनपरिणामः तस्य भावस्य परमाणुशब्देन सूक्ष्मावस्था ग्राह्या । सूक्ष्मा कथमिति चेत् । वीतरागनिर्विकल्पसमरसीभावविषयत्वेन पञ्चेन्द्रियमनोविषयातीतत्वादिति । पुनरप्याह । इदं परद्रव्यावलम्बनं ध्यानं निषिद्धं किल भवद्भिः निजशुद्धात्मध्यानेनैव मोक्षः [1]कुत्रापि भणितमास्ते । परिहारमाह— 'अप्पा झायहि णिम्मलउ' इत्यत्रैव ग्रन्थे निरन्तरं भणितमास्ते, ग्रन्थान्तरे च समाधिशतकादौ पुनश्चोक्तं तैरेव पूज्यपादस्वामिभिः—"आत्मानमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपजनयन् स स्वयंभूः प्रवृत्तः" अस्यार्थः । आत्मानं कर्मतापन्नं

---

**શંકાઃ**—તે સૂક્ષ્મ કઇ રીતે છે ?

**તેનું સમાધાનઃ**—નિર્વિકલ્પ સમાધિનો વિષય હોવાથી અને ઇન્દ્રિય, મનના વિકલ્પથી અતીત હોવાથી તેને સૂક્ષ્મપણું હોય છે.

'ભાવ' શબ્દથી સ્વસંવેદનપરિણામ સમજવા, તે ભાવની 'પરમાણુ' શબ્દથી સૂક્ષ્મ અવસ્થા સમજવી.

**શંકાઃ**—તે ( સૂક્ષ્મ અવસ્થા ) સૂક્ષ્મ કઈ રીતે છે ?

**તેનું સમાધાનઃ**—વીતરાગ નિર્વિકલ્પ સમરસીભાવનો વિષય હોવાથી અને પંચેન્દ્રિય, મનના વિષયથી રહિત હોવાથી તેને સૂક્ષ્મપણું છે. શિષ્ય ફરી પૂછે છે કે ખરેખર આપે આ પરદ્રવ્યના આલંબનરૂપ ધ્યાનનો નિષેધ કર્યો ને નિજશુદ્ધાત્માના ધ્યાનથી જ મોક્ષ છે એમ કહ્યું, તો આવું કથન ક્યાં કહેલ છે ?

તેનો પરિહાર કહે છે 'अप्पा सायहि णिम्मलउ'

( **અર્થઃ**—નિર્મલ આત્માનું ધ્યાન કરો ) એવું કથન આ ગ્રંથમાંજ નિરંતર કહેતા આવ્યા છીએ. તે જ પૂજ્યપાદસ્વામીએ શ્રીસિદ્ધભક્તિ ( ગાથા ૪ ) માં પણ કહ્યું છે કે "आत्मानमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपजनयन् स स्वयंभूः प्रवृत्तः"

---

[1] પાઠાન્તરઃ—कुत्रापि=कुत्र

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा कर्ता आत्मन्येवाधिकरणभूते असौ पूर्वोक्तात्मा आत्मना करणभूतेन क्षणमन्तर्मुहूर्तमात्रं उपजनयन् निर्विकल्पसमाधिनाराधयन् स स्वयंभूः प्रवृत्तः सर्वज्ञो जात इत्यर्थः । ये च तत्र द्रव्यभावपरमाणुध्येयलक्षणे शुक्लध्याने द्वयधिकचत्वारिंशद्विकल्पा भणितास्तिष्ठन्ति ते पुनरनीहितवृत्त्या ग्राह्याः । केन दृष्टान्तेनेति चेत् । यथा प्रथमौपशमिकसम्यक्त्वग्रहणकाले परमागमप्रसिद्धानधः प्रवृत्तिकरणादिविकल्पान् जीवः करोति न चात्रेहादिपूर्वकत्वेन स्मरणमस्ति तथात्र शुक्लध्याने चेति । इदमत्र तात्पर्यम् । प्राथमिकानां चित्तस्थितिकरणार्थं विषयकषायदुर्ध्यानवञ्चनार्थं च परंपरया मुक्तिकारणमर्हदादिपरद्रव्यं ध्येयम्, पश्चात् चित्ते स्थिरीभूते साक्षान्मुक्तिकारणं स्वशुद्धात्मतत्त्वमेव ध्येयं नास्त्येकान्तः, एवं साध्यसाधकभावं ज्ञात्वा ध्येयविषये विवादो न कर्तव्यः इति ॥ ३३ ॥

अथ सामान्यग्राहकं निर्विकल्पं सत्तावलोकदर्शनं कथयति—

---

[१]તેનો **અર્થ**:—પોતે પોતાને પોતામાં પોતાથી અન્તર્મુહૂર્તમાત્ર નિર્વિકલ્પ સમાધિ વડે આરાધતો થકો સ્વયંભૂ થાય છે—સર્વજ્ઞ થાય છે. દ્રવ્યભાવપરમાણુ ( દ્રવ્યસૂક્ષ્મપણું અને ભાવસૂક્ષ્મપણું ) ધ્યેયસ્વરૂપે હોય છે એવા શુક્લધ્યાનમાં સિદ્ધાંતમાં જે બેતાલીશ ભેદો કહ્યા છે તે પણ અનીહિત વૃત્તિથી સમજવા. કયા દૃષ્ટાંતથી ? એવા પ્રશ્નના ઉત્તરમાં તેનું દૃષ્ટાંત આપવામાં આવે છે.

જેવી રીતે પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વના ગ્રહણ સમયે પરમાગમમાં પ્રસિદ્ધ અધઃપ્રવૃત્તિકરણાદિ ભેદોને જીવ કરે છે પણ અહીં ઈહાઆદિપૂર્વકપણાથી હોતું નથી, તેવી રીતે અહીં શુક્લધ્યાનમાં પણ સમજવું.

અહીં આ તાત્પર્ય છે કે પ્રાથમિક જીવોને ચિત્તને સ્થિર કરવા માટે અને વિષયકષાયરૂપ દુર્ધ્યાનની વંચનાર્થે પરંપરાએ મુક્તિનું કારણ એવું અર્હંતાદિ પરદ્રવ્ય ધ્યાવવા યોગ્ય છે, પછી ચિત્ત જ્યારે સ્થિર થાય ત્યારે સાક્ષાત્ મુક્તિનું કારણ એવું સ્વશુદ્ધાત્મતત્ત્વ જ ધ્યાવવા યોગ્ય છે, ત્યાં એકાંત નથી, એ પ્રમાણે સાધ્યસાધકભાવ જાણીને ધ્યેયના વિષયમાં વિવાદ કરવો નહિ. ૩૩.

હવે સામાન્યનું ગ્રાહક, નિર્વિકલ્પ સત્તાવલોકનરૂપ દર્શનનું કથન કરે છે:—

---

૧ આત્મા કર્તાપણે આત્મસ્વરૂપ અધિકરણમાં આત્મારૂપ કરણ વડે ( સાધન વડે ) આત્મારૂપ કર્મને ક્ષણ–અન્તર્મુહૂર્તમાત્ર ઉપજાવતો થકો-નિર્વિકલ્પ સમાધિવડે આરાધતો થકો સ્વયમેવ જ સર્વજ્ઞ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१६०) सयल–पयत्थहँ जं गहणु जीवहँ अग्गिमु होइ ।
वत्थु–विसेस–विवज्जयउ तं णिय–दंसणु जोइ ॥ ३४ ॥

सकलपदार्थानां यद् ग्रहणं जीवानां अग्रिमं भवति ।
वस्तुविशेषविवर्जितं तत् निजदर्शनं पश्य ॥ ३४ ॥

सयल इत्यादि । सयलपयत्थहं सकलपदार्थानां जं गहणु यद् ग्रहणमवलोकनम् । कस्य । जीवहं जीवस्य अथवा बहुवचनपक्षे 'जीवहं' जीवानाम् । कथंभूतमवलोकनम् । अग्गिमु अग्रिमं सविकल्पज्ञानात्पूर्वं होइ भवति । पुनरपि कथंभूतम् । वत्थुविसेसविवज्जियउ वस्तुविशेषविवर्जितं शुक्लमिदमित्यादिविकल्परहितं तं तत्पूर्वोक्तलक्षणं णियदंसणु निज आत्मा तस्य दर्शनमवलोकनं जोइ पश्य जानीहीति । अत्राह प्रभाकरभट्टः । निजात्मा तस्य दर्शनमवलोकनं दर्शनमिति व्याख्यातं भवद्भिरिदं तु सत्तावलोकदर्शनं मिथ्यादृष्टीनामप्यस्ति तेषामपि मोक्षो भवतु । परिहारमाह । चक्षुरचक्षुरवधिकेवलभेदेन चतुर्धा दर्शनम् । अत्र चतुष्टयमध्ये मानसमचक्षुर्दर्शनमात्मग्राहकं भवति, तच्च मिथ्यात्वादिसप्तप्रकृत्युपशमक्षयोपशमक्षयजनिततत्त्वार्थश्रद्धानलक्षणसम्यक्त्वाभावात् शुद्धात्मतत्त्वमेवोपादेयमिति श्रद्धा-

---

ગાથા–૩૪

**અન્વયાર્થ**—[ जीवानां ] જીવને અથવા જીવોને [ अग्रिमं ] સવિકલ્પ જ્ઞાનની પહેલાં, [ सकलपदार्थानां ] સકલ પદાર્થોનું [ वस्तुविशेषविवर्जितं ] વસ્તુવિશેષ રહિત આ સફેદ છે ઈત્યાદિ ભેદ રહિત [ यद् ग्रहणं ] જે અવલોકન છે [ तत ] તેને તું [ निजदर्शनं ] નિજ આત્માનું દર્શન–અવલોકન– [ पश्य ] દેખ–જાણ.

**ભાવાર્થઃ—શંકાઃ**—અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે નિજ આત્મા તેનું દર્શન–અવલોકન તે દર્શન છે એમ આપે કહ્યું, આ સત્તાવલોકનરૂપદર્શન તો મિથ્યાદૃષ્ટિઓને પણ હોય છે, તેમનો પણ મોક્ષ થાય.

**તેનો પરિહારઃ**—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શનના ભેદથી દર્શન ચાર પ્રકારનું છે. આ ચાર ભેદોમાં માનસ–અચક્ષુદર્શન ( મનસંબંધી અચક્ષુદર્શન ) આત્મગ્રાહક હોય છે અને તે, મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિઓના ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષયજનિત તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનો અભાવ હોવાથી 'શુદ્ધાત્મતત્ત્વ જ ઉપાદેય છે' એવી શ્રદ્ધાનો અભાવ હોતાં, તે મિથ્યાદૃષ્ટિઓને હોતું નથી એવો ભાવાર્થ છે. ૩૪.

હવે છદ્મસ્થ જીવોને સત્તાવલોકનદર્શનપૂર્વક જ્ઞાન થાય છે એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नाभावे सति तेषां मिथ्यादृष्टीनां न भवत्येवेति भावार्थः ॥ ३४ ॥

अथ छद्मस्थानां सत्तावलोकदर्शनपूर्वकं ज्ञानं भवतीति प्रतिपादयति—

१६१) दंसणपुव्वु हवेइ फुडु जं जीवहँ विण्णाणु ।
वत्थु-विसेसु मुणंतु जिय तं मुणि अविचलु णाणु ॥ ३५ ॥

दर्शनपूर्वं भवति स्फुटं यत् जीवानां विज्ञानम् ।
वस्तुविशेषं जानन् जीव तत् मन्यस्व अविचलं ज्ञानम् ॥ ३५ ॥

दंसण पुव्वु इत्यादि । दंसणपुव्वु सामान्यग्राहकनिर्विकल्पसत्तावलोकदर्शनपूर्वकं हवेइ भवति फुडु स्फुटं जं यत् जीवहं जीवानाम् । किं भवति । विण्णाणु विज्ञानम् । किं कुर्वन् सन् । वत्थुविसेसु मुणंतु वस्तुविशेषं वर्णसंस्थानादिविकल्पपूर्वकं जानन् । जिय हे जीव । तं तत् मुणि मन्यस्व जानीहि । किं जानीहि अविचलु णाणु अविचलं संशयविपर्ययानध्यवसायरहितं ज्ञानमिति । तत्रेदं दर्शनपूर्वकं ज्ञानं व्याख्यातम् । यद्यपि शुद्धात्मभावनाव्याख्यानकाले प्रस्तुतं न भवति तथापि भणितं भगवता । कस्मादिति चेत् । चक्षुरचक्षुरवधिकेवलभेदेन दर्शनोपयोगश्चतुर्विधो भवति । तत्र चतुष्टमध्ये द्वितीयं यदचक्षुर्दर्शनं

---

ગાથા–૩૫

**અન્વયાર્થ:**—[ जीवानां ] જીવોને [ स्फुटं ] નિયમથી [ दर्शनपूर्वं ] સામાન્ય-ગ્રાહક નિર્વિકલ્પ સત્તાવલોકનદર્શનપૂર્વક [ वस्तु विशेषं जानन् ] વસ્તુ વિશેષને વર્ણ-સંસ્થાનાદિ ભેદપૂર્વક જાણવાવાળું [ यत विज्ञानं ] જે જ્ઞાન [ भवति ] થાય છે [ तत् ] તેને [ जीव ] હે જીવ ! તું [ अविचल ज्ञानं ] અવિચલ–સંશય, વિપર્યય, અનધ્યવસાય રહિત એવું જ્ઞાન [ मन्यस्व ] જાણ.

**ભાવાર્થ:**—અહીં આ દર્શનપૂર્વક જ્ઞાનનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે જો કે આ વ્યાખ્યાન શુદ્ધ આત્માની ભાવનાના વ્યાખ્યાનકાલે પ્રસ્તુત નથી તોપણ આપે કેમ કહ્યું ?

**ઉત્તર:**—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શનના ભેદથી દર્શનોપયોગ ચાર પ્રકારનો છે ભવ્ય જીવને દર્શનમોહ ચારિત્રમોહના ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય થતાં શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ-રુચિરૂપ–વીતરાગ સમ્યક્ત્વ હોય છે તેમ જ શુદ્ધાત્માની અનુભૂતિમાં સ્થિરતારૂપ વીતરાગ ચારિત્ર હોય છે તે કાલે તે ચાર ભેદોમાં જે બીજું મન સંબંધી નિર્વિકલ્પ–અચક્ષુ દર્શન છે તે મન સંબંધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मानसरूपं निर्विकल्पं यथा भव्यजीवस्य दर्शनमोहचारित्रमोहोपशमक्षयोपशमक्षयलाभे सति शुद्धात्मोनुभूतिरुचिरूपं वीतरागसम्यक्त्वं भवति तथैव च शुद्धात्मानुभूति-स्थिरतालक्षणं वीतरागचारित्रं भवति तदा काले तत्पूर्वोक्तं सत्तावलोकलक्षणं मानसं निर्विकल्पदर्शनं कर्तृ पूर्वोक्तनिश्चयसम्यक्त्वचारित्रबलेन निर्विकल्पनिज-शुद्धात्मानुभूतिध्यानेन सहकारिकारणं भवति । कस्य भवति । पूर्वोक्तभव्यजीवस्य न चाभव्यस्य । कस्मात् । निश्चयसम्यक्त्वचारित्राभावादिति भावार्थः ॥ ३५ ॥

अथ परमध्यानारूढो ज्ञानी समभावेन दुःखं सुखं सहमानः स एवाभेदेन निर्जराहेतुर्भण्यते इति दर्शयति—

१६२) दुक्खु वि सुक्खु सहंतु जिय णाणिउ झाण–णिलीणु ।
कम्महँ णिज्जर–हेउ तउ वुच्चइ संग–विहीणु ॥ ३६ ॥

दुःखमपि सुखं सहमानः जीव ज्ञानी ध्याननिलीनः ।
कर्मणः निर्जराहेतुः तपः उच्यते संगविहीनः ॥ ३६ ॥

---

પૂર્વોક્ત સત્તાવલોકનરૂપ નિર્વિકલ્પ દર્શન પૂર્વોક્ત નિશ્ચયસમ્યક્ત્વ અને નિશ્ચયચારિત્રના બળથી નિર્વિકલ્પ નિજ શુદ્ધ આત્માનુભૂતિરૂપ ધ્યાન વડે પૂર્વોક્ત ભાવ જીવને જેવી રીતે સહકારી કારણ થાય છે તેવી રીતે અભવ્ય જીવને નિશ્ચયસમ્યક્ત્વ અને ચારિત્રનો અભાવ હોવાથી સહકારી કારણ થતું નથી. ૩૫.

હવે પરમધ્યાનમાં ‘ આરૂઢ ’ જે જ્ઞાની ( તપોધન ) દુઃખ અને સુખને કરે છે તે જ મુનિ અભેદનયથી નિર્જરાનું કારણ છે એમ કહે છેઃ—

## ગાથા–૩૬

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! [ दुःखं अपि सुखं सहमानः अपि ] દુઃખ અને સુખને સહન કરતો થકો [ ध्याननिलीनः ] એક ( માત્ર ) વીતરાગ ચિદાનંદમાં એકાગ્રતારૂપ ધ્યાનમાં રત [ ज्ञानी ] જે વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાની તે [ दुःखं अपि सुखं सहमानः अपि ] દુઃખ અને સુખને સમભાવથી સહન કરતો થકો, અભેદ-નયથી [ कर्मणः निर्जराहेतुः उच्यते ] શુભાશુભ કર્મની નિર્જરાનું કારણ છે, માત્ર ધ્યાનમાં પરિણત પુરુષ નિર્જરાનું કારણ છે એટલું જ નહિ પણ [ तपः ] પરદ્રવ્યની ઇચ્છાના નિરોધરૂપ બાહ્ય-અભ્યંતર બાર પ્રકારના તપ પણ નિર્જરાનું કારણ છે. તે તપોધન અને તેમનું તપ કેવું છે ? [ संगविहीनः ] બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दुक्खु वि इत्यादि । दुक्खु वि सुक्खु सहंतु दुःखमपि सुखमपि समभावेन सहमानः सन् जिय हे जीव । कोऽसौ कर्ता । णाणिउ वीतरागस्वसंवेदनज्ञानी । किंविशिष्टः । झाण-णिलीणु वीतरागचिदानन्दैकाग्र्यध्याननिलीनो रतः स एवाभेदेन कम्महं णिज्जरहेउ शुभाशुभकर्मणो निर्जराहेतुरुच्यते न केवलं ध्यानपरिणतपुरुषो निर्जराहेतुरुच्यते तउ परद्रव्येच्छानिरोधरूपं बाह्याभ्यन्तरलक्षणं द्वादशविधं तपश्च । किंविशिष्टः स तपोधनस्तत्तपश्च । संगविहीनो संगविहीणु बाह्याभ्यन्तरपरिग्रहरहित इति । अत्राह प्रभाकरभट्टः । ध्यानेन निर्जरा भणिता भवद्भिः उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानमिति ध्यानलक्षणं, उत्तमसंहननाभावे कथं ध्यानमिति । भगवानाह । उत्तमसंहननेन यद्ध्यानं भणितं तदपूर्वगुणस्थानादिषूपशमक्षपकश्रेण्योर्यत् शुक्लध्यानं तदपेक्षया भणितम् । अपूर्वगुणस्थानादधस्तनगुणस्थानेषु धर्मध्यानस्य निषेधकं न भवति । तथाचोक्तं तत्त्वानुशासने ध्यानग्रन्थे—"यत्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः । श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तन्नाधस्तान्निषेधकम् ॥" । किं

---

**ભાવાર્થ:**—અહીં પ્રભાકરભટ્ટ પૂછે છે કે આપે ધ્યાનથી નિર્જરા કહી પણ ઉત્તમસંહનનવાળાને એકાગ્રચિંતાનિરોધ તે ધ્યાન છે, એવું ધ્યાનનું લક્ષણ છે તો પછી ( અત્યારે ) ઉત્તમસંહનના અભાવમાં ધ્યાન કેવી રીતે હોય ?

ભગવાન શ્રીગુરુ કહે છે—ઉત્તમસંહનન વડે જે ધ્યાન કહેવામાં આવ્યું છે તે અપૂર્વા ગુણસ્થાનાદિમાં ઉપશમક્ષપકશ્રેણીયોમાં જે શુકલધ્યાન હોય છે તેની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. પણ અપૂર્વકરણ ગુણસ્થાનથી નિચેના ગુણસ્થાનોમાં તે ધર્મધ્યાનનું નિષધક નથી ( ધર્મધ્યાનની આગમમાં ના કહી નથી ) ( શ્રી રામસેન કૃત ) તત્ત્વાનુશાસન નામના ગ્રંથમાં ( ગાથા ૮૪ માં ) ધ્યાનના વિષયમાં પણ કહ્યું છે કે "यत्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः । श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तन्नाधस्तान्निषेधकम् ॥" **અર્થ:**—વજ્રકાયવાળાને ધ્યાન હોય છે એવું આગમનું વચન છે તે તે ઉપશમ અને ક્ષપક એ બે શ્રેણીઓમાં શુકલધ્યાનને લક્ષમાં રાખીને કહેલ છે પણ આ કથન તેનાથી નીચેના ગુણસ્થાનમાં થતા ધ્યાનને કોઇપણ સંહનનમાં નિષેધ કરનારું નથી.

વળી રાગદ્વેષના અભાવસ્વરૂપ પરમ યથાખ્યાતરૂપ સ્વરૂપમાં ચરવું તે નિશ્ચય–ચારિત્ર કહેવાય છે, તેનો આ કાલમાં અભાવ હોવાથી તપોધનો અન્ય ચારિત્ર આચરો. શ્રી તત્ત્વાનુશાસન ( ગાથા ૮૬ માં ) પણ તેવું કહ્યું છે કે "**चरितारो न सन्त्यद्य यथाख्यातस्य संप्रति । तत्किमन्ये यथाशक्तिमाचरन्तु तपस्विनः ।**" **અર્થ:**—આ પંચકાલમાં યથાખ્યાત ચારિત્રના આચરનારા નથી તો શું થયું ? તપસ્વીઓ પોતાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



च । रागद्वेषाभावलक्षणं परमं यदाख्यातरूपं स्वरूपे चरणं निश्चयचारित्रं भणन्ति इदानीं तदभावेऽन्यच्चारित्रमाचरन्तु तपोधनाः । तथा चोक्तं तत्रेदम्–" चरितारो न सन्त्यद्य यथाख्यातस्य संप्रति । तत्किमन्ये यथाशक्तिमाचरन्तु तपस्विनः ॥ " पुनश्चोक्तं श्रीकुन्दकुन्दाचार्यदेवैः मोक्षप्राभृते–" अज्ज वि तियरणसुद्धा अप्पा झाऊण लहहिं इंदत्तं । लोयंतियदेवत्तं तत्थ चुदा णिव्वुदिं जंति ॥" । अयमत्र भावार्थः । यथादित्रिकसंहननलक्षणवीतरागयथाख्यातचारित्राभावेऽपीदानीं शेषसंहननेनापि शेषचारित्रमाचरन्ति तपस्विनः तथादिकत्रिकसंहननलक्षणशुक्लध्यानाभावेऽपि शेषसंहनेनापि शेषचारित्रमाचरन्ति तपस्विनः तथा त्रिकसंहननलक्षणशुक्लध्यानाभावेऽपि शेषसंहनेनापि संसारस्थितिच्छेदकारणं परंपरया मुक्तिकारणं च धर्मध्यानमाचरन्तीति॥३६॥

अथ सुखदुःखं सहमानः सन् येन कारणेन समभावं करोति मुनिस्तेन कारणेन पुण्यपापद्वयसंवरहेतुर्भवतीति दर्शयति—

१६३) बिण्णि वि जेण सहंतु मुणि मणि सम-भाउ करेइ ।
पुण्णहँ पावहँ तेण जिय संवर-हेउ हवेइ ॥ ३७ ॥

---

શક્તિ અનુસાર અન્યોને આચરો. વળી મોક્ષપ્રાભૃત ( ગાથા ૭૭ ) માં શ્રીકુંદકુંદાચાર્યદેવે પણ કહ્યું છે કે—" अज्ज वि तिरयणसुद्धा अप्पा झाऊण लहहिं इंदत्तं । लोयंतियदेवत्तं तत्थ चुदाणिव्वुदिं जंति ॥ " ( **અર્થ**:—આજેય ( આ પંચમકાલમાં પણ ) વિમલત્રિરત્નમુનિઓ ( શુદ્ધ રત્નત્રયવાળા મુનિઓ, રત્નત્રય વડે શુદ્ધ એવા મુનિઓ ) આત્માનું ધ્યાન કરીને ઇન્દ્રપદને પામે છે અથવા લોકાન્તિકદેવ થાય છે અને ત્યાંથી ચ્યવી ( મનુષ્ય થઈને ) મોક્ષે જાય છે. )

અહીં આ ભાવાર્થ છે કે આદિના ત્રણ સંહનનવાળા વીતરાગ યથાખ્યાત ચારિત્રના અભાવમાં પણ આજેય બાકીના સંહનન વડે તપસ્વીઓ ( યથાસંભવ ) બાકીનાં ચારિત્રને આચરે છે તથા પહેલા ત્રણ સંહનનવાળા શુક્લધ્યાનના અભાવમાં પણ બાકીનાં સંહનન વડે સંસારસ્થિતિને છેદવાનું કારણ અને પરંપરાએ મુક્તિનું કારણ એવું ધર્મધ્યાન આચરે છે. ૩૬.

હવે સુખદુઃખને સહન કરતો થકો મુનિ જે કારણે સમભાવ કરે છે તેથી તે કારણે તે મુનિ પુણ્યપાપના સંવરનો હેતુ થાય છે એમ દર્શાવે છેઃ—

૨૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्वे अपि येन सहमानः मुनिः मनसि समभावं करोति ।
पुण्यस्य पापस्य तेन जीव संवरहेतुः भवति ॥ ३७ ॥

बिण्णि वि इत्यादि । बिण्णि वि द्वे अपि सुखदुःखे जेण येन कारणेन सहंतु सहमानः सन् । कोऽसौ कर्ता । मुणि मुनिः स्वसंवेदनप्रत्यक्षज्ञानी । मणि अविक्षिप्तमनसि । समभाउ समभावं सहजशुद्धज्ञानानन्दैकरूपं रागद्वेषमोहरहितं परिणामं कर्मतापन्नं करेइ करोति परिणमति पुण्णहं पावहं पुण्यस्य पापस्य संबन्धी तेण तेन कारणेन जिय हे जीव संवरहेउ संवरहेतुः कारणं हवेइ भवतीति । अयमत्र तात्पर्यार्थः । कर्मोदयवशात् सुखदुःखे जातेऽपि योऽसौ रागादिरहितमनसि विशुद्धज्ञानदर्शनस्वभावनिजशुद्धात्मसंविर्त्ति न त्यजति स पुरुष एवाभेदनयेन द्रव्य-भावरूपपुण्यपापसंवरस्य हेतुः कारणं भवतीति ॥ ३७ ॥

अथ यावन्तं कालं रागादिरहितपरिणामेन स्वशुद्धात्मस्वरूपे तन्मयो भूत्वा तिष्ठति तावन्तं कालं संवरनिर्जरे करोतीति प्रतिपादयति—

---

## ગાથા–૩૭

**અન્વયાર્થ:**—[ **येन** ] જે કારણે [ **द्वे अपि** ] સુખ અને દુઃખ એ બન્નેયને [ **सहमानः** ] સહતો થકો [ **मुनिः** ] મુનિ [ **मनसि** ] મનમાં [ **समभावं** ] સમભાવને [ **करोति** ] કરે છે [ **तेन** ] તે કારણે [ **जीव** ] હે જીવ ! તે મુનિ [ **पुण्स्य पापस्य** [ **संवरहेतुः भवति** ] પુણ્ય અને પાપના સંવરના હેતુ થાય છે.

**ભાવાર્થ:**—જે કારણે સુખ અને દુઃખ એ બન્નેયને સહન કરતો થકો મુનિ સ્વસંવેદનવાળા પ્રત્યક્ષ જ્ઞાની–અવિક્ષિપ્ત ( શાંત ) મનમાં સમભાવને–સહજ શુદ્ધ જ્ઞાનાનંદ જ જેનું એક રૂપ છે એવા, રાગદ્વેષમોહરહિત પરિણામને–કરે છે અર્થાત્ સહજ શુદ્ધ જ્ઞાનાનંદ જ જેનું એક રૂપ છે એવા, રાગદ્વેષમોહરહિત પરિણામમાં પરિણમે છે તે કારણે તે મુનિ પુણ્ય અને પાપ એ બન્નેના સંવરનો હેતુ થાય છે.

અહીં આ તાત્પર્ય છે કે કર્મોદય વશે સુખ દુઃખ ઉત્પન્ન થવા છતાં પણ, જે કોઈ રાગાદિથી રહિત એવા મનમાં વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા નિજ શુદ્ધ આત્માના સંવેદનને છોડતો નથી તે પુરુષ જ અભેદનયથી દ્રવ્યભાવરૂપ પુણ્યપાપના સંવરનું કારણ થાય છે. ૩૭.

હવે મુનિ જેટલો સમય રાગદ્વેષ રહિત પરિણામ વડે સ્વશુદ્ધાત્મ સ્વરૂપમાં તન્મય થઈને રહે છે તેટલો જ કાલ સંવરનિર્જરા કરે છે એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१६४) अच्छइ जित्तिउ कालु मुणि अप्प–सरूवि णिलीणु।
संवर–णिज्जर जाणि तुहुं सयल–वियप्प–विहीणु ॥३८॥

तिष्ठति यावन्तं कालं मुनिः आत्मस्वरूपे निलीनः।
संवरनिर्जरां जानीहि त्वं सकलविकल्पविहीनम् ॥ ३८ ॥

अत्थ( च्छ )इ इत्यादि । अत्थ( च्छ )इ तिष्ठति । किं कृत्वा तिष्ठति । जित्तिउ कालु यावन्तं कालं प्राप्य । क्व तिष्ठति । अप्पसरूवि निजशुद्धात्मस्वरूपे । कथंभूतः सन् णिलीणु निश्चयनयेन लीनो द्रवीभूतो वीतरागनित्यानन्दैक-परमसमरसीभावेन परिणतः हे प्रभाकरभट्ट इत्थंभूतपरिणामपरिणतं तपोधनमेवाभेदेन संवरणिज्जर जाणि तुहुँ संवरनिर्जरास्वरूपं जानीहि त्वम् । पुनरपि कथंभूतम् । सयलवियप्पविहीणु सकलविकल्पहीनं ख्यातिपूजालाभप्रभृतिविकल्पजालावलीरहित-मिति । अत्र विशेषव्याख्यानं यदेव पूर्वसूत्रद्वयभणितं तदेव ज्ञातव्यम् । कस्मात् । तस्यैव निर्जरासंवरव्याख्यानस्योपसंहारोऽयमित्यभिप्रायः ॥ ३८ ॥ एवं मोक्ष-मोक्षमार्गमोक्षफलादिप्रतिपादकद्वितीयमहाधिकारोक्तसूत्राष्टकेनाभेदरत्नत्रयव्याख्यानमु-

---

ગાથા–૩૮

**અન્વયાર્થઃ**—[ मुनिः ] મુનિ [ यावन्त कालं ] જેટલો સમય [ आत्मस्वरूपे ] નિજ શુદ્ધ આત્મસ્વરૂપમાં [ निलीनः ] લીન થઈને [ तिष्ठति ] રહે છે તેટલો સમય હે પ્રભાકરભટ્ટ ! તેને [ त्वं ] તું [ संकल्प विकल्पविहीनं ] સંકલ્પવિકલ્પથી રહિત તપોધનને અભેદનયથી [ संवरनिर्जरां जानीहि ] સંવરનિર્જરાસ્વરૂપ જાણ.

**ભાવાર્થઃ**—મુનિ જેટલો કાલ નિજ શુદ્ધાત્મસ્વરૂપમાં નિશ્ચયથી લીન થઈને દ્રવીભૂત થઈને એક ( કેવલ ) વીતરાગ નિત્યાનંદરૂપ પરમસમરસીભાવે પરિણમેલો રહે છે તેટલા કાલસુધી તું આવા પરિણામરૂપે પરિણમેલા, સંકલ્પવિકલ્પથી રહિત-ખ્યાતિપૂજાલાભ આદિના વિકલ્પની જાલાવલીથી રહિત–તપોધનને સંવરનિર્જરાસ્વરૂપ જાણ.

જે વિશેષ વ્યાખ્યાન પૂર્વના બે ગાથાસૂત્રોમાં કહ્યું છે તે જ અત્રે જાણવું કારણ કે તેજ સંવર અને નિર્જરાના વ્યાખ્યાનનો ઉપસંહાર છે એવો અભિપ્રાય છે. ૩૮.

આ પ્રમાણે મોક્ષ, મોક્ષમાર્ગ અને મોક્ષફલઆદિના પ્રતિપાદક બીજા મહાધિકારમાં કહેલ આઠ સૂત્રોથી અભેદરત્નત્રયના વ્યાખ્યાનની મુખ્યતાથી ( અંતર ) સ્થલ સમાપ્ત થયું.

ત્યાર પછી ચૌદ ગાથા સૂત્ર સુધી પરમ ઉપશમભાવની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ख्यत्वेन स्थलं समाप्तम् । अत ऊर्ध्वं चतुर्दशसूत्रपर्यन्तं परमोपशमभावमुख्यत्वेन व्याख्यानं करोति ।

तथाहि—

१६५) कम्मु पुरक्किउ सो खवइ अहिणव पेसु ण देइ ।
संगु मुएविणु जो सयलु उवसम-भाउ करेइ ॥ ३९ ॥

कर्म पुराकृतं स क्षपयति अभिनवं प्रवेशं न ददाति ।
संगं मुक्त्वा यः सकलं उपशमभावं करोति ॥ ३९ ॥

कम्मु इत्यादि । कम्मु पुरक्किउ कर्म पुराकृतं सो खवइ स एव वीतराग-स्वसंवेदनतत्त्वज्ञानी क्षपयति । पुनरपि किं करोति । अहिणव पेसु ण देइ अभिनवं कर्म प्रवेशं न ददाति । स कः । संगु मुएविणु जो सयलु संगं बाह्याभ्यन्तर-परिग्रहं मुक्त्वा यः कर्ता समस्तम् । पश्चात्किं करोति । उवसमभाउ करेइ जीवितमरणलाभालाभसुखदुःखादिसमताभावलक्षणं समभावं करोति । तद्यथा ।

---

ગાથા—૩૯

**અન્વયાર્થ**:—[ सः ] તે વીતરાગ સ્વસંવેદનવાળા તત્ત્વજ્ઞાની [ पुराकृतं कर्म ] પૂર્વે કરેલાં કર્મોને [ क्षपयति ] ખપાવે છે અને [ अभिनवं ] નવા કર્મોનો [ प्रवेशं न ददाति ] પ્રવેશ થવા દેતો નથી [ यः ] કે જે [ सकलं संगं मुक्त्वा ] સમસ્ત બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને છોડીને [ उपशमभावं करोति ] ઉપશમભાવને કરે છે અર્થાત્ જીવિત-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ આદિમાં સમતાસ્વરૂપ સમભાવ કરે છે.

**ભાવાર્થ**:—તે જ પૂર્વકૃત કર્મોને ખપાવે છે અને નવાં કર્મોને રોકે છે કે જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહને છોડીને અને સર્વ શાસ્ત્ર ભણીને શાસ્ત્રના ફલભૂત એક ( કેવલ ) વીતરાગ પરમાનંદરૂપ સુખરસના આસ્વાદરૂપ સમભાવને કરે છે કહ્યું પણ છે કે—"साम्यमेवा दराद्भाव्यं किमन्यैर्ग्रन्थविस्तरैः । प्रक्रियामात्रमेवेदं वाङ्मयं विश्वमस्य हि ॥" ( **અર્થ**:—એક સમભાવ જ આદરથી ભાવવા યોગ્ય છે, અન્ય ગ્રંથોના વિસ્તારોથી શું ? આ સમસ્ત વાઙ્મય ( દ્વાદશાંગ ) આની ( સમભાવની ) પ્રક્રિયામાત્ર જ છે. ) ૩૯.

હવે જે સમભાવ કરે છે તેને જ નિશ્ચયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર હોય છે, અન્યને નહિ એમ દર્શાવે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स एव पुराकृतं कर्म क्षपयति नवतरं संवृणोति य एव बाह्याभ्यन्तरपरिग्रहं मुक्त्वा सर्वशास्त्रं पठित्वा च शास्त्रफलभूतं वीतरागपरमानन्दैकसुखरसास्वादरूपं समभावं करोतीति भावार्थः। तथा चोक्तम्—"साम्यमेवादराद्भाव्यं किमन्यै ग्रन्थ विस्तरैः। प्रक्रियामात्रमेवेदं वाङ्मयं विश्वमस्य हि ॥" ॥ ३९ ॥

अथ यः समभावं करोति तस्यैव निश्चयेन सम्यग्दर्शनज्ञानचारित्राणि नन्यास्येति दर्शयति—

**१६६) दंसणु णाणु चरित्तु तसु जो सम-भाउ करेइ ।**
**इयरहँ एक्कु वि अत्थि णवि जिणवरु एउ भणेइ ॥४०॥**

दर्शनं ज्ञानं चारित्रं तस्य यः समभावं करोति ।
इतरस्य एकमपि अस्ति नैव जिनवरः एवं भणति ॥ ४० ॥

दंसणु इत्यादि। दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञानचारित्रत्रयं तसु निश्चयनयेन तस्यैव भवति। कस्य। जो समभाउ करेइ यः कर्ता समभावं करोति इयरहं इतरस्य समभावरहितस्य एक्कु वि अत्थि णवि रत्नत्रयमध्ये नास्त्येकमपि जिणवरु एउ भणेइ जिनवरो वीतरागः सर्वज्ञ एवं भणतीति। तथाहि।

---

## ગાથા–૪૦

**અન્વયાર્થ:**—[ दर्शनं ज्ञानं चारित्रं ] સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર નિશ્ચયનયથી [ तस्य ] તેને હોય છે [ यः ] કે જે [ समभावं ] સમભાવ [ करोति ] કરે છે [ इतरस्य ] સમભાવ રહિત અન્ય જીવને [ एकं अपि ] ત્રણ રત્નત્રયમાંથી એક પણ [ नैव अस्ति ] હોતું જ નથી, [ एवं ] એમ [ जिनवरः ] જિનવરદેવ–વીતરાગસર્વજ્ઞદેવ–[ भणति ] કહે છે.

**ભાવાર્થ:**—નિશ્ચયનયથી 'નિજ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે' એવી રુચિરૂપ સમ્યગ્દર્શન તેને જ હોય છે નિજશુદ્ધાત્માની સંવિત્તિથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદના મધુર રસસ્વાદવાળો આ આત્મા છે અને નિરંતર આકુલતાના ઉત્પાદક હોવાથી કટુક રસસ્વાદવાળા આ કામ ક્રોધાદિ છે એવું ભેદજ્ઞાન તેને જ હોય છે 'સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર' એવું વીતરાગ ચારિત્ર તેને જ હોય છે કે જે વીતરાગ નિર્વિકલ્પ પરમસામાયિકની ભાવનાને અનુકૂલ નિર્દોષ પરમાત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ અનુચરણરૂપ સમભાવ કરે છે. ૪૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निश्चयनयेन निजशुद्धात्मैवोपादेय इति रुचिरूपं सम्यग्दर्शनं तस्यैव निजशुद्धात्मसंवित्तिसमुत्पन्नवीतरागपरमानन्दमधुररसास्वादोऽयमात्मा निरन्तराकुलत्वोत्पादकत्वात् कटुकरसास्वादाः कामक्रोधादय इति भेदज्ञानं तस्यैव भवति स्वरूपे चरणं चारित्रमिति वीतरागचारित्रं तस्यैव भवति । तस्य कस्य । वीतरागनिर्विकल्पपरमसामायिकभावनानुकूलं निर्दोषिपरमात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपं यः समभावं करोतीति भावार्थः ॥ ४० ॥

अथ यदा ज्ञानी जीव उपशाम्यति तदा संयतो भवति कामक्रोधादिकषाय[1]वशं गतः पुनरसंयतो भवतीति निश्चिनोति—

१६७) जँवइ णाणिउ उवसमइ तामइ संजदु होइ ।
होइ कसायहँ वसि गयउ जीउ असंजदु सो ॥ ४१ ॥

यावत् ज्ञानी उपशाम्यति तावत् संयतो भवति ।
भवति कषायाणां वशो गतः जीवः असंयतः स एव ॥ ४१ ॥

હવે જે સમયે જ્ઞાની જીવ ઉપશમભાવમાં સ્થિત હોય છે તે સમયે સંયત હોય છે અને જે સમયે કામક્રોધાદિ કષાયને વશ હોય છે ત્યારે તે અસંયત હોય છે એમ નક્કી કરે છેઃ—

### ગાથા–૪૧

**અન્વયાર્થઃ**—[ यावत ] જે સમયે જ્ઞાની જીવ [ उपशाम्यति ] ઉપશાંત હોય છે [ तावत् ] તે સમયે [ संयतः भवति ] સંયત હોય છે અને [ कषायानां वशो गतः ] જે સમયે કષાયને વશ હોય છે તે સમયે [ सः एव ] તે જ જીવ [ असंयतः भवति ] અસંયત હોય છે.

**ભાવાર્થઃ**—અનાકુલતા જેનું લક્ષણ છે એવા, સ્વશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન પારમાર્થિક સુખને અનુકૂલ પરમ ઉપશમભાવમાં જ્યારે જ્ઞાની સ્થિત હોય છે ત્યારે તે સંયત હોય છે અને તેનાથી વિપરીત પરમાત્મામાં આકુલતાના ઉત્પાદક કામક્રોધાદિમાં પરિણમેલો હોય છે ત્યારે અસંયત હોય છે. કહ્યું પણ છે કે–

" अकसायं तु चरितं कसाय वसगदो असंजदो होदि ॥ "
उवसमइ जम्हि काले तक्काले संजदा होदि ॥ "

( **અર્થઃ**—અકષાયભાવ ( કષાયનો અભાવ ) તે ચારિત્ર છે, કષાયને વશ થયેલો જીવ

[1] પાઠાન્તરઃ—वशं गतः=संगतः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जांवइ इत्यादि । जांवइ यदा काले णाणिउ ज्ञानी जीवः उवसमइ उपशाम्यति ताम इ तदा काले संजदु होइ संयतो भवति । होइ भवति कसायहं वसि गयउ कषायवशं गतः जीउ जीवः । कथंभूतो भवति । असंजदु असंयतः । कोऽसौ । सोइ स एव पूर्वोक्तजीव इति । अयमत्र भावार्थः । अनाकुलत्वलक्षणस्य स्वशुद्धात्मभावनोत्थपारमार्थिकसुखस्यानुकूलपरमोपशमे यदा ज्ञानी तिष्ठति तदा संयतो भवति तद्विपरीत परमाकुलत्वोत्पादककामक्रोधादौ परिणतः पुनरसंयतो भवतीति । तथा चोक्तम्—"अकसायं तु चरित्तं कषायवसगदो असंजदो होदि । उवसमइ जम्हि काले तक्काले संजदो होदि" ॥ ४१ ॥

अथ येन कषाया भवन्ति मनसि तं मोहं त्यजेति प्रतिपादयति—

१६८) जेण कसाय हवंति मणि सो जिय मिल्लहि मोहु ।
मोह-कसाय-विवज्जयउ पर पावहि सम-बोहु ॥ ४२ ॥

---

અસંયત હોય છે અને જે કાલે કષાયને ઉપશમાવે છે તે કાલે જીવ સંયત હોય છે. )૪૧.

હવે જેનાથી ( જે મોહથી ) મનમાં કષાય થાય છે તે મોહને તું છોડ. એમ વર્ણન કરે છેઃ—

### ગાથા—૪૨

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ ! [ येन ] જે વસ્તુથી અથવા વસ્તુનિમિત્તક મોહથી [ मनसि ] મનમાં [ कषायाः ] ક્રોધાદિ કષાયો [ भवन्ति ] થાય છે [ तं ] તે પૂર્વોક્ત મોહને કે મોહના નિમિત્તક પદાર્થને [ मुञ्च ] તું છોડ. [ मोहकषायविवर्जितः ] મોહ કષાયરહિત થયો થકો તું [ परं ] નિયમથી ( નક્કી ) [ समबोधं ] સમબોધને–રાગદ્વેષ રહિત જ્ઞાનને–[ प्राप्नोषि ] પામીશ.

**ભાવાર્થ:**—નિર્મોહ એવા નિજશુદ્ધાત્માના ધ્યાન વડે નિર્મોહ એવા સ્વશુદ્ધાત્મ-તત્ત્વથી વિપરીત મોહને હે જીવ ! તું છોડ, કે જે મોહથી અથવા મોહના નિમિત્તભૂત વસ્તુથી નિષ્કષાય પરમાત્મતત્ત્વના વિનાશક એવા ક્રોધાદિ કષાયો થાય છે. મોહકષાયનો અભાવ થતાં તું રાગાદિ રહિત વિશુદ્ધ જ્ઞાનને પામીશ એવો અભિપ્રાય છે. વળી ભગવતી આરાધના ગાથા ૨૬૨ માં કહ્યું પણ છે કે " तं वत्थुं मुत्तव्व जं पडि उपज्जए कसायग्गी । तं वत्थुमल्लिएज्जो जत्थुवसम्मो कसायणं ॥ " ( **અર્થ:**—જેના નિમિત્તથી કષાયરૂપી અગ્નિ ઉત્પન્ન થાય છે તે વસ્તુ છોડવી જોઈએ અને જેના નિમિત્તથી કષાયો ઉપશાંત થાય છે તે વસ્તુનો આશ્રય કરવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



येन कषाया भवन्ति मनसि तं जीव मुञ्च मोहम् ।
मोहकषायविवर्जितः परं प्राप्नोषि समबोधम् ॥ ४२ ॥

जेण इत्यादि । जेण येन वस्तुना वस्तुनिमित्तेन मोहेन वा । किं भवति । कसाय हवंति क्रोधादिकषाया भवन्ति । क्व भवन्ति । मणि मनसि सो तं जिय हे जीव मिल्लहि मुञ्च । कम् । तं पूर्वोक्तं मोहु मोहं मोहनिमित्तपदार्थं चेति । पश्चात् किं लभसे त्वम् । मोहकषायविवज्जिउ मोहकषायविवर्जितः सन् पर परं नियमेन पावहि प्राप्नोषि । कं कर्मतापन्नम् । समबोहु समबोधं रागद्वेषरहितं ज्ञानमिति । तथाहि । निर्मोहनिजशुद्धात्मध्यानेन निर्मोहस्वशुद्धात्मतत्त्वविपरीतं हे जीव मोहं मुञ्च, येन मोहेन मोहनिमित्तवस्तुना वा निष्कषायपरमात्मतत्त्वविनाशकाः क्रोधादिकषाया भवन्ति पश्चान्मोहकषायाभावे सति रागादिरहीतं विशुद्धज्ञानं लभसे त्वमित्यभिप्रायः । तथा चोक्तम्—" तं वत्थुं मुत्तव्वं जं पडि उपज्जए कसायग्गी । तं वत्थुमल्लिएज्जो ( तद् वस्तु अंगीकरोति, इति टिप्पणी ) जत्थुवसम्मो कसायाणं ॥ " ॥ ४२ ॥

---

જોઈએ–તે વસ્તુને અંગીકાર કરવી જોઇએ. ) ૪૨.

હવે હેય-ઉપાદેય તત્ત્વને જાણીને પરમ ઉપશમભાવમાં સ્થિત થઈને જે જ્ઞાનીઓને સ્વશુદ્ધાત્મામાં રતિ થઈ તેઓ જ સુખી છે એમ કહે છેઃ—

## ગાથા–૪૩

**અન્વયાર્થઃ**—[ ये ] જે કોઇ વીતરાગ સ્વસંવેદનવાળા પ્રત્યક્ષ જ્ઞાનીઓ [ तत्वातत्त्वं ] અન્તઃતત્ત્વ અને બહિર્તત્ત્વને [ मनसि मत्वा ] મનમાં જાણીને [ समभावे स्थिताः ] સમભાવમાં–પરમ ઉપશમભાવમાં સ્થિત છે અને [ येषां ] જેમને [ आत्मस्वभावे रतिः ] સ્વકીય શુદ્ધ આત્મસ્વભાવમાં રતિ છે [ ते परं ] તે જ જીવો [ अत्र जगति ] આ જગતમાં [ सुखिनः ] સુખી છે.

**ભાવાર્થઃ**—જો કે આ શુદ્ધાત્મદ્રવ્ય વ્યવહારનયથી અનાદિકાલથી બંધનથી બંધાયેલો છે તો પણ શુદ્ધ નિશ્ચયનયથી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ એ ચાર પ્રકારના બંધથી રહિત છે, જો કે અશુદ્ધનિશ્ચયનયથી સ્વપ્રકૃત ( પોતે ઉપાર્જન કરેલા ) શુભ–અશુભ કર્મના ફલનો ભોકતા છે તોપણ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી નિજ-શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન એક ( કેવલ ) વીતરાગ પરમાનંદરૂપ સુખામૃતનો ભોક્તા છે, જો કે વ્યવહારનયથી કર્મના ક્ષય ટાણે જ મોક્ષનું ભાજન થાય છે તોપણ શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી સદા મુક્ત જ છે, જો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ हेयोपादेयतत्त्वं ज्ञात्वा परमोपशमे स्थित्वा येषां ज्ञानिनां स्वशुद्धात्मनि रतिस्त एव सुखिन इति कथयति—

१६९) तत्तातत्तु मुणेवि मणि जे थक्का सम-भावि ।
ते पर सुहिया इत्थु जगि जहँ रइ अप्प-सहावि ॥ ४३ ॥

तत्त्वातत्त्वं मत्वा मनसि ये स्थिताः समभावे ।
ते परं सुखिनः अत्र जगति येषां रतिः आत्मस्वभावे ॥ ४३ ॥

तत्तातत्तु इत्यादि । तत्तातत्तु मुणेवि अन्तस्तत्त्वं बहिस्तत्त्वं मत्वा । क । मणि मनसि जे ये केचन वीतरागस्वसंवेदनप्रत्यक्षज्ञानिनः थक्का स्थिता । क । समभावि परमोपशमपरिणामे ते पर त एव सुहिया सुखिनः इत्थु जगि अत्र जगति । के ते । जहं रइ येषां रतिः । क । अप्पसहावि स्वकीयशुद्धात्मस्वभावे इति । तथाहि । यद्यपि व्यवहारेणानादिबन्धनबद्धं तिष्ठति तथापि शुद्धनिश्चयेन प्रकृतिस्थित्यनुभागप्रदेशबन्धरहितं, यद्यप्यशुद्धनिश्चयेन स्वकृतशुभाशुभकर्मफलभोक्ता तथापि शुद्धद्रव्यार्थिकनयेन निजशुद्धात्मतत्त्वभावनोत्थवीतरागपरमानन्दैकसुखामृत-भोक्ता, यद्यपि व्यवहारेण कर्मक्षयानन्तरं मोक्षभाजनं भवति तथापि शुद्ध-पारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन सदा मुक्तमेव, यद्यपि व्यवहारेणेन्द्रियजनितज्ञानदर्शनसहितं तथापि निश्चयेन सकलविमलकेवलज्ञानदर्शनस्वभावं, यद्यपि व्यवहारेण स्वोपात्तदेहमात्रं तथापि निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशं,

---

કે વ્યવહારનયથી ઇન્દ્રિયજનિત જ્ઞાનદર્શન સહિત છે તોપણ નિશ્ચયનયથી સકલવિમલ કેવલજ્ઞાન–કેવલદર્શનસ્વભાવવાળો છે, જો કે વ્યવહારનયથી પોતાના ઉપાર્જેલા દેહજેવડો જ છે તોપણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે, જો કે વ્યવહાર-નયથી પ્રદેશોના સંકોચ–વિસ્તાર સહિત છે તો પણ મુક્ત–અવસ્થામાં સંકોચ–વિસ્તાર રહિત ચરમશરીરપ્રમાણ પ્રદેશવાળો છે, જો કે પર્યાયાર્થિકનયથી ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્ત છે તોપણ દ્રવ્યાર્થિકનયથી નિત્ય ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે એવા નિજ-શુદ્ધાત્મદ્રવ્યને પ્રથમ જાણીને અને નિજશુદ્ધાત્મ દ્રવ્યથી વિલક્ષણ પરદ્રવ્યનો નિશ્ચય કરીને પછી સમસ્ત મિથ્યાત્વરાગાદિ વિકલ્પનો ત્યાગ કરીને વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મતત્ત્વમાં જેઓ રત થયા તેઓ જ ધન્ય છે શ્રી પૂજ્યપાદસ્વામીએ પરમાત્મતત્ત્વના લક્ષણમાં પણ કહ્યું છે કે :



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

यद्यपि व्यवहारेणोपसंसहारविस्तारसहितं तथापि मुक्तावस्थायामुपसंहारविस्ताररहितं चरमशरीरप्रमाणप्रदेशं, यद्यपि पर्यायार्थिकनयेनोत्पाद्व्ययध्रौव्ययुक्तं तथापि द्रव्यार्थिकनयेन नित्यटङ्कोत्कीर्णज्ञायकैकस्वभावं निजशुद्धात्मद्रव्यं पूर्वं ज्ञात्वा तद्विलक्षणं परद्रव्यं च निश्चित्य पश्चात् समस्तमिथ्यात्वरागादिविकल्पत्यागेन वीतरागचिदानन्दैकस्वभावे स्वशुद्धात्मतत्त्वे ये रतास्त एव धन्या इति भावार्थः । तथा चोक्तं परमात्मतत्त्वलक्षणे श्रीपूज्यपादस्वामिभिः—नाभावो सिद्धिरिष्टा न निजगुणहतिस्तत्तपोभिर्न युक्तैः । अस्त्यात्मानादिबद्धः स्वकृतजफलभुक् तत्क्षयान्मोक्षभागी । ज्ञाता द्रष्टा स्वदेहप्रमितिरुपशमाहारविस्तारधर्मा । ध्रोव्योत्पत्तिव्ययात्मा स्वगुणयुत इतो नान्यथा साध्यसिद्धिः ” ॥ ४३ ॥

अथ योऽसावेवोपशामभावं करोति तस्य निन्दाद्वारेण स्तुतिं त्रिकलेन कथयति—

१७०) बिण्णि वि दोस हवंति तसु जो सम–भाउ करेइ ।
बंधु जि णिहणइ अप्पणउ अणु जगु गहिलु करेइ ॥४४॥

---

“ नाभावो सिद्धि रिष्टा न निजगुणहति स्तत्तपोभिर्न युक्तैः ।
अस्त्यात्मानादिबद्धः स्वकृतजफलभुक् तत्क्षयान्मोक्षभाजी ॥
ज्ञाताद्दष्टा स्वदेहप्रमितिरुपसमाहार विस्तार धर्मा ।
ध्रौव्योत्पत्तिव्ययात्मा स्वगुणयुत इतो नान्यथा साध्यसिद्धिः ॥ ”

( સિદ્ધભક્તિ–૨ )

( **અર્થ**:—દીવો બુઝાવાની માફક આત્મતત્ત્વના અભાવને સિદ્ધ માનવી કે નિજગુણોના અભાવને સિદ્ધિ માનવી તે યોગ્ય નથી કેમ કે કોઈ પોતાનો કે પોતાના ગુણનો અભાવ કરવા માટે તપશ્ચર્યાદિ વિધિની પ્રવૃત્તિ કરે જ નહિ.

આત્મા અનાદિથી કર્મો વડે બંધાયેલો, પોતે ઉપાર્જેલા શુભાશુભ કર્મનો ભોકતા તેના ક્ષયથી મોક્ષનો ભોકતા, જ્ઞાતા–દ્રષ્ટા,–સંસાર-અવસ્થામાં સ્વદેહ પ્રમાણરૂપ, સંકોચવિસ્તારના સ્વભાવવાળો, ઉત્પાદ વ્યયધ્રૌવ્યસ્વરૂપ અને પોતાના ગુણથી યુકત છે, આવા સ્વરૂપે આત્માને જાણવાથી સાધ્યની સિદ્ધિ છે, અન્ય પ્રકારે જાણવાથી સાધ્યની સિદ્ધિ થતી નથી. ૪૩.

હવે જે સંયમી ઉપશમભાવને કરે છે તેની નિંદા દ્વારા સ્તુતિ ત્રણ ગાથાસૂત્રો દ્વારા કહે છેઃ—

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्वौ अपि दोषौ भवतः तस्य यः समभावं करोति ।
बन्धं एव निहन्ति आत्मीयं अन्यत् जगद् ग्रहिलं करोति ॥ ४४ ॥

बिण्णि वि इत्यादि । बिण्णि वि द्वावपि । द्वौ कौ । दोस दोषौ हवंति भवतः तसु यस्य तपोधनस्य जो समभाउ करेइ यः समभावं करोति रागद्वेषत्यागं करोति । कौ तौ द्वौ । दोषौ बंधु जिणिहणइ बन्धमेव निहन्ति । कथंभूतं बन्धम् । अप्पणउ आत्मीयं अणु पुनः जगु जगत् प्राणिगणं गहिलु करेइ ग्रहिलं पिशाचसमानं विकलं करोति । अयमत्र भावार्थः । समशब्देनात्राभेदनयेन रागादिरहित आत्मा भण्यते, तेन कारणेन योऽसौ समं करोति वीतराग-चिदानन्दैकस्वभावं निजात्मानं परिणमति तस्य दोषद्वयं भवति । कथमिति चेत् । प्राकृतभाषया बन्धुशब्देन ज्ञानावरणादिबन्धा भण्यन्ते गोत्रं च येन कारणेनोपशमस्वभावेन परमात्मस्वरूपेण परिणतः सन् ज्ञानावरणादिकर्मबन्धं निहन्ति तेन कारणेन स्तवनं भवति, अथवा येन कारणेन बन्धुशब्देन गोत्रमपि भण्यते तेन कारणेन बन्धुघाती लोकव्यवहारभाषया निन्दापि भवतीति । तथा

---

ગાથા–૪૪

**અન્વયાર્થ:**—[ यः ] જે કોઈ સાધુ [ समभावं ] સમભાવ એટલે રાગદ્વેષનો ત્યાગ [ करोति ] કરે છે [ तस्य ] તે તપોધનને [ द्वौ अपि दोषौ ] બે દોષો [ भवतः ] થાય છે [ आत्मीयं बंधुं एव निहंति ] એક તો પોતાના બંધનને તોડે છે [ पुनः ] અને બીજો [ जगत ग्रहिलं करोति ] જગતવાસી પ્રાણીઓને પિશાચ સમાન વિકલ બનાવી દે છે–ઘેલા કરી દે છે.

**ભાવાર્થ:**—અહીં અભેદનયથી 'સમ' શબ્દથી રાગાદિ રહિત આત્મા સમજવો; તેથી જે કોઇ સમતા કરે છે–વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા નિજ આત્મારૂપે પરિણમે છે–તેને બે દોષ ઊપજે છે. કેવી રીતે ? પ્રાકૃત ભાષામાં 'બંધુ' શબ્દથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ કહેવાય છે અને ભાઇ પણ કહેવાય છે. જે કારણે ઉપશમ ( શાંત ) સ્વભાવથી પરમાત્મસ્વરૂપે પરિણમ્યો થકો જ્ઞાનાવરણાદિ કર્મબંધને હણે છે તે કારણે સ્તુતિ થાય છે; જે કારણે 'બંધુ' શબ્દનો અર્થ ભાઈ પણ લેવાય છે તે 'બંધુઘાતી' એ અર્થથી લોકવ્યવહારભાષાથી નિંદા પણ થાય છે ( આ દોષ નથી પણ ગુણ છે, આ નિંદાદ્વારા સ્તુતિ છે. )

વળી કહ્યું પણ છે કે—" लोकव्यवहारे ज्ञानिनां लोकः पिशाचः भवति लोकस्याज्ञानिजनस्य ज्ञानी पिशाच इति ॥" (**અર્થ:**—લોકવ્યવહારમાં જ્ઞાનીઓને જગ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चोक्तम् । लोकव्यवहारे ज्ञानिनां लोकः पिशाचो भवति लोकस्याज्ञानिजनस्य ज्ञानि पिशाच इति ॥ ४४ ॥

अथ—

१७१) अण्णु वि दोसु हवेइ तसु जो सम-भाउ करेइ ।
सत्तु वि मिल्लिवि अप्पणउ परहँ णिलीणु हवेइ ॥४५॥

अन्यः अपि दोषो भवति तस्य यः समभावं करोति ।
शत्रुमपि मुक्त्वा आत्मीयं परस्य निलीनः भवति ॥ ४५ ॥

अण्णु वि इत्यादि । अण्णु वि न केवलं पूर्वोक्त अन्योऽपि दोसु दोषः हवेइ भवति तसु तस्य तपोधनस्य । यः किं करोति । जो समभाउ करेइ यः कर्ता समभावं करोति । पुनरपि किं करोति । सत्तुं वि मिल्लिवि शत्रुमपि [१]मुञ्चति । कथंभूतं शत्रुम् । अप्पणउ आत्मीयम् । पुनश्च किं करोति । परहं णिलीणु हवेइ परस्यापि लीनः अधीनो भवति इति । अयमत्र भावार्थः यो रागादिरहितस्य समभावलक्षणस्य निजपरमात्मनो भावनां करोति स पुरुषः शत्रुशब्दवाच्यं ज्ञानावरणादिकर्मरूपं निश्चयशत्रु मुञ्चति परशब्दवाच्यं परमात्मानमा-

---

તના લોકો પિશાચ ( પાગલ ) લાગે છે, જ્યારે લોકના મૂઢ અજ્ઞાની જનોને જ્ઞાની પિશાચ લાગે છે. ) ૪૪.

હવે સમતાના ધારક મુનિની ફરી પણ નિંદા-સ્તુતિ કરે છે:—

ગાથા–૪૫

**અન્વયાર્થ:**—વળી માત્ર પૂર્વોક્ત દોષ આવે છે એટલું જ નહિ પણ [ यः ] જે [ समभावं ] સમતા [ करोति ] કરે છે [ तस्य ] તે તપોધનને [ अन्यः अपि दोषः ] બીજો પણ દોષ એ આવે છે કે [ परस्य निलीने ] પોતે પરને ( પરમાત્માને ) આધીન થાય છે અને [ आत्मीयं अपि शत्रुं ] પોતાને આધીન હોવા છતાં પણ કર્મશત્રુને [ मुंचति ] છોડી દે છે.

**ભાવાર્થ:**—જે રાગાદિરહિત સમભાવસ્વરૂપ નિજપરમાત્માની ભાવના કરે છે તે પુરુષ 'શત્રુ' શબ્દથી વાચ્ય એવા જ્ઞાનાવરણાદિ કર્મરૂપ નિશ્ચયશત્રુને છોડે છે અને 'પર' શબ્દથી વાચ્ય એવા પરમાત્માનો આશ્રય કરે છે, તે કારણે તેની સ્તુતિ

---

૧ પાઠાન્તર:—मुञ्चति=मुक्त्वा

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्रयति च तेन कारणेन तस्य स्तुतिर्भवति । अथवा यथा लोकव्यवहारेण बन्धनबद्धं निजशत्रु मुक्त्वा कोऽपि केनापि कारणेन तस्यैव परशब्दवाच्यस्य शत्रोरधीनो भवति तेन कारणेन स निन्दां लभते तथा शब्दच्छलेन तपोधनोऽपीति ॥ ४५ ॥

अथ—

१७२) अण्णु वि दोसु हवेइ तसु जो समभाउ करेइ ।
वियलु हवेविणु इक्कलउ उप्परि जगहँ चडेइ ॥ ४६ ॥

अन्यः अपि दोषः भवति तस्य यः समभावं करोति ।
विकलः भूत्वा एकाकी उपरि जगतः आरोहति ॥ ४६ ॥

अण्णु वि इत्यादि । अण्णु वि न केवलं पूर्वोक्तोऽन्योऽपि दोसु दोषः हवेइ भवति । तसु तस्य तपस्विनः । यः किं करोति । जो समभाउ करेइ यः कर्ता समभावं करोति । पुनरपि किं करोति । वियलु हवेविणु विकलः कलरहितः शरीररहितो भूत्वा इक्कलउ एकाकी पश्यात् उप्परि जगहं चडेइ उपरितनभागे जगतो लोकस्यारोहणं करोतीती । अयमत्राभिप्रायः । यः तपस्वी रागादिविकल्परहितस्य परमोपशमरूपस्य निजशुद्धात्मनो भावनां करोति स सकलशब्दवाच्यं

---

થાય છે અથવા જેવી રીતે લોકવ્યવહારમાં બંધનથી બંધાયેલ નિજશત્રુને છોડીને કોઈ પણ કોઈ પણ કારણે પોતે જ 'પર' શબ્દથી વાચ્ય એવા શત્રુને આધીન થાય છે તેથી નિંદા પામે છે તેવી રીતે તપોધન પણ શબ્દના છલથી નિંદા પામે છે. ૪૫.

હવે સમભાવને ધારક મુનિની ફરી પણ નિંદા–સ્તુતિ કરે છે:—

ગાથા–૪૬

**અન્વયાર્થ:**—એટલું જ નહિ પણ, [ यः ] જે તપસ્વી મહામુનિ [ समभावं ] સમભાવને [ करोति ] કરે છે [ तस्य ] તેને બીજો પણ [ दोषः ] દોષ [ भवति ] આવે છે કે [ विकलः भूत्वा ] તે વિકળ–કલ રહિત–શરીર રહિત–થઈને [ एकाकी ] એકલો [ जगतः उपरि ] લોકના શિખર પર [ आरोहति ] ચઢે છે ( અર્થાત્ મોક્ષે જાય છે. )

**ભાવાર્થ:**—જે તપસ્વી રાગાદિ વિકલ્પ રહિત પરમ-ઉપશમરૂપ નિજશુદ્ધાત્માની ભાવના કરે છે તે 'કલ' શબ્દથી વાચ્ય એવા શરીરને છોડીને લોકાગ્રે સ્થિત થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शरीरं मुक्त्वा लोकस्योपरि तिष्ठति तेन कारणेन स्तुतिं लभते अथवा यथा कोऽपि लोकमध्ये चित्तविकलो भूतः सन् निन्दां लभते तथा शब्दच्छलेन तपोधनोऽपीति ॥ ४६ ॥

अथ स्थलसंख्याबाह्यं प्रक्षेपकं कथयति—

१७३) जा णिसि सयलहँ देहियहँ जोग्गिउ तहिँ जग्गेइ ।
जहिँ पुणु जग्गइ सयलु जगु सा णिसि मणिवि सुवेइ ।४६*१।

या निशा सकलानां देहिनां योगी तस्यां जागर्ति ।
यत्र पुनः जागर्ति सकलं जगत् तां निशां मत्वा स्वपिति ॥ ४६*१ ॥

जा णिसि इत्यादि । जा णिसि या वीतरागपरमानन्दैकसहजशुद्धात्मावस्था मिथ्यात्वरागाद्यन्धकारावगुण्ठिता सती रात्रिः प्रतिभाति । केषाम् । सयलहं देहियहं सकलानां स्वशुद्धात्मसंवित्तिरहितानां देहिनाम् । जोग्गिउ तहिं जग्गेइ परमयोगी वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानरत्नप्रदीपप्रकाशेन मिथ्यात्वरागादिविकल्प-जालान्धकारमपसार्य स तस्यां तु शुद्धात्मना जागर्ति । जहिं पुणु जग्गइ सयलु जगु यत्र पुनः शुभाशुभमनोवाक्कायपरिणामव्यापारे परमात्मतत्त्वभावनापराङ्मुखः

---

છે તે કારણે સ્તુતિ પામે છે અથવા જેવી રીતે કોઈ લોકમાં ધનથી રહિત થયો થકો નિંદાને પામે છે તેવી રીતે તપોધન પણ શબ્દના છલથી નિંદા પામે છે. ૪૬.

હવે સ્થલસંખ્યાથી બાહ્ય ક્ષેપક દોહાનું કથન કરે છેઃ—

ગાથા—૪૬*૧

**અન્વયાર્થઃ**—[ सकलानां देहिनां ] સર્વ અજ્ઞાની સંસારી જીવોની [ या निशा ] જે રાત છે [ तस्यां ] તેમાં [ योगी ] યોગી [ जागर्ति ] જાગે છે [ पुनः ] અને [ यत्र ] જેમાં [ सकलं जगत् ] આખું જગત [ जागर्ति ] જાગે છે [ तां ] તેને [ निशां मत्वा ] રાત માનીને યોગી [ स्वपिति ] તેમાં સૂએ છે.

**ભાવાર્થઃ**—સ્વશુદ્ધાત્માના સંવેદનથી રહિત સર્વ સંસારી જીવોને, જે વીતરાગ પરમાનંદરૂપ એક સહજ શુદ્ધાત્માની અવસ્થા મિથ્યાત્વ, રાગાદિ અંધકારથી છવાયેલી થકી રાત લાગે છે તે શુદ્ધાત્માની અવસ્થામાં તો તે પરમયોગી, વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપી રત્નદીપકના પ્રકાશથી મિથ્યાત્વ, રાગાદિ વિકલ્પજાલરૂપ અંધકારને છોડીને શુદ્ધસ્વરૂપ વડે જાગે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सन् जगज्जागर्ति स्वशुद्धात्मपरिज्ञानरहितः सकलोऽज्ञानी जनः सा णिसि मणिवि सुवेइ तां रात्रिं मत्वा त्रिगुप्तिगुप्तः सन् वीतरागनिर्विकल्पपरमसमाधियोगनिद्रायां स्वपिति निद्रां करोतीति । अत्र बहिर्विषये शयनमेवोपशमो भण्यत इति तात्पर्यार्थः ॥ ४६*१ ॥

अथ ज्ञानी पुरुषः परमवीतरागरूपं समभावं मुक्त्वा बहिर्विषये रागं न गच्छतीति दर्शयति—

१७४) णाणि मुएप्पिणु भाउ समु कित्थु वि जाइ ण राउ ।
जेण लहेसइ णाणमउ तेण जि अप्प–सहाउ ॥ ४७ ॥

ज्ञानी मुक्त्वा भावं शमं क्वापि याति न रागम् ।
येन लभिष्यति ज्ञानमयं तेन एव आत्मस्वभावम् ॥ ४७ ॥

णाणि इत्यादि । णाणि परमात्मरागाद्यास्रवयोर्भेदज्ञानी मुएप्पिणु मुक्त्वा । कम् । भाउ भावम् । कथंभूतं भावम् । समु उपशमं पञ्चेन्द्रियविषयाभिलाषरहितं वीतरागपरमाह्लादसहितम् । कित्थु वि जाइ ण राउ तं पूर्वोक्तं समभावं मुक्त्वा

---

વળી સ્વશુદ્ધાત્માના પરિજ્ઞાનથી રહિત સકલ અજ્ઞાનીજન પરમાત્મતત્ત્વની ભાવનાથી પરાંગમુખ થયો થકો જે શુભાશુભ મનવચનકાયાના પરિણામના વ્યાપારમાં જાગે છે તેને રાત્રિ માનીને યોગી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થયો થકો વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિરૂપ યોગનિદ્રામાં સૂએ છે.

અહીં બાહ્ય વિષયમાં શયનને જ ઉપશમ કહેવામાં આવેલ છે એવો તાત્પર્યાર્થ છે. ૪૬*૧

હવે જ્ઞાની પુરુષ પરમ વીતરાગરૂપ સમભાવને છોડીને બાહ્ય વિષયમાં રાગ કરતા નથી એમ દર્શાવે છેઃ—

ગાથા–૪૭

**અન્વયાર્થ**:—[ ज्ञानी ] ભેદજ્ઞાની [ शमं भावं विहाय ] ઉપશમભાવને છોડીને [ क्वापि ] કોઈ પણ બાહ્ય વિષયમાં [ रागं न याति ] રાગને પામતા ( કરતા ) નથી [ येन ] જેથી તે, [ तेन एव ] તે સમભાવથી જ [ ज्ञानमयं आत्मस्वभावं ] જ્ઞાનમય આત્મસ્વભાવને [ लभिष्यति ] પામશે.

**ભાવાર્થ**:—પરમાત્મા અને રાગાદિ આશ્રયનો ભેદજ્ઞાની પંચેન્દ્રિયવિષયની અભિલાષા રહિત અને વીતરાગ પરમ આહ્લાદ સહિત ઉપશમભાવને છોડીને–તે પૂર્વોક્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



क्वापि बहिर्विषये रागं न याति न गच्छति । कस्मादिति चेत् । जेण लहेसइ येन कारणेन [1]लभिष्यति भाविकाले प्राप्स्यति । कम् । णाणमउ ज्ञानमयं केवलज्ञाननिर्वृत्तं केवलज्ञानान्तर्भूतान्तगुणं । तेण जि तेनैव सम्भावेन अप्सहाउ निर्दोषिपरमात्मस्वभावमिति । इदमत्र तात्पर्यम् । ज्ञानी पुरुषः शुद्धात्मानुभूति-लक्षणं समभावं विहाय बहिर्भावे रागं न गच्छति येन कारणेन समभावेन विना शुद्धात्मलाभो न भवतीति ॥ ४७ ॥

अथ ज्ञानी कमप्यन्यं न भणति न प्रेरयति न स्तौति न निन्दतीति प्रतिपादयति—

१७५) भणइ भणावइ णवि थुणइ णिंदइ णाणि ण कोइ ।
सिद्धिहिँ कारणु भाउ समु जाणंतउ पर सोइ ॥ ४८ ॥

भणति भाणयति नैव स्तौति निन्दति ज्ञानी न कमपि ।
सिद्धेः कारणं भावं समं जानन् परं तमेव ॥ ४८ ॥

भणइ इत्यादि । भणइ भणति नैव भणावइ नैवान्यं भाणयति न भणन्तं प्रेरयति णवि थुणइ नैव स्तौति णिंदइ णाणि ण कोइ निन्दति

---

સમભાવને છોડીને–કોઈ પણ બાહ્ય વિષયમાં રાગને પામતો નથી–રાગને કરતો નથી જેથી તે સમભાવથી જ જ્ઞાનમય–જે કેવલજ્ઞાનમાં અનંતગુણો અન્તર્ભૂત છે એવા કેવલજ્ઞાનથી રચાયેલ–નિર્દોષ પરમાત્મ–સ્વભાવને ભવિષ્યમાં પામશે.

જ્ઞાની પુરુષ શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ સમભાવને છોડીને બહિર્ભાવમાં રાગી થતો નથી કારણ કે સમભાવ વિના શુદ્ધાત્માની પ્રાપ્તિ થતી નથી. ૪૭.

હવે જ્ઞાની પુરુષ અન્ય પાસેથી કંઈપણ ભણતો નથી અને અન્યને પ્રેરતો નથી ( ભણાવતો નથી ) કોઈની સ્તુતિ કે નિંદા કરતો નથી એમ કહે છેઃ—

ગાથા–૪૮

**અન્વયાર્થ**:—[ तं एव समं भावं ] તે જ એક રાગદ્વેષરહિત સમતાના પરિણામને [ परं ] નિશ્ચયથી [ सिद्धेः कारणं जानन् ] મોક્ષનું કારણ જાણતો થકો [ ज्ञानी ] જ્ઞાની [ नैव कं अपि भणयति भाणयति ] કંઈ પણ ભણતો નથી અને બીજાને ભણાવતો નથી, [ न स्तौति निन्दति ] કોઈની સ્તુતિ કે નિન્દા કરતો નથી.

**ભાવાર્થ**:—પરમ ઉપેક્ષાસંયમની ભાવનારૂપ વિશુદ્ધજ્ઞાનદર્શનવાળા નિજશુદ્ધાત્મ-તત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુભૂતિ જેનું સ્વરૂપ છે એવા સાક્ષાત્

---

૧ પાઠાન્તરઃ—लभिष्यति=लप्स्यते

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानी न कमपि । किं कुर्वन् सन् । सिद्धिहिं कारणु भाउ समु जाणंतउ पर सोइ जानन् । कम् । परं भावं परिणामम् । कथंभूतम् । समु समं रागद्वेष-रहितम् । पुनरपि कथंभूतं कारणम् । कस्याः । सिद्धेः परं नियमेन सोइ तमेव सिद्धिकारणं परिणाममिति । इदमत्र तात्पर्यम् । परमोपेक्षासंयमभावनारूपं विशुद्ध-ज्ञानदर्शननिजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुभूतिलक्षणं साक्षात्सिद्धिकारणं कारण-समयसारं जानन् त्रिगुप्तावस्थायां अनुभवन् सन् भेदज्ञानी पुरुषः परं प्राणिनं न भणति न प्रेरयति न स्तौति न च निन्दतीति ॥ ४८ ॥

अथ बाह्याभ्यन्तरपरिग्रहेच्छापञ्चेन्द्रियविषयभोगाकांक्षादेहमूर्च्छाव्रतादिसंकल्प-विकल्परहितेन निजशुद्धात्मध्यानेन योऽसौ निजशुद्धात्मानं जानाति स परि-ग्रहविषयदेहव्रताव्रतेषु रागद्वेषौ न करोतीति चतुःकलं प्रकटयति—

**१७६) गंथहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ ।**
**गंथहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ ॥४९॥**

ग्रन्थस्य उपरि परममुनिः द्वेषमपि करोति न रागम् ।
ग्रन्थाद् येन विज्ञातः भिन्नः आत्मस्वभावः ॥ ४९ ॥

---

મોક્ષના કારણરૂપ કારણસમયસારને જાણતો થકો, ત્રણ ગુપ્તિથી ગુપ્ત અવસ્થામાં અનુ-ભવતો થકો ભેદજ્ઞાની પુરુષ બીજા પ્રાણી પાસેથી ભણતો નથી અને બીજા પ્રાણીને પ્રેરતો નથી ( અર્થાત્ ભણાવતો નથી ), કોઈની સ્તુતિ કરતો નથી કે કોઈની નિંદા કરતો નથી. ૪૮.

હવે બાહ્ય–અભ્યંતર પરિગ્રહની ઇચ્છા, પાંચ ઇન્દ્રિયોના વિષયોને ભોગવવાની આકાંક્ષા, દેહની મૂર્ચ્છા અને વ્રતા વ્રતાદિ સંકલ્પવિકલ્પથી રહિત એવા નિજ શુદ્ધાત્માના ધ્યાન વડે જે કોઇ નિજ શુદ્ધાત્માને જાણે છે તે પરિગ્રહ, વિષયો દેહ અને વ્રત–અવ્રતમાં રાગદ્વેષ કરતો નથી એમ ચાર સૂત્રોથી પ્રગટ કરે છેઃ—

### ગાથા–૪૯

**અન્વયાર્થઃ**—[ येन ] જે તપોધને [ ग्रंथात् भिन्नः ] ગ્રંથથી ( પરિગ્રહથી ) જુદો [ आत्मस्वभावं ] આત્મસ્વભાવને [ विज्ञातः ] જાણ્યો છે, [ परममुनिः ] તે પરમ તપસ્વી [ ग्रंथस्य उपरि ] બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ ઉપર અથવા ગ્રંથરચનારૂપ શાસ્ત્ર ઉપર [ रागं द्वेषं अपि ] રાગ અને દ્વેષ [ न करोति ] કરતો નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गंथहं इत्यादि । गंथहँ उप्परि ग्रन्थस्य बाह्याभ्यन्तरपरिग्रहस्योपरि अथवा ग्रन्थ रचनारूपशास्त्रस्योपरि परममुणि परमतपस्वी देसु वि करइ ण द्वेषमपि न करोति न राउ रागमपि । येन तपोधनेन किं कृतम् । गंथहं जेण वियाणियउ भिण्णउ अप्पसहाउ ग्रन्थात्सकाशाद्येन विज्ञातो भिन्न आत्मस्वभाव इति । तद्यथा । मिथ्यात्वं, स्त्र्यादिवेदकांक्षारूपवेदत्रयं, हास्यरत्यरतिशोकभयजुगुप्सारूपं नोकषायषट्कं, क्रोधमानमायालोभरूपं कषायाचतुष्टयं चेति चतुर्दशाभ्यन्तरपरिग्रहाः, क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यभाण्डरूपा बाह्यपरिग्रहाः इत्थंभूतान् बाह्याभ्यन्तरपरिग्रहान् जगत्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च त्यक्त्वा शुद्धात्मोपलम्भलक्षणे वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च यो बाह्याभ्यन्तरपरिग्रहाद्भिन्नमात्मानं जानाति स परिग्रहस्योपरि रागद्वेषौ न करोति । अत्रेदं व्याख्यानं एवं गुणविशिष्टनिर्ग्रन्थस्यैव शोभते न च सपरिग्रहस्येति तात्पर्यार्थः ॥४९॥

अथ—

१७७) विसयहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ ।
विसयहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ ॥ ५० ॥

विषयाणां उपरि परममुनिः द्वेषमपि करोति न रागम् ।
विषयेभ्यः येन विज्ञातः भिन्नः आत्मस्वभावः ॥ ५० ॥

---

**ભાવાર્થ**:—મિથ્યાત્વ, સ્ત્રીઆદિને વેદવાની કાંક્ષારૂપ ત્રણવેદ, હાસ્ય, અરતિ, રતિ, શોક, ભય, જુગુપ્સારૂપ છ નોકષાય અને ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર કષાય એ ચૌદ અભ્યંતર પરિગ્રહો, અને ક્ષેત્ર, વાસ્તુ, ચાંદી, સુવર્ણ, ધન, ધાન્ય, દાસ, દાસી, કુપ્ય, ભાંડરૂપ દશ બાહ્ય પરિગ્રહો—એ પ્રમાણે ચોવીશ બાહ્ય અભ્યંતર પરિગ્રહોને ત્રણ લોક અને ત્રણ કાલમાં મન, વચન, કાયાથી, કરવું, કરાવવું, અનુમોદનથી છોડીને અને શુદ્ધાત્માની પ્રાપ્તિ જેનું લક્ષણ છે એવી વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને જે બાહ્ય અભ્યંતર પરિગ્રહથી ભિન્ન આત્માને જાણે છે તે પરિગ્રહ ઉપર રાગદ્વેષ કરતો નથી.

અહીં આવા ગુણવિશિષ્ટ નિર્ગ્રંથને જ ( નિર્ગ્રંથ મુનિને જ ) આ કથન શોભે છે પણ પરિગ્રહધારીને શોભતું નથી એવો તાત્પર્યાર્થ છે. ૪૯.

વળી ( હવે પરમ મુનિ વિષયો ઉપર રાગદ્વેષ કરતો નથી એમ કહે છે ):—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विसयहं इत्यादि । विसयहं उप्परि विषयाणामुपरि परममुणि परममुनिः देसु वि करइ ण राउ द्वेषमपि नापि करोति न च रागमपि । येन किं कृतम् । विसयहं जेण वियाणिउ विषयेभ्यो येन विज्ञातः । कोऽसौ विज्ञातः । भिण्णउ अप्पसहाउ आत्मस्वभावः । कथंभूतो भिन्न इति । तथा च । द्रव्येन्द्रियाणि भावेन्द्रियाणि द्रव्येन्द्रियभावेन्द्रियग्राह्यान् विषयांश्च दृष्टश्रुतानुभूतान् जगत्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च त्यक्त्वा निजशुद्धात्मभावना-समुत्पन्नवीतरागपरमानन्दैकरूपसुखामृतरसास्वादेन तृप्तो भूत्वा यो विषयेभ्यो भिन्नं शुद्धात्मानमनुभवति स मुनिपञ्चेन्द्रियविषयेषु रागद्वेषौ न करोति । अत्र यः पञ्चे-न्द्रियविषयसुखानिवर्त्य स्वशुद्धात्मसुखे तृप्तो भवति तस्यैवेदं व्याख्यानं शोभते न च विषयासक्तस्येति भावार्थः ॥ ५० ॥

अथ—

१७८) देहहँ उप्परि परम-मुणि देसु वि करइ ण राउ ।
देहहँ जेण वियाणियउ भिण्णउ अप्प-सहाउ ॥ ५१ ॥

---

ગાથા–૫૦

**અન્વયાર્થ**:—[ येन ] જે મહામુનિએ [ आत्मस्वभावः ] આત્મસ્વભાવને [ विषयेभ्यः ] પાંચ ઇન્દ્રિયોના સ્પર્શાદિ વિષયોથી [ भिन्नः विज्ञातः ] જુદો જાણ્યો છે [ परममुनिः ] તે મહામુનિ [ विषयाणां उपरि ] વિષયો ઉપર [ रागं द्वेषं अपि ] રાગ અને દ્વેષને [ न करोति ] કરતો નથી. ( વીતરાગ ભાવમાં જ લીન રહે છે ).

**ભાવાર્થ**:—દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયને અને દ્રવ્યેન્દ્રિય તથા ભાવેન્દ્રિયથી ગ્રાહ્ય એવા દેખેલા, સાંભળેલા, અનુભવેલા વિષયોને ત્રણ લોક અને ત્રણ કાલમાં મનવચનકાયાથી કૃત, કારિત, અનુમોદનથી છોડીને નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ જેનું એક રૂપ છે એવા સુખામૃતના રસાસ્વાદથી તૃપ્ત થઇને જે વિષયોથી ભિન્ન શુદ્ધ આત્માને અનુભવે છે તે મુનિ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં રાગદ્વેષ કરતો નથી.

અહીં જે પાંચ ઇન્દ્રિયના વિષયસુખને નિવર્તીને સ્વશુદ્ધ આત્મસુખમાં તૃપ્ત રહે છે તેને જ આ વ્યાખ્યાન શોભે છે પણ જેઓ વિષયમાં આસક્ત છે તેમને આ કથન શોભતું નથી એવો ભાવાર્થ છે. ૫૦

વળી ( હવે પરમ મુનિ દેહ ઉપર પણ રાગદ્વેષ કરતો નથી એમ કહે છે. ):—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देहस्य उपरि परममुनिः द्वेषमपि करोति न रागम् ।
देहाद् येन विज्ञातः भिन्नः आत्मस्वभावः ॥ ५१ ॥

देहहं इत्यादि । देहहं उप्परि देहस्योपरि परममुणि परममुनिः देसु वि करइ ण राउ द्वेषमपि न करोति न रागमपि । येन किं कृतम् । देहहं जेण वियाणियउ देहात्सकाशाद्येन विज्ञातः । कोऽसौ । भिण्णउ अप्पसहाउ आत्मस्वभावः । कथंभूतो विज्ञातः । तस्माद्देहाद्भिन्न इति । तथाहि—" सपरं बाधासहिदं विच्छिण्णं बंधकारणं विसमं । जं इंदिएहिं लद्धं तं सुक्खं दुक्खमेव तहा ॥" इति गाथाकथितलक्षणं दृष्टश्रुतानुभूतं यद्देहजनितसुखं तज्जगत्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च त्यक्त्वा वीतरागनिर्विकल्पसमाधिबलेन पारमार्थिकानाकुलत्वलक्षणसुखपरिणते निजपरमात्मनि स्थित्वा च य एव देहाद्भिन्नं स्वशुद्धात्मानं जानाति स एव देहस्योपरि रागद्वेषौ न करोति । अत्र य एव सर्वप्रकारेण देहममत्वं त्यक्त्वा देहसुखं नानुभवति तस्यैवेदं व्याख्यानं शोभते नापरस्येति तात्पर्यार्थः ॥ ५१ ॥

---

### ગાથા—૫૧

**અન્વયાર્થ**:—[ येन ] જે પરમ મુનિએ [ देहात् भिन्नः आत्मस्वभावः ] દેહથી ભિન્ન આત્મસ્વભાવને [ विज्ञातः ] જાણ્યો છે [ परममुनिः ] તે પરમમુનિ [ देहस्य उपरि ] મનુષ્યાદિ શરીર ઉપર [ रागं द्वेषं अपि ] રાગ અને દ્વેષ [ न करोति ] કરતો નથી.

**ભાવાર્થ**:—કહ્યું પણ છે કે—सपरं बाधासहिदं विच्छिण्णं विसमं । जं इंदएहिं लद्धं तं सोक्खं दुक्खमेव तहा ॥ ( શ્રી પ્રવચનસાર ૭૬ ) **અર્થ**:—જે ઇન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે, તે સુખ પરના સંબંધવાળું, બાધાસહિત, વિચ્છિન્ન, બંધનું કારણ અને વિષમ છે; ( એ રીતે તે દુઃખ જ છે. ) એ પ્રમાણે આ ગાથામાં કહેલા લક્ષણવાળું, દેખેલું, સાંભળેલું અને અનુભવેલું જે દેહજનિત સુખ છે તેને ત્રણ લોકમાં ત્રણ કાલમાં મનવચનકાયથી કૃત, કારિત, અનુમોદનથી છોડીને અને વીતરાગનિર્વિકલ્પ સમાધિના બલથી અનાકુલતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખરૂપે પરિણત નિજ પરમાત્મામાં સ્થિત થઈને જે મહામુનિ દેહથી ભિન્ન સ્વશુદ્ધાત્માને જાણે છે તે જ દેહની ઉપર રાગદ્વેષ કરતો નથી.

અહીં સર્વ પ્રકારે દેહનું મમત્વ છોડીને દેહસુખને જે અનુભવતો નથી તેને આ વ્યાખ્યાન શોભે છે પણ બીજાને નહિ. ( પણ જે દેહબુદ્ધિવાળા છે તેમને આ વ્યાખ્યાન શોભતું નથી ) એવો તાત્પર્યાર્થ છે. ૫૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ—

१७९) वित्ति-णिवित्तिहिँ परम-मुणि देसु वि करइ ण राउ ।
बंधहँ हेउ वियाणियउ एयहँ जेण सहाउ ॥ ५२ ॥

वृत्तिनिवृत्त्योः परममुनिः द्वेषमपि करोति न रागम् ।
बन्धस्य हेतुः विज्ञातः एतयोः येन स्वभावः ॥ ५२ ॥

वित्तिणिवित्तिहिं इत्यादि । वित्तिणिवित्तिहिं वृत्तिनिवृत्तिविषये व्रताव्रतविषये परममुणि परममुनिः देसु वि करइ ण राउ द्वेषमपि न करोति न च रागम् । येन किं कृतम् । बंधहं हेउ वियाणियउ बन्धस्य हेतुर्विज्ञातः । कोऽसौ । एयहं जेण सहाउ एतयोर्व्रताव्रतयोः स्वभावो येन विज्ञात इति । अथवा पाठान्तरम् । " भिण्णउ जेण वियाणियउ एयहं अप्पसहाउ भिन्नो येन विज्ञानः । कोऽसौ । आत्मस्वभावः । काभ्याम् । एताभ्यां व्रताव्रतविकल्पाभ्यां सकाशादिति । तथाहि । येन व्रताव्रतविकल्पौ पुण्यपापबन्धकारणभूतौ विज्ञातौ स शुद्धोत्मनि स्थितः सन् व्रतविषये रागं न करोति तथा चाव्रतविषये द्वेषं न करोतीति ।

---

વળી ( હવે પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં પણ મહામુનિ રાગદ્વેષ કરતો નથી. એમ કહે છે ):—

### ગાથા—૫૨

**અન્વયાર્થ**:—[ **एतयोः स्वभावः** ] વ્રત અને અવ્રત એ બન્નેયનો સ્વભાવ [ **बंधस्य हेतुः** ] બંધનો હેતુ છે એમ [ **येन** ] જે પરમમુનિએ [ **विज्ञातः** ] જાણ્યું છે. અથવા પાઠાન્તર પ્રમાણે એવો અર્થ છે કે, પરમમુનિએ એ વ્રત અને અવ્રતના વિકલ્પોથી ભિન્ન આત્મસ્વભાવને જાણ્યો છે [ **परममुनिः** ] તે પરમમુનિ [ **वृत्ति निवृत्त्योः** ] પ્રવૃત્તિ અને નિવૃત્તિના વિષયમાં અર્થાત્ વ્રત-અવ્રતના વિષયમાં [ **रागं द्वेषं अपि** ] રાગ અને દ્વેષને [ **न करोति** ] કરતો નથી.

**ભાવાર્થ**:—વ્રત-અવ્રતના વિકલ્પો ( અનુક્રમે ) પુણ્યબંધ અને પાપબંધના કારણ છે એમ જેણે જાણ્યું છે તે શુદ્ધ આત્મામાં સ્થિત થયો થકો વ્રતના વિષયમાં રાગ કરતો નથી અને અવ્રતના વિષયમાં દ્વેષ કરતો નથી.

એવું કથન સાંભળીને અહીં પ્રભાકરભટ્ટ પ્રશ્ન પૂછે છે કે હે ભગવાન ! જો વ્રત ઉપર રાગનું તાત્પર્ય ( રાગ કરવાનું પ્રયોજન ) નથી ( જો વ્રત ઉપર પણ રાગ કરવા યોગ્ય નથી ) તો વ્રતનો નિષેધ થયો ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत्राह प्रभाकरभट्टः । हे भगवन् यदि व्रतस्योपरि रागतात्पर्यं नास्ति तर्हि व्रतं निषिद्धमिति । भगवानाह । व्रतं कोऽर्थः । सर्वनिवृत्तिपरिणामः । तथा चोक्तम्—' हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् ' अथवा । " रागद्वेषौ प्रवृत्तिः स्यान्निवृत्तिस्तन्निषेधनम् । तौ च बाह्यार्थसंबन्धौ तस्मात्तांस्तु परित्यजेत् ॥ " प्रसिद्धं पुनरहिंसादिव्रतं एकदेशेन व्यवहारेणेति । कथमेकदेशव्रतमिति चेत् । तथाहि । जीवघाते निवृत्तिर्जीवदयाविषये प्रवृत्तिः, असत्यवचनविषये निवृत्तिः सत्यवचनविषये प्रवृत्तिः अदत्तादानविषये निवृत्तिः दत्तादानविषये प्रवृत्तिरित्यादि-रूपेणैकदेशं व्रतम् । रागद्वेषरूपसंकल्पविकल्पकल्लोमालारहिते त्रिगुप्तिगुप्तपरमसमाधौ पुनः शुभाशुभत्यागात्परिपूर्णं व्रतं भवतीति । कश्चिदाह । व्रतेन किं प्रयोजन-मात्मभावनया मोक्षो भविष्यति । भरतेश्वरेण किं व्रतं कृतम्, घटिकाद्वयेन मोक्षं गतः इति । अथ परिहारमाह । भरतेश्वरोऽपि पूर्वं जिनदीक्षाप्रस्तावे लोचानन्तरं हिंसादिनिवृत्तिरूपं महाव्रतविकल्पं कृत्वान्तर्मुहूर्ते गते सति दृष्ट-

---

ભગવાન્ યોગીન્દ્રાચાર્ય કહે છે કે વ્રતનો અર્થ શો ? (સર્વ શુભ–અશુભ ભાવોથી) નિવૃત્તિના પરિણામ થવા તે વ્રત છે. કહ્યું પણ છે કે " **हिंसानृतस्तेयाबाह्यपरिग्रहेभ्यः विरतिर्व्रतम् ।** " ( તત્ત્વાર્થ સૂત્ર અ. ૭ સૂ. ૧ ) ( **અર્થ**:—હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહથી નિવૃત્ત થવું તે વ્રત છે ) અથવા " **रागद्वेषौ प्रवृत्तिः स्यान्निवृत्तिस्तन्निषेधनम् । तौ च बाह्यार्थसंबन्धौ तस्मात्तांस्तु परित्यजेत ॥** " આત્માનુશાસન ૨૩૭ ) ( **અર્થ**:—રાગ-દ્વેષ બન્ને પ્રવૃત્તિ છે અને તે બન્નેનો અભાવ તે નિવૃત્તિ છે. વળી આ બન્ને બાહ્ય પદાર્થના સંબંધથી થાય છે તેથી રાગદ્વેષ એ બન્નેને છોડવા જોઈએ. )

વળી એકદેશવ્યવહારનયની અપેક્ષાએ અહિંસાદિ વ્રતો પ્રસિદ્ધ છે. એકદેશવ્રત કેવી રીતે ? આ પ્રમાણે-જીવહિંસાથી નિવૃત્તિ અને જીવદયામાં પ્રવૃત્તિ, અસત્ય વચનથી નિવૃત્તિ અને સત્ય વચનમાં પ્રવૃત્તિ અદત્તાદાનથી નિવૃત્તિ અને દત્તાદાનમાં પ્રવૃત્તિ, ઇત્યાદિ સ્વરૂપે એકદેશવ્રત છે. રાગદ્વેષરૂપ સંકલ્પવિકલ્પની તરંગમાલાથી રહિત ત્રણ ગુપ્તિથી ગુપ્ત પરમ સમાધિમાં તો શુભાશુભ બન્નેનો ત્યાગ હોવાથી પરિપૂર્ણ વ્રત છે. ( આ રીતે પરિપૂર્ણ વ્રતમાં શુભ પરિણામનો પણ ત્યાગ હોવાથી વ્રત ઉપર પણ રાગ કરવા યોગ્ય નથી. )

અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્રતથી શું પ્રયોજન છે ? માત્ર આત્મભાવનાથી મોક્ષ થઈ જશે ? ભરતેશ્વરે ક્યાં વ્રત કર્યાં હતાં ? છતાં પણ તેઓ બે ઘડીમાં મોક્ષે ચાલ્યા ગયા ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



श्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धादिविकल्परहिते मनोवचनकायनिरोधलक्षणे निजशुद्धात्मध्याने स्थित्वा पश्चान्निर्विकल्पो जातः । परं किंतु तस्य स्तोककालत्वान्महाव्रतप्रसिद्धिर्नास्ति । अथेदं मतं वयमपि तथा कुर्मोऽवसानकाले । नैवं वक्तव्यम् । यद्येकस्यान्धस्य कथंचिन्निधानलाभो जातस्तर्हि किं सर्वेषां भवतीति भावार्थः । तथा चोक्तम्— "पुव्वमभाविदजोगो मरणे आराहओ जदि वि कोई । खन्नगनिधिदिट्ठंतं तं खु पमाणं ण सव्वत्थ ॥" ॥ ५२ ॥

एवं मोक्षमोक्षफलमोक्षमार्गप्रतिपादकमहाधिकारमध्ये परमोपशमभावव्याख्यानोपलक्षणत्वेन चतुर्दशसूत्रैः [1]स्थलं समाप्तम् । अथानन्तरं निश्चयनयेन पुण्यपापे द्वे समाने इत्याद्युपलक्षणत्वेन चतुर्दशसूत्रपर्यन्तं व्याख्यानं क्रियते । तद्यथा— योऽसौ विभावस्वभावपरिणामौ निश्चयनयेन बन्धमोक्षहेतुभूतौ न जानाति स एव पुण्यपापद्वयं करोति न चान्य इति मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति—

---

તેનો પરિહાર કહે છે, ભરતેશ્વરે પણ પહેલાં જિનદીક્ષા ધારણ કરતી વખતે માથાનું કેશલોચન કર્યા પછી હિંસાદિ પાપોની નિવૃત્તિરૂપ મહાવ્રતોના વિકલ્પને કરીને અન્તર્મુહૂર્ત જતાં, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધાદિના વિકલ્પોથી રહિત, મનવચનકાયના નિરોધરૂપ નિજશુદ્ધાત્મધ્યાનમાં સ્થિત થઈને પછી નિર્વિકલ્પ થયા. પણ તેમને સ્તોકકાલના મહાવ્રત હોવાથી તેમના મહાવ્રતની પ્રસિદ્ધિ ન થઈ. અહીં કોઈ અજ્ઞાની એમ કહે કે અમે પણ મરણકાલે તેવી રીતે કરીશું, તો એમ કહેવું યોગ્ય નથી કારણ કે જો કોઈ એક આંધળાને કોઈ પણ રીતે ખજાનાની પ્રાપ્તિ થઈ ગઈ તો શું બધાને તે રીતે થાય? એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે "पुव्वमभाविदजोगो मरणे आराहओ जदि वि कोई । खन्नगनिधिदिट्ठंतं तं खु पमाणं ण सव्वत्थ ॥" (ભગવતી આરાધના ૨૪) (**અર્થ**:—જેવી રીતે કોઈ પુરુષ મરણના અવસર પહેલાં યોગનો અભ્યાસ ન કર્યો હોવા છતાં મરણ વખતે કદાચ આરાધક થઈ જાય છે તો તે અંધપુરુષને કદાચિત્ નિધિની પ્રાપ્તિ થાય છે તેના જેવું કહેવાય. પણ આવું બધી જગ્યાએ ખરેખર થાય તેવું પ્રમાણ નથી (પણ આવું બધી જગ્યાએ અવશ્ય થાય જ એમ સંભવતું જ નથી.) ૫૨.

એ પ્રમાણે મોક્ષ, મોક્ષફલ અને મોક્ષમાર્ગના પ્રતિપાદક મહાધિકારમાં ચૌદ ગાથાસૂત્રો વડે પરમ–ઉપશમભાવના વ્યાખ્યાનરૂપ ઉપલક્ષણવાળું સ્થળ સમાપ્ત થયું.

---

૧ પાઠાન્તરઃ—स्थलं=पंचमं स्थलं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१८०) बंधहँ मोक्खहँ हेउ णिउ जो णवि जाणइ कोइ ।
सो पर मोहिं करइ जिय पुण्णु वि पाउ वि दोइ ॥ ५३ ॥
बन्धस्य मोक्षस्य हेतुः निजः यः नैव जानाति कश्चित् ।
स परं मोहेन करोति जीव पुण्यमपि पापमपि द्वे अपि ॥ ५३ ॥

बंधहं इत्यादि । बंधहं बन्धस्य मोक्खहं मोक्षस्य हेउ हेतुः कारणम् । कथंभूतम् । णिउ निजविभावस्वभावहेतुस्वरूम् । जो णवि जाणइ कोंइ यो नैव जानाति कश्चित् । सो पर स एव मोहिं मोहेन करइ करोति जिय हे जीव पुण्णु वि पाउ वि पुण्यमपि पापमपि । कतिसंख्योपेते अपि । दो द्वे अपीति । तथाहि । निजशुद्धात्मानुभूतिरुचिविपरीतं मिथ्यादर्शनं स्वशुद्धात्मप्रतीतिविपरीतं मिथ्याज्ञानं निजशुद्धात्मद्रव्यनिश्चलस्थितिविपरीतं मिथ्याचारित्रमित्येतत्रयं कारणं, तस्मात् त्रयाद्विपरीतं भेदाभेदरत्नत्रयस्वरूपम् मोक्षस्य कारणमिति योऽसौ न जानाति स एव पुण्यपापद्वयं निश्चयनयेन हेयमपि मोहवशात्पुण्यमुपादेयं करोति पापं हेयं करोतीति भावार्थः ॥ ५३ ॥

---

ત્યાર પછી ચૌદ ગાથાસૂત્રો સુધી નિશ્ચયનયથી પુણ્ય અને પાપ બન્ને સમાન છે, ઇત્યાદિ ઉપલક્ષણવાળું વ્યાખ્યાન કરવામાં આવે છે તે આ પ્રમાણેઃ—

જે કોઇ નિશ્ચયનયથી વિભાવપરિણામ બંધનો હેતુ છે અને સ્વભાવપરિણામ મોક્ષનો હેતુ છે એમ જાણતો નથી તે જ પુણ્ય અને પાપ બંન્નેને કરે છે પણ બીજો નહિ. ( પણ જે કોઈ નિશ્ચયનયથી વિભાવપરિણામ બંધનો હેતુ છે અને સ્વભાવપરિણામ મોક્ષનો હેતુ છે એમ જાણે છે તે પુણ્ય, પાપ બન્નેને કરતો નથી ) એમ મનમાં રાખીને આ સૂત્ર કહે છેઃ—

## ગાથા—૫૩

**અન્વયાર્થઃ**—[ यः कश्चित् ] જે કોઈ જીવ [ निजः बंधस्य मोक्षस्य हेतुः ] પોતાનો વિભાવપરિણામ બંધનો હેતુ છે અને પોતાનો સ્વભાવ પરિણામમોક્ષનો હેતુ છે એવું સ્વરૂપ [ न एव जानाति ] જાણતો નથી [ स एव ] તે જ [ जीव ] હે જીવ ! [ पुण्य अपि पापं अपि द्वे अपि ] પુણ્ય અને પાપ બન્નેને [ मोहेन ] મોહથી [ करोति ] કરે છે.

**ભાવાર્થઃ**—નિજશુદ્ધાત્માની અનુભૂતિરૂપ રુચિથી વિપરીત મિથ્યાદર્શન, સ્વ-શુદ્ધાત્માની પ્રતીતિથી વિપરીત મિથ્યાજ્ઞાન અને નિજશુદ્ધાત્મદ્રવ્યમાં નિશ્ચલ સ્થિતિથી વિપરીત મિથ્યાચારિત્ર—એ ત્રણ બંધનું કારણ છે અને ત્રણેયથી વિપરીત એવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ सम्यग्दर्शनज्ञानचारित्रपरिणतमात्मानं योऽसौ मुक्तिकारणं न जानाति स पुण्यपापद्वयं करोतीति दर्शयति—

१८१) दंसण-णाण-चरित्तमउ जो णवि अप्पु मुणेइ ।
मोक्खहँ कारणु भणिवि जिय सो पर ताइँ करेइ ॥५४॥

दर्शनज्ञानचारित्रमयं यः नैवात्मानं मनुते ।
मोक्षस्य कारणं भणित्वा जीव स परं ते करोति ॥ ५४ ॥

दंसणणाणचरित्त इत्यादि । दंसणणाणचरित्तमउ सम्यग्दर्शनज्ञानचारित्रमयं जो णवि अप्पु मुणेइ यः कर्ता नैवात्मानं मनुते जानाति । किं कृत्वा न जानाति । मोक्खहं कारणु भणिवि मोक्षस्य कारणं भणित्वा मत्वा जिय हे जीव सो पर ताइं करेइ स एव पुरुषस्ते पुण्यपापे द्वे करोतीति । तथाहि—निजशुद्धात्मभावनोत्थवीतरागसहजानन्दैकरूपसुखरसास्वादरुचिरूपं सम्यग्दर्शनं, तत्रैव

---

ભેદાભેદ રત્નત્રયસ્વરૂપ મોક્ષનું કારણ છે એમ જે કોઈ જાણતો નથી તે જ–જો કે પુણ્ય અને પાપ બન્નેય નિશ્ચયનયથી હેય છે તોપણ–મોહના વશે પુણ્યને ઉપાદેય કરે છે અને પાપને હેય કરે છે એવો ભાવાર્થ છે. ૫૩.

હવે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપે પરિણત આત્મા મુક્તિનું કારણ છે એમ જે કોઇ જાણતો નથી તે પુણ્ય અને પાપ બન્નેને કરે છે એમ દર્શાવે છે.

## ગાથા–૫૪

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ! [ यः ] જે પુરુષ [ दर्शनज्ञानचारित्रमयं आत्मानं ] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રમય આત્માને [ मोक्षस्य कारणं भणित्वा ] મોક્ષનું કારણ સમજીને [ न एव मनुते ] જાણતો નથી [ सः एव ] તે જ [ ते करोति ] પુણ્ય અને પાપ બન્નેને કરે છે.

નિજશુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદ જેનું એક રૂપ છે એવા સુખરસના આસ્વાદની રુચિરૂપ સમ્યગ્દર્શન છે, તે જ સ્વશુદ્ધાત્મામાં એક ( કેવલ ) વીતરાગ સહજાનંદમય સ્વસંવેદનરૂપ–પરિચ્છિત્તિરૂપ–સમ્યગ્જ્ઞાન છે, એક ( કેવલ ) વીતરાગ સહજાનંદરૂપ પરમસમરસી ભાવથી તેમાં જ (સ્વશુદ્ધાત્મામાં જ) નિશ્ચલસ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર છે. એ ત્રણ રૂપે પરિણત આત્માને જે મોક્ષનું કારણ જાણતો નથી તે જ પુણ્યને ઉપાદેય કરે છે અને પાપને હેય કરે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



स्वशुद्धात्मनि वीतरागसहजानन्दैकस्वसंवेदनपरिच्छित्तिरूपं सम्यग्ज्ञानं, वीतरागसहजानन्दैकसमरसी भावेन तत्रैव निश्चलस्थिरत्वं सम्यक्चारित्रं, इत्येतैस्त्रिभिः परिणतमात्मानं योऽसौ मोक्षकारणं न जानाति स एव पुण्यमुपादेयं करोति पापं हेयं च करोतीति । यस्तु पूर्वोक्तरत्नत्रयपरिणतमात्मानमेव मोक्षमार्गं जानाति तस्य तु सम्यग्दृष्टेर्यद्यपि संसारस्थितिच्छेदकारणेन सम्यक्त्वादिगुणेन परंपरया मुक्तिकारणं तीर्थंकरनामकर्मप्रकृत्यादिकमनीहितवृत्त्या विशिष्टपुण्यमास्रवति तथाप्यसौ तदुपादेयं न करोतीति भावार्थः ॥ ५४ ॥

अथ योऽसौ निश्चयेन पुण्यपापद्वयं समानं न मन्यते स मोहेन मोहितः सन् संसारं परिभ्रमतीति कथयति—

१८२) जो णवि मण्णइ जीउ समु पुण्णु वि पाउ वि दोइ ।
सो चिरु दुक्खु सहंतु जिय मोहिं हिंडइ लोइ ॥ ५५ ॥

यः नैव मन्यते जीवः समाने पुण्यमपि पापमपि द्वे ।
स चिरं दुःखं सहमानः जीव मोहेन हिण्डते लोके ॥ ५५ ॥

---

પરંતુ પૂર્વોક્ત રત્નત્રયરૂપે પરિણત આત્માને જ જે મોક્ષમાર્ગ જાણે છે તે સમ્યગ્દૃષ્ટિને તો જો કે સંસારસ્થિતિનો નાશ કરવામાં કારણભૂત એવા સમ્યક્ત્વ આદિ ગુણથી પરંપરાએ મુક્તિના કારણરૂપ તીર્થંકરનામકર્મની પ્રકૃતિ આદિક વિશિષ્ટ પુણ્યનો અનીહિતવૃત્તિથી આસ્રવ થાય છે તો પણ તે સમ્યગ્દૃષ્ટિ તેને ઉપાદેય કરતો નથી એવો ભાવાર્થ છે. ૫૪.

હવે જે કોઈ નિશ્ચયનયથી પુણ્ય, પાપ બન્નેને સમાન માનતો નથી તે મોહથી મોહિત થયો થકો સંસારમાં ભટકે છે એમ કહે છેઃ—

### ગાથા—૫૫

**અન્વયાર્થઃ**—[ यः ] જે જીવ [ पुण्यं अपि पापं अपि द्वे ] પુણ્ય અને પાપ એ બન્નેને [ समाने ] સમાન [ न एव मन्यते ] માનતો નથી [ सः ] તે [ जीव ] હે જીવ ! [ मोहेन ] મોહથી મોહિત થયો થકો [ चिरं ] ઘણા કાલ સુધી [ दुःखं सहमानः ] દુઃખને સહતો થકો [ लोके ] સંસારમાં [ हिण्डते ] ભટકે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जो इत्यादि । जो णवि मण्णइ यः कर्ता नैव मन्यते जीउ जीवः । किं न मन्यते । समु समाने । के । पुण्णु वि पाउ वि दोइ पुण्यमपि पापमपि द्वे सो स जीवः चिरु दुक्खु सहंतु चिरं बहुतरं कालं दुःखं सहमानः सन् जिय हे जीव मोहिं हिंडइ लोइ मोहेन मोहितः सन् हिण्डते भ्रमति । क्व । लोके संसारे इति । तथा च । यद्यप्यसद्भूतव्यवहारेण द्रव्यपुण्यपापे परस्परभिन्ने भवतस्तथैवाशुद्धनिश्चयेन भावपुण्यपापे भिन्ने भवतस्तथापि शुद्धनिश्चयनयेन पुण्यपापरहितशुद्धात्मनः सकाशाद्विलक्षणे सुवर्णलोहनिगलवद्बन्धं प्रति समाने एव भवतः । एवं नयविभागेन योऽसौ पुण्यपापद्वयं समानं न मन्यते स निर्मोहशुद्धात्मनो विपरीतेन मोहेन मोहितः सन् संसारे परिभ्रमति इति । अत्राह प्रभाकरभट्टः । तर्हि ये केचन पुण्यपापद्वयं समानं कृत्वा तिष्ठन्ति तेषां किमिति दूषणं दीयते भवद्भिरिति । भगवानाह । यदि शुद्धात्मानुभूतिलक्षणं त्रिगुप्तिगुप्तवीतरागनिर्विकल्पपरमसमाधिं लब्ध्वा तिष्ठन्ति तदा संमतमेव । यदि पुनस्तथाविधामवस्थामलभमाना अपि सन्तो गृहस्थावस्थायां दानपूजादिकं त्यजन्ति तपोधनावस्थायां षडावश्यकादिकं च त्यक्त्वोभयभ्रष्टाः सन्तः तिष्ठन्ति तदा दूषणमेवेति तात्पर्यम् ॥ ५५ ॥

---

**ભાવાર્થ**:—જો કે અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યપુણ્ય અને દ્રવ્યપાપ પરસ્પર ભિન્ન છે તેમ જ અશુદ્ધનિશ્ચયનયથી ભાવપુણ્ય અને ભાવપાપ ભિન્ન છે તો પણ શુદ્ધનિશ્ચયનયથી પુણ્યપાપરહિત શુદ્ધ આત્માથી વિલક્ષણ તેઓ, જેમ સોનાની અને લોઢાની બેડી બંધનની અપેક્ષાએ સમાન છે તેમ, બંધની અપેક્ષાએ સમાન જ છે-એ પ્રમાણે નયવિભાગથી જે પુણ્યપાપ બન્નેને સમાન નથી માનતો તે નિર્મોહ શુદ્ધાત્માથી વિપરીત મોહથી મોહિત થયો થકો સંસારમાં પરિભ્રમણ કરે છે.

એવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે જો એમ છે તો જે કોઈ (પરમતવાદી) પુણ્યપાપ બન્નેને સરખા માનીને વર્તે છે તેમને આપ શા માટે દૂષણ આપો છો? ભગવાન યોગીન્દ્રદેવ કહે છે કે જો શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ ત્રણગુપ્તિથી ગુપ્ત એવી વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિને પામીને સ્થિત થાય છે ત્યારે તો સંમત જ છે (ત્યારે તો પુણ્ય પાપને સમાન માનવા તે તો યથાર્થ જ છે) પણ જો તેવી અવસ્થાને પ્રાપ્ત કર્યા સિવાય જે ગૃહસ્થઅવસ્થામાં દાન-પૂજાદિક છોડે છે અને મુનિની અવસ્થામાં છ આવશ્યક આદિને છોડીને ઉભયભ્રષ્ટ (બન્ને બાજુથી ભ્રષ્ટ) થયા થકા વર્તે છે ત્યારે તો દૂષણ જ છે (ત્યારે તો પુણ્યપાપ બન્નેને સમાન માનવાં તે તો દૂષણ જ છે) એવું તાત્પર્ય છે. ૫૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ येन पापफलेन जीवो दुःखं प्राप्य दुःखविनाशार्थं धर्माभिमुखो भवति तत्पापमपि समीचीनमिति दर्शयति—

१८३) वर जिय पावइँ सुंदरइँ णाणिय ताइँ भणंति ।
जीवहँ दुक्खइँ जणिवि लहु सिवमइँ जाइँ कुणंति॥५६॥

वरं जीव पापानि सुन्दराणि ज्ञानिनः तानि भणन्ति ।
जीवानां दुःखानि जनित्वा लघु शिवमतिं यानि कुर्वन्ति ॥ ५६ ॥

वर जिय इत्यादि । वर जिय वरं किंतु हे जीव पावइं सुंदरइं पापानि सुन्दराणि समीचीनानि भणंति कथयन्ति । के । णाणिय ज्ञानिनः तत्त्ववेदिनः । कानि । ताइं तानि पूर्वोक्तानि पापानि । कथंभूतानि । जीवहं दुक्खइं जणिवि लहु सिवमइं जाइं कुणंति जीवानां दुःखानि जनित्वा लघु शीघ्रं शीवमतिं मुक्तियोग्यमतिं यानि कुर्वन्ति । अयमत्राभिप्रायः । यत्र भेदाभेदरत्नत्रयात्मकं श्रीधर्मं लभते जीवस्तत्पापजनितदुःखमपि श्रेष्ठमिति कस्मा-

---

હવે જે પાપના ફલથી જીવ દુઃખ પામીને દુઃખને દૂર કરવા માટે ધર્મની સન્મુખ થાય છે તે પાપ પણ સમીચીન ( સારું ) છે એમ દર્શાવે છેઃ—

ગાથા–૫૬

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! [ यानि ] જે પાપ ( જે પાપનાં ફલ ) [ जीवानां ] જીવોને [ दुःखानि जनित्वा ] દુઃખ આપીને [ लघु ] શીઘ્ર જ [ शिवमतिं कुर्वन्ति ] મુક્તિને યોગ્ય બુદ્ધિ ( મોક્ષ મેળવવાની બુદ્ધિ ) ઉત્પન્ન કરે છે [ तानि पापानि ] તે પાપ પણ [ वरं सुंदराणि ] ઘણાં સુંદર–સમચીન–છે એમ [ ज्ञानिनः ] જ્ઞાની–તત્ત્વવેદી–[ भणन्ति ] કહે છે.

**ભાવાર્થઃ**—જ્યાં ( પાપના ફલરૂપ દુઃખના ડરથી ) જીવ ભેદાભેદ–રત્નત્રયાત્મક શ્રીધર્મને ( સત્ય ધર્મને ) પામે છે તે પાપજનિત દુઃખ પણ શ્રેષ્ઠ છે કારણ કે " आर्ता नरा धर्मपरा भवन्ति " ( **અર્થઃ**—ઘણું કરીને દુઃખી મનુષ્યો ધર્મસન્મુખ થાય છે એવું આગમનું વચન છે. ) ૫૬.

હવે નિદાનબંધથી ઉપાર્જિત પુણ્યો જીવને રાજ્યાદિની વિભૂતિ આપીને નરકાદિનાં દુઃખ ઉપજાવે છે તે કારણે તેઓ સમીચીન નથી એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दिति चेत् । 'आर्ता नरा धर्मपरा भवन्ति' इति वचनात् ॥ ५६ ॥

अथ निदानबन्धोपार्जितानि पुण्यानि जीवस्य राज्यादिविभूतिं दत्त्वा नारकादिदुःखं जनयन्तीति हेतोः समीचीनानि न भवन्तीति कथयति—

१८४) मं पुणु पुण्णइँ भल्लाइँ णाणिय ताइँ भणंति ।
जीवहँ रज्जइँ देवि लहु दुक्खहँ जाइँ जणंति ॥५७॥

मा पुनः पुण्यानि भद्राणि ज्ञानिनः तानि भणन्ति ।
जीवस्य राज्यानि दत्त्वा लघु दुःखानि यानि जनयन्ति ॥ ५७ ॥

मं पुणु इत्यादि । मं पुणु मा पुनः न पुनः पुण्णइं भल्लाइं पुण्यानि भद्रानि भवन्तीति णाणिय ताइं भणंति ज्ञानिनः पुरुषास्तानि पुण्यानि कर्मतापन्नानि भणन्ति । यानि किं कुर्वन्ति । जीवहं रज्जइं देवि लहु दुक्खइं जाइं जणंति यानि पुण्यकर्माणि जीवस्य राज्यानि दत्त्वा लघु शीघ्रं दुःखानि

---

ગાથા–૫૭

**અન્વયાર્થ**:—[ पुनः ] વળી [ ज्ञानिनः भणन्ति ] જ્ઞાની પુરુષ કહે છે કે [ तानि पुण्यानि ] તે પુણ્ય પણ [ मा भद्राणि ] ભદ્ર નથી [ यानि ] કે જે પુણ્ય કર્મો [ जीवस्य ] જીવને [ राज्यानि दत्त्वा ] રાજ્ય આપીને [ लघु ] શીઘ્ર [ दुःखानि ] નરકાદિના દુઃખોને [ जनयन्ति ] ઉત્પન્ન કરે છે

**ભાવાર્થ**:—નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ જેનું એક રૂપ છે એવા સુખના અનુભવથી વિપરીત દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધપૂર્વક જ્ઞાન, તપ અને દાનાદિથી ઉપાર્જિત કરેલાં જે પુણ્યકર્મો છે તે હોય છે; શા માટે? કારણ કે નિદાનબંધથી ઉપાર્જિત પુણ્યથી બીજા ભવમાં રાજ્યાદિની વિભૂતિ પ્રાપ્ત થતાં તો જીવ ભોગોને છોડી શકતો નથી તેથી રાવણાદિની માફક તે પુણ્યથી નરકાદિના દુઃખ પામે છે માટે તેવા પુણ્યો હેય છે. વળી નિદાન રહિત એવા પુણ્ય સહિત જે પુરુષો છે તે બીજા ભવમાં રાજ્યાદિના ભોગ પ્રાપ્ત થતાં પણ ભોગોને છોડીને અને જિનદીક્ષા લઈને બલદેવની માફક ઊર્ધ્વગતિગામી થાય છે એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે "ऊर्ध्वगा बलदेवाः स्युर्निर्निदाना भवान्तरे" ( **અર્થ**:—પૂર્વભવમાં જેણે નિદાનબંધ કર્યો નથી એવા બલદેવો ઊર્ધ્વગામી થાય છે. ) ૫૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जनयन्ति । तद्यथा । निजशुद्धात्मभावनोत्थवीतरागपरमानन्दैकरूपसुखानुभवविपरीतेन दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धपूर्वकज्ञानतपोदानादिना यान्युपार्जितानि पुण्य-कर्माणि तानि हेयानि । कस्मादिति चेत् । निदानबन्धोपार्जितपुण्येन भवान्तरे राज्यादिविभूतौ लब्धायां तु भोगान् त्यक्तुं न शक्नोति तेन पुण्येन नरका-दिदुःखं लभते । रावणादिवत् । तेन कारणेन पुण्यानि हेयानीति । ये पुनर्निदानरहितपुण्यसहिताः पुरुषास्ते भावान्तरे राज्यादिभोगे लब्धेऽपि भोगां-स्त्यक्त्वा जिनदीक्षां गृहीत्वा चोर्ध्वगतिगामिनो भवन्ति बलदेवादिवदिति भावार्थः । तथा चोक्तम्—'ऊर्ध्वगा बलदेवाः स्युर्निर्निदाना भवान्तरे ।' इत्यादिवचनात् ॥ ५७ ॥

अथ निर्मलसम्यक्त्वाभिमुखानां मरणमपि भद्रं, तेन विना पुण्यमपि समीचीन न भवतीति प्रतिपादयति—

**१८५) वर णिय-दंसण-अहिमुहउ मरणु वि जीव लहेसि ।**
**मा णिय-दंसण-विम्मुहउ पुण्णु वि जीव करेसि ॥५८॥**

वरं निजदर्शनाभिमुखः मरणमपि जीव लभस्व ।
मा निजदर्शनविमुखः पुण्यमपि जीव करिष्यसि ॥ ५८ ॥

वर इत्यादि । वर णियदंसणअहिमुहउ वरं किंतु निजदर्शनाभिमुखः सन् मरणु वि जीव लहेसि मरणमपि हे जीव । लभस्व भज । मा

---

હવે નિર્મલ સમ્યક્ત્વની સન્મુખ થયેલા જીવોનું મરણ પણ ભદ્ર છે, સમ્યક્ત્વ વિનાનું પુણ્ય પણ સમીચીન નથી એમ કહે છેઃ—

## ગાથા—૫૮

**અન્વયાર્થ**ઃ—[ जीव ] હે જીવ ! તું [ निजदर्शनाभिमुखः ] નિજ ( નિશ્ચય ) સમ્યક્ત્વની સન્મુખ થયો થકો [ **मरणं अपि लभस्व** ] મરણને પણ પામ [ **वरं** ] પરંતુ [ जीव ] હે જીવ ! તું [ निजदर्शनविमुखः ] નિજ સમ્યક્ત્વથી વિમુખ થયો થકો [ **पुण्यं अपि मा करिष्यसि** ] પુણ્ય પણ કરીશ નહિ.

**ભાવાર્થ**ઃ—પોતાના નિર્દોષ પરમાત્માની અનુભૂતિની રુચિરૂપ ત્રણ ગુપ્તિથી ગુપ્ત લક્ષણવાળું જે નિશ્ચયચારિત્ર તેની સાથે અવિનાભૂત વીતરાગ નામનું નિશ્ચયસમ્યક્ત્વ કહેવાય છે તે નિશ્ચયસમ્યક્ત્વની સન્મુખ થયો થકો હે જીવ ! જો તું મરણ પણ પામે તો દોષ નથી પણ સમ્યત્વ વિનાનું પુણ્ય ન કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



णियदंसणविम्मुहउ मा पुनर्निजदर्शनविमुखः सन् पुण्णु वि जीव करेसि पुण्यमपि हे जीव करिष्यसि । तथा च स्वकीयनिर्दोषिपरमात्मानभूतिरुचिरूपं त्रिगुप्तिगुप्तलक्षणनिश्चयचारित्राविनाभूतं वीतरागसंज्ञं निश्चयसम्यक्त्वं भण्यते तदभिमुखः सन् हे जीव मरणमपि लभस्व दोषो नास्ति तेन विना पुण्यं मा कार्षीरिति । अत्र सम्यक्त्वरहिता जीवाः पुण्यसहिता अपि पापजीवा भण्यन्ते । सम्यक्त्वसहिताः पुनः पूर्वभवान्तरोपार्जितपापफलं भुञ्जाना अपि पुण्यजीवा भण्यन्ते येन कारणेन, तेन कारणेन सम्यक्त्वसहितानां मरणमपि भद्रम् । सम्यक्त्वरहितानां च पुण्यमपि भद्रं न भवति । कस्मात् । तेन निदानबद्धपुण्येन भवान्तरे भोगान् लब्ध्वा पश्चान्नरकादिकं गच्छन्तीति भावार्थः । तथा चोक्तम्—" वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः । न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते ॥ " ॥ ५८ ॥

अथ तमेवार्थं पुनरपि द्रढयति—

१८६) जे णिय-दंसण-अहिमुहा सोक्खु अणंतु लहंति ।
तिं विणु पुण्णु करंता वि दुक्खु अणंतु सहंति ॥५९॥

ये निजदर्शनाभिमुखाः सौख्यमनन्त लभन्ते ।
तेन विना पुण्यं कुर्वाणा अपि दुःखमनन्तं सहन्ते ॥ ५९ ॥

---

અહીં સમ્યક્ત્વ રહિત જીવો પુણ્યસહિત હોવા છતાં પણ, પાપી જીવ કહેવાય છે અને સમ્યક્ત્વ સહિત જીવો, પૂર્વભવાન્તરમાં ઉપાર્જિત કરેલા પાપફલને ભોગવતા છતાં પણ, પુણ્યજીવો કહેવાય છે. તે કારણે સમ્યક્ત્વ સહિત જીવોનું મરણ પણ ભદ્ર છે અને સમ્યક્ત્વ રહિત જીવોનું પુણ્ય પણ ભદ્ર નથી કારણકે નિદાનથી બાંધેલા તે પુણ્યથી જીવો ભવાન્તરમાં ભોગોને પામીને પછી નરકાદિમાં જાય છે એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કેઃ–" **वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः । न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते ॥** " ( સમ્યક્ત્વ સહિત નરકવાસ પણ સારો છે પણ સમ્યક્ત્વ વગરના જીવને સ્વર્ગનો નિવાસ પણ શોભતો નથી. ) ૫૮.

હવે તે જ અર્થને ફરીથી દ્રઢ કરે છેઃ–

## ગાથા–૫૯

**અન્વયાર્થઃ**–[ ये ] જે કોઈ પુરુષો [ निजदर्शनाभिमुखाः ] નિજ ( નિશ્ચય ) સમ્યગ્દર્શનની સન્મુખ છે તેઓ [ अनंतं सौख्यं ] અનંત સુખ [ लभन्ते ] પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जे णिय इत्यादि । जे ये केचन णियदंसणअहिमुहा निजदर्शनाभिमुखास्ते पुरुषाः सोक्खु अणंतु लहंति सौख्यमनन्तं लभन्ते । अपरे केचन तिं विणु पुण्णु करंता वि तेन सम्यक्त्वेन विना पुण्यं कुर्वाणा अपि । दुक्खु अणंतु सहंति दुःखमनन्तं सहन्त इति । तथाहि । निजशुद्धात्मतत्त्वोपलब्धिरुचिरूपनिश्चय-सम्यक्त्वाभिमुखा ये ते केचनास्मिन्नेव भवे धर्मपुत्रभीमार्जुनादिवदक्षयसुखं लभन्ते, ये केचन पुनर्नकुलसहदेवादिवत् स्वर्गसुखं लभन्ते । ये तु सम्यक्त्वरहितास्ते पुण्यं कुर्वाणा अपि दुःखमनन्तमनुभवन्तीति तात्पर्यम् ॥ ५९ ॥

अथ निश्चयेन पुण्यं निराकरोति—

१८७) पुण्णेण होइ विहवो विहवेण मओ मएण मइ-मोहो ।
मइ-मोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ ॥ ६० ॥

पुण्येन भवति विभवो विभवेन मदो मदेन मतिमोहः ।
मतिमोहेन च पापं तस्मात् पुण्यं अस्माकं मा भवतु ॥ ६० ॥

पुण्णेण इत्यादि । पुण्णेण होइ विहवो पुण्येन विभवो विभूतिर्भवति, विहवेण मओ विभवेन मदोऽहंकारो गर्वो भवति, मएण मइमोहो विज्ञानाद्यष्ट-

---

અને [ तेन विना ] નિજ સમ્યક્ત્વ વિના [ पुण्यं कुर्वाणाः अपि ] અન્ય જીવો પુણ્ય કરવા છતાં પણ [ अनंतं दुःखं ] અનંત દુઃખ જ [ सहन्ते ] સહન કરે છે.

**ભાવાર્થ:**—નિજશુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિની રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વની સન્મુખ જેઓ છે, તેમાંના કેટલાક તો આ ભવમાં જ યુધિષ્ઠિર, ભીમ, અર્જુનાદિની માફક અક્ષય સુખ પામે છે અને કેટલાક નકુલ, સહદેવાદિની માફક સ્વર્ગસુખ પામે છે, પણ જેઓ સમ્યક્ત્વ રહિત છે તેઓ પુણ્ય કરવા છતાં પણ અનંત દુઃખ જ અનુભવે છે. ૫૯

હવે નિશ્ચયનયથી પુણ્યને નિષેધે છે.

ગાથા–૬૦

**અન્વયાર્થ:**—[ पुण्येन ] પુણ્યથી [ विभवः ] વૈભવ [ भवति ] મળે છે [ विभवेन ] વૈભવથી [ मदः ] અહંકાર-ગર્વ થાય છે, [ मदेन ] વિજ્ઞાન આદિ આઠ પ્રકારના મદથી [ मतिमोहः ] બુદ્ધિભ્રમ–વિવેકમૂઢતા–થાય છે [ तस्मात ] તેથી [ अस्माकं ] અમને [ पुण्यं ] આવું પુણ્ય [ मा भवतु ] ન હો.

**ભાવાર્થ:**—ભેદાભેદરત્નત્રયની આરાધના રહિત, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધના પરિણામ સહિત જે જીવ છે તે જીવથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विधमदेन मतिमोहो मतिभ्रंशो विवेकमूढत्वं भवति । मइमोहेण य पावं मतिमूढत्वेन पापं भवति, ता पुण्णं अम्ह मा होउ तस्मादित्थंभूतं पुण्यं अस्माकं मा भूदिति । तथा च । इदं पूर्वोक्तं पुण्यं भेदाभेदरत्नत्रयाराधनारहितेन दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धपरिणामसहितेन जीवेन यदुपार्जितं पूर्वभवे तदेव मदमहंकारं जनयति बुद्धिविनाशं च करोति । न च पुनः सम्यक्त्वादिगुणसहितं भरतसगररामपाण्डवादिपुण्यबन्धवत् । यदि पुनः सर्वेषां मदं जनयति तर्हि ते कथं पुण्यभाजनाः सन्तो मदाहंकारादिविकल्पं त्यक्त्वा मोक्षं गताः इति भावार्थः । तथा चोक्तं चिरन्तनानां निरहंकारत्वम्—" सत्यं वाचि मतौ श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमे लक्ष्मीर्दानमनूनमर्थिनिचये मार्गे गतिर्निर्वृतेः । येषां प्रागजनीह तेऽपि निरहंकाराः श्रुतेर्गोचराश्चित्रं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः ॥ " ॥ ६० ॥

अथ देवशास्त्रगुरूभक्त्या मुख्यवृत्त्या पुण्यं भवति न च मोक्ष इति प्रतिपादयति—

---

પૂર્વભવમાં જે આ પૂર્વોક્ત પુણ્ય ઉપાર્જ્યું છે તે જ પુણ્ય અહંકાર ઉત્પન્ન કરે છે અને બુદ્ધિનો વિનાશ કરે છે, પણ ભરત, સગર, રામ, પાંડવાદિના પુણ્યબંધની માફક સમ્યક્ત્વાદિ ગુણ સહિત પુણ્યબંધ મદ ઉત્પન્ન કરતો નથી. વળી જો પુણ્ય સર્વને મદ ઉત્પન્ન કરે તો તેઓ કેવી રીતે પુણ્યના ભાજન થયા થકા મદ-અહંકારાદિ વિકલ્પને છોડીને મોક્ષે ગયા? એવો ભાવાર્થ છે.

પહેલાના સમયમાં થઈ ગયેલા સત્પુરુષોને નિરહંકારપણું પણ આ પ્રમાણે કહ્યું છે કેઃ–' सत्यं वाचि मतौ श्रुतं हृदि दया शौर्यं भुजे विक्रमे लक्ष्मीर्दानमनूनमर्थिनिचये मार्गे गतिर्निर्वृत्तेः । येषां प्रागजनीह तेऽपि निरहंकाराः श्रुतेर्गोचराश्चित्रं संप्रति लेशतोऽपि न गुणास्तेषां तथाप्युद्धताः ॥'' ( આત્માનુશાસન ૨૧૮ ) ( **અર્થઃ**— પહેલાના સમયમાં એવા સત્પુરુષો થઈ ગયા છે કે વાણીમાં સત્ય, બુદ્ધિમાં આગમ, હૃદયમાં દયા, શૌર્ય, ભુજામાં પરાક્રમ યાચકોને લક્ષ્મીનું પૂર્ણદાન અને નિર્વાણ-માર્ગમાં ગમન, આવા ગુણો જેનામાં રહ્યા હતા છતાં પણ તેઓ અભિમાનથી રહિત હતા એમ આગમથી જાણવા મળે છે પણ આશ્ચર્ય છે કે હાલમાં–પંચમ-કાલમાં–લેશ પણ ગુણ ન હોય તોપણ મનુષ્યો ઉદ્ધત છે, અભિમાની છે. ) ૬૦.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१८८) देवहं सत्थहं मुणिवरहँ भत्तिए पुण्णु हवेइ ।
कम्म-क्खउ पुणु होइ णवि अज्जउ संति भणेइ ॥६१॥

देवानां शास्त्राणां मुनिवराणां भक्त्या पुण्यं भवति ।
कर्मक्षयः पुनः भवति नैव आर्यः शान्ति भणति ॥ ६१ ॥

देवहं इत्यादि । देवहं सत्थहं मुणिवरहं भत्तिए पुण्णु हवेइ देवशास्त्रमुनीनां भक्त्या पुण्यं भवति कम्मक्खउ पुणु, होइ णविकर्मक्षयः पुनर्मुख्यवृत्त्या नैव भवति । एवं कोऽसौ भणति । अज्जउ आर्यः । किं नामा । सन्ति शान्तिः भणेइ भणति कथयति इति । तथाहि । सम्यक्त्वपूर्वकदेवशास्त्रगुरुभक्त्या मुख्यवृत्त्या पुण्यमेव भवति न च मोक्षः । अत्राह प्रभाकरभट्टः । यदि पुण्यं मुख्यवृत्त्या मोक्षकारणं न भवत्युपादेयं च न भवति तर्हि भरतसगररामपाण्डवादयोऽपि निरन्तरं पञ्चपरमेष्ठिगुणस्मरणदानपूजादिना निर्भरभक्ताः सन्तः किमर्थं पुण्योपार्जनं कुर्युरिति । भगवानाह । यथा कोऽपि रामदेवादिपुरुषविशेषो देशान्तरस्थितसीतादिस्त्रीसमीपागतानां पुरुषाणां तदर्थं संभाषणदान-

---

હવે દેવગુરુશાસ્ત્રની ભક્તિથી મુખ્યપણે પુણ્ય થાય છે પણ મોક્ષ થતો નથી એમ કહે છેઃ–

ગાથા–૬૧

**અન્વયાર્થ**ઃ—[ देवानां मुनिवराणां शास्त्राणां भक्त्या ] દેવ, મુનિ અને શાસ્ત્રની ભક્તિથી મુખ્યપણે [ पुण्यं भवति ] પુણ્ય થાય છે, [ पुनः ] પણ [ कर्मक्षयः न एव भवति ] કર્મોનો ક્ષય થતો નથી એમ [ आर्यः शांतिः भणति ] શાંતિ નામના આર્ય ( –મહર્ષિ ) કહે છે.

**ભાવાર્થ**:—સમ્યક્ત્વપૂર્વક દેવગુરુશાસ્ત્રની ભક્તિથી મુખ્યપણે પુણ્ય જ થાય છે પણ મોક્ષ નહિ.

એવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે જો પુણ્ય મુખ્યપણે મોક્ષનું કારણ નથી અને ઉપાદેય નથી તો પછી ભરત, સગર, રામ, પાંડવાદિ પણ નિરંતર પંચપરમેષ્ઠીનાં ગુણ, સ્મરણ, દાન, પૂજાદિથી નિર્ભર ( અત્યંત ) ભક્ત થઇને શા માટે પુણ્ય ઉપાર્જન કરતા હતા ?

ભગવાન શ્રીયોગીન્દ્રદેવ કહે છે કે–જેવી રીતે કોઇ રામદેવાદિ પુરુષવિશેષ દેશાંતરમાં રહેલ સીતાદિસ્ત્રીની પાસેથી આવેલ પુરુષોનાં સીતાદિ અર્થે સંભાષણ, દાન, સન્માનાદિક કરે છે તેવી રીતે તે મહાપુરુષો પણ વીતરાગ પરમાનંદ જ જેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सन्मानादिकं करोति तथा तेऽपि महापुरुषाः वीतरागपरमानन्दैकरूपमोक्षलक्ष्मीसुखसुधारसपिपासिताः सन्तः संसारस्थितिविच्छेदकारणं विषयकषायोत्पन्नदुर्ध्यानविनाशहेतुभूतं च परमेष्ठिसंबन्धिगुणस्मरणदानपूजादिकं कुर्युरिति । अयमत्र भावार्थः । तेषां पञ्चपरमेष्ठिभक्त्यादिपरिणतानां कुटुम्बिनां पलालवदनीहितं पुण्यमास्रवतीति ॥ ३१ ॥

कथ देवशास्त्रमुनीनां योऽसौ निन्दां करोति तस्य पापबन्धो भवतीति कथयति—

१८९) देवहं सत्थहँ मुणिवरहँ जो विद्देसु करेइ ।
णियमेँ पाउ हवेइ तसु जेँ संसारु भमेइ ॥ ६२ ॥

देवानां शास्त्राणां मुनिवराणां यो विद्वेषं करोति ।
नियमेन पापं भवति तस्य येन संसारं भ्रमति ॥ ६२ ॥

देवहं इत्यादि । देवहं सत्थहं मुणिवरहं जो विद्देसु करेइ देवशास्त्रमुनीनां साक्षात्पुण्यबन्धहेतुभूतानां परंपरया मुक्तिकारणभूतानां च योऽसौ विद्वेषं करोति । तस्य किं भवति । णियमें पाउ हवेइ तसु नियमेन पापं भवति तस्य । येन पापबन्धेन किं भवति । जें संसारु भमेइ येन

---

એક રૂપ છે એવા મોક્ષલક્ષ્મીના સુખસુધારસના પિપાસુ થઈને સંસારસ્થિતિને છેદવાને કારણભૂત અને વિષયકષાયથી ઉત્પન્ન દુર્ધ્યાનના વિનાશના હેતુભૂત એવા, પરમેષ્ઠીના ગુણસ્મરણ, દાન, પૂજાદિક કરતા હતા.

અહીં આ ભાવાર્થ છે કે જેવી રીતે ખેડૂતને ત્યાં ધાન્યની સાથે સાથે વગર પ્રયાસે ઘાસ પાકે છે તેવી રીતે પંચપરમેષ્ઠીની ભક્તિ આદિમાં પરિણત જીવોને અનીહિત (ઈચ્છા વિનાના) પુણ્યનો આશ્રય થાય છે. ૬૧.

હવે દેવ, ગુરુ, શાસ્ત્રની નિંદા કરે છે તેને પાપબંધ થાય છે એમ કહે છેઃ—

ગાથા—૬૨

**અન્વયાર્થઃ**—[ यः ] જે જીવ [ देवानां शास्त्राणां मुनिवराणां ] સાક્ષાત્ પુણ્યબંધના હેતુભૂત અને પરંપરાએ મુક્તિના કારણભૂત એવા વીતરાગદેવ, જિનસૂત્ર અને નિર્ગ્રંથ મુનિઓનો [ विद्वेषं करोति ] દ્વેષ કરે છે [ तस्य ] તેને [ नियमेन ] નિયમથી [ पापं भवति ] પાપ બંધાય છે [ येन ] કે જે પાપથી [ संसारं भ्रमति ] તે જીવ સંસારમાં ભ્રમણ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पापेन संसारं भ्रमतीति । तद्यथा । निजपरमात्मपदार्थोपलम्भरुचिरूपं निश्चयसंम्यक्त्वकारणस्य तत्त्वार्थश्रद्धानरूपव्यवहारसम्यक्त्वस्य विषयभूतानां देवशास्त्रयतीनां योऽसौ निन्दां करोति स मिथ्यादृष्टिर्भवति । मिथ्यात्वेन पापं बध्नाति, पापेन चतुर्गतिसंसारं भ्रमतीति भावार्थः ॥ ६२ ॥

अथ पूर्वसूत्र द्वयोक्तं पुण्यपापफलं दर्शयति—

१९०) पावेँ णारउ तिरिउ जिउ पुण्णेँ अमरु वियाणु ।
मिस्सेँ माणुस-गइ लहइ दोहि वि खइ णिव्वाणु ॥६३॥

पापेन नारकः तिर्यग् जीवः पुण्येनामरो विजानीहि ।
मिश्रेण मनुष्यगतिं लभते द्वयोरपि क्षये निर्वाणम् ॥ ६३ ॥

पावें इत्यादि । पावें पापेन णारउ तिरिउ नारको भवति तिर्यग्भवति । कोऽसौ । जिउ जीवः पुण्णें अमरु वियाणु पुण्येनामरो देवो भवतीति जानीहि । मिस्सें माणुसगइ लहइ मिश्रेण पुण्यपापद्वयेन मनुष्यगतिं लभते । दोहि वि खइ णिव्वाणु द्वयोरपि कर्मक्षयेऽपि निर्वाणमिति । तद्यथा । सहज-

---

**ભાવાર્થ**:—નિજ પરમાત્મપદાર્થની પ્રાપ્તિની રુચિરૂપ નિશ્ચયસમ્યક્ત્વના કારણભૂત અને તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ વ્યવહારસમ્યક્ત્વના વિષયભૂત દેવ, શાસ્ત્ર અને યતિની જે નિંદા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વથી તે પાપ બાંધે છે. પાપથી તે ચારગતિરૂપ સંસારમાં ભમે છે. ૬૨.

હવે પૂર્વના બે સૂત્રોમાં કહેલા પુણ્ય અને પાપનું ફલ દર્શાવે છેઃ—

ગાથા—૬૩

**અન્વયાર્થ**:—[ जीव ] જીવ [ पापेन ] પાપથી [ नारकः तिर्यग् ] નારકી અને તિર્યંચ થાય છે [ पुण्येन ] પુણ્યથી [ अमरः ] દેવ થાય છે [ मिश्रेण ] પુણ્ય પાપ બન્નેના મિશ્રણથી [ मनुष्यगतिं ] મનુષ્ય ગતિને [ लभते ] પામે છે અને [ द्वयोःअपि क्षये ] પુણ્ય પાપ બન્નેના ક્ષયથી નિર્વાણ પામે છે [ विजानीहि ] એમ જાણો.

**ભાવાર્થ**:—સહજ શુદ્ધ જ્ઞાનાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી વિપરીત નરકગતિ અને તિર્યંચગતિનાં છેદન આદિ દુઃખ દેવામાં સમર્થ એવા પાપકર્મના ઉદયથી જીવ નારકગતિનું અને તિર્યંચગતિનું ભાજન થાય છે, તે જ શુદ્ધ આત્માથી વિલક્ષણ એવા પુણ્યોદયથી દેવ થાય છે, તે જ શુદ્ધ આત્માથી વિપરીત પુણ્યપાપદ્વયથી મનુષ્ય થાય છે અને વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા તે જ નિજ શુદ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धाज्ञानानन्दैकस्वभावात्परमात्मनः सकाशाद्विपरीतेन छेदनादिनारकतिर्यग्गतिदुःखदानसमर्थेन पापकर्मोदयेन नारकतिर्यग्गतिभाजनो भवति जीवः । तस्मादेव शुद्धात्मनो विलक्षणेन पुण्योदयेन देवो भवति । तस्मादेव शुद्धात्मनो विपरीतेन पुण्यपापद्वयेन मनुष्यो भवति । तस्यैव विशुद्धज्ञानदर्शनस्वभावेन निजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपेण शुद्धोपयोगेन मुक्तो भवतीति तात्पर्यार्थः । तथा चोक्तम्—"पावेण णरयतिरियं गम्मइ धम्मेण देवलोयम्मि । मिस्सेण माणुसत्तं दोण्हं पि खएण णिव्वाणं ॥" ॥ ६३ ॥

अथ निश्चयप्रतिक्रमणप्रत्याख्यानालोचनस्वरूपे स्थित्वा व्यवहारप्रतिक्रमण प्रत्याख्यानालोचनां त्यजन्तीति त्रिकलेन कथयति—

**१९१) वंदणु णिंदणु पडिकमणु पुण्णहँ कारणु जेण ।**
**करइ करावइ अणमणइ एक्कु वि णाणि ण तेण ॥ ६४ ॥**

वन्दनं निन्दनं प्रतिक्रमणं पुण्यस्य कारणं येन ।
करोति कारयति अनुमन्यते एकमपि ज्ञानी न तेन ॥ ६४ ॥

---

અનુષ્ઠાનરૂપ શુદ્ધોપયોગથી મુક્ત થાય છે. વળી કહ્યું પણ છે કે—"पावेण णरयतिरियं गम्मइ धम्मेण देवलोयम्मि । मिस्सेण माणुसत्तं दोण्हं पि खएण णिव्वाणं ॥" (**અર્થ**:—આ જીવ પાપથી નરકગતિ અને તિર્યંચગતિમાં જાય છે. ધર્મથી અર્થાત્ પુણ્યથી દેવલોકમાં જાય છે, પુણ્ય પાપ બન્નેના મિશ્રણથી મનુષ્યપણું પામે છે અને બન્નેના ક્ષયથી નિર્વાણ પામે છે. ૬૩.

હવે જ્ઞાની નિશ્ચયપ્રતિક્રમણ નિશ્ચયપ્રત્યાખ્યાન અને નિશ્ચય આલોચનાસ્વરૂપમાં સ્થિત થઈને વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહારઆલોચનાને છોડે છે એમ ત્રણ ગાથા દ્વારા કહે છેઃ—

### ગાથા–૬૪

**અન્વયાર્થ**:—[ वंदनं निन्दनं प्रतिक्रमणं ] વંદના, નિંદા અને પ્રતિક્રમણ એ ત્રણેય [ येन पुण्यस्य कारणं ] પુણ્યનાં કારણ છે [ तेन ] તેથી [ ज्ञानी ] જ્ઞાની પુરુષ [ एकं अपि ] એ ત્રણેયમાંથી એકેયને [ नकरोति कारयति अनुमन्यते ] કરતા નથી, કરાવતા નથી, કરતાને અનુમોદતા નથી.

**ભાવાર્થ**:—શુદ્ધ નિર્વિકલ્પ પરમાત્મતત્ત્વની ભાવનાના બલથી દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષાના સ્મરણરૂપ અતીતકાલના રાગાદિદોષોનું નિરાકરણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वंदणु इत्यादि । वंदणु णिंदणु पडिकमणु वन्दननिन्दनप्रतिक्रमणत्रयम् । किं विशिष्टम् । पुण्णहं कारणु पुण्यस्य कारणं जेण येन कारणेन करइ करावइ अणुमणइ करोति कारयति अनुमोदयति, एक्कु वि एकमपि, णाणि ण तेण ज्ञानी पुरुषो न तेन कारणेनेति । तथाहि । शुद्धनिर्विकल्पपरमात्मतत्त्वभावनाबलेन दृष्टश्रुतानुभूतभोगाकांक्षास्मरणरूपाणामतीतरागादिदोषाणां निराकरणं निश्चयप्रतिक्रमणं भवति, वीतरागचिदानन्दैकानुभूतिभावनाबलेन भाविभोगाकांक्षारूपाणां रागादिनां त्यजनं निश्चयप्रत्याख्यानं भण्यते, निजशुद्धात्मोपलम्भबलेन वर्तमानोदयागतशुभाशुभनिमित्तानां हर्षविषादादिपरिणामानां निजशुद्धात्मद्रव्यात् पृथक्करणं निश्चयालोचनमिति । इत्थंभूते निश्चयप्रतिक्रमणप्रत्याख्यानालोचनत्रये स्थित्वा योऽसौ व्यवहारप्रतिक्रमणप्रत्याख्यानालोचनत्रयं तन्त्रयानुकूलं वन्दननिन्दनादिशुभोपयोगं च त्यजन् स ज्ञानी भण्यते न चान्य इति भावार्थः ॥ ६४ ॥

अथ—

**१९२) वंदणु णिंदणु पडिकमणु णाणिहिँ एहु ण जुत्तु ।**
**एक्कु जि मेल्लिवि णाणमउ सुद्धउ भाउ पवित्तु ॥६५॥**

**वन्दनं निन्दनं प्रतिक्रमणं ज्ञानिनां इदं न युक्तम ।**
**एकमेव मुक्त्वा ज्ञानमयं शुद्धं भावं पवित्रम ॥ ६५ ॥**

---

કરવું તે નિશ્ચય પ્રતિક્રમણ છે, એક (કેવલ) વીતરાગ ચિદાનંદની અનુભૂતિની ભાવનાના બલથી ભવિષ્યકાલના ભોગોની આકાંક્ષારૂપ રાગાદિનો ત્યાગ કરવો તે નિશ્ચયપ્રત્યાખ્યાન છે અને નિજશુદ્ધાત્માની પ્રાપ્તિના બલથી વર્તમાન ઉદયમાં આવેલાં શુભાશુભ કર્મો જેમના નિમિત્ત હોય છે એવા હર્ષવિષાદ આદિ પરિણામોને નિજ-શુદ્ધઆત્મદ્રવ્યથી જુદા કરવા તે નિશ્ચય આલોચના છે.

આવા નિશ્ચયપ્રતિક્રમણ નિશ્ચયપ્રત્યાખ્યાન અને નિશ્ચયઆલોચના એ ત્રણેમાં સ્થિર થઈને જે વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન અને વ્યવહાર આલોચના એ ત્રણેય તથા એ ત્રણને અનુકૂલ એવા વંદના, નિંદા આદિ શુભોપયોગને છોડે છે તે જ્ઞાની છે, પણ બીજો કોઈ જ્ઞાની નથી એવો ભાવાર્થ છે. ૬૪.

હવે આ કથનને દૃઢ કરે છેઃ—

ગાથા—૬૫

**અન્વયાર્થઃ**—[ एकं एव ज्ञानमयं शुद्धं पवित्रं भावं मुक्त्वा ] એક જ્ઞાનમય શુદ્ધ પવિત્ર ભાવ સિવાય [ वन्दनं निन्दनं प्रतिक्रमणं इदं ] વંદના, નિંદા અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वंदणु णिंदणु पडिकमणु वन्दननिन्दनप्रतिक्रमणत्रयम् । णाणिहु एहु ण जुत्तु ज्ञानिनामिदं न युक्तम् । किं कृत्वा । एक्कुजि मेल्लिवि एकमेव मुक्त्वा । एकं कम् । णाणमउ सुद्धउ भाउ पवित्तु ज्ञानमयं शुद्धभावं पवित्रमिति । तथाहि । पञ्चेन्द्रियभोगाकांक्षाप्रभृतिसमस्तविभावरहितः शून्यः केवलज्ञानाद्यनन्तगुणपरमात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिर्विकल्पसमाधिसमुत्पन्नसहजानन्दपरमसमरसीभावलक्षणसुखामृतरसास्वादेन भरितावस्थो योऽसौ ज्ञानमयो भावः तं भावं मुक्त्वाऽन्यद्व्यवहारप्रतिक्रमणप्रत्याख्यानालोचनत्रयं तदनुकूलं वन्दननिन्दनादिशुभोपयोगविकल्पजालं च ज्ञानिनां युक्तं न भवतीति तात्पर्यम् ॥ ९५ ॥

अथ—

१९३) वंदउ णिंदउ पडिकमउ भाउ असुद्धउ जासु ।
पर तसु संजमु अत्थि णवि जं मण-सुद्धि ण तासु ॥९६॥

वन्दतां निन्दतु प्रतिक्रामतु भावः अशुद्धो यस्य ।
परं तस्य संयमोऽस्ति नैव यस्मात् मनः शुद्धिर्न तस्य ॥ ९६ ॥

वंदउ इत्यादि । वंदउ णिंदउ पडिकमउ वन्दननिन्दनप्रतिक्रमणं करोतु । भाउ असुद्धउ जासु भावः परिणामः न शुद्धो यस्य, पर परं नियमेन तसु

---

પ્રતિક્રમણ એ ત્રણેય [ ज्ञानिनां ] જ્ઞાનીઓને [ न युक्तं ] યોગ્ય નથી.

**ભાવાર્થઃ**—પાંચ ઇન્દ્રિયોના ભોગોની આકાંક્ષા આદિથી માંડીને સમસ્ત વિભાવથી રહિત અર્થાત્ ખાલી, કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ પરમાત્મતત્ત્વનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ અનુષ્ઠાનરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન સહજ પરમાનંદરૂપ પરમસમરસીભાવસ્વરૂપ સુખામૃતરસના આસ્વાદથી પરિપૂર્ણ જે જ્ઞાનમય ભાવ છે તે ભાવ સિવાય અન્ય વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન, વ્યવહારઆલોચના એ ત્રણેયને અને તે ત્રણેયને અનુકૂલ વંદના, નિંદા આદિ શુભોપયોગની વિકલ્પજાલ જ્ઞાનીઓને યોગ્ય નથી. ૯૫

હવે એ જ વાતને દૃઢ કરે છેઃ—

## ગાથા–૯૬

**અન્વયાર્થઃ**—[ वंदतु निन्दतु प्रतिक्रामतु ] ભલે વંદના કરે, નિંદા કરે કે પ્રતિક્રમણ કરે [ यस्य ] પણ જે પુરુષને [ अशुद्धः भावः ] શુદ્ધ પરિણામ નથી [ तस्य ] તેને [ परं ] નિયમથી ( નક્કી ) [ संयमः ] સંયમ [ न एव अस्ति ] નથી જ, [ यस्मात् ] કારણ કે [ तस्य ] તેને [ मनः शुद्धिः न ] મનની શુદ્ધિ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तस्य पुरुषस्य संजमु अत्थि णवि संयमोऽस्ति नैव । कस्मान्नास्ति । जं यस्मात् कारणात् मणसुद्धि ण तासु मनःशुद्धिर्न तस्येति । तद्यथा । नित्यानन्दैकरूपस्वशुद्धात्मानुभूतिप्रतिपक्षैर्विषयकषायाधीनैः ख्यातिपूजालाभादिमनोरथशतसहस्रविकल्पजालमालाप्रपञ्चोत्पन्नैरपध्यानैर्यस्य चित्तं रञ्जितं वासितं तिष्ठति तस्य द्रव्यरूपं वन्दननिन्दनप्रतिक्रमणादिकं कुर्वाणस्यापि भावसंयमो नास्ति इत्यभिप्रायः ॥ ६६ ॥ एवं मोक्षमोक्षफलमोक्षमार्गादिप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये निश्चयनयेन पुण्यपापद्वयं समानमित्यादिव्याख्यानमुख्यत्वेन चतुर्दशसूत्रस्थलं समाप्तम् । अथानन्तरं शुद्धोपयोगादिप्रतिपादनमुख्यत्वेनैकाधिकचत्वारिंशत्सूत्रपर्यन्तं व्याख्यानं करोति । तत्रान्तरस्थलचतुष्टयं भवति । तद्यथा । प्रथमसूत्रपञ्चकेन शुद्धोपयोगव्याख्यानं करोति, तदनन्तरं पञ्चदशसूत्रपर्यन्तं वीतरागस्वसंवेदनज्ञानमुख्यत्वेन व्याख्यानम्, अत ऊर्ध्वं सूत्राष्टकपर्यन्तं परिग्रहत्यागमुख्यत्वेन व्याख्यानं, तदनन्तरं त्रयोदशसूत्रपर्यन्तं केवलज्ञानादिगुणस्वरूपेण सर्वे जीवाः समाना इति मुख्यत्वेन व्याख्यानं करोति । तद्यथा ।

---

**ભાવાર્થ**:—નિત્યાનંદ જ જેનું એક રૂપ છે એવા શુદ્ધ આત્માની અનુભૂતિથી પ્રતિપક્ષી વિષયકષાયને આધીન, ખ્યાતિ-પૂજા-લાભાદિના લાખો મનોરથની વિકલ્પજાલની માલાના પ્રપંચથી ઉત્પન્ન એવા અપધ્યાન ( માઠાં ધ્યાન ) થી જેનું ચિત્ત રંજિત ( રંગાયેલું ) રહે છે, વાસિત રહે છે તેને દ્રવ્યરૂપ વંદના, નિંદા અને પ્રતિક્રમણાદિ કરવા છતાં પણ ભાવસંયમ નથી. ૬૬

એ પ્રમાણે મોક્ષ, મોક્ષફલ અને મોક્ષમાર્ગાદિના પ્રતિપાદક બીજા મહાધિકારમાં નિશ્ચયનયથી પુણ્યપાપ બન્ને સમાન છે ઇત્યાદિ વ્યાખ્યાનની મુખ્યતાથી ચૌદ સૂત્રોનું સ્થલ સમાપ્ત થયું.

ત્યાર પછી શુદ્ધોપયોગાદિના પ્રતિપાદનની મુખ્યતાથી એકતાલીસ સૂત્રો સુધી વ્યાખ્યાન કરે છે. તેમાં ચાર અન્તરસ્થલ છે તે આ પ્રમાણેઃ-( ૧ ) પ્રથમ પાંચ ગાથાસૂત્રથી શુદ્ધ-ઉપયોગનું વ્યાખ્યાન કરે છે, ( ૨ ) ત્યાર પછી પંદર ગાથાસૂત્ર સુધી વીતરાગ-સ્વસંવેદનરૂપ જ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે, ( ૩ ) ત્યાર પછી આઠ ગાથાસૂત્ર સુધી પરિગ્રહત્યાગની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે, ( ૪ ) ત્યાર પછી તેર ગાથાસૂત્ર સુધી ‘ કેવલજ્ઞાનાદિ ગુણસ્વરૂપથી સર્વ જીવો સમાન છે ’ એમ મુખ્યપણે વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે :—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रागादिविकल्पनिवृत्तिस्वरूपशुद्धोपयोगे संयमादयः सर्वे गुणास्तिष्ठन्तीति प्रतिपादयति—

१९४) सुद्धहँ संजमु सीलु तउ सुद्धहँ दंसणु णाणु ।
सुद्धहँ कम्मक्खउ हवइ सुद्धउ तेण पहाणु ॥ ६७ ॥

शुद्धानां संयमः शीलं तपः शुद्धानां दर्शनं ज्ञानम् ।
शुद्धानां कर्मक्षयो भवति शुद्धो तेन प्रधानः ॥ ६७ ॥

सुद्धहं इत्यादि । सुद्धहं शुद्धोपयोगिनां संजमु इन्द्रियसुखाभिलाषनिवृत्तिबलेन षड्जीवनिकायहिंसानिवृत्तिबलेनात्मा आत्मनि संयमनं नियमनं संयमः स पूर्वोक्तः शुद्धोपयोगिनामेव । अथवोपेक्षासंयमापहृतसंयमौ वीतरागसरागापरनामानौ तावपि तेषामेव संभवतः । अथवा सामायिकच्छेदोपस्थापनापरिहारविशुद्धिसूक्ष्मसंपराययथाख्यातभेदेन पञ्चधा संयमः सोऽपि लभ्यते तेषांमेव । सीलु स्वात्मना कृत्वा स्वात्मनिवृत्तिर्वर्तनं इति निश्चयव्रतं, व्रतस्य रागादिपरिहारेण परिरक्षणं निश्चयशीलं तदपि तेषांमेव । तउ द्वादशविधतपश्चरण-

---

હવે પ્રથમ જ રાગાદિ વિકલ્પોની નિવૃત્તિરૂપ શુદ્ધોપયોગમાં સંયમાદિ સર્વ ગુણો રહે છે એમ કહે છે.

ગાથા—૬૭

**અન્વયાર્થ**:—[ शुद्धानां ] શુદ્ધ ઉપયોગીઓને જ [ संयमः शीलं तपः ] સંયમ, શીલ અને તપ હોય છે, [ शुद्धानां ] શુદ્ધ ઉપયોગીઓને જ [ दर्शनं ज्ञानं ] દર્શન અને જ્ઞાન હોય છે, [ शुद्धानां ] શુદ્ધ ઉપયોગીઓને જ [ कर्मक्षयः ] કર્મનો ક્ષય [ भवति ] હોય છે [ तेन ] તેથી શુદ્ધ ઉપયોગ જ [ प्रधानः ] પ્રધાન છે.

**ભાવાર્થ**:—'संजमु' ઇન્દ્રિયસુખની અભિલાષાની નિવૃત્તિના બલથી તથા છ કાયના જીવોની હિંસાની નિવૃત્તિના બલથી આત્માથી આત્મામાં સંયમન–નિયમન–( નિશ્ચલ રહેલું ) તે સંયમ છે, તે સંયમ પૂર્વોક્ત શુદ્ધ–ઉપયોગીઓને જ હોય છે, અથવા ઉપેક્ષા સંયમ અને અપહૃત સંયમ કે જેનું બીજું નામ ( અનુક્રમે ) વીતરાગ સંયમ અને સરાગ સંયમ છે તે પણ તેમને જ ( તે શુદ્ધોપયોગીઓને જ ) હોય છે. અથવા સામાયિકસંયમ, છેદોપસ્થાપન સંયમ, પરિહારવિશુદ્ધિસંયમ, સૂક્ષ્મસંપરાયસંયમ અને યથાખ્યાતસંયમ એવા પાંચ પ્રકારના સંયમ છે તે પણ તેમને જ પ્રાપ્ત હોય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बलेन परद्रव्येच्छानिरोधं कृत्वा शुद्धात्मनि प्रतपनं विजयनं तप इति । तदपि तेषामेव । सुद्धहं शुद्धोपयोगिनां दंसणु छद्मस्थावस्थायां स्वशुद्धात्मनि रुचि-रूपं सम्यग्दर्शनं केवलज्ञानोत्पत्तौ सत्यां तस्यैव फलभूतं अनीहितपरीताभि-निवेशरहितवि परिणामलक्षणं क्षायिकसम्यक्त्वं केवलदर्शनं वा तेषामेव । णाणु वीतरागस्वसंवेदनज्ञानं तस्यैव फलभूतं केवलज्ञानं वा सुद्धहं शुद्धापयोगिनामेव । कम्मक्खउ परमात्मस्वरूपोपलब्धिलक्षणो द्रव्यभावकर्मक्षयः हवइ तेषामेव भवति । सुद्धउ शुद्धोपयोगपरिणामस्तदाधारपुरुषो वा तेण पहाणु येन कारणेन पूर्वोक्ताः संयमादयो गुणाः शुद्धोपयोगे लभ्यन्ते तेन कारणेन स एव प्रधान उपादेयः इति तात्पर्यम् । तथा चोक्तं शुद्धोपयोगफलम्—" सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दंसणं णाणं । सुद्धस्स य णिव्वाणं सो च्चिय सुद्धो णमो तस्स ॥ " ॥ ६७ ॥

अथ निश्चयेन स्वकीयशुद्धभाव एव धर्म इति कथयति—

---

'सीलु' પોતાના આત્મા વડે પોતાના આત્મામાં વૃત્તિ અર્થાત્ વર્તવું તે નિશ્ચયવ્રત છે. રાગાદિનો પરિહાર કરીને વ્રતનું સર્વપ્રકારે ત્યાગ વડે રક્ષણ કરવું તે નિશ્ચયશીલ છે, તે પણ તેમને જ હોય છે.

'तउ' બાર પ્રકારના તપશ્ચરણના બલથી પરદ્રવ્યની ઇચ્છાનો નિરોધ કરીને શુદ્ધ આત્મામાં પ્રતપન-વિજયન-તે તપ છે, તે પણ તેમને જ હોય છે.

'दंसणु' છદ્મસ્થ-અવસ્થામાં પોતાના શુદ્ધ આત્માની રુચિરૂપ સમ્યગ્દર્શન અથવા કેવલજ્ઞાનની ઉત્પત્તિ થતાં તેના જ ફલરૂપ, વિપરીત અભિનિવેશ રહિત અનીહિત પરિણામરૂપ ક્ષાયિકસમ્યક્ત્વ કે કેવલદર્શન પણ તેમને જ હોય છે.

'णाणु' વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન અથવા તેના જ ફલરૂપ કેવલજ્ઞાન પણ શુદ્ધ ઉપયોગીઓને જ હોય છે.

'कम्मक्खउ' પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ દ્રવ્યભાવકર્મનો નાશ તેમને જ હોય છે.

'सुद्धउ तेण पहाणु' શુદ્ધોપયોગરૂપ પરિણામ અથવા તે પરિણામના ધારણ કરનાર પુરુષ તે જ પ્રધાન છે–ઉપાદેય છે કારણ કે પૂર્વોક્ત સંયમાદિ ગુણો શુદ્ધોપયોગમાં જ પ્રાપ્ત હોય છે એવું તાત્પર્ય છે.

અન્યત્ર શુદ્ધોપયોગનું ફલ પણ દર્શાવ્યું છે કે—

" सुद्धस्स य सामण्णं भणियं सुद्धस्स दसणं णाणं ।
सुद्धस्स य णिव्वाणं सो च्चिय सिद्धो णमो तस्स ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



१९५) भाउ विसुद्धउ अप्पणउ धम्मु भणेविणु लेहु ।
चउ-गइ-दुक्खहँ जो धरइ जीउ पडंतउ एहु ॥ ६८ ॥

भावो विशुद्धः आत्मीयः धर्मं भणित्वा लाहि ।
चतुर्गतिदुःखेभ्यः यो धरति जीवं पतन्तमिमम् ॥ ६८ ॥

भाउ इत्यादि । भाउ भावः परिणामः । कथंभूतः । विसुद्धउ विशेषेण शुद्धो मिथ्यात्वरागादिरहितः अप्पणउ आत्मीयः धम्मु भणेविणु लेहु धर्मं भणित्वा मत्वा प्रगृह्णीथाः । यो धर्मः किं करोति । चउगइदुक्खहं जो धरइ चतुर्गतिदुःखेभ्यः सकाशात् उद्धृत्य यः कर्ता धरति । कं धरति । जीउ पडंतउ एहु जीवमिमं प्रत्यक्षीभूतं संसारे पतन्तमिति । तद्यथा । धर्मशब्दस्य व्युत्पत्तिः क्रियते । संसारे पतन्तं प्राणिनमुद्धृत्य नरेन्द्रनागेन्द्रदेवेन्द्रवन्द्ये मोक्षपदे धरतीति धर्मं इति धर्मशब्देनात्र निश्चयेन जीवस्य शुद्धपरिणाम एव ग्राह्यः । तस्य तु मध्ये वीतरागसर्वज्ञप्रणीतनयविभागेन सर्वे

---

(શ્રી પ્રવચનસાર ૨૭૪) **અર્થ**:—શુદ્ધને (શુદ્ધોપયોગીને) શ્રામણ્ય કહ્યું છે, શુદ્ધને દર્શન અને જ્ઞાન કહ્યું છે, શુદ્ધને નિર્વાણ હોય છે, તે જ (શુદ્ધ જ) સિદ્ધ હોય છે; તેને નમસ્કાર હો.) ૬૭.

હવે નિશ્ચયનયથી પોતાનો શુદ્ધ ભાવ જ ધર્મ છે એમ કહે છે:—

### ગાથા–૬૮

**અન્વયાર્થ**:—[ विशुद्धः आत्मीयः भावः ] મિથ્યાત્વ, રાગાદિથી રહિત પોતાનો વિશેષપણે શુદ્ધ પરિણામ છે તેને [ धर्मं भणित्वा ] ધર્મ સમજીને [ गृह्णीथाः ગ્રહણ કરો, [ यः ] કે જે આત્મધર્મ [ पतन्तं इमं जीवं ] સંસારમાં પડતા આ પ્રત્યક્ષગોચર જીવને [ चतुर्गतिदुःखेभ्य ] ચાર ગતિનાં દુઃખોથી ઉગારીને [ धरति ] મોક્ષપદમાં ધારી રાખે છે.

**ભાવાર્થ**:—'ધર્મ' શબ્દની વ્યુત્પત્તિ કરવામાં આવે છે કે 'સંસારમાં પડતા પ્રાણીઓને બચાવીને જે નરેન્દ્ર, નાગેન્દ્ર અને દેવેન્દ્રથી વંદ્ય મોક્ષપદમાં ધારી રાખે છે તે ધર્મ છે. 'ધર્મ' શબ્દથી અહીં નિશ્ચયથી જીવના શુદ્ધ પરિણામ જ સમજવા. અને તેમાં (તે શુદ્ધ પરિણામમાં જ) વીતરાગસર્વજ્ઞપ્રણીત નયવિભાગથી સર્વ ધર્મો અન્તર્ભૂત થાય છે. જેમ કે અહિંસાસ્વરૂપ ધર્મ, તે પણ જીવના શુદ્ધ ભાવ વિના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



धर्मा अन्तर्भूता लभ्यन्ते । तथा अहिंसालक्षणो धर्मः, सोऽपि जीवशुद्धभावं विना न संभवति । सागारानगारलक्षणो धर्मः सोऽपि तथैव उत्तमक्षमादि-दशविधो धर्मः सोऽपि जीवशुद्धभावमपेक्षते । 'सद्दृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः' इत्युक्तं यद्धर्मलक्षणं तदपि तथैव । रागद्वेषमोहरहितः परिणामो धर्मः सोऽपि जीवशुद्धस्वभाव एव । वस्तुस्वभावो धर्मः । सोऽपि तथैव । तथा चोक्तम्—"धम्मो वत्थुसहावो" इत्यादि । एवंगुणविशिष्टो धर्मश्चतुर्गतिदुःखेषु पतन्तं जीवं धरतीति धर्मः । अत्राह शिष्यः । पूर्वसूत्रे भणितं शुद्धोपयोग-मध्ये संयमादयः सर्वे गुणा लभ्यन्ते । अत्र तु भणितमात्मनः शुद्धपरिणाम एव धर्मः, तत्र सर्वे धर्माश्च लभ्यन्ते । को विशेषः । परिहारमाह । तत्र शुद्धोपयोगसंज्ञा मुख्या, अत्र तु धर्मसंज्ञा मुख्या एतावान् विशेषः । तात्पर्यं तदेव । तेन कारणेन सर्वप्रकारेण शुद्धपरिणाम एव कर्तव्य इति भावार्थः ॥ ६८ ॥

---

હોતો નથી. યતિશ્રાવકનો ધર્મ, તે પણ તેમ જ ઉત્તમક્ષમાદિ દશપ્રકારનો ધર્મ તે પણ જીવના શુદ્ધ ભાવની અપેક્ષા રાખે છે.

"सद्दृष्टिज्ञानवृत्तानि धर्मेश्वरा विदुः"

( રત્નકરંડ શ્રાવકાચાર ગાથા ૩ ) ( **અર્થ**:—જિનેન્દ્રદેવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રને ધર્મ કહે છે ) એ રીતે જે ધર્મનું સ્વરૂપ કહેવામાં આવ્યું તે પણ તે પ્રમાણે ( જીવનો શુદ્ધ ભાવ ) રાગ દ્વેષમોહરહિત પરિણામ ધર્મ છે તે પણ જીવનો શુદ્ધ સ્વભાવ જ છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે તે પણ તે પ્રમાણે ( જીવનો શુદ્ધ ભાવ ) છે. કહ્યું પણ છે.

"**धम्मो वत्थुसहावो**"ઈત્યાદિ ( કાર્તિકેયાનુપેક્ષા ૪૭૬ ) વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે વગેરે ) આવા ગુણોથી વિશિષ્ટ એવો જે ધર્મ ચારગતિના દુઃખોમાં પડતા જીવોને ધારી રાખે છે તે ધર્મ છે.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે પૂર્વસૂત્રમાં એમ કહ્યું કે શુદ્ધોપયોગની અંદર સંયમાદિ બધા ગુણો આવી જાય છે અને અહીં આપે એમ કહ્યું કે આત્માનો શુદ્ધ પરિણામ જ ધર્મ છે અને તેમાં સર્વ ધર્મો આવી જાય છે તો બન્નેમાં શી વિશેષતા છે?

**તેનું સમાધાન કહે છે**:—ત્યાં શુદ્ધોપયોગસંજ્ઞા મુખ્ય છે અને અહીં ધર્મસંજ્ઞા મુખ્ય છે, એટલી જ વિશેષતા છે. બન્નેનું તાત્પર્ય તે જ છે ( બન્નેનું તાત્પર્ય એક સરખું જ છે ) તેથી સર્વ પ્રકારે શુદ્ધ પરિણામ જ કર્તવ્ય છે એવો ભાવાર્થ છે. ૬૮

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ विशुद्धभाव एव मोक्षमार्ग इति दर्शयति—

१९६) सिद्धिहिँ केरा पंथडा भाउ विसुद्धउ एक्कु ।
जो तसु भावहँ मुणि चलइ सो किम होइ विमुक्कु ॥६९॥

सिद्धेः संबन्धो पन्थाः भावो विशुद्ध एकः ।
यः तस्माद्भावात् मुनिश्चलति स कथं भवति विमुक्तः ॥ ६९ ॥

सिद्धिहिं इत्यादि । सिद्धिहिं केरा सिद्धेर्मुक्तेः संबन्धी पंथडा पन्था मार्गः । कोऽसौ । भाउ भावः परिणामः कथंभूतः । विसुद्धउ विशुद्धः एक्कु एक एवाद्वितीयः । जो तसु भावहं मुणि चलइ यस्तस्माद्भावान्मुनिश्चलति । सो किम् होइ विमुक्कु स मुनिः कथं मुक्तो भवति न कथमपीति । तद्यथा । योऽसौ समस्तशुभाशुभसंकल्पविकल्परहितो जीवस्य शुद्धभावः स एव निश्चयरत्नत्रयात्मको मोक्षमार्गः । यस्तस्मात् शुद्धात्मपरिणामान्मुनिश्च्युतो भवति स कथं मोक्षं लभते किंतु नैव । अत्र येन कारणेन निजशुद्धात्मानुभूतिपरिणाम एव मोक्षमार्गस्तेन कारणेन मोक्षार्थिना स एव । निरन्तरं कर्तव्य इति तात्पर्यार्थं ॥ ६९ ॥

---

હવે વિશુદ્ધ ભાવ જ મોક્ષમાર્ગ છે એમ દર્શાવે છેઃ—

### ગાથા–૬૯

**અન્વયાર્થ**:—[ **एकः विशुद्धः भावः** ] એક અદ્વીતિય વિશુદ્ધ ભાવ જ [ **सिद्धेः संबंधी पंथाः** ] મુક્તિનો માર્ગ છે. [ **यः मुनिः** ] જે મુનિ [ **तस्मात् भावात्** ] તે શુદ્ધ ભાવથી [ **चलति** ] ચલાયમાન થાય છે [ **सः** ] તે [ **कथं** ] કેવી રીતે [ **विमुक्तः भवति** ] મુક્ત થાય? કોઈ રીતે પણ નહિ.

**ભાવાર્થ**:—જીવનો જે સમસ્ત શુભાશુભ સંકલ્પવિકલ્પરહિત શુદ્ધભાવ છે તે જ નિશ્ચયરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ છે. તેથી શુદ્ધઆત્મપરિણામથી જે મુનિ ચ્યુત થાય છે તે કેવી રીતે મોક્ષ પામે? અર્થાત્ ન જ પામે.

અહીં જે કારણથી નિજશુદ્ધાત્માના અનુભૂતિરૂપ પરિણામ જ મોક્ષમાર્ગ છે તે કારણથી મોક્ષાર્થીએ તે જ ભાવ નિરંતર કરવા યોગ્ય છે, એવો તાત્પર્યાર્થ છે. ૬૯.

હવે કોઇ પણ દેશમાં જાઓ, કોઈ પણ અનુષ્ઠાન કરો, તો પણ ચિત્તશુદ્ધિ વિના મોક્ષ નથી એમ પ્રગટ કરે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ क्वापि देशे गच्छ किमप्यनुष्ठानं कुरु तथापि चित्तशुद्धिं विना मोक्षो नास्तीति प्रकटयति—

१९७) जहिँ भावइ तहिँ जाहि जिय जं भावइ करि तं जि ।
केम्वइ मोक्खु ण अत्थि पर चित्तहँ सुद्धि ण जं जि ॥७०॥

यत्र भाति तत्र याहि जीव यद् भाति कुरु तदेव ।
कथमपि मोक्षः नास्ति परं चित्तस्य शुद्धिर्न यदेव ॥ ७० ॥

जहिं भावइ इत्यादि । जहिं भावइ तहिं यत्र देशे प्रतिभाति तत्र जाहि गच्छ जिय हे जीव । जं भावइ करि तं जि यदनुष्ठानं प्रतिभाति कुरु तदेव । केम्वइ मोक्खु ण अत्थि कथमपि केनापि प्रकारेण मोक्षो नास्ति पर परं नियमेन । कस्मात् । चित्तहं सुद्धि ण चित्तस्य शुद्धिर्न जं जि यस्मादेव कारणात् इति । तथाहि । ख्यातिपूजालाभदृष्टश्रुतानुभूत-भोगाकांक्षारूपदुर्ध्यानैः शुद्धात्मानुभूतिप्रतिपक्षभूतैर्यावत्कालं चित्तं रञ्जितं मूर्च्छितं तन्मयं तिष्ठति तावत्कालं हे जीव क्वापि देशान्तरं गच्छ किमप्यनुष्ठानं कुरु तथापि मोक्षो नास्तीति । अत्र कामक्रोधादिभिरपध्यानैर्जीवो भोगानुभवं विनापि शुद्धात्मभावनाच्युतः सन् भावेन कर्माणि बध्नाति तेन कारणेन

---

ગાથા—૭૦

**અન્વયાર્થ**:—[ यत्र भाति तत्र याहि ] સૂઝે તે દેશમાં જાઓ [ यत् भाति तत् एव कुरु ] અને સૂઝે તે અનુષ્ઠાન પણ કરો [ यद् एव चितस्य शुद्धिः न ] કારણ કે ચિત્તની શુદ્ધિ નથી તેથી જ [ जीव ] હે જીવ! [ कथं अपि ] કોઈ પણ પ્રકારે [ परं ] નિયમથી [ मोक्षः नास्ति ] મોક્ષ નથી.

**ભાવાર્થ**:—શુદ્ધાત્માની અનુભૂતિથી પ્રતિપક્ષભૂત અને ખ્યાતિ, પૂજા, લાભની અને દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ દુર્ધ્યાનથી જ્યાં સુધી ચિત્ત રંજિત-મૂર્છિત–તન્મય–રહે છે ત્યાં સુધી હે જીવ! કોઈ પણ દેશાન્તરમાં જાઓ, કોઈ પણ અનુષ્ઠાન કરો તો પણ મોક્ષ નથી.

અહીં કામક્રોધાદિ અપધ્યાનથી જીવ ભોગોને ભોગવ્યા વિના પણ શુદ્ધઆત્મ-ભાવનાથી ચ્યુત થયો થકો, ( અશુદ્ધ ) ભાવથી કર્મો બાંધે છે, તેથી નિરંતર ચિત્તશુદ્ધિ કરવા યોગ્ય છે એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે—" कंखिदकलुसिदभूदो हु कर्मभोगेहिं मुच्छिदो जीवो । णवि भुंजतो भोगे बंधदि भावेण कम्माणि ॥ "

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



निरन्तरं चित्तशुद्धिः कर्तव्येति भावार्थः ॥ तथा चोक्तम्—" कंखिदकलुसिदभूदो हु कामभोगेहिं मुच्छिदो जीवो । णवि भुंजंतो भोगे बंधदि भावेण कम्मणि ॥ " ७० ॥

अथ शुभाशुभशुद्धोपयोगत्रयं कथयति—

१९८) सुह-परिणामेँ धम्मु पर असुहेँ होइ अहम्मु ।
दोहिँ वि एहिँ विवज्जियउ सुद्धु ण बंधइ कम्मु ॥७१॥

शुभपरिणामेन धर्मः परं अशुभेन भवति अधर्मः ।
द्वाभ्यामपि एताभ्यां विवर्जितः शुद्धो न बध्नाति कर्म ॥ ७१ ॥

सुह इत्यादि पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । सुहपरिणामें धम्मु पर शुभपरिणामेन धर्मः परिणामेन धर्मः पुण्यं भवति मुख्यवृत्त्या । असुहें होइ अहम्मु अशुभपरिणामेन भवत्यधर्मः पापम् । दोहिं वि एहिं विवज्जियउ द्वाभ्यां एताभ्यां शुभाशुभपरिणामाभ्यां विवर्जितः । कोऽसौ । सुद्ध शुद्धो मिथ्यात्वरागादिरहितपरिणामस्तत्परिणतपुरुषो वा । किं करोति । ण बंधइ न बध्नाति । किम् । कम्मु ज्ञानावरणादिकर्मेति । तद्यथा । कृष्णोपाधि-

---

( અર્થઃ—ભોગોની આકાંક્ષાવાળો અને કષાયોથી કલુષિત થયો થકો કામભોગોથી મૂર્છિત જીવ ભોગોને ન ભોગવતો હોવા છતાં પણ માત્ર અશુદ્ધભાવથી જ કર્મો બાંધે છે. ) ૭૦.

હવે શુભ અશુભ અને શુદ્ધ એવા ત્રણ ઉપયોગનું કથન કરે છેઃ—

### ગાથા—૭૧

**અન્વયાર્થઃ**—[ शुभपरिणामेन ] ( દાનપૂજાદિના ) શુભ પરિણામથી [ परं ] મુખ્યપણે [ धर्मः ] પુણ્ય [ भवति ] થાય છે [ अशुभेन ] ( વિષય, કષાયાદિના ) અશુભ પરિણામથી [ अधर्मः ] પાપ થાય છે, [ अपि ] અને [ एताभ्यां द्वाभ्यां विवर्जितः ] એ બન્ને શુભાશુભ પરિણામ રહિત એવા [ शुद्धः ] મિથ્યાત્વ, રાગાદિ રહિત શુદ્ધ પરિણામ અથવા શુદ્ધ પરિણામરૂપે પરિણત પુરુષ [ कर्म ] જ્ઞાનાવરણાદિ કર્મ [ न बध्नाति ] બાંધતો નથી.

**ભાવાર્થઃ**—જેવી રીતે સ્ફટિકમણિ કાળા રંગની ઉપાધિના સદ્ભાવમાં કાળો, પીળા રંગની ઉપાધિના સદ્ભાવમાં પીળો ( અને ઉપાધિ રહિત હોતાં શુદ્ધ ઉજ્જ્વળ ) જણાય છે તેવી રીતે આ આત્મા ક્રમથી શુભ, અશુભ અને શુદ્ધ ઉપયોગરૂપ ત્રણ પરિણામરૂપે પરિણમે છે. મિથ્યાત્વ, વિષય, કષાયાદિના અવલંબનથી તો આત્મા પાપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पीतोपाधिस्फटिकवदयमात्मा क्रमेण शुभाशुभशुद्धोपयोगरूपेण परिणामत्रयं परिणमति । तेन तु मिथ्यात्वविषयकषायाद्यवलम्बनेन पापं बध्नाति । अर्हत्सिद्धाचार्योपाध्यायसाधुगुणस्मरणदानपूजादिना संसारस्थितिच्छेदपूर्वकं तीर्थंकरनामकर्मादिविशिष्टगुणपुण्यमनीहितवृत्त्या बध्नाति । शुद्धात्मावलम्बनेन शुद्धोपयोगेन तु केवलज्ञानाद्यनन्तगुणरूपं मोक्षं च लभते इति । अत्रोपयोगत्रयमध्ये मुख्यवृत्त्या शुद्धोपयोग एवोपादेय इत्यभिप्रायः ॥ ७१ ॥ एवमेकचत्वारिंशत्सूत्रप्रमितमहास्थलमध्ये सूत्रपञ्चकेन शुद्धोपयोगव्याख्यानमुख्यत्वेन प्रथमान्तरस्थलं गतम् ॥

अत ऊर्ध्वं तस्मिन्नेव महास्थलमध्ये पञ्चदशसूत्रपर्यन्तं वीतरागस्वसंवेदनज्ञानीमुख्यत्वेन व्याख्यानं क्रियते । तद्यथा—

१९९) दाणिं लब्भइ भोउ पर इंदत्तणु वि तवेण ।
जम्मण-मरण-विवज्जियउ पउ लब्भइ णाणेण ॥ ७२ ॥

दानेन लभ्यते भोगः परं इन्द्रत्वमपि तपसा ।
जन्ममरणविवर्जितं पदं लभ्यते ज्ञानेन ॥ ७२ ॥

---

બાંધે છે. અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના ગુણસ્મરણ અને દાનપૂજાદિથી સંસારની સ્થિતિના છેદપૂર્વક તીર્થંકરનામકર્માદિથી માંડીને વિશિષ્ટ ગુણરૂપ પુણ્યપ્રકૃતિઓને અનીહિતવૃત્તિથી બાંધે છે અને શુદ્ધ આત્માના અવલંબનરૂપ શુદ્ધ-ઉપયોગથી તો કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ મોક્ષને પામે છે.

અહીં ત્રણ પ્રકારના ઉપયોગમાંથી મુખ્યપણે શુદ્ધ-ઉપયોગ જ ઉપાદેય છે એવો અભિપ્રાય છે. ૭૧.

એ પ્રમાણે એકતાલીસ સૂત્રોના મહાસ્થલમાં પાંચ ગાથાસૂત્રથી શુદ્ધોપયોગની વ્યાખ્યાનની મુખ્યતાથી પ્રથમ અન્તરસ્થલ સમાપ્ત થયું.

આની પછી તે જ મહાસ્થલમાં પંદર સૂત્ર સુધી વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે તે આ પ્રમાણેઃ—

### ગાથા–૭૨

**અન્વયાર્થઃ**—[ दानेन ] દાનથી [ परं ] નિયમથી [ भोगः ] પંચેન્દ્રિયના ભોગ [ लभ्यते ] મળે છે, [ अपि ] અને [ तपसा ] તપથી [ इन्द्रत्वं अपि ] ઇન્દ્રપદ [ लभ्यते ] મળે છે, તથા [ ज्ञानेन ] વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનથી [ जन्ममरणविवर्जितं पदं ] જન્મ, મરણથી રહિત મોક્ષપદ [ लभ्यते ] મળે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दाणिं इत्यादि । दाणिं लब्भइ भोउ पर दानेन लभ्यते पञ्चेन्द्रिय-भोगः परं नियमेन । इंदत्तणु वि तवेण इन्द्रत्वमपि तपसा लभ्यते । जम्मणमरणविवज्जियउ जन्ममरणविवर्जितं पउ पदं स्थानं लब्भइ लभ्यते प्राप्यते । केन । णाणेण वीतरागस्वसंवेदनज्ञानेनेति । तथाहि । आहाराभयभैषज्यशास्त्रदानेन सम्यक्त्वरहितेन भोगो लभ्यते । सम्यक्त्वसहितेन तु यद्यपि परंपरया निर्वाणं लभ्यते तथापि विविधाभ्युदयरूपः पञ्चेन्द्रियभोग एव । सम्यक्त्वसहितेन तपसा तु यद्यपि निर्वाणं लभ्यते तथापि देवेन्द्रचक्रवर्त्यादिविभूतिपूर्वकेणैव । वीतराग-स्वसंवेदनसम्यग्ज्ञानेन सविकल्पेन यद्यपि देवेन्द्रचक्रवर्त्यादिविभूतिविशेषो भवति तथापि निर्विकल्पेन मोक्ष एवेति । अत्राह प्रभाकरभट्टः । हे भगवान् यदि विज्ञानमात्रेण मोक्षो भवति तर्हि सांख्यादयो वदन्ति ज्ञानमात्रादेव मोक्षः तेषां किमिति दूषणं दीयते भवद्भिरिति । भगवानाह । अत्र वीतराग-निर्विकल्पस्वसंवेदनसम्यग्ज्ञानमिति भणितं तिष्ठति तेन वीतरागविशेषणेन चारित्रं लभ्यते सम्यग्विशेषणेन सम्यक्त्वमपि लभ्यते पानकवदेकस्यापि मध्ये त्रयमस्ति ।

---

**ભાવાર્થ**:—સમ્યક્ત્વરહિતના આહારદાન, અભયદાન ઔષધદાન અને શાસ્ત્રદાનથી ભોગ મળે છે. અને સમ્યક્ત્વસહિતના એ ચાર દાનથી–જો કે પરંપરાએ નિર્વાણ મળે છે તોપણ વિવિધ અભ્યુદયરૂપ પંચેન્દ્રિયના ભોગ જ મળે છે.

અને સમ્યક્ત્વ સહિતના તપથી જો કે નિર્વાણ મળે છે તો પણ દેવેન્દ્ર, ચક્રવર્તી આદિ વિભૂતિપૂર્વક જ મોક્ષ મળે છે.

વીતરાગ સ્વસંવેદનસમ્યગ્જ્ઞાનથી જો કે સવિકલ્પને કારણે દેવેન્દ્ર, ચક્રવર્તી આદિ વિભૂતિવિશેષની પ્રાપ્તિ થાય છે તોપણ નિર્વિકલ્પને કારણે મોક્ષની જ પ્રાપ્તિ થાય છે.

અહીં પ્રભાકર ભટ્ટ પૂછે છે કે હે ભગવાન! જો જ્ઞાનમાત્રથી મોક્ષ થાય છે તો પછી સાંખ્યાદિ પણ કહે છે કે–જ્ઞાનમાત્રથી જ મોક્ષ થાય છે. ‘તેમને’ આપ શા માટે દૂષણ આપો છો?

ભગવાન શ્રીયોગીન્દ્રદેવ કહે છે કે—અહીં ‘વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન’ એમ કહેલ છે; તેથી ત્યાં ‘વીતરાગ’ વિશેષણથી ચારિત્ર પણ આવી જાય છે, ‘સમ્યગ્’ વિશેષણથી સમ્યક્ત્વ પણ આવી જાય છે. જેવી રીતે એક પાનકમાં (પીણામાં) અનેક પદાર્થો આવી જાય છે તેવી રીતે (વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાન કહેવાથી) એકની અંદર પણ ત્રણેય આવી જાય છે. પણ તેમના મતમાં ‘વીતરાગ’



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तेषां मते तु वीतरागविशेषणं नास्ति सम्यग्विशेषणं च नास्ति ज्ञानमात्रमेव । तेन दूषणं भवतीति भावार्थः ॥ ७२ ॥

अथ तमेवार्थं विपक्षदूषणद्वारेण दृढयति—

२००) देउ णिरंजणु इउँ भणइ णाणिं मुक्खु ण भंति ।
णाण-विहीणा जीवडा चिरु संसारु भमंति ॥ ७३ ॥

देवः निरञ्जन एवं भणति ज्ञानेन मोक्षो न भ्रान्तिः ।
ज्ञानविहीना जीवाः चिरं संसारं भ्रमन्ति ॥ ७३ ॥

देव इत्यादि देउ देवः किंविशिष्टः । णिरंजणु निरञ्जनः अनन्तज्ञानादिगुणसहितोऽष्टादशदोषरहितश्च इउं भणइ एवं भणति । एवं किम् । णाणिं मुक्खु वीतरागनिर्विकल्पस्वसंवेदनरूपेण सम्यग्ज्ञानेन मोक्षो भवति । ण भंति न भ्रांतिः संदेहो नास्ति । णाणविहीणा जीवडा पूर्वोक्तस्वसंवेदनज्ञानेन विहीना जीवा चिरु संसारु भमंति चिरं बहुतरं कालं संसारं परिभ्रमन्ति इति । अत्र वीतरागस्वसंवेदनज्ञानमध्ये यद्यपि सम्यक्त्वादित्रयमस्ति तथापि सम्यग्ज्ञानस्यैव मुख्यता । विवक्षितो मुख्य इति वचनादिति भावार्थः ॥ ७६ ॥

---

વિશેષણ નથી અને સમ્યક્ વિશેષણ નથી ’ ‘ જ્ઞાનમાત્ર ’ જ છે ( ‘ જ્ઞાનમાત્ર ’ જ એટલું જ કહે છે ) તેથી તેમાં દૂષણ આવે છે એવો ભાવાર્થ છે. ૭૨.

હવે વિપક્ષીને દૂષણ આપીને તે જ અર્થને દૃઢ કરે છેઃ—

ગાથા—૭૩

**અન્વયાર્થઃ**—[ निरंजनः देवः ] નિરંજન દેવ [ एवं भणति ] એમ કહે છે કે [ ज्ञानेन मोक्षः ] સમ્યગ્જ્ઞાનથી મોક્ષ છે, [ न भ्रान्तिः ] તેમાં સંદેહ નથી, અને [ ज्ञानविहीनाः जीवाः ] સમ્યગ્જ્ઞાન વગરના જીવો [ चिरं ] ઘણા જ કાલ સુધી [ संसारं ] સંસારમાં [ परिभ्रमन्ति ] ભટકે છે.

**ભાવાર્થઃ**—અનંતજ્ઞાનાદિ ગુણ સહિત અને અઢાર દોષ રહિત જે સર્વજ્ઞ-વીતરાગદેવ છે તેઓ એમ કહે છે કે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાનથી મોક્ષ છે, તેમાં સંદેહ નથી અને પૂર્વોક્ત સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન વગરના જીવો ઘણા જ કાલ સુધી સંસારમાં ભટકે છે.

અહીં વીતરાગસ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાનમાં જો કે સમ્યક્ત્વાદિ ત્રણેય છે તોપણ સમ્યગ્જ્ઞાનની જ મુખ્યતા છે કેમકે ‘ વિવક્ષિત તે મુખ્ય છે ( જેનું કથન કરવામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ पुनरपि तमेवार्थं दृष्टान्तदार्ष्टान्तिकाभ्यां निश्चिनोति—

२०१) णाण-विहीणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ ।
बहुएँ सलिल-विरोलियइँ करु चोप्पडउ ण होइ ॥७४॥

ज्ञानविहीनस्य मोक्षपदं जीव मा कस्यापि अद्राक्षीः ।
बहुना सलिलविलोडितेन करः चिक्कणो न भवति ॥ ७४ ॥

णाण इत्यादि । णाणविहीणहं ख्यातिपूजालाभादिदुष्टभावपरिणतचित्तं मम कोऽपि न जानातीति मत्वा वीतरागपरमानन्दैकसुखरसानुभवरूपं चित्तशुद्धिमकुर्वाणस्य बहिरङ्गबकवेषेण लोकरञ्जनं मायास्थानं तदेव शल्यं तत्प्रभृतिसमस्तविकल्पकल्लोलमालात्यागेन निजशुद्धात्मसंवित्तिनिश्चयेन संज्ञानेन सम्यग्ज्ञानेन विना मोक्खपउ मोक्षपदं स्वरूपं जीव हे जीव म कासु वि जोइ मा कस्याप्यद्राक्षीः । दृष्टान्तमाह । बहुएं सलिलविरोलियइं बहुनापि सलिलेन मथितेन करु करो हस्तः चोप्पडउ ण होइ चिक्कनः स्निग्धो न भवतीति । अत्र यथा बहुतरमपि सलिले मथितेऽपि हस्तः स्निग्धो न भवति, तथा

---

આવે તે મુખ્ય છે ) એવું આગમનું વચન છે. ૭૩.

હવે ફરી વાર તે જ અર્થને દૃષ્ટાંત અને દૃષ્ટાન્તિક વડે નક્કી કરે છેઃ—

ગાથા—૭૪

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ ! [ ज्ञानविहीनस्य कस्यापि ] સમ્યગ્જ્ઞાન વિનાના કોઈને પણ [ मोक्षपदं मा अद्राक्षीः ] મોક્ષપદ ન દેખ [ बहुना सलिलविलोडितेन ] બહુ પાણી વલોવવાથી પણ [ करः चिक्कणः न भवति ] હાથ ચીકણો થતો નથી.

**ભાવાર્થ**:—જેવી રીતે પાણીને ખૂબ વલોવવામાં આવે તો પણ હાથ ચીકણો થતો નથી તેવી રીતે હે જીવ ! ખ્યાતિ, પૂજા, લાભ આદિ દુષ્ટ ભાવોરૂપે પરિણત મારા ચિત્તને કોઈ પણ જાણતું નથી. એમ માનીને એક ( કેવલ ) વીતરાગ પરમાનંદરૂપ સુખરસના અનુભવરૂપ ચિત્તશુદ્ધિને ન કરનાર કોઈને પણ, બહારથી બગલા જેવા વેષથી લોકરંજન કરવારૂપ માયાસ્થાનરૂપ શલ્યથી માંડીને સમસ્ત વિકલ્પની તરંગમાલાના ત્યાગરૂપ, નિજશુદ્ધાત્મસંવિત્તિની એકાગ્રતારૂપ જે સંજ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન વિના મોક્ષપદ–મોક્ષનું સ્વરૂપ–ન દેખ.

અહીં જેવી રીતે પાણીને ખૂબ મથવા છતાં પણ હાથ સ્નિગ્ધ થતો નથી તેવી રીતે વીતરાગ શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ જ્ઞાન વિના બહુ તપ કરવાથી પણ મોક્ષ થતો નથી. ૭૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

वीतरागशुद्धात्मानुभूतिलक्षणेन ज्ञानेन विना बहुनापि तपसा मोक्षो न भवतीति तात्पर्यम् ॥ ७४ ॥

अथ निश्चयनयेन यन्निजात्मबोधज्ञानबाह्यं ज्ञानं तेन प्रयोजनं नास्तीत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति—

२०२) जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण ।
देक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण ॥ ७५ ॥

यत् निजबोधाद्बाह्यं ज्ञानमपि कार्यं न तेन ।
दुःखस्य कारणं येन तपः जीवस्य भवति क्षणेन ॥ ७५ ॥

जं इत्यादि । जं यत् णियबोहहं बाहिरउ दानपूजातपश्चरणादिकं कृत्वापि दृष्टश्रुतानुभूतभोगाकांक्षावासितचित्तेन रूपलावण्यसौभाग्यबलदेववासुदेवकामदेवेन्द्रादिपदप्राप्तिरूपभावि-भोगाशकरणं यन्निदानबन्धस्तदेव शल्यं तत्प्रभृतिसमस्तमनोरथविकल्पज्वालावलीरहितत्वेन विशुद्धज्ञानदर्शनस्वभावनिजात्मावबोधो निजबोधः तस्मान्निजबोधाद्बाह्यम् । णाणु वि कज्जु ण तेण शास्त्रादिजनितं ज्ञानमपि यत्तेन कार्यं नास्ति । कस्मादिति चेत् । दुक्खहं कारणु दुःखस्य

---

હવે નિશ્ચયનયથી જે આત્મબોધરૂપ જ્ઞાનથી બાહ્ય ( રહિત ) જ્ઞાન છે તેનાથી કાંઇ પણ પ્રયોજન નથી એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છેઃ—

### ગાથા–૭૫

**અન્વયાર્થઃ**—[ यत् निजबोधात् बाह्यं ] નિજબોધથી–આત્મજ્ઞાનથી -બાહ્ય [ ज्ञानं ] જે શાસ્ત્ર વગેરેનું જ્ઞાન છે [ तेन कार्यं अपि न ] તેનાથી કાંઈ પણ પ્રયોજન નથી [ येन ] કારણ કે [ तपः ] વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન રહિત તપ [ क्षणेन ] થોડી જ વારમાં [ जीवस्य ] જીવને [ दुःखस्य कारणं ] દુઃખનું કારણ થાય છે.

**ભાવાર્થઃ**—દાન, પૂજા, તપશ્ચરણાદિક કરીને પણ દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષાથી વાસિત ચિત્તથી રૂપલાવણ્યસૌભાગ્યરૂપ બળદેવ, વાસુદેવ, કામદેવ અને ઇન્દ્રાદિના પદની પ્રાપ્તિરૂપ ભાવી ભોગોની જે વાંછા કરવી તે નિદાનબંધ છે, તે જ શલ્ય છે. તે શલ્ય આદિથી માંડીને સમસ્ત મનોરથના વિકલ્પની જ્વાલાવલીથી રહિતપણે વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા નિજ આત્માનો અવબોધ તે નિજબોધ છે. તે નિજબોધથી બાહ્ય શાસ્ત્રાદિજનિત જે જ્ઞાન છે તેનાથી કાંઇ પણ કાર્ય નથી, કારણ કે વીતરાગસ્વસંવેદનરહિત તપ જીવને ક્ષણમાત્રમાં જ–તત્કાલ જ–દુઃખનું કારણ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कारणं जेण येन कारणेन तउ वितरागस्वसंवेदनरहितं तपः जीवहं जीवस्य होइ भवति खणेण क्षणमात्रेण कालेनेति । अत्र यद्यपि शास्त्रजनितं ज्ञानं स्वशुद्धात्मपरिज्ञानरहितं तपश्चरणं च मुख्यवृत्त्या पुण्यकारणं भवति तथापि मुक्तिकारणं न भवतीत्यभिप्रायः ॥ ७५ ॥

अथ येन मिथ्यात्वरागादिवृद्धिर्भवति तदात्मज्ञानं न भवतीति निरूपयति—

२०३) तं णिय-णाणु जि होइ ण वि जेण पवड्ढइ राउ ।
दिणयर-किरणहँ पुरउ जिय किं विलसइ तम-राउ ॥ ७६ ॥

तत् निजज्ञानमेव भवति नापि येन प्रवर्धते रागः ।
दिनकरकिरणानां पुरतः जीव किं विलसति तमोरागः ॥ ७६ ॥

तं इत्यादि । तं तत् णियणाणु जि होइ ण वि निजज्ञानमेव न भवति वीतरागनित्यानन्दैकस्वभावनिजपरमात्मतत्त्वपरिज्ञानमेव न भवति । येन ज्ञानेन किं भवति । जेण पवड्ढइ येन प्रवर्धते । कोऽसौ । राउ शुद्धात्मभावनासमुत्पन्नवीतरागपरमानन्दप्रतिबन्धकपञ्चेन्द्रियविषयाभिलाषरागः । अत्र

---

અહીં જો કે શાસ્ત્રજનિત જ્ઞાન અને પોતાના શુદ્ધ આત્માના જ્ઞાનથી રહિત તપશ્ચરણ મુખ્યપણે પુણ્યનું કારણ છે તોપણ, મુક્તિનું કારણ નથી એવો અભિપ્રાય છે. ૭૫.

હવે જેના વડે મિથ્યાત્વ, રાગાદિની વૃદ્ધિ થાય છે તે આત્મજ્ઞાન નથી એમ કહે છે.—

### ગાથા–૭૬

**અન્વયાર્થ:**—[ येन ] જે જ્ઞાન વડે [ रागः ] રાગની [ प्रवर्धते ] વૃદ્ધિ થાય [ तत् ] તે [ निजज्ञानं एव ] નિજ જ્ઞાન જ [ नापि ] નથી. [ जीव ] હે જીવ! [ दिनकरकिरणानां पुरतः ] સૂર્યના કિરણોની સામે [ किं ] શું [ तमोरागः ] અંધકારનો ફેલાવ [ विलसति ] વિલસે છે? ( નથી વિલસતો–નથી શોભતો. )

**ભાવાર્થ:**—જે જ્ઞાન વડે શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન એવા વીતરાગ પરમાનંદના પ્રતિબંધક પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષારૂપ રાગની વૃદ્ધિ થાય તે નિજ જ્ઞાન નથી–વીતરાગ નિત્યાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમાત્મતત્ત્વનું જ્ઞાન જ નથી. અહીં દૃષ્ટાંત કહે છે. સૂર્યના કિરણોની સામે શું અંધકારનો ફેલાવ શોભે છે? નથી શોભતો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दृष्टान्तमाह । दिणयरकिरणहं पुरउ जिय दिनकरकिरणानां पुरतो हे जीव किं विलसइ किं विलसति किं शोभते अपि तु नैव । कोऽसौ । तमराउ तमो रागस्तमोव्याप्तिरिति । अत्रेदं तात्पर्यम् । यस्मिन् शास्त्राभ्यासज्ञाने जातेऽप्यनाकुलत्वलक्षणपारमार्थिकसुखप्रतिपक्षभूता । आकुलत्वोत्पादका रागादयो वृद्धिं गच्छन्ति तन्निश्चयेन ज्ञानं न भवति । कस्मात् । विशिष्टमोक्षफलाभावादिति ॥ ७६ ॥

अथ ज्ञानिनां निजशुद्धात्मस्वरूपं विहाय नान्यत्किमप्युपादेयमिति दर्शयति–

२०४) अप्पा मिल्लिवि णाणियहँ अण्णु ण सुंदरु वत्थु ।
तेण ण विसयहँ मणु रमइ जाणंतहँ परमत्थु ॥ ७७ ॥

आत्मानं मुक्त्वा ज्ञानिनां अन्यन्न सुन्दरं वस्तु ।
तेन न विषयेषु मनो रमते जानतां परमार्थम् ॥ ७७ ॥

अप्पा इत्यादि । अप्पा मिल्लिवि शुद्धबुद्धैकस्वभावं परमात्मपदार्थं मुक्त्वा णाणियहं ज्ञानिनां मिथ्यात्वरागादिपरिहारेण निजशुद्धात्मद्रव्यपरिज्ञानपरिणतानां अण्णु ण सुंदरु वत्थु अन्यन्न सुन्दरं समीचीनं वस्तु प्रतिभाति येन कारणेन

---

અહીં આ તાત્પર્ય છે કે શાસ્ત્રના અભ્યાસથી જ્ઞાન થવા છતાં પણ જેમાં આકુલતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી પ્રતિપક્ષભૂત અનાકુલતાના ઉત્પાદક એવા રાગાદિ વૃદ્ધિ પામે છે ( રાગાદિની વૃદ્ધિ થાય છે ) તે ખરેખર જ્ઞાન જ નથી. કારણ કે તેના વડે વિશિષ્ટ મોક્ષફલની પ્રાપ્તિ થતી નથી. ૭૬.

હવે જ્ઞાની પુરુષોને નિજશુદ્ધાત્મસ્વરૂપ સિવાય બીજું કાંઈ પણ ઉપાદેય નથી એમ દર્શાવે છે.:—

ગાથા—૭૭

**અન્વયાર્થ:**—[ ज्ञानिनां ] જ્ઞાનીઓને [ आत्मानं मुक्त्वा ] આત્મા સિવાય [ अन्यत वस्तु ] બીજી કોઈ પણ વસ્તુ [ न सुंदरं ] સુંદર લાગતી નથી [ तेन ] તેથી [ परमार्थं जानतां मनः ] પરમાત્મપદાર્થને જાણનારાઓનું મન [ विषयाणां ] વિષયોમાં [ न रमते ] રમતું નથી.

**ભાવાર્થ:**—મિથ્યાત્વ, રાગાદિના ત્યાગ વડે ( ત્યાગપૂર્વક ) નિજશુદ્ધાત્મ-દ્રવ્યના પરિજ્ઞાનરૂપે પરિણત જ્ઞાનીઓને શુદ્ધ, બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે એવા પરમપદાર્થ સિવાય બીજી કોઈ પણ વસ્તુ સમીચીન લાગતી નથી તેથી એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तेण ण विसयहं मणु रमइ तेन कारणेन शुद्धात्मोपलब्धिप्रतिपक्षभूतेषु पञ्चेन्द्रियविषयरूपकामभोगेषु मनो न रमते । किं कुर्वताम् । जाणंतहं जानतां परमत्थु वीतरागसहजानन्दैकपारमार्थिकसुखाविनाभूतं परमात्मानमेवेति तात्पर्यम् ॥ ७७ ॥

अथ तमेवार्थं दृष्टान्तेन समर्थयति—

२०५) अप्पा मिल्लिवि णाणमउ चित्ति ण लग्गइ अण्णु ।
मरगउ जेँ परियाणियउ तहुँ कच्चेँ कउ गण्णु ॥७८॥

आत्मानं मुक्त्वा ज्ञानमयं चित्ते न लगति अन्यत् ।
मरकतः येन परिज्ञातः तस्य काचेन कुतो गणना ॥ ७८ ॥

अप्पा इत्यादि । अप्पा मिल्लिवि आत्मानं मुक्त्वा । कथंभूतम् । णाणमउ ज्ञानमयं केवलज्ञानान्तर्भूतानन्तगुणमयं चित्ति मनसि ण लग्गइ न लगति न रोचते न प्रतिभाति । किम् । अण्णु निजपरमात्मस्वरूपादन्यत् । अत्रार्थे दृष्टान्तमाह । मरगउ जें परियाणियउ मरकतरत्नविशेषो येन परिज्ञातः । तहुँ तस्य रत्नपरीक्षापरिज्ञानसहितस्य पुरुषस्य कच्चें कउ गण्णु काचेन किं गणना किमपेक्षा तस्येत्यभिप्रायः ॥ ७८ ॥

अथ कर्मफलं भुञ्जानः सन् योऽसौ रागद्वेषं करोति स कर्म बध्नातीति कथयति—

---

( કેવલ ) વીતરાગ સહજાનંદરૂપ પારમાર્થિક સુખની સાથે અવિનાભૂત પરમાત્માને જાણનારનું મન શુદ્ધાત્માની પ્રાપ્તિથી પ્રતિપક્ષભૂત પંચેન્દ્રિયના વિષયરૂપ કામભોગોમાં રમતું નથી. ૭૭.

હવે દૃષ્ટાંત વડે તે જ અર્થનું સમર્થન કરે છેઃ—

### ગાથા–૭૮

**અન્વયાર્થઃ**—[ ज्ञानमयं ] જ્ઞાનમય-કેવલજ્ઞાનમાં અન્તર્ભૂત અનંતગુણમય–[ आत्मानं मुक्त्वा ] આત્મા સિવાય [ अन्यत ] નિજપરમાત્મસ્વરૂપથી બીજું કાંઈપણ [ चित्ते न लगति ] જ્ઞાનમય ચિત્તમાં રુચતું નથી. અહીં તે જ અર્થના સમર્થન માટે દૃષ્ટાંત કહે છે કે [ येन ] જેણે [ मरकतः परिज्ञातः ] મરકતમણિને જાણ્યો છે [ तस्य ] એવા રત્નની પરીક્ષા જાણનાર પુરુષને [ काचेन किं गहनं ] કાચની શી અપેક્ષા છે? ( કાચથી શું પ્રયોજન છે ) એવો અભિપ્રાય છે. ૭૮

હવે કર્મફલને ભોગવતો થકો જે રાગદ્વેષ કરે છે તે કર્મ બાંધે છે એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२०६) भुंजंतु वि णिय-कम्म-फलु मोहइँ जो जि करेइ ।
भाउ असुंदरु सुंदरु वि सो पर कम्मु जणेइ ॥ ७९॥

भुञ्जानोऽपि निजकर्मफलं मोहेन य एव करोति ।
भावं असुन्दरं सुन्दरमपि स परं कर्म जनयति ॥ ७९ ॥

भुंजंतु वि इत्यादि । भुंजंतु वि भुञ्जानोऽपि । किम् । णियकम्मफलु वीतरागपरमाह्लादरूपशुद्धात्मानुभूतिविपरीतं निजोपार्जितं शुभाशुभकर्मफलं मोहइं निर्मोहशुद्धात्मप्रतिकूलमोहोदयेन जो जि करेइ य एव पुरुषः करोति । कम् । भाउ भावं परिणामम् । किंविशिष्टम् । असुंदरु सुंदरु वि अशुभं शुभमपि सो पर स एव भावः कम्मु जणेइ शुभाशुभं कर्म जनयति । अयमत्र भावार्थ । उदयागते कर्मणि योऽसौ स्वस्वभावच्युतः सन् रागद्वेषौ करोति स एवः कर्म बध्नाति ॥ ७९ ॥

अथ उदयागतेकर्मानुभवे योऽसौ रागद्वेषौ न करोति स कर्म न बध्नातीति कथयति—

---

ગાથા—૭૯

**અન્વયાર્થ**:—[ यः एव ] જે પુરુષ [ निजकर्मफलं ] પોતાના કર્મોના ફલને [ भुंजानः अपि ] ભોગવતો થકો પણ [ मोहेन ] મોહથી [ सुंदरं असुंदरं भावं ] શુભ અશુભ પરિણામને [ करोति ] કરે છે [ सः परं ] તે જ [ कर्म जनयति ] કર્મ ઉપજાવે છે. ( બાંધે છે. )

**ભાવાર્થ**:—જે પુરુષ વીતરાગ પરમ આહ્‌લાદરૂપ શુદ્ધ આત્માની અનુભૂતિથી વિપરીત સ્વોપાર્જિત ( પોતે ઉપાર્જિત કરેલા ) શુભાશુભકર્મના ફલને ભોગવતો થકો પણ નિર્મોહ એવા શુદ્ધ આત્માથી પ્રતિકૂલ મોહોદયથી શુભ અશુભ ( સારા નરસા ) પરિણામને કરે છે તે જ ( તે ભાવ જ ) શુભાશુભ કર્મ ઉપજાવે છે.

અહીં આ ભાવાર્થ છે કે જે કોઈ સ્વભાવ ભાવથી ચ્યુત થયો થકો ઉદયાગત કર્મમાં રાગદ્વેષ કરે છે તે જ કર્મ બાંધે છે. ૭૯.

હવે ઉદયમાં આવેલા કર્મના અનુભવમાં જે રાગદ્વેષ કરતો નથી તે કર્મ બાંધતો નથી એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२०७) भुंजंतु वि णिय-कम्म-फलु जो तहिँ राउ ण जाइ ।
सो णवि बंधइ कम्मु पुणु संचिउ जेण विलाइ ॥८०॥

भुञ्जानोऽपि निजकर्मफलं यः तत्र रागं न याति ।
स नैव बध्नाति कर्म पुनः संचितं येन विलीयते ॥ ८० ॥

भुंजंतु वि इत्यादि । भुंजंतु वि भुञ्जानोऽपि । किम् । णियकम्मफलु निजकर्मफलं निजशुद्धात्मोपलम्भाभावेनोपार्जितं पूर्वं यत् शुभाशुभं कर्म तस्य फलं जो यो जीवः तहिं तत्र कर्मानुभवप्रस्तावे राउ ण जाइ रागं न गच्छति वीतरागचिदानन्दैकस्वभावशुद्धात्मतत्त्वभावनोत्पन्नसुखामृततृप्तः सन् रागद्वेषौ न करोति सो स जीवः णवि बंधइ नैव बध्नाति । किं न बध्नाति । कम्मु ज्ञानावरणादि कर्म पुणु पुनरपि । येन कर्मबन्धाभावपरिणामेन किं भवति । संचिउ जेण विलाइ पूर्वसंचितं कर्म येन वीतरागपरिणामेन विलयं विनाशं गच्छतीति । अत्राह प्रभाकरभट्टः । कर्मोदयफलं भुञ्जानोऽपि

---

ગાથા–૮૦

**અન્વયાર્થ:—**[ निजकर्मफलं ] પોતાના કર્મના ફલને [ भुंजानः अपि ] ભોગવતો થકો [ यः ] જે જીવ [ तत्र ] કર્મના અનુભવમાં [ रागं न याति ] રાગને પ્રાપ્ત થતો નથી ( રાગ કરતો નથી ) [ सः ] તે જીવ [ पुनः ] ફરી [ कर्म ] કર્મ [ न एव बध्नाति ] બાંધતો નથી [ येन ] જે કર્મબંધના અભાવપરિણામથી [ संचितं विलीयते ] સંચિત કર્મ નાશ પામે છે.

**ભાવાર્થ:—**નિજકર્મફલને–નિજશુદ્ધાત્માની પ્રાપ્તિના અભાવથી પૂર્વે ઉપાર્જેલ શુભાશુભ કર્મના ફલને–ભોગવતો થકો પણ જે જીવ કર્મના અનુભવમાં રાગને પ્રાપ્ત થતો નથી–વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતથી તૃપ્ત થયો થકો રાગદ્વેષ કરતો નથી–તે જીવ ફરી જ્ઞાનાવરણાદિ કર્મ બાંધતો નથી, જે કર્મના અભાવપરિણામથી–વીતરાગ પરિણામથી–પૂર્વના સંચિત કર્મ નાશ પામે છે.

આવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પૂછે છે કે–'હે પ્રભુ! કર્મોદયના ફળને ભોગવતો થકો જ્ઞાની કર્મથી પણ બંધાતો નથી' એમ સાંખ્યાદિઓ પણ કહે છે તો આપ તેમને શા માટે દોષ આપો છો?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानी कर्मणापि न बध्यते इति सांख्यादयोऽपि वदन्ति तेषां किमिति दूषणं दीयते भवद्भिरिति । भगवानाह । ते निजशुद्धात्मानुभूतिलक्षणं वीतराग-चारित्रनिरपेक्षा वदन्ति तेन कारणेन तेषां दूषणमिति तात्पर्यम् ॥ ८० ॥

अथ यावत्कालमणुमात्रमपि रागं न मुञ्चति तावत्कालं कर्मणा न मुच्यते इति प्रतिपादयति—

२०८) जो अणु-मेत्तु वि राउ मणि जाम ण मिल्लइ एत्थु ।
सो णवि मुच्चइ ताम जिय जाणंतु वि परमत्थु ॥ ८१ ॥

यः अणुमात्रमपि रागं मनसि यावत् न मुञ्चति अत्र ।
स नैव मुच्यते तावत् जीव जानन्नपि परमार्थम् ॥ ८१ ॥

जो इत्यादि । जो यः कर्ता अणुमेत्तु वि अणुमात्रमपि सूक्ष्ममपि राउ रागं वीतरागसदानन्दैकशुद्धात्मनो विलक्षणं पञ्चेन्द्रियविषयसुखाभिलाषरागं मणि मनसि जाम ण मिल्लइ यावन्तं कालं न मुञ्चति एत्थु अत्र जगति सो णवि मुच्चइ स जीवो नैव मुच्यते ज्ञानावरणादिकर्मणा ताव तावन्तं कालं जिय हे जीव । किं कुर्वन्नपि । जाणंतु वि वीतरागानुष्ठानरहितः सन् शब्दमात्रेण

---

ભગવાન શ્રી ગુરુ કહે છે કે તેઓ નિજશુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ વીતરાગ ચારિત્રથી નિરપેક્ષ ( ચારિત્રની અપેક્ષા રાખ્યા સિવાય ) કહે છે તેથી તેમને દોષ દેવામાં આવે છે એવું તાત્પર્ય છે. ૮૦.

હવે જ્યાં સુધી જીવ અણુમાત્ર પણ ( સૂક્ષ્મ પણ ) રાગને છોડતો નથી ત્યાં સુધી કર્મથી છૂટતો નથી એમ કહે છે:—

## ગાથા–૮૧

**અન્વયાર્થ:**—[ यः ] જે જીવ [ अणुमात्रं अपि ] અણુમાત્ર પણ [ रागं ] રાગને [ यावत् ] જ્યાં સુધી [ मनसि ] મનમાંથી [ न मुंचति ] છોડતો નથી [ तावत् ] ત્યાં સુધી [ जीव ] હે જીવ [ सः ] તે [ अत्र ] આ સંસારમાં [ परमार्थं ] પરમાર્થને [ जानन् अपि ] જાણવા છતાં પણ [ न एव मुच्यते ] મૂકાતો નથી.

**ભાવાર્થ:**—જે જીવ અણુમાત્ર પણ–સૂક્ષ્મપણ–એક ( કેવલ ) વીતરાગ સદાનંદરૂપ શુદ્ધ આત્માથી વિલક્ષણ પંચેન્દ્રિયોના વિષયસુખની અભિલાષારૂપ રાગને જ્યાં સુધી મનમાંથી છોડતો નથી ત્યાં સુધી તે આ સંસારમાં પરમાર્થ શબ્દથી વાચ્ય એવા નિજશુદ્ધાત્મતત્ત્વને વીતરાગ અનુષ્ઠાન રહિત થયો થકો ( વીતરાગ અનુષ્ઠાન વિના )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जानन्नपि । कं जानन् । परमत्थु परमार्थशब्दवाच्यनिजशुद्धात्मतत्त्वमिति । अयमत्र भावार्थः । निजशुद्धात्मस्वभावज्ञानेऽपि शुद्धात्मोपलब्धिलक्षणवीतरागचारित्रभावनां विना मोक्षं न लभत इति ॥ ८१ ॥

अथ निर्विकल्पात्मभावनाशून्यः शास्त्रं पठन्नपि तपश्चरणं कुर्वन्नपि परमार्थं न वेत्तीति कथयति—

२०९) बुज्झइ सत्थइँ तउ चरइ पर परमत्थु ण वेइ ।
ताव ण मुंचइ जाम णवि इहु परमत्थु मुणेइ ॥ ८२ ॥

बुध्यते शास्त्राणि तपः चरति परं परमार्थं न वेत्ति ।
तावत् न मुच्यते यावत् नैव एनं परमार्थं मनुते ॥ ८२ ॥

बुज्झइ इत्यादि । बुज्झइ बुध्यते । कानि सत्थइँ शास्त्राणि न केवलं शास्त्राणि बुध्यते तउ चरइ तपश्चरति पर परं किंतु परमत्थु ण वेइ परमार्थं न वेत्ति न जानाति । कस्मान्न वेत्ति । यद्यपि व्यवहारेण परमात्मप्रतिपादक-शास्त्रेण ज्ञायते तथापि निश्चयेन वीतरागस्वसंवेदनज्ञानेन परिच्छिद्यते । यद्यप्य-

---

કેવલ શબ્દમાત્રથી જ જાણતો થકો જ્ઞાનાવરણાદિ કર્મથી મૂકાતો નથી. નિજ શુદ્ધ આત્મસ્વભાવનું જ્ઞાન હોવા છતાં પણ શુદ્ધ આત્માની પ્રાપ્તિસ્વરૂપ વીતરાગ ચારિત્રની ભાવના વિના મોક્ષ મળતો નથી. ૮૧.

જે નિર્વિકલ્પ આત્મભાવનાથી શૂન્ય છે તે શાસ્ત્રને ભણવા છતાં પણ, પરમાર્થને જાણતો નથી એમ કહે છેઃ—

## ગાથા–૮૨

**અન્વયાર્થઃ**—[ शास्त्राणि ] શાસ્ત્રોને [ बुध्यते ] જાણે છે, [ तपः ] તપ [ चरति ] આચરે છે [ परं ] પણ [ परमार्थं ] પરમાર્થને [ न वेत्ति ] જાણતો નથી એવો જીવ [ यावत् ] જ્યાં સુધી [ एनं परमार्थं ] આ પૂર્વોક્ત લક્ષણવાળા પરમાર્થને [ न मनुते ] જાણતો નથી [ तावत् ] ત્યાં સુધી [ न मुच्यते ] કર્મથી છૂટતો નથી.

**ભાવાર્થઃ**—શાસ્ત્રોને જાણે છે અને તપ આચરે છે પણ પરમાર્થને જાણતો નથી, કારણકે 'પરમાર્થ' શબ્દથી વાચ્ય જે નિજશુદ્ધાત્મા જો કે વ્યવહારનયથી પરમાત્માના પ્રતિપાદક શાસ્ત્રથી જણાય છે તો પણ નિશ્ચયનયથી વીતરાગસ્વસંવેદનરૂપ જ્ઞાનથી જ જણાય છે. અને વ્યવહારનયથી જો કે બહિરંગ સહકારી કારણભૂત અનશનાદિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नशनादिद्वादशविधतपश्चरणेन बहिरङ्गसहकारिकारणभूतेन साध्यते तथापि निश्चयेन निर्विकल्पशुद्धात्माविश्रान्तिलक्षणवीतरागचारित्रसाध्यो योऽसौ परमार्थशब्दवाच्यो निजशुद्धात्मा तत्र निरन्तरानुष्ठानाभावात् ताव ण मुंचइ तावन्तं कालं न मुच्यते । केन । कर्मणा जाम णवि इहु परमत्थु मुणेइ यावन्तं कालं नैवैनं पूर्वोक्तलक्षणं परमार्थं मनुते जानाति श्रद्धत्ते सम्यगनुभवतीति । इदमत्र तात्पर्यम् । यथा प्रदीपेन विवक्षितं वस्तु निरीक्ष्य गृहीत्वा च प्रदीपस्त्यज्यते तथा शुद्धात्मतत्त्वप्रतिपादकशास्त्रेण शुद्धात्मतत्त्वं ज्ञात्वा गृहीत्वा च प्रदीपस्थानीयः शास्त्रविकल्पस्त्यज्यत इति ॥ ८२ ॥

अथ योऽसौ शास्त्रं पठन्नपि विकल्पं च मुञ्चति निश्चयेन देहस्थं शुद्धात्मानं न मन्यते स जडो भवतीति प्रतिपादयति—

२१०) सत्थु पढंतु वि होइ जडु जो ण हणेइ वियप्पु ।
देहि वसंतु वि णिम्मलउ णवि मण्णइ परमप्पु ॥८३॥

शास्त्रं पठन्नपि भवति जडः यः न हन्ति विकल्पम ।
देहे वसन्तमपि निर्मलं नैव मन्यते परमात्मानम् ॥ ८३ ॥

सत्थु इत्यादि । सत्थु पढंतु वि शास्त्रं पठन्नपि होइ जडु स जडो भवति

---

બાર પ્રકારના તપથી સાધવામાં આવે છે તો પણ નિશ્ચયનયથી નિર્વિકલ્પ શુદ્ધ આત્મામાં વિશ્રાંતિસ્વરૂપ વીતરાગ ચારિત્રથી જ સાધવામાં આવે છે, તે નિજશુદ્ધાત્મામાં નિરંતર અનુષ્ઠાનના અભાવથી આત્મા જ્યાં સુધી આ પૂર્વોક્ત લક્ષણવાળા પરમાર્થને સમ્યગ્ જાણતો નથી, સમ્યગ્ શ્રદ્ધતો નથી અને સમ્યગ્ અનુભવતો નથી ત્યાંસુધી કર્મથી છૂટતો નથી.

અહીં આ ભાવાર્થ છે કે જેવી રીતે દીવા વડે વિવક્ષિત વસ્તુને જોઇને અને ગ્રહણ કરીને દીવો છોડી દેવામાં આવે છે, તેવી રીતે શુદ્ધ આત્મતત્ત્વના પ્રતિપાદક શાસ્ત્રથી શુદ્ધ આત્મતત્ત્વને જાણીને અને ગ્રહીને પ્રદીપસ્થાનીય શાસ્ત્રના વિકલ્પને છોડવામાં આવે છે. ૮૨.

હવે જે કોઇ શાસ્ત્રને ભણીને પણ વિકલ્પને છોડતો નથી અને નિશ્ચયનયથી દેહમાં રહેલા શુદ્ધ આત્માને માનતો નથી તે જડ છે એમ કહે છેઃ—

ગાથા—૮૩

**અન્વયાર્થઃ**—[ यः ] જે જીવ [ शास्त्रं पठन् अपि ] શાસ્ત્રને ભણવા છતાં પણ [ विकल्प ] મિથ્યાત્વ, રાગાદિ વિકલ્પને [ न हन्ति ] હણતો નથી, વળી [ देहे वसन्तं ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यः किं करोति । जो ण हणेइ वियप्पु यः कर्ता शास्त्राभ्यासफलभूतस्य रागादिविकल्परहितस्य निजशुद्धात्मस्वभावस्य प्रतिपक्षभूतं मिथ्यात्वरागादिविकल्पं न हन्ति । न केवलं विकल्पं न हन्ति । देहि वसंतु वि देहे वसन्तमपि णिम्मलउ निर्मलं कर्ममलरहितं णवि मण्णइ नैव मन्यते न श्रद्धत्ते । कम् । परमप्पु निजपरमात्मानमिति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा त्रिगुप्तसमाधिं कृत्वा च स्वयं भावनीयम् । यदा तु त्रिगुप्तिगुप्तसमाधिं कर्तुं नायाति तदा विषयकषायवञ्चनार्थं शुद्धात्मभावनास्मरणदृढीकरणार्थं च बहिर्विषये व्यवहारज्ञानवृद्ध्यर्थं च परेषां कथनीयं किंतु तथापि परप्रतिपादनव्याजेन मुख्यवृत्त्या स्वकीयजीव एव संबोधनीयः । कथमिति चेत् । इदमनुपपन्नमिदं व्याख्यानं न भवति मदीयमनसि यदि समीचीनं न प्रतिभाति तर्हि त्वमेव स्वयं किं न भावयतीति तात्पर्यम् ॥ ८३ ॥

अथ बोधार्थं शास्त्रं पठन्नपि यस्य विशुद्धात्मप्रतीतिलक्षणो बोधो नास्ति स मूढो भवतीति प्रतिपादयति—

---

अवि ] દેહમાં રહેવા છતાં પણ [ निर्मलं ] નિર્મલ [ परमात्मानं ] નિજ પરમાત્માને [ न एव मन्यते ] શ્રદ્ધતો નથી તે [ जडः भवति ] જડ-મૂર્ખ-છે.

**ભાવાર્થઃ**—જે જીવ શાસ્ત્રને જાણવા છતાં પણ શાસ્ત્રના અભ્યાસનું ફલ રાગાદિ વિકલ્પથી રહિત નિજશુદ્ધાત્મસ્વભાવની પ્રાપ્તિ છે એવા નિજશુદ્ધાત્મસ્વભાવથી પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ, રાગાદિ વિકલ્પનો નાશ કરતો નથી. માત્ર વિકલ્પનો નાશ કરતો નથી એટલું જ નહિ પણ દેહમાં રહેવા છતાં પણ નિર્મલ-કર્મમલ રહિત-નિજ પરમાત્માને શ્રદ્ધતો નથી તે જડ-મૂર્ખ-છે.

અહીં આ વ્યાખ્યાન જાણીને અને ત્રણગુપ્તિયુક્ત સમાધિ કરીને પોતાને જ ભાવવો, અને જ્યારે ત્રણ ગુપ્તિથી ગુપ્ત સમાધિ કરવાનું ન બને ત્યારે વિષયકષાયની વંચના અર્થે ( વિષય કષાયને છોડવા માટે ) અને શુદ્ધ આત્માની ભાવનાનું સ્મરણ દૃઢ કરવા માટે અને બહિર્વિષયમાં વ્યવહારજ્ઞાનની વૃદ્ધિ અર્થે બીજા જીવોને ધર્મોપદેશ આપવો, તેમ છતાં પણ પરને ઉપદેશવાના બહાનાદ્વારા મુખ્યપણે સ્વકીય જીવ જ સંબોધવો. તે આ પ્રમાણેઃ—આ યોગ્ય નથી; આ ગાથાનું વ્યાખ્યાન મારા મનમાં વસ્યું નથી; જો સમચીન પણે ( બરાબર સારી રીતે, યોગ્ય રીતે ) પ્રતિભાસતું નથી, તો તું જ સ્વયં કેમ ભાવતો નથી ? આવું તાત્પર્ય છે. ૮૩.

હવે બોધાર્થે...( જ્ઞાનમાટે ) શાસ્ત્ર ભણીને પણ જેને વિશુદ્ધ આત્માની પ્રતીતિસ્વરૂપ બોધ થતો નથી તે મૂઢ છે એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२११) बोह-णिमित्तेँ सत्थु किल लोइ पढिज्जइ इत्थु ।
तेण वि बोहु ण जासु वरु सो किं मूढु ण तत्थु ॥ ८४ ॥

बोधनिमित्तेन शास्त्रं किल लोके पठ्यते अत्र ।
तेनापि बोधो न यस्य वरः स किं मूढो न तथ्यम् ॥ ८५ ॥

बोह इत्यादि । बोधनिमित्तेन किल शास्त्रं लोके पठ्यते अत्र तेनैव कारणेन बोधो न यस्य कथंभूतः । वरो विशिष्टः । स किं मूढो न भवति किंतु भवत्येव तथ्यमिति । तद्यथा । अत्र यद्यपि लोकव्यवहारेण कविगमकवादित्वाग्मित्वादिलक्षणशास्त्रजनितो बोधो भण्यते तथापि निश्चयेन परमात्मप्रकाशकाध्यात्मशास्त्रोत्पन्नो वीतरागस्वसंवेदनरूपः स एव बोधो ग्राह्यो न चान्यः । तेनानुबोधेन विना शास्त्रे पठितेऽपि मूढो भवतीति । अत्र यः कोऽपि परमात्मबोधजनकमल्पशास्त्रं ज्ञात्वापि वीतरागभावनां करोति स सिद्ध्यतीति । तथा

---

ગાથા—૮૪

**અન્વયાર્થ**:—[ अत्रलोके ] આ લોકમાં [ किल ] ખરેખર [ बोध निमित्तेन ] બોધની પ્રાપ્તિ અર્થે [ शास्त्रं ] શાસ્ત્ર [ पठ्यते ] ભણવામાં આવે છે [ तेन अपि ] તે કારણથી જ શાસ્ત્રના ભણવાથી પણ [ यस्य ] જેને [ वरः बोधः न ] વિશિષ્ટ બોધ થતો નથી [ सः ] તે [ किं ] શું [ मुढः न ] મૂઢ નથી? [ तथ्यं ] સાચો-સાચ તે મૂઢ જ છે.

**ભાવાર્થ**:—અહીં જો કે લોકવ્યવહારથી ( નવીન કવિતાના કરનાર ) કવિ, ( પ્રાચીન કાવ્યોની ટીકાના કરનાર ) ગમક, ( જેને વાદમાં કોઈ ન જીતી શકે એવું ) વાદિત્વ, અને ( શ્રોતાઓના મનને રંજન કરનાર એવા શાસ્ત્રવકતા હોવા રૂપ ) વાગ્મિત્વ, ઇત્યાદિ લક્ષણવાળું શાસ્ત્રજનિત જ્ઞાન કહેવાય છે તો પણ નિશ્ચયનયથી પરમાત્મસ્વરૂપના પ્રકાશક અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન જે વીતરાગસ્વસંવેદનરૂપ બોધ છે તે જ બોધ ગ્રાહ્ય છે, પણ અન્ય ( બીજો બોધ ) નહિ. તે અનુબોધ વિના ( વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન વિના ) શાસ્ત્ર ભણ્યો હોવા છતાં પણ મૂઢ છે.

અહીં જે કોઇ પણ પરમાત્મબોધના ઉત્પન્ન કરનાર અલ્પ શાસ્ત્ર જાણીને પણ વીતરાગ ભાવના કરે છે તે સિદ્ધ થાય છે. કહ્યું પણ છે કે—"**वीरा वेरग्गपरा थोवं पि हु सिक्खिऊण सिज्झंति । ण हु सिज्झंति विरागेण विणा पढिदेसु वि सव्वसत्थेसु**" ( **અર્થ**:—વૈરાગ્યમાં તત્પર વીરો થોડાક શાસ્ત્રને શીખીને પણ શુદ્ધ થાય છે પણ સર્વ શાસ્ત્રો ભણવા છતાં પણ જીવ વૈરાગ્ય વિના સિદ્ધિ પામતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चोक्तम्—" वीरा वेरग्गपरा थोवं पि हु सिक्खिऊण सिज्झंति । ण हु सिज्झंति विरागेण विणा पढिदेसु वि सव्वसत्थेसु ॥ " परं किन्तु—"अक्खरडा जोयंतु ठिउ अप्पि ण दिण्णउ चित्तु । कणविरहियउ पलालु जिमु पर संगहिउ बहुत्तु ॥" इत्यादि पाठमात्रं गृहीत्वा परेषां बहुशास्त्रज्ञानिनां दूषणा न कर्तव्या । तैर्बहुश्रुतैरप्यन्येषामल्पश्रुततपोधनानां दूषणा न कर्तव्या । कस्मादिति चेत् । दूषणे कृते सति परस्परं रागद्वेषोत्पत्तिर्भवति तेन ज्ञानतपश्चरणादिकं नश्यतीति भावार्थः ॥ ८४ ॥

अथ वीतरागस्वसंवेदनज्ञानरहितानां तीर्थभ्रमणेन मोक्षो न भवतीति कथयति—

२१२) तित्थइँ तित्थु भमंताहँ मूढहँ मोक्खु ण होइ ।
णाण-विवज्जिउ जेण जिय मुणिवरु होइ ण सोइ ॥ ८५ ॥

तीर्थं तीर्थं भ्रमतां मूढानां मोक्षो न भवति ।
ज्ञानविवर्जितो येन जीव मुनिवरो भवति न स एव ॥ ८५ ॥

---

નથી ) વળી કહ્યું છે કે " अकखरहा जोयंतु ठिउ अप्पि ण दिण्णउ चित्तु । कणविरउ पलालु जिमु पर संगहिउ बहुत्तु ॥ ( દોહા પાહુડ ૮૪ ). ( **અર્થઃ**—જે શાસ્ત્રોના અક્ષરોને જ જુએ છે પણ ચિત્તને પોતાના આત્મામાં સ્થિર કરતો નથી તો માનો કે તેણે અનાજના કણોથી રહિત ઘણું પરાળ નિરર્થક સંગ્રહ કરવા જેવું કર્યું ) ઈત્યાદિ પાઠ માત્ર ગ્રહીને અને બહુ શાસ્ત્રના જાણનારાઓને દોષ ન દેવો અને તે બહુશ્રુતજ્ઞોએ પણ અન્ય અલ્પશ્રુતજ્ઞ તપસ્વીઓને દોષ ન દેવો. શા માટે? કે દોષ દેતાં પરસ્પર રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે, તેનાથી જ્ઞાનતપશ્ચરણ વગેરે નાશ પામે છે એવો ભાવાર્થ છે. ૮૪

હવે વીતરાગ સંવેદનરૂપ જ્ઞાનથી રહિત જીવોને તીર્થભ્રમણ કરવાથી પણ મોક્ષ થતો નથી એમ કહે છેઃ—

### ગાથા–૮૫

**અન્વયાર્થઃ**—[ तीर्थं तीर्थं ] અનેક તીર્થમાં [ **भ्रमतां** ] ભ્રમણ કરતા [ मूढानां ] મૂઢ અજ્ઞાની જીવોને [ मोक्षः ] મોક્ષ [ **न भवति** ] થતો નથી. [ **येन** ] કારણ કે [ जीव ] હે જીવ! [ ज्ञानविवर्जितः ] જે જ્ઞાન રહિત છે [ सः **एव** ] તે તો [ मुनिवरः ] મુનીશ્વર [ न भवति ] નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तीर्थं तीर्थं प्रति भ्रमतां मूढात्मनां मोक्षो न भवति । कस्मादिति चेत् । ज्ञानविवर्जितो येन कारणेन हे जीव मुनिवरो न भवति स एवेति । तथाहि । निर्दोषिपरमात्मभावनोत्पन्नवीतरागपरमाह्लादस्यन्दिसुन्दरानन्दरूपनिर्मलनीरपूरप्रवाहनिर्झरज्ञानदर्शनादिगुणसमूहचन्दनादिद्रुमवनराजितं देवेन्द्रचक्रवर्तिगणधरादिभव्यजीवतीर्थयात्रिकसमूहश्रवणसुखकरदिव्यध्वनिरूपराजहंसप्रभृतिविविधपक्षिकोलाहलमनोहरं यदर्हद्वीतरागसर्वज्ञस्वरूपं तदेव निश्चयेन गङ्गादितीर्थं न लोकव्यवहारप्रसिद्धं गङ्गादिकम् । परमनिश्चयेन तु जिनेश्वरपरमतीर्थसदृशं संसारतरणोपायकारणभूतत्वाद्वीतरागनिर्विकल्पपरमसमाधिरतानां निजशुद्धात्मतत्त्वस्मरणमेव तीर्थं, व्यवहारेण तु तीर्थंकरपरमदेवादिगुणस्मरणहेतुभूतं मुख्यवृत्त्या पुण्यबन्धकारणं तन्निर्वाणस्थानादिकं च तीर्थमिति । अयमत्र भावार्थः । पूर्वोक्तं निश्चयतीर्थं श्रद्धानपरिज्ञानानुष्ठानरहितानामज्ञानिनां शेषतीर्थं मुक्तिकारणं न भवतीति ॥ ८५ ॥

अथ ज्ञानिनां तथैवाज्ञानिनां च यतीनामन्तरं दर्शयति—

२१३) णाणिहिँ मूढहँ मुणिवरहँ अंतरु होइ महंतु ।
देहु वि मिल्लइ णाणियउ जीवहँ भिण्णु मुणंतु ॥८६॥

---

**ભાવાર્થ:**—નિર્દોષ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમ આહ્લાદ ઝરતા સુંદર આનંદરૂપ નિર્મળ જળના પૂરના પ્રવાહના ઝરણાથી અને જ્ઞાનદર્શનાદિ ગુણના સમૂહરૂપ ચંદનાદિ વૃક્ષોના વનથી શોભિત, દેવેન્દ્ર, ચક્રવર્તી, ગણધરાદિ ભવ્ય જીવરૂપી તીર્થયાત્રાળુઓના કર્ણને સુખકારી એવા દિવ્યધ્વનિરૂપ રાજહંસાદિ વિવિધ પક્ષીઓના કોલાહલથી મનોહર એવું જે અર્હંત વીતરાગ સર્વજ્ઞનું સ્વરૂપ તે જ નિશ્ચયથી ( ખરેખર ) ગંગાદિ તીર્થ છે પણ લોકવ્યવહારમાં પ્રસિદ્ધ એવા ગંગાદિ તીર્થ નથી.

પરમ નિશ્ચયનયથી તો વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિમાં રત મુનિઓને, સંસાર તરવાના ઉપાયમાં કારણભૂત હોવાથી જિનેશ્વરરૂપ પરમતીર્થના જેવું નિજશુદ્ધ-આત્મતત્ત્વનું સ્મરણ જ તીર્થ છે અને વ્યવહારનયથી તીર્થંકર પરમદેવાદિના ગુણ-સ્મરણના કારણભૂત અને મુખ્યપણે પુણ્યબંધના કારણરૂપ તે નિર્વાણસ્થાન આદિ તીર્થ છે.

અહીં આ ભાવાર્થ છે કે પૂર્વોક્ત નિશ્ચયતીર્થના શ્રદ્ધાન પરિજ્ઞાન અને અનુષ્ઠાનથી રહિત અજ્ઞાનીઓને અન્ય તીર્થ મુક્તિનું કારણ થતું નથી. ૮૫.

હવે જ્ઞાની અને અજ્ઞાની યતિઓનો તફાવત દર્શાવે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानिनां मूढानां मुनिवराणां अन्तरं भवति महत् ।
देहमपि मुञ्चति ज्ञानी जीवाद्भिन्नं मन्यमानः ॥ ८६ ॥

ज्ञानिनां मूढानां च मुनिवराणां अन्तरं विशेषो भवति । कथंभूतम् । महत् । कस्मादिति चेत् । देहमपि मुञ्चति । कोऽसौ । ज्ञानी । किं कुर्वन् सन् । जीवात्सकाशाद्भिन्नं मन्यमानो जानन् इति । तथा च । वीतरागस्वसंवेदनज्ञानी पुत्रकलत्रादिबहिर्द्रव्यं तावद्दूरे तिष्ठतु शुद्धबुद्धैकस्वभावात् स्वशुद्धात्मस्वरूपात्सकाशात् पृथग्भूतं जानन् स्वकीयदेहमपि त्यजति । मूढात्मा पुनः स्वीकरोति इति तात्पर्यम् ॥ ८६ ॥ एवमेकचत्वारिंशत्सूत्रप्रमितमहास्थलमध्ये पञ्चदशसूत्रैर्वीतरागस्वसंवेदनज्ञानमुख्यत्वेन द्वितीयमन्तरस्थलं समाप्तम् । तदनन्तरं तत्रैव महास्थलमध्ये सूत्राष्टकपर्यन्तं परिग्रहत्यागव्याख्यानमुख्यत्वेन तृतीयमन्तरस्थलं प्रारभ्यते ।

तद्यथा—

२१४) लेणहँ इच्छइ मुढु पर भुवणु वि एहु असेसु ।
बहु विह-धम्म-मिसेण जिय दोहिँ वि एहु विसेसु ॥८७॥

---

## ગાથા–૮૬

**અન્વયાર્થઃ**—[ ज्ञानीनां मूढानां मुनिवराणां ] જ્ઞાની અને મૂઢ અજ્ઞાની મુનિઓમાં [ महत् अंतरं ] મહાન અંતર ( વિશેષ ભેદ છે ) કારણ કે [ ज्ञानी ] દેહને [ जीवात् भिन्नं मन्यमानः ] જીવથી જુદો માનીને [ देहं अपि ] દેહને પણ [ मुंचति ] છોડે છે.

**ભાવાર્થઃ**—વીતરાગ સ્વસંવેદનજ્ઞાની પુત્ર, કલત્રાદિ બહારના ( દૂરના ) પદાર્થથી તો દૂર જ ( અલગ જ ) રહે છે પણ શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા સ્વશુદ્ધાત્મસ્વરૂપથી પોતાના દેહને પૃથગ્ભૂત જાણીને પોતાના દેહને પણ ત્યજે છે અને મૂઢાત્મા ( બહિરાત્મા ) તે સર્વને પોતાનાં કરે છે. ૮૬.

એ પ્રમાણે એકતાલીસ સૂત્રોના મહાસ્થલમાં પંદર સૂત્રોથી વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાનની મુખ્યતાથી બીજું અન્તરસ્થલ સમાપ્ત થયું.

તેના પછી તે જ મહાસ્થલમાં આઠ ગાથાસૂત્રો સુધી પરિગ્રહત્યાગના કથનની મુખ્યતાથી ત્રીજું અંતરસ્થલ શરૂ કરે છે.

તે આ પ્રમાણેઃ—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लातुं इच्छति मूढः परं भुवनमपि एतद् अशेषम् ।
बहुविधधर्ममिषेण जीव द्वयोः अपि एष विशेषः ॥ ८७ ॥

लातुं ग्रहीतुं इच्छति । कोऽसौ । मूढो बहिरात्मा । परं कोऽर्थः, नियमेन । किम् । भुवनमप्येतत्तु अशेषं समस्तम् । केन कृत्वा । बहुविधधर्ममिषेण व्याजेन । हे जीव द्वयोरप्येष विशेषः । पूर्वोक्तसूत्रकथितज्ञानिजीवस्यात्र पूर्वोक्त पुनरज्ञानिजीवस्य च । तथाहि । वीतरागसहजानन्दैकसुखास्वादरूपः स्वशुद्धात्मैव उपादेय इति रुचिरूपं सम्यग्दर्शनं, तस्यैव परमात्मनः समस्तमिथ्यात्वरागाद्यास्रवेभ्यः पृथग्रूपेण परिच्छित्तिरूपं सम्यग्ज्ञानं, तत्रैव रागादिपरिहाररूपेण निश्चलचित्तवृत्तिः सम्यक्चारित्रम् इत्येवं निश्चयरत्नत्रयस्वरूपं तत्त्रयात्मकमात्मानमरोचमानस्तथैवाजानन्नभावयंश्च मूढात्मा । किं करोति । समस्तं जगद्धर्मव्याजेन ग्रहीतुमिच्छति, पूर्वोक्तज्ञानी तु त्यक्तुमिच्छतीति भावार्थः ॥ ८७ ॥

अथ शिष्यकरणाद्यनुष्ठानेन पुस्तकाद्युपकरणेनाज्ञानी तुष्यति, ज्ञानी पुनर्बन्धहेतुं जानन् सन् लज्जां करोतीति प्रकटयति—

२१६) चेल्ला-चेल्ली-पुत्थियहिँ तूसइ मूढु णिभंतु ।
एयहिँ लज्जइ णाणियउ बंधहँ हेउ मुणंतु ॥ ८८ ॥

---

## ગાથા—૮૭

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ! [ द्वयोः अपि ] પૂર્વોક્ત સૂત્રમાં કહેલા જ્ઞાની જીવ અને આ સૂત્રમાં કહેલા અજ્ઞાની જીવ એ બન્નેમાં [ एषः विशेषः ] આ વિશેષ ( ભેદ, અંતર ) છે કે [ मूढः ] મૂઢ અજ્ઞાની બહિરાત્મા [ बहुविधधर्ममिषेण ] અનેક પ્રકારના ધર્મના બહાનાથી [ एतद् अशेषं भुवनं अपि ] આ સમસ્ત જગતને તો [ परं ] નિયમથી [ लातुं इच्छति ] ગ્રહણ કરવાની ઇચ્છા કરે છે.

**ભાવાર્થ:**—એક ( કેવલ ) વીતરાગ સહજાનંદરૂપ સુખના આસ્વાદરૂપ સ્વશુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યગ્દર્શન, તે જ પરમાત્માનું સમસ્ત મિથ્યાત્વ, રાગાદિ આસ્રવોથી પૃથક્‌રૂપે પરિચ્છિત્તિરૂપ સમ્યગ્જ્ઞાન અને રાગાદિના પરિહારરૂપે તે જ પરમાત્મામાં નિશ્ચલચિત્તવૃત્તિરૂપ સમ્યગ્ચારિત્ર એવા નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ત્રયાત્મક આત્માની રુચિ ન કરતો તેમ જ તેને ન જાણતો અને તેને ન ભાવતો મૂઢાત્મા સમસ્ત જગતને ધર્મના બહાનાથી ( ભોગવવાના બહાનાથી ) ગ્રહણ કરવાને ઇચ્છે છે, જ્યારે પૂર્વોક્ત જ્ઞાની ( જગતના સમસ્ત ભોગોને ) છોડવા ઇચ્છે છે. ૮૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शिष्यार्जिकापुस्तकैः तुष्यति मूढो निर्भ्रान्तः ।
एतैः लज्जते ज्ञानी बन्धस्य हेतुं जानन् ॥ ८८ ॥

शिष्यार्जिकादीक्षादानेन पुस्तकप्रभृत्युपकरणैश्च तुष्यति संतोषं करोति । कोऽसौ । मूढः । कथंभूतः । निर्भ्रान्तः एतैर्बहिर्द्रव्यैर्लज्जां करोति । कोऽसौ । ज्ञानी । किं कुर्वन्नपि । पुण्यबन्धहेतुं जानन्नपि । तथा च । पूर्वसूत्रोक्तसम्यग्दर्शन-चारित्रलक्षणं निजशुद्धात्मस्वभावश्रद्दधानो विशिष्टभेदज्ञानेनाजानंश्च तथैव वीतराग-चारित्रेणाभावयंश्च मूढात्मा । किं करोति पुण्यबन्धकारणमपि जिनदीक्षादाना-दिशुभानुष्ठानं पुस्तकाद्युपकरणं वा मुक्तिकारणं मन्यते । ज्ञानी तु यद्यपि साक्षा-त्पुण्यबन्धकारणं मन्यते परंपरया मुक्तिकारणं च तथापि निश्चयेन मुक्तिकारणं न मन्यते इति तात्पर्यम् ॥ ८८ ॥

अथ चट्टपट्टकुण्डिकाद्युपकरणैर्मोहमुत्पाद्य मुनिवराणां उत्पथे [1]पात्यते [ ? ] इति प्रतिपादयति—

---

હવે શિષ્ય કરવા આદિના કાર્યથી અને પુસ્તક આદિના ઉપકરણથી અજ્ઞાની સંતોષ પામે છે અને જ્ઞાની તેને બંધનો હેતુ જાણતો થકો ( તેમનાથી ) લજ્જા પામે છે, એમ હવે કહે છેઃ—

## ગાથા—૮૮

**અન્વયાર્થઃ**—[ निर्भ्रान्तः मूढः ] નિર્ભ્રાન્ત મૂઢ બહિરાત્મા [ शिष्यार्जिकापुस्तकैः ] ચેલા, ચેલી, અને પુસ્તક વગેરેના ઉપકરણથી [ तुष्यति ] સંતોષ–આનંદ–પામે છે અને [ ज्ञानी ] જ્ઞાની તેમને [ बंधस्य हेतुं जानन् ] પુણ્યબંધનો હેતુ જાણતો થકો [ एतैः ] તે બાહ્ય પદાર્થથી [ लज्जां करोति ] લજ્જા પામે છે.

**ભાવાર્થઃ**—પૂર્વસૂત્રમાં કહેલા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રસ્વરૂપ નિજશુદ્ધઆત્મસ્વભાવને નહિ શ્રદ્ધતો, વિશિષ્ટ ભેદજ્ઞાનથી નહિ જાણતો તેમ જ વીતરાગચારિત્રથી નહિ ભાવતો મૂઢાત્મા જિનદિક્ષા આપવી વગેરે શુભ અનુષ્ઠાનને અને પુસ્તક વગેરે ઉપકરણને પુણ્યબંધનું કારણ અને પરંપરાએ મુક્તિનું કારણ માને છે તોપણ નિશ્ચયથી તેમને મુક્તિનું કારણ નથી માનતા. ૮૮.

હવે કમંડળ, પીંછી, પુસ્તક આદિ ઉપકરણો મુનિવરોને મોહ ઉપજાવી ઉન્માર્ગમાં નાખે છે એમ પ્રતિપાદન કરે છેઃ—

---

૧. પાઠાન્તરઃ—पात्यते=पात्यन्त

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨૧૬) चट्टहिँ पट्टहिँ कुंडियहिँ चेल्ला-चेल्लियएहिँ ।
मोहु जणेविणु मुणिवरहँ उप्पहि पाडिय तेहिँ ॥८९॥

चट्टैः पट्टैः कुण्डिकाभिः शिष्यार्जिकाभिः ।
मोहं जनयित्वा मुनिवराणां उत्पथे पातितास्तैः ॥ ८९ ॥

चट्टपट्टकुण्डिकाद्युपकरणैः शिष्यार्जिकापरिवारैश्च कर्तृभूतैर्मोहं जनयित्वा । केषाम् । मुनिवराणां, पश्चादुन्मार्गे पातितास्ते तु तैः । तथाहि । तथा कश्चिद्-जीर्णभयेन विशिष्टाहारं त्यक्त्वा लङ्घनं कुर्वन्नास्ते पश्चादजीर्णप्रतिपक्षभूतं किमपि मिष्टौषधं गृहीत्वा जिह्वालाम्पटयेनौषधेनापि अजीर्णं करोत्यज्ञानी इति, न च ज्ञानीति, तथा कोऽपि तपोधनो विनीतवनितादिकं मोहभयेन त्यक्त्वा जिनदीक्षां गृहीत्वा च शुद्धबुद्धैकस्वभावनिजशुद्धात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनीरोगत्वप्रति-पक्षभूतमजीर्णरोगस्थानीयं मोहमुत्पाद्यात्मनः । किं कृत्वा । किमप्यौषधस्थानीय-मुपकरणादिकं गृहीत्वा । कोऽसावज्ञानी न तु ज्ञानीति । इदमत्र तात्पर्यम् ।

---

### ગાથા–૮૯

**અન્વયાર્થ:**—[ **चट्टैः पट्टैः कुण्डिकाभिः** ] કમંડળ, પીંછી, પુસ્તક અને [ **शिष्यार्जिकाभिः** ] ચેલા, ચેલીઓ આદિ પરિવાર [ **मुनिवराणां** ] મુનીવરોને [ **मोहं जनयित्वा** ] મોહ ઉપજાવીને [ **तैः** ] તેમને [ **उत्पथे** ] ઉન્માર્ગમાં [ **पातिताः** ] નાખે છે.

**ભાવાર્થ:**—જેવી રીતે કોઈ અજ્ઞાની અર્થાત્ જ્ઞાન વિનાનો ( મૂર્ખ અર્થાત્ ડાહ્યો નહિ એવો ) અજીર્ણના ભયથી વિશિષ્ટ આહારને છોડીને લંઘન કરે છે. પછી અજીર્ણના પ્રતિપક્ષભૂત ( અજીર્ણને દૂર કરનાર ) કોઈ સ્વાદિષ્ટ ઔષધ લઈને જીભની લંપટતાથી ( સ્વાદનો લોલુપી થઈ અધિક માત્રામાં ઔષધ લઈને ) ઔષધથી–જ અજીર્ણ કરે છે તેવી રીતે અજ્ઞાની અર્થાત્ જ્ઞાન વિનાનો વિનીત, વનિતા વગેરેને ( અજીર્ણરોગસ્થાનીય ) મોહના ભયથી છોડીને અને જિનદીક્ષા ગ્રહીને કાંઈ પણ ઔષધસ્થાનીય ઉપકરણાદિને ગ્રહીને શુદ્ધ બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે એવા નિજશુદ્ધાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્ જ્ઞાન અને સમ્યગ્ અનુષ્ઠાનરૂપ નિરોગપણાના પ્રતિપક્ષભૂત અજીર્ણરોગસ્થાનીય ( અજીર્ણ રોગ સમાન ) પોતાને મોહ ઉપજાવે છે.

અહીં આ તાત્પર્ય છે કે પરમોપેક્ષાસંયમધારીએ શુદ્ધાત્માનુભૂતિથી પ્રતિપક્ષ-ભૂત બધોય પરિગ્રહ છોડવા યોગ્ય છે અને પરમોપેક્ષાસંયમના અભાવમાં વીતરાગ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमोपेक्षासंयमधरेण शुद्धात्मानुभूतिप्रतिपक्षभूतः सर्वोऽपि तावत्परिग्रहस्त्याज्यः । परमोपेक्षासंयमाभावे तु वीतरागशुद्धात्मानुभूतिभावसंयमरक्षणार्थं विशिष्टसंहननादिशक्त्यभावे सति यद्यपि तपःपर्यायशरीरसहकारिभूतमन्नपानसंयमशौचज्ञानोपकरणतृणमयप्रावरणादिकं किमपि गृह्णाति तथापि ममत्वं न करोतीति । तथा चोक्तम्—" रम्येषु वस्तुवनितादिषु वीतमोहो मुह्येद् वृथा किमिति संयमसाधनेषु । धीमान् किमामयभयात्परिहृत्य भुक्तिं पीत्वौषधं व्रजति जातुचिदप्यजीर्णम् ॥ " ॥ ८९ ॥

अथ केनापि जिनदीक्षां गृहीत्वा शिरोलुञ्चनं कृत्वापि सर्वसंगपरित्यागमकुर्वतात्मा वञ्चित इति निरूपयति—

२१७) केण वि अप्पउ वंचियउ सिरु लुंचिवि छारेण ।
सयल वि संग ण परिहरिय जिणवर-लिंगधरेण ॥९०॥

केनापि आत्मा वञ्चितः शिरो लुञ्चित्वा क्षारेण ।
सकला अपि संगा न परिहृता जिनवरलिङ्गधरेण ॥ १० ॥

---

શુદ્ધાત્માનુભૂતિરૂપ ભાવસંયમના રક્ષણાર્થે વિશિષ્ટ સંહનનાદિ શક્તિનો અભાવ હોતાં, જો કે તપનું સાધન જે શરીર તેના રક્ષાના સહકારીભૂત અન્ન, જલ, સંયમ, શૌચ, જ્ઞાનના ઉપકરણો કમંડલ, પીંછી અને શાસ્ત્રો ગ્રહે છે તો પણ મમત્વ કરતો નથી. કહ્યું પણ છે કે—" रम्येषु वस्तुवनितादिषु वीतमोहो मुह्येद् वृथा किमिति संयमसाधनेषु धीमान् किमामयभयात्परिहृत्य भुक्तिं पीत्वौषधं व्रजति जातुचिदप्यजीर्णम् ॥ ( આત્માનુશાસન ૨૨૮ ) ( **અર્થઃ**—હે મુનિ ! સ્ત્રી, ધનાદિ મનોજ્ઞ વસ્તુઓથી તું મોહરહિત થઈ ગયો છો તો હવે માત્ર સંયમના સાધનરૂપ એવા આ પીંછી, કમંડલ આદિ વસ્તુઓમાં તું કેમ વ્યર્થ મોહ રાખે છે ? કોઈ બુદ્ધિમાન પુરુષો રોગના ભયથી ભોજનનો ત્યાગ કરીને માત્રાથી વધારે ઔષધનું સેવન કરીને શું ફરી અજીર્ણ થાય એવું કદી કરશે ? ( પીંછી આદિને સંયમની રક્ષાનું માત્ર નિમિત્ત જાણીને તેના પર પણ મોહ કરવા યોગ્ય નથી ) ૮૯.

હવે કહે છે કે જે કોઈએ જિનદીક્ષા ગ્રહીને અને માથાના વાળનો લોચ કરીને પણ સર્વસંગને છોડયો નહિ તેણે આત્મવંચના કરી ( પોતાની જાતને છેતરી ) એમ કહે છેઃ—

## ગાથા—૯૦

**અન્વયાર્થઃ**—[ केन अपि ] કોઈએ [ जिनवरलिंगधरेण ] જીનવરના લિંગનું ધારણ કરીને [ क्षारेण ] ભસ્મથી [ शिरः लुंचित्वा ] માથાનો લોચ કરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



केनाप्यात्मा वञ्चितः । किं कृत्वा । शिरोलुञ्चनं कृत्वा । केन । भस्मना । कस्मादिति चेत् । यतः सर्वेऽपि संगा न परिहृताः । कथंभूतेन भूत्वा । जिनवरलिङ्गधारकेणेति । तद्यथा । वीतरागनिर्विकल्पनिजानन्दैकरूपसुखरसास्वाद-परिणतपरमात्मभावनास्वभावेन तीक्ष्णशस्त्रोपकारणेन बाह्याभ्यन्तरपरिग्रहकांक्षारूपप्रभृति-समस्तमनोरथकल्लोलमालात्यागरूपं मनोमुण्डनं पूर्वमकृत्वा जिनदीक्षारूपं शिरोमुण्डनं कृत्वापि केनाप्यात्मा वञ्चितः । कस्मात् । सर्वसंगपरित्यागाभावादिति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा स्वशुद्धात्मभावनोत्थवीतरागपरमानन्दपरिग्रहं कृत्वा तु जगत्त्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च दृष्टश्रुतानुभूतनिःपरिग्रहशुद्धात्मानुभूतिविपरीतपरिग्रहकाङ्क्षास्त्वं त्यजेत्यभिप्रायः ॥ ९० ॥

अथ ये सर्वसंगपरित्यागरूपं जिनलिङ्गं गृहीत्वापीष्टपरिग्रहान् गृह्णन्ति ते छर्दिं कृत्वा पुनरपि गिलन्ति तामिति प्रतिपादयति—

२१८) जे जिण-लिंगु धरेवि मुणि इट्ठ-परिग्गह लेंति ।
छद्दि करेविणु ते जि जिय सा पुणु छद्दि गिलंति ॥९१॥

ये जिनलिङ्गं धृत्वापि मुनय इष्टपरिग्रहान् लान्ति ।
छर्दिं कृत्वा ते एव जीव तां पुनः छर्दिं गिलन्ति ॥ ९१ ॥

---

[ सकलाः अपि संगाः ] બધોય પરિગ્રહ [ न परिहृत ] છોડ્યો નહિ તેથી [ आत्मा वंचितः ] તેણે પોતાના જ આત્માને છેતર્યો.

**ભાવાર્થ:**—વીતરાગ નિર્વિકલ્પ નિજાનંદ જેનું એક રૂપ છે એવા સુખરસના આસ્વાદરૂપે પરિણત પરમાત્માની ભાવનાના સ્વભાવરૂપ તીક્ષ્ણ શસ્ત્રના ઉપકરણથી બાહ્ય, અભ્યંતર પરિગ્રહની આકાંક્ષા આદિથી માંડીને સમસ્ત મનોરથની કલ્લોલમાલાના ત્યાગરૂપ મનોમુંડન પૂર્વે કર્યું નહિ, જિનદીક્ષારૂપ શિરોમુંડન કરીને પણ સર્વસંગ પરિત્યાગ કર્યો ન હોવાથી તેણે પોતાના આત્માને તર્યો.

અહીં આ કથન જાણીને નિજ શુદ્ધ આત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદરૂપ પરિગ્રહને ગ્રહીને ત્રણ કાલમાં ત્રણ લોકમાં મન, વચન, કાયથી, કૃત, કારિત, અનુમોદનથી નિ:પરિગ્રહ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત એવા દેખેલા, સાંભળેલા અને અનુભવેલા પરિગ્રહની આકાંક્ષા છોડવી એવો અભિપ્રાય છે. ૯૦.

હવે જે સર્વસંગના પરિત્યાગરૂપ જિનલિંગને ગ્રહીને પણ ઇષ્ટ પરિગ્રહોનું ગ્રહણ કરે છે તે વમન કરીને તેને ફરીથી ગળે છે એમ કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये केचन जिनलिङ्गं गृहीत्वापि मुनयस्तपोधना इष्टपरिग्रहान् लान्ति गृह्णन्ति । ते किं कुर्वन्ति । छर्दिं कृत्वा त एव हे जीव तां पुनश्छर्दिं गिलन्तीति । तथापि गृहस्थापेक्षया चेतनपरिग्रहः पुत्रकलत्रादिः, सुवर्णादिः पुनरचेतनः, साभरणवनितादि पुनर्मिश्रः । तपोधनापेक्षया छात्रादिः सचित्तः, पिच्छकमण्डल्वादिः पुनरचित्तः, उपकरणसहितश्छात्रादिस्तु मिश्रः । अथवा मिथ्यात्वरागादिरूपः सचित्तः, द्रव्यकर्मनोकर्मरूपः, पुनरचित्तः द्रव्यकर्मभावकर्मरूपस्तु मिश्रः । वीतरागत्रिगुप्तसमाधिस्थपुरुषापेक्षया सिद्धरूपः सचित्तः पुद्गलादिपञ्चद्रव्यरूपः पुनरचित्तः गुणस्थानमार्गणास्थानजीवस्थानादिपरिणतः संसारी जीवस्तु मिश्रश्चेति । एवंविधबाह्याभ्यन्तरपरिग्रहरहितं जिनलिङ्गं गृहीत्वापि ये शुद्धात्मानुभूतिविलक्षणमिष्टपरिग्रहं गृह्णन्ति ते छर्दिताहारग्राहकपुरुषसदृशा भवन्तीति भावार्थः । तथा

---

## ગાથા–૯૧

**અન્વયાર્થ:**—[ **जीव** ] હે જીવ! [ **ये मुनयः** ] જે મુનિઓ–તપોધનો–[ **जिनलिंगं** ] જિનલિંગને [ **घृत्वा अपि** ] ધારીને પણ [ **इष्ट परिग्रहान्** ] ઇષ્ટ પરિગ્રહને [ **लांति** ] ગ્રહણ કરે છે [ **ते एव** ] તેઓ [ **छर्दिं कृत्वा** ] વમન કરીને [ **पुनः** ] ફરીથી [ **तां छार्दिं** ] તે જ વમનને [ **गिलन्ति** ] ગળે છે.

**ભાવાર્થ:**—ગૃહસ્થની અપેક્ષાએ પુત્ર, કલત્રાદિ ચેતન પરિગ્રહ છે અને સુવર્ણાદિ અચેતન પરિગ્રહ છે અને આભરણ સહિત વનિતા મિશ્ર પરિગ્રહ છે. તપોધનની અપેક્ષાએ શિષ્યાદિ સચિત્ત પરિગ્રહ છે અને પીંછી કમંડલ આદિ અચિત્ત પરિગ્રહ છે અને ઉપકરણસહિત છાત્રાદિ મિશ્ર પરિગ્રહ છે. અથવા મિથ્યાત્વ, રાગાદિ સચિત્ત પરિગ્રહ છે અને દ્રવ્યકર્મ, નોકર્મરૂપ અચિત્ત પરિગ્રહ છે અને દ્રવ્યકર્મ ભાવકર્મરૂપ મિશ્ર પરિગ્રહ છે. વીતરાગ ત્રણ ગુપ્તિથી ગુપ્ત સમાધિસ્થ પુરુષની અપેક્ષાએ સિદ્ધરૂપ સચિત્ત પરિગ્રહ છે અને પુદ્ગલાદિ પાંચ દ્રવ્યકર્મરૂપ અચિત્ત પરિગ્રહ છે અને ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન આદિ રૂપે પરિણત સંસારી જીવ મિશ્ર પરિગ્રહ છે. આ પ્રકારના બાહ્ય અભ્યંતર પરિગ્રહ રહિત જિનલિંગને ગ્રહીને પણ જેઓ શુદ્ધ આત્માની અનુભૂતિથી વિલક્ષણ ઇષ્ટ પરિગ્રહનું ગ્રહણ કરે છે, તેઓ વમન કરેલા આહારને ગ્રહણ કરનાર પુરુષની જેવા છે.

કહ્યું પણ છે કે—"त्यक्त्वा स्वकीयपितृमित्रकलत्रपुत्रान् सक्तोऽन्य गेहवनितादिषु निर्मुमुक्षुः । दोर्भ्यां पयोनिधिसमुद्गतनक्रचक्रं प्रोत्तीर्य गोष्पद्जलेषु निमग्नवान् सः ॥"

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

चोक्तम्—"त्यक्त्वा स्वकीयपितृमित्रकलत्रपुत्रान् सक्तोऽन्यगेहवनितादिषु निर्मुमुक्षुः । दोर्भ्यां पयोनिधिसमुद्गतनक्रचक्रं प्रोत्तीर्य गोष्पदजलेषु निमग्नवान् सः ॥"॥९१॥

अथ ये ख्यातिपूजालाभनिमित्तं शुद्धात्मानं त्यजन्ति ते लोहकीलनिमित्तं देवं देवकुलं च दहन्तीति कथयति—

२१९) लाहहँ कित्तिहि कारणिण जे सिव-संगु चयंति ।
खीला-लग्गिवि ते वि मुणि देउलु देह डहंति ॥ ९२ ॥

लाभस्य कीर्तेः कारणेन ये शिवसंगं त्यजन्ति ।
कीलानिमित्तं तेऽपि मुनयः देवकुलं देवं दहन्ति ॥ ९२ ॥

लाभकीर्तिकारणेन ये केचन शिवसंगं शिवशब्दवाच्यं निजपरमात्माध्यानं त्यजन्ति ते मुनयस्तपोधनाः । किं कुर्वन्ति । लोहकीलिकाप्रायं निःसारेन्द्रियसुखनिमित्तं देवशब्दवाच्यं निजपरमात्मपदार्थं दहन्ति देवकुलशब्दवाच्यं दिव्यपरमौदारिकशरीरं च दहन्तीति । कथमिति चेत् । यदा ख्यातिपूजालाभार्थं शुद्धात्मभावनां त्यक्त्वा वर्तन्ते तदा ज्ञानावरणादिकर्मबन्धो भवति तेन

---

( **અર્થ**:—જે નિર્મુમુક્ષુ પોતાનાં પિતા, મિત્ર, કલત્ર અને પુત્રોને છોડીને અન્ય ઘરનાં વનિતા આદિમાં આસક્ત થાય છે તે ભુજા વડે મગરાદિથી ભરેલા ભયંકર સમુદ્રને તરીને ગાયના પગની ખરીમાં રહેલા પાણીમાં ડૂબે છે. ) ૯૧.

હવે જેઓ ખ્યાતિ, પૂજા, લાભના નિમિત્તે શુદ્ધાત્માને છોડે છે તેઓ લોઢાના ખીલા માટે દેવ અને દેવકુલને બાળે છે એમ કહે છેઃ-

### ગાથા—૯૨

**અન્વયાર્થ**:—[ ये ] જે કોઈ મુનિઓ-તપોધનો-[ लाभस्य कीर्तेः कारणेन ] લાભ અને કીર્તિ માટે [ शिवसंगं ] શિવશબ્દથી વાચ્ય નિજ પરમાત્માના ધ્યાનને [ त्यजन्ति ] છોડી દે છે [ ते अपि मुनयः ] તેઓ [ कीलानिमित्तं ] લોઢાના ખીલા સમાન નિઃસાર ઇન્દ્રિયસુખ માટે [ देवं ] દેવ શબ્દથી વાચ્ય એવા નિજપરમાત્મપદાર્થને બાળે છે અને [ देवकुलं ] દેવકુલ શબ્દથી વાચ્ય એવા દિવ્યપરમૌદારિક શરીરને બાળે છે. કેવી રીતે ? જ્યારે તે ખ્યાતિ, પૂજા અને લાભ માટે શુદ્ધાત્માની ભાવનાને છોડીને વર્તે છે ત્યારે જ્ઞાનાવરણાદિનો બંધ થાય છે, તે જ્ઞાનાવરણકર્મથી કેવલજ્ઞાન ઢંકાય છે, કેવલદર્શનાવરણથી કેવલદર્શન ઢંકાય છે, વીર્યાન્તરાયથી કેવલવીર્ય ઢંકાય છે અને મોહના ઉદયથી અનંતસુખ ઢંકાય છે. આ રીતે અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ ન થતાં પરમ ઔદારિક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानावरणकर्मणा केवलज्ञानं प्रच्छाद्यते केवलदर्शनावरणेन केवलदर्शनं प्रच्छाद्यते वीर्यान्तरायेण केवलवीर्यं प्रच्छाद्यते मोहोदयेनानन्तसुखं च प्रच्छाद्यत इति । एवंविधानन्तचतुष्टयस्यालाभे परमौदारिकशरीरं च न लभन्त इति । यदि पुनरनेकभवे परिच्छेद्यं कृत्वा शुद्धात्मभावनां करोति तदा संसारस्थितिं छित्त्वाऽद्यकालेऽपि स्वर्गं गत्वागत्य शीघ्रं शाश्वतसुखं प्राप्नोतीति तात्पर्यम् । तथा चोक्तम्—" सग्गो तवेण सव्वो वि पावए किं तु झाणजोएण । जो पावइ सो पावइ परलोके सासयं सोक्खं ॥ " ॥ ९२ ॥

अथ यो बाह्याभ्यन्तरपरिग्रहेणात्मानं महान्तं मन्यते स परमार्थं न जानातीति दर्शयति—

२२०) अप्पउ मण्णइ जो जि मुणि गरुयउ गंथहि तत्थु ।
सो परमत्थे जिणु भणइ णवि बुज्झइ परमत्थु ॥ ९३ ॥

आत्मानं मन्यते य एव मुनिः गुरुकं ग्रन्थैः तथ्यम् ।
स परमार्थेन जिनो भणति नैव बुध्यते परमार्थम् ॥ ९३ ॥

---

શરીર પણ મળતું નથી ( કારણકે તે જ ભવે મોક્ષ જવાના હોય તેને જ પરમૌદારિક શરીર મળે છે ) [1]...વળી જો, શુદ્ધાત્માની ભાવના કરે છે તો સંસારસ્થિતિને છેદીને આજના કાલમાં પણ સ્વર્ગમાં જઈને ત્યાંથી આવીને શાશ્વત સુખ પામે છે. કહ્યું પણ છે કે–"सग्गं तवेण सव्वो वि पावए किं तु झाण जोएण । जो पावइ सो पावइ परलोके सासयं सोक्खं ॥" ( અષ્ટપાહુડ-મોક્ષપ્રાભૃત ૨૩ ) ( **અર્થ**:—તપથી તો સ્વર્ગ બધાય પામે છે પણ ધ્યાનના યોગથી જે સ્વર્ગ પામે છે તે આત્મા પરલોકમાં શાશ્વત સુખ પામે છે. ૯૨.

હવે જે બાહ્ય અભ્યંતર પરિગ્રહથી પોતાને મહાન માને છે તે પરમાર્થને જાણતો નથી એમ દર્શાવે છે:—

### ગાથા–૯૩

**અન્વયાર્થ**:—[ यः एव मुनिः ] જે મુનિ [ ग्रंथैः ] બાહ્ય અભ્યંતર પરિગ્રહથી [ आत्मानं ] પોતાને [ गुरुकं ] મહાન [ मन्यते ] માને છે [ सः ] તે પુરુષ [ तथ्यं ] ખરેખર [ परमार्थेन ] વાસ્તવિક રીતે [ परमार्थं ] પરમાર્થને [ न एव बुध्यते ] જાણતો નથી [ जिनः भणति ] એમ જિનેશ્વરદેવ કહે છે.

---

[1] જે સંસ્કૃત ટીકાનો અર્થ સમજાણો નથી તે અર્થ મૂકી દીધો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मानं मन्यते य एव मुनिः । कथंभूतं मन्यते । गुरुकं महान्तम् । कैः । ग्रन्थैर्बाह्याभ्यन्तरपरिग्रहैस्तथ्यं सत्यं स पुरुषः परमार्थेन वस्तुवृत्त्या नैव बुध्यते परमार्थमिति जिनो वदति । तथाहि । निर्दोषिपरमात्मविलक्षणैः पूर्व-सूत्रोक्तसचित्ताचित्तमिश्रपरिग्रहैर्ग्रन्थरचनारूपशब्दशास्त्रैर्वा आत्मानं महान्तं मन्यते यः स परमार्थशब्दवाच्यं वीतरागपरमानन्दैकस्वभावं परमात्मानं न जानातीति तात्पर्यम् ॥ ९३ ॥

ग्रन्थेनात्मानं महान्तं मन्यमानः सन् परमार्थं कस्मान्न जानातीति चेत्—

२२१) बुज्झंतहँ परमत्थु जिय गुरु लहु अत्थि ण कोइ ।
जीवा सयल वि बंभु परु जेण वियाणइ सोइ ॥ ९४ ॥

बुध्यमानानां परमार्थं जीव गुरुः लघुः अस्ति न कोऽपि ।
जीवाः सकला अपि ब्रह्म परं येन विजानाति सोऽपि ॥ ९४ ॥

बुध्यमानानाम् । कम् । परमार्थम्, हे जीव गुरुत्वं लघुत्वं वा नास्ति । कस्मान्नास्ति । जीवाः सर्वेऽपि परमब्रह्मस्वरूपाः तदपि कस्मात् । येन कारणेन ब्रह्मशब्दवाच्यो मुक्तात्मा केवलज्ञानेन सर्वं जानाति यथा तथा निश्चयनयेन सोऽप्येको विवक्षितो जीवः संसारी सर्वं जानातीत्यभिप्रायः ॥ ९४ ॥ एवमेक-

---

**ભાવાર્થ:**—નિર્દોષ પરમાત્માથી વિલક્ષણ પૂર્વ સૂત્રમાં કહેલા સચિત, અચિત અને મિશ્ર પરિગ્રહોથી અથવા ગ્રંથરચનારૂપ શબ્દોથી-શાસ્ત્રોથી-પોતાને મહાન માને છે, તે 'પરમાર્થ' શબ્દથી વાચ્ય, વીતરાગ પરમાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માને જાણતો નથી. ૯૩.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે પરિગ્રહથી આત્માને મહાન માનતો જીવ પરમાર્થને કેમ જાણતો નથી? (તેનું સમાધાન આચાર્ય કરે છે)

ગાથા—૯૪

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ! [ परमार्थं बुध्यमानानां ] પરમાર્થના જાણનારાઓને [ कःअपि ] કોઈ પણ જીવ [ गुरुः लघुः ] નાનો મોટો [ न अस्ति ] નથી. કેમ નથી? કારણ કે [ सकलाः अपि जीवाः ] સર્વ જીવો [ परं ब्रह्म ] પરમ બ્રહ્મસ્વરૂપ છે. [ येन ] કારણ કે જેવી રીતે 'બ્રહ્મ' શબ્દથી વાચ્ય એવો મુક્ત આત્મા કેવલજ્ઞાનથી સર્વને જાણે છે તેવી રીતે નિશ્ચયનયથી [ सः अपि ] કોઈપણ એક વિવક્ષિત સંસારી જીવ [ विजानाति ] સર્વને જાણે છે એવો અભિપ્રાય છે. ૯૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



चत्वारिंशत्सूत्रप्रमितमहास्थलमध्ये परिग्रहपरित्यागव्याख्यानमुख्यतया सूत्राष्टकेन तृतीयमन्तरस्थलं समाप्तम् ॥ अत ऊर्ध्वं त्रयोदशसूत्रपर्यन्तं शुद्धनिश्चयेन सर्वे जीवाः केवलज्ञानादिगुणैः समानास्तेन कारणेन षोडशवर्णिकासुवर्णवद्भेदो नास्तीति प्रतिपादयति ।

तद्यथा—

२२२) जो भत्तउ रयण-त्तयह तसु मुणि लक्खणु एउ ।
अच्छउ कहिँ वि कुडिल्लियइ सो तसु करइ ण भेउ ॥९५॥

यः भक्तः रत्नत्रयस्य तस्य मन्यस्व लक्षणं इदम् ।
तिष्ठतु कस्यामपि कुड्यां स तस्य करोति न भेदम् ॥ ९५ ॥

जो इत्यादि । पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । जो यः भत्तउ भक्तः । कस्य । रयणत्तयहं रत्नत्रयस्य तसु तस्य पुरुषस्य मुणि मन्यस्व जानीहि । किम् । लक्खणु एउ लक्षणं इदं प्रत्यक्षीभूतम् । इदं किम् । अच्छउ कहिं वि कुडिल्लियइ तिष्ठतु कस्यामपि कुड्यां शरीरे सो तसु करइ ण भेउ स

---

એવી રીતે એકતાલીસ સૂત્રોના મહાસ્થલમાં પરિગ્રહત્યાગના કથનની મુખ્યતાથી આઠ સૂત્રોથી ત્રીજું અન્તરસ્થલ સમાપ્ત થયું.

એના પછી તેર સૂત્ર સુધી શુદ્ધનિશ્ચયનયથી સર્વે જીવો કેવલજ્ઞાનાદિ ગુણોથી-સમાન છે, તે કારણે સોળવલા સુવર્ણની જેમ ભેદ નથી એમ કહે છે.

તે આ પ્રમાણેઃ—

## ગાથા–૯૫

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ रत्नत्रयस्य भक्तः ] રત્નત્રયનો ભક્ત ( આરાધક ) છે [ तस्य इदं लक्षणं ] તે પુરુષનું આ પ્રત્યક્ષ લક્ષણ [ मन्यस्व ] જાણ કે [ कस्यां अपि कुड्यां ] કોઇ પણ શરીરમાં જીવ [ तिष्ठतु ] રહ્યો હોય [ तस्य ] તે જીવનો [ सः ] જ્ઞાની [ भेदं न करोति ] દેહભેદથી ( નાના મોટાનો ) ભેદ કરતો નથી ( સર્વને સિદ્ધ સમાન જાણે છે. )

**ભાવાર્થઃ**—જે કોઇ વીતરાગસ્વસંવેદનવાળો જ્ઞાની નિશ્ચયનો ( નિશ્ચયનયનો ) અથવા નિશ્ચયરત્નસ્વરૂપ પરમાત્માનો ભક્ત છે તેનું હે પ્રભાકરભટ્ટ! આ લક્ષણ જાણ કે તે, જીવ ગમે તે દેહમાં રહ્યો હોય, તો પણ શુદ્ધનિશ્ચયનયથી સોળવલા સોનાની માફક ( જેમ સોળવલા સોનામાં વાનભેદ નથી તેમ ) કેવલજ્ઞાનાદિ ( અનંત ) ગુણોની અપેક્ષાથી ( સમાન હોવાથી ) તેમાં ભેદ કરતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानी तस्य जीवस्य देहभेदेन भेदं न करोति । तथाहि । योऽसौ वीतरागस्वसंवेदनज्ञानी निश्चयस्य निश्चयरत्नत्रयलक्षणपरमात्मनो वा भक्तः तस्येदं लक्षणं जानिहि । हे प्रभाकरभट्ट । क्कापि देहे तिष्ठतु जीवस्तथापि शुद्धनिश्चयेन षोडशवर्णिकासुवर्णवत्केवलज्ञानादिगुणैर्भेदं न करोतीति । अत्राह प्रभाकरभट्टः । हे भगवन् जीवानां यदि देहभेदेन भेदो नास्ति तर्हि यथा केचन वदन्त्येक एव जीवस्तन्मतमायातम् । भगवानाह । शुद्धसंग्रहनयेन सेनावनादिवज्जात्यपेक्षया भेदो नास्ति व्यवहारनयेन पुनर्व्यक्त्यपेक्षया वने भिन्नभिन्नवृक्षवत् सेनायां भिन्नभिन्नहस्त्यश्वादिवद्भेदोऽस्तीति भावार्थः ॥ ९५ ॥

अथ त्रिभुवनस्थजीवानां मूढा भेदं कुर्वन्ति, ज्ञानिनस्तु भिन्नभिन्नसुवर्णानां षोडशवर्णिकैकत्ववत्केवलज्ञानलक्षणेनैकत्वं जानन्तीति दर्शयति—

**२२३) जीवहँ तिहुयण-संठियहँ मूढा भेउ करंति ।**
**केवल-णाणिं णाणि फुडु सयलु वि एक्कु मुणंति ॥९६॥**

जीवानां त्रिभुवनसंस्थितानां मूढा भेदं कुर्वन्ति ।
केवलज्ञानेन ज्ञानिनः स्फुटं सकलमपि एकं मन्यन्ते ॥ ९६ ॥

---

આવું કથન સાંભળીને પ્રભાકરભટ્ટ પ્રશ્ન કરે છે કે હે ભગવાન! જો જીવોમાં દેહના ભેદથી ભેદ નથી તો જેવી રીતે કોઈ એક કહે છે કે 'એક જ જીવ છે' તેનો મત સિદ્ધ થશે?

ત્યારે ભગવાન યોગીન્દ્રદેવ કહે છે કે શુદ્ધ સંગ્રહનયથી સેના વનાદિની માફક જાતિ-અપેક્ષાએ જીવોમાં ભેદ નથી પણ વ્યવહારનયથી વ્યક્તિની અપેક્ષાએ વનમાં જુદાં જુદાં વૃક્ષો છે, સેનામાં ભિન્ન ભિન્ન હાથી, ઘોડા આદિ છે તેમ જીવોમાં ભેદ છે એવો ભાવાર્થ છે. ૯૫.

હવે મૂઢ જીવો ત્રણ લોકમાં રહેલા જીવોના ભેદ કરે છે પણ જ્ઞાનીઓ તો, જુદા જુદા સોનામાં સોળવલાપણાથી એકત્વ છે તેમ જીવોમાં કેવલજ્ઞાનપ્રમાણથી એકત્વ જાણે છે, એમ દર્શાવે છેઃ—

### ગાથા—૯૬

**અન્વયાર્થઃ**—[ मूढाः ] મૂઢ જીવો [ त्रिभुवनसंस्थितानां जीवानां ] ત્રણ લોકમાં રહેલા જીવોના [ भेदं कुर्वंति ] ભેદ પાડે છે અને [ ज्ञानिनः ] જ્ઞાનીઓ [ केवलज्ञानेन ] કેવલજ્ઞાનથી [ स्फुटं ] નિશ્ચયથી [ सकलं अपि ] સમસ્ત જીવરાશિને [ एकं मन्यते ] સમુદાયપણે એક માને છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवहं इत्यादि । जीवहं तिहुयणसंठियहं श्वेतकृष्णरक्तादिभिन्नभिन्नवस्त्रैर्वेष्टितानां षोडशवर्णिकानां भिन्नभिन्नसुवर्णानां यथा व्यवहारेण वस्त्रवेष्टनभेदेन भेदः तथा त्रिभुवनसंस्थितानां जीवानां व्यवहारेण भेदं दृष्ट्वा निश्चयनयेनापि मूढा भेउ करंति मूढात्मानो भेदं कुर्वन्ति । केवलणाणि वीतरागसदानन्दैकसुखाविनाभूतकेवलज्ञानेन [1]वीतरागस्वसंवेदेन णाणि ज्ञानिनः फुडु स्फुटं निश्चितं सयलु वि समस्तमपि जीवराशिं एक्कु मुणंति संग्रहनयेन समुदायं प्रत्येकं मन्यन्त इति अभिप्रायः ॥ ९६ ॥

अथ केवलज्ञानादिलक्षणेन शुद्धसंग्रहनयेन सर्वे जीवाः समाना इति कथयति—

२२४) जीवा सयल वि णाण-मय जम्मण-मरण-विमुक्क ।
जीव-पएसहिँ सयल सम सयल वि सगुणहिँ एक्क ॥९७॥

जीवाः सकला अपि ज्ञानमया जन्ममरण विमुक्ताः ।
जीवप्रदेशैः सकलाः समाः सकला अपि स्वगुणैरेके ॥ ९७ ॥

---

**ભાવાર્થઃ—**શ્વેત, કૃષ્ણ, રક્ત આદિ જુદાં જુદાં વસ્ત્રોથી વીંટાયેલ જુદાં જુદાં સોળવલ્લાં સોનાના જેવી રીતે વ્યવહારનયથી વસ્ત્રનાં વેષ્ટનના ભેદથી ભેદ છે તેવી રીતે ત્રણ લોકમાં રહેલા જીવોના વ્યવહારથી ભેદ દેખીને મૂઢ જીવો નિશ્ચયનયથી પણ ભેદ કરે છે અને વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાનીઓ એક ( કેવલ ) વીતરાગ સદાનંદરૂપ સુખની સાથે અવિનાભાવી કેવલજ્ઞાનથી નિશ્ચયથી સમસ્ત જીવરાશિને સંગ્રહનયથી સમુદાયરૂપ એક માને છે. ૯૬.

હવે શુદ્ધસંગ્રહનયથી કેવલજ્ઞાનાદિ લક્ષણથી સર્વ જીવો સમાન છે એમ કહે છેઃ–

### ગાથા–૯૭

**અન્વયાર્થઃ—**[ सकलाः अपि ] સર્વ જીવો [ ज्ञानमयाः ] જ્ઞાનમય છે, [ जन्ममरणादिविमुक्ताः ] જન્મમરણથી વિમુક્ત છે, [ सकलाः ] બધા જીવો [ जीवप्रदेशैः ] જીવના પ્રદેશોથી [ समाः ] સમાન છે [ अपि ] અને [ सकलाः ] બધાય જીવો [ स्वगुणैः ] પોતાના ગુણોની અપેક્ષાએ [ एके ] એક છે.

**ભાવાર્થઃ—**' जीवा सयल वि णाणमय ' વ્યવહારનયથી લોકાલોક પ્રકાશક અને નિશ્ચયનયથી સ્વશુદ્ધાત્મનું ગ્રાહક જે કેવલજ્ઞાન છે તે જ્ઞાન જો કે વ્યવહારનયથી

---

૧. પાઠાન્તરઃ—वीतरागस्वसंवेदेन णाणि ज्ञानिनः=णाणि वीतरागस्वसंवेदनज्ञानिनः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीवा इत्यादि । जीवा सयल वि णाणमय व्यवहारेण लोकालोकप्रकाशकं निश्चयेन स्वशुद्धात्मग्राहकं यत्केवलज्ञानं तज्ज्ञानं यद्यपि व्यवहारेण केवलज्ञानावरणेन झंपितं तिष्ठति तथाऽपि शुद्धनिश्चयेन तदावरणाभावात् पूर्वोक्तलक्षणकेवलज्ञानेन निवृत्तत्वात्सर्वेऽपि जीवा ज्ञानमयाः जम्ममरणविमुक्क व्यवहारनयेन यद्यपि जन्ममरणसहितास्तथापि निश्चयेन वीतरागनिजानन्दैकरूपसुखामृतमयत्वादनाद्यनिधनत्वाच्च शुद्धात्मस्वरूपाद्विलक्षणस्य जन्ममरणनिर्वर्तकस्य कर्मण उदयाभावाज्जन्ममरणविमुक्ताः । जीवपएसहिं सयल सम यद्यपि संसारावस्थायां व्यवहारेणणोसंपहारविस्तारयुक्तत्वाद्देहमात्रा मुक्तावस्थायां तु किंचिदूनचरमशरीरप्रमाणास्तथापि निश्चयनयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशत्वहानिवृद्धयभावात् स्वकीयस्वकीयजीवप्रदेशैः सर्वे समानाः । सयल वि सगुणहिं एक्क यद्यपि व्यवहारेणाव्याबाधानन्तसुखादिगुणाः संसारावस्थायां कर्मझंपितास्तिष्ठन्ति, तथापि निश्चयेन कर्माभावात् सर्वेऽपि स्वगुणैरेकप्रमाणा इति । अत्र यदुक्तं शुद्धात्मनः स्वरूपं तदेवोपादेयमिति तात्पर्यम् ॥ ९७ ॥

अथ जीवानां ज्ञानदर्शनलक्षणं प्रतिपादयति—

---

કેવલજ્ઞાનાવરણથી ઢંકાયેલું છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી કેવલજ્ઞાનનો અભાવ હોવાથી પૂર્વોક્ત લક્ષણવાળા કેવલજ્ઞાનથી રચાયેલ હોવાથી સર્વે જીવો જ્ઞાનમય છે. '**जम्म-मरणविमुक्कं**' વ્યવહારનયથી જો કે જન્મમરણસહિત છે તોપણ નિશ્ચયનયથી વીતરાગ નિજાનંદ જેનું એક રૂપ છે એવા સુખામૃતમય હોવાથી અને અનાદિ અનંત હોવાથી અને શુદ્ધાત્મસ્વરૂપથી વિલક્ષણ જન્મમરણને ઉત્પન્ન કરનાર કર્મના ઉદયના અભાવથી જન્મમરણ રહિત છે.

'**जीव पएसहिं सयल सम**' જો કે સંસાર-અવસ્થામાં વ્યવહારનયથી સંકોચ-વિસ્તાર સહિત હોવાથી દેહમાત્ર છે અને મુક્ત-અવસ્થામાં ચરમશરીરથી કિંચિત્ ન્યૂન શરીરપ્રમાણ છે તોપણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યપ્રદેશત્વની હાનિ-વૃદ્ધિ ન હોવાથી પોતપોતાના જીવપ્રદેશોથી સર્વ જીવો સમાન છે.

'**सयला वि सगुणहिं एक्क**' જો કે વ્યવહારનયથી અવ્યાબાધ, અનંતસુખાદિ ગુણો સંસાર-અવસ્થામાં કર્મોથી આચ્છાદિત છે તોપણ નિશ્ચયનયથી કર્મનો અભાવ હોવાથી સર્વ જીવો પોતપોતાના ગુણોથી એકસરખા છે.

અહીં શુદ્ધાત્માનું જે સ્વરૂપ કહ્યું છે તે ઉપાદેય છે એવું તાત્પર્ય છે. ૯૭.

હવે જ્ઞાનદર્શન જીવોનું લક્ષણ છે એમ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२२५) जीवहँ लक्खणु जिणवरहि भासिउ दंसण–णाणु ।
तेण ण किज्जइ भेउ तहँ जइ मणि जाउ विहाणु ॥९८॥

जीवानां लक्षणं जिनवरैः भाषितं दर्शनं ज्ञानं ।
तेन न क्रियते भेदः तेषां यदि मनसि जातो विभातः ॥ ९८ ॥

जीवहं इत्यादि । जीवहं लक्खणु जिणवरहिं भासिउ दंसणणाणु यद्यपि व्यवहारेण संसारावस्थायां मत्यादिज्ञानं चक्षुरादिदर्शनं जीवानां लक्षणं भवति तथापि निश्चयेन केवलदर्शनं केवलज्ञानं च लक्षणं भाषितम् । कैः जिनवरैः । तेण ण किज्जइ भेउ तहँ तेन कारणेन व्यवहारेण देहभेदेऽपि केवलज्ञान-दर्शनरूपनिश्चयलक्षणेन तेषां न क्रियते भेदः । यदि किम् । जइ मणि जाउ विहाणु यदि चेन्मनसि वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानादित्योदयेन जातः । कोऽसौ । प्रभातसमय इति । अत्र यद्यपि [१]षोडशवर्णिकालक्षणं बहूनां सुवर्णानां मध्ये समानं तथाप्येकस्मिन् सुवर्णे गृहीते शेषसुवर्णानि सहैव नायान्ति । कस्मात् । भिन्नभिन्नप्रदेशत्वात् । तथा यद्यपि केवलज्ञानदर्शन-

---

## ગાથા–૯૮

**અન્વયાર્થ**:—[ ज्ञानं दर्शनं ] જ્ઞાન અને દર્શન [ जीवानां लक्षणं ] જીવોનું લક્ષણ છે. [ तेन ] તેથી [ यदि ] જો [ मनसि ] તારા મનમાં [ विभातः जातः ] જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થયો હોય તો [ तेषां भेदः ] તે જીવોમાં [ भेदः ] ભેદ [ न क्रियते ] કરવામાં આવતો નથી.

**ભાવાર્થ**:—જો કે વ્યવહારનયથી સંસાર–અવસ્થામાં મતિ આદિ જ્ઞાન, ચક્ષુ આદિ દર્શન જીવોનું લક્ષણ છે તોપણ નિશ્ચયનયથી કેવલદર્શન અને કેવલજ્ઞાન જીવોનું લક્ષણ છે એમ જિનવરદેવે કહ્યું છે. તેથી જો તારા મનમાં વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપી સૂર્યના ઉદયથી પ્રભાતનો સમય થયો હોય તો વ્યવહારનયથી દેહભેદ હોવા છતાં કેવલદર્શનરૂપ નિશ્ચયલક્ષણથી તેમનામાં ભેદ કરવામાં આવતો નથી.

અહીં જો કે સર્વ સુવર્ણનું સોળવલું લક્ષણ સમાન છે તોપણ તેમાંથી કોઇ એક સુવર્ણને ગ્રહણ કરતાં, બાકીનું સુવર્ણ એક સાથે આવી જતું નથી તેનું કારણ એ છે કે સર્વ સુવર્ણના પ્રદેશો ભિન્ન ભિન્ન છે. તેવી રીતે જો કે જીવોનું જ્ઞાનદર્શનલક્ષણ સમાન છે તોપણ વિવક્ષિત જીવ જુદો ગ્રહણ કરતાં, બાકીના જીવો

---

૧. પાઠાન્તરઃ—षोडशवर्णिकालक्षणं बहूनां सुवर्णानां मध्ये समानं=षोडशवर्णिका समानानां बहूनां सुवर्णानां मध्ये ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लक्षणं समानं सर्वजीवानां तथाप्येकस्मिन् विवक्षितजीवे पृथक्कृते शेषजीवा सहैव नायान्ति । कस्मात् । भिन्नभिन्नप्रदेशत्वात् । तेन कारणेन ज्ञायते यद्यपि केवलज्ञानदर्शनलक्षणं समानं तथापि प्रदेशभेदोऽस्तीति भावार्थः ॥ ९८ ॥

अथ शुद्धात्मनां जीवजातिरूपेणैकत्वं दर्शयति—

२२६) बंभहँ भुवणि वसंताहँ जे णवि भेउ करंति ।
ते परमप्प-पयासयर जोइय विमलु मुणंति ॥ ९९ ॥

ब्रह्मणां भुवने वसतां ये नैव भेदं कुर्वन्ति ।
ते परमात्मप्रकाशकराः योगिनः विमलं मन्यन्ते ॥ ९९ ॥

बंभहं इत्यादि । बंभहं ब्रह्मणः शुद्धात्मनः । किं कुर्वतः । भुवणि वसंताहं भुवने त्रिभुवने वसंतः तिष्ठतः जे णवि भेउ करंति ये नैव भेदं कुर्वन्ति । केन । शुद्धसंग्रहनयेन ते परमप्पपयासयर ते ज्ञानिनः परमात्मस्वरूपस्य प्रकाशकाः सन्त जोइय हे योगिन् अथवा बहुवचनेन हे योगिनः । किं कुर्वन्ति । विमलु मुणंति विमलं संशयादिरहितं शुद्धात्मस्व-

---

એક સાથે જ આવી જતા નથી તેનું કારણ એ છે કે સર્વ જીવના પ્રદેશો ભિન્ન ભિન્ન છે. તે કારણે એમ જણાય છે કે કેવલજ્ઞાન અને કેવલદર્શનનું લક્ષણ સરખું છે તોપણ પ્રદેશભેદ છે, એવો ભાવાર્થ છે. ૯૮.

હવે જીવોની જાતિરૂપે ( જીવની જાતિની અપેક્ષાએ ) શુદ્ધાત્માનું એકત્વ દર્શાવે છે:—

### ગાથા—૯૯

**અન્વયાર્થ:**—[ **योगिन्** ] હે યોગી ! અથવા યોગીઓ ! [ **भुवने** ] ત્રણ લોકમાં [ **वसतां** ] વસનારા [ **ब्रह्मणां** ] શુદ્ધ આત્માઓમાં [ **यः** ] જેઓ શુદ્ધ સંગ્રહનયથી [ **भेदं** ] ભેદ [ **न एव कुर्वन्ति** ] કરતા નથી [ **ते** ] તે જ્ઞાનીઓ [ **परमात्मप्रकाशकराः** ] પરમાત્મસ્વરૂપનો પ્રકાશ કરતા થકા [ **विमलं** ] નિર્મલ સંશય આદિ રહિત-શુદ્ધાત્મ-સ્વરૂપને [ **मन्यन्ते** ] જાણે છે.

**ભાવાર્થ:**—જેવી રીતે નગરના ઘર આદિ અને પુરુષાદિનું પોતાની જાતિની અપેક્ષાએ એકપણું છે તોપણ વ્યક્તિની અપેક્ષાએ તેમનું ભિન્નપણું છે તેવી રીતે જો કે જીવરાશિની અપેક્ષાએ તેમનું એકત્વ કહ્યું છે, તોપણ વ્યક્તિ-અપેક્ષાએ પ્રદેશભેદથી તેમનું ભિન્નપણું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रूपं मन्यन्ते जानन्तीति । तद्यथा । यद्यपि जीवराश्यपेक्षया तेषामेकत्वं भण्यते तथापि व्यक्त्यपेक्षया प्रदेशभेदेन भिन्नत्वं नगरस्य गृहादिपुरुषादिभेदवत् । कश्चिदाह । यथैकोऽपि चन्द्रमा बहुजलघटेषु भिन्नभिन्नरूपेण दृश्यते तथैकोऽपि जीवो बहुशरीरेषु भिन्नभिन्नरूपेण दृश्यत इति । परिहारमाह । बहुषु जलघटेषु चन्द्रकिरणोपाधिवशेन जलपुद्‌गला एव चन्द्राकारेण परिणता न चाकाशस्थचन्द्रमाः । अत्र दृष्टान्तमाह । यथा देवदत्तमुखोपाधिवशेन नानादर्पणानां पुद्‌गला एव नानामुखाकारेण परिणमन्ति न च देवदत्तमुखं नानारूपेण परिणमति । यदि परिणमति तदा दर्पणस्थं मुखप्रतिबिम्बं चेतनत्वं प्राप्नोति, न च तथा, तथैकचन्द्रमा अपि नानारूपेण न परिणमतीति । किं च न चैको ब्रह्मनामा कोऽपि दृश्यते प्रत्यक्षेण यश्चन्द्रवन्नानारूपेण भविष्यति इत्यभिप्रायः ॥ ९९ ॥

अथ सर्वजीवविषये समदर्शित्वं मुक्तिकारणमिति प्रकटयति—

**२२७) राय-दोस बे परिहरिवि जे सम जीव णियंति ।**
**ते सम-भावि परिट्ठिया लहु णिव्वाणु लहंति ॥ १०० ॥**

---

અહીં કોઈ કહે છે કે-જેવી રીતે ચંદ્ર એક હોવા છતાં જળથી ભરેલા અનેક ઘડામાં ભિન્ન ભિન્નરૂપે દેખાય છે. તેવી રીતે જીવ એક હોવા છતાં પણ અનેક શરીરમાં ભિન્ન ભિન્નરૂપે દેખાય છે. શ્રી ગુરુ તેમનું સમાધાન કરે છે—જલથી ભરેલા અનેક ઘડામાં ચંદ્રના કિરણોની ઉપાધિના વશે જલજાતિના પુદ્ગલો જ ચંદ્રાકારે પરિણમ્યા છે, પણ આકાશમાં રહેલો ચંદ્ર પરિણમ્યો નથી. અહીં તેનું દૃષ્ટાંત આપે છે. જેવી રીતે દેવદત્તના મુખની ઉપાધિના વશે અનેક દર્પણોનાં પુદ્ગલો જ મુખના અનેક આકારરૂપે પરિણમે છે પણ દેવદત્તનું મુખ અનેકરૂપે (અનેક આકાર રૂપે) પરિણમતું નથી. જો (દેવદત્તનું મુખ અનેક આકારરૂપે) પરિણમતું હોય તો દર્પણમાં રહેલા મુખનું પ્રતિબિંબ ચેતનપણાને પામે, પણ તેમ થતું નથી (પણ ચેતન થતું નથી). તેવી રીતે એક ચંદ્રમા પણ અનેકરૂપે પરિણમતો નથી.

વળી એક બ્રહ્મ નામનો કોઈ પ્રત્યક્ષપણે જોવામાં આવતો નથી કે જે ચંદ્રની પેઠે અનેકરૂપે થતો હોય, એવો અભિપ્રાય છે. ૯૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



रागद्वेषौ द्वौ परिहृत्य ये समान् जीवान् पश्यन्ति ।
ते समभावे प्रतिष्ठताः लघु निर्वाणं लभन्ते ॥ १०० ॥

राय इत्यादि । पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । रायदोस वे परिहरिवि वीतराग–निजानन्दैकस्वरूपस्वशुद्धात्मद्रव्यभावनाविलक्षणौ रागद्वेषौ परिहृत्य जे ये केचन सम जीव णियंति सर्वसाधारणकेवलज्ञानदर्शनलक्षणेन समानान् सदृशान् जीवान् निर्गच्छन्ति जानन्ति ते ते पुरुषाः । कथंभूताः । समभावि परिट्ठिया जीवितमरणलाभालाभसुखदुःखादिसमताभावनारूपे समभावे प्रतिष्ठिताः सन्तः लहु णिव्वाणु लहंति लघु शीघ्रं आत्यन्तिकस्वभावैकाचिन्त्याद्भुतकेवलज्ञानादिगुणास्पदं निर्वाणं लभन्त इति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा रागद्वेषौ त्यक्त्वा च शुद्धात्मानुभूतिरूपा समभावना कर्तव्येत्यभिप्रायः ॥ १०० ॥

अथ सर्वजीवसाधारणं केवलज्ञानदर्शनलक्षणं प्रकाशयति—

---

હવે સર્વ જીવોમાં સમદર્શીપણું મુક્તિનું કારણ છે એમ પ્રગટ કરે છે:—

## ગાથા—૧૦૦

**અન્વયાર્થ**:—[ ये ] જે કોઇ [ रागद्वेषौ द्वौ ] રાગ અને દ્વેષ બન્નેનો [ परिहृत्य ] ત્યાગ કરીને [ जीवान् समान् ] સર્વ જીવોને સમાન [ पश्यंति ] દેખે છે-જાણે છે [ ते ] તે પુરુષો [ समभावे प्रतिष्ठिताः ] સમભાવમાં રહેતા થકા [ लघु ] શીઘ્ર જ [ निर्वाण लभते ] નિર્વાણને પામે છે.

**ભાવાર્થ**:— જે કોઇ વીતરાગ નિજાનંદ જેનું એક સ્વરૂપ છે એવા શુદ્ધાત્મદ્રવ્યની ભાવનાથી વિલક્ષણ રાગદ્વેષને છોડીને જીવોને સર્વસાધારણ કેવલજ્ઞાન અને કેવલદર્શનના લક્ષણથી સમાન–સદૃશ–જાણે છે તે પુરુષો જીવિત–મરણ, લાભ–અલાભ, સુખ–દુઃખ આદિમાં સમતાભાવનારૂપ સમભાવમાં રહ્યા થકા શીઘ્ર આત્યન્તિક એક સ્વભાવરૂપ અચિંત્ય, અદ્‌ભુત કેવલજ્ઞાનાદિ ( અનંત ) ગુણોનું સ્થાન એવા નિર્વાણને પામે છે.

અહીં આ કથન જાણીને અને રાગદ્વેષને ત્યાગીને શુદ્ધાત્માની અનુભૂતિરૂપ સમભાવના કરવી એવો અભિપ્રાય છે. ૧૦૦.

હવે કેવલદર્શન અને કેવલજ્ઞાન સર્વ જીવોનું સાધારણ ( સામાન્ય ) લક્ષણ છે એમ પ્રગટ કરે છે ( કોઇપણ જીવ એના વિનાનો નથી. સર્વ જીવોમાં એ ગુણો શક્તિરૂપે હોય છે એમ કહે છે. ):—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२२८) जीवहँ दंसणु णाणु जिय लक्खणु जाणइ जो जि ।
देह–विभेएँ भेउ तहँ णाणि कि मण्णइ सो जि ॥ १०१ ॥

जीवानां दर्शनं ज्ञानं जीव लक्षणं जानाति य एव ।
देहविभेदेन भेदं तेषां ज्ञानी किं मन्यते तमेव ॥ १०१ ॥

जीवहं इत्यादि । जीवहं जीवानां दंसणु णाणु जगत्त्रयकालत्रयवर्तिसमस्तद्रव्यगुणपर्यायाणां क्रमकरणव्यवधानरहितत्वेन परिच्छित्तिसमर्थं विशुद्धदर्शनं ज्ञानं च । जिय हे जीव लक्खणु जो जि लक्षणं जानाति य एव देहविएं भेउतहं देहहिभेदेन भेदं तेषां जीवानां, देहोद्भवविषयसुखरसास्वादविलक्षणशुद्धात्मभावनारहितेन जीवेन यान्युपार्जितानि कर्माणि [1]तदुदयेनोत्पन्नेन देहभेदेन जीवानां भेदं णाणि किं मण्णइ वीतरागस्वसंवेदज्ञानी किं मन्यते । नैव । कम् । सो जि तमेव पूर्वोक्तं देहभेदमिति । अत्र ये केचन ब्रह्मा-

---

## ગાથા–૧૦૧

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ! [ दर्शनं ज्ञानं ] વિશુદ્ધ દર્શન અને વિશુદ્ધ જ્ઞાન [ जीवानां लक्षणं ] જીવોનું લક્ષણ છે [ यः एव ] એમ જે [ जानाति ] જાણે છે [ स एव ज्ञानी ] તે જ જ્ઞાની [ किं ] શું [ देहविभेदेन ] દેહના ભેદથી [ तेषां भेदं ] તે જીવોના ભેદ [ मन्यते ] માને ? ( કદી પણ ન માને. )

**ભાવાર્થ**:—ત્રણ લોક અને ત્રણ કાલવર્તી સમસ્ત દ્રવ્યગુણ પર્યાયોને ક્રમ, કારણ અને વ્યવધાનરહિતપણે દેખવા–જાણવામાં સમર્થ એવાં વિશુદ્ધ દર્શન અને વિશુદ્ધજ્ઞાન જીવોનું લક્ષણ છે એમ જે જાણે છે તે વીતરાગ સ્વસંવેદનવાળા જ્ઞાની શું દેહથી ઉદ્ભવતા વિષયસુખરસના આસ્વાદથી વિલક્ષણ શુદ્ધાત્માની ભાવનાથી રહિત જીવે જે કર્મો ઉપાર્જિત કર્યાં છે તેના ઉદયથી ઉત્પન્ન દેહભેદથી જીવોના ભેદ માને ? ( કદી પણ ન માને. )

અહીં જે કોઈ બ્રહ્માદ્વૈતવાદીઓ ( વેદાન્તીઓ ) અનેક જીવોને માનતા નથી ( અને એક જ જીવ માને છે ) તેમની એ વાત અપ્રમાણ છે કારણકે તેમના મતાનુસાર ‘ એક જ જીવને ’ માનવામાં બહુ ભારે દોષ આવે છે. તેના મત અનુસારે વિવક્ષિત એક જીવને જીવિત–મરણ સુખ–દુઃખાદિ થતાં, સર્વ જીવોને તે જ ક્ષણે જીવિત–મરણ સુખ–દુઃખાદિ થવાં જોઈએ; શા માટે ? કારણકે તેમના મતમાં ‘ એક જ જીવ

---

૧ પાઠાન્તરઃ—तदुयेनोत्पन्नेन=तदुयोत्पन्नेन

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्वैतवादिनो नानाजीवान्न मन्यन्ते तन्मतेन विवक्षितैकजीवस्य जीवितमरणसुखदुःखादिके जाते सर्वजीवानां तस्मिन्नेव क्षणे जीवितमरणसुखदुःखादिकं प्राप्नोति । कस्मादिति चेत् । एकजीवत्वादिति । न च तथा दृश्यते इति भावार्थः ॥ १०१ ॥

अथ जीवानां निश्चयनयेन योऽसौ देहभेदेन भेदं करोति स जीवानां दर्शनज्ञानचारित्रलक्षणं न जानातीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं कथयति—

२२९) देह–विभेयइँ जी कुणइ जीवहँ भेउ विचित्तु ।
सो णवि लक्खणु मुणइ तहँ दंसणु णाणु चरित्तु ॥१०२॥

देहविभेदेन यः करोति जीवानां भेदं विचित्रम् ।
स नैव लक्षणं मनुते तेषां दर्शनं ज्ञानं चारित्रम् ॥ १०२ ॥

देह इत्यादि । देहविभेयइं देहममत्वमूलभूतानां ख्यातिपूजालाभस्वरूपादीनां अपध्यानानां विपरीतस्य स्वशुद्धात्मध्यानस्याभावे यानि कृतानि कर्माणि तदुदयजनितेन देहभेदेन जो कुणइ यः करोति । कम् । जीवहं भेउ विचित्तु जीवानां भेदं विचित्रं नरनारकादिदेहरूपं सो णवि लक्खणु मुणइ

---

છે ’ એવી માન્યતા છે. પણ એવું ( અહીં ) જોવામાં આવતું નથી, ( એક જ જીવને જીવિત–મરણાદિ થતાં બધાને જીવિત–મરણ થતાં જોવામાં આવતાં નથી ) એવો ભાવાર્થ છે. ૧૦૧.

હવે નિશ્ચયનયથી જે દેહના ભેદથી જીવોના ભેદ કરે છે તે જીવોનું દર્શન-જ્ઞાનચારિત્રલક્ષણ જાણતો નથી એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથાસૂત્ર કહે છેઃ–

ગાથા–૧૦૨

**અન્વયાર્થઃ**—[ यः ] જે [ देहविभेदेन ] દેહના ભેદથી [ जीवानां ] જીવોના [ विचित्रं भेदं ] અનેક ભેદ [ करोति ] કરે છે [ सः ] તે દર્શન, જ્ઞાન, ચારિત્ર [ तेषां लक्षणं ] જીવોનું લક્ષણ છે એમ [ न एव मनुते ] જાણતો નથી.

**ભાવાર્થઃ**—દેહના મમત્વનું મૂલ કારણ જે ખ્યાતિ-પૂજા–લાભસ્વરૂપ આદિ અપધ્યાનો ( આર્તરૌદ્રસ્વરૂપ માઠાં ધ્યાનો ) તેમનાથી વિપરીત સ્વશુદ્ધાત્મધ્યાનના અભાવમાં જે કર્મો ઉપાર્જિત કર્યાં હોય તેમના ઉદયથી ઉત્પન્ન દેહના ભેદથી જીવોનાં નારકાદિ દેહરૂપ અનેક પ્રકારના ભેદને જે કરે છે તે જીવોનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર લક્ષણ છે એમ જાણતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तद्दं स नैव लक्षणं मनुते तेषां जीवानाम् । किंलक्षणम् । दंसणु णाणु चरित्तु सम्यग्दर्शनज्ञानचरित्रमिति । अत्र निश्चयेन सम्यग्दर्शनज्ञानचारित्रलक्षणानां जीवानां ब्राह्मणक्षत्रियवैश्यचाण्डालादिदेहभेदं दृष्ट्वा रागद्वेषौ न कर्तव्याविति तात्पर्यम् ॥ १०२ ॥

अथ शरीराणि बादरसूक्ष्माणि विधिवशेन भवन्ति न च जीवा इति दर्शयति—

२३०) अंगइँ सुहुमइँ बादरइँ विहि–वसिँ होंति जे बाल ।
जिय पुणु सयल वि तित्तडा सव्वत्थ वि सय–काल ॥१०३॥

अङ्गानि सूक्ष्माणि बादराणि विधिवशेन भवन्ति ये बालाः ।
जीवाः पुनः सकला अपि तावन्तः सर्वत्रापि सदाकाले ॥ १०३ ॥

अंगइं इत्यादि पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । अंगइं सुहुमइं बादरइं अङ्गानि सूक्ष्मबादराणि जीवानां विहिवसिं होंति विधिवशाद्भवन्ति अङ्गोद्भवपञ्चेन्द्रियविषयाकांक्षामूलभूतानि दृष्टश्रुतानुभूतभोगवाञ्छारूपनिदानबन्धा-

---

અહીં નિશ્ચયનયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચરિત્ર જેમનાં લક્ષણ છે એવા જીવોના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ચાંડાલાદિ દેહના ભેદથી જોઈને રાગદ્વેષ ન કરવા એવું તાત્પર્ય છે. ૧૦૨.

હવે વિધિના વશે બાદર અને સૂક્ષ્મ શરીરો થાય છે પણ જીવો થતા નથી એમ દર્શાવે છેઃ—

### ગાથા–૧૦૩

**અન્વયાર્થઃ**—[ ये ] જે [ सूक्ष्माणि बादराणि अंगानि ] સૂક્ષ્મ અને બાદર શરીરો અને [ बालाः ] બાલ, યુવાન, વૃદ્ધાદિ અવસ્થાઓ છે તે પણ [ विधिवशेन ] કર્મના વશે [ भवन्ति ] થાય છે [ पुनः ] અને [ सकला अपि जीवाः ] જીવો તો બધાય [ सर्वत्रअपि ] સર્વત્ર ( ત્રણ લોકમાં ) અને [ सर्वकाले ] ત્રણ કાલમાં પણ [ तावन्तः ] તેટલા જ છે. ( સંખ્યાથી અનંત અને ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશી જ છે. )

**ભાવાર્થઃ**—શરીરમાં ઉત્પન્ન પાંચ ઇન્દ્રિયોના વિષયોની આકાંક્ષાનું મૂલ કારણ એવા, દેખેલા, સાંભળેલા, અને અનુભવેલા ભોગોની વાંછારૂપ નિદાનબંધ આદિ જે અપધ્યાનો ( દુર્ધ્યાનો, માઠાં ધ્યાનો ) છે તેનાથી વિલક્ષણ જે સ્વશુદ્ધાત્માની ભાવના છે તેનાથી રહિત જીવથી જે વિધિસંજ્ઞાવાળું કર્મ ઉપાર્જિત કરવામાં આવ્યું છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

दीनि यान्यपध्यानानि, तद्विलक्षणा यासौ स्वशुद्धात्मभावना तद्रहितेन जीवेन यदुपार्जितं विधिसंज्ञं कर्म तद्वशेन भवन्त्येव । न केवलमङ्गानि भवन्ति जे बाल ये बालवृद्धादिपर्यायाः तेऽपि विधिवशेनैव । अथवा संबोधनं[1] हे बाल अज्ञान । जिय पुणु सयल वि तित्तडा जीवाः पुनः सर्वेऽपि तत्प्रमाणा द्रव्यप्रमाणं प्रत्यनन्ताः, क्षेत्रापेक्षयापि पुनरेकैको ऽपि जीवो यद्यपि व्यवहारेण स्वदेहमात्रस्तथापि निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशप्रमाणः । क्व । सव्वत्थ वि सर्वत्र लोके । न केवलं लोके सयकाल सर्वत्र कालत्रये तु । अत्र जीवानां बादरसूक्ष्मादिकं व्यवहारेण कर्मकृतभेदं दृष्ट्वा विशुद्धदर्शनज्ञानलक्षणापेक्षया निश्चयनयेन भेदो न कर्तव्य इत्यभिप्रायः ॥ १०३ ॥

अथ जीवानां शत्रुमित्रादिभेदं यः न करोति स निश्चयनयेन जीवलक्षणं जानातीति प्रतिपादयति—

२३१) सत्तु वि मित्तु वि अप्पु परु जीव असेसु वि एइ ।
एक्कु करेविणु जो मुणइ सो अप्पा जाणेइ ॥ १०४ ॥

शत्रुरपि मित्रमपि आत्मा परः जीवा अशेषा अपि एते ।
एकत्वं कृत्वा यो मनुते स आत्मानं जानाति ॥ १०४ ॥

તેના વશથી જીવોના સૂક્ષ્મ, બાદર શરીરો થાય છે. માત્ર શરીરો જ થાય છે એટલું જ નહિ પણ જે બાલવૃદ્ધાદિ પર્યાયો છે તે પણ વિધિના વિશે જ થાય છે. અથવા સંબોધન કરે છે કે હે બાલ ! હે અજ્ઞાન ! સર્વ જીવો સર્વત્ર–લોકમાં–માત્ર લોકમાં જ નહિ પરંતુ ત્રણ કાલમાં પણ તેટલા જ પ્રમાણવાળા છે; અર્થાત્ દ્રવ્યપ્રમાણથી અનંતા છે અને ક્ષેત્રની અપેક્ષાએ પણ એક એક જીવ પણ જો કે વ્યવહારનયથી પોતાના દેહ જેટલો છે તો પણ નિશ્ચયનયથી લોકાકાશપ્રમાણ અસંખ્યાત પ્રદેશ જેટલો છે.

અહીં વ્યવહારનયથી જીવોના બાદર સૂક્ષ્માદિક કર્મકૃત ભેદ જોઇને નિશ્ચયનયથી વિશુદ્ધજ્ઞાનલક્ષણની અપેક્ષાએ જીવોના ભેદ ન કરવા એવો અભિપ્રાય છે. ૧૦૩.

હવે જે, જીવોના શત્રુ મિત્ર આદિ ભેદ કરતો નથી તે નિશ્ચયનયથી જીવનું લક્ષણ જાણે છે એમ કહે છેઃ—

## ગાથા–૧૦૪

**અન્વયાર્થઃ**—[ अशेषाः अपि एते जीवाः ] આ બધા જીવો છે તેમાંથી [ शत्रुः अपि मित्रं अपि ] શત્રુ હો કે મિત્ર હો [ आत्मा परः ] પોતે હો કે પર હો એ

૧ પાઠાન્તરઃ—हे बाल अज्ञान = बाल हे अज्ञान

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सत्तु वि इत्यादि । सत्तु वि शत्रुरपि मित्तु वि मित्रमपि अप्पु परु आत्मा परोऽपि जीव असेसु वि जीवा अशेषा अपि एइ एते प्रत्यक्षीभूताः एक्कु करेविणु जो मुणइ एकत्वं कृत्वा यो मनुते शत्रुमित्र-जीवितमरणलाभादिसमताभावनारूपवीतरागपरमसामायिकं कृत्वा योऽसौ जीवानां शुद्धसंग्रहनयेनैकत्वं मन्यते सो अप्पा जाणेइ स वीतरागसहजानन्दैकस्वभावं शत्रुमित्रादिविकल्पकल्लोलमालारहितमात्मानं जानातीति भावार्थः ॥ १०४ ॥

अथ योऽसौ सर्वजीवान् समानान्न मन्यते तस्य समभावो नास्तीत्यावेदयति—

२३२) जो णवि मण्णइ जीव जिय सयल वि एक्क-सहाव ।
तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव ॥ १०५ ॥

यो नैव मन्यते जीवान् जीव सकलानपि एकस्वभावान् ।
तस्य न तिष्ठति भावः समः भवसागरे यः नौः ॥ १०५ ॥

जो णवि इत्यादि । जो णवि मण्णइ यो नैव मन्यते । कान् । जाव जीवान् जिय हे जीव । कतिसंख्योपेतान् । सयल वि समस्तानपि । कथंभूतान्न

---

બધાને [ एकत्वं कृत्वा ] એકરૂપે અર્થાત્ સમાનરૂપે [ यः ] જે [ जानाति ] જાણે છે [ सः ] તે [ आत्मानं ] આત્માને [ जनाति ] જાણે છે.

**ભાવાર્થઃ**—શત્રુ મિત્ર, જીવિત-મરણ, લાભ-અલાભાદિ સમતાભાવરૂપ વીતરાગ-પરમસામાયિક કરીને જે શુદ્ધસંગ્રહનયથી સર્વ જીવોને એકરૂપે જાણે છે તે વીતરાગ સહજાનંદ જેનો એક સ્વભાવ છે એવા, શત્રુ, મિત્ર આદિ વિકલ્પોની કલ્લોલમાલાથી રહિત આત્માને જાણે છે. ૧૦૪.

હવે જે સર્વ જીવોને સમાન જાણતો નથી તેને સમભાવ હોતો નથી એમ કહે છે.

## ગાથા–૧૦૫

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! [ यः ] જે [ सकलान् अपि जीवान् ] બધા જીવોને [ एकस्वभावान् ] એક સ્વભાવવાળા [ न एव मन्यते ] જાણતો નથી [ तस्य ] તેને [ समः भावः ] સમભાવ [ न तिष्ठति ] હોતો નથી [ यः ] કે જે સમભાવ [ भवसागरे ] સંસાર સમુદ્રને [ नौः ] તરવા માટે નૌકા સમાન છે.

**ભાવાર્થઃ**—જે, સમસ્ત જીવોને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને નિશ્ચયનયથી સકલ વિમલ કેવલજ્ઞાનાદિ ગુણો વડે એકસ્વભાવી નથી માનતો તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मन्यते । एक्कसहाव वीतरागविकल्पसमाधौ स्थित्वा सकलविमलकेवलज्ञानादिगुणैर्निश्चयेनैकस्वभावान् । तासु ण थक्कइ भाउ समु तस्य न तिष्ठति समभावः । कथंभूतः । भवसायरि जो णाव संसारसमुद्रे यो नावस्तरणोपायभूता नौरिति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा रागद्वेषमोहान् मुक्त्वा च परमोपशमभावरूपे शुद्धात्मनि स्थातव्यमित्यभिप्रायः ॥ १०५ ॥

अथ जीवानां योऽसौ भेदः स कर्मकृत इति प्रकाशयति—

२३३) जीवहँ भेउ जि कम्म-किउ कम्मु वि जीउ ण होइ ।
जेण विभिण्णउ होइ तहँ कालु लहेविणु कोइ ॥ १०६ ॥

जीवानां भेद एव कर्मकृतः कर्म अपि जीवो न भवति ।
येन विभिन्नः भवति तेभ्यः कालं लब्ध्वा कमपि ॥ १०६ ॥

जीवहं इत्यादि । जीवाहं जीवनां भेउ जि भेद एव कम्मकिउ निर्भेदशुद्धात्मविलक्षणेन कर्मणा कृतः, कम्मु वि जीउ ण होइ ज्ञानावरणादिकर्मैव विशुद्धज्ञानदर्शनस्वभावं जीवस्वरूपं न भवति । कस्मान्न भवतीति चेत् । जेण विभिण्णउ होइ तहं येन कारणेन विभिन्नो भवति तेभ्यः कर्मभ्यः । किं

---

સંસારસમુદ્રને તરવાના ઉપાયભૂત એવો સમભાવ હોતો નથી કે જે સમભાવ સંસારસમુદ્રને તરવાના સાધનરૂપ નાવ છે.

અહીં આ વ્યાખ્યાન જાણીને અને રાગદ્વેષ મોહને છોડીને પરમોપશમભાવરૂપ શુદ્ધ આત્મામાં સ્થિત થવું એવો અભિપ્રાય છે. ૧૦૫.

હવે જીવોના જે કાંઈ ભેદ છે તે કર્મકૃત છે એમ પ્રગટ કરે છેઃ—

ગાથા—૧૦૬

**અન્વયાર્થઃ**—[ जीवानां भेदः ] જીવોના ( સ્ત્રી પુરુષાદિ ) ભેદ [ कर्मकृतः एव ] અભેદ શુદ્ધાત્માથી વિલક્ષણ કર્મકૃત જ છે અને [ कर्म अपि ] જ્ઞાનાવરણાદિ કર્મ પણ [ जीवः ] વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા જીવનું સ્વરૂપ [ न भवति ] નથી. [ येन ] કારણ કે તે જીવ [ कं अपि कालं लब्ध्वा ] વીતરાગ પરમાત્માની અનુભૂતિના સહકારી કારણભૂત કોઈ અવસર પામીને [ तेभ्यः ] તે કર્મોથી [ विभिन्नः भवति ] જુદા થઈ જાય છે ( અર્થાત્ મુક્ત થાય છે. )

**ભાવાર્થઃ**—માત્ર ( કેવલ ) ટંકોત્કીર્ણ જ્ઞાયક શુદ્ધ જીવસ્વભાવથી વિલક્ષણ મનોજ્ઞ, અમનોજ્ઞ સ્ત્રી પુરુષ આદિરૂપ જીવના ભેદ જોઈને રાગાદિરૂપ અપધ્યાન ન કરવું. ૧૦૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कृत्वा । कालु कलहेविणु कोइ वीतरागपरमात्मानुभूतिसहकारिकारणभूतं कमपि कालं लब्ध्वेति । अयमत्र भावार्थः । टङ्कोत्कीर्णज्ञायकैकशुद्धजीवस्वभावाद्विलक्षणं मनोज्ञामनोज्ञस्त्रीपुरुषादिजीवभेदं दृष्ट्वा रागाद्यपध्यानं न कर्तव्यमिति ॥ १०६ ॥

अतः कारणात् शुद्धसंग्रहेण भेदं मा कार्षीरिति निरूपयति—

**२३४) एक्कु करे मण बिण्णि करि मं करि वण्ण-विसेसु ।**
**इक्कइँ देवइँ जेँ वसइ तिहुयणु एहु असेसु ॥ १०७ ॥**

एकं गुरु मा द्वौ कुरु मा कुरु वर्णविशेषम् ।
एकेन देवेन येन वसति त्रिभुवनं एतद् अशेषम् ॥ १०७ ॥

एक्कु करे इत्यादि पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । एक्कु करे सेनावनादिवज्जीवजात्यपेक्षया सर्वमेकं कुरु । मण बिण्णि करि मा द्वौ कार्षीः । मं करि वण्णविसेसु मनुष्यजात्यपेक्षया ब्राह्मणक्षत्रियवैश्यशूद्रादि वर्णभेदं मा कार्षीः, यतः कारणात् इक्कइं देवइं एकेन देवेन अभेदनयापेक्षया शुद्धैकजीवद्रव्येण जें येन कारणेन वसइ वसति । किं कर्तृ । तिहुयणु त्रिभु-

---

તેથી શુદ્ધસંગ્રહનયથી તું જીવોમાં ભેદ ન કર એમ કહે છે:—

## ગાથા—૧૦૭

**અન્વયાર્થ:**—હે આત્મા! તું [ एकं कुरु ] જેવી રીતે જાતિની અપેક્ષાએ સેના, વનાદિ એક છે તેવી રીતે જાતિની અપેક્ષાએ સર્વ જીવોને એક કર, [ मा द्वौ कार्षीः ] જીવોને બે ( અર્થાત્ અનેક ) ન કર, તેમ જ [ **वर्णविशेषः** ] મનુષ્યજાતિની અપેક્ષાએ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રાદિરૂપ વર્ણભેદ ન કર, કારણ કે [ त्रिभुवनं एतद् अशेषं ] ત્રણ લોકમાં રહેનારી આ પ્રત્યક્ષ સમસ્ત જીવરાશિ [ एकेन देवेन ] અભેદનયથી શુદ્ધ એક જીવદ્રવ્યરૂપે [ **वसति** ] રહે છે. ( અર્થાત્ જીવપણે બધા જીવોની જાતિ એક છે. )

**ભાવાર્થ:**—પ્રથમ તો આ લોક સૂક્ષ્મ જીવોથી નિરંતર ( બધી જગાએ ) ભર્યો પડ્યો છે. ( સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ જલકાય, સૂક્ષ્મ અગ્નિકાય, સૂક્ષ્મ વાયુકાય, સૂક્ષ્મ નિત્ય નિગોદ, સૂક્ષ્મ ઇતરનિગોદિ–આ છ પ્રકારના સૂક્ષ્મ જીવોથી સમસ્ત લોક નિરંતર ભરેલો રહે છે ) અને તે આધારવશે ( રહેલા ) બાદર જીવોથી લોકમાં ક્યાંક, ક્યાંક ભરેલો છે, ત્રસ જીવોથી પણ ક્યાંક, ક્યાંક ભરેલો છે. ( બાદર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वनं त्रिभुवनस्थो जीवराशिःएहु एषः प्रत्यक्षीभूतः । कतिसंख्योपेतः । असेसु अशेषं समस्त इति । त्रिभुवनग्रहणेन इह त्रिभुवनस्थो जीवराशिर्गृह्यते इति तात्पर्यम् । तथाहि । लोकस्तावदयं सूक्ष्मजीवैर्निरन्तरं भृतस्तिष्ठति । बादरैश्चाधारवशेन क्वचित् क्वचिदेव त्रसैः क्वचिदपि । तथा ते जीवाः शुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धद्रव्यार्थिकनयेन शक्त्यपेक्षया केवलज्ञानादिगुणरूपास्तेन कारणेन स एव जीवराशिः यद्यपि व्यवहारेण कर्मकृतस्तिष्ठति तथापि निश्चयनयेन शक्तिरूपेण परमब्रह्मस्वरूपमिति भण्यते, परमविष्णुरिति भण्यते, परमशिव इति च । तेनैव कारणेन स एव जीवराशिः केचन परब्रह्ममयं जगद्वदन्ति, केचन परमविष्णुमयं वदन्ति, केचन पुनः परमशिवमयमिति च । अत्राह शिष्यः । यद्येवंभूतं जगत्संमतं भवतां तर्हि परेषां किमिति दूषणं दीयते भवद्भिः । परिहारमाह । यदि पूर्वोक्तनयविभागेन केवलज्ञानादिगुणा-

---

પૃથ્વીકાય, બાદર જલકાય, બાદર અગ્નિકાય, બાદર વાયુકાય, બાદર નિત્ય નિગોદ, બાદર ઇતરનિગોદ અને પ્રત્યેક વનસ્પતિ જ્યાં આધાર છે ત્યાં છે, તેથી ક્યાંક હોય છે ક્યાંક નથી હોતા છતાં તે ઘણા સ્થળોમાં છે . આ રીતે સ્થાવર જીવો તો ત્રણ લોકમાં છે, અને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, તિર્યંચ, એ મધ્યલોકમાં જ છે, અધોલોક અને ઊર્ધ્વલોકમાં નથી. તેમાંથી દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવ કર્મભૂમિમાં જ છે, ભોગભૂમિમાં નથી. તેમાંથી ભોગભૂમિમાં ગર્ભજ પંચેન્દ્રિય સંજ્ઞી થલચર અને નભચર એ બન્ને જાતિના તિર્યંચ છે. તથા મનુષ્ય મધ્યલોકના અઢી દ્વીપમાં જ છે, બીજી જગ્યાએ નથી. દેવલોકમાં સ્વર્ગવાસી દેવદેવી છે, અન્ય પંચેન્દ્રિય નથી. પાતાલલોકમાં ઉપરના ભાગમાં ભવનવાસીદેવ તથા વ્યંતરદેવ અને નીચેના ભાગમાં સાત નરકોના નારકી પંચેન્દ્રિય છે, અન્ય કોઇ નથી અને મધ્યલોકમાં ભવનવાસી, વ્યંતરદેવ તથા જ્યોતિષીદેવ એ ત્રણ જાતિના દેવ અને તિર્યંચ છે. આ રીતે ત્રસજીવ લોકમાં કોઇ જગ્યાએ છે કોઇ જગ્યાએ નથી. આ રીતે આ લોક જીવોથી ભરેલો છે. સૂક્ષ્મસ્થાવર વગરનો તો લોકનો કોઈ ભાગ ખાલી નથી, બધી જગ્યાએ સૂક્ષ્મસ્થાવર ભર્યા પડ્યા છે. )

વળી તે જીવો શુદ્ધપારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી શક્તિ–અપેક્ષાએ કેવલજ્ઞાનાદિગુણરૂપ છે, તે કારણે તે જીવરાશિ–જો કે વ્યવહારનયથી કર્મકૃત છે તોપણ નિશ્ચયનયથી શક્તિરૂપે ‘ પરમ બ્રહ્મસ્વરૂપ ’ કહેવાય છે, ‘ પરમવિષ્ણુ ’ કહેવાય છે અને ‘ પરમશિવ ’ કહેવાય છે, તે કારણે જ તે જીવરાશિને જ કેટલાક ‘ પરમબ્રહ્મમય જગત ’ કહે છે, કેટલાક ‘ પરમવિષ્ણુમય ’ કહે છે, વળી કેટલાક ‘ પરમશિવમય ’ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पेक्षया वीतरागसर्वज्ञप्रणीतमार्गेण मन्यन्ते तदा तेषां दूषणं नास्ति, यदि पुनरेकः पुरुषविशेषो व्यापी जगत्कर्ता ब्रह्मादिनामास्तीति मन्यन्ते तदा तेषां दूषणम् । कस्माद् दूषणमिति चेत् । प्रत्यक्षादिप्रमाणबाधितत्वात् साधकप्रमाण-प्रमेयचिन्ता तर्के विचारिता तिष्ठत्यत्र तु नोच्यते अध्यात्मशास्त्रत्वादित्यभि-प्रायः ॥ १०७ ॥ इति षोडशवर्णिकासुवर्णदृष्टान्तेन केवलज्ञानादिलक्षणेन सर्वे जीवाः समाना भवन्तीति व्याख्यानमुख्यतया त्रयोदशसूत्रैरन्तरस्थलं गतम् । एवं मोक्षमोक्षफलमोक्षमार्गादिप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये चतुर्भिरन्तरस्थलैः शुद्धोपयोगवीतरागस्वसंवेदनज्ञानपरिग्रहत्यागसर्वजीवसमानताप्रतिपादनमुख्यत्वेनैकचत्वा-रिंशत्सूत्रैर्महास्थलं समाप्तम् ।

अत ऊर्ध्वं 'परु जाणंतु वि' इत्यादि सप्ताधिकशतसूत्रपर्यन्तं स्थल-संख्याबहिर्भूतान् प्रक्षेपकान् विहाय चूलिकाव्याख्यानं करोति इति—

---

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે—જો તમે પણ આ પ્રમાણે જગતને 'પરમ-બ્રહ્મમય' 'પરમવિષ્ણુમય' 'પરમશિવમય' માનો છો તો પછી તમે અન્યમતવાળાઓને શા માટે દૂષણ આપો છો?

તેનો પરિહાર કહે છે—જો પૂર્વોક્ત નયવિભાગથી કેવલજ્ઞાનાદિ ગુણોની અપેક્ષાએ વીતરાગસર્વજ્ઞપ્રણીત માર્ગાનુસાર માને તો તેમને દૂષણ નથી, પણ જો કોઇ એક પુરુષવિશેષને જગત્‌વ્યાપી, જગત્‌કર્તા તરીકે બ્રહ્માદિના નામ વડે માને છે તો તેમને દૂષણ છે, કારણ કે તે પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી બાધિત છે (જો કોઇ એક શુદ્ધ, બુદ્ધ નિત્ય મુક્ત છે તે શુદ્ધ બુદ્ધને કર્તાપણું, હર્તાપણું સંભવી શકતું નથી કારણ કે ભગવાન મોહથી રહિત છે માટે તેને કર્તા–હર્તાપણાની ઇચ્છા સંભવી શકે નહિ. તે તો નિર્દોષ છે માટે કર્તા–હર્તા ભગવાનને માનવામાં પ્રત્યક્ષ વિરોધ આવે છે) તેના સાધક પ્રમાણ પ્રમેયની વિચારણા ન્યાયશાસ્ત્રોમાં કરવામાં આવી છે. અહીં અધ્યાત્મશાસ્ત્ર હોવાથી તેનું વિવેચન કહેવામાં આવતું નથી એવો અભિપ્રાય છે. ૧૦૭.

આ પ્રમાણે સોળવલા સુવર્ણના દૃષ્ટાંત વડે કેવલજ્ઞાનાદિ લક્ષણથી સર્વ જીવો સમાન છે એવી વ્યાખ્યાનની તેર દોહાસૂત્રોથી અંતરસ્થલ સમાપ્ત થયું.

એ પ્રમાણે મોક્ષમાર્ગ, મોક્ષફલ, અને મોક્ષ આદિના પ્રતિપાદક બીજા મહા-ધિકારમાં ચાર અન્તરસ્થલોથી શુદ્ધોપયોગ, વીતરાગ સ્વસંવેદનરૂપજ્ઞાન, પરિગ્રહત્યાગ અને સર્વ જીવોની સમાનતાના પ્રતિપાદનની મુખ્યતાથી એકતાલીસ સૂત્રોથી મહાસ્થલ સમાપ્ત થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२३५) परु जाणंतु वि परम-मुणि पर-संसग्गु चयंति ।
पर-संगइँ परमप्पयहँ लक्खहँ जेण चलंति ॥ १०८ ॥

परं जानन्तोऽपि परममुनयः परसंसर्गं त्यजन्ति ।
परसंगेन परमात्मनः लक्ष्यस्य येन चलन्ति ॥ १०८ ॥

परु जाणंतु वि इत्यादि पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । परु जाणंतु वि परद्रव्यं जानन्तोऽपि । के ते । परममुणि वीतरागस्वसंवेदनज्ञान-रताः परममुनयः । किं कुर्वन्ति । परसंसग्गु चयंति परसंसर्गं त्यजन्ति निश्चयेनाभ्यन्तरे रागादिभावकर्मज्ञानावरणादिद्रव्यकर्मशरीरादिनोकर्म च बहिर्विषये मिथ्यात्वरागादिपरिणतासंवृतजनोऽपि परद्रव्यं भण्यते । तत्संसर्गं परिहरन्ति । यतः कारणात् परसंसग्गइं [?] पूर्वोक्तबाह्याभ्यन्तर परद्रव्यसंसर्गेण परमप्पयहं वीतरागनित्यानन्दैकस्वभावपरमसमरसीभावपरिणतपरमात्मतत्त्वस्य । कथंभूतस्य । लक्खहं लक्ष्यस्य ध्येयभूतस्य धनुर्विद्याभ्यासप्रस्तावे लक्ष्यरूपस्यैव जेण चलंति

---

આની પછી 'परू जाणंतु वि' ઈત્યાદિ એકસો સાત ગાથાસૂત્ર સુધી સ્થલ-સંખ્યાથી બહિર્ભૂત પ્રક્ષેપકોને છોડીને ચૂલિકાનું વ્યાખ્યાન કરે છે તે આ પ્રમાણે:—

### ગાથા—૧૦૮

**અન્વયાર્થ:**—[ परम मुनयः ] પરમ મુનિઓ [ परं जानन्तः अपि ] પર-દ્રવ્યને જાણતા થકા પણ [ परसंसर्गं ] પરદ્રવ્યના સંસર્ગને [ त्यजन्ति ] છોડે છે [ येन ] કારણ કે તેઓ [ परसंसर्गेण ] પરદ્રવ્યના સંસર્ગથી [ चलन्ति ] ચલિત થઈ જાય છે.

**ભાવાર્થ:**—વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમાં રત પરમમુનિઓ પરદ્રવ્યને જાણતા થકા પરસંસર્ગને છોડે છે–નિશ્ચયથી અભ્યંતરમાં રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મ તથા બહારમાં મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણત અસંવૃતજન ( અસંયમી જીવ ) એ બધું પરદ્રવ્ય કહેવાય છે, તેનો સંગ છોડે છે; કારણ કે જેવી રીતે ધનુર્વિદ્યાના અભ્યાસ સમયે બીજે લક્ષ જતાં, ધનુર્ધારી લક્ષ્યરૂપથી ચલિત થાય છે તેવી રીતે મુનિઓ પૂર્વોક્ત બાહ્ય, અભ્યંતર પરદ્રવ્યના સંસર્ગથી ધ્યેયભૂત, વીતરાગનિત્યાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમસમરસી ભાવરૂપે પરિણત પરમાત્મતત્ત્વથી ચલિત થાય છે-ત્રણ ગુપ્તિયુક્ત સમાધિથી ચ્યુત થાય છે.

અહીં પરમધ્યાનના વિઘાતક હોવાથી મિથ્યાત્વ, રાગાદિ પરિણામરૂપ અથવા મિથ્યાત્વ રાગાદિ પરિણામોમાં પરિણત પુરુષરૂપ એવો પરસંસર્ગ છોડવા યોગ્ય છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



येन कारणेन चलन्ति त्रिगुप्तिसमाधेः सकाशात् च्युता भवन्तीति । अत्र परमध्यानाविघातकत्वान्मिथ्यात्वरागादिपरिणामस्तत्परिणतः पुरुषरूपो वा परसंसर्गस्त्यजनीय इति भावार्थः ॥ १०८ ॥

अथ तमेव परद्रव्यसंसर्गत्यागं कथयति—

२३६) जो सम-भावहँ बाहिरउ तिं सहुं मं करि संगु ।
चिंता-सायरि पडहि पर अण्णु वि डज्झइ अंगु ॥ १०९ ॥

यः समभावाद् बाह्यः तेन सह मा कुरु संगम् ।
चिंतासागरे पतसि परं अन्यदपि दह्यते अङ्गः ॥ १०९ ॥

यो इत्यादि । जो यः कोऽपि समभावहं बाहिरउ जीवितमरणलाभालाभादिसमभावानुकूलविशुद्धज्ञानदर्शनस्वभावज्ञानपरमात्मद्रव्यसम्यक्श्रद्धानज्ञानुष्ठानरूपसमभावबाह्यः । तिं सहुं मं करि संगु तेन सह संसर्गं मा कुरु हे आत्मन् । यतः किम् । चिंतासायरि पडहि रागद्वेषादिकल्लोलरूपे चिन्तासमुद्रे पतसि । पर परं नियमेन । अण्णु वि अन्यदपि दूषणं भवति । किम् । डज्झइ दह्यते व्याकुलं भवति । किं दह्यते । अंगु शरीरं इति ।

---

એવો ભાવાર્થ છે. ૧૦૮.

હવે તે જ પરદ્રવ્યના સંસર્ગને છોડવાનું કહે છેઃ—

## ગાથા–૧૦૯

**અન્વયાર્થઃ**—હે આત્મા! [ यः ] જે કોઈ [ समभावात बाह्यः ] સમભાવથી રહિત છે [ तेन सह ] તેની સાથે [ संगं ] સંગ [ मा कुरु ] ન કર. કારણકે તેની સાથે સંગ કરવાથી [ चिंता सागरे ] ચિંતારૂપી સમુદ્રમાં [ पतसि ] તું પડીશ, [ अन्यत् अपि ] બીજું પણ એ દૂષણ આવશે કે [ परं ] નિયમથી [ अंगः ] દેહ પણ [ दह्यते ] બળતું રહેશે.

**ભાવાર્થઃ**—જે કોઈ જીવિત-મરણ, લાભ અલાભ આદિમાં સમભાવને અનુકૂલ વિશુદ્ધજ્ઞાન અને વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્-અનુષ્ઠાનરૂપ સમભાવથી બાહ્ય (રહિત) છે તેની સાથે હે આત્મા! તું સંસર્ગ ન કર; કારણ કે તેની સાથે સંસર્ગ કરવાથી તું રાગદ્વેષાદિના કલ્લોલરૂપ ચિંતાસમુદ્રમાં પડીશ. વળી બીજું દૂષણ એ આવશે કે શરીર પણ નિયમથી બળશે-વ્યાકુળ થશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अयमत्र भावार्थः । वीतरागनिर्विकल्पसमाधिभावनाप्रतिपक्षभूतरागादिस्वकीयपरिणाम एव निश्चयेन पर इत्युच्यते । व्यवहारेण तु मिथ्यात्वरागादिपरिणतपुरुषः सोऽपि कथंचित्, नियमो नास्तीति ॥ १०९ ॥

अथैतदेव परसंसर्गदूषणं दृष्टान्तेन समर्थयति—

**२३७) भल्लाहँ वि णासंति गुण जहँ संसग्ग खलेहिं ।**
**वइसाणरु लोहहँ मिलिउ तें पिट्टियइ घणेहिं ॥ ११० ॥**

भद्राणामपि नश्यन्ति गुणाः येषां संसर्गः खलैः ।
वैश्वानरो लोहेन मिलितः तेन पिट्टयते घनैः ॥ ११० ॥

भल्लाहं वि इत्यादि । भल्लाहं वि भद्राणामपि स्वस्वभावसहितानामपि णासन्ति गुण नश्यन्ति परमात्मोपलब्धिलक्षणगुणाः । येषां किम् । जहं संसग्गु येषां संसर्गः । कैः सह । खलेहिं परमात्मपदार्थप्रतिपक्षभूतैर्निश्चयनयेन स्वकीयबुद्धिदोषरूपैः रागद्वेषादिपरिणामैः खलैर्दुष्टैर्व्यवहारेण तु मिथ्यात्वरागादिपरिणतपुरुषैः । अस्मिन्नर्थे दृष्टान्तमाह । वइसाणरु लोहहं मिलिउ वैश्वानरो लोहमिलितः ।

---

અહીં આ ભાવાર્થ છે કે વીતરાગ નિર્વિકલ્પ સમાધિની ભાવનાથી પ્રતિપક્ષભૂત રાગાદિરૂપ સ્વકીય પરિણામ જ નિશ્ચયથી 'પર' ('પરદ્રવ્ય') કહેવાય છે અને વ્યવહારથી મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણત પુરુષ તે પણ કથંચિત્ ( પર કહેવાય છે, ) નિયમ નથી. ૧૦૯.

હવે પરદ્રવ્યનો સંસર્ગ દૂષણ છે એ જ કથનને દૃષ્ટાંત વડે દૃઢ કરે છેઃ—

## ગાથા—૧૧૦

**અન્વયાર્થઃ**—[ वैश्वानरः ] જેવી રીતે અગ્નિ [ लोहेन मिलितः ] લોઢાનો સંગ પામે છે [ तेन ] તેથી [ घनैः ] ઘણ વડે [ पिट्टयते ] ટિપાય છે તેવી રીતે [ खलैः सह ] દુષ્ટોની સાથે [ येषां ] જેમનો [ संसर्गः ] સંસર્ગ છે એવા [ भद्राणां अपि ] ભદ્ર જીવોના પણ [ गुणाः ] ગુણો [ नश्यन्ति ] નાશ પામે છે.

**ભાવાર્થઃ**—સ્વસ્વભાવસહિત ભદ્ર જીવોના પરમાત્માની પ્રાપ્તિસ્વરૂપ ગુણો, પરમાત્મપદાર્થના પ્રતિપક્ષભૂત અને નિશ્ચયનયથી સ્વકીયબુદ્ધિદોષરૂપ દુષ્ટ રાગદ્વેષ આદિ પરિણામો અને વ્યવહારનયથી મિથ્યાત્વ, રાગાદિરૂપે પરિણત દુષ્ટ પુરુષો સાથેના સંસર્ગથી, નાશ પામે છે. આનું સમર્થન કરવા માટે દૃષ્ટાંત કહે છે. અગ્નિ લોઢાનો સંગ પામે છે તેથી ઘણો વડે ટિપાયા કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



र्तें तेन कारणेन पिट्टियइघणेहिं पिट्टनक्रियां लभते । कैः घनैरिति । अत्राना-कुलत्वसौख्यविघातको येन दृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानबन्धाद्यपध्यानपरिणाम एव परसंसर्गस्त्याज्यः । व्यवहारेण तु परपरिणतपुरुष इत्याभिप्रायः ॥ ११० ॥

अथ मोहपरित्यागं दर्शयति—

२३८) जोइय मोहु परिच्चियहि मोहु ण भल्लउ होइ ।
मोहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ ॥ १११ ॥

योगिन् मोहं परित्यज मोहो न भद्रो भवति ।
मोहासक्तं सकलं जगद् दुःखं सहमानं पश्य ॥ १११ ॥

जोइय इत्यादि । जोइय हे योगिन् मोहु परिच्चयहि निर्मोहपरमात्मस्व-रूपभावनाप्रतिपक्षभूतं मोहं त्यज । कस्मात् । मोहु ण भल्लउ होइ मोहो भद्रः समीचीनो न भवति । तदपि कस्मात् । मोहासत्तउ सयलु जगु मोहासक्तं समस्तं जगत् निर्मोहशुद्धात्मभावनारहितं दुक्खु सहंतउ जोइ अनाकुलत्वलक्षण-

---

અહીં અનાકુલતારૂપ સુખના વિઘાતક, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની વાંછારૂપ નિદાનબંધ આદિ અપધ્યાનરૂપ પરિણામરૂપ જ પરસંસર્ગ ત્યાજ્ય છે અને વ્યવહારથી પરપરિણત પુરુષ ત્યાજ્ય છે એવો અભિપ્રાય છે. ૧૧૦.

હવે મોહનો ત્યાગ કરવાનું દર્શાવે છેઃ—

ગાથા—૧૧૧

**અન્વયાર્થઃ**—[ योगिन् ] હે યોગી! તું [ मोहं ] મોહને [ परित्यज ] છોડ કારણ કે [ मोहः ] મોહ [ भद्रः ] ભદ્ર-સમીચીન-[ न भवति ] નથી; કેમકે [ मोहासक्तं सकलं जगत ] મોહાસક્ત સમસ્ત જગતને [ दुःखं सहमानं ] દુઃખને સહન કરતું [ पश्य ] તું દેખ.

**ભાવાર્થઃ**—હે યોગી! તું નિર્મોહ એવા પરમાત્મસ્વરૂપની ભાવનાથી પ્રતિપક્ષભૂત એવા મોહને તું છોડ, કારણ કે મોહ સમીચીન નથી. શા માટે? કારણ કે નિર્મોહ એવા શુદ્ધ આત્માની ભાવનાથી રહિત મોહાસક્ત સમસ્ત જગતને, આકુલતા જેનું લક્ષણ છે એવા પારમાર્થિક સુખથી વિલક્ષણ અને આકુલતાના ઉત્પાદક એવા દુઃખને સહન કરતું તું દેખ.

અહીં કહે છે કે પૂર્વે છોડી દીધેલ બહિરંગ સ્ત્રી, પુત્રાદિમાં ફરીથી વાસનાના વશે સ્મરણરૂપ મોહ તો ન કરવો એ તો ઠીક, પરંતુ શુદ્ધાત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



पारमार्थिकसुखविलक्षणमाकुलत्वोत्पादकं दुःखं सहमानं पश्येति । अत्रास्तां तावद् बहिरङ्गपुत्रकलत्रादौ पूर्वं परित्यक्ते पुनर्वासनावशेन स्मरणरूपो मोहो न कर्तव्यः । शुद्धात्मभावनास्वरूपं तपश्चरणं तत्साधकतभूशरीरं तस्यापि स्थित्यर्थमशनपानादिकं यद्गृह्यमाणं तत्रापि मोहो न कर्तव्य इति भावार्थः ॥ १११ ॥

अथ स्थलसंख्याबहिर्भूतमाहारमोहविषयनिराकरणसमर्थनार्थं प्रक्षेपकत्रयमाह तद्यथा—

२३९) काऊण णग्गरूवं बीभस्सं दड्ढ-मडय-सारिच्छं ।
अहिलससि किं ण लज्जसि भिक्खाए भोयणं मिट्ठं ॥१११*२॥

कृत्वा नग्नरूपं बीभत्सं दग्धमृतकसदृशम् ।
अभिलषसि किं न लज्जसे भिक्षायां भोजनं मिष्टम् ॥ १११*२ ॥

काऊण इत्यादि । काऊण कृत्वा । किम् णग्गरूवं नग्नरूपं निर्ग्रन्थं जिनरूपम् । कथंभूतम् । बीभत्थं ( च्छं ? ) भयानकम् । पुनरपि कथंभूतम् । दड्ढमडयसारिच्छं दग्धमृतकसदृशम् । एवंविधिं रूपं धृत्वा हे तपोधन अहिलससि अभिलाषं करोषि किं ण लज्जसि लज्जां किं न करोषि किं कुर्वाणः सन् । भिक्खाए भोयणं मिट्ठं भिक्षायां भोजनं मिष्टं इति मन्यमानः सन्निति । श्रावकेण तावदाहाराभयभैषज्यशास्त्रदानं तात्पर्येण दातव्यम् । आहारदानं येन

---

ભાવનાસ્વરૂપ જે તપશ્ચરણ તેના સાધકભૂત જે શરીર તેની સ્થિતિ માટે ( તેને ટકાવવા માટે ) પણ જે અન્ન, જલાદિક લેવામાં આવે છે તેમની ઉપર પણ મોહ ન કરવો એવો ભાવાર્થ છે. ૧૧૧.

હવે આહારના મોહના ત્યાગનું સમર્થન કરવા માટે સ્થલસંખ્યાથી બહાર ત્રણ પ્રક્ષેપક ગાથાસૂત્રો કહે છેઃ—

ગાથા—૧૧૧*૨

**અન્વયાર્થ**:—[ बीभत्सं ] ભયાનક, [ दग्धमृतकसदृशं ] દગ્ધ ( બળેલા ) મડદા સમાન [ नग्नरूपं कृत्वा ] નગ્નરૂપને નિર્ગ્રંથ જિનરૂપને-ધારણ કરીને હે તપોધન! [ भिक्षायां भोजनं मिष्टं ] ભિક્ષામાં ભોજન સ્વાદિષ્ટ મળે તો સારું એમ માનીને [ अभिलषसि ] તું તેની ઇચ્છા કરે છે તો તું [ किं न लज्जसे ] કેમ શરમાતો નથી ?

**ભાવાર્થ**:—શ્રાવકે તો તાત્પર્યપૂર્વક આહાર, અભય, ભૈષજ્ય અને શાસ્ત્ર એ ચાર પ્રકારનું દાન આપવું જોઇએ. જેણે આહારદાન આપ્યું તેણે શુદ્ધ આત્માની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दत्तं तेन शुद्धात्मानुभूतिसाधकं बाह्याभ्यन्तरभेदभिन्नं द्वादशविधं तपश्चरणं दत्तं भवति । शुद्धात्मभावनालक्षणसंयमसाधकस्य देहस्यापि स्थितिः कृता भवति । शुद्धात्मोपलम्भप्राप्तिरूपा भवान्तरगतिरपि दत्ता भवति । यद्यप्येवमादिगुणविशिष्टं चतुर्विधदानं श्रावकाः प्रयच्छन्ति तथापि निश्चयव्यवहाररत्नत्रयाराधकतपोधनेन बहिरङ्गसाधनीभूतमाहारादिकं किमपि गृह्णतापि स्वस्वभावप्रतिपक्षभूतो मोहो न कर्तव्य इति तात्पर्यम् ॥ १११*२ ॥

अथः—

२४०) जइ इच्छसि भो साहू बारह-विह-तवहलं महा-विउलं ।
तो मण-वयणे काए भोयण-गिद्धी विवज्जेसु ॥ १११*३ ॥

यदि इच्छसि भो साधो द्वादशविधतपःफलं महद्विपुलम् ।
ततः मनोवचनयोः काये भोजनगृद्धिं विवर्जयस्व ॥ १११*३ ॥

जइ इच्छसि यदि इच्छसि भो साधो द्वादशविधतपःफलम् । कथंभूतम् । महद्विपुलं स्वर्गापवर्गरूपं ततः कारणात् वीतरागनिजानन्दैकसुखरसास्वादानुभवेन तृप्तो भूत्वा मनोवचनकायेषु भोजनगृद्धिं वर्जय इति तात्पर्यम् ॥ १११*३ ॥

---

અનુભૂતિનું સાધક બાહ્ય અભ્યંતર ભેદથી ભેદવાળું બાર પ્રકારનું તપશ્ચરણનું દાન આપ્યું છે. તેણે શુદ્ધ આત્માની ભાવનાસ્વરૂપ સંયમના સાધક એવા દેહની સ્થિતિ પણ કરી છે અને તેણે શુદ્ધાત્મોપલંભની પ્રાપ્તિરૂપ મોક્ષગતિ પણ આપી છે.

જો કે આ પ્રમાણેના ગુણથી વિશિષ્ટ ચાર પ્રકારના દાન શ્રાવકો આપે છે તોપણ નિશ્ચય વ્યવહારરત્નત્રયના આરાધક એવા તપોધને બહિરંગ સાધનભૂત કોઈ પણ આહારાદિકને ગ્રહણ કરતાં છતાં પણ, સ્વસ્વભાવથી પ્રતિપક્ષભૂત મોહ ન કરવો એવું તાત્પર્ય છે. ૧૧૧*૨

હવે ફરી પણ ભોજનની લાલસાનો ત્યાગ કરાવે છે:—

## ગાથા—૧૧૧*૩

**અન્વયાર્થ:**—[ भो साधो ] હે સાધુ! [ यदि ] જો તું [ महद्विपुलं द्वादशविधतपःफलं ] બાર પ્રકારના તપના સ્વર્ગમોક્ષરૂપ મહાવિપુલફલને [ इच्छसि ] ઇચ્છે છે [ ततः ] તે કારણે માત્ર વીતરાગ નિજાનંદરૂપ એક (કેવલ) સુખરસના આસ્વાદના અનુભવથી તૃપ્ત થઈને [ मनोवचनयोः काये ] મન, વચન અને કાયથી [ भोजनगृद्धिं ] આહારની ગૃદ્ધિ (લોલુપતા) છોડ એવું તાત્પર્ય છે. ૧૧૧*૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उक्तं च—

२४१) जे सरसिं संतुट्ठ-मण विरसि कसाउ वहंति ।
ते मुणि भोयण-घार गणि णवि परमत्थु मुणंति ॥११११*४॥

ये सिरसेन संतुष्टमनसः विरसे कषायं वहन्ति ।
ते मुनयः भोजनगृध्राः गणय नैव परमार्थं मन्यन्ते ॥ १११*४ ॥

जे इत्यादि । जे सरसिं संतुट्ठमण ये केचन सरसेन सरसाहारेण संतुष्टमनसः विरसि कसाउ वहंति विरसे विरसाहारे सति कषायं वहन्ति कुर्वन्ति ते ते पूर्वोक्ताः मुणि मुनयस्तपोधनाः भोयणधार गणि भोजनविषये गृध्रसदृशान् गणय मन्यस्व जानीहि । इत्थंभूताः सन्तः णवि परमत्थु मुणंति नैव परमार्थं मन्यन्ते जानन्तीति । अयमत्र भावार्थः । गृहस्थानामाहारदानादिकमेव परमो धर्मस्तेनैव सम्यक्त्वपूर्वेण परंपरया मोक्षं लभन्ते कस्मात् स एव परमो धर्म इति चेत्, निरन्तरविषयकषायाधीनतया आर्तरौद्रध्यानरतानां निश्चयरत्नत्रयलक्षणस्य शुद्धोपयोगपरमधर्मस्यावकाशो नास्तीति । शुद्धोपयोगपरमधर्मरतैस्तपो-

---

વળી કહ્યું છે કેઃ—

## ગાથા—૧૧૧*૪

**અન્વયાર્થઃ**—[ ये ] જે કોઈ [ सरसेन ] સરસ ( સ્વાદિષ્ટ ) આહારથી ( संतुष्ट मनसः ) મનમાં સંતોષાય છે અને [ विरसे ] નીરસ આહાર મળતાં, [ कषायं वहन्ति ] કષાય કરે છે [ ते मुनयः ] તે પૂર્વોક્ત તપોધનો [ भोजनगृध्राः ] ગીધપક્ષીની જેમ આહારના લોલુપી છે [ गणय ] એમ તું સમજ. તેવા લોલુપી મુનિઓ [ परमार्थं ] પરમાર્થને [ न एव मन्यते ] જાણતા નથી.

**ભાવાર્થ**—ગૃહસ્થોનો આહારદાનાદિક જ પરમ ધર્મ છે, સમ્યક્ત્વ સહિત તેનાથી ( આહારાદિકથી )જ તેઓ પરંપરાએ મોક્ષ મેળવે છે શા માટે ગૃહસ્થોનો તે જ પરમ ધર્મ છે? ( એ કારણે કે ) નિરંતર વિષયકષાયને આધીન હોવાથી તેઓ આર્ત અને રૌદ્રધ્યાનમાં રત જીવોને નિશ્ચયરત્નત્રયસ્વરૂપે શુદ્ધોપયોગરૂપ પરમ-ધર્મનો તો તેમને અવકાશ નથી. ( અર્થાત્ ગૃહસ્થોને શુભોપયોગની જ મુખ્યતા છે. )

શુદ્ધોપયોગરૂપ પરમધર્મમાં રત તપોધનોએ તો અન્ન-પાનાદિ બાબતમાં માન-અપમાનમાં સમતા ધારીને યથાલાભથી ( જે મળે તેમાં ) સંતોષ કરી લેવો જોઈએ—સંતોષ રાખવો જોઈએ ). ૧૧૧*૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



धनैस्त्वन्नपानादिविषये मानापमानसमतां कृत्वा यथालाभेन संतोषः कर्तव्य इति ॥ १११*४ ॥

अथ शुद्धात्मोपलम्भाभावे सति पञ्चेन्द्रियविषयासक्त जीवानां विनाशं दर्शयति—

२४२) रूवि पयंगा सद्दि मय गय फासहि णासंति ।
अलिउल गंधइँ मच्छ रसि किम् अणुराउ करंति ॥ ११२ ॥

रूपे पतङ्गाः शब्दे मृगाः गजाः स्पर्शैः नश्यन्ति ।
अलिकुलानि गन्धेन मत्स्याः रसे किं अनुरागं कुर्वन्ति ॥ ११२ ॥

रूवि इत्यादि । रूपे समासक्ताः पतङ्गाः शब्दे मृगा गजाः [१]स्पर्शैः गन्धेनालिकुलानि मत्स्या रसासक्ता नश्यन्ति यतः कारणात् ततः कारणात्कथं

---

હવે શુદ્ધાત્માની પ્રાપ્તિનો અભાવ હોતાં, પાંચ ઇન્દ્રિયના વિષયમાં આસક્ત જીવોનો વિનાશ થાય છે એમ દર્શાવે છેઃ—

## ગાથા—૧૧૨

**અન્વયાર્થઃ**—[ रूपे पतंगाः ] રૂપના વિષયમાં આસક્ત પતંગ, [ शब्दे मृगाः ] શબ્દના વિષયમાં આસક્ત મૃગો, [ स्पर्शैः गजाः ] સ્પર્શના વિષયમાં આસક્ત હાથીઓ, [ गंधेन अलिकुलानि ] ગંધના વિષયમાં આસક્ત ભ્રમરાઓ અને [ रसे मत्स्याः ] રસના વિષયમાં આસક્ત માછલાંઓ [ नश्यन्ति ] પ્રાણ ગુમાવે છે તો પછી [ किं अनुरागं कुर्वन्ति ] વિવેકી પુરુષો શા માટે વિષયોમાં અનુરાગ કરે? ( રૂપના વિષયમાં લીન થઇને પતંગિયાં દીવામાં પડીને મરણ પામે છે, શબ્દના વિષયમાં લીન થઇને હરણો પારાધીના બાણથી હણાય છે, સ્પર્શના વિષયમાં લીન થઇને હાથીઓ બંધાઈ જાય છે, ગંધના વિષયમાં લીન થઇને ભ્રમરાઓ કમલમાં બિડાઈ જઈ પ્રાણ છોડે છે અને રસના વિષયમાં લીન થઇને માછલાંઓ માચ્છીમારના હાથે મરાય છે. આ રીતે એક એક વિષયમાં કષાયથી આસક્ત જીવ પ્રાણ ગુમાવે છે તો પછી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જે આસક્ત છે તેને માટે કહેવું શું? એમ જાણીને વિવેકી જીવ વિષયમાં પ્રીતિ કરતા નથી. )

**ભાવાર્થઃ**—પાંચ ઇન્દ્રિયના વિષયોની આકાંક્ષાથી માંડીને સમસ્ત અપધ્યાનના વિકલ્પોથી રહિત-શૂન્ય ( ખાલી ), સ્પર્શનાદિ ઇન્દ્રિય વિષયકષાયથી અતીત એવા નિર્દોષ

---

૧. પાઠાન્તરઃ—स्पर्शैः=स्पर्शो

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तेषु विषयेष्वनुरागं कुर्वन्तीति । तथाहि पञ्चेन्द्रियविषयाकांक्षाप्रभृतिसमस्तापध्यान-विकल्पै रहितः शून्यः स्पर्शनादीन्द्रियकषायातीतनिर्दोषिपरमात्मसम्यक्श्रद्धानज्ञाना-नुचरणरूपनिर्विकल्पसमाधिसंजातवीतरागपरमाह्लादैकलक्षणसुखामृतरसास्वादेन पूर्णकलशवद्भरितावस्थः केवलज्ञानादिव्यक्तिरूपस्य कार्यसमयसारस्योत्पादकः शुद्धोपयो-गस्वभावो योऽसावेवंभूतः कारणसमयसारः तद्भावनारहिता जीवाः पञ्चेन्द्रिय-विषयाभिलाषवशीकृता नश्यन्तीति ज्ञात्वा कथं तत्रासक्तिं गच्छन्ति ते विवेकिन इति । अत्र पतङ्गादय एकैकविषयासक्ता नष्टाः, ये तु पञ्चेन्द्रियविषयमोहितास्ते विशेषेण नश्यन्तीति भावार्थः ॥ ११२ ॥

अथ लोभकषायदोषं [1]दर्शयति—

२४३) जोइय लोहु परिच्चयहि लोहु ण भल्लउ होइ ।
लोहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ ॥ ११३ ॥

योगिन् लोभं परित्यज लोभो न भद्रः भवति ।
लोभासक्तं सकलं जगद् दुःखं सहमानं पश्य ॥ ११३ ॥

---

પરમાત્માનાં સમ્યક્ શ્રદ્ધાન સમ્યગ્જ્ઞાન સમ્યગ્ અનુચરણરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ પરમ આહ્લાદ જેનું એક લક્ષણ છે એવા સુખામૃતરસના આસ્વાદથી, પૂર્ણ (છલોછલ ભરેલા કલશની જેમ પરિપૂર્ણ, કેવલજ્ઞાનાદિની વ્યક્તિરૂપ કાર્યસમયસારનો ઉત્પાદક એવો જ શુદ્ધોપયોગસ્વરૂપ કારણ સમયસાર તેની ભાવનાથી રહિત અને પાંચ ઇન્દ્રિયોના વિષયોની અભિલાષાને વશ થયેલ જીવો નાશ પામે છે.

અહીં પતંગાદિ જીવો એક એક વિષયમાં આસક્ત થઇને નાશ પામે છે તો પછી જેઓ પાંચેય ઇન્દ્રિયોના વિષયમાં મોહિત છે તેઓ વિશેષપણે નાશ પામે છે એવો ભાવાર્થ છે. ૧૧૨.

હવે લોભ કષાયનો દોષ બતાવે છેઃ—

## ગાથા—૧૧૩

**અન્વયાર્થઃ**—[ **योगिन्** ] હે યોગી! તું [ **लोभं** ] લોભને [ **परित्यज** ] છોડ કારણ કે [ **लोभः** ] લોભ [ **भद्रः न भवति** ] સમીચીન નથી, [ **लोभासक्तः सकलं जगत** ] લોભસક્ત સમસ્ત જગતને [ **दुःखं सहमानं पश्य** ] દુઃખને સહન કરતું તું દેખ.

---

૧ પાઠાન્તરઃ—दर्शयति=प्रतिपादयति

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हे योगिन् लोभं परित्यज । कस्मात् । लोभो भद्रः समीचीनो न भवति । लोभासक्तं समस्तं जगद् दुःखं सहमानं पश्येति । तथाहि—लोभकषायविपरीतात् परमात्मस्वभावाद्विपरीतं लोभं त्यज हे प्रभाकरभट्ट । यतः कारणात् निर्लोभपरमात्मभावनारहिताजीवा दुःखमुपभुञ्जानास्तिष्ठन्तीति तात्पर्यम् ॥११॥

अथामुमेव लोभकषायदोषं दृष्टान्तेन समर्थयति—

२४४) तलि अहिरणि वरि घणवडणु संडस्सय लुंचोडु ।
लोहहँ लग्गिवि हुयवहहँ पिक्खु पडंतउ तोडु ॥ ११४ ॥

तले अधिकरणं उपरि घनपातनं संदंशकलुञ्चनम् ।
लोहं लगित्वा हुतवहस्य पश्य पतत् त्रोटनम् ॥ ११४ ॥

तले अधस्तनभागेऽधिकरणसंज्ञोपकरणं उपरितनभागे घनघातपातनं तथैव संडसकसंज्ञेनोपकरणेन लुञ्चनमाकर्षणम् । केन । लोहपिण्डनिमित्तेन । कस्य । हुतभुजोऽग्नेः त्रोटनं खण्डनं पतन्त पश्येति । अयमत्र भावार्थः । यथा लोहपिण्डसंसर्गादग्निरज्ञानिलोकपूज्या प्रसिद्धा देवता पिट्टनक्रियां लभते तथा लोभादिकषायपरिणतिकारणभूतेन पञ्चेन्द्रियशरीरसंबन्धेन निर्लोभपरमात्मतत्त्वभावना रहितो जीवो घनघातस्थानीयानि नारकादिदुःखानि बहुकालं सहत इति ॥११४॥

---

**ભાવાર્થ**:—હે પ્રભાકર ભટ્ટ! લોભકષાયથી વિપરીત એવા પરમાત્મસ્વભાવથી વિપરીત લોભને તું છોડ, કારણકે નિર્લોભ એવા પરમાત્માની ભાવનાથી રહિત જીવો દુઃખ ભોગવી રહ્યાં છે. ૧૧૩.

હવે આ જ લોભકષાયના દોષ દૃષ્ટાંતથી સિદ્ધ કરે છેઃ—

### ગાથા–૧૧૪

**અન્વયાર્થ**:—[ लोह लगित्वा ] લોઢાનો સંબંધ પામીને લોઢાના ગોળાના નિમિત્તે–[ हुतवहस्य ] અગ્નિને [ तले अधिकरणं उपरि घनपातनं ] નીચે રાખેલ એરણ નામના ઉપકરણની ભીંસ અને ઘણના ઘાનો માર, તેમ જ [ संदशकलुञ्चनं ] સાણસી નામના સાધનથી ખેંચાવું, [ त्रोटनं ] તણખારૂપે ત્રુટવું એ રીતે [ पतन्तं ] કષ્ટ પડતાં [ पश्य ] તું દેખ.

**ભાવાર્થ**:—જેમ લોઢાના ગોળાના સંસર્ગથી અગ્નિ કે જે અજ્ઞાની લોકોમાં પૂજ્ય અને પ્રસિદ્ધ દેવ છે તે પણ ટિપાય છે તેમ લોભાદિ કષાયપરિણતિના કારણભૂત પંચેન્દ્રિય શરીરના સંબંધથી નિર્લોભ પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત જીવ ઘણના ઘા સમાન નરકાદિનાં દુઃખો ઘણા કાલ સુધી સહન કરે છે. ૧૧૪.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ स्नेहपरित्यागं कथयति—

२४५) जोइय णेहु परिच्चयहि णेहु ण भल्लउ होइ ।
णेहासत्तउ सयलु जगु दुक्खु सहंतउ जोइ ॥ ११५ ॥

योगिन् स्नेहं परित्यज स्नेहो न भद्रो भवति ।
स्नेहासक्तं सकलं जगद् दुःखं सहमानं पश्य ॥ ११५ ॥

रागादिस्नेहप्रतिपक्षभूते वीतरागपरमात्मपदार्थध्याने स्थित्वा शुद्धात्मतत्त्वाद्विपरीतं हे योगिन् स्नेहं परित्यज । कस्मात् । स्नेहो भद्रः समीचीनो न भवति । तेन स्नेहेनासक्तं सकलं जगन्निःस्नेहशुद्धात्मभावनारहितं विविधशारीरमानसरूपं बहुदुःखं सहमानं पश्येति । अत्र भेदाभेदरत्नत्रयात्मकमोक्षमार्गं मुक्त्वा तत्प्रतिपक्षभूते मिथ्यात्वरागादौ स्नेहो न कर्तव्य इति तात्पर्यम् । उक्तं च—"तावदेव सुखी जीवो यावन्न स्निह्यते क्वचित् । स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे ॥" ॥ ११५ ॥

---

હવે સ્નેહનો ત્યાગ કરવાનું કહે છેઃ—

### ગાથા—૧૧૫

**અન્વયાર્થઃ—**[ योगिन् ] હે યોગિ ! તું [ स्नेहं ] સ્નેહ [ परित्यज ] છોડ કારણ કે [ स्नेहः ] સ્નેહ [ भद्रः ] ભદ્ર-સમીચીન-[ न भवति ] નથી, [ स्नेहासक्तं ] સ્નેહથી આસક્ત [ सकलं जगत ] સકલ જગતને [ दुःखं सहमानः ] દુઃખ ભોગવતું [ पश्य ] તું દેખ.

**ભાવાર્થઃ—**હે યોગી ! રાગાદિ સ્નેહથી પ્રતિપક્ષભૂત એવા વીતરાગ પરમાત્મપદાર્થના ધ્યાનમાં સ્થિત થઈને શુદ્ધ આત્મતત્ત્વથી વિપરીત એવા સ્નેહને તું છોડ. શા માટે ? કારણ કે સ્નેહ સમીચીન નથી. તે સ્નેહમાં આસક્ત સકલ જગતને નિઃસ્નેહ એવા શુદ્ધ આત્માની ભાવનાથી રહિત શારીરિક અને માનસિક અનેક પ્રકારનાં ઘણાં દુઃખોને સહન કરતું તું દેખ.

અહીં ભેદાભેદરત્નત્રયાત્મક મોક્ષમાર્ગ છોડીને, તેના પ્રતિક્ષભૂત મિથ્યાત્વ, રાગાદિમાં સ્નેહ ન કરવો એવું તાત્પર્ય છે. કહ્યું પણ છે કે "तावदेव सुखी जीवो यावन्न स्निह्यते क्वचित् । स्नेहानुविद्धहृदयं दुःखमेव पदे पदे ॥" ( **અર્થઃ—**જીવ ત્યાં સુધી સુખી છે કે જ્યાં સુધી જગતના કોઈપણ પદાર્થ પ્રત્યે સ્નેહ કરતો નથી. સ્નેહથી વીંધાયેલું ( સ્નેહયુક્ત ) હૃદય ડગલે ને ડગલે દુઃખ જ પામે છે. ૧૧૫.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ स्नेहदोषं दृष्टान्तेन द्रढयति—

२४६) जलसिंचणु पय-णिद्दलणु पुणु पुणु पीलण-दुक्खु ।
णेहहँ लग्गिवि तिल-णियरु जंति सहंतउ पिक्खु ॥ ११६ ॥

जलसिञ्चन पादनिर्दलनं पुनः पुनः पीडनदुःखम् ।
स्नेहं लगित्वा तिलनिकरं यन्त्रेण सहमानं पश्य ॥ ११६ ॥

जलसिंचनं पादनिर्दलनं पुनः पुनः पीडनदुखं स्नेहनिमित्तं तिलनिकरं यन्त्रेण सहमानं पश्येति । अत्रवीतरागचिदानन्दैकस्वभावं परमात्मतत्त्वमसेवमाना अजानन्तो वीतरागनिर्विकल्पसमाधिबलेन निश्चलचित्तेनाभावयन्तश्च जीवा मिथ्या-मार्गं रोचमानाः पञ्चेन्द्रियविषयासक्ताः सन्तो नरनारकादिगतिषु यन्त्रपीड-नक्रकचविदारणशूलारोहणादि नानादुःखं सहन्त इति भावार्थः ॥ ११६ ॥

उक्तं च—

२४७) ते चिय धण्णा ते चिय सप्पुरिसा ते जियंतु जिय-लोए ।
वोद्दह-दहम्मि पडिया तरंति जे चेव लीलाए ॥ ११७ ॥

ते चैव धन्याः ते चैव सत्पुरुषाः ते जीवन्तु जीवलोके ।
यौवनद्रहे पतिताः तरन्ति ये चैव लीलया ॥ ११७ ॥

---

હવે સ્નેહના દોષને દૃષ્ટાંત વડે દૃઢ કરે છેઃ—

## ગાથા-૧૧૬

**અન્વયાર્થ**:—[ **तिलनिकरं** ] જેમકે-તલના જથ્થાને [ **स्नेहं लगित्वा** ] સ્નેહના નિમિત્તથી ( ચિકણાઈના સંબંધથી ) [ **जलसिंचनं** ] પાણીથી ભીંજાવું, [ **पादनिर्दलनं** ] ઘાણીના દંડાથી કચરાવું [ **पुनः पुनः** ] વારંવાર [ **पीडनदुःखं** ] પિલાવાનું દુઃખ [ **सहमान** ] સહન કરતા, તું [ **पश्य** ] દેખ.

**ભાવાર્થ**:—અહીં વીતરાગ ચિદાનંદ જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્મતત્ત્વને નહિ સેવતા, નહિ જાણતા અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બલ વડે નિશ્ચલ ચિત્તથી નહિ ભાવતા જીવો મિથ્યામાર્ગમાં રુચિ કરતા થકા, પંચેન્દ્રિય વિષયોમાં આસક્ત થયા થકા, નરનારકાદિ ગતિઓમાં ઘાણીમાં પિલાવું, કરવતથી કપાવું અને શૂળીએ ચડવું વગેરે અનેક પ્રકારના દુઃખ સહન કરે છે. ૧૧૬.

આ વિષયમાં કહ્યું પણ છે કેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ते चैव धन्यास्ते चैव सत्पुरुषास्ते जीवन्तु जीवलोके । ते के । वोद्दहशब्देन यौवनं स एव द्रहो महाहृदस्तत्र पतिताः सन्तस्तरन्ति ये चैव । कया । लीलयेति । अत्र विषयाकांक्षारूपस्नेहजलप्रवेशरहितेन सम्यग्दर्शन ज्ञान-चारित्रामूल्यरत्नभाण्डपूर्णेन निजशुद्धात्मभावनापोतेन यौवनमहाहृदं ये तरन्ति त एव धन्यास्त एव सत्पुरुषा इति तात्पर्यम् ॥ ११७ ॥

किं बहुना विस्तरेण—

२४८) मोक्खु जि साहिउ जिणवरहिँ छंडिवि बहु-विहु रज्जु ।
भिक्खभरोडा जीव तुहुँ करहि ण अप्पउ कज्जु ॥ ११८ ॥

मोक्षः एव साधितः जिनवरैः त्यक्त्वा बहुविधं राज्यम् ।
भिक्षाभोजन जीव त्वं करोषि न आत्मीयं कार्यम् ॥ ११८ ॥

मोक्खु जि इत्यादि पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । मोक्खु जि

---

## ગાથા–૧૧૭

**અન્વયાર્થ:**—[ ते च एव धन्याः ] તેઓ જ ધન્ય છે [ ते च एव सत्पुरुषाः ] તેઓ જ સત્પુરુષો છે અને [ जीवलोके ते जीवन्तु ] આ જીવલોકમાં તેઓ જ જીવે છે કે [ ये च एव ] જેઓ [ यौवनद्रहे ] યૌવનરૂપી મહાસરોવરમાં [ पतिताः ] પડેલા હોવા છતાં [ लीलया ] લીલમાત્રમાં જ [ तरंति ] તરી જાય છે.

**ભાવાર્થ:**—અહીં વિષયોની આકાંક્ષારૂપ સ્નેહરૂપી જળમાં પ્રવેશથી રહિત, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ અમૂલ્ય રત્નોના દાબડાથી પૂર્ણ એવા નિજશુદ્ધાત્મભાવનારૂપ જહાજથી યૌવનરૂપી મહાસરોવરને જેઓ તરી જાય છે તેઓ જ ધન્ય છે, તેઓ જ સત્પુરુષો છે. ૧૧૭.

હવે બહુ વિસ્તારથી શું પ્રયોજન છે?

## ગાથા–૧૧૮

**અન્વયાર્થ:**—[ जिनवरैः ] જિનેશ્વર દેવે [ बहुविध राज्यं ] અનેક પ્રકારના રાજ્યવૈભવને [ त्यक्त्वा ] ત્યાગીને [ मोक्षः एव ] એક મોક્ષને જ [ साधितः ] સાધ્યો છે એમ જાણીને [ भिक्षाभोजनजीव ] ભિક્ષાથી ભોજન કરનાર હે જીવ! [ त्वं ] તું [ आत्मीय कार्यं ] આત્મીય કાર્ય ( પોતાના આત્માનું કલ્યાણ ) [ न करोषि ] કેમ કરતો નથી?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



साहिउ मोक्षएव साधितः निरवशेषनिराकृतकर्ममलकलङ्कस्यात्मनः आत्यन्तिकस्वाभाविकज्ञानादिगुणास्पदमवस्थान्तरं मोक्षः स साधितः । कैः । जिणवरहिं जिनवरैः । किं कृत्वा । छंडिवि त्यक्त्वा । किम् । बहुरज्जु सप्ताङ्गराज्यम् । केन । भेदाभेदरत्नत्रयभावनाबलेन । एवं ज्ञात्वा भिक्खभरोडा जीव भिक्षाभोजन हे जीव तुहुँ त्वं करहि ण अप्पउ कज्जु किं न करोषि आत्मीयं कार्यमिति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा बाह्याभ्यन्तरपरिग्रहं त्यक्त्वा वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च विशिष्टतपश्चरणं कर्तव्यमित्यभिप्रायः ॥ ११८ ॥

अथ हे जीव त्वमपि जिनभट्टारकवदष्टकर्मनिर्मूलनं कृत्वा मोक्षं गच्छेति संबोधयति—

**२४९) पावहि दुक्खु महंतु तुहुँ जिय संसारि भमंतु ।**
**अट्ठ वि कम्मइँ णिद्दलिवि वच्चहि मुक्खु महंतु ॥ ११९ ॥**

---

**ભાવાર્થ**:—જિનવરદેવે અનેકપ્રકારના સાત અંગવાળા રાજ્યવૈભવને છોડીને ભેદાભેદરત્નત્રયની ભાવનાના બળથી સમસ્તકર્મમલરૂપ કલંકનો જેમાં સંપૂર્ણપણે નાશ થયો છે અને આત્માની અત્યંત સ્વાભાવિક–જ્ઞાનાદિ ગુણોના સ્થાનભૂત જે અવસ્થાન્તર ( સંસાર– અવસ્થાથી ભિન્ન અવસ્થા ) મોક્ષ તે સાધ્યો છે એમ જાણીને ભિક્ષાથી ભોજન કરનાર હે જીવ ! તું આત્મીય કાર્ય કેમ કરતો નથી ?

અહીં આ વ્યાખ્યાન જાણીને બાહ્ય અને અભ્યંતર પરિગ્રહને ત્યાગીને અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને વિશિષ્ટ તપશ્ચરણ કરવું એવો અભિપ્રયા છે. ૧૧૮.

હવે જિનભટ્ટારકની જેમ હે જીવ ! તું પણ આઠ કર્મનો નાશ કરીને મોક્ષે ચાલ્યો જા એમ સંબોધન કરે છે:—

### ગાથા–૧૧૯

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ ! [ त्वं ] તું [ संसारे भ्रमन् ] સંસારમાં ભટકતો થકો [ महत् दुःखं ] મહાન દુઃખ [ प्राप्नोषि ] પામે છે તેથી [ अष्ट अपि कर्माणि ] આઠેય કર્મનો [ निर्दल्य ] નાશ કરીને [ महान्तं मोक्षं ] મહાન મોક્ષને [ व्रज ] પામ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्राप्नोषि दुःखं महत् त्वं जीव संसारे भ्रमन् ।
अष्टापि कर्माणि निर्दल्य व्रज मोक्षं महान्तम् ॥ ११९ ॥

पावहि इत्यादि । पावहि दुक्खु महंतु प्राप्नोषि दुःखं महद्रूपं तुहुं त्वं जिय हे जीव । किं कुर्वन् । संसारि भमंतु निश्चयेन संसारविपरीतशुद्धात्मविलक्षणं द्रव्यक्षेत्रकालभवभावपञ्चभेदभिन्नं संसारं भ्रमन् । तस्मात्किं कुरु । अट्ठ वि कम्मइं णिद्दलिवि शुद्धात्मोपलम्भबलेनाष्टापि कर्माणि निर्मूल्य वच्चहि व्रज । किम् । मुक्खु स्वात्मोपलब्धिलक्षणं मोक्षम् । तथा चोक्तम्—' सिद्धिः स्वात्मोपलब्धिः ' । कथंभूतं मोक्षम् । महंतु केवलज्ञानादिमहागुणयुक्तत्वान्महान्तमित्यभिप्रायः ॥ ११९ ॥

अथ यद्यप्यल्पमपि दुःखं सोढुमसमर्थस्तथापि कर्माणि किमिति करोषीति शिक्षां प्रयच्छति—

२५०) जिय अणु-मित्तु वि दुक्खडा सहण ण सक्कहि जोइ ।
चउ-गइ-दुक्खहँ कारणइँ कम्मइँ कुणहि किं तोइ ॥१२०॥

---

**ભાવાર્થ:**—હે જીવ ! નિશ્ચયથી સંસારથી વિપરીત એવો જે શુદ્ધ આત્મા તેનાથી વિલક્ષણ એવા, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ એ પાંચ પ્રકારના ભેદથી ભેદવાળા સંસારમાં ભટકતો, તું મહાન દુઃખને પામે છે, માટે શુદ્ધ આત્માની પ્રાપ્તિના બળથી આઠેય કર્મોને નિર્મૂળ કરીને સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષને-કે જે કેવલજ્ઞાનાદિ મહાગુણોથી યુક્ત હોવાથી મહાન છે તેને-પામ. કહ્યું પણ છે કે—' सिद्धिः स्वात्मोपलब्धिः ' ( પૂજ્યપાદસ્વામી સિદ્ધભક્તિ ૧ ) **અર્થ:**—સ્વઆત્માની ઉપલબ્ધિને મોક્ષ કહે છે. ૧૧૯.

હવે જો કે તું જરાક જેટલાં દુઃખને સહન કરવાને અસમર્થ છો તો પણ કર્મોને શા માટે કરે છે એમ શિક્ષા ( શિખામણ ) આપે છે:—

ગાથા—૧૨૦

**અન્વયાર્થ:**—[ जीव ] હે મૂઢ જીવ ! [ अणुमात्राणि अपि दुःखानि ] જરાક જેટલાં દુઃખોને [ **सोढुं न शक्नोषि** ] સહન કરવાને તું શક્તિમાન ( સમર્થ ) નથી [ **पश्य** ] દેખ તો ખરો કે [ **तथापि** ] દુઃખ ઇષ્ટ નથી તોપણ [ **चतुर्गति दुःखानां कारणानि** ] પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન એક ( કેવલ ) તાત્ત્વિક વીતરાગ નિત્યાનંદથી વિલક્ષણ એવા નરકાદિ ચાર ગતિનાં દુઃખોનાં કારણભૂત [ **कर्माणि** ] કર્મોને [ **किं करोषि** ] તું શા માટે કરે છે ?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीव अणुमात्राण्यपि दुःखानि सोढुं न शक्नोषि पश्य ।
चतुर्गतिदुःखानां कारणानि कर्माणि करोषि किं तथापि ॥ १२० ॥

जिय इत्यादि । जिय हे मूढजीव अणुमित्तु वि अणुमात्राण्यपि । कानि । दुक्खडा दुःखानि सहण ण सक्कहि सोढुं न शक्नोषि जोइ पश्य । यद्यपि चउ–गइ–दुक्खहं कारणइं परमात्मभावनोत्पन्नतात्त्विकवीतरागनित्यानन्दैकविलक्षणानां नारकादिदुःखानां कारणभूतानि कम्मइं कुणहि किं कर्माणि करोषि किमर्थं तोइ यद्यपि दुःखानीष्टानि न भवन्ति तथापि इति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा कर्मास्रवप्रतिपक्षभूतरागादिविकल्परहिता निजशुद्धात्मभावना कर्तव्येति तात्पर्यम् ॥ १२० ॥

अथ बहिर्व्यासंगासक्तं जगत् क्षणमप्यात्मानं न चिन्तयतीति प्रतिपादयति—

२५१) धंधइ पडियउ सयलु जगु कम्मइँ करइ अयाणु ।
मोक्खहँ कारणु एक्कु खणु णवि चिंतइ अप्पाणु ॥ १२१ ॥

धान्धे (?) पतितं सकलं जगत् कर्माणि करोति अज्ञानि ।
मोक्षस्य कारणं एकं क्षणं नैव चिन्तयति आत्मानम् ॥ १२१ ॥

धंधइ इत्यादि । धंधइ धान्धे मिथ्यात्वविषयकषायनिमित्तोत्पन्ने दुर्ध्यानार्तरौद्रव्यासंगे पडियउ पतितं व्यासक्तं । किम् । सयलु जगु समस्तं

---

**ભાવાર્થઃ**—અહીં આ વ્યાખ્યાન જાણીને કર્મોના આશ્રયથી પ્રતિપક્ષભૂત થતા રાગાદિ વિકલ્પોથી રહિત નિજશુદ્ધાત્માની ભાવના કરવી. ૧૨૦.

હવે બાહ્ય વ્યાસંગમાં (બાહ્ય ધાંધલમાં, બહારના વ્યાપારમાં બાહ્ય પરિગ્રહમાં) આસક્ત જગત ક્ષણમાત્રપણ આત્માનો વિચાર કરતું નથી એમ કહે છેઃ—

### ગાથા–૧૨૧

**અન્વયાર્થઃ**—[ धान्धे पतितं ] ધંધામાં (ગૃહકામમાં) પડેલું (વ્યાસંગમાં વ્યાસક્ત) [ अज्ञानी सकलं जगत् ] અજ્ઞાની સમસ્ત જગત [ कर्माणि ] કર્મોને [ करोति ] કરે છે, પરંતુ [ मोक्षस्य कारणं ] મોક્ષનું કારણ એવા [ आत्मानं ] શુદ્ધ આત્માને [ एकं क्षणं ] એક ક્ષણ પણ [ न एव चिन्तयति ] ચિંતવતું જ નથી.

**ભાવાર્થઃ**—મિથ્યાત્વ, વિષય, કષાયના નિમિત્તથી ઉત્પન્ન આર્તરૌદ્ર વ્યાસંગમાં વ્યાસક્ત, વિશિષ્ટ ભેદજ્ઞાનથી રહિત સમસ્ત જગત–શુદ્ધાત્મભાવનાથી પરાઙ્મુખ મૂઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

जगत्, शुद्धात्मभावनापराङ्मुखो मूढप्राणिगणः कम्मइं करइ कर्माणि करोति । कथंभूतं जगत् । अयाणु विशिष्ट भेदज्ञानरहितं मोक्खहं कारणु अनन्तज्ञानादि-स्वरूपमोक्षकारणं एक्कु खणु एकक्षणमपि णवि चिंतइ नैव ध्यायति । कम् । अप्पाणु वीतरागपरमाह्लादरसास्वादपरिणतं स्वशुद्धात्मनमिति भावार्थः ॥ १२१ ॥

अथ तमेवार्थं द्रढयति—

२५२) जोणि-लक्खहँ परिभमइ अप्पा दुक्खु सहंतु ।
पुत्त-कलत्तहिँ मोहियउ जाव ण णाणु महंतु ॥ १२२॥

योनिलक्षाणि परिभ्रमति आत्मा दुःखं सहमानः ।
पुत्रकलत्रैः मोहितः यावन्न ज्ञानं महत् ॥ १२२ ॥

जोणि इत्यादि । जोणिलक्खइं परिभमइ चतुरशीतियोनिलक्षणानि परिभ्रमति । कोऽसौ । अप्पा बहिरात्मा । किं कुर्वन् । दुक्खु सहंतु निजपरमात्मतत्त्व-ध्यानोत्पन्नवीतरागसदानन्दैकरूपव्याकुलत्वलक्षणपारमार्थिकसुखाद्विलक्षणं शारीरमानस-दुःखं सहमानः । कथंभूतः सन् । पुत्तकलत्तहिं मोहियउ निजपरमात्मभावना-प्रतिपक्षभूतैः पुत्रकलत्रैः मोहितः । [१]किंपर्यन्तम् । जाव ण यावत्कालं न ।

---

२७५) घर-वासउ मा जाणि जिय दुक्किय-वासउ एहु ।
पासु कयंतें मंडियउ अविचलु णिस्संदेहु ॥ १४४ ॥

गृहवासं मा जानीहि जीव दुष्कृतवास एषः ।
पाशः कृतान्तेन मण्डितः अविचलः निस्सन्देहम् ॥ १४४ ॥

घरवासउ इत्यादि । घरवासउ गृहवासम् अत्र गृहशब्देन वासमुख्यभूता स्त्री ग्राह्या । तथा चोक्तम्—"न गृहं गृहमित्यार्गृहिणी गृहमुच्यते ।" मा जाणि जिय हे जीव त्वमात्महितं मा जानीनि । कथंभूतो गृहवासः ।

---

સમ્યક્ત્વ અને વ્યવહારથી વીતરાગ સર્વજ્ઞપ્રણીત સત્દ્રવ્યાદિના શ્રદ્ધાનરૂપ સરાગ સમ્યક્ત્વ, એમ ભાવાર્થ છે. [ जिणु सामिउ सम्मत्तु ] ને બદલે 'सिवसंगमु सम्मत्तु [ ( ૧ ) શિવનો સંગ અને ( ૨ ) સમ્યક્ત્વ ] એ પાઠાન્તરમાં તે જ જિનસ્વામી જ ) 'શિવ' શબ્દથી વાચ્ય છે, બીજો કોઇ પુરુષ વિશેષ નહિ. ૧૪૩.

હવે શુદ્ધ આત્માના સંવેદનનું સાધક જે તપશ્ચરણ તેનાથી પ્રતિપક્ષભૂત ગૃહવાસને દોષ દે છે ( ગૃહવાસનો દોષ બતાવે છે ):—

### ગાથા–૧૪૪

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! તું [ गृहवासनें ] ગૃહવાસને [ मा जानीहि ] હિતરૂપ ન જાણ. [ एषः ] આ [ दुष्कृतवासः ] પાપોનું નિવાસસ્થાન છે. [ कृतांतेन ] કૃતાંત નામના કર્મે [ अविचलः पाशः ] અવિચલ પાશ [ मंडितः ] રચ્યો છે, [ निस्संदेहम ] એમાં સંદેહ કરવા યોગ્ય નથી.

**ભાવાર્થઃ**—અહીં 'ગૃહ' શબ્દથી મુખ્યપણે સ્ત્રી લવી. વળી કહ્યું પણ છે કે— 'न गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते ।" ( **અર્થઃ**—ગૃહને ગૃહ કહેતા નથી, ગૃહિણીને ગૃહ કહેવાય છે. ) હે જીવ! તું ઘરવાસને-સ્ત્રીવાસને-આત્માના હિતરૂપ ન જાણ, આ ગૃહવાસ સમસ્ત પાપોનું નિવાસસ્થાન છે. અજ્ઞાની જીવોને બાંધવા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



दुक्कियवासउ एहु समस्तदुष्कृतानां पापानां वासः स्थानमेषः, पासु कयंतें मंडियउ अज्ञानिजीवबन्धनार्थं पाशो मण्डितः । केन । कृतान्तनाम्ना कर्मणा । कथंभूतः । अविचलुशुद्धात्मतत्त्वभावनाप्रतिपक्षभूतेन मोहबन्धनेनाबद्धत्वादविचलः णिस्संदेहु संदेहो न कर्तव्य इति । अयमत्र भावार्थः । विशुद्धज्ञानदर्शन-स्वभावपरमात्मपदार्थभावनाप्रतिपक्षभूतैः कषायेन्द्रियैः व्याकुलीक्रियते मनः, मनः-शुद्ध्यभावे गृहस्थानां तपोधनवत् शुद्धात्मभावना कर्तुं नायातीति । तथा चोक्तम्—"कषायैरिन्द्रियैर्दुष्टैर्व्याकुलीक्रियते मनः । यतः कर्तुं न शक्येत भावना गृहमेधिभिः ॥" ॥ १४४ ॥

अथ गृहममत्वत्यागानन्तरं देहममत्वत्यागं दर्शयति—

२७६) देहु वि जित्थु ण अप्पणउ तहिँ अप्पणउ किं अण्णु ।
पर-कारणि मण गुरुव तुहुँ सिव-संगमु अवगण्णु ॥ १४५ ॥

देहोऽपि यत्र नात्मीयः तत्रात्मीयं किमन्यत् ।
परकारणे मा मुह्य (?) त्वं शिवसंगमं अवगण्य ॥ १४५ ॥

---

માટે કૃતાંત નામના કર્મે શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી પ્રતિપક્ષભૂત મોહના બંધનથી દૃઢ બાંધતો હોવાથી જે અવિચલ છે એવો અવિચલ પાશ રચ્યો છે, એમાં સંદેહ કરવા યોગ્ય નથી.

વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધ દર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મપદાર્થની ભાવનાથી પ્રતિપક્ષભૂત કષાય–ઇન્દ્રિયો વડે મન વ્યાકુલ થાય છે, મનની શુદ્ધિ વિના ગૃહસ્થોને તપોધનની માફક શુદ્ધાત્મભાવન કરવાનું બની શકતું નથી. વળી કહ્યું પણ છે કે:— 'कषायैरिन्द्रियैर्दुष्टैर्व्याकुलीक्रियते मनः । यतः कर्तुं न शक्येत भावना गृहमेधिभिः ॥" ( **અર્થ**:—દુષ્ટ, કષાય અને ઇન્દ્રિયોથી મન વ્યાકુલ બને છે, તેથી ગૃહસ્થો આત્મભાવના કરી શકતા નથી. ૧૪૪. )

હવે ઘરનું મમત્વ છોડાવ્યા પછી દેહના મમત્વનો ત્યાગ દર્શાવે છે ( દેહનું મમત્વ છોડાવે છે. ):—

## ગાથા–૧૪૫

**અન્વયાર્થ**:—[ यत्र ] જ્યાં [ देहः अपि ] દેહ પણ [ आत्मीय न ] પોતાનો નથી [ तत्र ] ત્યાં [ अन्यत् ] અન્ય પદાર્થો [ किं आत्मीयं ] શું પોતાના થાય ? ન થાય. એમ જાણીને [ त्वं ] તું [ शिवसंगमं अवगण्य ] મોક્ષનો સંગમ અવ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देहुवि इत्यादि । देहु वि जित्थु ण अप्पणउ देहोऽपि यत्र नात्मीयः तर्हि अप्पणउ किं अण्णु तत्रात्मीयाः किमन्ये पदार्था भवन्ति, किं तु नैव । एवं ज्ञात्वा परकारणि परस्य देहस्य बहिर्भूतस्य स्त्रीवस्त्राभरणोपकरणादिपरिग्रहनिमित्तेन मण गुरुव तुहुं सिवसंगमु अवगण्णु हे तपोधन शिवशब्दवाच्यशुद्धात्मभावनात्यागं मा कार्षीरिति । तथाहि । अमूर्तेन वीतरागस्वभावेन निजशुद्धात्मना सह व्यवहारेण क्षीरनीरवदेकीभूत्वा तिष्ठति योऽसौ देहः सोऽपि जीवस्वरूपं न भवति इति ज्ञात्वा बहिःपदार्थे ममत्वं त्यक्त्वा शुद्धात्मानुभूतिलक्षणवीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च सर्वतात्पर्येण भावना कर्तव्येत्यभिप्रायः ॥ १४५ ॥

अथ तमेवार्थं पुनरपि प्रकारान्तरेण व्यक्तीकरोति—

**२७७) करि सिव-संगमु एक्कु पर जहिँ पाविज्जइ सुक्खु ।**
**जोइय अण्णु म चिंति तुहुं जेण ण लब्भइ मुक्खु ॥ १४६ ॥**

कुरु शिवसंगमं एकं परं यत्र प्राप्यते सुखम् ।
योगिन् अन्यं मा चिन्तय त्वं येन न लभ्यते मोक्षः ॥ १४६ ॥

---

ગણીને ( છોડીને ) [ परकारणे ] દેહથી બહિર્ભૂત, સ્ત્રી, વસ્ત્ર, આભરણ, ઉપકરણ આદિ એવા પરિગ્રહના નિમિત્તે [ मा मुह्य ] મોહ ન કર.

**ભાવાર્થ**:—જ્યાં દેહ પણ પોતાનો નથી ત્યાં અન્ય પદાર્થો શું પોતાના થાય? એમ જાણીને દેહથી બહિર્ભૂત સ્ત્રી, વસ્ત્ર, આભરણ, ઉપકરણ આદિ એવા પરિગ્રહના નિમિત્તે તું મોહ ન કર. હે તપોધન! 'શિવ' શબ્દથી વાચ્ય એવા શુદ્ધાત્માની ભાવનાનો ત્યાગ ન કર.

અમૂર્ત, વીતરાગસ્વભાવી નિજશુદ્ધાત્માની સાથે વ્યવહારથી દૂધ-પાણીની જેમ એકમેક થઈને જે આ દેહ રહે છે તે પણ જીવનું સ્વરૂપ નથી એમ જાણીને બાહ્ય પદાર્થનું મમત્વ છોડીને અને શુદ્ધ આત્માની અનુભૂતિલક્ષણ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને સર્વતાત્પર્યથી ભાવના કરવી. ૧૪૫.

હવે ફરી તે જ અર્થને બીજા પ્રકારે પ્રગટ કરે છેઃ—

## ગાથા—૧૪૬

**અન્વયાર્થ**:—[ योगिन ] હે યોગી! તું [ एकं परं शिवसंगमं ] માત્ર એક શુદ્ધાત્માનો જ સંગ [ कुरु ] કર, [ यत्र ] કે જ્યાં [ सुखं ] સુખ [ प्राप्यते ]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



करि इत्यादि । करि कुरु । कम् । सिवसंगमु शिवशब्दवाच्यशुद्धबुद्धैकस्वभावनिजशुद्धात्मभावनासंसर्गं एक्कु पर तमेवैकं जहिं पाविज्जइ सुक्खु यत्र स्वशुद्धात्मसंसर्गे प्राप्यते । किम् । अक्षयानन्तसुखम् । जोइय अण्णु म चिंति तुहुं हे योगिन् स्वभावत्वादन्यचिन्तां मा कार्षीस्त्वं जेण ण लब्भइ येन कारणेन बहिश्चिन्तया न लभ्यते । कोऽसौ । मुक्खु अव्याबाधसुखादिलक्षणो मोक्ष इति तात्पर्यम् ॥ १४६ ॥

अथ भेदाभेदरत्नत्रयभावनारहितं मनुष्यजन्म निस्सारमिति निश्चनोति—

२७८) बलि किउ माणुस-जम्मडा देक्खंतहँ पर सारु ।
जइ उट्ठब्भइ तो कुहइ अह डज्झइ तो छारु ॥ १४७ ॥

बलिः क्रियते मनुष्यजन्म पश्यतां परं सारम् ।
यदि अवष्टभ्यते ततः क्वथति अथ दह्यते तर्हि क्षारः ॥ १४७ ॥

बलि किउ इत्यादि । बलि किउ बलिः क्रियते मस्तकस्योपरितनभागेनावतारणं क्रियते । किम् । माणुसजम्मडा मनुष्यजन्म । किंविशिष्टम् ।

---

પ્રાપ્ત થાય છે; [ येन ] જેનાથી [ मोक्षः ] મોક્ષ [ न लभ्यते ] મળતો નથી એવું [ अन्यं मा त्वं चिन्तय ] બીજું ( કાંઈ ) તું ન ચિંતવ.

**ભાવાર્થઃ**—હે યોગી ! તું કેવલ એક 'શિવ' શબ્દથી વાચ્ય, શુદ્ધ, બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે એવા માત્ર એક નિજશુદ્ધાત્માની ભાવનાનો સંસર્ગ કર કે જે સ્વશુદ્ધાત્માના સંસર્ગમાં અક્ષય, અનંતસુખ પ્રાપ્ત થાય છે, જે કારણથી–બાહ્યચિન્તાથી–અવ્યાબાધ સુખાદિસ્વરૂપ મોક્ષ મળતો નથી એવી સ્વસ્વભાવથી અન્ય ચિંતા તું ન કર. ૧૪૬.

હવે ભેદાભેદ રત્નત્રયની ભાવનાથી રહિત મનુષ્યભવ નકામો છે એમ નક્કી કરે છેઃ–

### ગાથા–૧૪૭

**અન્વયાર્થઃ**—[ परं सारं पश्यतां ] બહારમાં વ્યવહારથી જોનારાઓને જ સારભૂત લાગે છે એવા [ मनुष्यजन्म बलिः क्रियते ] મનુષ્યજન્મનું બલિદાન કરવામાં આવે છે ( અસાર મનુષ્યજન્મને સારભૂત કરવામાં આવે છે ). કારણ કે [ यदि ] જો [ अवष्टभ्यते ] જમીનમાં દાટવામાં આવે [ तत ] તો [ क्वथति ] કોહાય જાય છે–સડીને ને દુર્ગંધરૂપે પરિણમે છે, [ अथ ] અને જો [ दह्यते ] બાળવામાં આવે [ तर्हि ] તો [ क्षारः ] રાખ થઈ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देक्खंतहँ पर सारुबहिर्भागे व्यवहारेण पश्यतामेव सारभूतम् । कस्मात् । जइ उट्टब्भइ तो कुहइ यद्यवष्टभ्यते भूमौ निक्षिप्यते ततः कुत्सितरूपेण परिणमति । अह डज्झइ तो छारु अथवा दह्यते तर्हि भस्म भवति । तद्यथा । हस्तिशरीरे दन्ताश्चमरीशरीरे केशा इत्यादि सारत्व तिर्यक्शरीरे दृश्यते, मनुष्यशरीरे किमपि सारत्वं नास्तीति ज्ञात्वा घुणभक्षितेक्षुदण्डवत्परलोकबीजं कृत्वा निस्सारमपि सारं क्रियते । कथमिति चेत् । यथा घुणभक्षितेक्षुदण्डे बीजे कृते सति विशिष्टेक्षूणां लाभो भवति तथा निःसारशरीराधारेण वीतरागसहजानन्दैकस्वशुद्धात्मस्वभावसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपनिश्चयरत्नत्रयभावनाबलेन तत्साधकव्यवहाररत्नत्रयभावनाबलेन च स्वर्गापवर्गफलं गृह्यत इति तात्पर्यम् ॥ १४७ ॥

अथ देहस्याशुचित्वानित्यत्वादिप्रतिपादनरूपेण व्याख्यानं करोति षट्कलेन तथाहि—

२७९) उव्वलि चोप्पडि चिट्ठ करि देहि सु मिट्ठाहार ।
देहहँ सयल णिरत्थ गय जिमु दुज्जणि उवयार ॥ १४८ ॥

उद्वर्तय म्रक्षय चेष्टां कुरु देहि सुमृष्टाहारान् ।
देहस्य सकलं निरर्थं गतं यथा दुर्जने उपकाराः ॥ १४८ ॥

---

**ભાવાર્થ:**—હાથીના શરીરમાં દાંત, ચમરી ગાયના શરીરમાં વાળ ઇત્યાદિ સારપણું તિર્યંચના શરીરમાં જોવામાં આવે છે, પણ મનુષ્યના શરીરમાં કાંઈપણ સારપણું નથી એમ જાણીને ઘુણથી ખાવામાં આવેલા નકામા થયેલા સાંઠાનો વાવવામાં બીજ તરીકે ઉપયોગ કરી અસારને સાર કરવામાં આવે છે. તેવી રીતે મનુષ્યજન્મને અસાર હોવા છતાં સારભૂત કરવામાં આવે છે. કેવી રીતે? જેવી રીતે ઘુણભક્ષિત શેરડીના સાંઠાનો બીજ તરીકે ઉપયોગ કરવામાં આવતાં, ઘણી શેરડીનો લાભ થાય છે તેવી રીતે અસાર શરીરના આધારથી એક (કેવલ) વીતરાગસહજાનંદરૂપ સ્વશુદ્ધાત્મસ્વભાવનાં સમ્યક્ શ્રદ્ધાન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ અનુચરણરૂપ નિશ્ચયરત્નત્રયની ભાવનાના બલથી અને તે નિશ્ચયરત્નત્રયના સાધક વ્યવહારરત્નત્રયની ભાવનાના બળથી સ્વર્ગ અને મોક્ષનું ફલ મળે છે. ૧૪૭.

હવે દેહનું અશુચિપણું અને અનિત્યપણું વગેરેના પ્રતિપાદનરૂપે છ દોહાસૂત્રોથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उव्वलि इत्यादि पदखण्डनारूपेण व्याख्यानं क्रियते । उव्वलि उद्वर्तनं कुरु चोप्पडि तैलादिम्रक्षणं कुरु, चिट्ठ करि मण्डनरूपां चेष्टां कुरु, देहि सुमिट्ठाहार देहि सुमृष्टाहारान् । कस्य । देहहं देहस्य । सयल णिरत्थ गय सकला अपि विशिष्टाहारादयो निरर्थका गताः । केन दृष्टान्तेन । जिम्व दुज्जणि उवयार दुर्जने यथोपकारा इति । तद्यथा । यद्यप्ययं कायः खलस्तथापि किमपि ग्रासादिकं दत्त्वा अस्थिरेणापि स्थिरं मोक्षसौख्यं गृह्यते । सप्तधातुमयत्वेनाशुचिभूः तेनापि शुचिभूतं शुद्धात्मस्वरूपं गृह्यते निर्गुणेनापि केवलज्ञानादिगुणसमूहः साध्यत इति भावार्थः । तथा चोक्तम्—"अथिरेण थिरा मलिणेण णिम्मला णिग्गुणेण गुणसारं । काएण जा विढप्पइ सा किरिया किं ण कायव्वा ॥" ॥ १४८ ॥

अथ—

---

ગાથા–૧૪૮

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી! [ देहस्य ] દેહને [ उद्वर्तय ] ઉબટન (લેપ) લગાવો, [ म्रक्षय ] તેલ આદિથી મર્દન કરો, [ चेष्टां कुरु ] શણગારરૂપ ચેષ્ટા કરો ( શૃંગાર આદિથી શણગારો ) અને [ सुमृष्टाहारान् देहि ] સારા સારા મિષ્ટ આહાર આપો પણ [ सकलं निरर्थं गतं ] વિશિષ્ટ આહારાદિ બધુંય નિરર્થક છે, [ यथा ] જેમ [ दुर्जने उपकाराः ] દુર્જન ઉપર કરેલા ઉપકારો વ્યર્થ છે.

**ભાવાર્થ:**—જો કે આ શરીર ખલ ( દુર્જન ) છે તો પણ થોડાક કોળિયા આપીને ( કાંઈક ભોજન આપીને ) અસ્થિર એવા દેહથી સ્થિર મોક્ષસુખનું ગ્રહણ કરાય છે. સાત ધાતુમય હોવાથી અશુચિમય છે એવા શરીરથી પણ શુચિભૂત શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ થાય છે, નિર્ગુણ હોવા છતાં શરીરથી પણ કેવલજ્ઞાનાદિ ગુણોનો સમૂહ સાધવામાં આવે છે. વળી ( શ્રીરામસિંહ દોહાપાહુડ ગાથા ૧૯માં ) કહ્યું પણ છે કે: "अथिरेण थिरा मलिणेण णिम्मला णिगुणेण गुणसार । काएण जा विढप्पइ सा किरिया किण्ण कायव्वा॥ ( **અર્થ:**—અસ્થિર, મલિન અને નિર્ગુણ શરીરથી જો સ્થિર, નિર્મલ અને સારભૂત ગુણવાળી ક્રિયા વધી શકે છે તો તે ક્રિયા શા માટે ન કરવી? ( અવશ્ય કરવી. ) અર્થાત્ આ વિનાશી, મલિન અને નિર્ગુણ શરીરને સ્થિર, નિર્મલ અને ગુણયુક્ત આત્માના ધ્યાનમાં લગાડવું જોઈએ. ) ૧૪૮.

વળી હવે શરીરને અશુચિ દર્શાવીને મમત્વ છોડાવે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२८०) जेहउ जज्जरु णरय-घरु तेहउ जोइय काउ ।
णरइ णिरंतरु पूरियउ किम् किज्जइ अणुराउ ॥ १४९ ॥

यथा जर्जरं नरकगृहं तथा योगिन् कायः ।
नरके निरन्तरं पूरितं किं क्रियते अनुरागः ॥ १४९ ॥

जेहउ इत्यादि । जेहउ जज्जरु यथा जर्जरं शतजीर्णं णरयघरु नरकगृहं तेहउ जोइउ काउ तथा हे योगिन् कायः । यतः किम् । णरइ णिरंतरु पूरियउ नरके निरन्तरं पूरितम् । एवं ज्ञात्वा किम् किज्जइ अणुराउ कथं क्रियते अनुरागो न कथमपीति । तद्यथा—यथा नरकगृहं शतजीर्णं तथा कायगृहमपि नवद्वारछिद्रितत्वात् शतजीर्णं, परमात्मा तु जन्मजरामरणादिच्छिद्रदोषरहितः । कायस्तु गूथमूत्रादिनरकपूरितः, भगवान् शुद्धात्मा तु भावकर्मद्रव्यकर्मनोकर्ममलरहित इति । अयमत्र भावार्थः । एवं देहात्मनो भेदं ज्ञात्वा देहममत्वं त्यक्त्वा वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च निरन्तरं भावना कर्तव्येति ॥ १४९ ॥

अथ—

---

## ગાથા—૧૪૯

**અન્વયાર્થ:**—[ **योगिन्** ] હે યોગી! [ **यथा** ] જેવી રીતે [ **नरकगृहं** ] નરક-ઘર [ **जर्जरं** ] જર્જરિત સેંકડો છિદ્રવાળું છે, [ **तथा** ] તેવી રીતે [ **कायः** ] શરીર [ **नरके** ] મલમૂત્રાદિરૂપ નરકથી [ **निरंतरं** ] નિરંતર [ **पूरितं** ] ભરેલું છે એમ જાણીને તેના પર [ **अनुरागः** ] અનુરાગ [ **किं क्रियते** ] કેમ કરવામાં આવે? ( કોઇ પણ પ્રકારે તેના પર પ્રીતિ ન કરવી.

**ભાવાર્થ:**—જેવી રીતે નરકગૃહ સેંકડો છિદ્રવાળું જર્જરિત છે તેવી રીતે શરીરરૂપી ઘર પણ નવદ્વારરૂપી છિદ્રોવાળું હોવાથી શતજીર્ણ છે ( તદ્દન જીર્ણ છે ) અને પરમાત્મા જન્મ, જરા, મરણાદિરૂપ છિદ્રોના દોષથી રહિત છે. શરીર તો મલ-મૂત્રાદિ નરકથી ભરેલું છે અને ભગવાન શુદ્ધ આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મના મલથી રહિત છે.

અહીં આ ભાવાર્થ છે કે આ પ્રમાણે દેહ અને આત્માનો ભેદ જાણીને, દેહનું મમત્વ છોડીને અને વીતરાગનિર્વિકલ્પ-સમાધિમાં સ્થિત થઇને નિરંતર ભાવના ( આત્મભાવના ) કરવી જોઇએ. ૧૪૯.

હવે ફરી દેહની મલિનતા દર્શાવે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**२८१) दुक्खइँ पावइँ असुचियइँ ति-हुयणि सयलइँ लेवि ।**
**एयहिँ देहु विणिम्मियउ विहिणा वइरु मुणेवि ॥१५०॥**

दुःखानि पापानि अशुचीनि त्रिभुवने सकलानि लात्वा ।
एतैः देहः विनिर्मितः विधिना वैरं मत्वा ॥ १५० ॥

दुक्खइं इत्यादि । दुक्खइं दुखानि पावइं पापानि असुचियइं अशुचिद्रव्याणि तिहुयणि सयलइं लेवि भुवनत्रयमध्ये समस्तानि गृहीत्वा एयहिं देहु विणिम्मियउ एतैर्देहो विनिर्मितः । केन कर्तृभूतेन । विहिणा विधिशब्दवाच्येन कर्मणा । कस्मादेवंभूतो देहः कृतः वइरु मुणेवि वैरं मत्वेति । तथाहि । त्रिभुवनस्थदुःखैर्निर्मितत्वात् दुःखरूपोऽयं देहः, परमात्मा तु व्यवहारेण देहस्थोऽपि निश्चयेन देहाद्भिन्नत्वादनाकुलत्वलक्षणसुखस्वभावः । त्रिभुवनस्थपापैर्निर्मितत्वात् पापरूपोऽयं देहः, शुद्धात्मा तु व्यवहारेण देहस्थोऽपि निश्चयेन पापरूपदेहाद्भिन्नत्वादत्यन्तपवित्रः । त्रिभुवनस्थाशुचिद्रव्यैर्निर्मितत्वादशुचिरूपोऽयं देहः, शुद्धात्मा तु व्यवहारेण देहस्थोऽपि निश्चयेन देहात्पृथग्भू-

---

## ગાથા–૧૫૦

**અન્વયાર્થ**:—[ त्रिभुवने ] ત્રણ લોકમાં [ दुःखानि पापानि अशुचीनि ] જેટલાં દુઃખ છે, જેટલાં પાપો છે, જેટલા અશુચિ પદાર્થો છે [ सकलानि ] તે બધાયને [ लब्ध्वा ] ગ્રહીને [ एतैः ] એ બધા વડે [ विधिना ] 'વિધિ' શબ્દથી વાચ્ય એવા કર્મે [ वैरं मत्वा ] વેર માનીને ( વેર રાખીને ) [ देहः ] આ દેહ [ विनिर्मितः ] બનાવ્યો છે.

**ભાવાર્થ**:—ત્રણ લોકમાં જેટલાં દુઃખો છે તેટલાં દુઃખોથી બનેલ હોવાથી આ દેહ દુઃખરૂપ છે અને પરમાત્મા તો વ્યવહારથી દેહમાં રહેલો હોવા છતાં પણ નિશ્ચયથી દેહથી ભિન્ન હોવાથી અનાકુલતા જેનું લક્ષણ છે એવા સુખસ્વભાવવાળો છે. ત્રણ લોકમાં જેટલાં પાપો છે તેટલાં પાપોથી બનેલ હોવાથી આ દેહ પાપરૂપ છે, અને શુદ્ધ આત્મા તો વ્યવહારથી દેહમાં રહેવા છતાં પણ નિશ્ચયથી પાપરૂપ દેહથી ભિન્ન હોવાથી અત્યંત પવિત્ર છે. ત્રણ લોકમાં જેટલા અશુચિ પદાર્થો છે તેટલા અશુચિ પદાર્થોથી બનેલ હોવાથી આ દેહ અશુચિરૂપ છે અને શુદ્ધ આત્મા તો વ્યવહારથી દેહમાં રહેલો હોવા છતાં પણ નિશ્ચયથી દેહથી પૃથક્ભૂત ( અલગ, ભિન્ન, જુદો ) હોવાથી અત્યંત નિર્મલ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तत्वादत्यन्तनिर्मल इति । अत्रैवं देहेन सह शुद्धात्मनो भेदं ज्ञात्वा निरन्तरं भावना कर्तव्येति तात्पर्यम् ॥ १५० ॥

अथ—

२८२) जोइय देहु घिणावणउ लज्जहि किं ण रमंतु ।
णाणिय धम्में रइ करहि अप्पा विमलु करंतु ॥ १५१ ॥

योगिन् देहः घृणास्पदः लज्जसे किं न रममाणः ।
ज्ञानिन् धर्मेण रतिं कुरु आत्मानं विमलं कुर्वन् ॥ १५१ ॥

जोइय इत्यादि । जोइय हे योगिन् देहु घिणावणउ देहो घृणया [१]दुगुञ्छया सहितः । लज्जहि किं ण रमंतु दुगुच्छारहितं परमात्मानं मुक्त्वा देहं रममाणो लज्जां किं न करोषि । तर्हि किं करोमीति प्रश्ने प्रत्युत्तरं ददाति । णाणिय हे विशिष्टभेदज्ञानिन् धम्मि निश्चयधर्मशब्दवाच्येन वीतरागचारित्रेण कृत्वा रइ करहि रतिं प्रीतिं कुरु । किं कुर्वन् सन् । अप्पा वीतरागसदानन्दैकस्वभावपरमात्मानं विमलु करंतु आर्तरौद्रादिसमस्तविकल्पत्यागेन विमलं निर्मलं कुर्वन्निति तात्पर्यम् ॥ १५१ ॥

---

અહીં એ પ્રમાણે દેહની સાથે શુદ્ધ આત્માનો ભેદ જાણીને નિરંતર (આત્મ) ભાવના કરવી જોઈએ, એવું તાત્પર્ય છે. ૧૫૦.

હવે ફરી દેહને અપવિત્ર દર્શાવે છેઃ—

### ગાથા—૧૫૧

**અન્વયાર્થઃ**—હે યોગી! [ **देहः** ] આ દેહ તો [ **घृणास्पदः** ] ઘૃણાસ્પદ (ઘૃણાને યોગ્ય) છે [ **रममाणः** ] તેમાં રમણ કરતા તને [ **किं न लज्जसे** ] કેમ લજ્જા આવતી નથી. [ **ज्ञानिन्** ] હે વિશિષ્ટ ભેદજ્ઞાની! તું [ **आत्मानं विमलं कुर्वन्** ] આત્માને નિર્મલ કરતો [ [૨]**धर्मेण रतिं कुरु** ] ધર્મ વડે (ચારિત્ર કરીને, ધર્મમાં) પ્રીતિ કર.

**ભાવાર્થઃ**—હે યોગી! આ દેહ તો દુગુચ્છાયુક્ત છે. દુગુચ્છા રહિત પરમાત્માને છોડીને દેહમાં રમણ કરતાં તને લજ્જા કેમ આવતી નથી? ત્યારે હું શું કરું? એવા પ્રશ્નનો પ્રત્યુતર આપે છે. હે વિશિષ્ટ ભેદજ્ઞાની! વીતરાગ સદાનંદ જેનો

---

૧ પાઠાન્તરઃ—**दुगुच्छया=जुगुप्सया**
૨ પાઠાન્તરઃ—**धर्मे**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ—

२८३) जोइय देहु परिच्चयहि देहु ण भल्लउ होइ ।
देह-विभिण्णउ णाणमउ सो तुहुँ अप्पा जोइ ॥ १५२ ॥

योगिन् देहं परित्यज देहो न भद्रः भवति ।
देहविभिन्नं ज्ञानमयं तं त्वं आत्मानं पश्य ॥ १५२ ॥

जोइय इत्यादि । जोइय हे योगिन् देहु परिच्चयहि शुचिदेहान्नित्यानन्दैकस्वभावात् शुद्धात्मद्रव्याद्विलक्षणं देहं परित्यज । कस्मात् । देहु ण भल्लउ होइ देहो भद्रः समीचीनो न भवति । तर्हि किं करोमीति प्रश्ने कृते प्रत्युत्तरं ददाति । देहविभिण्णउ देहविभिन्नं णाणमउ ज्ञानेन निर्वृत्तं ज्ञानमयं केवलज्ञानाविनाभूतानन्तगुणमयं सो तुहुं अप्पा जोइ तं पूर्वोक्तलक्षणमात्मानं त्वं कर्ता पश्येति । अयमत्र भावार्थः । "चंडो ण

---

એક સ્વભાવ છે તેવા પરમાત્માને આર્તરૌદ્રાદિ સમસ્ત વિકલ્પના ત્યાગ વડે નિર્મલ કરતો થકો તું 'નિશ્ચયધર્મ' શબ્દથી વાચ્ય એવા વીતરાગ ચારિત્રદ્વારા ( ચારિત્રે કરીને, ચારિત્ર વડે અથવા ચરિત્રમાં ) પ્રીતિ કર. ૧૫૧.

હવે દેહથી સ્નેહ છોડાવે છેઃ—

ગાથા–૧૫૨

**અન્વયાર્થઃ**—[ हे योगिन् ] હે યોગી ! [ देहं ] દેહની [ परित्यज ] છોડ ( દેહની પ્રીતિ છોડ ) કારણ કે [ देहः ] દેહ [ भद्रं न भवति ] ભદ્ર નથી, તેથી [ देहात् विभिन्नं ] દેહથી ભિન્ન [ तं ज्ञानमयं आत्मानं ] તે જ્ઞાનમય આત્માને [ पश्य ] તું દેખ.

**ભાવાર્થઃ**—હે યોગી ! શુચિ દેહવાળા અર્થાત્ પવિત્ર સ્વરૂપવાળા, નિત્ય આનંદ જેનો એક સ્વભાવ છે એવા શુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ દેહને તું છોડ, કારણ કે દેહ સમીચીન નથી.

'તો હું શું કરું ?' એવો પ્રશ્ન કરવામાં આવતાં, પ્રત્યુત્તર આપે છે. કેવલજ્ઞાનની સાથે અવિનાભૂત અનંતગુણમય એવા જ્ઞાનથી રચાયેલ, પૂર્વોક્ત લક્ષણવાળા આત્માને તું દેખ.

"चंडो ण मुयइ वेरं भंडणसीलो य धम्मदयरहिओ । दुट्ठो ण य एदि वसं लक्खणमेयं तु किण्हस्स ॥" ( ગોમ્મટ સાર જીવકાંડ ગાથા–૫૦૮ )

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मुयइ वेरं भंडणसीलो य धम्मदयरहिओ । दुट्ठो ण य एदि वसं लक्खणमेयं तु किण्हस्स ॥ " इतिगाथाकथितलक्षणा कृष्णलेश्या, धनधान्यादितीव्रमूर्च्छाविषयाकांक्षादिरूपा नीललेश्या, रणे मरणं प्रार्थयति स्तूयमानः संतोषं करोतीत्यादिलक्षणा कापोतलेश्या च, एवं लेश्यात्रयप्रभृतिसमस्तविभावत्यागेन देहाद्भिन्नमात्मानं भावय इति ॥ १५२ ॥

अथ—

२८४) दुक्खहँ कारणु मुणिवि मणि देहु वि एहु चयंति ।
जित्थु ण पावहिँ परमसुहु तित्थु कि संत वसंति ॥१५३॥

दुःखस्य कारणं मत्वा मनसि देहमपि इमं त्यजन्ति ।
यत्र न प्राप्नुवन्ति परमसुखं तत्र किं सन्तः वसन्ति ॥ १५३ ॥

दुक्खहं इत्यादि । दुक्खहं कारणु वीतरागतात्त्विकानन्दरूपात् शुद्धात्म-

---

( **અર્થઃ**—જે પ્રચંડ તીવ્ર ક્રોધી હોય, વેરને છોડે નહિ, ઝઘડો કરવાના સ્વભાવવાળો હોય, દયાધર્મથી રહિત હોય, દુષ્ટ હોય, ગુરુજનાદિને વશ ન હોય–એ બધાં લક્ષણ કૃષ્ણલેશ્યાવાળા જીવનાં છે ) એ પ્રમાણે ગાથામાં કહેલ લક્ષણવાળી કૃષ્ણલેશ્યા, ધનધાનાદિની તીવ્રમૂર્ચ્છારૂપ અને વિષયોની આકાંક્ષારૂપ નીલલેશ્યા, રણભૂમિમાં મરવા ઇચ્છે અને કોઈ સ્તુતિ કરે તો સંતોષ પામે વગેરે લક્ષણોવાળી કાપોતલેશ્યા–એ પ્રમાણે ત્રણ ( અશુભ ) લેશ્યાથી માંડીને સમસ્ત વિભાવના ત્યાગ વડે દેહથી ભિન્ન આત્માને તું ભાવ. ૧૫૨.

હવે ફરી દેહને દુઃખનું કારણ દર્શાવે છેઃ—

## ગાથા–૧૫૩

**અન્વયાર્થઃ**—[ इमं देहं अपि ] આ દેહને પણ [ दुःखस्य कारणं ] દુઃખનું કારણ [ मनसि मत्वा ] મનમાં જાણીને [ सन्तः ] સંતો [ त्यजन्ति ] દેહનું મમત્વ છોડે છે ( કારણ કે ) [ यत्र ] જે દેહમાં [ परम सुखं ] પરમસુખ [ न प्राप्नुवन्ति ] પામતા નથી, [ तत्र ] તે દેહમાં સત્પુરુષો [ किं वसन्ति ] શા માટે નિવાસ કરે ?

**ભાવાર્થઃ**—આ પ્રત્યક્ષગોચર દેહને પણ વીતરાગ તાત્ત્વિક આનંદરૂપ શુદ્ધાત્મસુખથી વિલક્ષણ નરકાદિના દુઃખનું કારણ મનમાં જાણીને શુદ્ધ આત્મામાં સ્થિત

૪૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुखाद्विलक्षणस्य नारकादिदुःखस्य कारणं मुणिवि मत्वा । क । मणि मनसि । कम् । देहु वि देहमपि एहु इमं प्रत्यक्षीभूतं चयंति देहममत्वं शुद्धात्मनि स्थित्वा त्यजन्ति जित्थु ण पावहिं यत्र देहे न प्राप्नुवन्ति । किम् । परमसुहु पञ्चेन्द्रियविषयातीतं शुद्धात्मानुभूतिसंपन्नं परमसुखं तित्थु कि संत वसंति तत्र देहे सन्तः सत्पुरुषाः किं वसन्ति शुद्धात्मसुखसंतोषं मुक्त्वा तत्र किं रतिं कुर्वन्ति इति भावार्थः ॥ १५३ ॥

अथात्मायत्तसुखे रतिं कुर्विति दर्शयति—

२८५) अप्पायत्तउ जं जि सुहु तेण जि करि संतोसु ।
पर सुहु वढ चिंतंताहँ हियइ ण फिट्टइ सोसु ॥ १५४ ॥

आत्मायत्तं यदेव सुखं तेनैव कुरु संतोषम् ।
परं सुखं वत्स चिन्तयतां हृदये न नश्यति शोषः ॥ १५४ ॥

अप्पायत्तउ इत्यादि । अप्पायत्तउ अन्यद्रव्यनिरपेक्षत्वेनात्माधीनं जं जि सुहु यदेव शुद्धात्मसंवित्तिसमुत्पन्नं सुखं तेण जि करि संतोसु तेनैव तद-

---

થઈને સત્પુરુષો દેહનું મમત્વ છોડે છે, ( કારણ કે ) જે દેહમાં પંચેન્દ્રિયોના વિષયોથી રહિત શુદ્ધાત્માનુભૂતિસંપન્ન પરમ સુખ પામતા નથી તે દેહમાં સત્પુરુષો શા માટે નિવાસ કરે-શુદ્ધાત્મસુખમાં સંતોષ છોડીને તે દેહમાં શા માટે રતિ કરે? ૧૫૩.

હવે તું આત્માધીન ( સ્વાધીન ) સુખમાં રતિ ( પ્રીતિ ) કર એમ દર્શાવે છેઃ-

## ગાથા—૧૫૪

**અન્વયાર્થઃ**—[ वत्स ] હે મિત્ર! [ यत एवं ] જે [ आत्मायत्तं सुखं ] આત્માધીન ( સ્વાધીન ) સુખ છે [ तेन एव ] તેનાથી જ [ संतोषं कुरु ] સંતોષ કર. [ परं सुखं ] પરાધીન ઇન્દ્રિયાધીન -સુખનું [ चिन्तयतां ] ચિન્તવન કરનારને [ हृदये ] હૃદયનો [ शोषः ] અન્તર્દાહ [ न नश्यति ] નાશ પામતો નથી, મટતો નથી.

**ભાવાર્થઃ**—અન્ય દ્રવ્યોથી નિરપેક્ષ હોવાથી આત્માધીન છે એવું જે શુદ્ધાત્માના સંવેદનથી ઉત્પન્ન સુખ તેનાથી જ—તેના અનુભવથી જ—સંતોષ કર. હે વત્સ-મિત્ર! પરાધીન-ઇન્દ્રિયાધીન—સુખના ચિન્તવનારને હૃદયનો અન્તર્દાહ મટતો નથી.

અહીં અધ્યાત્મની રતિ ( પ્રીતિ ) સ્વાધીન છે અને વિચ્છેદ તથા વિઘ્નોના સમૂહથી રહિત છે; અને ભોગોની પ્રીતિ પરાધીન છે તથા જેવી રીતે ઇન્ધનથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**नुभवेनैव संतोषं कुरु पर सुहु वढ चिंतंताहं इन्द्रियाधीनं परसुखं चिन्तयतां वत्स मित्र हियइ ण फिट्टइ सोसु हृदये न नश्यति शोषोऽन्तर्दाह इति । अत्राध्यात्मरतिः स्वाधीना विच्छेदविघ्नौघरहिता च, भोगरतिस्तु पराधीना वह्नेरिन्धनैरिव समुद्रस्य नदीसहस्रैरिवातृप्तिकरा च । एवं ज्ञात्वा भोगसुखं त्यक्त्वा "एदम्हि रदो णिच्चं संतुट्ठो होदि णिच्चमेदम्हि । एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सुक्खं ॥" इति गाथाकथितलक्षणे अध्यात्मसुखे स्थित्वा च भावना कर्तव्येति तात्पर्यम् । तथा चोक्तम्—"तिणकट्ठेण व अग्गी लवणसमुद्दो णदीसहस्सेहिं । ण इमो जीवो सक्को तिप्पेदुं कामभोगेहिं ॥" । अध्यात्मशब्दस्य व्युत्पत्तिः क्रियते—मिथ्यात्वविषयकषायादिबहिर्द्रव्ये निरालम्बनत्वेनात्मन्यनुष्ठानमध्यात्मम् ॥ १५४ ॥**

**अथात्मनो ज्ञानस्वभावं दर्शयति—**

**२८६) अप्पहँ णाणु परिच्चयवि अण्णु ण अत्थि सहाउ ।**
**इउ जाणेविणु जोइयहु परहँ म बंधउ राउ ॥ १५५ ॥**

---

અગ્નિ શાંત થતો નથી, હજારો નદીઓથી સમુદ્ર તૃપ્ત થતો નથી તેવી રીતે, અતૃપ્તિકર છે એમ જાણીને ભોગોના સુખને છોડીને અને '**एदम्हि रदो णिच्चं संतुट्ठो होदि णिच्चमेदम्हि । एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं ॥**" ( શ્રીસમયસાર ગાથા ૨૦૬ ). ( **અર્થ**:—હે ભવ્ય પ્રાણી ! તું આત્મામાં ( જ્ઞાનમાં ) નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા, આમાં નિત્ય સંતુષ્ટ થા અને આનાથી તૃપ્ત થા; ( આમ કરવાથી ) તને ઉત્તમ સુખ થશે. ) એ પ્રમાણે ગાથાથી કહેલ લક્ષણવાળા અધ્યાત્મસુખમાં સ્થિત થઈને ભાવના ( આત્મભાવના ) કરવી એવું તાત્પર્ય છે. વળી કહ્યું પણ છે કે—"**तिण कट्ठेण व अग्गी लवणसमुद्दो णदीसहस्सेहिं । ण इमो जीवो सक्को तिप्पेदुं कामभोगेहिं ॥**" ( **અર્થ**:—જેવી રીતે તૃણ, કાષ્ઠ આદિ ઇન્ધનથી અગ્નિ શાંત થતો નથી, હજારો નદીઓના પાણીથી લવણસમુદ્ર છલકાતો નથી તેવી રીતે આ જીવ કામભોગોથી તૃપ્ત થઈ શકતો નથી ).

અધ્યાત્મશબ્દથી વ્યુત્પત્તિ કરવામાં આવે છે-'મિથ્યાત્વ, વિષય, કષાયાદિ બાહ્ય પદાર્થોના નિરાલંબપણે ( આલંબન વિના ) આત્મામાં અનુષ્ઠાન (કરવું, ટકવું, પ્રવર્તવું') તે અધ્યાત્મ છે. ૧૫૪.

હવે જ્ઞાન આત્માનો સ્વભાવ છે એમ દર્શાવે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मनः ज्ञानं परित्यज्य अन्यो न अस्ति स्वभावः ।
इदं ज्ञात्वा योगिन् परस्मिन् मा बधान रागम् ॥ १५५ ॥

अप्पहं इत्यादि । अप्पहं [1]शुद्धात्मनः णाणु परिचयवि वीतरागस्वसंवेदनज्ञानं त्यक्त्वा अण्णु ण अत्थि सहाउ अन्यो ज्ञानाद्विभिन्नः स्वभावो नास्ति इउ जाणेविणु इदमात्मनः शुद्धात्मज्ञानं स्वभावं ज्ञात्वा जोइयहु भो योगिन् परहं म बंधउ राउ परस्मिन् शुद्धात्मनो विलक्षणे देहे रागादिकं मा कुरु तस्मात् । अत्रात्मनः शुद्धात्मज्ञानस्वरूपं ज्ञात्वा रागादिकं त्यक्त्वा च निरन्तरं भावना कर्तव्येत्यभिप्रायः ॥ १५५ ॥

अथ स्वात्मोपलम्भनिमित्तं चित्तस्थिरीकरणरूपेण परमोपदेशं पञ्चकलेन दर्शयति—

२८७) विसय-कसायहिँ मण-सलिलु णवि डहुलिज्जइ जासु ।
अप्पा णिम्मलु होइ लहु वढ पच्चक्खु वि तासु ॥ १५६ ॥

## ગાથા–૧૫૫

**અન્વયાર્થ:**—[ ज्ञानं परित्यज्य ] જ્ઞાન સિવાય [ आत्मनः अन्यः स्वभावः ] આત્માનો ભિન્ન ( બીજો ) સ્વભાવ [ न अस्ति ] નથી [ इदं ज्ञात्वा ] આત્માનો આ સ્વભાવ જાણીને [ योगिन् ] હે યોગી ! [ परस्मिन् ] પર સાથે [ रागं ] પ્રીતિ [ मा बधान ] ન બાંધ.

**ભાવાર્થ:**—વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાન સિવાય સ્વશુદ્ધાત્માનો જ્ઞાનથી ભિન્ન સ્વભાવ નથી. આત્માનો આ શુદ્ધાત્મજ્ઞાન સ્વભાવ જાણીને હે યોગી ! પરમાં–આત્માથી વિલક્ષણ પર એવા દેહમાં, રાગાદિ ન કર.

અહીં આત્માનું શુદ્ધાત્મજ્ઞાનસ્વરૂપ જાણીને અને રાગાદિનો ત્યાગ કરીને નિરંતર ભાવના ( આત્મભાવના ) કરવી એવો અભિપ્રાય છે. ૧૫૫.

હવે નિજ આત્માની પ્રાપ્તિ માટે ચિત્તને સ્થિર કરવાનો પરમ ઉપદેશ પાંચ ગાથાઓથી દર્શાવે છે:—

## ગાથા–૧૫૬

**અન્વયાર્થ:**—[ वत्स ] હે વત્સ ! [ यस्य ] જેનું [ मनः सलिलं ] મનરૂપી જલ [ विषयकषायैः ] વિષયકષાયરૂપ પ્રચંડ પવનથી [ न एव क्षुभ्यते ] ક્ષુબ્ધ

૧. પાઠાન્તર:—शुद्धात्मनः = स्वशुद्धात्मनः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विषयकषायैः मनःसलिलं नैव क्षुभ्यति यस्य ।
आत्मा निर्मलो भवति लघु वत्स प्रत्यक्षोऽपि तस्य ॥ १५६ ॥

विसय इत्यादि । विसयकसायहिं मणसलिलु ज्ञानावरणाद्यष्टकर्मजलचराकीर्णसंसारसागरे निर्विषयकषायरूपात् शुद्धात्मतत्त्वात् प्रतिपक्षभूतैर्विषयकषायमहावातैर्मनः प्रचुरसलिलं णवि डहुलिज्जइ नैव क्षुभ्यति जासु यस्य भव्यवरपुण्डरीकस्य अप्पा णिम्मलु होइ लहु आत्मा रत्नविशेषोऽनादिकालरूपमहापाताले पतितः सन् रागादिमलपरिहारेण लघु शीघ्रं निर्मलो भवति । वढ वत्स । न केवलं निर्मलो भवति पच्चक्खु वि शुद्धात्मा परम इत्युच्यते तस्य परमस्य कला अनुभूतिः परमकला एव दृष्टिः परमकलादृष्टिः तया परमकलादृष्टया यावदवलोकनं सूक्ष्मनिरीक्षणं तेन प्रत्यक्षोऽपि स्वसंवेदनग्राह्योऽपि भवति । कस्य । तासु यस्य पूर्वोक्तप्रकारेण निर्मलं मनस्तस्येति भावार्थः ॥ १५६ ॥

अथ—

२८८) अप्पा परहँ ण मेलविउ मणु मारिवि सहस त्ति ।
सो वढ जाएँ किं करइ जासु ण एही सत्ति ॥ १५७ ॥

---

( ચલિત ) થતું નથી [ तस्य ] તેનો [ आत्मा ] આત્મા [ लघु ] શીઘ્ર [ निर्मलः भवति ] નિર્મલ થાય છે અને [ प्रत्यक्षः अपि ] પ્રત્યક્ષ પણ થાય છે.

**ભાવાર્થ:**—જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી જલચર જીવોથી વ્યાપ્ત ( ભરેલ ) સંસારસાગરમાં, નિર્વિષય અને નિષ્કષાયરૂપ ( વિષયકષાયરહિત ) શુદ્ધ આત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત વિષયકષાયરૂપ મહાવાત વડે જે ભવ્યવર પુંડરિકનું મનરૂપી પ્રચુર જલ ક્ષોભ પામતું નથી તેનું અનાદિકાલરૂપ મહાપાતાલમાં પડેલું આત્મરૂપી રત્નવિશેષ રાગાદિ મલના ત્યાગ વડે શીઘ્ર નિર્મલ થાય છે. હે વત્સ! માત્ર નિર્મળ થાય છે એટલું જ નહિ પણ, શુદ્ધાત્માને પરમ કહેવામાં આવે છે તે પરમની કલા-અનુભૂતિ તે પરમ કલા, તે પરમકલારૂપી દૃષ્ટિ વડે જ જે અવલોકન-સૂક્ષ્મ નિરીક્ષણ તેના વડે પ્રત્યક્ષ પણ-સ્વસંવેદનગ્રાહ્ય પણ-થાય છે. કોને? પૂર્વોક્ત પ્રકારે જેનું મન નિર્મળ છે તેને, એવો ભાવાર્થ છે. ૧૫૬.

વળી ( હવે કહે છે કે જેણે મનને શીઘ્ર જ વશ કરીને આત્માને પરમાત્માની સાથે નથી જોડ્યો, જેમાં એવી શક્તિ નથી તે યોગથી શું કરી શકે? ):—

## ગાથા—૧૫૭

**અન્વયાર્થ:**—[ वत्स ] હે વત્સ! [ मनः सहसा मारयित्वा ] જેણે મનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आत्मा परस्य न मेलितः मनो मारयित्वा सहसेति ।
स वत्स योगेन किं करोति यस्य न ईदृशी शक्तिः ॥ १५७ ॥

अप्पा इत्यादि । अप्पा अयं प्रत्यक्षीभूतः सविकल्प आत्मा परहं ख्यातिपूजालाभप्रभृतिसमस्तमनोरथरूपविकल्पजालरहितस्य विशुद्धज्ञानदर्शनस्वभावस्य परमात्मनः ण मेलविउ न योजितः । किं कृत्वा । मणु मारिवि मिथ्यात्वविषयकषायादिविकल्पसमूहपरिणतं मनो वीतरागनिर्विकल्पसमाधिशस्त्रेण मारयित्वा सहस त्ति झटिति सो वढ जोएं किं करइ स पुरुषः वत्स योगेन किं करोति । स कः । जासु ण एही सत्ति यस्येदृशी मनोमारणशक्तिर्नास्तीति तात्पर्यम् ॥ १५७ ॥

अथ—

२८९) अप्पा मेल्लिवि णाणमउ अण्णु जे झायहिँ झाणु ।
वढ अण्णाण-वियंभियहँ कउ तहँ केवल-णाणु ॥ १५८ ॥

आत्मानं मुक्त्वा ज्ञानमयं अन्यद् ये ध्यायन्ति ध्यानम् ।
वत्स अज्ञानविजृम्भितानां कुतः तेषां केवलज्ञानम् ॥ १५८ ॥

---

શીઘ્ર વશ કરીને [ आत्मा परस्य न मेलितः ] આત્માને પરમાત્મામાં નથી જોડ્યો [ सः ] તે [ यस्य ईदृशी शक्तिः न ] કે જેની આવી શક્તિ નથી તે – [ योगेन किं करोति ] યોગથી શું કરશે ?

**ભાવાર્થ**:—જેણે મિથ્યાત્વ, વિષય, કષાયાદિ વિકલ્પ સમૂહમાં પરિણમેલા મનને વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શસ્ત્રથી સહસા હણીને, આ પ્રત્યક્ષરૂપ સવિકલ્પ આત્માને, ખ્યાતિ, પૂજા, લાભ આદિ સમસ્ત મનોરથરૂપ વિકલ્પજાલથી રહિત, વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા પરમાત્મામાં નથી જોડ્યો તે પુરુષ–કે જેને મનને મારવાની આવી શક્તિ નથી તે પુરુષ–હે વત્સ ! યોગથી શું કરશે ? ૧૫૭.

વળી ( હવે જ્ઞાનમય આત્માને છોડીને જેઓ અન્ય પદાર્થનું ધ્યાન કરે છે તેઓ અજ્ઞાની છે, તેમને કેવલજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થાય ? એમ નિરૂપણ કરે છે ):—

## ગાથા–૧૫૮

**અન્વયાર્થ**:—[ वत्स ] હે મિત્ર ! [ ये ] જેઓ [ ज्ञानमयं आत्मानं मुक्त्वा ] જ્ઞાનમય આત્માને છોડીને [ अन्यत् ध्यानं ध्यायंति ] અન્ય બાહ્ય પદાર્થનું ધ્યાન ધ્યાવે છે [ तेषां अज्ञानविजृम्भितानां ] તે અજ્ઞાનમાં પરિણત જીવોને [ केवलज्ञानं कुतः ] કેવલજ્ઞાન ક્યાંથી થાય ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्पा इत्यादि । अप्पा स्वशुद्धात्मानं मेल्लिवि मुक्त्वा । कथंभूतमात्मानम् । णाणमउ सकलविमलकेवलज्ञानाद्यनन्तगुणनिर्वृत्तं अण्णु अन्यद्बहिर्द्रव्यालम्बनं जे ये केचन झायहिं ध्यायन्ति । किम् । झाणु ध्यानं वढ वत्स मित्र अण्णाणवियंभियहं शुद्धात्मानुभूतिविलक्षणाज्ञानविजृम्भितानां परिणतानां कउ तहं केवलणाणु कथं तेषां केवलज्ञानं किंतु नैवेति । अत्र यद्यपि प्राथमिकानां सविकल्पावस्थायां चित्तस्थितिकरणार्थं विषयकषायरूपदुर्ध्यानवञ्चनार्थं च जिनप्रतिमाक्षरादिकं ध्येयं भवतीति तथापि निश्चयध्यानकाले स्वशुद्धात्मैव ध्येय इति भावार्थः ॥ १५८ ॥

अथ—

२९०) सुण्णउँ पउँ झायंताहँ वलि वलि जोइयडाहँ ।
समरसि-भाउ परेण सहु पुण्णु वि पाउ ण जाहँ ॥ १५९ ॥

---

**ભાવાર્થઃ**—જે કોઇ સકલ વિમલ કેવલજ્ઞાનાદિ અનંતગુણથી રચાયેલ સ્વશુદ્ધાત્માને છોડીને બહિર્દ્રવ્યના આલંબનરૂપ અન્ય ધ્યાનને ધ્યાવે છે તેમને શુદ્ધાત્માની અનુભૂતિથી વિલક્ષણ અજ્ઞાનમાં પરિણત તેમને-હે મિત્ર! કેવલજ્ઞાન કઇ રીતે થાય? ન જ થાય.

અહીં જો કે પ્રાથમિકોને સવિકલ્પ અવસ્થામાં ચિત્તની સ્થિરતા કરવા માટે અને વિષયકષાયરૂપ દુર્ધ્યાનના વંચનાર્થે ( છોડવા માટે ) જિનપ્રતિમા તથા નમોકારમંત્રના અક્ષરાદિનું ધ્યાન કરવા યોગ્ય છે તોપણ નિશ્ચયધ્યાનના કાળે સ્વશુદ્ધાત્મા જ ધ્યાવવા યોગ્ય છે એવો ભાવાર્થ છે. ૧૫૮.

વળી ( હવે શુભાશુભ વિકલ્પથી શૂન્ય ( રહિત, ખાલી ) જે નિર્વિકલ્પ ધ્યાન તેને જે ધ્યાવે છે તે યોગીઓની હું બલિહારી કરું છું. એમ કહે છે ):—

### ગાથા—૧૫૯

**અન્વયાર્થઃ**—[शून्यं परं ध्यायतां योगिनां] શુભાશુભ મનવચનકાયના વ્યાપારથી શૂન્ય નિજશુદ્ધાત્માનું ધ્યાન કરનાર યોગીઓની [ बलिं बलिं ] હું ( શ્રી યોગીન્દ્રદેવ ) ફરી ફરી વાહ વાહ કરું છું-પ્રસંશા કરું છું-[ येषां ] કે જે યોગીઓને [ परेण सह समरसीभावं ] પરમાત્માની સાથે પરમસમરસી ભાવ છે અને જેમને [ पुण्यं अपि पापं न ] પુણ્ય અને પાપ બન્ને નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शून्यं पदं ध्यायतां पुनः पुनः (?) योगिनाम् ।
समरसीभावं परेण सह पुण्यमपि पापं न येषाम् ॥ १५९ ॥

सुण्णउं पउं इत्यादि । सुण्णउं शुभाशुभमनोवचनकायव्यापारैः शून्यं पउं वीतरागपरमानन्दैकसुखामृतरसास्वादरूपा स्वसंवित्तिमयी या सा परमकला तया भरितावस्थापदं निजशुद्धात्मस्वरूपं झायंताहं वीतरागत्रिगुप्तिसमाधिबलेन ध्यायतां वलि वलि जोइयडाहं श्रीयोगीन्द्रदेवाः स्वकीयाभ्यन्तरगुणानुरागं प्रकटयन्ति, वलिं क्रियेऽहमिति परमयोगिनां प्रशंसां कुर्वन्ति । येषां किम् । समरसिभाउ वीतरागपरमाह्लादसुखेन परमसमरसीभावम् । केन सह । परेण सहु स्वसंवेद्यमानपरमात्मना सह । पुनरपि किं येषाम् । पुण्णु वि पाउ ण जाहं शुद्धबुद्धैकस्वभावपरमात्मनो विलक्षणं पुण्यपापद्वयमिति न येषामित्यभिप्रायः ॥ १५९ ॥

अथ—

**२९१) उव्वस वसिया जो करइ वसिया करइ जु सुण्णु ।**
**बलि किज्जउँ तसु जोइयहिँ जासु ण पाउ ण पुण्णु ॥१६०॥**

उद्वसान् वसितान् यः करोति वसितान् करोति यः शून्यान् ।
बलिं कुर्वेऽहं तस्य योगिनः यस्य न पापं न पुण्यम् ॥ १६० ॥

---

( સમરસીભાવનું લક્ષણ આ છે કે જ્ઞાનાદિગુણ અને ગુણી ( નિજશુદ્ધાત્મદ્રવ્ય ) એ બન્નેનું એકીભાવરૂપ પરિણમન તે સમરસીભાવ છે. )

**ભાવાર્થ**.—શુભાશુભ મનવચનકાયના વ્યાપારથી શૂન્ય અને એક ( કેવલ ) વીતરાગ પરમાનંદરૂપ સુખામૃતરસના આસ્વાદરૂપ સ્વસંવેદનમય જે પરમકલા તેનાથી પરિપૂર્ણ નિજશુદ્ધાત્મ સ્વરૂપનું વીતરાગ ત્રણ ગુપ્તિથી યુક્ત સમાધિના બલથી ધ્યાન કરનારાઓ પ્રત્યે શ્રી યોગીન્દ્રદેવ પોતાનો અભ્યંતર ( અંતરનો ) ગુણાનુરાગ પ્રગટ કરે છે. તે પરમ યોગીઓ પર હું શ્રી યોગીન્દ્રદેવ–ફરી ફરી બલિહારી કરું છું–ફરી ફરી વારી જાઉં છું, એમ કહીને તેઓ તે પરમયોગીઓની પ્રશંસા કરે છે કે જે પરમયોગીઓને સ્વસંવેદ્યમાન પરમાત્માની સાથે વીતરાગ પરમ આહ્લાદસ્વરૂપ સુખથી પરમસમરસીભાવ છે અને જેમને શુદ્ધ, બુદ્ધ જ જેનો એક સ્વભાવ છે. એવા પરમાત્માથી વિલક્ષણ પુણ્યપાપ બન્ને નથી. ૧૫૯.

હવે ફરી યોગીશ્વરોની પ્રશંસા કરે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उव्वस इत्यादि । उव्वस उद्वसान् शून्यान् । कान् । वीतरागतात्त्विकचिदानन्दोच्छलननिर्भरानन्दशुद्धात्मानुभूतिपरिणामान् परमानन्दनिर्विकल्पस्वसंवेदनज्ञानबलेनेदानीं विशिष्टज्ञानकाले वसिया करइ तेनैव स्वसंवेदनज्ञानेन वसितान् भरितावस्थान् करोति जो यः परमयोगी सुण्णु निश्चयनयेन शुद्धचैतन्यनिश्चयप्राणस्य हिंसकत्वान्मिथ्यात्वविकल्पजालमेव निश्चयहिंसा तत्प्रभृतिसमस्तविभावपरिणामान् स्वसंवेदनज्ञानलाभात्पूर्वं वसितानिदानीं शून्यान् करोतीति बलि किज्जउं तसु जोइयहिं बलिर्मस्तकस्योपरितनभागेनावतारणं क्रियेऽहमिति तस्य योगिनः । एवं श्रीयोगीन्द्रदेवाः गुणप्रशंसां कुर्वन्ति । पुनरपि किं यस्य योगिनः । जासु ण यस्य न । किम् । पाउ ण पुण्णु वीतरागशुद्धात्मतत्त्वाद्विपरीतं न पुण्यपापद्वयमिति तात्पर्यम् ॥ १६० ॥

अथैक सूत्रेण प्रश्नं कृत्वा सूत्रचतुष्टयेनोत्तरं दत्त्वा च तमेव पूर्वसूत्रपञ्चकेनोक्तं निर्विकल्पसमाधिरूपं परमोपदेशं पुनरपि विवृणोति पञ्चकलेन—

---

### ગાથા—૧૬૦

**અન્વયાર્થ**:—[ यः ] જે [ उद्वसान् वसितान् ] ઉજ્જડને વસાવે છે અર્થાત્ પૂર્વે નહિ વસેલા એવા શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ પરિણામોને વસાવે છે ( પોતાના હૃદયમાં સ્થાપન કરે છે ) અને [ यः ] જે [ वसितान् शून्यान् ] અનાદિકાલથી વસેલા મિથ્યાત્વાદિ પરિણામોને ઉજ્જડ કરે છે ( અર્થાત્ એમને અંતરમાંથી કાઢી નાખે છે ) અને [ यस्य ] જેને [ न पापं न पुण्यं ] પાપ અને પુણ્ય બન્ને નથી [ तस्य योगिनः ] તે યોગીની [ अहं ] હું [ बलिं कुर्वे ] પૂજા કરું છું.

**ભાવાર્થ**:—જે શૂન્ય ( પૂર્વે નહિ વસેલા ) એવા વીતરાગ તાત્ત્વિક ચિદાનંદથી ઉછળતા નિર્ભર આનંદમય શુદ્ધાત્માની અનુભૂતિરૂપ પરિણામોને પરમાનંદમય નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાનના બલથી અત્યારે વિશિષ્ટ જ્ઞાનના સમયે તે જ સ્વસંવેદનરૂપ જ્ઞાન વડે વસાવે છે–ભરપૂર કરે છે અને નિશ્ચયનયથી શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચયપ્રાણના હિંસક હોવાથી મિથ્યાત્વ વિકલ્પજાલ જ નિશ્ચયહિંસા છે, તે હિંસાથી માંડીને પૂર્વે વસેલા સમસ્ત વિભાવપરિણામોનો સ્વસંવેદનરૂપ જ્ઞાનની પ્રાપ્તિથી અત્યારે શૂન્ય ( ઉજ્જડ ) કરે છે તે યોગીને હું વારી જાઉં છું અર્થાત્ હું માથું નમાવીને નમસ્કાર કરું છું, એ રીતે શ્રી યોગીન્દ્રદેવ ગુણોની પ્રશંસા કરે છે કે જે યોગીને વીતરાગ શુદ્ધ આત્મતત્ત્વથી વિપરીત પુણ્ય અને પાપ બન્ને નથી. ૧૬૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२१२) तुट्टइ मोहु तडित्ति जहिँ मणु अत्थवणहँ जाइ ।
सो सामइ उवएसु कहि अण्णे देविं काइँ ॥ १६१ ॥

त्रुटयति मोहः झटिति यत्र मनः अस्तमनं याति ।
तं स्वामिन उपदेशं कथय अन्येन देवेन किम् ॥ १६१ ॥

तुट्टइ इत्यादि । तुट्टइ नश्यति । कोऽसौ । मोहु निर्मोहशुद्धात्मद्रव्यप्रतिपक्षभूतो मोहः तडित्ति झटिति जहिं मोहोदयोत्पन्नसमस्तविकल्परहिते यत्र परमात्मपदार्थे । पुनरपि किं यत्र । मणु अत्थवणहं जाइ निर्विकल्पात् शुद्धात्मस्वभावाद्विपरीतं नानाविकल्पजालरूपं मनोवास्तं गच्छति सो सामिय उवएसु कहि हे स्वामिन् तदुपदेशं कथयेति प्रभाकरभट्टः श्रीयोगीन्द्रदेवान् पृच्छति । अण्णें देविं काइं निर्दोषिपरमात्मनः परमाराध्यात्सकाशादन्येन देवेन किं प्रयोजनमित्यर्थः ॥ १६१ ॥ इति प्रभाकरभट्टप्रश्नसूत्रमेकं गतम् । अथोत्तरम्—

---

હવે એક ગાથાસૂત્ર દ્વારા પ્રશ્ન કરીને તથા ચાર સૂત્ર દ્વારા ઉત્તર આપીને તે જ અગાઉના પાંચ સૂત્રો દ્વારા (ગાથા ૧૫૬ થી ૧૬૦, એ પાંચ સૂત્રો દ્વારા) કહેલા નિર્વિકલ્પ સમાધિરૂપ પરમોપદેશનું પાંચ સૂત્રો દ્વારા ફરીને પણ વર્ણન કરે છેઃ—

હવે પ્રશ્નરૂપ એક ગાથાસૂત્ર કહે છેઃ—

### ગાથા—૧૬૧

**અન્વયાર્થઃ**—[ यत्र ] જેમાં પરમાત્મપદાર્થમાં [ मोहः ] મોહ [ झटिति ] શીઘ્ર [ त्रुटयति ] નાશ પામે અને તેમાં [ मनः ] ચંચલ મન [ अस्तमनं ] અસ્ત પામે (સ્થિરતા પામે) [ तं उपदेशं ] તે ઉપદેશ [ स्वामिन् ] હે સ્વામી આપ મને [ कथय ] કહો; [ अन्येन देवेन किं ] અન્ય દેવથી મારે શું કામ છે?

**ભાવાર્થઃ**—મોહના ઉદયથી ઉત્પન્ન સમસ્ત વિકલ્પોથી રહિત એવા પરમાત્મપદાર્થમાં નિર્મોહ શુદ્ધ આત્મદ્રવ્યથી પ્રતિપક્ષભૂત મોહ શીઘ્ર નાશ પામે અને તેમાં નિર્વિકલ્પ શુદ્ધ આત્મસ્વભાવથી વિપરીત અનેક વિકલ્પની જાલરૂપ મન વિલય પામે તે ઉપદેશ હે સ્વામી! આપ મને કહો, એમ પ્રભાકરભટ્ટ શ્રીયોગીન્દ્રદેવને પ્રશ્ન કરે છે. એવા નિર્દોષ પરમાત્મા-કે જે પરમ આરાધ્ય છે-તેનાથી અન્ય દેવનું મારે શું પ્રયોજન છે, એવો અર્થ છે. ૧૬૧.

એ રીતે પ્રભાકરભટ્ટના પ્રશ્નનું એક ગાથાસૂત્ર સમાપ્ત થયું.

હવે તેનો ઉત્તરઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



२९३) णास-विणिग्गउ सासडो अंबरि जेत्थु विलाइ ।
तुट्टइ मोहु तडत्ति तहिँ मणु अत्थवणहँ जाइ ॥ १६२ ॥

नासाविनिर्गतः श्वासः अम्बरे यत्र विलीयते ।
त्रुटयति मोहः झटिति त मनः अस्तं याति ॥ १६२ ॥

णासविणिग्गउ इत्यादि । णासविणिग्गउ नासिकाविनिर्गतः सासडा उच्छ्वासः अंबरि मिथ्यात्वरागादिविकल्पजालरहिते शून्ये अम्बरशब्दवाच्ये जित्थु यत्र तात्त्विकपरमानन्दभरितावस्थे निर्विकल्पसमाधौ विलाइ पूर्वोक्तः श्वासो विलयं गच्छति नासिकाद्वारं विहाय तालुरन्ध्रेण गच्छतीत्यर्थः । तुट्टइ त्रुटयति नश्यति । कोऽसौ । मोहु मोहोदयेनोत्पन्नरागादिविकल्पजालः तडत्ति झटिति तहिं तत्र बहिर्बोधशून्ये निर्विकल्पसमाधौ मणु मनः पूर्वोक्तरागादिविकल्पाधारभूतं तन्मयं वा अत्थवणहं जाइ अस्तं विनाशं गच्छति स्वस्वभावेन तिष्ठति इति । अत्र यदायं जीवो रागादिपरभावशून्यनिर्विकल्पसमाधौ तिष्ठति तदायमुच्छ्वासरूपो वायुर्नासिकाछिद्रद्वयं वर्जयित्वा स्वयमेवा-

---

## ગાથા–૧૬૨

**અન્વયાર્થઃ**—[ नासाविनिर्गतः श्वासः ] નાકમાંથી નીકળેલો ઉચ્છ્‌વાસ [ यत्र अम्बरे ] જે નિર્વિકલ્પ સમાધિમાં [ विलीयते ] વિલય પામે છે, [ तत्र ] તેમાં ( તે નિર્વિકલ્પ સમાધિમાં ) [ मोहः ] મોહ [ झटिति ] શીઘ્ર [ त्रुटयति ] નાશ પામે છે અને [ मनः ] મન [ अस्तं याति ] અસ્ત પામે છે.

**ભાવાર્થઃ**—નાકમાંથી નીકળેલો ઉચ્છ્‌વાસ, મિથ્યાત્વ રાગાદિ વિકલ્પજાલથી રહિત-શૂન્ય ( ખાલી ), 'અંબર' શબ્દથી વાચ્ય એવી, તાત્ત્વિક પરમાનંદથી પરિપૂર્ણ જે નિર્વિકલ્પ સમાધિમાં વિલય પામે છે અર્થાત્ નાસિકાદ્વાર છોડીને તાલવાના છિદ્રથી ( બ્રહ્મરંધ્રના દશમદ્વારથી ) નીકળે છે તે બાહ્ય બોધથી શૂન્ય નિર્વિકલ્પ સમાધિમાં મોહના ઉદયથી ઉત્પન્ન રાગાદિ વિકલ્પજાલ શીઘ્ર નાશ પામે છે, પૂર્વોક્ત રાગાદિ વિકલ્પોના આધારભૂત અથવા પૂર્વોક્ત રાગાદિ વિકલ્પોમાં તન્મય એવું મન વિનાશ પામે છે–સ્વસ્વભાવરૂપે રહે છે.

અહીં જ્યારે આ જીવ રાગાદિ પરભાવથી શૂન્ય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે ત્યારે ઉચ્છ્‌વાસરૂપ વાયુ નાકના બન્ને છિદ્રોને છોડીને સ્વયમેવ અનીહિતવૃત્તિથી તાલુપ્રદેશમાં વાળની અણીના આઠમા ભાગ જેવડું જે છિદ્ર છે તે દશમદ્વારથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



नीहितवृत्त्या तालुप्रदेशे यत् केशात् शेषाष्टमभागप्रमाणं छिद्रं तिष्ठति तेन क्षणमात्रं दशमद्वारेण तदनन्तरं क्षणमात्रं नासिकया तदनन्तरं रन्ध्रेण कृत्वा निर्गच्छतीति । न च परकल्पितवायुधारणारूपेण श्वासनाशो ग्राह्यः । कस्मादिति चेत् वायुधारणा तावदीहापूर्विका, ईहा च मोहकार्यरूपो विकल्पः । स च मोहकारणं न भवतीति न च परकल्पितवायुः । किंच । कुम्भकपूरकरेचकादिसंज्ञा वायुधारणा क्षणमात्रं भवत्येवात्र किंतु अभ्यासवशेन घटिकाप्रहरदिवसादिष्वपि भवति तस्य वायुधारणस्य च कार्यं देहारोगत्वलघुत्वादिकं न च मुक्तिरिति । यदि मुक्तिरपि भवति तर्हि वायुधारणाकारकाणामिदानीन्तनपुरुषाणां मोक्षो किं न भवतीति भावार्थः ॥ १६२ ॥

अथ —

२९४) मोहु विलिज्जइ मणु मरइ तुट्टइ सासु-णिवासु ।
केवल-णाणु वि परिणमइ अंबरि जाहँ णिवासु ॥ १६३ ॥

---

ક્ષણવાર, ત્યાર પછી ક્ષણવાર નાસિકાથી, ત્યાર પછી બ્રહ્મરંધ્રદ્વારથી નીકળે છે પણ પરકલ્પિત ( પાતંજલિ મતવાળાથી કલ્પિત ) વાયુધારણરૂપે શ્વાસનો નાશ ન સમજવો ( શ્વાસનું રુંધન ન સમજવું ). શા માટે ? કારણ કે વાયુધારણા પ્રથમ તો ઈહાપૂર્વક છે અને ઈહા મોહના કાર્યરૂપ વિકલ્પ છે. વળી તે ( અનીહિતવૃત્તિથી નિર્વિકલ્પસમાધિના બલથી નીકળતો વાયુ ) મોહનું કારણ થતો નથી, તેથી અહીં પરકલ્પિત વાયુ ઘટતો નથી. વળી કુંભક, પૂરક, રેચક આદિ જેની સંજ્ઞા છે તે વાયુધારણા અહીં ક્ષણવાર જ થાય છે પણ અભ્યાસના વશે ઘડી, પ્રહર, દિવસ આદિ સુધી પણ થાય છે અને તે વાયુધારણાનું કાર્ય શરીરની આરોગ્યતા અને શરીરના હલકાપણું આદિ છે પણ તેનું કાર્ય મુક્તિ નથી. જો વાયુધારણાનું કાર્ય મુક્તિ પણ હોય ( જો વાયુધારણાથી મોક્ષ થતો હોય ) તો વાયુધારણા કરનાર અત્યારના પુરુષોનો મોક્ષ કેમ થતો નથી એવો ભાવાર્થ છે. ૧૬૨.

હવે ફરી પરમસમાધિનું કથન કરે છેઃ–

### ગાથા–૧૬૩

**અન્વયાર્થઃ**—[ **येषां** ] જેમનો [ **अंबरे निवासः** ] પરમસમાધિમાં નિવાસ છે [ **मोहः** ] તેમનો મોહ [ **विलीयते** ] વિલય પામે છે. [ **मनः म्रियते** ] તેમનું મન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोहो विलीयते मनो म्रियते त्रुटयति श्वासोच्छ्वासः ।
केवलज्ञानमपि परिणमति अम्बरे येषां निवासः ॥ १६३ ॥

मोहु विलिज्जइ इत्यादि । मोहु मोहो ममत्वादिविकल्पजालं विलिज्जइ विलयं गच्छति मणु मरइ इहलोकपरलोकाशाप्रभृतिविकल्पजालरूपं मनो म्रियते । तुट्टइ नश्यति । कोऽसौ । सासुणिसासु अनीहितवृत्त्या नासिकाद्वारं विहाय क्षणमात्रं तालुरन्ध्रेण गच्छति पुनरप्यन्तरं नासिकया कृत्वा निर्गच्छति पुनरपि रन्ध्रेणेत्युच्छ्वासनिःश्वासलक्षणो वायुः । पुनरपि किं भवति । केवलणाणु वि परिणमइ केवलज्ञानमपि परिणमति समुत्पद्यते । येषां किम् । अंबरि जाहं णिवासु रागद्वेषमोहरूपविकल्पजालशून्यं अम्बरे अम्बरशब्दवाच्ये शुद्धात्मसम्यक्‌श्रद्धानज्ञानानुचरणरूपे निर्विकल्पत्रिगुप्तिगुप्तपरमसमाधौ येषां निवास इति । अयमत्र भावार्थः । अम्बरशब्देन शुद्धाकाशं न ग्राह्यं किंतु विषयकषायविकल्पशून्यः परमसमाधिर्ग्राह्यः, वायुशब्देन च कुम्भकरेचकपूरकादिरूपो वायुनिरोधो न ग्राह्यः किंतु स्वयमनीहितवृत्त्या निर्विकल्पसमाधिबलेन दशमद्वारसंज्ञेन ब्रह्मरन्ध्रसंज्ञेन सूक्ष्मा-

---

મરી જાય છે, [ श्वासोच्छ्वासः त्रुटयति ] શ્વાસોચ્છ્‌વાસ રોકાઈ જાય છે [ अपि ] અને [ केवलज्ञानं ] કેવલજ્ઞાન [ परिणमति ] ઉત્પન્ન થાય છે.

**ભાવાર્થ:**—રાગદ્વેષમોહરૂપ વિકલ્પજાલથી શૂન્ય ( ખાલી ) અંબરમાં 'અંબર' શબ્દથી વાચ્ય એવી, શુદ્ધ આત્માનાં સમ્યક્‌શ્રદ્ધાન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ આચરણરૂપ નિર્વિકલ્પ ત્રણ ગુપ્તિથી ગુપ્ત પરમસમાધિમાં જેનો નિવાસ છે તેના મોહ–મમત્વાદિ વિકલ્પજાલ નાશ પામે છે. આલોક, પરલોકની આશાથી માંડીને વિકલ્પજાલરૂપ મન મરી જાય છે, ઉચ્છ્‌વાસ-નિશ્વાસલક્ષણ વાયુ અનીહિતવૃત્તિથી નાસિકા દ્વારને છોડીને ક્ષણવાર તાલુરંધ્રમાંથી નીકળે છે, વળી પછી નાસિકાદ્વારા નીકળે છે. વળી પાછો બ્રહ્મરંધ્રથી નીકળે છે. વળી કેવલજ્ઞાન પણ પરિણમે છે–ઉત્પન થાય છે.

અહીં આ ભાવાર્થ છે કે 'અંબર' શબ્દથી શુદ્ધ આકાશ ન સમજવો પણ વિષયકષાયના વિકલ્પોથી શૂન્ય ( ખાલી ) પરમ સમાધિ સમજવી. ( અંબર શબ્દનો અર્થ શુદ્ધ આકાશ ન લેવો–'અંબર' શબ્દનો અર્થ પરમ સમાધિ લેવી ), અને 'વાયુ' શબ્દથી કુંભક, રેચક, પૂરક આદિરૂપ વાયુનિરોધ ન સમજવો પણ સ્વયં અનીહિતવૃત્તિથી નિર્વિકલ્પ સમાધિના બલથી દશમદ્વાર નામના બ્રહ્મરંધ્ર સંજ્ઞાવાળા અને સૂક્ષ્મ અભિધાનરૂપ તાલુરંધ્રમાંથી જે ( વાયુ ) નીકળે છે તે જ ત્યાં લેવો. વળી કહ્યું પણ છે કે–"मणु मरई पवणु जहिं खयहं जाइ । सव्वंगइ तिहुवणु तहिं ज्जि ठाइ ।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मिधानरूपेण च तालुरन्ध्रेण योऽसौ गच्छति स एव ग्राह्यः तत्र । यदुक्तं केनापि—"मणु मरइ पवणु जहिं खयहं जाइ । सव्वंगइ तिहुवणु तहिं जि ठाइ । मूढा अंतरालु परियाणहि । तुट्टइ मोहजालु जइ जाणहि ॥" अत्र पूर्वोक्तलक्षणमेव मनोमरणं ग्राह्यं पवनक्षयोऽपि पूर्वोक्तलक्षण एव त्रिभुवनप्रकाशक आत्मा तत्रैव निर्विकल्पसमाधौ तिष्ठतीत्यर्थः । अन्तरालशब्देन तु रागादिपर-भावशून्यत्वं ग्राह्यं न चाकाशे ज्ञाते सति मोहजालं नश्यति न चान्यादृशं परकल्पितं ग्राह्यमित्यभिप्रायः ॥ १६३ ॥

अथ—

२९५) जो आयासइ मणु धरइ लोयालोय-पमाणु ।
तुट्टइ मोहु तडत्ति तसु पावइ परहँ पवाणु ॥ १६४ ॥

यः आकाशे मनो धरति लोकालोकप्रमाणम् ।
त्रुटयति मोहो झटिति तस्य प्राप्नोति परस्य प्रमाणम् ॥ १६४ ॥

---

मूढा अंतरालु परियाणहि । तुट्टइ मोहजालु जइ जाणहि ॥" ( **અર્થ**—મૂઢ અજ્ઞાનીઓ-જ-'અંબર'નો અર્થ આકાશ સમજે છે. પણ જો 'અંબર'નો અર્થ પરમસમાધિ જાણે તો મન મરી જાય છે, પવનનો સહજ ક્ષય થાય છે. મોહજાલ નાશ પામે છે અને સર્વ અંગ ત્રિભુવનની સમાન થઇ જાય છે ( અર્થાત્ કેવલજ્ઞાન થવાથી તેમાં ત્રણ લોક જણાય છે ).

અહીં પૂર્વોક્ત લક્ષણવાળું જ મનોમરણ સમજવું, પવનક્ષય પણ પૂર્વોક્ત લક્ષણવાળો જ સમજવો, ત્રિભુવનપ્રકાશક આત્મા તે નિર્વિકલ્પ સમાધિમાં જ રહે છે એવો અર્થ છે. 'અન્તરાલ' શબ્દથી તો રાગાદિ પરભાવનું શૂન્યપણું સમજવું પણ આકાશને જાણતાં મોહજાલ નાશ પામતી નથી તેથી ( 'અન્તરાલ' શબ્દથી ) અન્યે બતાવેલું પરકલ્પિત ( આકાશ ) ન સમજવું એવો અભિપ્રાય છે. ૧૬૩.

હવે ફરી નિર્વિકલ્પ સમાધિનું કથન કરે છે:—

## ગાથા—૧૬૪

**અન્વયાર્થ**:—[ यः ] જે ધ્યાતા પુરુષ [ आकाशे ] નિર્વિકલ્પ સમાધિમાં [ लोकालोकप्रमाणं ] લોકાલોકપ્રમાણ મનને [ धरति ] સ્થિર કરે છે [ तस्य मोहः ] તેનો મોહ તેના ધ્યાનથી [ झटिति ] શીઘ્ર [ त्रुटयति ] નાશ પામે છે અને તે [ परस्य प्रमाणं ] પરમાત્મસ્વરૂપના પ્રમાણને પણ [ प्राप्नोति ] પામે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जो इत्यादि । जो यो ध्याता पुरुषः आयासइ मणु धरइ यथा परद्रव्यसंबन्धरहितत्वेनाकाशमम्बरशब्दवाच्यं शून्यमित्युच्यते तथा वीतरागचिदानन्दैकस्वभावेन भरितावस्थोऽपि मिथ्यात्वरागादिपरभावरहितत्वान्निर्विकल्पसमाधिराकाशमम्बरशब्दवाच्यं शून्यमित्युच्यते । तत्राकाशसंज्ञे निर्विकल्पसमाधौ मनो धरति स्थिरं करोति । कथंभूत मनः । लोयालोयपमाणु लोकालोकप्रमाणं लोकालोकव्याप्तिरूपं अथवा प्रसिद्धलोकालोकाकाशे व्यवहारेण ज्ञानपेक्षया न च प्रदेशापेक्षया लोकालोकप्रमाणं मनो [1]मानसं धरति तुट्टइ मोहु तड त्ति तसु त्रुट्यति नश्यति । कोऽसौ । मोहु मोहः । कथम् । झटिति तस्य ध्यानात् । न केवलं मोहो नश्यति । पावइ प्राप्नोति । किम् । परहं पवाणु परस्य परमात्मस्वरूपस्य प्रमाणम् । कीदृशं तत्प्रमाणमिति चेत् । व्यवहारेण रूपग्रहणविषये चक्षुरिव सर्वगतः । यदि पुनर्निश्चयेन सर्वगतो

---

**ભાવાર્થઃ**—જેવી રીતે પરદ્રવ્યના સંબંધથી રહિત હોવાથી ‘અંબર’ શબ્દથી વાચ્ય આકાશને ‘શૂન્ય’ કહેવાય છે તેવી રીતે એક (કેવલ) વીતરાગ ચિદાનંદમય-સ્વભાવથી પરિપૂર્ણ હોવા છતાં મિથ્યાત્વ, રાગાદિ પરભાવોથી રહિત હોવાથી ‘અંબર’ શબ્દથી વાચ્ય આકાશને–નિર્વિકલ્પ સમાધિને–શૂન્ય કહેવામાં આવે છે. તે આકાશ જેની સંજ્ઞા છે એવી નિર્વિકલ્પ સમાધિમાં લોકાલોકવ્યાપ્તિરૂપ લોકાલોક પ્રમાણ અથવા વ્યવહારનયથી પ્રસિદ્ધ લોકાલોકાશમાં જ્ઞાન–અપેક્ષાએ વ્યાપ્ત પણ પ્રદેશની અપેક્ષાએ વ્યાપ્ત નહિ એવા મનને જે ધ્યાતા પુરુષ સ્થિર કરે છે તેનો મોહ શીઘ્ર તેના ધ્યાનથી નાશ પામે છે. માત્ર મોહ નાશ પામે છે એટલું જ નહિ પણ પરમાત્મસ્વરૂપનું પ્રમાણ પણ પામે છે.

**પ્રશ્નઃ**—કેટલું તે પ્રમાણ છે?

**ઉત્તરઃ**— વ્યવહારથી જેમ ચક્ષુ રૂપગ્રહણની બાબતમાં સર્વગત છે તેમ તે સર્વગત છે પણ જો નિશ્ચયથી સર્વગત હોય તો ચક્ષુને અગ્નિના સ્પર્શની બળતરા થાય, પણ તેમ થતું નથી, તેવી રીતે જો આત્મા નિશ્ચયથી સર્વગત હોય તો પરકીય સુખદુઃખમાં આત્માના તન્મય પરિણામ હોવાથી પરના સુખદુઃખનો અનુભવ પ્રાપ્ત થાય પણ તેમ થતું નથી. (તેથી વ્યવહારથી જ્ઞાન–અપેક્ષાએ આત્માને સર્વગતપણું છે, પ્રદેશ–અપેક્ષાએ નહિ.)

---

૧ પાઠાન્તર—**मानसं** = मानसं ज्ञानं

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भवति तर्हि चक्षुणो [1]अग्निस्पर्शात्‌दाहः प्राप्नोति न च तथा । तथात्मनोऽपि परकीयसुखदुःखविषये तन्मयपरिणामत्वेन परकीयसुखदुःखानुभवं प्राप्नोति न च तथा । निश्चयेन पुनर्लोकमात्रासंख्येयप्रदेशोऽपि सन् व्यवहारेण पुनः शरीरकृतोपसंहारविस्तारवशाद्विवक्षितभाजनस्थप्रदीपवत् देहमात्र इति भावार्थः ॥ १६४ ॥

अथ —

२९६) देहि वसंतु वि णवि मुणिउ अप्पा देउ अणंतु ।
अंबरि समरसि मणु धरिवि सामिय णट्ठु णिभंतु ॥ १६५ ॥

देहे वसन्नपि नैव मतः आत्मा देवः अनन्तः ।
अम्बरे समरसे मनः धृत्वा स्वामिन् नष्टः निर्भ्रान्तः ॥ १६५ ॥

देहि वसंतु वि इत्यादि । देहि वसंतु वि व्यवहारेण देहे वसन्नपि णवि मुणिउ नैव ज्ञातः । कोऽसौ । अप्पा निजशुद्धात्मा । किंविशिष्टः । देउ आराधनायोग्यः केवलज्ञानाद्यनन्तगुणाधारत्वेन देवः परमाराध्यः । पुनरपि किंविशिष्टः । अणंतु अनन्तपदार्थपरिच्छित्तिकारणत्वादविनश्वरत्वादनन्तः । किं कृत्वा ।

---

વળી નિશ્ચયનયથી આત્મા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશવાળો હોવા છતાં પણ વ્યવહારનયથી વિવક્ષિત ભાજનમાં રાખેલા દીવાની પેઠે શરીરકૃત સંકોચવિસ્તારને કારણે દેહ પ્રમાણ છે એવો ભાવાર્થ છે. ( દીવો જે જે ભાજનમાં રાખવામાં આવે તે તે પ્રમાણે તેનો પ્રકાશ ફેલાય છે તેવી રીતે આત્મા ચાર ગતિમાં જેવું શરીર ધારણ કરે તે તે પ્રમાણે આત્મપ્રદેશો સંકોચ-વિસ્તાર પામે છે. ૧૬૪.

હવે શિષ્ય પશ્ચાત્તાપ કરે છેઃ—

ગાથા—૧૬૫

**અન્વયાર્થઃ**—[ स्वामिन् ] હે સ્વામી ! [ देहे वसन् अपि ] દેહમાં રહેવા છતાં પણ [ अनंतः आत्मा देवः ] અનંત એવો આત્મા કે જે દેવ છે-તેને [ समरसे अंबरे ] સમરસીભાવરૂપ નિર્વિકલ્પ સમાધિમાં [ मनः धृत्वा ] મનને લગાડીને [ न एव मतः ] મેં જાણ્યો નહિ તેથી અત્યાર સુધી [ निर्भ्रान्तः नष्टः ] હું નિસ્સંદેહ નષ્ટ થયો છું ( ચાર ગતિમાં રખડ્યો, દુઃખી થયો ).

**ભાવાર્થઃ**—વ્યવહારે દેહમાં રહ્યો હોવા છતાં, નિજશુદ્ધાત્માને-કે જે કેવલ જ્ઞાનાદિ અનંતગુણનો આધાર હોવાથી 'દેવ' અર્થાત્ પરમ આરાધ્ય છે અને અનંત-

---

૧. પાઠાન્તરઃ—अग्निस्पर्शात् दाहः=अग्निस्पर्शाद्दाहः

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मणु घरिवि मनो धृत्वा । क्व । अंबरि अम्बरशब्दवाच्ये पूर्वोक्तलक्षणे रागादिशून्ये निर्विकल्पसमाधौ । कथंभूते । समरसि वीतरागतात्त्विकमनोहरानन्दस्यन्दिनि समरसीभावे साध्ये। सामिय हे स्वामिन् । प्रभाकरभट्टः पश्चात्तापमनुशयं कुर्वन्नाह । किं ब्रूते । णट्ठु णिभंतु इयन्तं कालमित्थंभूतं परमात्मोपदेशमलभमानः सन् निर्भ्रान्तो नष्टोऽहमित्यभिप्रायः ॥ १६५ ॥ एवं परमोपदेशकथनमुख्यत्वेन सूत्रदशकं गतम् ।

अथ परमोपशमभावसहितेन सर्वसंगपरित्यागेन संसारविच्छेदं भवतीति युग्मेन निश्चिनोति—

२९७) सयल वि संग ण मिल्लिया णवि किउ उवसम-भाऊ ।
सिव-पय-मग्गु वि मुणिउ णवि जहिँ जोइहिँ अणुराउ ॥१६६॥

२९८) घोरु ण चिण्णउ तव-चरणु जं णिय-बोहहं सारु ।
पुण्णु वि पाउ वि दड्ढु णवि किमु छिज्जइ संसारु ॥१६७॥

सकला अपि संगाः न मुक्ताः नैव कृत उपशमभावः ।
शिवपदमार्गोऽपि मतो नैव यत्र योगिनां अनुरागः ॥ १६६ ॥

---

પદાર્થોની જ્ઞપ્તિના કારણભૂત હોવાથી તથા અવિનશ્વર હોવાથી 'અનંત' છે તેને-મેં સાધ્યરૂપ જે વીતરાગ-તાત્ત્વિક-મનોહર-આનંદઝરતો સમરસીભાવ તે સમરસીભાવસ્વરૂપ એવી 'અંબર' શબ્દથી વાચ્ય પૂર્વોક્ત-લક્ષણવાળી, રાગાદિશૂન્ય, નિર્વિકલ્પ સમાધિમાં મનને લગાડીને જાણ્યો નહિ. પ્રભાકરભટ્ટ પશ્ચાતાપ કરતો કહે છે કે હે સ્વામી! આટલા કાલ સુધી આવો પરમાત્માનો ઉપદેશ પ્રાપ્ત ન કરીને નિઃસંદેહ હું નષ્ટ થયો. ૧૬૫.

એ પ્રમાણે પરમ ઉપદેશના કથનની મુખ્યતાથી દસ ગાથાસૂત્રો સમાપ્ત થયાં.

હવે પરમ ઉપશમભાવ સહિત સર્વસંગના ત્યાગ વડે સંસારનો નાશ થાય છે, એમ બે ગાથાસૂત્રોથી નક્કી કરે છેઃ—

## ગાથા-૧૬૬-૧૬૭

**અન્વયાર્થ**:—[ सकला अपि संगाः न मुक्ताः ] જો સર્વ સંગ ( પરિગ્રહ ) પણ છોડ્યો નહિ, [ उपशमभावः न एव कृतः ] ઉપશમભાવ પણ કર્યો નહિ, [ यत्र योगिनां अनुरागः ] જ્યાં યોગીઓને અનુરાગ છે એવો [ शिवमार्गः न एव मतः ]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



घोरं न चीर्णं तपश्चरणं यत् निजबोधस्य सारम् ।
पुण्यमपि पापमपि दग्धं नैव किं छिद्यते संसारः ॥ १६७ ॥

सयल वि इत्यादि । सयल वि समस्ता अपि संग मिथ्यात्वादिचतुर्दश-भेदभिन्ना आभ्यन्तराः क्षेत्रवास्त्वादिबहुभेदभिन्ना बाह्या अपि संगाः परिग्रहाः ण मिल्लिया न मुक्ताः । पुनरपि किं न कृतम् । णवि किउ उवसमभाउ जीवितमरणलाभालाभसुखदुःखादिसमताभावलक्षणो नैव कृतः उपशमभावः । पुनश्च किं न कृतम् । सिवपयमग्गु वि मुणिउ णवि " शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयम् । प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः ॥ " इति वचनात् शिवशब्दवाच्यो योऽसौ मोक्षस्तस्य मार्गोऽपि न ज्ञातः । कथंभूतो मार्गः । स्वशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपः । यत्र मार्गे किम् । जहिं जोइहिं अणुराउ यत्र निश्चयमोक्षमार्गे परमयोगिनामनुरागस्तात्पर्यम् । न केवलं मोक्षमार्गोऽपि न ज्ञातः । घोरु ण चिण्णउ तवचरणु घोरं दुर्धरं परीषहोपसर्गजयरूपं नैव चीर्णं न कृतम् । किं तत् । अनशनादिद्वादशविधं तपश्चरणम् । यत्कथंभूतम् । जं णिय-

---

મોક્ષમાર્ગ પણ જાણ્યો નહિ, ( ૧૬૬ ) [ यत् निजबोधेन सारं ] જે નિજબોધથી સારભૂત છે એવું [ घोरं तपश्चरणं न चीर्णं ] મહા દુર્ધર તપ કર્યું નહિ, અને [ पुण्यं अपि पापं अपि न एव दग्धं ] પુણ્ય તેમ જ પાપને પણ બાળ્યાં નહિ તો [ संसारः ] સંસાર [ किं ] કેવી રીતે [ छिद्यतां ] છેદાય ?

**ભાવાર્થ:**—જે મિથ્યાત્વ, રાગ, દ્વેષ, ચાર કષાય, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, ગ્લાનિ અને વેદ એ ચૌદ પ્રકારના ભેદથી ભેદવાળા અભ્યન્તર પરિગ્રહો તથા ક્ષેત્ર, વાસ્તુ આદિ અનેક પ્રકારના ભેદથી ભેદવાળા ( ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય, ભાંડ એ દશ પ્રકારના ) બાહ્ય પરિગ્રહો–એ રીતે સમસ્ત પરિગ્રહોને પણ છોડયા નહિ. જીવિત-મરણ, લાભ–અલાભ, સુખદુ:ખાદિમાં સમતાભાવ જેનું લક્ષણ છે એવો ઉપશમભાવ ન કર્યો " शिवं परमकल्याणं निर्वाणं शान्तमक्षयम् । प्राप्तं मुक्तिपदं येन स शिवः परिकीर्तितः ॥ ( આપ્ત સ્વરૂપ ૨૪ ) ( **અર્થ:**—શિવરૂપ, પરમકલ્યાણરૂપ, નિર્વાણરૂપ, શાંત અને અક્ષય મુક્તિપદ જેણે પ્રાપ્ત કર્યું છે તે શિવ છે ) એ વચનાનુસારે 'શિવ' શબ્દથી વાચ્ય જે મોક્ષ છે તેના સ્વશુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુચરણરૂપ માર્ગને પણ– કે જે નિશ્ચયમોક્ષમાર્ગમાં પરમયોગીઓને અનુરાગ–તાત્પર્ય–છે તેને–પણ જાણ્યો નહિ, કેવલ મોક્ષમાર્ગને જાણ્યો નહિ એટલું જ નહિ પણ જે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જેનું લક્ષણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



बोहइं सारु यत्तपश्चरणं वीतरागनिर्विकल्पस्वसंवेदनलक्षणेन निजबोधेन सारभूतम् । पुनश्च किं न कृतम् । पुण्णु वि पाउ वि निश्चयनयेन शुभाशुभनिगलद्वयरहितस्य संसारिजीवस्य व्यवहारेण सुवर्णलोहनिगलद्वयसदृशं पुण्यपापद्वयमपि दड्ढु णवि शुद्धात्मद्रव्यानुभवरूपेण ध्यानाग्निना दग्धं नैव । किमु छिज्जइ संसारु कथं छिद्यते संसार इति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा निरन्तरं शुद्धात्मद्रव्यभावना कर्तव्येति तात्पर्यम् ॥ १६६-६७ ॥

अथ दानपूजापञ्चपरमेष्ठिवन्दनादिरूपं परंपरया मुक्तिकारणं श्रावकधर्मं कथयति—

२९९) दाणु ण दिण्णउ मुणिवरहँ ण वि पुज्जिउ जिण-णाहु ।
पंच ण वंदिय परम-गुरू किमु होसइं सिव-लाहु ॥ १६८ ॥

दानं न दत्तं मुनिवरेभ्यः नापि पूजितः जिननाथः ।
पञ्च न वन्दिताः परमगुरवः किं भविष्यति शिवलाभः ॥ १६८ ॥

दाणु इत्यादि । दाणु ण दिण्णउ आहारभयभैषज्यशास्त्रभेदेन चतुर्विधदानं

---

છે એવા નિજબોધથી સારભૂત ઘોર, દુર્ધર પરિષહ, ઘોર, દુર્ધર ઉપસર્ગના જયરૂપ અનશનાદિ બાર પ્રકારનું તપશ્ચરણ કર્યું નહિ અને નિશ્ચયનયથી શુભાશુભ બન્ને બેડીથી રહિત એવા સંસારીજીવનાં વ્યવહારનયથી સોનાની અને લોઢાની બે બેડી જેવાં પુણ્ય અને પાપ બન્નેને પણ શુદ્ધ આત્મદ્રવ્યના અનુભવરૂપ ધ્યાનની અગ્નિ વડે બાળ્યાં નહિ તો સંસાર કેવી રીતે છેદાય?

અહીં આ વ્યાખ્યાન જાણીને નિરંતર શુદ્ધ આત્મદ્રવ્યની ભાવના કરવી એવું તાત્પર્ય છે. ૧૬૬–૧૬૭.

હવે દાન, પૂજા અને પંચપરમેષ્ઠીઓની વંદના આદિરૂપ પરંપરાએ મુક્તિનું કારણ એવા શ્રાવકધર્મનું કથન કરે છે:—

### ગાથા—૧૬૮

**અન્વયાર્થ:**—[ मुनिवरेभ्यः ] મુનિશ્વરોને [ दानं न दत्तं ] દાન ન આપ્યું [ जिननाथः अपि न पूजितः ] જિનેંદ્રભગવાનને પણ પૂજ્યા નહિ અને [ पंच परमगुरवः न वंदिता ] અરિહંત આદિ પાંચ ગુરુઓને વંદના ન કરી તો [ शिवलाभः ] મોક્ષની પ્રાપ્તિ [ किं भविष्यति ] કેવી રીતે થશે? કોઇ પણ રીતે થશે નહિ.

**ભાવાર્થ:**—નિશ્ચય વ્યવહારરત્નત્રયના આરાધક મુનિવરાદિ ચતુર્વિધ સંઘમાં સ્થિત પાત્રોને આહારદાન, અભયદાન, ઔષધદાન અને શાસ્ત્રદાન એ ચાર પ્રકારના દાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भक्तिपूर्वकं न दत्तम् । केषाम् । मुणिवरहं निश्चयव्यवहाररत्नत्रयाराधकानां मुनिवरादिचतुर्विधसंघस्थितानां पात्राणां ण वि पुज्जिउ जलधारया सह गन्धाक्षतपुष्पाद्यष्टविधपूजया न पूजितः । कोऽसौ । जिणणाहु देवेन्द्रधरणेन्द्रनरेन्द्रपूजितः केवलज्ञानाद्यनन्तगुणपरिपूर्णः पूज्यपदस्थितो जिननाथः पंच ण वंदिय पञ्च न वन्दिताः । के ते । परमगुरू त्रिभुवनाधीशवन्द्यपदस्थिता अर्हत्सिद्धाः त्रिभुवनेशवन्द्यमोक्षपदाराधकाः आचार्योपाध्यायसाधवश्चेति पञ्च गुरवः, किमु होसइ सिवलाहु शिवशब्दवाच्यमोक्षपदस्थितानां तदाराधकानामाचार्यादीनां च यथायोग्यं दानपूजावन्दनादिकं न कृतम्, कथं शिवशब्दवाच्यमोक्षसुखस्य लाभो भविष्यति न कथमपीति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा उपासकाव्याख्यानं ज्ञात्वा उपासकाध्ययनशास्त्रकथितमार्गेण विधिद्रव्यदातृपात्रलक्षणविधानेन दानं दातव्यं पूजावन्दनादिकं च कर्तव्यमिति भावार्थः ॥ १६८ ॥

अथ निश्चयेन चिन्तारहितध्यानमेव मुक्तिकारणमिति प्रतिपादयति चतुष्कलेन—

३००) अद्धुम्मीलिय-लोयणिहिँ जोउ कि झंपियएहिँ ।
एमुइ लब्भइ परम-गइ णिच्चिंति ठियएहिँ ॥ १६९ ॥

---

આપ્યાં નહિ, દેવેન્દ્ર, ધરેણુન્દ્ર અને નરેન્દ્રથી પૂજિત, કેવલજ્ઞાનાદિ અનંત ગુણોથી પરિપૂર્ણ, પૂજ્યપદમાં સ્થિત જિનનાથને જલધારા સહિત, ગંધ, અક્ષત, પુષ્પ આદિ અષ્ટવિધ પૂજાથી ( જલ, ચંદન, અક્ષત, ફૂલ, નૈવેદ્ય, દીપ, ધૂપ, ફલથી ) પૂજ્યા નહિ અને ત્રણ ભુવનના અધિપતિથી વંદ્યપદમાં સ્થિત એવા અર્હંત, સિદ્ધ અને ત્રણ ભુવનના ઈશથી વંદ્ય મોક્ષપદના આરાધક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ ગુરુઓને વંદન કર્યું નહિ, 'શિવ' શબ્દથી વાચ્ય એવા મોક્ષપદમાં સ્થિત અર્હંત અને સિદ્ધને અને તેમના આરાધક આચાર્યાદિને યથાયોગ્ય દાન, પૂજા, વંદના આદિ કર્યાં નહિ તો કેવી રીતે 'શિવ' શબ્દથી વાચ્ય એવા મોક્ષસુખની પ્રાપ્તિ થશે ? કોઈ પણ રીતે થશે નહિ.

અહીં આ વ્યાખ્યાન જાણીને ઉપાસકાધ્યયન શાસ્ત્રમાં કહેલા માર્ગ પ્રમાણે વિધિ, દ્રવ્ય, દાતા, પાત્રના લક્ષણાનુસારે દાન દેવું જોઈએ અને પૂજાવંદનાદિ કરવા જોઈએ એવો ભાવાર્થ છે. ૧૬૮.

હવે નિશ્ચયથી ચિંતા રહિત ધ્યાન જ મુક્તિનું કારણ છે, એમ ચાર ગાથાસૂત્રોથી કહે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अर्धोन्मीलितलोचनाभ्यां योगः किं झंपिताभ्याम् ।
एवमेव लभ्यते परमगतिः निश्चिन्तं स्थितैः ॥१६९॥

अद्धुम्मीलियलोयणिहिं अर्धोन्मीलितलोचनपुटाभ्यां जोउ किं योगो ध्यानं किं भवति अपि तु नैव । न केवलमर्धोन्मीलिताभ्याम् । झंपियएहिं झंपिताभ्यामपि लोचनाभ्यां नैवेति । तर्हि कथं लभ्यते । एमुइ लब्भइ एवमेव लभ्यते लोचनपुटनिमीलनोन्मीलननिरपेक्षैः । का लभ्यते । परमगइ केवलज्ञानादिपरमगुणयोगात्परमगतिर्मोक्षगतिः । कैः लभ्यते । णिच्चिंतिं ठियएहिं ख्यातिपूजालाभप्रभृतिसमस्तचिन्ताजालरहितैः पुरुषैश्चिन्तारहितैः स्वशुद्धात्मरूपस्थितैश्चत्यभिप्रायः ॥१६९॥

अथ—

३०१) जोइय मिल्लहि चिन्त जइ तो तुट्टइ संसारु ।
चिंतासत्तउ जिणवरु वि लहइ ण हंसाचारु ॥ १७० ॥

योगिन् मुञ्चसि चिन्तां यदि ततः त्रुटयति संसारः ।
चिन्तासक्तो जिनवरोऽपि लभते न हंसचारम् ॥ १७० ॥

---

## ગાથા–૧૬૯

**અન્વયાર્થઃ**—[ अर्धोन्मीलितलोचनाभ्यां ] અર્ધાં ઉઘાડેલાં નેત્રોથી, અને [ झंपिताभ्याम् ] મીંચેલાં નેત્રોથી પણ [ किं योगः ] શું ધ્યાન થાય? ન જ થાય. તો શી રીતે મોક્ષ મળે છે, તે કહે છે. [ निश्चिन्तं स्थितैः ] ચિંતા રહિત-ખ્યાતિ, પૂજા, લાભ આદિ સમસ્ત ચિંતાજાલ રહિત અને નિજ શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિત પુરુષોથી [ एवमेव ] અર્ધાં ઉઘાડેલી કે મીંચેલી આંખોની અપેક્ષા રહિત સ્વયમેવ [ परमगतिः ] કેવલજ્ઞાનાદિ પરમગુણવાળી હોવાથી જે પરમગતિ છે અર્થાત્ મોક્ષગતિ છે તે [ लभ्यते ] પ્રાપ્ત થાય છે એવો અભિપ્રાય છે. ૧૬૯.

હવે ફરી પણ ચિંતાનો જ ત્યાગ કરવાનું કહે છેઃ—

## ગાથા–૧૭૦

**અન્વયાર્થઃ**—[ योगिन् ] હે યોગી! [ यदि ] જો તું [ चिंतां मुञ्चसि ] ચિંતા છોડીશ [ ततः ] તો [ संसारः ] સંસાર [ त्रुटयति ] નાશ પામશે. કારણ કે [ चिन्तासक्तः जिनवरः अपि ] ચિંતાસક્ત જિનવર પણ [ हंसाचरं ] હંસાચરણને-પરમાત્માના આચરણરૂપ શુદ્ધ આત્મપરિણામને-[ न लभते ] પામતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जोइय इत्यादि । जोइय हे योगिन् मिल्लहि मुञ्चसि । काम् । चिन्तारहिताद्विशुद्धज्ञानदर्शनस्वभावात्परमात्मपदार्थाद्विलक्षणां चिन्तां जइ यदि चेत् तो ततश्चिन्ताभावात् । किं भवति । तुट्टइ नश्यति । स कः । संसारु निःसंसारात् शुद्धात्मद्रव्याद्विलक्षणो द्रव्यक्षेत्रकालादिभेदभिन्नः पञ्चप्रकारः संसारः । यतः कारणात् । चिंतासत्तउ जिणवरु वि छद्मस्थावस्थायां शुभाशुभचिन्तासक्तो जिनवरोऽपि लहइ ण लभते न । कम् । हंसाचारु संशयविभ्रमविमोहरहितानन्तज्ञानादिनिर्मलगुणयोगेन हंस इव हंसः परमात्मा तस्य आचारं रागादिरहितं शुद्धात्मपरिणाममिति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा दृष्टश्रुतानुभूतभोगाकांक्षाप्रभृतिसमस्तचिन्ताजालं त्यक्त्वापि चिन्तारहिते शुद्धात्मतत्त्वे सर्वतात्पर्येण भावना कर्तव्येति तात्पर्यम् ॥ १७० ॥

अथ—

**३०२) जोइय दुम्मइ कवुण तुहुँ भवकारणि ववहारि ।**
**बंभु पवंचहिँ जो रहिउ सो जाणिवि मणु मारि ॥ १७१ ॥**

---

**ભાવાર્થ**:—વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા, ચિંતારહિત પરમાત્મપદાર્થથી વિલક્ષણ ચિંતાને જો તું છોડીશ તો ચિંતાના અભાવથી નિઃસંસાર શુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિ પાંચ પ્રકારના ભેદથી ભેદવાળો સંસાર નાશ પામે છે. કારણ કે છદ્મસ્થ અવસ્થામાં શુભાશુભ ચિંતાસક્ત જિનવર પણ સંશય, વિભ્રમ, વિમોહરહિત અનંતજ્ઞાનાદિ નિર્મલ ગુણવાળા હોવાથી જે હંસ જેવો છે એવો જે પરમાત્મા તેના આચારને રાગાદિ રહિત શુદ્ધાત્મપરિણામને–પામતા નથી.

અહીં આ વ્યાખ્યાન જાણીને દૃષ્ટ, શ્રુત, અનુભૂત, ( દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ) ભોગોની આકાંક્ષાથી માંડીને સમસ્ત ચિંતાજાલને છોડીને પણ ચિંતા રહિત શુદ્ધાત્મતત્ત્વમાં સર્વ તાત્પર્યથી ભાવના કરવી એવું તાત્પર્ય છે. ૧૭૦

વળી ( હવે શ્રીગુરુ મુનિઓને ઉપદેશ આપે છે કે મનને મારીને પરબ્રહ્મનું ધ્યાન કરો ):—

### ગાથા–૧૭૧

**અન્વયાર્થ**:—[ योगिन् ] હે યોગી! [ तव का दुर्मतिः ] તારી કેવી દુર્બુદ્ધિ છે કે તું [ भवकारणे व्यवहारे ] સંસારના કારણરૂપ શુભાશુભ વ્યવહારમાં પ્રવૃત્તિ કર્યા જ કરે છે? હવે તું [ प्रपंचैः रहितं ] પ્રપંચોથી રહિત [ यद्ब्रह्म ] જે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



योगिन् दुर्मतिः का तव भावकारणे व्यवहारे ।
ब्रह्म प्रपंचैर्यद् रहितं तत् ज्ञात्वा मनो मारय ॥ १७१ ॥

जोइय इत्यादि । जोइय हे योगिन् दुम्मइ कवुण तुहं दुर्मतिः का तवेयं भवकारणि ववहारि भवरहितात् शुभाशुभमनोवचनकायव्यापाररूपव्यवहार-विलक्षणाच्च स्वशुद्धात्मद्रव्यात्प्रतिपक्षभूते पञ्चप्रकारसंसारकारणे व्यवहारे । तर्हि किं करोमिति चेत् । बंभु ब्रह्मशब्दवाच्यं स्वशुद्धात्मानं ज्ञात्वा । कथंभूतं यत् । पवंचहिं जो रहिउ प्रपंचैर्मायापाखण्डैः यद्रहितम् । सो जाणिवि तं निजशुद्धात्मानं वीतरागस्वसंवेदनज्ञानेन ज्ञात्वा । पश्चात्किं कुरु । मणु मारि अनेकमानस-विकल्पजालरहिते परमात्मनि स्थित्वा शुभाशुभविकल्पजालरूपं मनो मारय विनाशयेति भावार्थः ॥ १७१ ॥

अथ—

३०३) सव्वहिँ रायहिँ छहिँ रसहिँ पंचहि रूवहिँ जंतु ।
चित्तु णिवारिवि झाहि तुहुँ अप्पा देउ अणंतु ॥ १७२ ॥

---

બ્રહ્મ છે [ तत् ज्ञात्वा ] તેને જાણીને [ मनः मारय ] શુભાશુભ વિકલ્પના જાલરૂપ મનને માર.

**ભાવાર્થઃ**—હે યોગી ! તારી આ કેવી દુર્બુદ્ધિ છે કે ભવરહિત અને શુભાશુભ મનવચનકાયાના વ્યાપારરૂપ વ્યવહારથી વિલક્ષણ એવા શુદ્ધ આત્મદ્રવ્યથી પ્રતિપક્ષભૂત પાંચ પ્રકારના સંસારના કારણરૂપ વ્યવહારમાં પ્રવર્તે છે ! હવે હું શું કરું ? એવા પ્રશ્નના જવાબમાં શ્રીગુરુ કહે છે કે ‘ બ્રહ્મ ’ શબ્દથી વાચ્ય એવા સ્વશુદ્ધ આત્માને જાણીને–જે પ્રપંચથી–માયા પાખંડથી–રહિત છે તે નિજશુદ્ધઆત્માને વીતરાગ સ્વસંવેદનરૂપ જ્ઞાનથી જાણીને મનના અનેક વિકલ્પજાલથી રહિત પરમાત્મામાં સ્થિત થઈને શુભાશુભ વિકલ્પ-જાલરૂપ મનને મારો–મનનો વિનાશ કરો. ૧૭૧.

વળી ( હવે ફરી એ જ વાત કહે છે કે સર્વ વિષયોને છોડીને આત્મદેવને ધ્યાવોઃ—

ગાથા–૧૭૨

**અન્વયાર્થઃ**—હે પ્રભાકર ભટ્ટ ! [ त्वं ] તું [ सर्वैः रागैः ] શુભાશુભ સર્વ રાગોથી, [ षड्भिः रसैः ] ગળ્યા ખાટા આદિ છ રસોથી અને [ पंचभिः रूपैः ] કૃષ્ણ, નીલ આદિ પાંચ રૂપોથી [ गच्छत् चित्तं ] પરિણમતા–ચલાયમાન થતાં મનને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वैः रागैः षड्भिः रसैः पञ्चभिः रूपैः गच्छत् ।
चित्तं निवार्य ध्याय त्वं आत्मानं देवमनन्तम् ॥ १७२ ॥

सव्वहिं इत्यादि । झाहि ध्याय चिन्तय तुहुँ त्वं हे प्रभाकरभट्ट । कम् । अप्पा स्वशुद्धात्मानम् । कथंभूतम् । देउ वीतरागपरमानन्दसुखेन दीव्यति क्रीडति इति देवस्तं देवम् । पुनरपि कथंभूतम् । अणंतु केवलज्ञानाद्यनन्तगुणाधारत्वादनन्तसुखास्पदत्वादविनश्वरत्वाच्चानन्तस्तमनन्तम् । किं कृत्वा पूर्वम् । चित्तु णिवारिवि चित्तं निवार्य व्यावृत्य । किं कुर्वन् सन् । जंतु गच्छत्परिणममानं सत् । कैः करणभूतैः सव्वहिं रायहिं वीतरागात्स्वशुद्धात्मद्रव्याद्विलक्षणैः सर्वशुभाशुभरागैः । न केवलं रागैः छहिं रसहिं रसरहिताद्वीतरागसदानन्दैकरसपरिणतादात्मनो विपरीतैः गुडलवणदधिदुग्धतैलघृतषड्रसैः । पुनरपि कैः । पंचहिं रूवहिं अरूपात् शुद्धात्मतत्त्वात्प्रतिपक्षभूतैः कृष्णनीलरक्तश्वेतपीतपञ्चरूपैरिति तात्पर्यम् ॥ १७२ ॥

अथ येन स्वरूपेण चिन्त्यते परमात्मा तेनैव परिणमतीति निश्चिनोति—

३०४) जेण सरूविं झाइयइ अप्पा एहु अणंतु ।
तेण सरूविं परिणवइ जह फलिहउ-मणि मंतु ॥ १७३ ॥

---

[ निवार्य ] રોકીને [ अनंतं आत्मानं देवं ] અનંત ગુણવાળા આત્મદેવનું [ ध्याय ] ધ્યાન કર.

**ભાવાર્થઃ**—વીતરાગ સ્વશુદ્ધાત્મદ્રવ્યથી વિલક્ષણ એવા શુભાશુભ સર્વ રાગોથી રસ રહિત એક (કેવલ) વીતરાગ સદાનંદરૂપ રસમાં પરિણત આત્માથી વિપરીત, ગોળ, લવણ, દૂધ, દહીં, ઘી અને તેલ એ છ રસોથી અને રૂપ રહિત એવા શુદ્ધાત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત કાળા, નીલ, રાતા, સફેદ, પીળા એ પાંચ રૂપોથી પરિણમતા મનને રોકીને, કેવલજ્ઞાનાદિ અનંતગુણનો આધાર હોવાથી, અનંતસુખનું સ્થાન હોવાથી અને અવિનશ્વર હોવાથી અનંત છે એવા, વીતરાગ પરમાનંદરૂપ સુખથી જે શોભે છે, રમે છે, તે દેવ છે, એવા દેહરૂપ સ્વશુદ્ધાત્માને હે પ્રભાકરભટ્ટ ! તું ધ્યાવ-ચિન્તવન કર. ૧૭૨.

હવે પરમાત્મા જે સ્વરૂપે ચિંતવવામાં આવે છે તે જ સ્વરૂપે તે પરિણમે છે એમ નક્કી કરે છેઃ—

ગાથા—૧૭૩

**અન્વયાર્થઃ**—[ यथा स्फटिकमणिः मंत्रः ] જપાપુષ્પાદિની ઉપાધિરૂપે પરિણત સ્ફટિકમણિ અથવા ગારુડીમંત્રની માફક [ एषः अनंतः आत्मा ] આ અનંત આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



येन स्वरूपेण ध्यायते आत्मा एषः अनन्तः ।
तेन स्वरूपेण परिणमति यथा स्फटिकमणिः मन्त्रः ॥ १७३ ॥

जेण इत्यादि । तेण सरूविं परिणवइ तेन स्वरूपेण परिणमति । कोऽसौ कर्ता । अप्पा आत्मा एहु एष प्रत्यक्षीभूतः । पुनरपि किंविशिष्टः । अणंतु वीतरागानाकुलत्वलक्षणानन्तसुखाद्यनन्तशक्ति परिणतत्वादनन्तः । तेन केन । जेण सरूविं झाइयइ येन शुभाशुभशुद्धोपयोगरूपेण ध्यायते चिन्त्यते । दृष्टान्तमाह । जह फलिहउमणि मंतु यथा स्फटिकमणिः जपापुष्पाद्युपाधिपरिणतः गारुडादिमन्त्रो वेति । अत्र विशेषव्याख्यानं तु—" येन येन स्वरूपेण युज्यते यन्त्रवाहकः । तेन तन्मयतां याति विश्वरूपो मणिर्यथा ॥" इति श्लोकार्थकथितदृष्टान्तेन ध्यातव्यः । इदमत्र तात्पर्यम् । अयमात्मा येन येन स्वरूपेण चिन्त्यते तेन तेन परिणमतीति ज्ञात्वा शुद्धात्मपदप्राप्त्यर्थिभिः समस्तरागादिविकल्पसमूहं त्यक्त्वा शुद्धरूपेणैव ध्यातव्य इति ॥ १७३ ॥

---

[ **येन स्वरूपेण** ] જે સ્વરૂપે [ **ध्यायति** ] ચિંતવવામાં આવે છે [ **तेन स्वरूपेण** ] તે સ્વરૂપે [ **परिणमति** ] પરિણમે છે.

**ભાવાર્થઃ**—જેવી રીતે સ્ફટિકમણિ જપાપુષ્પાદિની ઉપાધિથી તે ઉપાધિરૂપે પરિણમે છે અને જેવી રીતે ગારુડાદિમંત્ર ગારુડાદિરૂપ ભાસે છે તેવી રીતે વીતરાગ અનાકુલતા જેનું લક્ષણ છે એવા અનંતસુખાદિ અનંતશક્તિરૂપે પરિણત હોવાથી જે અનંત છે એવો આ પ્રત્યક્ષગોચર આત્મા જે શુભ, અશુભ, શુદ્ધઉપયોગરૂપે ચિન્તવવામાં આવે તે સ્વરૂપે પરિણમે છે.

અહીં વિશેષ વ્યાખ્યાન પણ છે-" **येन येन स्वरूपेण युज्यते यन्त्रवाहकः । तेन तन्मयतां याति विश्वरूपो मणिर्यथा ॥** " ( અમિતગતિ યોગસાર ૯. ૫૧ ) ( **અર્થઃ**—વિશ્વરૂપધારી સ્ફટિકની જેમ ( જેવી રીતે સ્ફટિકમણિ સર્વ પદાર્થોના રંગરૂપે પરિણમે છે તેવી રીતે) જે જે સ્વરૂપે આત્મા પરિણમે છે તે તે રૂપે આત્મા તન્મયી થઈ જાય છે. )

એ શ્લોકાર્થમાં કહેલા દૃષ્ટાંતથી ( આત્મા ) ધ્યાવવા યોગ્ય છે ( ચિંતવવા યોગ્ય છે ).

અહીં આ તાત્પર્ય છે કે આ આત્મા જે જે સ્વરૂપે ચિંતવવામાં આવે છે તે તે સ્વરૂપે પરિણમે છે એમ જાણીને શુદ્ધઆત્મપદની પ્રાપ્તિના અર્થીએ સમસ્ત રાગાદિ વિકલ્પના સમૂહને છોડીને ( આત્માને ) શુદ્ધરૂપે જ ધ્યાવવો જોઈએ. ૧૭૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ चतुष्पादिकां कथयति—

३०५) एहु जु अप्पा सो परमप्पा कम्म-विसेसेँ जायउ जप्पा।
जामइँ जाणइ अप्पेँ अप्पा तामइँ सो जि देउ परमप्पा॥ १७४॥

एष यः आत्मा स परमात्मा कर्मविशेषेण जातः जाप्यः।
यदा जानाति आत्मना आत्मानं तदा स एव देवः परमात्मा ॥ १७४ ॥

एहु इत्यादि। एहु जु एष यः प्रत्यक्षीभूतः अप्पा [1]स्वसंवेदनप्रत्यक्ष आत्मा। स कथंभूतः। सो परमप्पा शुद्धनिश्चयेनानन्तचतुष्टयस्वरूपः क्षुधाद्यष्टादशदोषरहितः स निर्दोषिपरमात्मा कम्मविसेसें जायउ जप्पा व्यवहारनयेनादिकर्मबन्धनविशेषेण स्वकीयबुद्धिदोषेण जात उत्पन्नः कथंभूतो जातः जाप्यः पराधीनः जामइं जाणइ यदा काले जानाति। केन कम्। अप्पें अप्पा वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानपरिणतेनात्मना निजशुद्धात्मानं तामइं तस्मिन् स्वशुद्धात्मानुभूतिकाले सो जि स एवात्मा देउ निजशुद्धात्मभावनोत्थवीतरागसुखानुभवेन दीव्यति क्रीडतीति देवः परमाराध्यः। किंविशिष्टो देवः। परमप्पा

---

હવે ચતુષ્પદોનું કથન કરે છેઃ—( હવે ચાર સૂત્રો કહે છે ) :—

## ગાથા—૧૭૪

**અન્વયાર્થઃ**—[ यः एषः आत्मा ] આ પ્રત્યક્ષગોચર સ્વસંવેદન જ્ઞાન પ્રત્યક્ષ આત્મા [ परमात्मा ] નિશ્ચયથી પરમાત્મા [ सः ] તે [ कर्म विशेषेण ] વ્યવહારનયથી અનાદિ કર્મબંધન વિશેષથી [ जाप्यः जातः ] પરાધીન થયો છે. પરંતુ [ यदा ] જ્યારે [ आत्मना ] આત્મા વડે [ आत्मानं ] આત્માને [ जानाति ] જાણે છે [ तदा ] ત્યારે [ सः एव ] તે જ ( આત્મા ) [ परमात्मा देवः ] પરમાત્માદેવ છે-કે જે પરમ આરાધ્ય છે.

**ભાવાર્થઃ**—આ સ્વસંવેદનપ્રત્યક્ષ આત્મા શુદ્ધ નિશ્ચયનયથી અનંતચતુષ્ટયસ્વરૂપ ક્ષુધાઆદિ અઢાર દોષ રહિત નિર્દોષ પરમાત્મા—તે વ્યવહારનયથી અનાદિકર્મબંધનના વિશેષથી પોતાની બુદ્ધિના દોષથી પરાધીન થયો છે.

પરંતુ જ્યારે વીતરાગનિર્વિકલ્પસ્વસંવેદનજ્ઞાનરૂપે પરિણત આત્મા વડે નિજશુદ્ધ-આત્માને જાણે છે ત્યારે તે સ્વશુદ્ધઆત્માની અનુભૂતિના સમયે તે જ આત્મા નિજશુદ્ધઆત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ સુખાનુભવથી શોભે છે, ક્રીડા કરે છે તે દેવ છે કે જે પરમઆરાધ્ય છે; તે દેવ શુદ્ધનિશ્ચયનયથી મુક્તિગત પરમાત્મા સમાન છે.

---

૧. અહીં ' स्वसंवेदन ज्ञान प्रत्यक्ष ' હોવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



शुद्धनिश्चयेन मुक्तिगतपरमात्मसमानः । अयमत्र भावार्थः । यद्येवंभूतः परमात्मा शक्तिरूपेण देहमध्ये नास्ति तर्हि केवलज्ञानोत्पत्तिकाले कथं व्यक्तीभविष्यतीति ॥१७४॥

अथ तमेवार्थं व्यक्तीकरोति—

३०६) जो परमप्पा णाणमउ सो हउँ देउ अणंतु ।
जो हउँ सो परमप्पु परु एहउ भावि णिभंतु ॥ १७५ ॥

यः परमात्मा ज्ञानमयः स अहं देवः अनन्तः ।
यः अहं स परमात्मा परः इत्थं भावय निर्भ्रान्तः ॥ १७५ ॥

जो परमप्पा इत्यादि । जो परमप्पा यः कश्चित् प्रसिद्धः परमात्मा सर्वोत्कृष्टानन्तज्ञानादिरूपा मा लक्ष्मीर्यस्य स भवति परमश्चासावात्मा च परमात्मा णाणमउ ज्ञानेन निर्वृत्तः ज्ञानमयः सो हउं यद्यपि व्यवहारेण कर्मावृतस्तिष्ठामि तथापि निश्चयेन स एवाहं पूर्वोक्तः परमात्मा । कथंभूतः । देउ परमाराध्यः । पुनरपि कथंभूतः । अणंतु अनन्तसुखादिगुणास्पदत्वादनन्तः । जो हउं सो परमप्पु योऽहं स्वदेहस्थो निश्चयेन परमात्मा स एव तत्सदृश एव मुक्तिगतपरमात्मा ।

---

અહીં આ ભાવાર્થ છે કે જો આવો પરમાત્મા શક્તિરૂપે દેહમાં ન હોય તો કેવલજ્ઞાનની ઉત્પત્તિકાલે તેની વ્યક્તિ કેવી રીતે થાય ? ૧૭૪.

હવે તે જ અર્થને પ્રગટ કરે છેઃ—

## ગાથા—૧૭૫

**અન્વયાર્થઃ**—[ यः ज्ञानमयः परमात्मा देवः अनंतः ] જે કોઈ જ્ઞાનમય પરમાત્મા કે જે દેવ છે, અનંત છે, [ सः ] તે [ परः परमात्मा ] પરમ પરમાત્મા છે, [ इत्थं ] આવા પ્રકારના પરમાત્માને [ निर्भ्रान्तः भावय ] તું નિસ્સંશય ભાવ.

**ભાવાર્થઃ**—'પરા' અર્થાત્ સર્વોત્કૃષ્ટ-અનંતજ્ઞાનાદિરૂપ 'મા' અર્થાત્ લક્ષ્મી જેને છે તે 'પરમ' છે, અને પરમ એવો આત્મા તે 'પરમાત્મા છે' કે જે 'જ્ઞાનમય' અર્થાત્ જ્ઞાનથી રચાયેલ છે; જો કે હું વ્યવહારથી કર્મ વડે અવરાયેલો છું તોપણ, નિશ્ચયથી પૂર્વોક્ત પ્રસિદ્ધ ( જ્ઞાનમય ) પરમાત્મા-કે જે 'દેવ' અર્થાત્ પરમ આરાધ્ય છે અને અનંત સુખાદિ ગુણોનું સ્થાન હોવાથી 'અનંત' છે—તે જ હું છું. અને જેવો સ્વદેહમાં રહેલો હું નિશ્ચયથી પરમાત્મા છું, તેના જેવા જ મુક્તિપ્રાપ્ત પરમાત્મા છે-કે જે પરમગુણયુક્ત હોવાથી 'ઉત્કૃષ્ટ' છે-આવા પરમાત્માને, હે પ્રભાકર ભટ્ટ ! તું સંશયરહિત થયો થકો ભાવ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथंभूतः । परु परमगुणयोगात् पर उत्कृष्टः एहउ भावि इत्थंभूतं परमात्मानं भावय । हे प्रभाकरभट्ट । कथंभूतः सन् । णिभंतु भ्रान्तिरहितः संशयरहितः सन्निति । अत्र स्वदेहेऽपि शुद्धात्मास्तीति निश्चयं कृत्वा मिथ्यात्वाद्युपशमवशेन केवलज्ञानाद्युत्पत्तिबीजभूतां कारणसमयसाराख्यामागमभाषया वीतरागसम्यक्त्वादिरूपां शुद्धात्मैकदेशव्यक्तिं लब्ध्वा सर्वतात्पर्येण भावना कर्तव्येत्यभिप्रायः ॥ १७५ ॥

अथामुमेवार्थं दृष्टान्तदार्ष्टान्ताभ्यां समर्थयति—

३०७) णिम्मल-फलिहहँ जेम जिय भिण्णउ परकिय-भाउ ।
अप्प-सहावहँ तेम मुणि सयलु वि कम्म-सहाउ ॥ १७६ ॥

निर्मलस्फटिकाद् यथा जीव भिन्नः परकृतभावः ।
आत्मस्वभावात् तथा मन्यस्व सकलमपि कर्मस्वभावम् ॥ १७६ ॥

भिण्णउ भिन्नो भवति जिय हे जीव जेम यथा । कोऽसौ कर्ता । परकियभाउ जपापुष्पाद्युपाधिरूपः परकृतभावः । कस्मात्सकाशात् । णिम्मलफलिहहं निर्मलस्फटिकात् तेम तथा भिन्नं मुणि मन्यस्व जानीहि । कम् । सयलु वि कम्मसहाउ समस्तमपि भावकर्मद्रव्यकर्मनोकर्मस्वभावम् कस्मात् । सकाशात् ।

---

અહીં પોતાના દેહમાં પણ શુદ્ધ આત્મા છે એવો નિર્ણય કરીને મિથ્યાત્વાદિ ઉપશમના વશે કેવલજ્ઞાનાદિની ઉત્પત્તિના બીજરૂપ, આગમભાષાએ કારણસમયસાર નામની વીતરાગ સમ્યક્ત્વાદિરૂપ શુદ્ધાત્માની એકદેશવ્યક્તિ પામીને સર્વતાત્પર્યથી ભાવના કરવી એવો અભિપ્રાય છે. ૧૭૫.

હવે આ જ અર્થનું દૃષ્ટાંતદાર્ષ્ટાંતથી સમર્થન કરે છેઃ—

ગાથા—૧૭૬

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ ! [ यथा ] જેવી રીતે [ परकृतभावः ] પરકૃત ભાવ [ निर्मलस्फटिकात् ] નિર્મલસ્ફટિકથી [ भिन्नः ] જુદો છે [ तथा ] તેવી રીતે [ सकलं अपि कर्मस्वभावं ] સમસ્ત કર્મસ્વભાવને [ आत्मस्वभावात् ] આત્મસ્વભાવથી [ भिन्नं मन्यस्व ] ભિન્ન જાણ.

**ભાવાર્થ**:—જેવી રીતે જપાપુષ્પાદિની ઉપાધિરૂપ પરકૃત ભાવ નિર્મલસ્ફટિકથી ભિન્ન છે તેવી રીતે સમસ્ત ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મસ્વભાવને અનંતજ્ઞાનાદિગુણસ્વભાવમય પરમાત્માથી ભિન્ન જાણ. ૧૭૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अप्पसहावहं अनन्तज्ञानादिगुणस्वभावात् परमात्मनः इति भावार्थः ॥ १७६ ॥

अथ तामेव देहात्मनोर्भेदभावनां द्रढयति—

३०८) जेम सहावि णिम्मलउ फलिहउ तेम सहाउ ।
भंतिए मइलु म मण्णि जिय मइलउ देक्खवि काउ ॥ १७७ ॥

यथा स्वभावेन निर्मलः स्फटिकः तथा स्वभावः ।
भ्रान्त्या मलिनं मा मन्यस्व जीव मलिनं दृष्ट्वा कायम् ॥ १७७ ॥

जेम इत्यादि । जेम सहावि णिम्मलउ यथा स्वभावेन निर्मलो भवति । कोऽसौ । फलिहउ स्फटिकमणिः तेम तथा निर्मलो भवति । कोऽसौ कर्ता । सहाउ विशुद्धज्ञानरूपस्य परमात्मनः स्वभावः भंतिए मइलु म मण्णि पूर्वोक्तमात्मस्वभावं कर्मतापन्नं भ्रान्त्या मलिनं मा मन्यस्व जिय हे जीव । किं कृत्वा । मइलउ देक्खवि मलिनं दृष्ट्वा । कम् काउ निर्मलशुद्धबुद्धैकस्वभावपरमात्मपदार्थाद्विलक्षणं कायमित्यभिप्रायः ॥ १७७ ॥

अथ पूर्वोक्तभेदभावनां रक्तादिवस्त्रदृष्टान्तेन व्यक्तिकरोति चतुष्कलेन—

३०९) रत्तें वत्थें जेम बुहु देहु ण मण्णइ रत्तु ।
देहिं रत्तिं णाणि तहँ अप्पु ण मण्णइ रत्तु ॥ १७८ ॥

---

હવે તે જ દેહ અને આત્માની ભેદભાવના દૃઢ કરે છે ( હવે દેહ અને આત્મા જુદા છે એવી ભાવના કરે છે ) :—

## ગાથા—૧૭૭

**અન્વયાર્થ** :—[ यथा ] જેવી રીતે [ स्फटिकः ] સ્ફટિકમણિ [ स्वभावेन ] સ્વભાવથી [ निर्मलः ] નિર્મલ છે [ तथा ] તેવી રીતે [ स्वभावः ] વિશુદ્ધ જ્ઞાનરૂપ પરમાત્માનો સ્વભાવ નિર્મલ છે. [ जीव ] હે જીવ ! [ कायं ] નિર્મલ શુદ્ધ, બુદ્ધ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્મપદાર્થથી વિલક્ષણ શરીરને [ मलिनं दृष्ट्वा ] મલિન દેખીને પૂર્વોક્ત આત્મસ્વભાવને [ भ्रान्त्या ] ભ્રાન્તિથી [ मलिनं ] મલિન [ मा मन्यस्व ] ન જાણ, એવો, અભિપ્રાય છે. ૧૭૭.

હવે પૂર્વોક્ત ભેદભાવનાને રક્તાદિ વસ્ત્રના દૃષ્ટાંતથી ચાર ગાથાસૂત્રો દ્વારા પ્રગટ કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३१०) जिण्णि वत्थि जेम बुहु देहु ण मण्णइ जिण्णु ।
देहिं जिण्णि णाणि तहँ अप्पु ण मण्णइ जिण्णु ॥ १७९ ॥

३११) वत्थु पणट्ठइ जेम बुहु देहु ण मण्णइ णट्ठु ।
णट्ठे देहे णाणि तहँ अप्पु ण मण्णइ णट्ठु ॥ १८० ॥

३१२) भिण्णउ वत्थु जि जेम जिय देहहँ मण्णइ णाणि ।
देहु वि भिण्णउँ णाणि तहँ अप्पहँ मण्णइ जाणि ॥ १८१ ॥

रक्तेन वस्त्रेन यथा बुधः देहं न मन्यते रक्तम् ।
देहेन रक्तेन ज्ञानी तथा आत्मानं न मन्यते रक्तम् ॥ १७८ ॥

---

## ગાથા–૧૭૮–૮૧

**અન્વયાર્થ:**—[ यथा ] જેવી રીતે [ बुधः ] કોઇ બુદ્ધિમાન પુરુષ [ वस्त्रे रक्ते ] વસ્ત્ર લાલ હોતાં, [ देहं ] શરીરને [ रक्तं न मन्यते ] લાલ માનતો નથી [ तथा ] તેવી રીતે [ ज्ञानी ] વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનવાળો જ્ઞાની [ देहे रक्ते ] શરીર લાલ હોતાં, [ आत्मानं ] આત્માને [ रक्तं न मन्यते ] લાલ માનતો નથી. (૧૭૮).

[ यथा ] જેવી રીતે [ बुधः ] કોઇ બુદ્ધિમાન પુરુષ [ वस्त्रे जीर्णे ] વસ્ત્ર જીર્ણ થતાં, [ देह ] શરીરને [ जीर्णं न मन्यते ] જીર્ણ માનતો નથી [ तथा ] તેવી રીતે [ देहे जीर्णे ] શરીર જીર્ણ થતાં, [ ज्ञानी ] જ્ઞાની [ आत्मानं ] આત્માને [ जीर्णं न मन्यते ] જીર્ણ માનતો નથી. ( ૧૭૯ ).

[ यथा ] જેવી રીતે [ बुधः ] કોઈ બુદ્ધિમાન પુરુષ वस्त्रे प्रणष्टे ] વસ્ત્ર નષ્ટ થતાં, [ देहं ] શરીરને [ नष्टं न मन्यते ] નાશ પામેલું માનતો નથી [ तथा ] તેવી રીતે [ देहे नष्टे ] દેહનો નાશ થતાં, [ ज्ञानी ] જ્ઞાની [ आत्मानं ] આત્માનો [ नष्टं न मन्यते ] નાશ માનતો નથી. ( ૧૮૦ ).

[ जीव ] હે જીવ ! [ यथा ] જેવી રીતે [ ज्ञानी ] દેહ અને વસ્ત્રનો ભેદ જાણનાર જ્ઞાની [ वस्त्रं एव ] વસ્ત્રને [ देहात ] શરીરથી [ भिन्नं मन्यते ] જુદું જ જાણે છે [ तथा ] તેવી રીતે [ ज्ञानी ] દેહ અને આત્માનો ભેદ જાણનાર ભેદજ્ઞાની [ देहं ] દેહને [ आत्मनः ] આત્માથી [ भिन्नं मन्यते ] ભિન્ન માને છે એમ તું [ जानीहि ] જાણ ( ૧૮૧ ).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जीर्णेन वस्त्रेण तथा बुधः देहं न मन्यते जीर्णम् ।
देहेन जीर्णेन ज्ञानी तथा आत्मानं न मन्यते जीर्णम् ॥ १७९ ॥
वस्त्रे प्रणष्टे यथा बुधः देहं न मन्यते नष्टम् ।
नष्टे देहे ज्ञानी तथा आत्मानं न मन्यते नष्टम् ॥ १८० ॥
भिन्नं वस्त्रमेव यथा जीव देहात् मन्यते ज्ञानी ।
देहमपि भिन्नं ज्ञानी तथा आत्मनः मन्यते जानीहि ॥ १८१ ॥

यथा कोऽपि व्यवहारज्ञानी रक्ते वस्त्रे जीर्णे वस्त्रे नष्टेऽपि स्वकीयवस्त्रे स्वकीयं देहं रक्तं जीर्णं नष्टं न मन्यते तथा वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानी देहे रक्ते जीर्णे नष्टेऽपि सति व्यवहारेण देहस्थमपि वीतरागचिदानन्दैकपरमात्मानं शुद्धनिश्चयनयेन देहाद्भिन्नं रक्तं जीर्णं नष्टं न मन्यते इति भावार्थः । अथ मण्णइ मन्यते । कोऽसौ । णाणि देहवस्त्रविषये भेदज्ञानी । किं मन्यते । भिण्णउ भिन्नम् । किम् । वत्थु जि वस्त्रमेव जेम यथा जिय हे जीव । कस्माद्भिन्नं मन्यते । देहहं स्वकीयदेहात् । दृष्टान्तमाह । मण्णइ मन्यते । कोऽसौ । णाणि देहात्मनोर्भेदज्ञानी तहं तथा भिन्नं मन्यते । कमपि देहु वि देहमपि । कस्मात् । अप्पहं निश्चयेन देहविलक्षणाद् व्यवहारेण देहस्थात्सहज-शुद्धपरमानन्दैकस्वभावान्निजपरमात्मनः जाणि जानीहीति भावार्थः ॥ १७८—८१ ॥

अथ दुःखजनकदेहघातकं शत्रुमपि मित्रं जानीहीति दर्शयति—

---

ભાવાર્થ:—જેવી રીતે કોઈપણ વ્યવહારજ્ઞાની ( વ્યવહારમાં કુશળ મનુષ્ય ) સ્વકીય વસ્ત્ર લાલ હોતાં, વસ્ત્ર જીર્ણ થતાં, અને વસ્ત્ર નષ્ટ થતાં, સ્વકીય દેહને લાલ, જીર્ણ અને નષ્ટ માનતો નથી તેવી રીતે વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનવાળો જ્ઞાની દેહ લાલ હોતાં, દેહ જીર્ણ અને નષ્ટ થતાં, વ્યવહારથી દેહમાં રહેવા છતાં પણ શુદ્ધ નિશ્ચયનયથી દેહથી ભિન્ન, એક ( કેવલ ) વીતરાગ ચિદાનંદમય પરમાત્માને લાલ જીર્ણ કે નષ્ટ માનતો નથી.

હે જીવ ! જેવી રીતે દેહ અને વસ્ત્રનો ભેદજ્ઞાની વસ્ત્રને સ્વકીય દેહથી જુદું જાણે છે તેવી રીતે દેહ અને આત્માનો ભેદજ્ઞાની દેહને નિશ્ચયથી દેહથી વિલક્ષણ, વ્યવહારથી દેહસ્થ ( વ્યવહારે દેહમાં સ્થિત ) સહજ શુદ્ધ પરમાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી ભિન્ન જાણે છે, એમ તું જાણ એવો ભાવાર્થ છે. ૧૭૮—૧૮૧.

હવે દુઃખજનક, દેહઘાતક, એવા શત્રુને પણ તું મિત્ર જાણ એમ દર્શાવે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३१३) इहु तणु जीवड तुज्झ रिउ दुक्खइँ जेण जणेइ ।
सो परु जाणहि मित्तु तुहुँ जो तणु एहु हणेइ ॥ १८२ ॥

इयं तनुः जीव तव रिपुः दुःखानि येन जनयति ।
तं परं जानीहि मित्रं त्वं यः तनुमेतां हन्ति ॥ १८२ ॥

रिउ रिपुर्भवति । का । इहु तणु इयं तनुः कर्त्री जीवड हे जीव तुज्झ तव । कस्मात् । दुःक्खइं जेण जणेइ येन कारणेन दुःखानि जनयति सो परु तं परजनं जाणहि जानीहि । किम् । मित्तु परममित्रं तुहुं त्वं कर्ता । यः परः किं करोति । जो तणु एहु हणेइ यः कर्ता तनुमिमां प्रत्यक्षीभूतां हन्तीति । अत्र यदा वैरी देहविनाशं करोति तदा वीतरागचिदानन्दैकस्वभावपरमात्मतत्त्वभावनोत्पन्नसुखामृतसमरसीभावे स्थित्वा शरीरघातकस्योपरि यथा पाण्डवैः कौरवकुमारस्योपरि द्वेषो न कृतस्तथान्यतपोधनैरपि न कर्तव्य इत्यभिप्रायः ॥ १८२ ॥

अथ उदयागते पापकर्मणि स्वस्वभावो न त्याज्य इति मनसि संप्रधार्य सूत्रमिदं कथयति—

३१५) उदयहँ आणिवि कम्मु मइँ जं भुंजेवउ होइ ।
तं सह आविउ खविउ मइँ सो पर लाहु जि कोइ ॥ १८३ ॥

---

## ગાથા—૧૮૨

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ ! [ येन ] કારણ કે શરીર [ दुःखानि ] દુઃખો [ जनयति ] ઉપજાવે છે તેથી [ इयंतनुः ] આ શરીર [ तव रिपुः ] તારો શત્રુ છે. [ यः ] જે [ एतां तनुं ] આ પ્રત્યક્ષ શરીરને [ हन्ति ] હણે છે [ तं ] તેને [ परं मित्रं त्वं जानीहि ] તું પરમ મિત્ર જાણ.

**ભાવાર્થ:**—અહીં જ્યારે વેરી દેહનો વિનાશ કરે છે ત્યારે વીતરાગ ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતરૂપ સમરસીભાવમાં સ્થિર થઈને, જેવી રીતે શરીરના હણનાર કૌરવકુમાર ઉપર પાંડવોએ દ્વેષ ન કર્યો તેવી રીતે, શરીરના ઘાતક ઉપર અન્ય તપોધનોએ પણ દ્વેષ ન કરવો. ૧૮૨.

હવે ઉદયમાં આવેલા પાપકર્મમાં સ્વસ્વભાવનો ત્યાગ ન કરવો એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથાસૂત્ર કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



उदयमानीय कर्म मया यद् भोक्तव्यं भवति ।
तत् स्वयमागतं क्षपितं मया स परं लाभ एव कश्चित् ॥ १८३ ॥

जं यत् भुंजेवउ होइ भोक्तव्यं भवति । किं कृत्वा । उदयहं आणिवि विशिष्टात्मभावनाबलेनोदयमानीय । किम् । कम्मु चिरसंचितं । कर्म । केन । मइं मया तं तत् पूर्वोक्तं कर्म सह आविउ दुर्धरपरीषहोपसर्गवशेन स्वयमुदयमागतं सत् खविउ मइं निजपरमात्मतत्त्वभावनोत्पन्नवीतरागसहजानन्दैक-सुखरसास्वादद्रवीभूतेन परिणतेन मनसा क्षपितं मया सो स परं नियमेन लाहु जि लाभ एव कोइ कश्चिदपूर्व इति । अत्र केचन महापुरुषा दुर्धरा-नुष्ठानं कृत्वा वीतरागनिर्विकल्पसमाधौ स्थित्वा च कर्मोदयमानीय तमनु-भवन्ति, अस्माकं पुनः स्वयमेवोदयागतमिति मत्वा संतोषः कर्तव्य इति तात्पर्यम् ॥ १८३ ॥

अथ इदानीं पुरुषवचनं सोढुं न याति तदा निर्विकल्पात्मतत्त्वभावना कर्तव्येति प्रतिपादयति—

---

### ગાથા–૧૮૩

**અન્વયાર્થઃ**—[ यत कर्म ] જે કર્મ [ उदयं आनीय ] ઉદયમાં લાવીને [ मया ] મારે [ भोक्तव्यं भवति ] ભોગવી લેવા યોગ્ય છે [ तत ] તે કર્મ [ स्वयं आगतः ] સ્વયં ઉદયમાં આવ્યું અને [ मया क्षपितं ] મેં ( શાંતભાવથી ) ક્ષય કર્યું [ सः ] તે [ परं ] નિયમથી મને [ कश्चित् लाभः एव ] કોઈ અપૂર્વ લાભ જ છે.

**ભાવાર્થઃ**—જે ચિરસંચિત કર્મને વિશિષ્ટ આત્મભાવનાના બળથી ઉદયમાં લાવીને મારે ભોગવી લેવા યોગ્ય છે તે પૂર્વોક્ત કર્મ દુર્ધર પરિષહ, ઉપસર્ગના વશથી સ્વયં ઉદયમાં આવ્યું અને નિજ પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન એક ( કેવલ ) વીતરાગ સહજાનંદમય સુખરસાસ્વાદરૂપે દ્રવીભૂત-પરિણમેલ-મનવડે મેં તેને ક્ષય કર્યું તે નિયમથી કોઈ અપૂર્વ લાભ જ છે.

અહીં કોઈ મહાપુરુષો દુર્ધર અનુષ્ઠાન કરીને અને વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને કર્મને ઉદયમાં લાવીને તેને અનુભવે છે, ત્યારે અમને તો કર્મ સ્વયમેવ ઉદયમાં આવ્યાં એમ જાણીને સંતોષ કરવો એવું તાત્પર્ય છે. ૧૭૩.

હવે જો આ કઠોર વચન સહન ન થાય તો ( પોતાનો કષાયભાવ રોકવા માટે ) નિર્વિકલ્પ આત્મતત્ત્વની ભાવના કરવી એમ કહે છેઃ—

૪૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३१५) णिट्ठुर-वयणु सुणेवि जिय जइ मणि सहण ण जाइ ।
तो लहु भावहि बंभु परु जिं मणु झत्ति विलाइ ॥ १८४ ॥

निष्ठुरवचनं श्रुत्वा जीव यदि मनसि सोढुं न याति ।
ततो लघु भावय ब्रह्म परं येन मनो झटिति विलीयते ॥ १८४ ॥

जइ यदि चेत् सहण ण जाइ सोढुं न याति । क्व मणि मनसि जिय हे मूढ जीव । किं कृत्वा । सुणेवि श्रुत्वा । किम् णिट्ठुरवयणु निष्ठुरं हृदयकर्णशूलवचनं तो तद्वचनश्रवणानन्तरं लहु शीघ्रं भावहि वीतरागपरमानन्दैकलक्षणनिर्विकल्पसमाधौ स्थित्वा भावय कम् । बंभु ब्रह्मशब्दवाच्यनिजदेहस्थपरमात्मानम् । कथंभूतम् । परु परमानन्तज्ञानादि गुणाधारत्वात् परमुत्कृष्टं जिं येन परमात्मध्यानेन । किं भवति । मणु झत्ति विलाइ वीतरागनिर्विकल्पसमाधिसमुत्पन्नपरमानन्दैकरूपसुखामृतास्वादेन मनो झटिति शीघ्र विलयं याति द्रवीभूतं भवतीति भावार्थः ॥ १८४ ॥

अथ जीवः कर्मवशेन जातिभेदभिन्नो भवतीति निश्चिनोति—

---

ગાથા–૧૮૪

**અન્વયાર્થ:**—[ जीव ] હે મૂઢ જીવ ! [ यदि ] જો [ निष्ठुरवचनं श्रुत्वा ] નિષ્ઠુર વચન સાંભળીને [ मनसि ] મનમાં [ सोढुं न याति ] સહી ન શકાય [ ततः ] તો તું [ परं ब्रह्म ] પરમ બ્રહ્મને [ लघु ] શીઘ્ર [ भावय ] ભાવ; [ येन ] કે જેથી [ मनः ] મન [ झटिति ] શીઘ્ર [ विलीयते ] નાશ પામે.

**ભાવાર્થ:**—હે મૂઢ જીવ ! જો નિષ્ઠુર, હૃદય અને કાનમાં શૂલ જેવું ખૂંચનારું વચન સાંભળીને મનમાં તારાથી સહન ન થઈ શકે તો તે વચન સાંભળ્યા પછી શીઘ્ર વીતરાગ પરમાનંદ જેનું એક લક્ષણ છે એવી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને પરમ અનંતજ્ઞાનાદિ ગુણોનો આધાર હોવાથી ઉત્કૃષ્ટ એવા 'બ્રહ્મ શબ્દથી વાચ્ય એવા નિજદેહસ્થ પરમાત્માને ભાવ (ધ્યાવ), કે જે પરમાત્માને ધ્યાનથી વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન એક (કેવલ) પરમાનંદમય સુખામૃતના આસ્વાદથી મન તુરત જ નાશ પામે–દ્રવીભૂત થાય (પીગળી જાય). ૧૮૪.

હવે જીવ કર્મના વશથી જાતિભેદથી ભિન્ન ભિન્ન સ્વરૂપે થાય છે (કર્મના વશે જીવ ભિન્ન ભિન્ન જાતિઓ પામે છે) એમ નક્કી કરે છે:—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३१६) लोउ विलक्खणु कम्म-वसु इत्थु भवंतरि एइ ।
चुज्जु कि जइ इहु अप्पि ठिउ इत्थु जि भवि ण पडेइ ॥१८५॥

लोकः विलक्षणः कर्मवशः अत्र भवान्तरे आयाति ।
आश्चर्यं किं यदि अयं आत्मनि स्थितः अत्रैव भवे न पतति ॥१८५॥

लोउ इत्यादि । विलक्खणु षोडशवर्णिकासुवर्णवत्केवलज्ञानादिगुणसदृशो न [1]सर्वजीवराशिसदृशात् परमात्मतत्त्वाद्विलक्षणो विसदृशो भवति । केन । ब्राह्मण-क्षत्रियवैश्यशूद्रादिजातिभेदेन । कोऽसौ । लोउ लोको जनः । कथंभूतः सन् । कम्मवसु कर्मरहितशुद्धात्मानुभूतिभावनारहितेन यदुपार्जितं कर्म तस्य कर्मण अधीनः कर्मवशः । इत्थंभूतः सन् किं करोति । इत्थु भवंतरि एइ पञ्चप्रकार-भवरहिताद्वीतरागपरमानन्दैकस्वभावात् शुद्धात्मद्रव्याद्विसदृशे अस्मिन् भवान्तरे संसारे समायाति चुज्जु किं इदं किमाश्चर्यं किंतु नैव, जइ इहु अप्पि

## ગાથા–૧૮૫

**અન્વયાર્થઃ**—[ कर्मवश ] કર્મને વશ થયેલ [ लोकः ] જીવરાશિ [ विलक्षणः ] બ્રાહ્મણ આદિ જાતિના ભેદથી પરમાત્મતત્ત્વથી વિલક્ષણ–વિસદૃશ થાય છે. એવો થતાં જીવરાશિ [ भवान्तरे ] ભવાન્તરમાં ( સંસારમાં ) [ आयाति ] પડે-રખડે-[ आश्चर्य किं ] એમાં શું આશ્ચર્ય છે ? એમાં કંઈ આશ્ચર્ય નથી. [ यदि ] જો [ अयं ] આ જીવરાશિની [ आत्मनि स्थिते: ] આત્મામાં સ્થિતિ થાય તો [ अत्र एव भवे ] આ જ ભવમાં ( ભ્રમણમાં ) [ न पतति ] ન પડે તેમાં પણ આશ્ચર્ય નથી.

**ભાવાર્થઃ**—આ જનસમુદાય કર્મરહિત એવા શુદ્ધ આત્માની અનુભૂતિની ભાવનાના અભાવથી જે કર્મ ઉપાર્જ્યું છે તે કર્મને આધીન થતો થકો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્રાદિ જાતિના ભેદથી, સોળવલા સુવર્ણની જેમ કેવલજ્ઞાનાદિ ગુણે કરીને સર્વ-જીવરાશિ સદૃશ નથી, સદૃશ એવા પરમાત્મતત્ત્વથી વિલક્ષણ–વિસદૃશ -છે ( ? ) આવો શું કરે છે ? પાંચ પ્રકારના ભાવથી રહિત વીતરાગ પરમાનંદ જેનો એક સ્વભાવ છે એવો શુદ્ધ આત્મદ્રવ્યથી વિસદૃશ આ ભવાન્તરમાં-સંસારમાં આવે-પડે-એમાં શું આશ્ચર્ય છે ? કંઈપણ આશ્ચર્ય નથી. જો આ જીવ શુદ્ધાત્મામાં સ્થિત થાય છે તો આ જ ભવમાં ન પડે તોપણ તેમાં આશ્ચર્ય નથી.

---

૧ સંસ્કૃત ટીકામાં ભૂલ લાગે છે. કદાચ આ પ્રમાણે પણ હોય : सर्वजीवराशिसदृशात्=सर्व-जीवराशिः सदृशात्

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ठिउ यदि चेदयं जीवः स्वशुद्धात्मनि स्थितो भवति तर्हि इत्थु जि भवि ण पडेइ अत्रैव भवे न पततीति इदमप्याश्चर्यं न भवतीति । अत्रेदं व्याख्यानं ज्ञात्वा संसारभयभीतेन भव्येन भवकारणमिथ्यात्वादिपञ्चास्रवान् मुक्त्वा द्रव्य-भावास्रवरहिते परमात्मभावे स्थित्वा च निरन्तरं भावना कर्तव्येति तात्पर्यम् ॥१८५॥

अथ परेण दोषग्रहणे कृते कोपो न कर्तव्य इत्यभिप्रायं मनसि संप्रधार्य सूत्रमिदं प्रतिपादयति—

३१७) अवगुण-गहणइँ महुतणइँ जइ जीवहँ संतोसु ।
तो तहँ सोक्खहँ हेउ हउँ इउ मण्णिवि चइ रोसु ॥१८६॥

अवगुणग्रहणेन मदीयेन यदि जीवानां संतोषः ।
ततः तेषां सुखस्य हेतुरहं इति मत्वा त्यज रोषम् ॥ १८६ ॥

जइ जीवहं संतोसु यदि चेदज्ञानिजीवानां संतोषो भवति । केन । अवगुण-गहणइं निर्दोषिपरमात्मनो विलक्षणा ये दोषा अवगुणास्तेषां ग्रहणेन । कथंभूतेन महुतणइं मदीयेन तो तहं सोक्खहं हेउ हउं यतः कारणान्मदीयदोषग्रहणेन तेषां सुखं जातं ततस्तेषामहं सुखस्य हेतुर्जातः इउ मण्णिवि चउ रोसु केचन

---

અહીં આ વ્યાખ્યાન સાંભળીને સંસારભયથી ભયભીત ભવ્યજીવે ભવના કારણરૂપે મિથ્યાત્વ આદિ પાંચ આસ્રવોને છોડીને અને દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ રહિત પરમાત્મભાવથી સ્થિત થઈને નિરંતર ( આત્મ ) ભાવના કરવી એવું તાત્પર્ય છે. ૧૮૫

હવે જો કોઇ પોતાનો દોષ ગ્રહણ કરે તો ( તેના પર ) કોપ ન કરવો એવો અભિપ્રાય મનમાં રાખીને આ સૂત્ર કહે છેઃ—

## ગાથા—૧૮૬

**અન્વયાર્થ**:—[ यदि ] જો [जीवानां] અજ્ઞાની જીવોને [ मदीयेन अवगुण-ग्रहणेन ] મારા દોષ ગ્રહણ કરવાથી [ संतोषः ] સંતોષ–હર્ષ–થાય છે [ ततः ] તો [ तेषां सुखस्य ] તેમના સુખનો [ हेतुः ] હેતુ [ अहं ] હું થયો, [ इति मत्वा ] એમ માનીને [ रोषं त्यज ] તું રોષ છોડ.

**ભાવાર્થ**:—નિર્દોષ પરમાત્માથી વિલક્ષણ જે મારા દોષો છે તેમના ગ્રહણથી જો અજ્ઞાની જીવોને સંતોષ થાય છે તો મારા દોષ ગ્રહણ કરવાથી તેમને સુખ થયું તેથી તેમના સુખનો હેતુ હું થયો. કેટલાક પરોપકારમાં રત પુરુષો તો બીજાઓને ધનાદિક આપીને સુખી કરે છે, અને મેં તો તેમને ધનાદિક આપ્યા સિવાય સુખી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

परोपकारनिरताः परेषां द्रव्यादिकं दत्त्वा सुखं कुर्वन्ति मया पुनर्द्रव्यादिकं मुक्त्वापि तेषां सुखं कृतमिति मत्वा रोषं त्यज । अथवा मदीया अनन्तज्ञानादिगुणा न गृहीतास्तैः किंतु दोषा एव गृहीता इति मत्वा च कोपं त्यज, अथवा ममैते दोषाः सन्ति सत्यमिदमस्य वचनं तथापि रोषं त्यज, अथवा ममैते दोषा न सन्ति तस्य वचनेन किमहं दोषी जातस्तथापि, क्षमितव्यम्, अथवा परोक्षे दोषग्रहणं करोति न च प्रत्यक्षे समीचीनोऽसौ तथापि क्षमितव्यम्, अथवा वचनमात्रेणैव दोषग्रहणं करोति न च शरीरबाधां करोति तथापि क्षमितव्यम्, अथवा शरीरबाधामेव करोति न च प्राणविनाशं तथापि क्षमितव्यम्, अथवा प्राणविनाशमेव करोति न च भेदाभेदरत्नत्रयभावनाविनाशं चेति मत्वा सर्वतात्पर्येण क्षमा कर्तव्येत्यभिप्रायः ॥ १८६ ॥

अथ सर्वचिन्तां निषेधयति युग्मेन—

३१८) जोइय चिंति म कि पि तुहुँ जइ बीहउ दुक्खस्स ।
तिल-तुस-मित्तु वि सल्लडा वेयण करइ अवस्स ॥ १८७ ॥

---

કર્યા એમ માનીને રોષ છોડ. અથવા મારા અનંતજ્ઞાનાદિ ગુણો તો તેમણે લીધા નથી પરંતુ મારા દોષો જ ગ્રહ્યા છે એમ માનીને પણ કોપ છોડ, અથવા આ દોષો મારામાં છે એવું એનું વચન સત્ય છે એમ માનીને રોષ ત્યજ અથવા આ દોષો મારામાં નથી તો તેના વચનથી શું હું દોષી થઈ ગયો? એમ માનીને ક્ષમા કરવી, અથવા મારા દોષ પીઠ પાછળ કહે છે, પણ મારી સમક્ષ નથી કહેતો તે સમીચીન છે ( સારું છે ) એમ માનીને ક્ષમા કરવી, અથવા ( કોઈ પ્રત્યક્ષ પોતાની સામે દોષ કહે તો ) વચનમાત્રથી મારા દોષ ગ્રહણ કરે છે પણ મારા શરીરને બાધા કરતો નથી એમ માનીને ક્ષમા કરવી, અથવા શરીરને જ બાધા કરે છે, પ્રાણનો વિનાશ કરતો નથી એમ માનીને ક્ષમા કરવી, અથવા પ્રાણનો જ વિનાશ કરે છે પણ ભેદાભેદ રત્નત્રય ભાવનાનો વિનાશ કરતો નથી એમ માનીને સર્વ તાત્પર્યથી ક્ષમા કરવી. ૧૮૬.

હવે બે ગાથાસૂત્રો દ્વારા સર્વ ચિંતાઓનો નિષેધ કરે છેઃ—

ગાથા–૧૮૭

**અન્વયાર્થઃ**—[ योगिन् ] હે યોગી ! [ त्वं ] તું [ यदि ] જો [ दुःखस्य भीतः ] દુઃખથી બીતો હો તો [ किं अपि मा चिन्तय ] જરાય પણ ચિંતા ન કર;

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



योगिन् चिन्तय मा किमपि त्वं यदि भीतः दुःखस्य ।
तिलतुषमात्रमपि शल्यं वेदनां करोत्यवश्यम् ॥ १८७ ॥

चिंति म चिन्तां मा कार्षीः किं पि तुहुं कामपि त्वं जोइय हे योगिन् । यदि किम् । जइ बीहउ यदि बिभेषि । कस्य । दुक्खस्स वीतरागतात्त्विकानन्दैकरूपात् पारमार्थिकसुखात्प्रतिपक्षभूतस्य नारकादिदुःखस्य । यतः कारणात् तिलतुसमित्तु वि सल्लडा तिलतुषमात्रमपि शल्यं वेयण करइ अवस्स वेदनां बाधां करोत्यवश्यं नियमेन । अत्र चिन्तारहितात्परमात्मनः सकाशाद्विलक्षणा या विषयकषायादिचिन्ता सा न कर्तव्या । काण्डादिशल्यमिव दुःखकारणत्वादिति भावार्थः ॥ १८७ ॥

किंच—

३१९) मोक्खु म चिंतहि जोइया मोक्खु ण चिंतिउ होइ ।
जेण णिबद्धउ जीवडउ मोक्खु करेसइ सोइ ॥ १८८ ॥

मोक्षं मा चिन्तय योगिन् मोक्षो न चिन्तितो भवति ।
येन निबद्धो जीवः मोक्षं करिष्यति तदेव ॥ १८८ ॥

---

કારણ કે [ तिलतुषमात्रं अपि शल्यं ] તલના ફોતરા જેટલું શલ્ય પણ [ अवश्यं ] અવશ્ય [ वेदनां ] વેદના [ करोति ] ઉત્પન્ન કરે છે.

**ભાવાર્થ**:—હે યોગી ! તું જો વીતરાગ તાત્ત્વિક આનંદમય જેનું એકરૂપ છે એવા પારમાર્થિક સુખથી પ્રતિપક્ષભૂત નારકાદિ દુઃખથી ડરતો હો તો વિષયકષાયની લેશ માત્ર પણ ચિંતા ન કર, કારણ કે તલના ફોતરા જેટલું શલ્ય પણ અવશ્ય (નિયમથી) વેદના-બાધા-ઉત્પન્ન કરે છે.

અહીં ચિંતા રહિત પરમાત્માથી વિલક્ષણ જે વિષયકષાયાદિની ચિંતા છે તે ન કરવી કારણ કે જેમ બાણાદિ શલ્ય દુઃખનું કારણ છે તેવી રીતે ચિંતા દુઃખનું કારણ છે. ૧૮૭.

હવે મોક્ષની પણ ચિંતા ન કરવી તેમ કહે છેઃ—

### ગાથા—૧૮૮

**અન્વયાર્થ**:—[ योगिन् ] હે યોગી ! તું [ मोक्षं ] મોક્ષની પણ [ मा चिन्तय ] ચિંતા ન કર, કારણ કે [ चिन्तितः मोक्षः न भवति ] ચિંતા કરવાથી મોક્ષ થતો નથી. [ येन ] જેનાથી [ जीवः ] જીવ [ निबद्धः ] બંધાયો છે [ तत् एव ] તે કર્મ જ (તે કર્મનું છૂટવું જ) [ मोक्षं करिष्यति ] મોક્ષ કરશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



मोक्खु इत्यादि । मोक्खु म चिंतहि मोक्षचिन्तां मा कार्षीस्त्वं जोइया हे योगिन् । यतः कारणात् मोक्खु ण चिंतिउ होउ रागादिचिन्ताजालरहितः केवलज्ञानाद्यनन्तगुणव्यक्तिसहितो मोक्षः चिन्तितो न भवति । तर्हि कथं भवति । जेण णिबद्धउ जीवडउ येन मिथ्यात्वरागादिचिन्ताजालोपार्जितेन कर्मणा बद्धो जीवः सोइ तदेव कर्म शुभाशुभविकल्पसमूहरहिते शुद्धात्मतत्त्वस्वरूपे स्थितानां परमयोगिनां मोक्खु करेसइ अनन्तज्ञानादिगुणोपलम्भरूपं मोक्षं करिष्यतीति । अत्र यद्यपि सविकल्पावस्थायां विषयकषायाद्यपध्यानवञ्चनार्थं मोक्षमार्गे भावना-दृढीकरणार्थं च "दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो सुगइगमणं समाहि-मरणं जिणगुणसंपत्ती होइ मज्झं" इत्यादि भावना कर्तव्या तथापि वीत-रागनिर्विकल्पपरमसमाधिकाले न कर्तव्येति भावार्थः ॥ १८८ ॥

अथ चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमसमाधिव्याख्यानमुख्यत्वेन सूत्र-षट्कमन्तरस्थलं कथ्यते । तद्यथा—

---

**ભાવાર્થ**:—હે યોગી ! તું મોક્ષની પણ ચિંતા ન કર, કારણ કે રાગાદિ-ચિંતાજાલરહિત અને કેવલજ્ઞાનાદિ અનંત ગુણોની વ્યક્તિ સહિત મોક્ષ ચિંતા કરવાથી થતો નથી. તો કેવી રીતે થાય છે ? તે આ રીતે થાય છે. મિથ્યાત્વ, રાગાદિચિંતા-જાલથી ઉપાર્જિત જે કર્મથી જીવ બંધાયો છે, તે જ કર્મ [ તે જ કર્મનો છુટકારો ] શુભાશુભવિકલ્પસમૂહથી રહિત અને શુદ્ધઆત્મસ્વરૂપમાં સ્થિત પરમયોગીઓને અનંત જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિરૂપ મોક્ષ કરશે.

અહીં જો કે સવિકલ્પ અવસ્થામાં વિષયકષાયાદિ અપધ્યાનના વંચનાર્થે અને મોક્ષમાર્ગમાં ભાવનાને દૃઢ કરવા માટે

"दुक्खक्खओ कम्मक्खओ बोहिलाहो
सुगईगमणं समाहिमरणं जिणगुणसंपत्ती होउ मज्झं ॥"

( શ્રી કુંદકુંદાચાર્ય પ્રાકૃત સિદ્ધ ભક્તિ ) ( **અર્થ**:—ચાર ગતિના દુઃખ નાશ પામો, કર્મનો ક્ષય થાઓ, બોધિલાભ થાઓ, સુગતિમાં ( પંચમગતિમાં, મોક્ષમાં ) ગમન થાઓ; સમાધિમરણ થાઓ અને જિનગુણની સંપત્તિ મને મળો. ) ઈત્યાદિ ભાવના કરવી યોગ્ય છે તોપણ, વીતરાગનિર્વિકલ્પ પરમસમાધિકાલે તે કરવી યોગ્ય નથી એવો ભાવાર્થ છે. ૧૮૮.

હવે ચોવીસ સૂત્રોના મહાસ્થલોમાં પરમ સમાધિના વ્યાખ્યાનની મુખ્યતાથી છ દોહાસૂત્રોનું અન્તરસ્થલ કહે છે. તે આ પ્રમાણેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३२०) परम-समाहि-महा-सरहिँ जे बुड्डहिँ पइसेवि ।
अप्पा थक्कइ विमलु तहँ भव-मल जंति वहेवि ॥ १८९ ॥

परमसमाधिमहासरसि ये मज्जन्ति प्रविश्य ।
आत्मा तिष्ठति विमलः तेषां भवमलानि यान्ति ऊढ्वा ॥ १८९ ॥

जे बुड्डहिं ये केचना पुरुषा मग्ना भवन्ति । क्व । परमसमाहिमहासरहिं परमसमाधिमहासरोवरे । किं कृत्वा मग्ना भवन्ति । पइसेवि प्रविश्य सर्वात्मप्रदेशैरवगाह्य अप्पा थक्कइ चिदानन्दैकस्वभावः परमात्मा तिष्ठति । कथंभूतः । विमलु द्रव्यकर्मनोकर्ममतिज्ञानादिविभावगुणनरकादिविभावपर्यायमलरहितः तहं तेषां परमसमाधिरतपुरुषाणां भवमल जंति भवरहितात् शुद्धात्मद्रव्याद्विलक्षणानि यानि कर्माणि भवमलकारणभूतानि गच्छन्ति । किं कृत्वा । वहेवि । शुद्धपरिणामनीरप्रवाहेण ऊढ्वेति भावार्थः ॥ १८९ ॥

अथ—

३२१) सयल-वियप्पहँ जो विलउ परम-समाहि भणंति ।
तेण सुहासुह-भावडा मुणि सयलवि मेल्लंति ॥ १९० ॥

---

ગાથા—૧૮૯

**અન્વયાર્થ:**—[ ये ] જે કોઇ પુરુષો [ परमसमाधि महासरसि ] પરમસમાધિરૂપ મહાસરોવરમાં [ प्रविश्य ] પ્રવેશીને-અવગાહન કરીને [ मज्जन्ति ] ડૂબકી મારે છે-મગ્ન થાય છે [ तेषां विमलः आत्मा ] તેમનો વિમલ આત્મા [ तिष्ठति ] સ્થિર થાય છે, [ भवमलानि ] ભવના કારણરૂપ કર્મમલો [ ऊढ्वा यान्ति ] શુદ્ધપરિણામરૂપ જલના પ્રવાહમાં વહી જાય છે- ધોવાઇ જાય છે.

**ભાવાર્થ:**—જે કોઇ પુરુષો પરમસમાધિરૂપ મહાસરોવરમાં સર્વઆત્મપ્રદેશોથી અવગાહીને મગ્ન થાય છે તે પરમસમાધિમાં રત પુરુષોમાં દ્રવ્યકર્મ, નોકર્મ, મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને નરનારકાદિ વિભાવપર્યાયરૂપ મલથી રહિત એક ચિદાનંદ સ્વભાવરૂપ પરમાત્મા સ્થિર થાય છે અને ભવરહિત શુદ્ધઆત્મદ્રવ્યથી વિલક્ષણ, ભવમલના કારણભૂત જે કર્મો તે શુદ્ધપરિણામરૂપી જલના પ્રવાહમાં તણાઈ જાય છે-ધોવાઈ જાય છે. ૧૮૯.

વળી ( હવે પરમસમાધિનું લક્ષણ કહે છે ):—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सकलविकल्पानां यः विलयः ( तं ) परमसमाधिं भणन्ति ।
तेन शुभाशुभभावान् मुनयः सकलानपि मुञ्चन्ति ॥ १९० ॥

भणंति कथयन्ति । के ते । वीतरागसर्वज्ञाः । कं भणन्ति । परम-समाहि वीतरागपरमसामायिकरूपं परमसामाधिकं जो विलउ यं विलयं विनाशम् । केषाम् । सयलवियप्पहं निर्विकल्पात्परमात्मस्वरूपात्प्रतिकूलानां समस्त-विकल्पानां तेण तेन कारणेन मेल्लंति मुञ्चन्ति । के कर्तारः । मुणि परमाराध्यध्यानरतास्तपोधनाः । कान् मुञ्चन्ति । सुहासुहभावडा शुभाशुभमनो-वचनकायव्यापाररहितान् शुद्धात्मद्रव्याद्विपरीतान् शुभाशुभभावान् परिणामान् । कतिसंख्योपेतान् । सयल वि समस्तानपि । अयं भावार्थः । समस्तपरद्रव्या-शारहितात् स्वशुद्धात्मस्वभावाद्विपरीता या आशापीहलोकपरलोकाशा यावत्तिष्ठति मनसि तावद् दुःखी जीव इति ज्ञात्वा सर्वपरद्रव्याशारहितशुद्धात्मद्रव्यभावना कर्तव्येति । तथा चोक्तम्—" आसापिसायगहिओ जीवो पावेइ दारुणं दुक्खं ।

---

## ગાથા–૧૯૦

**અન્વયાર્થ**:—[ सकलविकल्पानां ] સમસ્ત વિકલ્પોનો [ यः विलयः] જે વિલય થવો તેને વીતરાગસર્વજ્ઞદેવ [ परमसमाधिं ] પરમ સમાધિ [ भणंति ] કહે છે. [ तेन ] તેથી [ मुनयः ] મુનિઓ [ सकलान् अपि शुभाशुभभावान् ] સમસ્ત શુભાશુભ પરિણામોને [ मुञ्चन्ति ] છોડે છે.

**ભાવાર્થ**:—નિર્વિકલ્પ પરમાત્મ સ્વરૂપથી પ્રતિકૂલ સમસ્ત વિકલ્પોનો જે વિનાશ થવો તેને વીતરાગસર્વજ્ઞદેવ, વીતરાગ પરમ સામાયિકરૂપ પરમ સમાધિ કહે છે, તે કારણે પરમ-આરાધ્યધ્યાનરત તપોધનો સમસ્ત શુભાશુભ મનવચનકાયવ્યાપારથી રહિત એવા શુદ્ધઆત્મદ્રવ્યથી વિપરીત શુભાશુભ પરિણામોને છોડે છે.

આ ભાવાર્થ છે કે સમસ્તપરદ્રવ્યની આશાથી રહિત એવા સ્વશુદ્ધ આત્મ-સ્વભાવથી વિપરીત જે આ લોક અને પરલોકની આશા જ્યાં સુધી મનમાં રહે છે ત્યાં સુધી જીવ દુઃખી છે એમ જાણીને સર્વપરદ્રવ્યની આશા રહિત એવા શુદ્ધ આત્મદ્રવ્યની ભાવના કરવી. વળી કહ્યું પણ છે કે—

"आसापिसायगहिओ जीवो पावेइ दारूणं दुःखं ।
आसा जाहं णियत्तो ताहं णियत्ताई सयलदुक्खाइं ॥"

૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



आसा जाहं णियत्ता ताहं णियत्ताइं सयलदुक्खाइं ॥" ॥ १९० ॥

अथ—

३२२) घोरु करंतु वि तव-चरणु सयल वि सत्थ मुणंतु ।
परम-समाहि-विवज्जयउ णवि देक्खइ सिउ संतु ॥ १९१ ॥

घोरं कुर्वन् अपि तपश्चरणं सकलान्यपि शास्त्राणि मन्यमान ।
परमसमाधिविवर्जितः नैव पश्यति शिवं शान्तम ॥ १९१ ॥

करंतु वि कुर्वाणोऽपि । किम् । तवचरणु समस्तपरद्रव्येच्छावर्जितं शुद्धात्मानुभूतिरहितं तपश्चरणम् । कथंभूतम् । घोरु घोरं दुर्धरं वृक्षमूलातापनादिरूपम् । न केवलं तपश्चरणं कुर्वन् । सयल वि सत्थ मुणंतु शास्त्रजनितविकल्पतात्पर्यरहितात् परमात्मस्वरूपात् प्रतिपक्षभूतानि सर्वशास्त्राण्यपि जानन् । इत्थंभूतोऽपि सन् परमसमाहिविवज्जयउ यदि चेद्रागादिविकल्परहितपरमसमाधिविवर्जितो भवति तर्हि णवि देक्खइ न पश्यति । कम् । सिउ शिवं शिवशब्दवाच्यं विशुद्धज्ञानदर्शनस्वभावं स्वदेहस्थमपि च परमात्मानम् ।

---

( **અર્થ**:—આશારૂપી પિશાચથી ગ્રહાયેલો જીવ દારુણ દુઃખ પામે છે. જેમણે આશા છોડી તેઓ સર્વ દુઃખોથી મુક્ત થયા છે. ) ૧૯૦.

વળી (હવે એમ કહે છે કે પરમસમાધિ વિના શુદ્ધ આત્મા દેખી શકાતો નથી):-

## ગાથા—૧૯૧

**અન્વયાર્થ**:—જે મુનિ [ घोरं तपश्चरणं कुर्वन् अपि ] દુર્ધર તપશ્ચરણ કરવા છતાં પણ અને [ सकलानि शास्त्राणि जानन् अपि ] સર્વ શાસ્ત્રો જાણવા છતાં પણ, [ **परमसमाधिविवर्जितः** ] પરમસમાધિથી રહિત છે, તો તે [ शांतं शिवं ] શાંત અને શિવને [ न एव पश्यति ] દેખી શકતો નથી.

**ભાવાર્થ**:—સમસ્ત પરદ્રવ્યોની ઇચ્છાથી રહિત અને શુદ્ધાત્માની અનુભૂતિથી રહિત એવું, વૃક્ષના મૂલમાં કે આતપનાદિરૂપ ( વર્ષાકાલમાં વૃક્ષના મૂલની સમીપમાં, શીતકાલમાં નદીકિનારે અને ગ્રીષ્મકાલમાં પર્વતના શિખર પર ) દુર્ધર તપશ્ચરણ કરવા છતાં પણ, વળી શાસ્ત્રજનિત વિકલ્પોના તાત્પર્યથી રહિત એવા પરમાત્મસ્વરૂપથી પ્રતિપક્ષભૂત સર્વ શાસ્ત્રોને જાણવા છતાં પણ—આવો હોવા છતાં પણ જે મુનિ રાગાદિ-વિકલ્પથી રહિત એવી પરમસમાધિથી રહિત છે, તો તે રાગદ્વેષમોહરહિત હોવાથી પરમો-પશમરૂપ શાંત 'શિવ' શબ્દથી વાચ્ય એવા, વિશુદ્ધજ્ઞાન, વિશુદ્ધદર્શન જેનો સ્વભાવ છે એવા અને સ્વદેહમાં સ્થિત હોવા છતાં પણ પરમાત્માને દેખી શકતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथंभूतम् । संतु रागद्वेषमोहरहितत्वेन शान्तं परमोपशमरूपमिति । इदमत्र तात्पर्यम् । यदि निजशुद्धात्मैवोपादेय इति मत्वा तत्साधकत्वेन तदनुकूलं तपश्चरणं करोति तत्परिज्ञानसाधकं च पठति सदा परंपरया मोक्षसाधकं भवति, नो चेत् पुण्यबन्धकारणं तमेवेति । निर्विकल्पसमाधिरहिताः सन्तः आत्मरूपं न पश्यन्ति । तथा चोक्तम्—" आनन्दं ब्रह्मणो रूपं निजदेहे व्यवस्थितम् । ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम् ॥ " ॥ १९१ ॥

अथ—

३२३) विषय-कसाय वि णिद्दलिवि जे ण समाहि करंति ।
ते परमप्पहँ जोइया णवि आराहय होंति ॥ १९२ ॥

विषयकषायानपि निर्दल्य ये न समाधिं कुर्वन्ति ।
ते परमात्मनः योगिन् नैव आराधका भवन्ति ॥ १९२ ॥

जे ये केचन ण करंति न कुर्वन्ति । कम् । समाहि त्रिगुप्तिगुप्त-

---

અહીં આ તાત્પર્ય છે કે જો નિજ શુદ્ધ આત્મા જ ઉપાદેય છે એમ જાણીને તેના સાધકપણે તેને અનુકૂલ તપશ્ચરણ કરે છે અને તેના જ્ઞાનના સાધક શાસ્ત્રને ભણે છે તો તે પરંપરાએ મોક્ષનું સાધક છે, નહિ તો તે ( તપશ્ચરણ અને શાસ્ત્ર-અધ્યયન ) માત્ર પુણ્યબંધનું જ કારણ છે. જેઓ નિર્વિકલ્પ સમાધિ રહિત છે તે સંતો આત્મરૂપને દેખી શકતા નથી. વળી કહ્યું પણ છે કે "आनन्दं ब्रह्मणो रूपं निजदेहे व्यवस्थितम । ध्यानहीना न पश्यन्ति जात्यन्धा इव भास्करम् ॥ ( **અર્થ:**—બ્રહ્મનું રૂપ આનંદ છે, તે પોતાના દેહમાં રહેલો છે. જેવી રીતે જન્માંધ પુરુષો સૂર્યને દેખી શકતા નથી તેવી રીતે ધ્યાનથી રહિત પુરુષો તેને જોઈ શકતા નથી ). ૧૯૧.

વળી ( હવે વિષયકષાયનો નિષેધ કરે છે ):—

## ગાથા–૧૯૨

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી! [ ये ] જે કાંઈ [ **विषयकषायान् अपि** ] વિષયકષાયોને પણ [ **निर्दल्य** ] જડમૂળમાંથી ઉખેડીને [ **समाधिं** ] સમાધિ [ **न कुर्वन्ति** ] કરતા નથી [ ते ] તેઓ [ **परमात्मनः** ] પરમાત્માના [ **आराधकाः न एव भवन्ति** ] આરાધક જ નથી.

**ભાવાર્થ:**—હે યોગી! જે કાંઈ વિષયકષાય રહિત શુદ્ધ આત્મતત્ત્વથી પ્રતિપક્ષભૂત વિષયકષાયોને પણ નિર્મૂળ કરીને ( મૂળમાંથી ઉખેડીને ) ત્રણ ગુપ્તિથી ગુપ્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमसमाधिम् । किं कृत्वा पूर्वम् । णिद्दलिवि निर्मूल्य । कानपि विसय-कसाय वि निर्विषयकषायात् शुद्धात्मतत्त्वात् प्रतिपक्षभूतान् विषयकषायानपि ते णवि आराहय होंति ते नैवाराधका भवन्ति जोइया हे योगिन् । कस्याराधका न भवन्ति । परमप्पहं निर्दोषिपरमात्मन इति । तथाहि । विषय-कषायनिवृत्तिरूपं शुद्धात्मानुभूतिस्वभावं वैराग्यं, शुद्धात्मोपलब्धिरूपं तत्त्वविज्ञानं, बाह्याभ्यन्तरपरिग्रहपरित्यागरूपं नैर्ग्रन्थ्यं, निश्चिन्तात्मानुभूतिरूपा वशचित्तता, वीतरागनिर्विकल्पसमाधिबहिरङ्गसहकारिभूतं जितपरीषहत्वं चेति पञ्चैतान् ध्यान-हेतून् ज्ञात्वा भावयित्वा च ध्यानं कर्तव्यमिति भावार्थः तथा चोक्तम्—"वैराग्यं तत्त्वविज्ञानं नैर्ग्रन्थ्यं वशचित्तता । जितपरीषहत्वं च पञ्चैते ध्यानहेतवः ॥" ॥१९२॥

अथ—

३२४) परम-समाहि धरेवि मुणि जे परबंभु ण जंति ।
ते भव-दुक्खइँ बहुविहइँ कालु अणंतु सहंति ॥ १९३ ॥

परमसमाधिं धृत्वापि मुनयः ये परब्रह्म न यान्ति ।
ते भवदुःखानि बहुविधानि कालं अनन्तं सहन्ते ॥ १९३ ॥

---

પરમસમાધિને કરતા નથી તેઓ નિર્દોષ પરમાત્માના આરાધક જ નથી.

**ભાવાર્થ**:—( ૧ ) વિષયકષાયની નિવૃત્તિરૂપ અને શુદ્ધઆત્માની અનુભૂતિસ્વભાવવાળો વૈરાગ્ય ( ૨ ) શુદ્ધ આત્માની ઉપલબ્ધિરૂપ તત્ત્વવિજ્ઞાન ( ૩ ) બાહ્ય અભ્યંતર પરિગ્રહના ત્યાગરૂપ નિર્ગ્રંથપણું ( ૪ ) નિશ્ચિંત આત્માની અનુભૂતિરૂપ ચિત્તવશતા ( મનોજય ) અને ( ૫ ) વીતરાગ નિર્વિકલ્પ સમાધિના બહિરંગ સહકારીભૂત પરિષહજય એ પાંચ ધ્યાનના હેતુ જાણીને અને તેને ભાવીને ધ્યાન કરવું. વળી કહ્યું પણ છે કેઃ—" वैराग्यं तत्त्वविज्ञानं नैर्ग्रंथ्यं वशचित्तता । जितपरिषहत्वं च पञ्चैते ध्यानहेतवः ॥ ( **અર્થ**:—( ૧ ) વૈરાગ્ય ( ૨ ) તત્ત્વવિજ્ઞાન ( ૩ ) નૈર્ગ્રંથ્ય ( ૪ ) ચિત્તનું વશપણું અને ( ૫ ) પરિષહજય એ પાંચ ધ્યાનના હેતુઓ છે. ) ૧૯૨.

વળી ( હવે પરમસમાધિનો મહિમા કહે છે ):—

ગાથા—૧૯૩

**અન્વયાર્થ**:—[ ये मुनयः ] જે કોઈ મુનિઓ [ परमसमाधिं धृत्वा अपि ] પરમસમાધિને ધારણ કરીને પણ [ परब्रह्म ] પરબ્રહ્મને–પરમાત્મસ્વરૂપને [ न यान्ति ] પામતા નથી અર્થાત્ જાણતા નથી [ ते ] તેઓ–પૂર્વોક્ત શુદ્ધ આત્માની ભાવનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जे ये केचन मुणि मुनयः ण जंति न गच्छन्ति । कं कर्मतापन्नम् । परबंभु परमब्रह्म परब्रह्मशब्दवाच्यं निजदेहस्थं केवलज्ञानाद्यनन्तगुणस्वभावं परमात्मस्वरूपम् । किं कृत्वा पूर्वम् । परमसमाहि धरेवि वीतरागतात्त्विकचिदानन्दैकानुभूतिरूपं परमसमाधिं धृत्वा ते पूर्वोक्तशुद्धात्मभावनारहिताः पुरुषाः सहंति सहन्ते । कानि कर्मतापन्नानि । भवदुक्खइं वीतरागपरमाह्लादरूपात् परमार्थिकसुखात् प्रतिपक्षभूतानि नरनारकादिभवदुःखानि । कतिसंख्योपेतानि । बहुविहइं शारीरमानसादिभेदेन बहुविधानि । कियन्तं कालम् । कालु अणंतु अनन्तकालपर्यन्तमिति । अत्रेद व्याख्यानं ज्ञात्वा निजशुद्धात्मनि स्थित्वा रागद्वेषादिसमस्तविभावत्यागेन भावना कर्तव्येति तात्पर्यम् ॥ १९३ ॥

अथ—

## ३२५) जामु सुहासुह-भावडा णवि सयल वि तुट्टंति ।
## परम-समाहि ण तामु केवुलि एमु भणंति ॥ १९४ ॥

---

રહિત પુરુષો-[ अनंतं कालं ] અનંતકાલ પર્યંત [ बहुविधानि भवदुःखानि ] અનેક પ્રકારના નરનારકાદિ ભવદુઃખોને [ सहन्ते ] સહન કરે છે.

**ભાવાર્થઃ**—જે કોઈ મુનિઓ એક વીતરાગ તાત્ત્વિક ચિદાનંદમય અનુભૂતિરૂપ પરમસમાધિને ધારણ કરીને પરમ બ્રહ્મને-'પરબ્રહ્મ' શબ્દથી વાચ્ય એવા, નિજદેહમાં રહેલા, કેવલજ્ઞાનાદિ અનંતગુણસ્વભાવવાળા પરમાત્મસ્વરૂપને-પામતા નથી ( જાણતા નથી ), તેઓ-પૂર્વોક્ત શુદ્ધ આત્માની ભાવનાથી રહિત પુરુષો-વીતરાગ પરમ આહ્લાદરૂપ પારમાર્થિક સુખથી પ્રતિપક્ષભૂત, શારીરિક, માનસિક આદિ અનેક પ્રકારનાં ભવદુઃખોને સહે છે.

અહીં આ વ્યાખ્યાન જાણીને નિજ શુદ્ધ આત્મામાં સ્થિત થઈને રાગદ્વેષાદિ સમસ્ત વિભાગના ત્યાગ વડે ( આત્મ ) ભાવના કરવી એવું તાત્પર્ય છે. ૧૯૩.

વળી ( હવે એમ કહે છે કે જ્યાં સુધી આ જીવના બધા શુભાશુભ ભાવો દૂર ન થાય ત્યાં સુધી પરમસમાધિ થઈ શકતી નથી. ):—

### ગાથા—૧૯૪

**અન્વયાર્થઃ**—[ यावत् ] જ્યાં સુધી [ सकलाः अपि शुभाशुभ भावाः ] સમસ્ત શુભાશુભ ભાવો [ न एव त्रुट्यंति ] નાશ પામતા નથી [ तावत् ] ત્યાં સુધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यावत् शुभाशुभभावाः नैव सकला अपि त्रुट्यन्ति ।
परमसमाधिर्न तावत् मनसि केवलिन एवं भणन्ति ॥ १९४ ॥

जासु इत्यादि । जासु यावत्कालं णवि तुट्टंति नैव नश्यन्ति । के कर्तारः । सुहासुहभावडा शुभाशुभविकल्पजालरहितात् परमात्मद्रव्याद्विपरीताः शुभाशुभभावाः । परिणामा कतिसंख्योपेता अपि । सयल वि समस्ता अपि तासु ण तावत्कालं न । कोऽसौ । परमसमाहि शुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुचरणरूपः शुद्धोपयोगलक्षणः परमसमाधिः । क्व । मणि रागादिविकल्पत्वेन शुद्धचेतसि केवुलि एमु भणंति केवलिनो वीतरागसर्वज्ञा एवं कथयन्तीति भावार्थः ॥ १९४ ॥ इति चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमसमाधिप्रतिपादकसूत्रषट्केन प्रथममन्तर-स्थलं गतम् ।

तदनन्तरमर्हत्पदमिति भावमोक्ष इति जीवन्मोक्ष इति केवलज्ञानोत्पत्ति-रित्येकोऽर्थः तस्य चतुर्विधनामाभिधेयस्यार्हत्पदस्य प्रतिपादनमुख्यत्वेन सूत्रत्रयपर्यन्तं व्याख्यानं करोति । तद्यथा—

**३२६) सयल–वियप्पहँ तुट्टाहँ सिव–पय–मग्गि वसंतु ।**
**कम्म-चउक्कइ विलउ गइ अप्पा हुइ अरहंतु ॥ १९५ ॥**

सकलविकल्पानां त्रुट्यतां शिवपदमार्गे वसन् ।
कर्मचतुष्के विलयं गते आत्मा भवति अर्हन् ॥ १९५ ॥

---

[ मनसि ] શુદ્ધ ચિત્તમાં [ परमसमाधिः न ] પરમસમાધિ થતી નથી. [ एवं ] એમ [ केवलिनः भणन्ति ] કેવળી કહે છે.

**ભાવાર્થઃ**—જ્યાં સુધી શુભાશુભ વિકલ્પજાલરહિત એવા પરમાત્મદ્રવ્યથી વિપરીત સમસ્ત શુભાશુભ પરિણામો નાશ પામતા નથી, ત્યાં સુધી રાગાદિ વિકલ્પથી રહિત એવા શુદ્ધ ચિત્તમાં શુદ્ધ આત્માનાં સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ અનુચરણરૂપ શુદ્ધોપયોગલક્ષણવાળી પરમ સમાધિ થતી નથી એમ કેવલી વીતરાગ સર્વજ્ઞ કહે છે. ૧૯૪.

એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થલમાં પરમસમાધિના પ્રતિપાદક છ સૂત્રોથી પ્રથમ અન્તરસ્થલ સમાપ્ત થયું.

ત્યાર પછી અર્હંતપદ કહો, ભાવમોક્ષ કહો, જીવન્મોક્ષ કહો, કેવલજ્ઞાનોત્પત્તિ કહો—એ ચારે શબ્દનો અર્થ એક જ છે. એ ચાર પ્રકારના નામ જેના છે તે અર્હંતપદના પ્રતિપાદનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્ર સુધી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हुइ भवति । कोऽसौ । अप्पा आत्मा । कथंभूतो भवति । अरहंतु अरिर्मोहनीयं कर्म तस्य हननाद् रजसी ज्ञानदृगावरेण तयोरपि हननाद् रहस्यशब्देनान्तरायस्तदभावाच्च देवेन्द्रादिविनिर्मितामतिशयवतीं पूजामर्हतीत्यर्हन् । कस्मिन् सति । कम्मचउक्कइ विलउ गइ घातिकर्मचतुष्के विलयं गते सति । किं कुर्वन् सन् पूर्वम् । सिवपयमग्गि वसंतु शिवशब्दवाच्यं यन्मोक्षपदं तस्य योऽसौ सम्यग्दर्शनज्ञानचारित्रत्रितयैकलक्षणो मार्गस्तस्मिन् वसन् सन् । केषां सताम् । सयलवियप्पहं तुट्टाहं समस्तविकल्पानां नष्टानां समस्तरागादिविकल्पविनाशादनन्तरं भवतीति भावार्थः ॥ १९५ ॥

अथ—

३२७) केवल–णाणिं अणवरउ लोयालोउ मुणंतु ।
णियमे परमाणंदमउ अप्पा हुइ अरहंतु ॥ १९६ ॥

केवलज्ञानेनानवरतं लोकालोकं मन्यमानः ।
नियमेन परमानन्दमयः आत्मा भवति अर्हन् ॥ १९६ ॥

---

## ગાથા–૧૯૫

**અન્વયાર્થ:**—[ **शिवपदमार्गे वसन्** ] શિવપદમાર્ગમાં વસતો [ **सकलविकल्पानां त्रुटयतां** ] સકલ વિકલ્પનો નાશ થતાં, [ **कर्मचतुष्के विलयं गते** ] ચાર ઘાતિકર્મનો નાશ થવાથી, [ **आत्मा** ] આત્મા [ **अर्हन् भवति** ] અર્હંત થાય છે.

**ભાવાર્થ:**—'શિવ' શબ્દથી વાચ્ય એવું જે મોક્ષપદ તેનો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ ત્રણેયની એકતારૂપ લક્ષણવાળો જે માર્ગ તેમાં વસતા થકા આત્મા, પૂર્વે સમસ્તવિકલ્પોનો નાશ થતાં અર્થાત્ સમસ્ત રાગાદિ વિકલ્પોનો નાશ થયા પછી ચાર ઘાતિકર્મનો વિલય થતાં, અર્હંત થાય છે. અરિ અર્થાત્ મોહનીય કર્મ તેનો નાશ થવાથી, રજસી અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ બન્નેયનો નાશ થવાથી અને રહસ્ય શબ્દથી અન્તરાય સમજવો. અન્તરાયનો નાશ થવાથી દેવેન્દ્રાદિ રચિત, અતિશયવાન (સાતિશય) પૂજાને યોગ્ય છે તે અર્હંત છે. ૧૯૫.

વળી (હવે કેવલજ્ઞાનનો મહિમા કહે છે):—

## ગાથા–૧૯૬

**અન્વયાર્થ:**—[ केवलज्ञानेन ] કેવલજ્ઞાનથી [ अनवरतं लोकालोकं जानन् ] નિરંતર લોકાલોકને જાણતો થકો [ आत्मा ] આત્મા [ नियमेन ] નિયમથી [ परमानंद-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हुइ भवति । कोऽसौ । अप्पा आत्मा । कथंभूतो भवति । अरहंतु पूर्वोक्तलक्षणो अर्हन् । किं कुर्वन् । लोयालोउ मुणंतु क्रमकरणव्यवधानरहितत्वेन कालत्रयविषयं लोकालोकं वस्तु वस्तुस्वरूपेण युगपत् जानन् सन् । केन । केवलणाणिं लोकालोकप्रकाशकसकलविमलकेवलज्ञानेन । कथम् । अणवरउ निरन्तरम् । किं विशिष्टो भवति भगवान् । परमाणंदमउ वीतरागपरमसमरसीभावलक्षण-तात्त्विकपरमानन्दमयः । केन । णियमें निश्चयेन अत्र संदेहो न कर्तव्य इत्यभिप्रायः ॥ १९६ ॥

अथ—

३२८) जो जिणु केवल-णाणमउ परमाणंद–सहाउ ।
सो परमप्पउ परम–परु सो जिय अप्प–सहाउ ॥ १९७ ॥

यः जिनः केवलज्ञानमयः परमानन्दस्वभावः ।
सः परमात्मा परमपरः स जीव आत्मस्वभावः ॥ १९७ ॥

जो इत्यादि । जो यः जिणु अनेकभवगहनव्यसनप्रापणहेतून् कर्मारा-तीन् जयतीति जिनः । कथंभूतः । केवलणाणमउ केवलज्ञानाविनाभूतानन्त-

---

मयः ] પરમાનંદમય [ अर्हन् ] અર્હંત [ भवति ] થાય છે.

**ભાવાર્થ:**—લોકલોકપ્રકાશક સકલ વિમલ કેવલજ્ઞાનથી ક્રમ, કરણ, વ્યવધાન રહિતપણે ત્રણ કાલના વિષયોને, લોકાલોકના પદાર્થોને વસ્તુસ્વરૂપે નિરંતર યુગપત્ જાણતો થકો, આત્મા નિશ્ચયથી વીતરાગપરમસમરસી ભાવ સ્વરૂપ તાત્ત્વિક પરમાનંદમય લક્ષણવાળા અર્હંત થાય છે એમાં સંદેહ ન કરવો. ૧૯૬.

વળી ( હવે એમ કહે છે કે કેવલજ્ઞાન જ આત્માનો નિજસ્વભાવ છે અને કેવલીને જ પરમાત્મા કહે છે ):—

### ગાથા–૧૯૭

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ ! [ केवलज्ञानमयः ] કેવલજ્ઞાનાદિ અનંતગુણમય, [ परमानंदस्वभावः ] પરમાનંદ સ્વભાવી [ यः जिनः ] જે જિન છે [ सः ] તે [ परमात्मा ] પરમાત્મા છે, [ परमपरः ] પરમપર છે-ઉત્કૃષ્ટ અનંતજ્ઞાનાદિગુણરૂપ લક્ષ્મીવાળા સંસારીઓથી ઉત્કૃષ્ટ છે, [ सः ] તે [ आत्मस्वभावः ] આત્માનો સ્વભાવ છે.

**ભાવાર્થ:**—જે ભવવનમાં અનેક દુઃખોની પ્રાપ્તિના હેતુભૂત કર્મરૂપી શત્રુને જીતે છે તે જિન છે. તે જિન કેવલજ્ઞાનની સાથે અવિનાભાવી અનંતગુણમય છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**गुणमयः । पुनरपि कथंभूतः । परमाणंदसहाउ इन्द्रियविषयातीतः स्वात्मोत्थः रागादिविकल्परहितः परमानन्दस्वभावः सो परमप्पउ स पूर्वोक्तोऽर्हन्नेव परमात्मा परमपरु प्रकृष्टानन्तज्ञानादिगुणरूपा मा लक्ष्मीर्यस्य स भवति परमः संसारिभ्यः पर उत्कृष्टः इत्युच्यते परमश्चासौ परश्च परमपरः सो स पूर्वोक्तो वीतरागः सर्वज्ञः जिय हे जीव अप्पसहाउ आत्मस्वभाव इति । अत्र योऽसौ पूर्वोक्तभणितो भगवान् स एव संसारावस्थायां निश्चयनयेन शक्तिरूपेण जिन इत्युच्यते । केवलज्ञानावस्थायां व्यक्तिरूपेण च । तथैव च परमब्रह्मादिशब्द-वाच्यः स एव तदग्रे स्वयमेव कथयति । निश्चयनयेन सर्वे जीवा जिन-स्वरूपाः जिनोऽपि सर्वजीवस्वरूप इति भावार्थः । तथा चोक्तम्—"जीवा जिणवर जो मुणइ जिणवर जीव मुणेइ । सो समभावि परिट्ठियउ लहु णिव्वाणु लहेइ ॥" ॥ १९७ ॥ एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये अर्हदवस्था-कथनमुख्यत्वेन सूत्रत्रयेण द्वितीयमन्तरस्थलं गतम् ।**

---

ઇન્દ્રિયના વિષયોથી રહિત, સ્વ-આત્માથી ઉત્પન્ન, રાગાદિ વિકલ્પ રહિત, પરમાનંદ સ્વભાવી છે, તે પૂર્વોક્ત અર્હંત જ પરમાત્મા છે, પરમેશ્વર છે. પરમ–ઉત્કૃષ્ટ અનંત–જ્ઞાનાદિ ગુણરૂપ મા અર્થાત્ લક્ષ્મી જેને છે તે પરમ છે, સંસારીઓથી પર એટલે ઉત્કૃષ્ટ છે. આવા જે પરમ પર તે પરમ છે તે–પૂર્વોક્ત વીતરાગ સર્વજ્ઞ–હે જીવ ! આત્મસ્વભાવ છે.

અહીં પૂર્વોક્ત કથિત ભગવાન તે જ સંસાર–અવસ્થામાં નિશ્ચયનયથી શક્તિરૂપે 'જિન' કહેવાય અને કેવલજ્ઞાન–અવસ્થામાં વ્યક્તિરૂપે 'જિન' છે. તે જ પ્રમાણે પરમબ્રહ્માદિ શબ્દથી વાચ્ય એવા તેને જ આગળ સ્વયમેવ કથન કરશે. નિશ્ચયનયથી સર્વ જીવો જિનસ્વરૂપ છે. વળી કહ્યું પણ છે કે—[1]" **जीवा जिणवर जो मुणइ जिणवर जीव मुणेइ । सो समभावि परिट्ठियउ लहु णिव्वाणु लहेइ ॥** " ( **અર્થ:**—જે જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે તે સમભાવમાં સ્થિત થઈને શીઘ્ર નિર્વાણને પામે છે. ) ૧૯૭.

એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થલમાં અર્હંત–અવસ્થાના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રોથી બીજું અન્તરસ્થલ સમાપ્ત થયું.

---

૧ જુઓ ષટ્પ્રાભૃત ટીકા પૃ. ૩૪૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अत ऊर्ध्वं परमात्मप्रकाशशब्दस्यार्थकथनमुख्यत्वेन सूत्रत्रयपर्यन्तं व्याख्यानं करोति । तद्यथा—

३२९) सयलहँ कम्महँ दोसहँ वि जो जिणु देउ विभिण्णु ।
सो परमप्प-पयासु तुहुँ जोइय णियमेँ मण्णु ॥ १९८ ॥

सकलेभ्यः कर्मभ्यः दोषेभ्यः अपि यो जिनः देवः विभिन्नः ।
तं परमात्मप्रकाशं त्वं योगिन् नियमेन मन्यस्व ॥ १९८ ॥

सो तं परमप्पपयासु परमात्मप्रकाशसंज्ञं तुहुं त्वं कर्ता मण्णु मन्यस्व जानीहि जोइय हे योगिन् णियमें निश्चयेन । स कः । जो जिणु देउ यो जिनदेवः । किंविशिष्टः । विभिण्णु विशेषेण भिन्नः । केभ्यः । सयलहं कम्महं रागादिरहितचिदानन्दैकस्वभावपरमात्मनो यानि भिन्नानि सर्वकर्माणि तेभ्यः । न केवलं कर्मभ्यो भिन्नः । दोसहं वि टङ्कोत्कीर्णज्ञायकैकस्वभावस्य परमात्मनो येऽनन्तज्ञानसुखादिगुणास्तत्प्रच्छादका ये दोषास्तेभ्योऽपि भिन्न इत्यभिप्रायः ॥ १९८ ॥

अथ—

---

આના પછી પરમાત્મપ્રકાશ શબ્દના અર્થના કથનની મુખ્યતાથી ત્રણ દોહાસૂત્ર સુધી વ્યાખ્યાન કરે છે તે આ પ્રમાણેઃ—

## ગાથા–૧૯૮

**અન્વયાર્થ**:—[ सकलेभ्यः कर्मभ्यः ] સર્વ કર્મોથી અને [ दोषेभ्यः अपि ] પરમાત્માના અનંત જ્ઞાનસુખાદિગુણના પ્રચ્છાદક દોષોથી પણ [ विभिन्नः ] ભિન્ન [ यः जिनः देवः ] જે જિનદેવ છે [ तं ] તેને [ योगिन् ] હે યોગી ! [ त्वं ] તું [ नियमेन ] નિશ્ચયથી [ परमात्मप्रकाशं ] પરમાત્મપ્રકાશ [ मन्यस्व ] જાણ.

**ભાવાર્થ**:—રાગાદિ રહિત ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માથી ભિન્ન જે સર્વ કર્મો છે તેનાથી અને ટંકોત્કીર્ણ જ્ઞાયક જ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માના જે અનંતજ્ઞાનસુખાદિ ગુણો છે તેના આચ્છાદન કરનારા જે દોષો છે તેનાથી પણ ભિન્ન જે જિનદેવ છે તેને હે યોગી ! તું નિશ્ચયથી પરમાત્મપ્રકાશ જાણ ( પરમાત્મપ્રકાશ સંજ્ઞાવાળો પરમાત્મા જાણ. ) ૧૯૮.

ફરીને પણ આ કથનને દૃઢ કરે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३३०) केवल-दंसणु णाणु सुहु वीरिउ जो जि अणंतु ।
सो जिण–देउ वि परम–मुणि परम–पयासु मुणंतु ॥ १९९ ॥

केवलदर्शनं ज्ञानं सुखं वीर्यं य एव अनन्तम् ।
स जिनदेवोऽपि परममुनिः परमप्रकाशं मन्यमानः ॥ १९९ ॥

सो जिणदेउ वि स जिनदेवोऽपि एवं भवति । न केवलं जिनदेवो भवति । परममुणि परम उत्कृष्टो मुनिः प्रत्यक्षज्ञानी । किं कुर्वन् सन् । मुणंतु मन्यमानो जानन् सन् । कम् परमपयासु परममुत्कृष्टं लोकालोकप्रकाशकं केवलज्ञानं यस्य स भवति परमप्रकाशस्तं परमप्रकाशम् । स कः । केवलदंसणु णाणु सुहु वीरिउ जो जि केवलज्ञानदर्शनसुखवीर्यस्वरूपं य एव । कथंभूतं तत् केवलज्ञानादिचतुष्टयम् । अणंतु युगपदनन्तद्रव्यक्षेत्रकालभावपरिच्छेदकत्वादविनश्वरत्वाच्चानन्तमिति भावार्थः ॥ १९९ ॥

३३१) जो परमप्पउ परम–पउ हरि हरु बंभु वि बुद्धु ।
परम पयासु भणंति मुणि सो जिण–देउ विसुद्धु ॥ २०० ॥

---

## ગાથા–૧૯૯

**અન્વયાર્થ:**—[ परमप्रकाशं जानन् ] પરમપ્રકાશને જાણતો થકો [ अनन्तं केवलदर्शनं ज्ञानं सुखं वीर्यः ] અનંત કેવલદર્શન, કેવલજ્ઞાન, સુખ અને વીર્યસ્વરૂપ [ यः एव ] જે છે [ सः ] તે જ [ जिनदेवः अपि परममुनिः ] જિનદેવ અને પરમમુનિ છે.

**ભાવાર્થ:**—ઉત્કૃષ્ટ લોકાલોકપ્રકાશક કેવલજ્ઞાન જેને છે તે પરમ પ્રકાશક છે. તે પરમપ્રકાશને જાણતો થકો યુગપત્ અનંત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના પરિચ્છેદક હોવાથી તેમ જ અવિનશ્વર હોવાથી અનંત છે એવા કેવલજ્ઞાન, કેવલદર્શન, સુખ અને વીર્યસ્વરૂપ જે છે તે જ જિનદેવ છે, તેમ જ ઉત્કૃષ્ટ મુનિ–પ્રત્યક્ષ જ્ઞાની–છે. ૧૯૯.

વળી હવે જિનદેવનાં અનેક નામ છે એમ નક્કી કરે છે:—

## ગાથા–૨૦૦

**અન્વયાર્થ:**—[ यः परमप्रकाशः ] જે પરમપ્રકાશ નામનો પરમાત્મા છે [ सः ] તે જ [ परमात्मा ] પરમાત્મા, [ परमपदः ] પરમપદ, [ हरिः ] હરિ, [ हरः ] હર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यः परमात्मा परमपदः हरिः हरः ब्रह्मापि बुद्धः ।
परमप्रकाशः भणन्ति मुनयः स जिनदेवो विशुद्धः ॥ २०० ॥

भणंति कथयन्ति । के ते मुणि मुनयः प्रत्यक्षज्ञानिनः । कथंभूतं भणन्ति परमपयासु परमप्रकाशः । यः कथंभूतः । जो परमप्पउ यः परमात्मा । पुनरपि कथंभूतः । परमपउ परमानन्तज्ञानादिगुणाधारत्वेन परमपदस्वभावः । किंविशिष्टः । हरि हरिसंज्ञः हरु महेश्वराभिधानः बंभु वि परमब्रह्माभिधानोऽपि बुद्धु बुद्धः सुगतसंज्ञः सो जिणदेउ स एव पूर्वोक्तः परमात्मा जिनदेवः । किंविशिष्टः । विसुद्धु समस्तरागादिदोषपरिहारेण शुद्ध इति । अत्र य एव परमात्मसंज्ञो निर्दोषिपरमात्मा व्याख्यातः स एव परमात्मा, स एव परमपदः, स एव विष्णुसंज्ञः, स एवेश्वराभिधानः, स एव ब्रह्मशब्दवाच्यः, स एव सुगतशब्दाभिधेयः, स एव जिनेश्वरः, स एव विशुद्ध इत्याद्यष्टाधिकसहस्रनामाभिधेयो भवति । नानारुचीनां जनानां तु कस्यापि केनापि विवक्षितेन नाम्नाराध्यः स्यादिति भावार्थः । तथा चोक्तम्—"नामाष्टकसहस्रेण युक्तं मोक्षपुरेश्वरम्" इत्यादि ॥२००॥ एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमात्माप्रकाशशब्दार्थकथनमुख्यत्वेन सूत्रत्रयेण

---

[ ब्रह्म अपि ] બ્રહ્મ, [ बुद्धः ] બુદ્ધ, [ जिनदेवः ] જિનદેવ અને [ विशुद्ध ] વિશુદ્ધ છે એમ [ मुनयः वदन्ति ] મુનિઓ કહે છે.

**વિસ્તાર:**—જે પરમપ્રકાશ નામનો પરમાત્મા છે તે જ પરમાત્મા, જ્ઞાનાદિ અનંત ગુણોના આધાર હોવાથી પરમપદસ્વભાવ હરિ, મહેશ્વર નામનો હર, પરમબ્રહ્મ નામનો બ્રહ્મા, સુગત નામનો બુદ્ધ, સમસ્ત રાગાદિ દોષના ત્યાગ વડે શુદ્ધ જિનદેવ છે એમ મુનિઓ-પ્રત્યક્ષ જ્ઞાનીઓ-કહે છે.

**ભાવાર્થ:**—અહીં પરમાત્મપ્રકાશ નામના જે નિર્દોષ પરમાત્માનું વ્યાખ્યાન કર્યું છે, તે જ પરમાત્મા છે, તે જ પરમપદ છે, તેનું નામ જ વિષ્ણુ છે, તેનું નામ જ મહેશ્વર છે, તે જ 'બ્રહ્મ' શબ્દથી વાચ્ય છે, તે જ 'સુગત' શબ્દથી અભિધેય છે, તે જ જિનેશ્વર છે તે જ વિશુદ્ધ છે ઇત્યાદિ એક હજાર આઠ નામવાળા છે એમ પ્રત્યક્ષ જ્ઞાનીઓ કહે છે.

જુદી જુદી રુચિવાળા જીવોને તો કોઈ એક વિવક્ષિત નામથી આરાધ્ય છે એવો ભાવાર્થ છે. કહ્યું પણ છે કે "**नामाष्टकसहस्रेण युक्तं मोक्षपुरेश्वरम्**" **इत्यादि** ( **અર્થ:**—એક હજાર આઠ નામોથી યુક્ત મોક્ષપુરના ઈશ્વર ( સ્વામી ) છે ( તે જિન-દેવને સર્વ આરાધે છે ) ૨૦૦.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



तृतीयमन्तरस्थलं गतम् ।

तदनन्तरं सिद्धस्वरूपकथनमुख्यत्वेन सूत्रत्रयपर्यन्तं व्याख्यानं करोति तद्यथा–

३३२) झाणेँ कम्म क्खउ करिवि मुक्कउ होइ अणंतु ।
जिणवरदेवइँ सो जि जिय पभणिउ सिद्ध महंतु ॥ २०१ ॥

ध्यानेन कर्मक्षयं कृत्वा मुक्तो भवति अनन्तः ।
जिनवरदेवेन स एव जीव प्रभणितः सिद्धो महान् ॥ २०१ ॥

पभणिउ प्रभणितः कथितः । केन कर्तृभूतेन । जिणवरदेवइं जिनवरदेवेन । कोऽसौ भणितः । सिद्ध सिद्धः । कथंभूतः । महंतु महापुरुषाधितत्वात् केवलज्ञानादिमहागुणाधारत्वाच्च महान् । क एव । सो जि स एव । स कः योऽसौ मुक्कउ होइ ज्ञानावरणादिभिः कर्मभिर्मुक्तो रहितः सम्यक्त्वाद्यष्टगुणसहितश्च जिय हे जीव । कथंभूतः । अणंतु न विद्यतेऽन्तो विनाशो यस्य स भवत्यनन्तः । किं कृत्वा पूर्वं मुक्तो भवति । कम्मक्खउ करिवि विशुद्धज्ञानदर्शनस्वभावादात्मद्रव्याद्विलक्षणं यदार्तरौद्रध्यानद्वयं तेनोपार्जितं यत्कर्म तस्य क्षयः कर्मक्षयस्तं

---

એ પ્રમાણે ચોવીશ સૂત્રોના મહાસ્થલમાં પરમાત્મપ્રકાશ શબ્દના અર્થની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રથી ત્રીજું અન્તરસ્થલ સમાપ્ત થયું.

તેના પછી સિદ્ધસ્વરૂપના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્ર સુધી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણેઃ—

## ગાથા–૨૦૨

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! [ ध्यानेन ] શુક્લ ધ્યાનથી [ कर्मक्षयं कृत्वा ] કર્મનો ક્ષય કરીને જે [ मुक्तः ] મુક્ત થાય છે [ अनंतः ] કે જે અનંત ( અવિનાશી ) છે, [ सः एव ] તેને જ [ जिनवरदेवेन ] જિનવરદેવ [ सिद्धः ] સિદ્ધ [ प्रमाणितः ] કહે છે, કે જે [ महान् ] મહાન છે.

**ભાવાર્થઃ**—રાગાદિવિકલ્પ રહિત સ્વસંવેદનજ્ઞાનસ્વરૂપ ધ્યાનથી વિશુદ્ધજ્ઞાનવિશુદ્ધદર્શનસ્વભાવવાળા આત્મદ્રવ્યથી વિલક્ષણ જે આર્ત અને રૌદ્રરૂપ બે ધ્યાન છે તેનાથી ઉપાર્જિત જે કર્મ છે તેનો ક્ષય કરીને જે જ્ઞાનાવરણાદિ કર્મથી રહિત અને સમ્યક્ત્વાદિ આઠ ગુણ સહિત થાય છે અને જે અવિનાશી છે તેને જ જિનવરદેવે સિદ્ધ કહ્યા છે–કે જે સિદ્ધ ભગવાન મહાપુરુષોથી આરાધિત હોવાથી અને કેવલજ્ઞાનાદિ મહાગુણોના આધાર હોવાથી મહાન છે. ૨૦૧.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कृत्वा। केन। झाणें रागादिविकल्परहितस्वसंवेदनज्ञानलक्षणेन ध्यानेनेति तात्पर्यम् ॥२०१॥

अथ—

३३३) अण्णु वि बंधु वि तिहुयणहँ सासय-सुक्ख-सहाउ ।
तित्थु जि सयलु वि कालु जिय णिवसइ लद्ध-सहाउ ॥२०२॥

अन्यदपि बन्धुरपि त्रिभुवनस्य शाश्वतसौख्यस्वभावः ।
तत्रैव सकलमपि कालं जीव निवसति लब्धस्वभावः ॥ २०२ ॥

अण्णु वि इत्यादि । अण्णु वि अन्यदपि पुनरपि स पूर्वोक्तः सिद्धः । कथंभूतः । बंधु वि बन्धुरेव । कस्य । तिहुयणहं त्रिभुवनस्थभव्यजनस्य । पुनरपि किं विशिष्टः । सासयसुक्खसहाउ रागादिरहिताव्याबाधशाश्वतसुखस्वभावः । एवंगुणविशिष्टः सन् । किं करोति स भगवान् । तित्थु जि तत्रैव मोक्षपदे णिवसइ निवसति । कथंभूतः सन् । लद्धसहाउ लब्धशुद्धात्मस्वभावः कियत्कालं निवसति । सयलु वि समस्तमप्यनन्तानन्तकालपर्यन्तं जिय हे जीव इति । अत्रानेन समस्तकालग्रहणेन विमुक्तं भवति । ये केचन वदन्ति मुक्तानां पुनरपि संसारे पतनं भवति तन्मतं निरस्तमिति भावार्थः ॥ २०२ ॥

---

હવે ફરી પણ સિદ્ધોનો મહિમા કહે છે:—

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ ! [ अन्यत् अपि ] વળી તે સિદ્ધ ભગવાન [ त्रिभुवनस्य ] ત્રણ લોકના ભવ્ય જનને [ बंधुः अपि ] ( હિતકારી બંધુ છે. [ शाश्वतसौख्यस्वभावः ] શાશ્વત સુખસ્વભાવવાળા છે અને [ लब्धस्वभावः ] નિજસ્વભાવને પામીને [ सकलं कालं अपि ] સર્વ કાલ [ तत्र एव ] ત્યાં જ ( મોક્ષપદમાં જ ) [ निवसति ] વસે છે.

**ભાવાર્થ**:—વળી તે પૂર્વોક્ત સિદ્ધ ભગવાન ત્રણ લોકમાં રહેલા ભવ્ય જનને બંધુ જ છે. રાગાદિ રહિત અવ્યાબાધ શાશ્વત સુખસ્વભાવ જેનો છે એવા ગુણવિશિષ્ટ તે ભગવાન શુદ્ધ આત્મસ્વભાવને પામીને મોક્ષપદમાં સમસ્ત કાલ સુધી–અનંતાનંત કાલ સુધી–વસે છે.

અહીં ' સમસ્ત કાલ વિમુક્ત રહે છે ' એ કથનથી જે કોઇ કહે છે કે મુક્ત જીવોનું ફરીથી સંસારમાં પતન થાય છે' તેના મતનું ખંડન કર્યું છે, એવો ભાવાર્થ છે. ૨૦૨

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ—

३३४) जम्मण-मरण-विवज्जियउ चउ-गइ-दुक्ख विमुक्कु ।
केवल-दंसण-णाणमउ णंदइ तित्थु जि मुक्कु ॥ २०३ ॥

जन्ममरणविवर्जितः चतुर्गतिदुःखविमुक्तः ।
केवलदर्शनज्ञानमयः नन्दति तत्रैव मुक्तः ॥

पुनरपि कथंभूतः स भगवान् । जम्मणमरणविवज्जियउ जन्ममरणविवर्जितः । पुनरपि किंविशिष्टः । चउगइदुक्खविमुक्कु सहजशुद्धपरमानन्दैकस्वभावं यदात्मसुखं तस्माद्विपरीतं यच्चतुर्गतिदुःखं तेन विमुक्तो रहितः । पुनरपि किंस्वरूपः । केवलदंसणणाणमउ क्रमकरणव्यवधानरहितत्वेन जगत्रयकालत्रयवर्तिपदार्थानां प्रकाशककेवलदर्शनज्ञानाभ्यां निर्वृत्तः केवलदर्शनज्ञानमयः । एवंगुणविशिष्टः सन् किं करोति । णंदइ स्वकीयस्वाभाविकानन्तज्ञानादिगुणैः सह नन्दति वृद्धिं गच्छति । क । तित्थु जि तत्रैव मोक्षपदे । पुनरपि किंविशिष्टः सन् । मुक्कु ज्ञानावरणाद्यष्टकर्मनिर्मुक्तो रहितः अव्याबाधाद्यनन्तगुणैः सहितश्चेति भावार्थः ॥ २०३ ॥ एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये सिद्ध-

---

હવે ફરી સિદ્ધોનું જ વર્ણન કરે છેઃ—

## ગાથા—૨૦૩

**અન્વયાર્થઃ**—તે સિદ્ધ ભગવાન [ जन्ममरणविवर्जितः ] જન્મમરણથી રહિત છે, [ चतुर्गतिदुःख विमुक्तः ] ચાર ગતિના દુઃખોથી રહિત છે, [ केवलदर्शनज्ञानमयः ] કેવલદર્શનજ્ઞાનમય છે, [ मुक्तः ] મુક્ત છે, [ तत्रैव ] ત્યાં જ ( મોક્ષપદમાં જ ) [ नन्दति ] આનંદ કરે છે ( પોતાના સ્વભાવમાં આનંદરૂપ બિરાજે છે ).

**ભાવાર્થઃ**—વળી તે સિદ્ધ ભગવાન કેવા છે ? તે સિદ્ધભગવાન જન્મમરણથી રહિત છે, સહજ શુદ્ધ પરમાનંદ જ જેનો એક સ્વભાવ છે એવું જે આત્મસુખ તેનાથી વિપરીત જે ચાર ગતિનાં દુઃખ તેનાથી રહિત છે, કેવલદર્શનજ્ઞાનમય છે, ક્રમકરણવ્યવધાનરહિતપણે ત્રણ જગતના ત્રણકાલવર્તી પદાર્થોના પ્રકાશક કેવલદર્શન અને કેવલજ્ઞાનથી રચાયેલ છે. આવા ગુણવાળા હોતા થકા શું કરે છે ? આવા ગુણવિશિષ્ટ સિદ્ધભગવાન જ્ઞાનાવરણાદિ આઠ કર્મથી રહિત અને અવ્યાબાધાદિ અનંતગુણોથી સહિત થયા થકા, પોતાના સ્વાભાવિક અનંતજ્ઞાનાદિ ગુણો સાથે વૃદ્ધિને પામે છે. ૨૦૩.

એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થલમાં સિદ્ધપરમેષ્ઠીના વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રોથી ચોથું અન્તરસ્થલ સમાપ્ત થયું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमेष्ठिव्याख्यानमुख्यत्वेन सूत्रत्रयेण चतुर्थमन्तरस्थलं गतम् ।

अथानन्तरं परमात्मप्रकाशभावनारतपुरुषाणां फलं दर्शयन् सूत्रत्रयपर्यन्तं व्याख्यानं करोति । तथाहि—

३३५) जे परमप्प-पयासु मुणि भाविं भावहिँ सत्थु ।
मोहु जिणेविणु सयलु जिय ते बुज्झहिँ परमत्थु ॥ २०४ ॥

ये परमात्मप्रकाशं मुनयः भावेन भावयन्ति शास्त्रम् ।
मोहं जित्वा सकलं जीव ते बुध्यन्ति परमार्थम् ॥ २०४ ॥

भावहिं भावयन्ति ध्यायन्ति । के मुणि मुनयः जे ये केचन । किं भावयन्ति । सत्थु शास्त्रम् । परमप्पपयासु परमात्मस्वभावप्रकाशत्वात्परमात्मप्रकाशसंज्ञम् । केन भावयन्ति । भाविं समस्तरागाद्यपध्यानरहितशुद्धभावेन । किं कृत्वा पूर्वम् । णिणेविणु जित्वा । कम् । मोहु निर्मोहपरमात्मतत्त्वाद्विलक्षणं मोहम् । कतिसंख्योपेतम् । सयलु समस्तं निरवशेषं जिय हे जीवेति ते त एवंगुणविशिष्टास्तपोधनाः बुज्झहिं बुध्यन्ति । कम् । परमत्थु परमार्थशब्दवाच्यं चिदानन्दैकस्वभावं परमात्मानमिति भावार्थः ॥ २०४ ॥

अथ—

---

ત્યાર પછી ત્રણ સૂત્રો સુધી પરમાત્મપ્રકાશની ભાવનામાં રત પુરુષોને જે ફ્લ થાય છે તે દર્શાવતા, વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણેઃ—

### ગાથા—૨૦૪

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! [ ये मुनयः ] જે કોઈ મુનિઓ [ सकलं मोहं जित्वा ] સમસ્ત મોહને જીતીને [ भावेन ] શુદ્ધભાવથી [ परमात्मप्रकाशं शास्त्रं ] પરમાત્મપ્રકાશ નામના શાસ્ત્રને [ भावयन्ति ] ધ્યાવે છે [ ते ] તેઓ [ परमार्थं ] પરમાત્માને [ बुध्यन्ति ] જાણે છે.

**ભાવાર્થઃ**—જે કોઈ મુનિઓ નિર્મોહ પરમાત્મતત્ત્વથી વિલક્ષણ મોહને જીતીને સમસ્ત રાગાદિ અપધ્યાન રહિત શુદ્ધ ભાવથી પરમાત્મસ્વભાવનો પ્રકાશક હોવાથી જે પરમાત્મપ્રકાશ છે એવા પરમાત્મપ્રકાશ નામના શાસ્ત્રને ધ્યાવે છે તે તપોધનો પરમાર્થશબ્દથી વાચ્ય, ચિદાનંદ જેનો એક સ્વભાવ છે એવા પરમાત્માને જાણે છે. ૨૦૪.

હવે ફરી પરમાત્મપ્રકાશના અભ્યાસનું ફ્લ કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



३३६) अण्णु वि भत्तिए जे मुणहिँ इहु परमप्प-पयासु ।
लोयालोय-पयासयरु पावहिँ ते वि पयासु ॥ २०५ ॥

अन्यदपि भक्त्या ये मन्यन्ते इमं परमात्मप्रकाशम् ।
लोकालोकप्रकाशकरं प्राप्नुवन्ति तेऽपि प्रकाशम् ॥ २०५ ॥

अण्णु वि इत्यादि । अण्णु वि अन्यदपि विशेषफलं कथ्यते । भत्तिए जे मुणहिं भक्त्या ये मन्यन्ते जानन्ति । कम् । परमप्पपयासु इमं प्रत्यक्षीभूतं परमात्मप्रकाशग्रन्थमर्थतस्तु परमात्मप्रकाशशब्दवाच्यं परमात्मतत्त्वं पावहिं प्राप्नुवन्ति ते वि तेऽपि । कम् । पयासु प्रकाशशब्दवाच्यं केवलज्ञानं तदाधारपरमात्मानं वा । कथंभूतं परमात्मप्रकाशम् । लोयालोयपयासयरु अनन्तगुणपर्यायसहित-त्रिकालविषयलोकालोकप्रकाशकमिति तात्पर्यम् ॥ २०५ ॥

अथ—

३३७) जे परमप्प-पयासयहं अणुदिणु णाउ लयंति ।
तुट्टइ मोहु तडत्ति त तिहुयण-णाह हवंति ॥ २०६ ॥

---

## ગાથા—૨૦૫

**અન્વયાર્થ**:—[ अन्यत् अपि ] વળી બીજું વિશેષફલ કહે છે કે [ ये ] જેઓ [ इमं परमात्मप्रकाशं ] આ પરમાત્મપ્રકાશ શાસ્ત્રને [ भक्त्या ] ભક્તિથી [ जानन्ति ] જાણે છે [ ते अपि ] તેઓ પણ [ लोकालोकप्रकाशकरं ] લોકાલોકના પ્રકાશક [ प्रकाशं ] પ્રકાશને—કેવલજ્ઞાન તથા તેના આધારભૂત પરમાત્મતત્ત્વને–[ प्राप्नुवन्ति ] પામે છે.

**ભાવાર્થ**:—વળી બીજું વિશેષ ફલ કહે છે કે જેઓ આ પ્રત્યક્ષ પરમાત્મ-પ્રકાશ ગ્રંથને અર્થથી પણ પરમાત્મશબ્દથી વાચ્ય એવા પરમાત્મતત્ત્વને ભક્તિથી જાણે છે તેઓ અનંતગુણપર્યાયસહિત ત્રણકાલના લોકાલોકના પ્રકાશક, પ્રકાશ શબ્દથી વાચ્ય એવા કેવલજ્ઞાન તથા તેમના આધારભૂત પરમાત્મપ્રકાશને-પરમાત્મતત્ત્વને-પામે છે. ૨૦૫

વળી ( હવે ફરી પરમાત્મપ્રકાશના અભ્યાસનું ફલ કહે છે ) :—

## ગાથા—૨૦૬

**અન્વયાર્થ**:—[ ये ] જે વિવેકી જીવો [ परमात्मप्रकाशस्य ] પરમાત્મપ્રકાશનું [ नाम ] નામ [ अनुदिनं गृह्णन्ति ] સદા લે છે [ तेषां ] તેમનો [ मोहः ] મોહ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये परमात्मप्रकाशस्य अनुदिनं नाम गृह्णन्ति ।
त्रुटयति मोहः झटिति तेषां त्रिभुवननाथा भवं ॥ २०६ ॥

लयंति गृह्णन्ति जे ये विवेकिनः णाउ नाम । कस्य । परमप्पपयासयहं व्यवहारेण परमात्मप्रकाशाभिधानग्रन्थस्य निश्चयेन तु परमात्मप्रकाशशब्दवाच्यस्य केवलज्ञानाद्यनन्तगुणस्वरूपस्य परमात्मपदार्थस्य । कथम् । अणुदिणु अनवरतम् । तेषां किं फलं भवति । तुट्टइ नश्यति । कोऽसौ । मोहु निर्मोहात्मद्रव्याद्विलक्षणो मोहः तडत्ति झटिति तहं तेषाम् । न केवलं मोहो नश्यति तिहुयणणाह हवंति तेन पूर्वोक्तेन निर्मोहशुद्धात्मतत्त्वभावनाफलेन पूर्वं देवेन्द्रचक्रवर्त्यादिभूति-विशेषं लब्ध्वा पश्चाज्जिनदीक्षां गृहीत्वा च केवलज्ञानमुत्पाद्य त्रिभुवननाथा भवन्तीति भावार्थः ॥ २०६ ॥ एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमात्मप्रकाश-भावनाफलकथनमुख्यत्वेन सूत्रत्रयेण पञ्चमं स्थलं गतम् ।

अथ परमात्मप्रकाशशब्दवाच्यो योऽसौ परमात्मा तदाराधकपुरुषलक्षण-ज्ञापनार्थं सूत्रत्रयेण व्याख्यान करोति । तद्यथा—

३३८) जे भव–दुक्खहँ बीहिया पउ इच्छहिँ णिव्वाणु ।
इह परमप्प-पयासहँ ते पर जोग्ग वियाणु ॥ २०७ ॥

---

[ झटिति ] शीघ्र [ त्रुटयति ] नाश पामे छे [ त्रिभुवननाथाः भवन्ति ] अने तेओ केवलज्ञान उपजावीने त्रण भुवनना नाथ थाय छे.

**ભાવાર્થ:**—જે કોઈ વિવેકી જીવો વ્યવહારથી પરમાત્મપ્રકાશ નામના ગ્રંથનું અને નિશ્ચયથી પરમાત્મ શબ્દથી વાચ્ય એવા કેવલજ્ઞાનાદિ અનંતગુણસ્વરૂપ પરમાત્મ-પદાર્થનું સતત નામ લે છે તેમનો નિર્મોહ—આત્મદ્રવ્યથી વિલક્ષણ મોહ શીઘ્ર નાશ પામે છે. કેવલ મોહ જ નાશ પામે છે એટલું જ નહિ પણ તે પૂર્વોક્ત નિર્મોહ-શુદ્ધ આત્મતત્ત્વની ભાવનાના ફલથી પહેલાં દેવેન્દ્ર, ચક્રવર્તી આદિ વિભૂતિવિશેષને પામીને અને પછી જિનદીક્ષા ગ્રહીને કેવલજ્ઞાન ઉત્પન્ન કરીને ત્રણ ભુવનના નાથ થાય છે. ૨૦૬

એ પ્રમાણે ચોવીશ સૂત્રોના મહાસ્થલમાં પરમાત્મપ્રકાશની ભાવનાના ફલના ક્રમની મુખ્યતાથી ત્રણ ગાથાસૂત્રોથી પાંચમું સ્થલ સમાપ્ત થયું.

હવે પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવો જે પરમાત્મા, તેના આરાધક પુરુષોનાં લક્ષણ જાણવા માટે ગાથાસૂત્રથી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये भवदुःखेभ्यः भीताः पदं इच्छन्ति निर्वाणम् ।
इह परमात्मप्रकाशकस्य ते परं योग्या विजानीहि ॥ २०७ ॥

ते पर त एव जोग्ग वियाणु योग्या भवन्तीति विजानीहि । कस्य । इह परमप्पपयासयहं व्यवहारेणास्य परमात्मप्रकाशाभिधानग्रन्थस्य, परमार्थेन तु परमात्मप्रकाशशब्दवाच्यस्य निर्दोषिपरमात्मनः । ते के । जे बीहिया ये भीताः । केषाम् । भवदुक्खहं रागादिविकल्परहितपरमाह्लादरूपशुद्धात्मभावनोत्थपारमार्थिकसुखविलक्षणानां नारकादिभवदुःखानाम् । पुनरपि किं कुर्वन्ति । जे इच्छहिं ये इच्छन्ति । किम् । पउ पदं स्थानम् । णिव्वाणु निर्वृतिगतपरमात्माधारभूतं निर्वाणशब्दवाच्यं मुक्तिस्थानमित्यभिप्रायः ॥ २०७ ॥

अथ—

३३९) जे परमप्पहँ भत्तियर विसय ण जे वि रमंति ।
ते परमप्प-पयासयहँ मुणिवर जोग्ग हवंति ॥ २०८ ॥

---

ગાથા–૨૦૭

**અન્વયાર્થ:**—[ ते एव ] તેઓ જ [ इह परमात्मप्रकाशकस्य ] વ્યવહારથી આ પરમાત્મપ્રકાશ નામના ગ્રંથના અને પરમાર્થથી નિર્દોષ પરમાત્માને [ योग्याः भवन्ति ] યોગ્ય છે [ इति विजानीहि ] એમ જાણો, [ ये ] કે જેઓ [ भवदुःखेभ्यः भीताः ] નારકાદિ ભવના દુઃખોથી ભય પામ્યા છે અને [ निर्वाणं पदं इच्छन्ति ] મોક્ષ-પદને ઇચ્છે છે.

**ભાવાર્થ:**—તેઓ જ વ્યવહારથી આ પરમાત્મપ્રકાશ નામના ગ્રંથને અને પરમાર્થથી પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવા નિર્દોષ પરમાત્માને યોગ્ય છે એમ જાણો—કે જેઓ રાગાદિ વિકલ્પોથી રહિત પરમ આહ્લાદરૂપ શુદ્ધ આત્માની ભાવનાથી ઉત્પન્ન પારમાર્થિક સુખથી વિલક્ષણ નારકાદિ ભવદુઃખોથી ભયભીત છે અને જેઓ નિર્વૃતિગત ( મોક્ષપ્રાપ્ત ) પરમાત્માના આધારભૂત ' નિર્વાણ ' શબ્દથી વાચ્ય એવા મુક્તિસ્થાનને ઇચ્છે છે. ૨૦૭.

વળી ફરી તે પુરુષોનો મહિમા કહે છે:—

ગાથા–૨૦૮

**અન્વયાર્થ:**—[ ते मुनिवराः ] તે મુનિવરો [ परमात्मप्रकाशस्य ] વ્યવહારથી પરમાત્મપ્રકાશ નામના ગ્રંથને અને પરમાર્થથી શુદ્ધ આત્મસ્વભાવને [ योग्याः भवन्ति ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ये परमात्मनो भक्तिपराः विषयान् न येऽपि रमन्ते ।
ते परमात्मप्रकाशकस्य मुनिवरा योग्या भवन्ति ॥ २०८ ॥

हवंति भवन्ति जोग्ग योग्याः । के ते मुणिवर मुनिप्रधानाः । के । ते ते पूर्वोक्ताः । कस्य योग्या भवन्ति । परमप्पपयासयहं व्यवहारेण परमात्मप्रकाशसंज्ञग्रन्थस्य परमार्थेन तु परमात्मप्रकाशशब्दवाच्यस्य शुद्धात्मस्वभावस्य । कथंभूता ये । जे परमप्पहं भत्तियर ये परमात्मनो भक्तिपराः । पुनरपि किं कुर्वन्ति ये । विसय ण जे वि रमंति निर्विषयपरमात्मतत्त्वानुभूतिसमुत्पन्नातीन्द्रियपरमानन्दसुखरसास्वादतृप्ताः सन्तः सुलभान्मनोहरानपि विषयान्न रमन्त इत्यभिप्रायः ॥ २०८ ॥

अथ—

३४०) णाण-वियक्खणु सुद्ध-मणु जो जणु एहउ कोइ ।
सो परमप्प-पयासयहँ जोग्गु भणंति जि जोइ ॥ २०९ ॥

ज्ञानविचक्षणः शुद्धमना यो जन ईदृशः कश्चिदपि ।
तं परमात्मप्रकाशकस्य योग्यं भणन्ति ये योगिनः ॥ २०९ ॥

---

યોગ્ય છે–[ ये ] કે જેઓ [ परमात्मनः भक्तिपराः ] પરમાત્માની ભક્તિમાં પરાયણ ( તત્પર ) હોય, વળી [ ये अपि ] જેઓ [ विषयान् न रमन्ते ] વિષયોમાં રમતા ન હોય.

**ભાવાર્થઃ**—તે પૂર્વોક્ત મુનિવરો વ્યવહારથી પરમાત્મપ્રકાશ નામના ગ્રંથને અને પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય શુદ્ધ આત્મસ્વભાવને યોગ્ય છે–કે જેઓ પરમાત્માની ભક્તિમાં પરાયણ હોય અને નિર્વિષય પરમાત્મતત્ત્વની અનુભૂતિથી ઉત્પન્ન અતીન્દ્રિય પરમાનંદમય સુખરસના આસ્વાદથી તૃપ્ત થઈને સુલભ અને મનોહર એવા વિષયોમાં પણ રમતા ન હોય. ૨૦૮

હવે ફરી પણ એ જ કથન કરે છેઃ—

## ગાથા–૨૦૯

**અન્વયાર્થઃ**—[ ये योगिनः ] જે યોગીઓ છે તેઓ [ ज्ञान विचक्षणः ] જ્ઞાનમાં વિચક્ષણ અને [ शुद्धमनाः ] શુદ્ધ મનવાળો હોય–[ ईदृशः य कश्चित् अपि जनः ] આવો જે કોઈ જન હોય–[ तं ] તેને [ परमात्मप्रकाशकस्य योग्यं ] પરમાત્મપ્રકાશકને યોગ્ય, [ भणन्ति ] કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भणंति कथयन्ति जि जोइ ये परमयोगिनः । कं भणन्ति । जोग्गु योग्यम् । कस्य । परमप्पपयासयहं व्यवहारनयेन परमात्मप्रकाशाभिधानशास्त्रस्य निश्चयेन तु परमात्मप्रकाशशब्दवाच्यस्य शुद्धात्मस्वरूपस्य । कं पुरुषं योग्यं भणन्ति । सो तम् । तं कम् । जो जणु एहउ कोइ यो जनः इत्थंभूतः कश्चित् । कथंभूतः । णाणवियक्खणु स्वसंवेदनज्ञानविचक्षणः । पुनरपि कथंभूतः । सुद्धमणुपरमात्मानुभूतिविलक्षणरागद्वेषमोहस्वरूपसमस्तविकल्पजालपरिहारेण शुद्धात्मा इत्यभिप्रायः ॥ २०९ ॥ एवं चतुर्विंशतिसूत्रप्रमितमहास्थलमध्ये परमाराधकपुरुषलक्षणकथनरूपेण सूत्रत्रयेण षष्ठमन्तरस्थलं गतम् ।

अथ शास्त्रफलकथनमुख्यत्वेन सूत्रमेकं तदनन्तरमौद्धत्यपरिहारेण च सूत्रद्वयपर्यन्तं व्याख्यानं करोति । तद्यथा—

३४१) लक्खण-छंद-विवज्जियउ एहु परमप्प-पयासु ।
कुणइ सुहावइँ भावियउ चउ-गइ-दुक्ख-विणासु ॥ २१० ॥

लक्षणछन्दोविवर्जितः एष परमात्मप्रकाशः ।
करोति सुभावेन भावितः चतुर्गतिदुःखविनाशम् ॥ २१० ॥

---

**ભાવાર્થઃ**—જે યોગીઓ છે તેઓ, સ્વસંવેદનજ્ઞાનમાં વિચક્ષણ હોય અને પરમાત્માની અનુભૂતિથી વિલક્ષણ એવા રાગદ્વેષ–મોહસ્વરૂપ સમસ્તવિકલ્પજાલોના ત્યાગથી શુદ્ધ આત્મા હોય–આવો જે કોઈ જન હોય–તેને વ્યવહારનયથી પરમાત્મપ્રકાશ નામના શાસ્ત્રને અને નિશ્ચયનયથી પરમાત્મપ્રકાશ શબ્દથી વાચ્ય એવા શુદ્ધાત્મસ્વરૂપને યોગ્ય, કહે છે. ૨૦૯.

એ પ્રમાણે ચોવીસ સૂત્રોના મહાસ્થલમાં પરમ આરાધક પુરુષના લક્ષણના કથનરૂપે ત્રણ સૂત્રોથી છઠ્ઠું અન્તરસ્થલ સમાપ્ત થયું.

હવે શાસ્ત્રના ફલકથનની મુખ્યતાથી એકગાથાસૂત્ર અને ત્યારપછી ઉદ્ધતાઈના ત્યાગની મુખ્યતાથી બે ગાથાસૂત્રો સુધી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રમાણેઃ—

### ગાથા–૨૧૦

**અન્વયાર્થઃ**—[ लक्षणछन्दोविवर्जितः ] લક્ષણ અને છંદોથી રહિત [ एषः परमात्मप्रकाशः ] આ પરમાત્મપ્રકાશ [ सुभावेन भावितः ] શુદ્ધ ભાવથી ભાવવામાં આવતો [ चतुर्गतिदुःखविनाशं ] ચાર ગતિનાં દુઃખનો વિનાશ [ करोति ] કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



लक्खण इत्यादि । लक्खणछंदविवज्जियउ लक्षणछन्दोविवर्जितोऽयम् । अयं कः एहु परमप्पपयासु एष परमात्मप्रकाशः । एवंगुणविशिष्टोऽयं किं करोति । कुणइ करोति । कम् । चउगइदुक्खविणासु चतुर्गतिदुःखविनाशम् । कथंभूतः सन् । भावियउ भावितः । केन । सुहावइं शुद्धभावेनेति । तथाहि । यद्यप्ययं परमात्मप्रकाशग्रन्थः शास्त्रक्रमव्यवहारेण दोहकछन्दसा प्राकृतलक्षणेन च युक्तः, तथापि निश्चयेन परमात्मप्रकाशशब्दवाच्यशुद्धात्मस्वरूपापेक्षया लक्षणछन्दोविवर्जितः । एवंभूतः सन्नयं किं करोति । शुद्धभावनया भावितः सन् शुद्धात्मसंवित्तिसमुत्पन्नरागादिविकल्परहितपरमानन्दैकलक्षणसुखविपरीतानां चतुर्गतिदुःखानां विनाशं करोतीति भावार्थः ॥ २१० ॥

अथ श्रीयोगीन्द्रदेव औद्धत्यं परिहरति—

३४२) इत्थु ण लेवउ पंडियहिँ गुण-दोसु वि पुणरुत्तु ।
भट्ट-पभायर-कारणइँ मइँ पुणु पुणु वि पउत्तु ॥ २११ ॥

अत्र न ग्राह्यः पण्डितैः गुणो दोषोऽपि पुनरुक्तः ।
भट्टप्रभाकरकारणेन मया पुनः पुनरपि प्रोक्तम् ॥ २११ ॥

इत्थु इत्यादि । इत्थु अत्र ग्रन्थे ण लेवउ न ग्राह्यः । कैः । पंडि-

---

**ભાવાર્થ:**—જો કે આ પરમાત્મપ્રકાશગ્રંથ શાસ્ત્રક્રમના વ્યવહારથી દોહાછંદથી અને પ્રાકૃતલક્ષણથી યુક્ત છે તોપણ નિશ્ચયથી ‘ પરમાત્મપ્રકાશ ’ શબ્દથી વાચ્ય એવા શુદ્ધાત્મસ્વરૂપની અપેક્ષાએ લક્ષણ અને છંદથી રહિત છે એવો આ પરમાત્મપ્રકાશ શુદ્ધભાવનાથી ભાવવામાં આવતો થકો, શુદ્ધાત્મસંવિત્તિથી ઉત્પન્ન રાગાદિ વિકલ્પ રહિત પરમાનંદ જેનું એક લક્ષણ છે એવા સુખથી વિપરીત ચાર ગતિનાં દુઃખોનો વિનાશ કરે છે. ૨૧૦.

હવે શ્રી યોગીન્દ્રદેવ ઉદ્ધતપણાનો પરિહાર કરે છે:—

## ગાથા—૨૧૧

**અન્વયાર્થ:**—શ્રી યોગીન્દ્રદેવ કહે છે કે [ अत्र ] આ ગ્રંથમાં [ पंडितैः ] પંડિત જનોએ–વિવેકી જનોએ– [ गुणः पुनरुक्तः दोषः ] ( કવિકલાના ) ગુણ અને પુનરુક્ત દોષનું [ न ग्राह्यः ] ગ્રહણ ન કરવું; કારણ કે [ मया ] મેં [ भट्टप्रभाकरकारणेन ] પ્રભાકરભટ્ટના નિમિત્તે [ पुनः पुनः अपि प्रोक्तं ] વીતરાગ પરમાત્મતત્ત્વ વારંવાર કહ્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यहिँ पण्डितैर्विवेकिभिः । कोऽसौ । गुणदोसु वि गुणो दोषोऽपि । कथंभूतः । पुणरुत्तु पुनरुक्तः । कस्मान्न ग्राह्यः । यतः मइं पुणु पुणु वि पउत्तु मया पुनः पुनः प्रोक्तम् । किं तत् । वीतरागपरमात्मतत्त्वम् । किमर्थम् । भट्टपभायरकारणइं प्रभाकरभट्टनिमित्तेनेति । अत्र भावनाग्रन्थे समाधिशतकादिवत् पुनरुक्तदूषणं नास्ति इति । तदपि कस्मादिति चेत् । अर्थं पुनःपुनश्चिन्तनलक्षणमिति वचनादिति मत्वा प्रभाकरभट्टव्याजेन समस्तजनानां सुखबोधार्थं बहिरन्तःपरमात्मभेदेन तु त्रिविधात्मतत्त्वं बहुधाप्युक्तमिति भावार्थः । ॥ २११ ॥

अथ—

३४३) जं मइँ किं पि विजंपियउ जुत्ताजुत्तु वि इत्थु ।
तं वर-णाणि खमंतु महु जे बुज्झहिँ परमत्थु ॥ २१२ ॥

यन्मया किमपि विजल्पितं युक्तायुक्तमपि अत्र ।
तद् वरज्ञानिनः क्षाम्यन्तु मम ये बुध्यन्ते परमार्थम् ॥ २१२ ॥

जं इत्यादि । मइं किं पि विजंपियउ यन्मया किमपि जल्पितम् । किं जुत्ताजुत्तु वि शब्दविषये अर्थविषये वा युक्तायुक्तमपि इत्थु अत्र परमात्म-

---

**ભાવાર્થ**:—( શુદ્ધ આત્માની ) ભાવનાના આ ગ્રંથમાં, સમાધિશતક આદિ ગ્રંથની જેમ, પુનરુક્તિનો દોષ આવતો નથી કારણકે અર્થ વારંવાર ચિંતનસ્વરૂપ છે. ‘ (અર્થનું ચિંતન વારંવાર કરવા યોગ્ય છે.) ’ એવું આગમનું વચન છે એમ જાણીને પ્રભાકરભટ્ટના બહાને સમસ્ત જનોને સુખથી બોધ થાય એ હેતુથી બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માના ભેદથી ત્રણ પ્રકારના આત્મતત્ત્વનું અનેક પ્રકારે પણ કથન કરવામાં આવ્યું છે. ૨૧૧.

વળી હવે શ્રી યોગીન્દ્રાચાર્ય જ્ઞાની જનોને પ્રાર્થના કરે છે કે મેં કોઈ જગ્યાએ છંદ, અલંકાર આદિમાં યોગ્ય, અયોગ્ય કહ્યું હોય તો તેના, પરમાર્થના જાણનાર પંડિતજન મને ક્ષમા કરેઃ—

### ગાથા–૨૧૩

**અન્વયાર્થ**:—[ अत्र ] આ ગ્રંથમાં [ मया ] મારાથી [ यत् किं अपि युक्तायुक्तं अपि ] જે કાંઈ યુક્ત કે અયુક્ત [ विजल्पितं ] કહેવાયું હોય [ तत् ] તે દોષની, [ ज्ञानिनः ] વિશિષ્ટ જ્ઞાનીઓ [ ये परमार्थं बुध्यन्ते ] જેઓ પરમાર્થને–શુદ્ધ આત્માને– જાણે છે તેઓ [ मम क्षाम्यन्ते ] મને, ક્ષમા કરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



प्रकाशभिधानग्रन्थे खमंतु क्षमां कुर्वन्तु । किं तत् । पूर्वोक्तदूषणम् । के । वरणाणि वीतरागनिर्विकल्पस्वसंवेदनज्ञानयुक्ता विशिष्टज्ञानिनः । कस्य । महु मम योगीन्द्रदेवाभिधानस्य । कथंभूता ये ज्ञानिनः जे बुज्झहिं ये केचन बुध्यन्ते जानन्ति । कम् । परमत्थु रागादिदोषरहितमनन्तज्ञानदर्शनसुखवीर्यसहितं च परमार्थशब्दवाच्यं शुद्धात्मानमिति भावार्थः ॥ २१२ ॥ इति सूत्रत्रयेण सप्तममन्तरस्थलं गतम् । एवंसप्तभिरन्तरस्थलैश्चतुर्विंशतिसूत्रप्रमितं महास्थलं समाप्तम् ।

अथैकवृत्तेन प्रोत्साहनार्थं पुनरपि फलं दर्शयति—

३४४) जं तत्तं णाण-रूवं परम-मुणि-गणा णिच्च झायंति चित्ते
जं तत्तं देह-चत्तं णिवसइ भुवणे सव्व-देहीण देहे ।
जं तत्तं दिव्व-देहं तिहुवण-गुरुगं सिज्झए संत-जीवे
जं तत्तं जस्स सुद्धं फुरइ णिय-मळे पावए सो हि सिद्धिं ॥२१३॥

---

**ભાવાર્થઃ**—પરમાત્મપ્રકાશ નામના ગ્રંથમાં શબ્દના વિષયમાં કે અર્થના વિષયમાં જે કાંઈ મારાથી યુક્ત કે અયુક્ત કહેવાયું હોય તે પૂર્વોક્ત દોષની, વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપજ્ઞાનથી યુક્ત વિશિષ્ટ જ્ઞાનીઓ-કે જેઓ રાગાદિ દોષ રહિત અને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યથી યુક્ત, ' પરમાર્થ ' શબ્દથી વાચ્ય એવા શુદ્ધ આત્માને જાણે છે તેઓ-યોગીન્દ્રદેવ જેનું નામ છે એવા મને ક્ષમા કરે. ૨૧૨.

એ પ્રમાણે ત્રણ ગાથાસૂત્રથી સાતમું અન્તરસ્થલ સમાપ્ત થયું. એ પ્રમાણે સાત અન્તરસ્થલોથી ચોવીસ સૂત્રોનું મહાસ્થલ સમાપ્ત થયું.

હવે એક સ્રગ્ધરા નામના છંદથી પ્રોત્સાહન અર્થે ફરીને પણ ( આ ગ્રંથના ભણવાનું ) ફલ કહે છેઃ—

ગાથા—૨૧૩

**અન્વયાર્થઃ**—[ यत् तत्त्वं ] જે તત્ત્વ [ ज्ञानरूपं ] જ્ઞાનરૂપ છે, [ परममुनिगणाः ] પરમ મુનિગણો [ नित्यं चित्ते ध्यायन्ति ] જેનું ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે, [ यत् तत्त्वं देहत्यक्तं ] જે તત્ત્વ દેહથી ભિન્ન છે અને [ भुवने ] ત્રણ લોકમાં [ सर्वदेहिनां देहे ] સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં [ निवसति ] રહે છે, [ यत् तत्त्वं ] જે તત્ત્વ [ दिव्यदेह ] દિવ્ય કેવલજ્ઞાનાદિ શરીરરૂપ છે અને [ त्रिभुवन-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यत् तत्त्वं ज्ञानरूपं परममुनिगणा नित्यं ध्यायन्ति चित्ते
यत् तत्त्वं देहत्यक्तं निवसति भुवने सर्वदेहिनां देहे ।
यत् तत्त्वं दिव्यदेहं त्रिभुवनगुरुकं सिध्यति शान्तजीवे
तत् तत्त्वं यस्य शुद्धं स्फुरति निजमनसि प्राप्नोति स हि सिद्धिम् ॥ २१३ ॥

पावए सो प्राप्नोति स हि स्फुटम् । काम् । सिद्धिं मुक्तिम् । यस्य किम् । जस्स णियमणे फुरइ यस्य निजमनसि स्फुरति प्रतिभाति । किं कर्मतापन्नम् । तं तत्तं तत्त्वम् । कथंभूतम् । शुद्धं रागादिरहितम् । पुनरपि कथंभूतं यत् । जं तत्तं णाणरूवं यदात्मतत्त्वं ज्ञानरूपम् । पुनरपि किंविशिष्टं यत् । णिच्च झायंति नित्यं ध्यायन्ति । क्व चित्त मनसि । के ध्यायन्ति । परममुणिगणा परममुनिसमूहाः । पुनरपि किंविशिष्टं यत् । जं तत्तं देहचत्तं यत्परमात्मतत्त्वं देहत्यक्तं देहाद्भिन्नम् । पुनरपि कथंभूतं यत् । णिवसइ निवसति । क्व । भुवणे सव्वदेहीण देहे त्रिभुवने सर्वदेहिनां संसारिणां देहे । पुनरपि कीदृशं यत् । जं तत्त दिव्वदेहं यत् शुद्धात्मतत्त्वं दिव्यदेहं दिव्यं केवलज्ञानादि-शरीरम् । शरीरमिति कोऽर्थः । स्वरूपम् । पुनश्च कीदृशं यत् । तिहुयण-गुरुगं अव्याबाधानन्तसुखादिगुणेन त्रिभुवनादपि गुरुं पूज्यमिति त्रिभुवनगुरुकम् । पुनरपि किंरूपं यत् । सिज्झए सिद्ध्यति निष्पत्तिं याति । क्व । संतजीवे ख्यातिपूजालाभादिसमस्तमनोरथविकल्पजालरहितत्वेन परमोपशान्त जीवस्वरूपे इत्यभिप्रायः ॥ २१३ ॥

---

जीवे सिध्यति ] જે તત્ત્વ શાંત જીવમાં સિદ્ધ ( પ્રાપ્ત ) થાય છે [ तत् तत्त्वं ] તે તત્ત્વ [ यस्य निजमनसि ] જેના નિજ મનમાં [ शुद्धं हि स्फुरति ] શુદ્ધ પ્રકાશમાન થાય છે, [ सः ] તે [ सिद्धिं प्राप्नोति ] સિદ્ધિને મેળવે છે.

**ભાવાર્થઃ**—જે આત્મતત્ત્વ જ્ઞાનરૂપ છે, જેનું પરમમુનિગણો ચિત્તમાં નિરંતર ધ્યાન કરે છે, જે પરમાત્મતત્ત્વ દેહથી ભિન્ન છે અને ત્રણ લોકમાં સર્વ સંસારી પ્રાણીઓના દેહમાં રહે છે, જે શુદ્ધાત્મતત્ત્વ દિવ્યદેહ છે–કેવળજ્ઞાનાદિ શરીર છે–દિવ્ય અર્થાત્ કેવળજ્ઞાનાદિ, શરીર અર્થાત્ સ્વરૂપ છે, જે તત્ત્વ અવ્યાબાધ, અનંત સુખાદિ ગુણોથી ત્રણ લોકથી પણ ગુરુ છે–પૂજ્ય છે અને જે તત્ત્વ ખ્યાતિ, પૂજા, લાભ આદિથી માંડીને સમસ્ત મનોરથરૂપ વિકલ્પજાલથી રહિત હોવાને લીધે પરમશાંતજીવ-સ્વરૂપમાં સિદ્ધ થાય છે અર્થાત્ નિષ્પત્તિને પામે છે તે મુક્તિને પામે છે. ૨૧૩



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



अथ ग्रन्थस्यावसाने मङ्गलार्थमाशीर्वादरूपेण नमस्कारं करोति—

३४५) परम-पय-गयाणं भासओ दिव्व-काओ
मणसि मुणिवराणं मुक्खदो दिव्व-जोओ ।
विसय-सुह-रयाणं दुल्लहो जो हु लोए
जयउ सिव-सरूवो केवलो को वि बोहो ॥ २१४ ॥

परमपदगतानां भासको दिव्यकायः
मनसि मुनिवराणां मोक्षदो दिव्ययोगः ।
विषयसुखरतानां दुर्लभो यो हि लोके
जयतु शिवस्वरूपः केवलः कोऽपि बोधः ॥ २१४ ॥

जयउ सर्वोत्कर्षेण वृद्धिं गच्छतु । कोऽसौ । दिव्वकाओ परमौदारिकशरीराभिधानदिव्यकायस्तदाधारो भगवान् कथंभूतः । भासओ दिवाकरसहस्रादप्यधिकतेजस्त्वाद्भासकः प्रकाशकः । केषां कायः । परमपयगयाणं परमानन्तज्ञानादिगुणास्पदं यदर्हत्पदं तत्रगतानाम् । न केवलं दिव्यकायो जयतु । दिव्वजोओ द्वितीयशुक्लध्यानाभिधानो वीतरागनिर्विकल्पसमाधिरूपो दिव्ययोगः ।

---

હવે ગ્રંથના અંતે મંગલાર્થે આશીર્વાદરૂપે નમસ્કાર કરે છેઃ—

## ગાથા—૨૧૪

**અન્વયાર્થઃ**—[ परमपदगतानां ] પરમપદને-અર્હંતપદને પ્રાપ્ત જીવોનું [ भासकः ] હજારો સૂર્યના અધિક તેજથી પ્રકાશક [ दिव्यकायः ] પરમ ઔદારિક શરીરના અને તેના આધારભૂત ભગવાન [ जयतु ] સર્વોત્કર્ષથી વૃદ્ધિ પામો-જયવંત વર્તો, [ मुनिवराणां ] મુનિવરોના [ मनसि ] મનમાં [ मोक्षदः ] મોક્ષદાયક [ दिव्ययोग ] વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ દિવ્યયોગ જયવંત વર્તો અને [ विषयसुखरतानां ] વિષયસુખમાં રત પુરુષોને [ यः हि ] જે પ્રગટપણે [ दुर्लभः ] દુર્લભ છે એવો [ शिवरूपः ] અનંતસુખસ્વરૂપ [ केवलः कः अपि बोधः ] કેવલજ્ઞાનરૂપી કોઈ અપૂર્વ બોધ છે તે [ लोके ] લોકમાં જયવંત વર્તો.

**ભાવાર્થઃ**—( ૧ ) પરમ અનંત જ્ઞાનાદિગુણનું જે સ્થાન છે એવા અર્હંતપદને પ્રાપ્ત જીવોનું હજારો સૂર્યથી પણ અધિક તેજપણાથી પ્રકાશક એવા, પરમ ઔદારિક શરીર નામનું જે દિવ્યકાય અને તેના આધારભૂત ભગવાન જયવંત વર્તો-સર્વોત્કર્ષથી વૃદ્ધિ પામો. ( ૨ ) મુનિપુંગવોના મનમાં મોક્ષદાયક બીજા શુક્લધ્યાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



कथंभूतः । मोक्खदो मोक्षप्रदायकः । क्व जयतु । मणसि मनसि । केषाम् । मुणिवराणं मुनिपुङ्गवानाम् । न केवलं योगो जयतु । केवलो को वि बोहो केवलज्ञानाभिधानः कोऽप्यपूर्वो बोधः । कथंभूतः सिवसरूवो शिवशब्दवाच्यं यदनन्तसुखं तत्स्वरूपः । पुनरपि कथंभूतः दुल्लहो जो हु लोए दुर्लभो दुष्प्राप्यः यः स्फुटम् । क्व । लोके । केषां दुर्लभः । विसयसुहरयाणं विषयसुखातीतपरमात्मभावनोत्पन्नपरमानन्दैकरूपसुखास्वादरहितत्वेन पञ्चेन्द्रियविषयासक्तानामिति भावार्थः ॥ २१४ ॥

इति 'परु जाणंतु वि परममुणि परसंसग्गु चयंति' इत्याद्येकाशीतिसूत्रपर्यन्तं सामान्यभेदभावना तदनन्तरं 'परमसमाहि' इत्यादि चतुर्विंशतिसूत्रपर्यन्तं महास्थलं, तदनन्तरं वृत्तद्वयं चेति सर्वसमुदायेन सप्ताधिकसूत्रशतेन द्वितीयमहाधिकारे चूलिका गतेति ॥ एवमत्र परमात्मप्रकाशाभिधानग्रन्थेन प्रथमस्तावत् 'जे जाया झाणग्गियए' इत्यादि त्रयोविंशत्यधिकसूत्रशतेन प्रक्षेपकत्रयसहितेन प्रथममहाधिकारो गतः । तदनन्तरं चतुर्दशाधिकशतद्वयेन प्रक्षेपकपञ्चकसहितेन द्वितीयोऽपि महाधिकारो गतः । एवं पञ्चाधिकचत्वारिंशत्सहितशतत्रयप्रमितश्रीयोगीन्द्रदेवविरचितदोहकसूत्राणां विवरणभूता परमात्मप्रकाशवृत्तिः समाप्त ॥

---

નામનો વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ દિવ્યયોગ જયવંત વર્તો. ( ૩ ) વિષયસુખથી રહિત એવા પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદ જેનું એક રૂપ છે એવા સુખના આસ્વાદથી રહિત એવા પંચેન્દ્રિય વિષયોમાં આસક્ત જીવોને લોકમાં ખરેખર જે દુષ્પ્રાપ્ય છે એવો, 'શિવ' શબ્દથી વાચ્ય એવું જે અનંતસુખ તે સ્વરૂપ કેવલજ્ઞાન નામનો કોઈ અપૂર્વ બોધ છે તે લોકમાં જયવંત વર્તો. ૨૧૪.

એ પ્રમાણે 'परु जाणंतु वि परममुणि परसंसग्गु चयंति' ઇત્યાદિ ૮૧ સૂત્ર સુધી સામાન્યભેદભાવના, તેના પછી 'परमसमाहि' ઈત્યાદિ ૨૪ સૂત્ર સુધી મહાસ્થલ, તેના પછી બે છંદ એમ સર્વ મળી ૧૦૭ સૂત્રથી બીજા મહાધિકરણમાં ચૂલિકા સમાપ્ત થઈ.

એ પ્રમાણે આ પરમાત્મપ્રકાશ નામના ગ્રંથમાં પ્રથમ તો 'जे जाया झाण झाणग्गियए' ઈત્યાદિ ૧૨૩ ત્રણ પ્રક્ષેપક સહિત ( ૧૨૬ ) દોહાસૂત્રથી પહેલો મહાધિકાર સમાપ્ત થયો. ત્યારપછી ૨૧૪ પાંચ પ્રક્ષેપક સહિત ( ૨૧૯ ) દોહાસૂત્રથી બીજો મહાધિકાર સમાપ્ત થયો.

એ પ્રમાણે શ્રીયોગીન્દ્રદેવ વિરચિત ૩૪૫ દોહાસૂત્રોની વિવરણરૂપ પરમાત્મપ્રકાશની વૃત્તિ ( શ્રી બ્રહ્મદેવકૃત ટીકા સહિત ) સમાપ્ત થઈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## [ टीकाकारस्यान्तिमकथनम् ]

अत्र ग्रन्थे प्रचुरणे पदानां सन्धिर्न कृतः, वाक्यानि च भिन्नभिन्नानि कृतानि सुखबोधार्थम् । किं च परिभाषासूत्रं पदयोः संधिर्विवक्षितो न समासान्तरं तयोः तेन कारणेन लिङ्गवचनक्रियाकारकसंधिसमासविशेष्यविशेषणवाक्यसमाप्त्यादिकं दूषणमत्र न ग्राह्यं विद्वद्भिरिति ।

इदं परमात्मप्रकाशवृत्तेर्व्याख्यानं ज्ञात्वा किं कर्तव्यं भव्यजनैः । सहजशुद्धज्ञानानन्दैकस्वभावोऽहं, निर्विकल्पोऽहं, उदासीनोऽहं, निजनिरञ्जनशुद्धात्मसम्यक्श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मनिर्विकल्पसमाधिसंजातवीतरागसहजानन्दरूपसुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेद्यो गम्यः प्राप्यो भरितावस्थोऽहं, रागद्वेषमोहक्रोधमानमायालोभपञ्चेन्द्रियविषयव्यापारमनोवचनकायव्यापारभावकर्मद्रव्यकर्मनोकर्मख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतभोगाकांक्षारूपनिदानमायामिथ्याशल्यत्रयादि-

---

## ટીકાકારનું અંતિમ કથન

સહેલાઈથી સમજાય તે માટે આ ગ્રંથમાં ઘણું કરીને પદોની સંધિ કરી નથી, અને વાક્યો જુદાં જુદાં કર્યાં છે. વળી સૂત્રની પરિભાષામાં પદોની સંધિ તેના સમાસની વચ્ચે વિવક્ષિત નથી તેથી લિંગ, વચન, ક્રિયા, કારક, સંધિ, સમાસ, વિશેષ્ય, વિશેષણ, વાક્યસમાપ્તિ આદિના દોષ વિદ્વાનોએ ન ગ્રહવા.

આ પરમાત્મપ્રકાશ વૃત્તિનું વ્યાખ્યાન જાણીને ભવ્યજનોએ શું કરવું ? તો આ પરમાત્મપ્રકાશની વૃત્તિનું વ્યાખ્યાન જાણીને ભવ્યજનોએ આવો વિચાર કરવો જોઈએ કે " શુદ્ધનિશ્ચયનયથી હું એક ( કેવલ ) ત્રણ લોકમાં ત્રણ કાલમાં મનવચનકાયાથી અને કૃત–કારિત–અનુમોદનથી ઉદાસીન છું, નિજ નિરંજન શુદ્ધ આત્માના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્અનુષ્ઠાનરૂપ નિશ્ચયરત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિમાત્ર લક્ષણવાળા સ્વસંવેદનજ્ઞાનથી સ્વસંવેદ્ય, ગમ્ય, પ્રાપ્ય એવો પરિપૂર્ણ હું છું. રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઇન્દ્રિયોના વિષયવ્યાપાર, મનવચનકાયના વ્યાપાર, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ, ખ્યાતિ, પૂજા, લાભ, દેખેલા, સાંભળેલા અને અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાન, માયા, મિથ્યાત્વ, એ ત્રણે શલ્ય આદિ સર્વ વિભાવપરિણામોથી રહિત–શૂન્ય હું છું. સર્વ જીવો પણ આવા જ છે, એવી નિરંતર ભાવના કરવી. ૪૦૦૦

હવે ટીકાકાર અંતિમ શ્લોક કહે છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सर्वविभावपरिणामरहितशून्योऽहं, जगत्त्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयनयेन । तथा सर्वेऽपि जीवाः, इति निरन्तरं भावना कर्तव्येति ॥ ग्रन्थसंख्या ॥ ४००० ॥

पंडवरामहिं णरवरहिं पुज्जिउ भत्तिभरेण ।
सिरिसासणु जिणभासियउ णंदउ सुक्खसएहिं ॥ १ ॥
[ पाण्डवरामैः नरवरैः पूजितं भक्तिभरेण ।
श्रीशासनं जिनभाषितं नन्दतु सुखशतैः ॥ १ ॥ ]

इति श्रीब्रह्मदेवविरचिता
परमात्मप्रकाशवृत्तिः समाप्ता

---

पांडवरामहिं णरवरहिं पुज्जिउ भक्तिभरेण ।
सिरिसासणु जिणभासियउ णंदउ सुखसएहिं ॥ १ ॥
पांडवरामैः नरवरैः पूजितं भक्तिभरेण ।
श्री शासनं जिनभाषितं ननन्दथु सुखशतैः ॥

એ પ્રમાણે શ્રી બ્રહ્મદેવવિરચિત પરમાત્મપ્રકાશની વૃત્તિ સમાપ્ત થઈ.

**અર્થઃ**—શ્રી રામચંદ્ર, પાંચપાંડવો અને અન્ય નરવરોથી આ જિનશાસન અત્યંત ભક્તિથી પૂજિત છે એવું શ્રીજિનભાષિત શાસન સેંકડો સુખોથી સમૃદ્ધ વર્તો.

( આ પરમાત્મપ્રકાશ ગ્રંથનું વ્યાખ્યાન પ્રભાકરભટ્ટના સંબોધન માટે શ્રીયોગીન્દ્રદેવે કર્યું. તેના પર શ્રીબ્રહ્મદેવે સંસ્કૃત ટીકા કરી. શ્રીયોગીન્દ્રદેવે પ્રભાકરભટ્ટને સમજાવવા માટે ૩૪૫ દોહા રચ્યા, તેના પર શ્રીબ્રહ્મદેવે સંસ્કૃતટીકા ૫૦૦૪ શ્લોક પ્રમાણની કરી. )

આ પ્રકારે શ્રીયોગીન્દ્રાચાર્ય વિરચિત પરમાત્મપ્રકાશની શ્રીમદ્ બ્રહ્મદેવ વિરચિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# योगसारः

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

श्रीमद्–योगीन्दुदेव–विरचितः

# योगसारः

ગુજરાતી ભાષાનુવાદ સહિત.

## મંગલાચરણ

( શ્રીસિદ્ધોને નમસ્કાર )

**णिम्मल-झाण-परिट्ठिया कम्म-कलंक डहेवि ।**
**अप्पा लद्धउ जेण परु ते परमप्प णवेवि ॥ १ ॥**

निर्मलध्यानप्रतिष्ठिताः कर्मकलंकं दग्ध्वा ।
आत्मा लब्धः येन परः तान् परमात्मनः नत्वा ॥ १ ॥

દોહરા

નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;
થયા સિદ્ધ પરમાતમા, વંદુ તે જિનરાય. ૧

**અન્વયાર્થઃ**—[ निर्मलध्यानप्रतिष्ठिताः ] નિર્મલધ્યાનમાં સ્થિત થયા થકા [ येन ] જેણે [ कर्मकलंकं दग्ध्वा ] કર્મરૂપી મલને બાળીને [ परः आत्मा ] પરમાત્માને [ लब्धः ] પ્રાપ્ત કર્યો છે [ तान् परमात्मनः नत्वा ] તે પરમાત્માને નમસ્કાર કરીને-૧.

શ્રી અરહંત ભગવાનને નમસ્કારઃ—

**घाइ-चउक्कहं किउ विलउ णंत चउक्कु पदिट्ठु ।**
**तह जिणइंदहं पय णविवि अक्खमि कव्वु सु-इट्ठु ॥ २ ॥**

[येन] घातिचतुष्कस्य कृतः विलयः अनंत चतुष्कंप्रदर्शितम् ।
तस्य जिनेन्द्रस्य पादौ नत्वा आख्यामि काव्यं [1]सुदिष्टम् ॥ २ ॥

---

१. सुदिष्टम् ને બદલે सुइष्टम् હોવું જોઇએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચાર ઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંતચતુષ્ટ;
તે જિનેશ્વર ચરણે નમી, કહું કાવ્ય સુઇષ્ટ. ૨

**અન્વયાર્થ:**—[ येन ] જેણે [ घातिचतुष्कस्य विलयः ] ચારઘાતિકર્મનો નાશ [ कृतः ] કર્યો છે અને [ अनंतचतुष्कं प्रदर्शितं ] અનંતચતુષ્ટયને પ્રગટ કર્યું છે [ तस्य जिनेन्द्रस्य पादौ ] તે જિનેન્દ્ર ભગવાનનાં ચરણને [ नत्वा ] નમસ્કાર કરીને હું [ सुदिष्टं काव्यं ] ઇષ્ટ કાવ્યને [ आख्यामि ] કહું છું. ૨.

આ ગ્રંથ રચવાનું નિમિત્ત અને પ્રયોજન:—

**संसारहं भयभीयहं मोक्खहं लालसयाहं ।**
**अप्पा-संबोहण-कयइ कय दोहा एकमणाहं ॥ ३ ॥**

संसारस्य भयभीतानां मोक्षस्य लालसकानाम् ।
आत्मसंबोधनकृते कृताः दोहाः एकमनसाम् ॥ ३ ॥

ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવી જીવ સંબોધવા, દોહારચ્યા એક ચિત્ત. ૩

**અન્વયાર્થ:**—[ संसारस्य भयभीतानां ] સંસારથી ભયભીત છે અને [ मोक्षस्य लालसकानां ] મોક્ષને ઇચ્છુક છે [ आत्मसंबोधनकृते ] તેમના આત્માને સંબોધવા માટે મેં [ एकमनसां ] એકાગ્રચિત્તથી [ दोहाः ] આ દોહા [ कृताः ] રચ્યા છે. ૩.

આવા ભયંકર સંસારમાં જીવને રખડવાનું કારણ:—

**कालु अणाइ अणाइ जीउ भव-सायरु जि अणंतु ।**
**मिच्छा-दंसण-मोहियउ णवि सुहदुक्ख जि पत्तु ॥ ४ ॥**

कालः अनादिः अनादिः जीवः भवसागरः एव अनन्तः ।
मिथ्यादर्शनमोहितः नापि सुखं दुःखमेव प्राप्तवान् ॥ ४ ॥

જીવ, કાળ, સંસાર આ, કહ્યા અનાદિ અનંત;
મિથ્યામતિ મોહે દુ:ખી, કદી ન સુખ લહંત. ૪

**અન્વયાર્થ:**—[ कालः अनादिः ] કાલ અનાદિ છે, [ जीवः अनादिः ] જીવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનાદિ છે અને [ भवसागरः एव अनन्तः ] ભવસાગર અનંત છે તેમાં [ मिथ्यादर्शन मोहितः ] મિથ્યાદર્શનથી મોહિત જીવ [ न अपि सुखं ] સુખ તો પામ્યો જ નથી, [ दुःखं एव प्राप्तवान् ] એકલું દુઃખ જ પામ્યો છે. ૪

ત્યારે જીવ ચાર ગતિમાં ભમતો કેમ અટકે ?

**जइ बीहउ चउ-गइ-गमणा तो पर-भाव चएहि ।**
**अप्पा झायहि णिम्मलउ जिम सिव-सुक्ख लहेहि ॥ ५ ॥**

ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવ;
શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ. ૫

**यदि भीतः चतुर्गतिगमनात् ततः परभावं त्यज ।**
**आत्मानं ध्याय निर्मलं यथा शिवसुखं लभसे ॥ ५ ॥**

**અન્વયાર્થઃ**—હે જીવ ! [ यदि ] જો તું [ चतुर्गतिगमनात ] ચાર ગતિના ભ્રમણથી [ भीतः ] ડરતો હો [ ततः ] તો [ परभावं त्यज ] પરભાવનો ત્યાગ કર અને [ निर्मलं आत्मानं ] નિર્મલ આત્માનું [ ध्याय ] ધ્યાન કર, [ यथा ] કે જેથી [ शिवसुखं ] તું મોક્ષસુખને [ लभसे ] પામ. ૫

હવે એ ચિંતન કેમ કરવું તે કહે છે:—

**ति-पयारो अप्पा मुणहि परु अंतरु बहिरप्पु ।**
**पर सायहि अंतर-सहिउ बाहिरु चयहि णिभंतु ॥ ६ ॥**

**त्रिप्रकारः आत्मा( इति )मन्यस्व परः आन्तर बहिरात्मा ।**
**परं ध्याय आन्तरसहितः बाह्यं त्यज निर्भ्रान्तम् ॥ ६ ॥**

ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;
થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મ સ્વરૂપ. ૬

**ાયાર્થઃ**—[ परः अन्तरः बहिरात्मा त्रिप्रकारः आत्मा मन्यस्व ] પરમાત્મા, અન્તરાત્મા, બહિરાત્મા એ રીતે આત્મા ત્રણ પ્રકારે છે એમ જાણો. [ निर्भ्रान्तं ] નિઃશંકપણે [ बाह्यं त्यज ] બહિરાત્માને છોડ અને [ आन्तर सहितः ] અન્તરાત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને [ परं ध्याय ] પરમાત્માનું ધ્યાન કર. ૬.

હવે બહિરાત્માનું સ્વરૂપ કહે છેઃ—

मिच्छा-दसण-मोहियउ परु अप्पा ण मुणेइ ।
सो बहिरप्पा जिण-भणिउ पुण संसार भमेइ ॥ ७ ॥

मिथ्यादर्शनमोहितः परं आत्मानं न मनुते ।
स बहिरात्म जिनभणितः पुनः संसारे भ्रमति ॥ ७ ॥

મથ્યામતિથી મોહી જન, જાણે નહિ પરમાત્મા;
તે બહિરાતમ જિન કહે, તે ભમતો સંસાર. ૭

અન્વયાર્થઃ—[ मिथ्यादर्शनमोहितः ] મિથ્યા દર્શનથી મોહિત જે જીવ [ परं आत्मानं ] પરમાત્માને [ न मनुते ] જાણતો નથી [ सः ] તે [ बहिरात्मा जिनभणितः ] બહિરાત્મા છે એમ જિનભગવાને કહ્યું છે, તે બહિરાત્મા [ पुनः ] ફરી ફરી [ संसारे ] સંસારમા [ भ्रमति ] પરિભ્રમણ કરે છે. ૭.

હવે અંતરાત્માનું સ્વરૂપ વર્ણવે છેઃ—

जो परियाणइ अप्पु परु जो परभाव चएइ ।
सो पंडिउ अप्पा मुणहु सो संसारु मुएइ ॥ ८ ॥

यः परिजानाति आत्मानं परं यः परभावं त्यजति ।
सः पंडितः आत्मा इति मन्यस्व स संसारं मुञ्चति ॥ ८ ॥

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. ૮

અન્વયાર્થ—[ यः ] જે [ परं आत्मानं ] પરમાત્માને [ परिजानाति ] જાણે છે, [ यः ] જે [ परभावं ] પરભવનો [ त्यजति ] ત્યાગ કરે છે [ सः पंडितः आत्मा ] તે પંડિત ( અન્તર ) આત્મા છે [ मन्यस्व ] એમ તું જાણ, [ सः ] તે અન્તરાત્મા [ संसारं ] સંસારને [ मुञ्चति ] છોડે છે. ૮.

પરમાત્માનું સ્વરૂપઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**णिम्मलु णिक्कलु सुद्धु जिणु विण्हु बुद्धु सिव संतु ।**
**सो परमप्पा जिण-भणिउ एहउ जाणि णिभंतु ॥ ९ ॥**

**निर्मलः निष्कलः शुद्धः जिनः विष्णुः बुद्धः शिवः शांतः ।**
**स परमात्मा जिनभणितः एतत् जानीहि निर्भ्रान्तम् ॥ ९ ॥**

નિર્મળ, નિષ્કલ, જિનેન્દ્ર, શિવ, સિદ્ધ, વિષ્ણુ, બુદ્ધ, શાંત;
તે પરમાત્મા જિન કહે, જાણે થઈ નિર્ભ્રાન્ત. ૯

**અન્વયાર્થ:**—જે [ **निर्मलः** ] નિર્મલ, [ **निष्कलः** ] નિષ્કલ, [ **शुद्धः** ] શુદ્ધ, [**जिनः** ] જિન, [ **विष्णु** ] વિષ્ણુ [ **बुद्धः** ] બુદ્ધ, [ **शिवः** ] શિવ અને [ **शांतः** ] શાંત છે [ **सः** ] તે [ **परमात्मा जिनभणितः** ] પરમાત્મા છે એમ જિનભગવાને કહ્યું છે, [ **एतत् निर्भ्रांतं जानीहि** ] એ વાતને તમે નિઃશંક જાણો. ૯.

બહિરાત્મા પરને પોતારૂપ માને છેઃ—

**देहादिउ जे परि कहिया ते अप्पाणु मुणेइ ।**
**सो बहिरप्पा जिणभणिउ पुणु संसारु भमेइ ॥ १० ॥**

**देहादयः ये परे कथिताः तान् आत्मानं मन्यते ।**
**स बहिरात्मा जिनभणितः पुनः संसारं भ्रमति ॥ १० ॥**

દેહાદિક જે પર કહ્યાં, તે માને નિજરૂપ;
તે બહિરાતમ જિન કહે, ભમતો બહુ ભવકૂપ. ૧૦

**અન્વયાર્થ:**—[ **ये देहादयः** ] જે દેહાદિ [ **परे** ] પર [ **कथिताः** ] કહેવામાં આવ્યા છે [ **तान्** ] તેમને જે [ **आत्मानं** ] પોતારૂપ [ **मन्यते** ] માને છે [ **सः** ] તે [ **बहिरात्मा जिनभणितः** ] બહિરાત્મા છે એમ જિનભગવાને કહ્યું છે, તે [ **पुनः** ] વારંવાર [ **संसारं** ] સંસારમાં [ **भ्रमति** ] ભમે છે. ૧૦.

ગુરુ-ઉપદેશ

**देहादिउ जे परि कहिया ते अप्पाणुं ण होहिं ।**
**इउ जाणेविणु जीव तुहुं अप्पा अप्प मुणेहि ॥ ११ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



देहादयः ये परे कथिताः ते आत्मा न भवन्ति ।
इति ज्ञात्वा जीव ! त्वं आत्मा आत्मानं मन्यस्व ॥ ११ ॥

દેહાદિક જે પર કહ્યાં, તે નિજરૂપ ન થાય;
એમ જાણીને જીવ તું, નિજરૂપને નિજ જાણ. ૧૧

**અન્વયાર્થઃ**—[ देहादयः ] દેહાદિ [ ये परे कथिताः ] કે જે 'પર' કહેવામાં આવે છે [ ते ] તે [ आत्मा न भवन्ति ] નિજરૂપ નથી-[ इति ज्ञात्वा ] એમ જાણીને [ जीव ] હે જીવ ! [ त्वं ] તું [ आत्मानं ] પોતાને [ आत्मा ] નિજરૂપ [ मन्यस्व ] જાણ. ૧૧.

આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છેઃ—

अप्पा अप्पउ जइ मुणहि तो णिव्वाणु लहेहि ।
पर अप्पा जइ मुणहि तुहुं तो संसार भमेहि ॥ १२ ॥

आत्मा आत्मानं यदि मन्यसे ततः निर्वाणं लभसे ।
परं आत्मानं यदि मन्यसे त्वं ततः संसारं भ्रमसि ॥ १२ ॥

નિજને જાણે નિજરૂપ, તો પોતે શિવ થાય;
પરરૂપ માને આત્માને, તો ભવભ્રમણ ન જાય. ૧૨

**અન્વયાર્થઃ**—[ यदि ] જો તું [ आत्मानं ] પોતાને [ आत्मा ] પોતારૂપ [ मन्यसे ] જાણીશ [ ततः ] તો તું [ निर्वाणं ] નિર્વાણને [ लभसे ] પામીશ. તથા [ यदि ] જો [ त्वं ] તું [ आत्मानं ] પોતાને [ परं ] પરરૂપ [ मन्यसे ] માનીશ [ ततः ] તો [ संसारं ] સંસારમાં [ भ्रमसि ] ભમીશ. ૧૨.

ઇચ્છા વગરનું તપ જ નિર્વાણનું કારણ છેઃ—

इच्छा-रहियाउ तव करहि अप्पा अप्पु मुणेहि ।
तो लहु पावहि परम-गई फुडु संसारु ण एहि ॥ १३ ॥

इच्छारहितः तपः करोषि आत्मा आत्मानं मन्यसे ।
ततः लघु प्राप्नोषि परमगतिं स्फुटं संसारं न आयासि ॥ १३ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિણ ઇચ્છા શુચિ તપ કરે, જાણે નિજરૂપ આપ;
સત્વર પામે પરમપદ, તપે ન ફરી ભવતાપ. ૧૩

**અન્વયાર્થઃ**—જો તું [ इच्छारहितः ] ઇચ્છા રહિત થઈને [ तपः ] તપ [ करोषि ] કરીશ [ आत्मानं आत्मा मन्यसे ] પોતાને પોતારૂપ જાણીશ [ ततः ] તો તું [ लघु ] શીઘ્ર જ [ परमगतिं ] પરમ ગતિને [ प्राप्नोषि ] પામીશ અને તું [ स्फुटं ] નિશ્ચયથી ફરી [ संसारं ] સંસારમાં [ न आयासि ] આવીશ નહિ. ૧૩.

બંધ અને મોક્ષનું કારણઃ—

**परिणामें बंधु जि कहिउ मोक्ख वि तह जि वियाणि ।**
**इउ जाणेविणु जीव तुहुं तहभाव हु परियाणि ॥ १४ ॥**

**परिणामेन बंधः एव कथितः मोक्षः अपि तथा विजानीहि ।**
**इति ज्ञात्वा जीव ! त्वं भावान् खलु परिजानीहि ॥ १४ ॥**

બંધ મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;
નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવે જાણ. ૧૪

**અન્વયાર્થઃ**—[ परिणामेन एव ] પરિણામથી જ [ बंधः ] બંધ [ कथितः ] કહ્યો છે [ तथा एव ] તેવી જ રીતે [ मोक्षः अपि ] મોક્ષ પણ [ विजानीहि ] જાણ (મોક્ષ પણ પરિણામથી જ થાય છે) [ इति ज्ञात्वा ] એમ જાણીને [ जीव ] હે જીવ! [ त्वं ] તું [ तान् भावन् ] તે ભાવોને [ खलु ] બરાબર [ परिजानीहि ] જાણ. ૧૪.

પુણ્યથી પણ મુક્તિ નથીઃ—

**अह पुणु अप्पा णवि मुणहि पुण्णु जि करहि असेस ।**
**तो वि ण पावहि सिद्ध-सुहु पुणु संसारु भमेस ॥ १५ ॥**

**अथ पुनरात्मानं नैव मन्यसे पुण्यं एव करोषि अशेषम् ।**
**ततः अपि न प्राप्नोषि सिद्धिसुखं पुनः संसारं भ्रमसि ॥ १५ ॥**

નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;
ભમે તો ય સંસારમાં, શિવસુખ કદી ન થાય. ૧૫

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**—[ अथ पुनः ] વળી જો તું [ आत्मानं एव ] પોતાને તો [ न एव मन्यसे ] જાણતો નથી અને [ अशेषं पुण्यं एव करोषि ] સર્વથા એકલું પુણ્ય જ કરતો રહીશ [ ततः अपि ] તો પણ તું [ पुनः ] વારંવાર [ संसारं भ्रमसि ] સંસારમાં જ ભ્રમણ કરીશ પણ [ सिद्धसुखं ] શિવસુખને [ न प्राप्नोषि ] પામી શકીશ નહિ. ૧૫.

એક આત્મદર્શન જ મોક્ષનું કારણ છેઃ—

**अप्पा-दंसणु एक्कु परु अण्णु ण किं पि वियाणि ।**
**मोक्खहं कारण जोइया णिच्छइँ एहउ जाणि ॥ १६ ॥**

आत्मदर्शनं एकं परं अन्यत् न किमपि विजानीहि ।
मोक्षस्य कारणं योगिन् । निश्चयेन् एतत् जानीहि ॥ १६ ॥

નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;
હે યોગી ! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ. ૧૬

**અન્વયાર્થઃ**—[ योगीन् ] હે યોગી ! [ एकं परं आत्मादर्शनं ] એક પરમ આત્મદર્શન જ [ मोक्षस्य कारणं ] મોક્ષનું કારણ છે [ अन्यत् न किं अपि विजानीहि ] અન્ય કાંઈ પણ મોક્ષનું કારણ નથી, [ एतत निश्चयेन जानीहि ] આમ ખરેખર તું જાણ. ૧૬.

શુદ્ધ આત્માને જાણવો તે જ ખરેખર મોક્ષ પામવાનો ઉપાય છેઃ—

**मग्गण-गुण–ठाणइ कहिया विवहारेण वि दिट्ठि ।**
**णिच्छय–णइँ अप्पा मुणहि जिम पावहु परमेट्ठि ॥ १७ ॥**

मार्गणागुणस्थानानि कथितानि व्यवहारेण अपि दृष्टिः ।
निश्चयनयेन आत्मानं मन्यस्व यथा प्राप्नोषि परमेष्ठीनम् ॥ १७ ॥

ગુણસ્થાનક ને માર્ગણા, કહે દૃષ્ટિ વ્યવહાર;
નિશ્ચય આત્મજ્ઞાન તે, પરમેષ્ઠી પદકાર. ૧૭

**અન્વયાર્થઃ**—[ व्यवहारेण अपि दृष्टिः ] વ્યવહારનયની દૃષ્ટિથી જ [ मार्गणागुणस्थानानि ] માર્ગણાસ્થાનો અને ગુણસ્થાનો [ कथितानि ] કહેવામાં આવ્યા છે [ निश्चयनयेन ] નિશ્ચયનયથી તો [ आत्मानं ] કેવલ એક આત્મા જ [ मन्यस्व ] જાણ, [ यथा ] કે જેને જાણવાથી તું [ परमेष्ठिनं ] પરમેષ્ઠીપદને [ प्राप्नोषि ] પામીશ. ૧૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેય-ઉપાદેયને જાણનાર ગૃહસ્થ પણ નિર્વાણપદને પામે છેઃ—

**गिहि-वावार-परिट्ठिया हेयाहेउ मुणंति ।**
**अणुदिणु सायहिं देउ जिणु लहु णिव्वाणु लहंति ॥ १८ ॥**

**गृहिव्यापारप्रतिष्ठिताः हेयाहेयं मन्यते ।**
**अनुदिनं ध्यायन्ति देवं जिनं लघु निर्वाणं लभन्ते ॥ १८ ॥**

ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;
ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર, લહે નિર્વાણ. ૧૮

**અન્વયાર્થઃ**—[ गृहि व्यापार प्रतिष्ठिताः ] જેઓ ગૃહસ્થના કાર્યોમાં પ્રવર્તવા છતાં પણ [ हेयाहेयं ] હેય-ઉપાદેયને [ मन्यन्ते ] જાણે છે અને [ अनुदिनं ] રાત-દિવસ (નિરંતર) [ जिनदेवं ] જિનદેવને [ ध्यायन्ति ] ધ્યાવે છે, તેઓ [ लघु ] શીઘ્ર [ निर्वाणं ] નિર્વાણને [ लभन्ते ] પામે છે. ૧૮.

જિનેન્દ્રનું સ્મરણ પરમપદનું કારણ છેઃ—

**जिणु सुमिरहु जिणु चिंतवहु जिणु झायहु सुमणेण ।**
**सो झायंतहं परम-पउ लब्भइ एक्क-खणेण ॥ १९ ॥**

**जिनं स्मरत जिनं चिन्तयत जिनं ध्यायत सुमनसा ।**
**तं ध्यायतां परमपदं लभ्यते एकक्षणेन ॥ १९ ॥**

જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;
તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ૧૯

**અન્વયાર્થઃ**—[ सुमनसा ] શુદ્ધ મનથી [ जिनं स्मरत ] જિનનું સ્મરણ કરો, [ जिनं चिन्तयत ] જિનનું ચિંતન કરો અને [ जिनं ध्याय ] જિનનું ધ્યાન કરો; [ तं ध्यायतां ] તેનું ધ્યાન કરતાં, [ एकक्षणेन ] એક ક્ષણમાં [ परमपदं लभ्यते ] પરમપદ પ્રાપ્ત થાય છે. ૧૯.

પોતાનો શુદ્ધ આત્મા અને જિનવરમાં કાંઇ પણ ભેદ નથીઃ—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



सुद्धप्पा अरु जिणवरहं भेउ म किं पि वियाणि ।
मोक्खहं कारणे जोइया णिच्छईं एउ विजाणि ॥ २० ॥

शुद्धात्मनि च जिनवरे भेदं मा किमपि विजानीहि ।
मोक्षस्य कारणे योगिन् निश्चयेन एतद् विजानीहि ॥ २० ॥

જિનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ;
મોક્ષાર્થે હે યોગીજન ! નિશ્ચયથી એ માન. ૨૦

**અન્વયાર્થ**:—[ शुद्धात्मनि च जिनवरे ] પોતાનો શુદ્ધ આત્મા અને જિન ભગવાનમાં [ किं अपि भेदं ] કાંઈ પણ ભેદ [ मा विजानीहि ] ન જાણ. [ योगिन् ] હે યોગી ! [ मोक्षस्य कारणे ] મોક્ષના અર્થે [ निश्चयेन ] નિશ્ચયથી [एतत] એ [ विजानीहि ] જાણ. ૨૦.

જિન તે જ આત્મા છે એ સિદ્ધાન્તનો સાર છેઃ—

जो जिणु सो अप्पा मुणहु इहु सिद्धंतहं सारु ।
इउ जाणेविणु जोइयहो छंडहु मायाचारु ॥ २१ ॥

यः जिनः स आत्मा मन्यध्वं एष सिद्धान्तस्य सारः ।
इति ज्ञात्वा योगिनः त्यजत मायाचारम् ॥ २१ ॥

જિનવર તે આતમ લખો, એ સિદ્ધાન્તિક સાર;
એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર. ૨૧

**અન્વયાર્થ**:—[ यः जिनः सः आत्मा ] જે જિન છે તે આત્મા છે–[ एषः ] એ [ सिद्धान्तस्य सारः ] સિદ્ધાંતનો સાર છે એમ તમે [ मन्यध्वं ] સમજો. [ इति ज्ञात्वा ] એમ સમજીને [योगिनः] હે યોગીઓ ! તમે [मायाचारं] માયાચારને [ त्यज ] છોડો. ૨૧.

હું જ પરમાત્મા છું:—

जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु ।
इउ जाणेविणु जोइया अण्णु म करहु वियप्पु ॥ २२ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यः परमात्मा स एव अहं यः अहं स परमात्मा ।
इति ज्ञात्वा योगिन् अन्यत् मा कुरुत विकल्पम् ॥ २२ ॥

જે પરમાંત્મા તે જ હું, જે હું તે પરમાત્મ;
એમ જાણી હે યોગીજન! કરો ન કાંઈ વિકલ્પ. ૨૨

**અન્વયાર્થ:**—[ यः परमात्मा ] જે પરમાત્મા છે [ स एव ] તે જ [ अहं ] હું છું અને [ यः अहं ] જે હું છું [ सः परमात्मा ] તે જ પરમાત્મા છે. [ इति ज्ञात्वा ] એમ જાણીને [ योगिन् ] હે યોગી! [ अन्यत् विकल्पं ] અન્ય વિકલ્પ [ मा कुरुत ] ન કરો. ૨૨.

આત્મા લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે:—

सुद्ध-पएसहं पूरियउं लोयागास-परमाणु ।
सो अप्पा अणुदिणु मुणहु पावहु लहु णिव्वाणु ॥ २३ ॥

शुद्धप्रदेशानां पूरितः लोकाकाशप्रमाणः ।
स आत्मा (इति) अनुदिनं मन्यध्वं प्राप्नुत लघु निर्वाणम् ॥ २३ ॥

શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશપ્રમાણ;
તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ. ૨૩

**અન્વયાર્થ:**—જે [ लोकाकाशप्रमाणः ] લોકાકાશપ્રમાણ [ शुद्धप्रदेशानां पूरितः ] શુદ્ધ ( અસંખ્યાત ) પ્રદેશોથી પૂર્ણ છે [ सः ] તેને [ अनुदिनं ] સદા [ आत्मा मन्यस्वं ] આત્મા જાણો, અને [ लघु ] શીઘ્ર જ [ निर्वाणं प्राप्नुत ] નિર્વાણ પ્રાપ્ત કરો. ૨૩.

નિશ્ચયથી આત્મા લોકપ્રમાણ છે અને વ્યવહારથી સ્વશરીર પ્રમાણ છે:—

णिच्छइँ लोय-पमाणु मुणि ववहारें सुमरारु ।
एहउ अप्प-सहाउ मुणि लहु पावहि भव-तीरु ॥ २४ ॥

निश्चयेन लोकप्रमाणः (इति) मन्यस्व व्यवहारेण स्वशरीरः ।
एनं आत्मस्वभावं मन्यस्व लघु प्राप्नोषि भवतीरम् ॥ २४ ॥

નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર;
એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર. ૨૪

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્વયાર્થ:—[ निश्चयेन ] નિશ્ચયનયથી આત્મા [ लोकप्रमाणः ] લોકપ્રમાણ (લોકાકાશના માપ જેટલા માપવાળો) અને [ व्यवहारेण ] વ્યવહારનયથી [ स्व शरीरः ] સ્વશરીરપ્રમાણ (પોતાના શરીરના માપ જેટલા માપવાળો) [ मन्यस्व ] તું જાણ. [ एतं आत्मस्वभावं मन्यस्व ] આ આત્મસ્વભાવ તું જાણ અને [ लघु ] શીઘ્ર જ [ भवतीरं प्राप्नोषि ] સંસારને પાર પામ. ૨૪.

અનાદિકાલથી જીવ સમ્યકત્વ પામ્યો નથીઃ—

**चउरासी लक्खहिं फिरिउ कालु अणाइ अणंतु ।**
**पर सम्मत्तु ण लद्धु जिय एहउ जाणि णिभंतु ॥ २५ ॥**

चतुरशीतिलक्षेषु भ्रामितः कालं अनादि अनन्तम् ।
परं सम्यक्त्वं न लब्धं जीव एतत् जानीहि निर्भ्रान्तम् ॥ २५ ॥

લક્ષચોરાશીયોનિમાં, ભમિયો કાળ અનંત;
પણ સમકિત તેં નવ લહ્યું એ જાણો નિર્ભ્રાન્ત. ૨૫

અન્વયાર્થ:—[ अनादिकालं अनन्तं ] અનાદિ કાલમાં અનંતકાલ જીવ [ चतुरशीतिलक्षेषु ] ચોરાશી લાખ યોનિમાં [ भ्रामितः ] ભટકયો [ परं ] પણ [ सम्यक्त्वं ] સમ્યક્ત્વ [ न लब्धं ] પામ્યો નહિ. [ जीव ] હે જીવ ! [ एतत ] આ [ निर्भ्रांतं ] નિસ્સંદેહ [ जानीहि ] જાણ. ૨૫.

મોક્ષ પામવા માટે શું કરવું ?

**सुद्धु सचेयणु बुद्धु जिणु केवल–णाण–सहाउ ।**
**सो अप्पा अनुदिणु मुणहु जइ चाहहु सिव-लाहु ॥ २६ ॥**

शुद्धः सचेतनः बुद्धः जिनः केवलज्ञानस्वभावः ।
स आत्मा (इति) अनुदिनं मन्यध्वं यदि इच्छत शिवलाभम् ॥ २६ ॥

શુદ્ધ સચેતન, બુદ્ધ, જિન, કેવલજ્ઞાનસ્વભાવ;
એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ. ૨૬

અન્વયાર્થ:—[ यदि ] જો [ शिवलाभं ] મોક્ષ પામવાની [ इच्छत ] ઇચ્છા કરતા હો તો જે [ शुद्धः ] શુદ્ધ, [ सचेतनः ] સચેતન [ बुद्ध ] બુદ્ધ, [ जिनः ] જિન, [केवल-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ज्ञानस्वभावः ] કેવળજ્ઞાન સ્વભાવમય છે [ सः आत्मा ] તે આત્મા છે એમ [ अनुदिनं ] સદાય [ मन्यध्वं ] જાણો. ૨૬.

નિર્મલ આત્માની ભાવના કરવાથી જ મોક્ષ થશેઃ—

जाम ण भावहि जीव तुहुं णिम्मल अप्प सहाउ ।
ताम ण लब्भइ सिव-गमणु जहिं भावइ तहि जाउ ॥ २७ ॥

यावत् न भावयसि जीव त्वं निर्मलं आत्मस्वभावम् ।
तावत् न लभ्यते शिवगमनं यत्र भाव्यते तत्र यात ॥ २७ ॥

જ્યાં લગી શુદ્ધસ્વરૂપનો, અનુભવ કરે ન જીવ;
ત્યાં લગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ. ૨૭

**અન્વયાર્થઃ**—[ यावत ] જ્યાં સુધી [ त्वं ] તું [ निर्मलं आत्मस्वभावं ] નિર્મલ આત્મસ્વભાવની [ न भावयसि ] ભાવના નહીં કરે [ तावत ] ત્યાં સુધી [ शिवागमनं न लभ्यते ] મોક્ષની પ્રાપ્તિ નહિ થાય, [ जीव ] હે જીવ! [ यत्र भाव्यते तत्र यात ] જ્યાં રુચે ત્યાં જાઓ. ૨૭.

જિન તે જ આત્મા છેઃ—

जो तइलोयहं झेउ जिणु सो अप्पा णिरु वुत्तु ।
णिच्छग-णइँ एमइ एहउ णाणि णिभंतु ॥ २८ ॥

य त्रिलोकस्य ध्येयः जिनः स आत्मा निश्चयेन उक्तः ।
निश्चयनयेन एवं भणितः एतत् जानीहि निर्भ्रान्तिम् ॥ २८ ॥

ધ્યાનયોગ્ય ત્રિલોકના, જિન તે આતમ જાણ;
નિશ્ચયથી એમ જ કહ્યું, તેમાં ભ્રાન્તિ ન આણ. ૨૮

**અન્વયાર્થઃ**—[ त्रिलोकस्य ध्येयः ] ત્રણ લોકના ધ્યેય [ यः जिनः ] જે જિન ભગવાન છે [ सः ] તે [ निश्चयेन ] નિશ્ચયથી [ आत्मा उक्तः ] આત્મા છે [ एवं ] એ પ્રમાણે [ निश्चयनयेन भणितः ] શ્રી જિનેશ્વરદેવે નિશ્ચયનયથી કહ્યું છે, [ एतत् निर्भ्रान्तिं जानीहि ] એ વાતને તું નિસ્સંશય જાણ. ૨૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મજ્ઞાન વિના વ્રતાદિ મોક્ષનાં કારણ થતાં નથીઃ—

**वय-तव-संजम-मुल-गुण मूढहं मोक्ख ण वुत्तु ।**
**जाव ण जाणइ इक्क पर सुद्धउ भाउ पवित्तु ॥ २९ ॥**

**व्रततपः संयम मूलगुणाः मूढानां मोक्षः (इति) न उक्तः ।**
**यावत् न ज्ञायते एकः परः शुद्धः भावः पवित्रः ॥ २९ ॥**

જ્યાં લગી એક ન જાણીયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;
મૂઢતણા વ્રત–તપ સહુ, શિવહેતુ ન કહાય. ૨૯.

**અન્વયાર્થઃ**—[ **यावत्** ] જ્યાં સુધી [ **एकः परः शुद्धः पवित्रः भावः** ] એક પરમ, શુદ્ધ, પવિત્ર, ભાવ [ **न ज्ञायते** ] જાણવામાં આવતો નથી ત્યાંસુધી [ **मूढानां** ] મૂઢ અજ્ઞાની જીવોને [ **व्रततपः संयममूलगुणाः मोक्षः न उक्तः** ] વ્રત, તપ, સંયમ અને મૂલ-ગુણોને મોક્ષનાં કારણ કહી શકાતાં નથી.

આત્માને જાણવો તે મોક્ષનું કારણ છેઃ—

**जइ णिम्मल अप्पा मुणइ वय-संजम-संजुत्तु ।**
**तो लहु पावइ सिद्धि-सुह इउ जिण–णाहहं उत्तु ॥ ३० ॥**

**यदि निर्मलं आत्मानं मन्यते व्रत-संयम संयुक्तः ।**
**तर्हि लघु प्राप्नोति सिद्धिसुखं इति जिननाथस्य उक्तम् ॥ ३० ॥**

જે શુદ્ધાત્મ અનુભવે, વ્રત–સંયમસંયુક્ત;
જિનવર ભાખે જીવ તે, શીઘ્ર લહે શિવસુખ. ૩૦.

**અન્વયાર્થઃ**—[ **यदि** ] જો જીવ [ **व्रतसंयम संयुक्तः** ] વ્રત સંયમથી સંયુક્ત થઈને [ **निर्मलं आत्मानं** ] નિર્મલ આત્માને [ **मन्यते** ] જાણે છે-અનુભવે છે [ **तर्हि** ] તો તે [ **लघु** ] શીઘ્ર જ [ **सिद्धिसुखं** ] સિદ્ધિ-સુખને [ **प्राप्नोति** ] પામે છે [ **इति** ] એમ [ **जिननाथस्य उक्तं** ] જિનનાથનું કથન છે. ૩૦.

આત્મજ્ઞાન વિના એકલું વ્યવહાર ચારિત્ર વૃથા છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**वढ तव संजमु सीलु जिय ए सव्वई अकयत्थु ।**
**जांव ण जाणइ इक्क परु सुद्धउ भाउ पवित्तु ॥ ३१ ॥**

**व्रतं तपः संयमः शीलं जीव एतानि सर्वाणि अकृतार्थानि ।**
**यावत् न ज्ञायते एकः परः शुद्धः भावः पवित्रः ॥ ३१ ॥**

જ્યાં લગી એક ન જાણિયો, પરમ પુનિત શુદ્ધ ભાવ;
વ્રત–તપ–સંયમ–શીલ સહુ, ફોગટ જાણો સાવ. ૩૧

**અન્વયાર્થ:**—[ **यावत्** ] જ્યાં સુધી [ **एकः परः शुद्धः पवित्रः भावः** ] એક પરમ, શુદ્ધ, પવિત્ર, શુદ્ધ ભાવ [ **न ज्ञायते** ] જાણવામાં આવતો નથી ત્યાં સુધી [ **जीव** ] હે જીવ ! [ **व्रतं तपः संयमः शीलं** ] વ્રત, તપ, સંયમ અને શીલ [ **एतानि सर्वाणि** ] એ સર્વ [ **अकृतार्थानि** ] અકૃતાર્થ છે ( અસફલ છે, વ્યર્થ છે ). ૩૧.

પુણ્ય, પાપ બન્ને સંસાર છે, આત્મજ્ઞાન જ મોક્ષનું કારણ છે.

**पुण्णिं पावइ सग्ग जिउ पावएं णरय-णिवासु ।**
**बे छंडिवि अप्पा मुणइ तो लब्भइ सिववासु ॥ ३२ ॥**

**पुण्येन प्राप्नोति स्वर्गं जीवः पापेन नरकनिवासम् ।**
**द्वे त्यक्त्वा आत्मानं मन्यते ततः लभते शिववासम् ॥ ३२ ॥**

પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરકનિવાસ;
બે તજી જાણે આત્મને, તે પામે શિવવાસ. ૩૨

**અન્વયાર્થ:**—[ **पुण्येन** ] પુણ્યથી [ **जीवः** ] જીવ [ **स्वर्गं प्राप्नोति** ] સ્વર્ગ પામે છે અને [ **पापेन** ] પાપથી [ **नरकनिवासं** ] નરકવાસ પામે છે [ **द्वे त्यक्त्वा** ] પુણ્ય પાપ એ બન્નેને છોડીને જો [ **आत्मानं** ] આત્માને [ **मन्यते** ] જાણે [ **ततः** ] તો [ **शिववासं लभते** ] શિવવાસ પામે. ૩૨.

પરમાર્થનો પંથ એક જ છે:—

**वउ तउ संजमु सील जिया इउ सव्वइं ववहारु ।**
**मोक्खहं कारणु एक्कु मुणि जो तइ लोयहं सारु ॥ ३३ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



व्रतं तपः संयमः शीलं जीव ! इति सर्वाणि व्यवहारः ।
मोक्षस्य कारणं एकं मन्यस्व यः त्रिलोकस्य सारः ॥ ३३ ॥

વ્રત–તપ–સંયમ–શીલ જે તે સઘળાં વ્યવહાર;
શિવ કારણ જીવ એક છે, ત્રિલોકનો જે સાર. ૩૩

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ ! [ व्रतं तपः संयमः शीलं इति सर्वाणि ] વ્રત, તપ, સંયમ અને શીલ એ સર્વ [ व्यवहारः ] વ્યવહાર છે–વ્યવહારથી કહેવામાં આવે છે, [ मोक्षस्य कारणं ] મોક્ષનું કારણ તો [ एकं मन्यस्व ] એક જ જાણો. [ यः ] કે જે [ त्रिलोकस्य सारः ] ત્રણ લોકનો સાર છે. ૩૩

પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે:—

अप्पा अप्पई जो मुणइ जो परभाउ चएइ ।
सो पावइ सिवपुरि-गमणु जिणवरु एम भणेइ ॥ ३४ ॥

आत्मानं आत्मना यः मन्यते यः परभाव त्यजति ।
स प्राप्नोति शिवपुरीगमनं जिनवरः एवं भणति ॥ ३४ ॥

આત્મભાવથી આત્મને, જાણે તજી પરભાવ;
જિનવર ભાખે જીવ તે, અવિચળ શિવપુર જાય. ૩૪

**અન્વયાર્થ**:—[ यः ] જે [ आत्मना आत्मानं मन्यते ] આત્માથી આત્માને જાણે છે ( પોતાથી પોતાને જાણે છે ) અને [ यः ] જે [ परभावं ] પરભાવને [ त्यजति ] છોડી દે છે [ सः ] તે [ शिवपुरीगमनं प्राप्नोति ] શિવપુરીમાં જાય છે [ एवं ] એમ [ जिनवरः भणति ] જિનવર કહે છે. ૩૪.

વ્યવહારથી નવતત્ત્વને જાણો:—

छह दव्वई जे जिण–कहिया णव पयत्थ जे तत्त ।
विवहारेण य उत्तिया ते जाणियहि पयत्त ॥ ३५ ॥

षड् द्रव्याणि ये जिनकथिताः नव पदार्थाः यानि तत्त्वानि ।
व्यवहारेण च उक्तानि तानि जानिहि प्रयतः ( सन् ) ॥ ३५ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ષડ્ દ્રવ્યો જિન–ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ;
ભાખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન. ૩૫

**અન્વયાર્થ:**—[ **जिनकथिताः** ] જિનવરદેવે કહેલાં [ **यानि षड् द्रव्याणि नव पदार्थाः तत्त्वानि च** ] જે છ દ્રવ્યો, નવ પદાર્થો અને સાત તત્ત્વો છે [ **ये** ] કે જે [ **व्यवहारेण उक्तानि** ] વ્યવહારથી કહેવામાં આવ્યાં છે [ **तानि** ] તેમને તું [ **प्रयतः** ] પ્રયત્નશીલ થઈને [ **जानीहि** ] જાણ ( તેમને તું નિર્ણયપૂર્વક જાણ ). ૩૫

સર્વ પદાર્થોમાં એક જીવ જ સારભૂત છે:—

**सव्व अचेयण जाणि जिय एक्क सचेयणु सारु ।**
**जो जाणेविणु परम-मुणि लहु पावइ भवपारु ॥ ३६ ॥**

**सर्वं अचेतनं जानीहि जीव एकः सचेतनः सारः ।**
**यं ज्ञात्वा परममुनिः लघु प्राप्नोति भवपारम् ॥ ३६ ॥**

શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર;
જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર. ૩૬

**અન્વયાર્થ:**—[ **सर्वं अचेतनं जानीहि** ] ( પુદ્ગલાદિ ) સર્વને ( પાંચ દ્રવ્યોને ) અચેતન જાણો [ **सारः एकः जीवः सचेतनः** ] સારભૂત કેવલ એક જીવ જ સચેતન છે. [ **यं ज्ञात्वा** ] કે જેને જાણીને [ **परममुनिः** ] પરમ મુનિ [ **लघु** ] શીઘ્ર જ [ **भवपारं प्राप्नोति** ] સંસારનો પાર પામે છે. ૩૬.

વ્યવહારનો મોહ ત્યાગવો જરૂરી છે. શુદ્ધ આત્માને જાણવાથી જ સંસારનો પાર પમાય છે:—

**जइ णिम्मलु अप्पा मुणहि छंडिवि सहु ववहारु ।**
**जिण-सामिउ एमइ भणइ लहु पावइ भवपारु ॥ ३७ ॥**

**यदि निर्मलं आत्मानं मन्यसे त्यक्त्वा सर्वं व्यवहारम् ।**
**जिनस्वामी एवं भणति लघु प्राप्यते भवपारः ॥ ३७ ॥**

५६

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર;
જિનપ્રભુજી એમ જ ભણે, શીઘ્ર થશો ભવપાર. ૩૭.

**અન્વયાર્થઃ**—[ यदि ] જો [ सर्वं व्यवहारं ] સર્વ વ્યવહારને [ त्यक्त्वा ] છોડીને [ निर्मलं आत्मानं ] નિર્મલ આત્માને [ मन्यसे ] તું જાણીશ તો તું [ लघु ] શીઘ્ર જ [ भवपारः प्राप्यते ] સંસારથી પાર પામીશ [ एवं ] એમ [ जिनस्वामी भणति ] જિનેશ્વર ભગવાન કહે છે. ૩૭.

ભેદ જ્ઞાન સર્વસ્વ છેઃ—

**जीवाजीवहं भेउ जो जाणइ तिं जाणियउ ।**
**मोक्खहं कारण एउ भणई जोइ जइहिं भणिउं ॥ ३८ ॥**

**जीवा जीवयोः भेदं यः जानाति तेन ज्ञातम् ।**
**मोक्षस्य कारणं एतत् भण्यते योगिन् योगिभिः भणितम् ॥ ३८ ॥**

જીવ—અજીવના ભેદનું જ્ઞાન તે જ છે જ્ઞાન;
કહે યોગીજન યોગી હે ! મોક્ષહેતુ એ જાણ. ૩૮.

**અન્વયાર્થઃ**—[ योगिन ] હે યોગી ! [ यः ] જે [ जीवाजीवयोः भेदं ] જીવ-અજીવનો ભેદ [ जानाति ] જાણે છે [ तेन ज्ञातं ] તેણે સર્વસ્વ જાણ્યું છે, [ एतत ] એને [ मोक्षस्य कारणं ] મોક્ષનું કારણ [ भण्यते ] કહ્યું છે એમ [ योगिभिः भणितं ] યોગીશ્વરોએ કહ્યું છે. ૩૮.

આત્મા કેવલજ્ઞાનસ્વભાવી છેઃ—

**केवल-णाण-सहाउ सो अप्पा मुणि जीव तुहुं ।**
**जइ चाहहि सिव-लाहु भणइ जोइ जोइहिं भणिउं ॥ ३९ ॥**

**केवलज्ञानस्वभावः स आत्मा ( इति ) मन्यस्व जीव त्वम् ।**
**यदि इच्छसि शिवलाभं भण्यते योगिन् योगिभिः भणितम् ॥ ३९ ॥**

યોગી કહે રે જીવ તું, જો ચાહે શિવલાભ;
કેવલજ્ઞાનસ્વભાવી આ આત્મતત્ત્વને જાણ. ૩૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થ**:—[ योगिन् ] હે યોગી! [ यदि ] જો [ त्वं ] તું [ शिवलाभं इच्छसि ] મોક્ષ પામવા ચાહતો હો તો [ केवलज्ञानस्वभावः आत्मा सः जीवः भण्यते ] કેવલજ્ઞાનસ્વભાવી આત્મા છે તેને જીવ કહ્યો છે [ मन्यस्व ] એમ તું જાણ, [ योगिभिः भणितं ] એમ યોગીશ્વરોએ કહ્યું છે. ૩૯.

જ્ઞાનીને દરેક જગ્યાએ એક આત્મા જ દેખાય છેઃ—

को (?) सुसमाहि करउ को अंचउ छोपु-अछोपु करिवि को वंचउ ।
हल सहि कलहु केण समोणउ जहिं कहिं जोवउ तहिं अप्पाणउ ॥ ४० ॥

कः(अपि) सुसमाधिं करोतु कः अर्चयतु स्पर्शास्पर्शं कृत्वा कः वञ्चयतु ।
मैत्रीं सह कलहं केन समानयतु यत्र कुत्र पश्यतु तत्र आत्मा ॥ ४० ॥

કોણ કોની મૈત્રી કરે, કોની સાથે ક્લેશ;
જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ. ૪૦

**અન્વયાર્થ**:—[ कः सुसमाधिं करोतु ] ભલે કોઈ સુસમાધિ કરો. [ कः स्पर्शास्पर्शं कृत्वा वञ्चयतु ] કોઈ સ્પર્શાસ્પર્શ કરીને વંચના ( માયા ) કરો, [ केन सह मैत्रीं कलहं समानयतु ] કોઇની સાથે મૈત્રી કે કોઇની સાથે કલહ કરો, [ यत्र कुत्र पश्यतु तत्र आत्मा ] જ્યાં ક્યાંય જુઓ ત્યાં એક ( કેવલ ) આત્મા જ આત્મા દેખો. ૪૦

અનાત્મજ્ઞાની કુતીર્થોમાં ભમે છેઃ—

ताम कुतित्थइं परिभमइ घुत्तिम ताम करेइ ।
गुरुहु पसाए जाम णवि अप्पा-देउ मुणेइ ॥ ४१ ॥

तावत् कुतीर्थानि परिभ्रमति धूर्तत्वं तावत् करोति ।
गुरोः प्रसादेन यावत् नैव आत्मदेवं मन्यते ॥ ४१ ॥

સદ્‌ગુરૂ વચન પ્રસાદથી, જાણે ન આતમદેવ;
ભમે કુતીર્થે ત્યાં સુધી, કરે કપટના ખેલ. ૪૧

**અન્વયાર્થ**:—[ गुरोः प्रसादेन ] ગુરુ પ્રસાદથી [ यावत् ] જ્યાં સુધી જીવ [ आत्मदेवं ] આત્મદેવને [ न एव मन्यते ] જાણતો નથી [ तावत् ] ત્યાંસુધી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ कुतीर्थानि परिभ्रमति ] કુતીર્થોમાં પરિભ્રમણ કરે છે. [ धूर्तत्वं तावत करोति ] અને ત્યાં સુધી તો ધૂર્તપણું ( ઢોંગ ) કરે છે. ૪૧.

દેહ દેવાલયમાં જિનદેવ છેઃ—

तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि-वुत्तु ।
देहा-देवलि देउ जिणु एहउ जाणि णिरुत्तु ॥ ४२ ॥

तीर्थेषु देवालये देवः नैवः एवं श्रुतकेवल्युक्तम् ।
देहदेवालये देवः जिनः एतत् जानीहि निश्चितम् ॥ ४२ ॥

તીર્થ—મંદિરે દેવ—નહિ—એ શ્રુતકેવળીવાણ;
તન મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. ૪૨

અન્વયાર્થઃ—[ तीर्थेषु देवालये ] તીર્થોમાં અને દેવાલયમાં [ देवः न एव ] દેવ નથી [ एवं ] એમ [ श्रुतकेवल्युक्त ] શ્રુતકેવલીએ કહ્યું છે, [ देहदेवालये ] દેહદેવાલયમાં [ देवः जिनः ] જિનદેવ છે- [ एतत् ] એમ [ निश्चितं ] તમે નક્કી [ जानीहि ] જાણો. ૪૨.

દેવાલયમાં દેવ નથીઃ—

देहा-देवलि देउ जिणु जणु देवलिहिं णिएइ ।
हासउ महु पडिहाइ इहु सिद्धे भिक्ख भमेइ ॥ ४३ ॥

देहदेवालये देवः जिनः जनः देवालयेषु (तं) पश्यति ।
हास्यं मम प्रतिभाति इह सिद्धे (सति) भिक्षां भ्रमति ॥ ४३ ॥

તન—મંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત;
હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત. ૪૩

અન્વયાર્થઃ—[ देहदेवालये ] દેહ—દેવાલયમાં [ जिनः देवः ] જિનદેવ છે; પણ [ जनः ] લોકો [ देवालयेषु ] તેને ( ઈંટ પત્થરનાં ) દેવાલયોમાં [ पश्यति ] દેખે છે–તે [ मम ] મને [ हास्यं प्रतिभाति ] હાસ્યાસ્પદ લાગે છે, [ इह ] એ વાત એવી છે કે કોઈ મનુષ્ય [ सिद्धे ] સિદ્ધિ ( ધનાદિકની સિદ્ધિ ) હોવા છતાં પણ [ भिक्षां भ्रमति ] ભિક્ષા માટે ભટકે છે. ૪૩.

સમભાવરૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मुढा दंवलि देउ णवि णवि सिलि लिप्पइ चित्ति ।**
**देहा-देवलि देउ जिणु सो बुज्झहि समचित्ति ॥ ४४ ॥**

**मूढ देवालये देवः नैव नैव शिलायां लेप्ये चित्रे ।**
**देहदेवालये देवः जिनः तं बुध्यस्व समचित्ते ॥ ४४ ॥**

નથી દેવ મંદિર વિષે, દેવ ન મૂર્તિ, ચિત્ર;
તન—મંદિરમાં દેવ જિન, સમજ થઈ સમચિત્ત. ૪૪

**અન્વયાર્થ:**—[ मूढ ] હે મૂઢ! [ देवः ] દેવ [ देवालये न एव ] દેવાલયમાં પણ નથી, [ शिलायां लेप्ये चित्रे न एव ] એવી રીતે કોઈ પત્થર, લેપ કે ચિત્રમાં પણ નથી [ जिनः देवः ] જિનદેવ તો [ देहदेवालये ] દેહદેવાલયમાં છે [ तं ] તેને તું [ समचित्ते ] સમચિત્તથી ( શાંતભાવે ) [ बुद्धस्व ] જાણ. ૪૪

જ્ઞાનથી જ દેહ-દેવાલયમાં પરમાત્માને દેખે છેઃ—

**तित्थइ देउलि देउ जिणु सव्वु वि कोइ भणेइ ।**
**देहा-देउलि जो मुणइ स्ते बुहु को वि हवइ ॥ ४५ ॥**

**तीर्थे देवकुले देवः जिनः (इति) सर्वः अपि कश्चित् भणति ।**
**देहदेवकुले यः मन्यते सः बुधः कः अपि भवति ॥ ४५ ॥**

તીર્થ—મંદિરે જિન, લોક કથે સહુ એમ;
વિરલા જ્ઞાની જાણતા, તન—મંદિરમાં દેવ. ૪૫

**અન્વયાર્થ:**—[ तीर्थे देवकुले ] તીર્થમાં અને દેવાલયમાં [ जिनःदेवः ] જિન દેવ છે એમ [ सर्वः अपि कश्चित ] સર્વ કોઈ [ भणति ] કહે છે પણ [ यः ] જે [ देहदेवकुले ] દેહદેવાલયમાં [ मन्यते ] જિનદેવને જાણે [ सः बुधः ] એવા પંડિત તો [ कः अपि भवति ] કોઈ વિરલા જ હોય છે. ૪૫.

ધર્મરસાયન પીવાથી અજર અમર થવાય છે.—

**जइ जर-मरण-करालियउ तो जिय धम्म करेहि ।**
**धम्म-रसायणु पियहि तुहुं जिम अजरामर होहि ॥ ४६ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यदि जरामरणकरालितः तर्हि जीव धर्मं कुरु ।
धर्मरसायनं पिब त्वं यथा अजरामरः भवसि ॥ ४६ ॥

જરા–મરણ ભયભીત જો, ધર્મ તું કર ગુણવાન;
અજરામર પદ પામવા, કર ધર્મૌષધિ પાન. ૪૬.

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ ! [ यदि ] જો તું [ जरामरण करालितः ] જરા, મરણથી દુઃખી છો–( ભયભીત હો ) [ तर्हि ] તો [ धर्मं कुरु ] ધર્મ કર, [ धर्म-रसायनं ] ધર્મરૂપી રસાયનનું [ त्वं ] તું [ पिब ] પાન કર [ यथा ] કે જેથી [ अजरामरः भवसि ] તું અજર અમર થઈ જઈશ. ૪૬.

બાહ્ય ક્રિયાથી ધર્મ થતો નથીઃ—

धम्मु ण पढियइं होइ धम्मु ण पोत्था-पिच्छियइं ।
धम्मु ण मढिय–पएसि धम्मु ण मत्था–लुंचियइं ॥ ४७ ॥

धर्मः न पठितेन भवति धर्मः न पुस्तकपिच्छाभ्याम् ।
धर्मः न मठप्रवेशेन धर्मः न मस्तकलुञ्चितेन ॥ ४७ ॥

શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ;
રાખે વેશ મુનિતણો, ધર્મ ન થાયે લેશ. ૪૭.

**અન્વયાર્થઃ**—[ पठितेन ] શાસ્ત્રો ભણવાથી [ धर्मः न ] ધર્મ થતો નથી, [ पुस्तक पिच्छाभ्यां ] પુસ્તક અને પિચ્છિથી પણ [ धर्म न ] ધર્મ થતો નથી, [ मठप्रवेशेन ] મઠમાં રહેવાથી પણ [ धर्मः न ] ધર્મ થતો નથી અને [ मस्तक लुञ्चितेन ] માથાનો લોચ કરવાથી પણ [ धर्मः न ] ધર્મ થતો નથી. ૪૭.

રાગદ્વેષનો ત્યાગ કરીને આત્મામાં વસવું તે ધર્મ છેઃ—

राय–रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ ।
सो धम्मु वि जिण–उत्तियउ जो पंचम-गइ णेइ ॥ ४८ ॥

रागद्वेषौ द्वौ परिहृत्य यः आत्मनि वसति ।
स धर्मः अपि जिनोक्तः यः पञ्चमगतिं नयति ॥ ४८ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ–દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;
જિનવર ભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઈ જાય. ૪૮

**અન્વયાર્થ:**—[ यः ] જે [ राग-द्वेषौ द्वौ परिहृत्य ] રાગ અને દ્વેષ બન્નેને છોડીને–વીતરાગ થઈને–[ आत्मनि ] નિજ આત્મામાં [ वसति ] વસે છે [ सः अपि ] તેને જ [ धर्मः ] ધર્મ [ जिनोक्तः ] જિનદેવે કહ્યો છે [ यः ] કે જે [ पंचमगतिं नयति ] મોક્ષમાં લઈ જાય છે. ૪૮.

આશા-તૃષ્ણા વગેરે સંસારનાં કારણો છે:—

**आउ गलइ णवि मणु गलइ णवि आसा हु गलेइ ।**
**मोहु फुरइ णवि अप्प–हिउ इम संसार भमेइ ॥ ४९ ॥**

**आयुः गलति नैव मनः ( मानः ? ) गलति नैव आशा खलु गलति ।**
**मोहः स्फुरति नैव आत्महितं एवं संसारं भ्रमति ॥ ४९ ॥**

મન ન ઘટે, આયુ ઘટે, ઘટે ન ઇચ્છા મોહ;
આત્મહિત સ્ફુરે નહિ, એમ ભમે સંસાર. ૪૯

**અન્વયાર્થ:**—[ आयुः गलति ] ક્ષણે ક્ષણે આવરદા ઘટતી જાય છે, [ मनः न एव गलति ] પણ મન મરી જતું નથી, [ आशा खलु नैव गलति ] અને આશા પણ જતી નથી; [ मोहः ] મોહ [ स्फुरति ] સ્ફુરે છે પણ [ आत्महितं ] આત્મહિત [ न एव ] સ્ફુરતું-નથી–[ एवं ] આ રીતે જીવ [ संसारं भ्रमति ] સંસારમાં ભમે છે. ૪૯.

આત્મામાં રમણ કરનાર નિર્વાણને પામે છે:—

**जेहउ मणु विसयहं रमइ तिमु जइ अप्प मुणेइ ।**
**जोइउ भणइ हो जोइयहु लहु णिव्वाणु लहेइ ॥ ५० ॥**

**यथा मनः विषयाणां रमते तथा यदि आत्मानं मन्यते ।**
**योगी भणति भो योगिनः लघु निर्वाणं लभ्यते ॥ ५० ॥**

જેમ રમતું મન વિષયમાં તેમ જો આત્મે લીન;
શીઘ્ર મળે નિર્વાણપદ ધરે ન દેહ નવીન. ૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્વયાર્થ:—[ भो योगिनः ] હે યોગીજનો! [ यथा ] જેવી રીતે [ मनः ] મન [ विषयाणां रमते ] વિષયોમાં રમે છે [ तथा ] તેવી રીતે [ यदि ] જો તે [ आत्मानं मन्यते ] આત્માને જાણે—આત્મામાં રમે તો [ लघु ] શીઘ્ર જ [ निर्वाणं लभ्यते ] નિર્વાણ મળે, એમ [ योगी भणति ] યોગી કહે છે. ૫૦.

આત્મભાવનાથી સંસારનો પાર પમાય:—

जेहउ जज्जरु णरय–धरु तेहउ बुज्झि सरीरु ।
अप्पा भावहि णिम्मलउ लहु पावहि भवतीरु ॥ ५१ ॥

यथा जर्जरं नरकगृहं तथा बुध्यस्व शरीरम् ।
आत्मानं भावय निर्मलं लघु प्राप्नोषि भवतीरम् ॥ ५१ ॥

નર્કવાસ સમ જર્જરિત જાણો મલિન શરીર;
કરી શુદ્ધાતમ ભાવના, શીઘ્ર લહો ભવતીર. ૫૧

અન્વયાર્થ:—હે જીવ! [ यथा ] જેવી રીતે [ नरकगृहं ] નરકસ્થાન [ जर्जरं ] દુર્ગંધથી જર્જરિત છે [ तथा ] તેવી રીતે [ शरीरं बुध्यस्व ] શરીરને પણ મલમૂત્ર આદિથી જર્જરિત જાણ. તેથી [ निर्मलं आत्मानं भावय ] નિર્મલ આત્માની ભાવના કર, તો તું [ लघु ] શીઘ્ર જ [ भवतीरं प्राप्नोषि ] સંસારથી પાર પામીશ. ૫૧.

વ્યવહારમાં ડૂબેલા જીવો આત્માને ઓળખી શકતા નથી:—

धंधइ पडियउ सयल जगि णवि अप्पा हु मुणंति ।
तहिं कारणि ये जीव फुडु ण हु णिव्वाणु लहंति ॥ ५२ ॥

धान्धे ( ? ) पतिताः सकलाः जगति नैव आत्मानं खलु मन्यंते ।
तस्मिन् कारणे (तेन कारणेन) एते जीवाः स्फुटं न खलु निर्वाणं लभन्ते ॥५२॥

વ્યવહારિક ધંધે ફસ્યા, કરે ન આતમજ્ઞાન;
તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૨.

અન્વયાર્થ:—[ जगति ] જગતના [ सकलाः ] સર્વ જીવો [ धान्धे पतितः ] વ્યાસંગમાં વ્યાસક્ત છે ( પોતાના કામમાં મશગૂલ છે, પોતાના વ્યવસાયમાં રચ્યાપચ્યા છે ) પોતાના ધંધામાં-વ્યવહારમાં–પડેલા છે–ગૃહસ્થના કાર્યોમાં પ્રવર્તે છે–અને [ आत्मानं ]

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના આત્માને [ न एव खलु मन्यंते ] જાણતા જ નથી [ तस्मिन् कारणे ] તે કારણે [ एते जीवाः ] આ જીવો [ स्फुटं खलु निर्वाणं न लभ्यन्ते ] નિશ્ચયથી નિર્વાણને પામતા નથી એ વાત સ્પષ્ટ છે. ૫૨.

શાસ્ત્રપઠન આત્મજ્ઞાન વિના નિષ્ફલ છે:—

सत्थ पढंतह ते वि जड अप्पा जे ण मुणंति ।
तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति ॥ ५३ ॥

शास्त्रं पठन्तः ते अपि जडाः आत्मानं ये न मन्यते ।
तस्मिन् कारणे ( तेन कारणेन ) एते जीवाः स्फुटं न खलु निर्वाणं लभन्ते ॥५३॥

શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ;
તે કારણ એ જીવ ખરે, પામે નહિ નિર્વાણ. ૫૩.

**અન્વયાર્થ**:—[ शास्त्रं पठन्तः ] શાસ્ત્ર ભણવા છતાં પણ [ ये ] જેઓ [ आत्मानं ] આત્માને [ न मन्यन्ते ] જાણતા નથી [ ते अपि ] તેઓ પણ [ जडाः ] જડ છે; [ तस्मिन् कारणे ] તે કારણે [ एते जीवाः ] આ જીવો [ स्फुटं न खलु निर्वाणं लभन्ते ] નિશ્ચયથી નિર્વાણને પામતા નથી એ વાત સ્પષ્ટ છે. ૫૩.

ઇન્દ્રિય અને મનના નિરોધથી સહજ સ્વરૂપ ઉત્પન્ન થાય છે:—

मणु-इंदिहि वि छोडियइ (?) बुहु पुच्छिगइ ण कोइ ।
रायहं पसरु णिवारियइ सहज उपज्जइ सोइ ॥ ५४ ॥

मनइन्द्रियेभ्यः अपि मुच्यते बुधः पृच्छयते न कः अपि ।
रागस्य प्रसरः निवार्यते सहजः उत्पद्यते स अपि ॥ ५४ ॥

મન–ઇંદ્રિયથી દૂર થા, શી બહુ પૂછે વાત?
રાગપ્રસાર નિવારતાં, સહજ સ્વરૂપ ઉત્પાદ. ૫૪.

**અન્વયાર્થ**:—[ मनइन्द्रियेभ्यः अपि मुच्यते ] જો, મન અને ઇન્દ્રિયોથી છૂટી જવાય તો [ कः बुधः अपि न पृच्छयते ] કોઈ પણ પંડિતને પૂછવાની જરૂર રહેતી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી; [ रागस्य प्रसरः निवार्यते ] જો રાગનો પ્રસર રોકાય જાય તો [ सः अपि सहजः उत्पद्यते ] તે સહજ સ્વરૂપ ( તે સહજ આત્મસ્વરૂપ ) ઉત્પન્ન થાય છે. ૫૪.

ભેદ જ્ઞાનથી ભવપારતાઃ—

पुग्गलु अण्णु जि अण्णु जिउ अण्णु वि सहु ववहारु ।
चयहि वि पुग्गलु गहहि जिउ लहु पावहि भवपारु ॥ ५५ ॥

पुद्गलः अन्यः एव अन्यः जीवः अन्यः अपि सर्वः व्यवहारः ।
त्यज अपि पुद्गलं गृहाण जीवं लघु प्राप्नोषि भवपारम् ॥ ५५ ॥

જીવ–પુદ્‌ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર;
તજ પુદ્‌ગલ ગ્રહ જીવ તો, શીઘ્ર લહે ભવપાર. ૫૫

**અન્વયાર્થઃ**—[ पुद्गलः अन्यः एव ] પુદ્‌ગલ ભિન્ન છે, [ जीवः अन्यः ] જીવ અન્ય છે [ अपि ] અને [ सर्वः व्यवहारः अन्यः ] સર્વવ્યવહાર અન્ય છે. તેથી [ पुद्गलं अपि त्यज ] પુદ્‌ગલને તું છોડ અને [ जीवं गृहाण ] જીવને ગ્રહણ કર, તો તું [ लघु ] શીઘ્ર જ [ भवपारं प्राप्नोषि ] ભાવપારને પામીશ. ૫૫.

કોણ સંસારથી છુટકારો પામતા નથી?

जे णवि मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति ।
ते जिण-णाहहं उत्तिया णउ संसार मुचंति ॥ ५६ ॥

ये नैव मन्यते जीवं स्फुटं ये नैव जीवं मन्यन्ते ।
ते जिननाथस्य उक्तया न तु ( नैव ? ) संसारात् मुच्यन्ते ॥ ५६ ॥

સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ;
છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન. ૫૬.

**અન્વયાર્થઃ**—[ ये ] જેઓ [ जीवं ] જીવને [ स्फुटं ] નિશ્ચયથી [ न एव मन्यते ] માનતા જ નથી અને [ ये ] જેઓ [ जीवं ] જીવને [ न एव जानन्ति ] જાણતા જ નથી [ ते तु ] તેઓ તો [ संसारात न मुच्यते ] સંસારથી છૂટતા જ નથી [ जीनवरस्य उक्तया ] એમ જિનવરે કહ્યું છે. ૫૬.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષ સંબંધી નવ દૃષ્ટાંતો.

रयण दीउ दिणयर दहिउ दुध्धु घीवं पाहाणु ।
सुण्णउ रूउ फलिहउ अगिणि णव दिट्ठंता जाणु ॥ ५७ ॥

रत्नं दीपः दिनकरः दधि दुग्धं घृतं पाषाणः ।
सुवर्णं रूप्यं स्फटिकं अग्निः नव दृष्टान्तान् जानीहि ॥ ५७ ॥

રત્ન દીપ રવિ દૂધ દહીં, ઘી પથ્થર ને હેમ;
સ્ફટિક રજત ને અગ્નિ નવ, જીવ જાણવો તેમ. ૫૭.

**અન્વયાર્થઃ**—[ रत्नं ] રત્ન,[૧] [ दीपः ] દીપ,[૨] [ दिनकरः ] સૂર્ય[૩] [ दधि दुग्धं घृतं ] દહીં દૂધ[૪] ઘી, [ पाषाणः ] પાષાણ[૫] [ सुवर्णं ] સુવર્ણ[૬] [ रूप्यं ] રૂપું,[૭] [ स्फटिकं ] સ્ફટિકમણિ[૮] અને [ अग्निः ] અગ્નિ[૯] એ [ नव दृष्टान्तान् जानीहि ] નવ દૃષ્ટાંત જાણો. એ નવ દૃષ્ટાંતો મોક્ષના વિષયમાં જાણવા. ૫૭ ( જુઓ દ્રવ્યસંગ્રહ ગુજરાતી પા. નં. ૧૭૭ )

દેહાદિરૂપ હું નથી એ જ્ઞાન મોક્ષનું બીજ છે.

देहादिउ जो परु मुणइ जेहउ सुण्णु अयासु ।
सो लहु पावइ ( ? ) बंभु परु केवलु करइ पयासु ॥ ५८ ॥

देहादिकं यः परं मन्यते यथा शून्यं आकाशम् ।
स लघु प्राप्नोति ब्रह्म परं केवलं करोति प्रकाशम् ॥ ५८ ॥

દેહાદિકને પર ગણે, જેમ શૂન્ય આકાશ;
તો પામે પરબ્રહ્મ ઝટ, કેવળ કરે પ્રકાશ. ૫૮.

**અન્વયાર્થઃ**—[ यथा शून्यं आकाशं ] શૂન્ય આકાશની જેમ [ यः ] જે [ देहादिकं ] દેહાદિને [ परं मन्यते ] પર જાણે છે [ सः ] તે [ लघु ] શીઘ્ર [ परं ब्रह्म ] પરમ બ્રહ્મને [ प्राप्नोति ] પામે છે અને તે [ केवलं प्रकाशं करोति ] કેવલ પ્રકાશને કરે છે-કેવલજ્ઞાન ઉત્પન્ન કરે છે. ૫૮.

આકાશની જેમ આત્મા શુદ્ધ છેઃ—

जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु ।
आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु ॥ ५९ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



यादृक् शुद्धं आकाशं जीव तादृशः आत्मा उक्तः ।
आकाशं अपि जडं जानीहि जीव आत्मानं चैतन्यवन्तम् ॥ ५९ ॥

જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;
જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ. ૫૯.

**અન્વયાર્થ:**—[ जीव ] હે જીવ! [ यादृक् ] જેવી રીતે [ आकाशं शुद्धं ] આકાશ શુદ્ધ છે [ तादृशः ] તેવી રીતે [ आत्मा उक्तः ] આત્મા શુદ્ધ છે, [ अपि ] પણ હે જીવ! [ आकाशं जडं जानीहि ] આકાશને જડ જાણ અને [ आत्मानं चैतन्यवन्तं ] આત્માને ચૈતનવંત જાણ (ચૈતન્ય લક્ષણથી યુક્ત જાણ). ૫૯.

પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે.—

णासग्गि अब्भितरहं जे जोवहिं असरीरु ।
बाहुडि जम्मि ण संभवहिं पिवहिं ण जणणी-खीरु ॥ ६० ॥

नासाग्रेण अभ्यन्तरे ( ? ) ये पश्यन्ति अशरीरम् ।
लज्जाकरे जन्मनि न संभवन्ति पिबन्ति न जननीक्षीरम् ॥ ६० ॥

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૦

**અન્વયાર્થ:**—[ ये ] જેઓ [ नासाग्रेण ] નાસિકાપર દૃષ્ટિ રાખીને [ अभ्यन्तरे ] અભ્યંતરમાં [ अशरीरं पश्यन्ति ] અશરીરને (આત્માને) દેખે છે તેઓ [ लज्जाकरे जन्मनि ] ફરી આ લજ્જાજનક જન્મમાં [ न संभवन्ति ] ઉપજતાં નથી અને [ जननीक्षीरं न पिबन्ति ] તેઓ માતાનું દૂધ પીતા નથી. ૬૦

નિર્મોહી થઇને શરીરને પોતાનું ન માનો:—

अशरीरु वि सुसरीरु मुणि इहु सरीरु जडु जाणि ।
मिच्छा-मोहु परिच्चयहि मुत्ति णियं वि ण माणि ॥ ६१ ॥

अशरीरं अपि सु ( स— ) शरीरं मन्यस्व इदं शरीरं जडं जानीहि ।
मिथ्यामोहं परित्यज मूर्तिं निजां अपि न मन्यस्व ॥ ६१ ॥

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તનવિરહિત ચૈતન્યતન, પુદ્ગલતન જડ જાણ;
મિથ્યા મોહ દૂરે કરી, તન પણ મારું ન માન. ૬૧

**અન્વયાર્થઃ**—[ अशरीरं अपि ] અશરીરને જ ( આત્માને જ ) [ सु शरीरं मन्यस्व ] સુંદર શરીર જાણો અને [ इदं शरीरं जडं जानीहि ] આ પુદ્ગલશરીરને જડ જાણો; [ मिथ्यामोहं परित्यज ] મિથ્યામોહનો ત્યાગ કરો [ अपि ] અને [ मूर्ति ] પોતાના શરીરને [ निजां न मन्यस्व ] પોતાનું ન માનો. ૬૧.

આત્માનુભવનું ફલ કેવલજ્ઞાન અને અવિનાશી સુખની પ્રાપ્તિ છેઃ—

अप्पइ अप्पु मुणंतयहं किं णेहाफलु होइ ।
केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ ॥ ६२ ॥

आत्मना आत्मानं जानतां किं न इह फलं भवति ।
केवलज्ञानं अपि परिणमति शाश्वतसुखं लभ्यते ॥ ६२ ॥

નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય ?
પ્રગટે કેવલજ્ઞાન ને શાશ્વત સુખ પમાય. ૬૨.

**અન્વયાર્થઃ**—[ आत्मानं आत्मना जानतां ] આત્માથી આત્માને જાણતાં, [ इह ] અહીં [ किं फलं न भवति ] કયું ફળ ન મળે ? ( બીજું તો શું ) તેથી તો [ केवलज्ञानं अपि परिणमति ] જીવને કેવલજ્ઞાન પણ પરિણમે છે ( ઉત્પન્ન થાય છે ) અને [ शाश्वत सुखं लभ्यते ] શાશ્વત સુખ મળે છે. ૬૨.

આત્મજ્ઞાન સંસારથી છૂટવાનું કારણ છેઃ—

जे परभाव चएवि मुणि अप्पा अप्प मुणंति ।
केवल-णाण-सरुव लइ (लहि ?) ते संसारु मुंचति ॥ ६३ ॥

ये परभावं त्यक्त्वा मुनयः आत्मना आत्मानं मन्यन्ते ।
केवलज्ञानस्वरुपं लात्वा ( लब्ध्वा ? ) ते संसारं मुञ्चन्ति ॥ ६३ ॥

જે પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ;
કેવલજ્ઞાનસ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ. ૬૩.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અન્વયાર્થઃ—[ ये मुनयः ] જે મુનિઓ [ परभावं त्यक्त्वा ] પરભાવ છોડીને [ आत्मना आत्मानं मन्यते ] આત્માને આત્મા વડે જાણે છે. ( પોતાને પોતા વડે જાણે છે ) [ ते ] તેઓ [ केवलज्ञानस्वरूपं लात्वा ] કેવળજ્ઞાન સ્વરૂપ પામીને [ संसारं ] સંસારને [ मुञ्चन्ति ] છોડે છે. ૬૩.

ધન્ય તે ભગવન્તોને:—

धण्णा ते भयवंत बुह जे परभाव चयंति ।
लोया-लोय-पयासयरु अप्पा विमल मुणंति ॥ ६४ ॥

धन्याः ते भगवन्तः बुधाः ये परभावं त्यजन्ति ।
लोकालोकप्रकाशकरं आत्मानं विमलं मन्यन्ते ॥ ६४ ॥

ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ;
લોકાલોકપ્રકાશકર, જાણે વિમળ સ્વભાવ. ૬૪.

અન્વયાર્થઃ—[ धन्याः ते भगवन्तः बुधाः ] ધન્ય તે ભગવાન જ્ઞાનીઓને [ ये परभावं त्यजन्ति ] કે જેઓ પરભાવને છોડે છે અને [ लोकालोकप्रकाशकरं विमलं आत्मानं ] લોકાલોકપ્રકાશક નિર્મલ આત્માને [ मन्यन्ते ] જાણે છે. ૬૪.

આત્મરમણતા શિવસુખનો ઉપાય છે.

सागारु वि णागारु कु वि जो अप्पाणि वसेइ ।
सो लहु पावइ सिद्धि-सुहु जिणवरु एम भणेइ ॥ ६५ ॥

सागारः अपि अनगारः कः अपि यः आत्मनि वसति ।
स लघु प्राप्नोति सिद्धिसुखं जिनवरः एवं भणति ॥ ६५ ॥

મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન;
શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, એમ કહે પ્રભુ જિન. ૬૫.

અન્વયાર્થઃ—[ सागारः अपि अनगारः ] શ્રાવક હો કે મુનિ હો [ यः कः अपि ] કોઈ પણ હો, પણ જે [ आत्मनि वसति ] આત્મામાં વસે છે. [ सः ] તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[ लघु ] શીઘ્ર જ [ सिद्धिसुखं प्राप्नोति ] મોક્ષના સુખને પામે છે [ एवं ] એમ [ जिनवरः भणति ] જિનવર કહે છે. ૬૫.

કોઈ વિરલા જ તત્ત્વજ્ઞાની હોય છેઃ—

विरला जाणहिं तत्तु बुह विरलो णिसुणहिं तत्तु ।
विरला झायहिं तत्तु जिय विरला धारहिं तत्तु ॥ ६६ ॥

विरलाः जानन्ति तत्त्वं बुधाः विरला निशृण्वन्ति तत्त्वम् ।
विरलाः ध्यायन्ति तत्त्वं जीव विरलाः धारयन्ति तत्त्वम् ॥ ६६ ॥

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઇ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬

**અન્વયાર્થ**:—[ जीव ] હે જીવ! [ विरलाः बुधाः ] કોઇ વિરલ જ્ઞાનીઓ [ तत्त्वं जानन्ति ] તત્ત્વને જાણે છે [ विरलाः ] કોઈ વિરલા જ [ तत्त्वं निशृण्वन्ति ] તત્ત્વને સાંભળે છે. [ विरलाः ] કોઈ વિરલા જ [ तत्त्वं ध्यायन्ति ] તત્ત્વને ધ્યાવે છે અને [ विरलाः तत्त्वं धारयन्ति ] કોઇ વિરલા જ તત્ત્વને ધારે છે. ૬૬.

કુટુંબમોહ ત્યાગવા યોગ્ય છેઃ—

इहु परियण ण हु महुतणउ इहु सुहु-दुक्खहं हेउ ।
इम चिंतंतहं किं करइ लहु संसारहं छेउ ॥ ६७ ॥

एषः परिजनः न खलु मदीयः एष सुखदुःखयोः हेतुः ।
एवं चिन्तयतां किं क्रियते लघु संसारस्य छेदः ॥ ६७ ॥

આ પરિવાર ન મુજતણો, છે સુખ–દુઃખની ખાણ;
જ્ઞાનીજન એમ ચિંતવી, શીઘ્ર કરે ભવહાણ. ૬૭

**અન્વયાર્થ**:—[ एषः परिजनः ] આ કુટુંબ પરિવાર [ न खलु मदीयः ] ખરેખર મારો નથી, [ एषः ] એ [ सुखदुःखयोः हेतुः ] એ માત્ર સુખદુઃખનું જ કારણ છે, [ एवं किं चिन्तयतां ] એમ કંઈક ચિંતવતાં, [ लघु ] શીઘ્ર જ [ संसारस्य छेदः ] સંસારનો છેદ [ क्रियते ] કરવામાં આવે છે. ૬૭.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશરણભાવના ( સંસારમાં કોઈ પોતાને શરણ થતું નથી ):—

इंदं फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति ।
असरणु जाणिवि मुणि-धवला अप्पा अप्प मुणंति ॥ ६८ ॥

इन्द्रफणीन्द्रनरेन्द्राः अपि जीवानां शरणं न भवन्ति ।
अशरणं ज्ञात्वा मुनिधवलाः आत्मना आत्मानं मन्यते ॥ ६८ ॥

ઇન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ નહીં શરણ દાતાર;
શરણ ન જાણી મુનિવરો, નિજરૂપ વેદે આપ. ૬૮

**અન્વયાર્થઃ**—[ इन्द्रफणीन्द्रनरेन्द्राः अपि ] ઇન્દ્ર, ફણીન્દ્ર અને નરેન્દ્ર પણ [ जीवानां ] જીવોને [ शरणं न भवन्ति ] શરણભૂત થઇ શકતા નથી, [ अशरणं ज्ञात्वा ] એ રીતે પોતાને અશરણ જાણીને [ मुनिधवलाः ] ઉત્તમ મુનિઓ [ आत्मना आत्मानं मन्यन्ते ] પોતા વડે પોતાને જાણે છે. ૬૮.

એકત્વભાવના ( જીવ એકલો જ સુખદુઃખ ભોગવે છે ):—

इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु भुंजइ इक्कु ।
णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु ॥ ६९ ॥

एकः उत्पद्यते म्रियते एकः अपि दुःखं सुखं भुनक्ति एकः ।
नरकेभ्यः याति अपि एकः जीवः तथा निर्वाणाय एकः ॥ ६९ ॥

જન્મ–મરણ એક જ કરે, સુખ–દુઃખ વેદે એક;
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક. ૬૯

**અન્વયાર્થઃ**—[ जीवः ] જીવ [ एकः ] એકલો જ ઊપજે છે [ एकः अपि ] અને એકલો જ [ म्रियते ] મરે છે, [ एकः ] એકલો જ [ दुःखं सुखं ] સુખદુઃખને [ भुनक्ति ] ભોગવે છે, [ नरकेभ्यः ] નરકમાં પણ [ एकः अपि ] એકલો જ [ याति ] જાય છે [ तथा ] અને [ निर्वाणाय ] નિર્વાણને પણ [ एकः ] એકલો જ પામે છે. ૬૯.

એકત્વ ભાવના જાણવાનું પ્રયોજનઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



एक्कुलउ जइ जाइसिहि तो परभाव चएहि ।
अप्पा सायहि णाणमउ लहु सिव-सुक्ख लहेहि ॥ ७० ॥

एकाकी यदि यास्यसि तर्हि परभावं त्यज ।
आत्मानं ध्यायस्व ज्ञानमयं लघु शिवसुखं लभसे ॥ ७० ॥

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષ સુખ થાય. ૭૦

**અન્વયાર્થ:**—હે જીવ [ यदि ] જો [ एकाकी यास्यसि ] તું એકલો જ છો [ तर्हि ] તો [ परभावं त्यज ] પરભાવને છોડ અને [ ज्ञानमयं आत्मानं ] જ્ઞાનમય આત્માનું [ ध्यायस्व ] ધ્યાન કર, જેથી તું [ लघु ] શીઘ્ર જ [ शिवसुखं लभसे ] મોક્ષસુખને પામીશ. ૭૦.

પુણ્યને પાપ કહેનારા કોઈ વિરલા જ છે:—

जो पाउ वि सो पाउ मुणि सव्वु इ को वि मुणेइ ।
जो पुण्णु वि पाउ वि भणइ सो बुह (?) को वि हवइ ॥७१॥

यत् पापं अपि तत् पापं जानाति ( ? ) सर्वः इति कः अपि जानाति ।
यत् पुण्यं अपि पापं इति भणति स बुधः कः अपि भवति ॥ ७१ ॥

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧

**અન્વયાર્થ:**—[ यत पापं अपि ] જે પાપ છે [ तत् पापं जानाति ] તે પાપ છે [ इति ] એમ તો [ सर्वः कः अपि ] સર્વ કોઈ [ जानाति ] જાણે છે, પણ [ यत् पुण्यं अपि ] જે પુણ્ય છે તે પણ [ पापं ] પાપ છે [ इति भणति ] એમ કહે છે [ सः कः अपि बुधः भवति ] એવો બુદ્ધિમાન પંડિત કોઈ વિરલ જ હોય છે. ૭૧.

પુણ્ય અને પાપ બન્ને હેય છે:—



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



जह लोहम्मिय णियड बुह तह सुण्णम्मिय जाणि ।
जं सुहु असुह परिच्चयहिं ते वि हवंति हु णाणि ॥ ७२ ॥

यथा लोहमयं निगडं बुध तथा सुवर्णमयं जानीहि ।
ये शुभं अशुभं परित्यजन्ति ते अपि भवन्ति खलु ज्ञानिनः ॥ ७२ ॥

લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ;
જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ. ૭૨

**અન્વયાર્થઃ**—[ बुध ] હે પંડિત! [ यथा ] જેવી રીતે [ लोहमयं निगडं ] લોઢાની પણ બેડી છે [ तथा ] તેવી રીતે [ सुवर्णमयं जानीहि ] સોનાની પણ બેડી છે એમ તું જાણ ( અર્થાત્ જેવી રીતે લોઢાની બેડી બંધન કરે છે તેવી રીતે સોનાની બેડી પણ બંધન કરે છે એ દૃષ્ટાંતથી પુણ્યપાપને બન્નેને બંધનરૂપ જાણી ) [ ये ] જેઓ [ शुभं अशुभं ] શુભ અશુભ બન્ને ભાવોને [ परित्यजन्ति ] છોડે છે [ ते अपि ] તેઓ જ [ खलु ] ખરેખર [ ज्ञानिनः भवन्ति ] જ્ઞાનીઓ છે. ૭૨.

ભાવનિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છેઃ—

जइया मणु णिग्गंथु जिय तइया तुहुं णिग्गंथु ।
जइया तुहुं णिग्गंथु जिय तो लब्भइ सिवपंथु ॥ ७३ ॥

यदा मनः निर्ग्रंथः जीव तदा त्वं निर्ग्रंथः ।
यदा त्वं निर्ग्रंथः जीव ततः लभ्यते शिवपन्थाः ॥ ७३ ॥

જો તુજ મન નિર્ગ્રંથ છે, તો તું છે નિર્ગ્રંથ;
જ્યાં પામે નિર્ગ્રંથતા, ત્યાં પામે શિવપંથ. ૭૩

**અન્વયાર્થઃ**—[ जीव ] હે જીવ! [ यदा ] જો [ मनः ] મન [ निर्ग्रन्थः ] નિર્ગ્રંથ હોય [ तदा ] તો [ त्वं ] તું [ निर्ग्रन्थः ] નિર્ગ્રન્થ છો; અને [ जीव ] હે જીવ! [ यदा ] જો [ त्वं ] તું [ निर्ग्रन्थः ] નિર્ગ્રંથ હો [ ततः ] તો ] शिवपन्थाः लभ्यते ] તને મોક્ષમાર્ગની પ્રાપ્તિ હોય છે. ૭૩.

દેહમાં દેવ છેઃ—

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**जं वडमज्झहं बीउ फुडु बीयहं वडु वि हु जाणु ।**
**तं देहहं देउ वि मुणहि जो तइलोय पहाणु ॥ ७४ ॥**

यद् वटमध्ये बीजं स्फुटं बीजे वटं अपि खलु जानीहि ।
तं देहे देवं अपि मन्यस्व यः त्रिलोकप्रधानः ॥ ७४ ॥

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન, ૭૪.

**અન્વયાર્થ:**—[ यत ] જેવી રીતે [ स्फुटं ] નિશ્ચયથી [ वडमध्ये ] વડમાં [ बीजं ] બીજ છે અને [ खलु ] નિશ્ચયથી [ बीजे ] બીજમાં [ वटं अपि जानीहि ] વડ પણ છે [ तं ] તેવી રીતે [ देहे ] દેહમાં [ देवं अपि ] દેવ છે [ यः त्रिलोक-प्रधानः ] કે જે ત્રણ લોકમાં પ્રધાન છે, [ मन्यस्व ] એમ જાણો. ૭૪

'હું જ પરમેશ્વર છું' એવી ભાવના જ મોક્ષનું કારણ છે:—

**जो जिण सो हउं सो जि हउं एहउ भाउ णिभंतु ।**
**मोक्खहं कारण जोइया अण्णु ण तंतु णमंतु ॥ ७५ ॥**

यः जिनः स अहं स एव अहं एतद् भावय निर्भ्रान्तिम् ।
मोक्षस्य कारणं योगिन् अन्य न तन्त्रः न मन्त्रः ॥ ७५ ॥

જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત;
હે યોગી ! શિવહેતુ એ, અન્ય ન મંત્ર ન તંત્ર. ૭૫.

**અન્વયાર્થ:**—[ योगिन् ] હે યોગી ! [ यः जिनः ] જે જિનદેવ છે [ सः अहं ] તે હું છું, [ अहं स एव ] હું જિનદેવ જ છું [ एतत ] એમ [ निर्भ्रान्तं भावय ] નિઃશંક ભાવ, [ मोक्षस्य कारणं ] એ મોક્ષનું કારણ છે, [ अन्य न तन्त्रः न मन्त्रः ] કોઈ અન્ય તંત્ર કે મંત્ર મોક્ષનું કારણ નથી. ૭૫.

લક્ષણથી પરમાત્માને જાણો:—

**बे ते चउ पंच वि णवहं सत्तहं छह पंचाहं ।**
**चउगुण-सहियउ सो मुणह एयइं लक्खण जाहं ॥ ७६ ॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



द्वित्रिचतुःपञ्चापि नवानां सप्तानां षट् पञ्चानाम् ।
चतुर्गुणसहितं तं मन्यस्व, एतानि लक्षणानि यस्य ॥ ७६ ॥

બે, ત્રણ, ચાર, ને પાંચ, છ, સાત, પાંચ ને ચાર;
નવ ગુણયુત પરમાતમા, કર તું એ નિર્ધાર. ૭૬.

અન્વયાર્થ:—[ द्वित्रि चतुः पंच अपि ] બે, ત્રણ, ચાર અને પાંચ, [ नवानां सप्तानां षट् पंचानां चतुर्गुणसहितं ] નવ, સાત, છ, પાંચ અને ચાર ગુણ [ यस्य एतानि लक्षणानि ] એ જેનાં લક્ષણો છે [ तं मन्यस्व ] તેને (તે આત્માને) જાણ. ૭૬.

રત્નત્રય નિર્વાણનું કારણ છે:—

बे छंडिवि बे-गुण-सहिउ जो अप्पाणि वसेइ ।
जिणु सामिउ एमंई भणइ लहु णिव्वाणु लहेइ ॥ ७७ ॥

द्वौ त्यक्त्वा द्विगुणसहितः यः आत्मनि वसति ।
जिनः स्वामी एवं भणति लघु निर्वाणं लभते ॥ ७७ ॥

બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમરસ લીન;
શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન. ૭૭.

